

ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી

અક્ષરબ્રહ્મ

શ્રી ગુણાતીતાનંદ સ્વામી

ભાગ-૨





આવરણ :

પોતાના સાક્ષાત્ અક્ષરધામ અને મુક્તો સહિત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અનંત જીવોનાં કલ્યાણને અર્થે આ પૃથ્વી પર પધાર્યા. પ્રસંગે પ્રસંગે શ્રીહરિએ પોતાના અનન્ય અનુગામી ગુણાતીતાનંદ સ્વામીના દિવ્ય સ્વરૂપની પોતાના સાક્ષાત્ અક્ષરધામ તરીકે ઓળખાણ કરાવી. આ સાક્ષાત્ અક્ષરબ્રહ્મસ્વરૂપ સંતને સેવીને જ બ્રાહ્મીસ્થિતિ પામી શકાશે અને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની ભક્તિના અધિકારી થવાશે - એ વાત એમણે અનેક પ્રસંગોએ વારંવાર સમજાવી. સંવત્ ૧૮૬૬માં ડભાણમાં ભવ્ય વિષ્ણુયાગ કરીને ભગવાન સ્વામિનારાયણે ગુણાતીતાનંદ સ્વામીને ભાગવતી દીક્ષા આપી અને અત્યંત આનંદ પામતાં તેઓનો અપાર મહિમા ભક્તસમુદાયને જણાવ્યો. સંપ્રદાયના ઇતિહાસની એ એક અદ્વિતીય ક્ષણ હતી.

(આવરણ ચિત્ર : મેઘાવી)

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી

અક્ષરબ્રહ્મ

શ્રી ગુણાતીતાનંદ સ્વામી

(વિસ્તૃત જીવન અને કાર્ય)

ભાગ : ૨

: લેખક :

હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૪

AKSHARBRAHMAN SHREE GUNÃTITÃNAND SWÃMI - II

(Life sketch of Aksharbrahman Shree Gunãtitãnand Swãmi)

Compiled by H. T. Dave

Inspirer: HDH Pramukh Swãmi Mahãrãj

Presented by:
Bochãsanwãsi Shree Akshar Purushottam Swãminãrãyan Sansthã
Shãhibaug, Amdãvãd - 380 004. India.

Publishers:
SWÃMINÃRÃYAN AKSHARPITH
Shãhibaug, Amdãvãd - 380 004. India.

7th Edition:
March 2000. Copies: 4,000 (Total Copies: 14,000)

ISBN : 81-7526-156-0

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ - ૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સપ્તમી આવૃત્તિ : માર્ચ ૨૦૦૦, ૪,૦૦૦ (કુલ પ્રત : ૧૪,૦૦૦)

ભાગ-૧ અને ભાગ-૨ની ઘટાડેલી સંયુક્ત કિંમત :
મૂળ કિંમત રૂ. ૨૪૫-૦૦ માંથી રૂ. ૨૦૦-૦૦
(સૌજન્ય : સ્વામિનારાયણ અક્ષરપીઠ)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪



ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી

અક્ષરબ્રહ્મ

શ્રી ગુણાતીતાનંદ સ્વામી

(ભાગ : ૨)

નવસંસ્કરણ વેળાએ પ્રકાશકીય...

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય અનુગામી, સાક્ષાત્ અક્ષરધામસ્વરૂપ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના વિસ્તૃત જીવનચરિત્રની આ સાતમી આવૃત્તિ - નવસંસ્કરણ આવૃત્તિ પ્રકાશિત કરતાં અત્યંત હર્ષ થાય છે.

સંપ્રદાયમાં વિપુલ સત્સંગ સાહિત્યનું સર્જન કરનાર ભક્તરાજ હર્ષદભાઈ ત્રિ. દવેએ અત્યંત ભક્તિભાવપૂર્વક આ ગ્રંથનું લેખન કર્યું હતું. ગ્રંથની આ નવસંસ્કરણ આવૃત્તિ વેળાએ વિદ્વાન સંતો દ્વારા કેટલીક સૂચિત બાબતોને લક્ષમાં રાખીને અનિવાર્યતા જણાઈ છે ત્યાં પ્રસંગોના સમયક્રમમાં ફેરફારો કરીને, વધુ પ્રમાણભૂત ક્રમે ગોઠવવાનો પ્રયાસ કર્યો છે.

આ ઉપરાંત પરિશિષ્ટમાં કેટલીક ઉપયોગી બાબતો-જીવનકથાનકો સમાવેલ છે. ભાગ : ૨ના અંતે સમગ્ર ગ્રંથમાં બંને ભાગોમાં આવતાં સંતો-ભક્તોની વિસ્તૃત પાત્રસૂચિ તેમજ ગામોની સૂચિ આપી છે. અભ્યાસુઓને આ સૂચિ અત્યંત ઉપયોગી નીવડશે. છેલ્લે સ્વામીશ્રીના જીવનની આનુપૂર્વી ઈસવી સનના સંદર્ભ સાથે પ્રસ્તુત કરી છે. અનુક્રમણિકામાં પણ સોપાનોમાં સાલ ઉમેરી છે તેથી અભ્યાસુઓને વધુ સુગમતા રહેશે.

ફૂટનોટમાં શબ્દાર્થો કે જરૂરી વિશેષ સ્પષ્ટતાઓ ઉમેરી છે, જે વાચકોને વધુ ઉપયોગી બનશે. ઉપરાંત, સ્વામીશ્રીના સાક્ષાત્ અક્ષરબ્રહ્મપણાને કે મૂળ-અક્ષરપણાને પ્રકટ કરતા અસંખ્ય પ્રમાણો શ્રી વરતાલ ગાદીના જ મંદિરોમાં શિલાલેખ કે અન્ય સ્વરૂપે જળવાયેલાં પડ્યાં છે. એ પૈકીનાં કેટલાંક બહુરંગી છબિઓમાં તો કેટલાંક શ્વેત-શ્યામ છબિઓમાં અત્રે રજૂ કર્યા છે. પરિશિષ્ટમાં કેટલાક સાહિત્યિક પુરાવાઓ પણ અભ્યાસુઓ માટે રસપ્રદ બની રહેશે.

સાથે સાથે, સ્વામીશ્રીના અદ્ભુત જીવનપ્રસંગોના બહુરંગી ચિત્રો તેમજ ઐતિહાસિક પ્રસાદીભૂત સ્થાનોનાં ફોટોગ્રાફ્સ ગ્રંથને વિશેષ સમૃદ્ધ બનાવે છે.

આ દિવ્ય જીવનચરિત્રના પાઠ દ્વારા સૌનાં જીવનને દિવ્યતા પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.

- સ્વામિનારાયણ અક્ષરપીઠ

(પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૫૬, માર્ચ ૨૦૦૦)

અનુક્રમણિકા

• આ.સં. ૧૯૧૯ (સને ૧૮૬૨)

સપ્તમ સોપાન (આ.સં. ૧૯૧૯ થી ૧૯૨૦, સને ૧૮૬૩ થી ૧૮૬૪)

પરિશિષ્ટ

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

સ્વામીની વાતો



સત્સંગમાં ઉપાસનાની શુદ્ધિ

यो दिव्याऽक्षरमुक्तजुष्टचरणो-
ऽनन्तार्कतेजोमये ।
धाम्नि ब्रह्मपुरे शुभावयववान्
दिव्ये निजे राजते ॥
यो धृत्वाऽत्र नराकृतिं च
सवृषां भक्तिं वितेने क्षितौ ।
तं धार्मिं ह्यवतारिणं च
सहजानन्दं हरिं चिन्तये ॥

દિવ્ય અક્ષરમુક્તોએ
સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા,
અનંત સૂર્ય સમાન તેજોમય એવા,
જે પોતાના દિવ્ય બ્રહ્મપુર ધામમાં
કલ્યાણકારી અવયવોવાળા
વિરાજમાન છે અને આ પૃથ્વી ઉપર
મનુષ્યાકાર ધારણ કરીને
ધર્મે સહિત ભક્તિનો
ચારે કોર વિસ્તાર કર્યો,
એવા ધર્મના પુત્ર, અવતારી,
શ્રી સહજાનંદ શ્રીહરિનું
હું ચિંતવન કરું છું.

– 'શ્રી હરિલીલાકલ્પતરુ માહાત્મ્ય' અ. ૧-૧

હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર પોતાના સર્વોપરી સ્વરૂપની ઉપાસના પ્રવર્તાવવા અને એ દ્વારા લાખો જીવોનું કલ્યાણ કરવા પધાર્યા હતા. પરંતુ તે સમયમાં પોતાના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા અને ઉપાસના ઘણાને અગમ્ય હતી.

શ્રીજીમહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું. અનંત અવતારોને પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કરી પોતાના સ્વરૂપમાં લીન કરી બતાવ્યા. વચનામૃત દ્વારા પોતાના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપ્યું. 'એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં અને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કોઈ ભેદ નથી. એ બે એક જ છે... ને સર્વે અવતારના અવતારી છે.'[1] માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી જાણવું.[2] શ્રીજીમહારાજના આ શબ્દો સંદિગ્ધ નથી, સ્પષ્ટ છે છતાં શાસ્ત્રોના શબ્દોની જાળમાં ગૂંચવાયેલાઓને અથવા એ પરમાત્માના સ્વરૂપના જ્ઞાનના જે અનુભવી ન હતા તેવા ઘણાને મહારાજનું સર્વોપરી સ્વરૂપ ન સમજાયું. શ્રીજીમહારાજે તેથી જ શુકમુનિના પ્રશ્નના ઉત્તરમાં પુરુષ અને પુરુષોત્તમ વચ્ચેનો ભેદ સમજાવતાં કહ્યું છે કે 'પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે... એવી રીતે અમે ઘણી વાર વાત કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દ સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી.'[3] શ્રીજીમહારાજના આ શબ્દોનું રહસ્ય, મહારાજના પુરુષોત્તમ સ્વરૂપની સ્વામીશ્રીની વાતો સાંભળી, સૌને સમજાયું. મધ્ય મંદિરમાં ગોપીનાથજીની બાજુમાં મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. મોડું મોડું પણ એ રહસ્ય સૌના અંતરમાં ઊતર્યું ! છતાં કેટલાક અખતર ડાહ્યાના અંતરમાં તો એવા સંકલ્પો ઊઠતા કે મહારાજે જે કર્યું તેમાં તમે વધારો કરનાર કોણ ?

---

૧. ગ. અં. ૩૮.

૨. ગ. મ. ૯.

૩. ગ. મ. ૩૧.

મહારાજે ગોપીનાથજીની મૂર્તિ પધરાવી તેનો શો હેતુ? પરંતુ શુદ્ધ ઉપાસનાનું, મહારાજના સર્વોપરી સ્વરૂપનું રહસ્ય તો મહારાજની કૃપા સિવાય બીજાને કેમ સમજાય ?[૪]

ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત આ.સં. ૧૯૧૬ના ફાગણ સુદ પાંચમનું રાખ્યું હતું. આ પ્રસંગે વરતાલથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પધારવાના હતા. આ પ્રતિષ્ઠા ઉત્સવ ઉપર પધારવા તમામ હરિભક્તોને કંકોત્રીઓ લખી આમંત્રણ મોકલ્યાં હતાં. જૂનાગઢથી સ્વામીશ્રી પણ અગાઉથી અહીં પધાર્યા હતા. સ્વામીશ્રીની આજ્ઞાથી શ્રી પ્રાગજી ભક્ત પણ બે માસ આગળથી ગઢડા આવી ગયા હતા. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ માટે તેમજ ગોપીનાથજીની મૂર્તિ માટે તેમણે સુંદર વાઘા બે માસ રહી તૈયાર કર્યા હતા. રઘુવીરજી મહારાજ ગઢપુર પધાર્યા ત્યારે સ્વામીશ્રીના મહાન કૃપાપાત્ર ભગતજી મહારાજની આ સેવા જોઈ તેઓ ખૂબ જ રાજી થયા. સ્વામીશ્રીએ પણ ભગતજીને આશીર્વાદ આપ્યા.

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના સાન્નિધ્યમાં મહાયજ્ઞ કરી શ્રીજીમહારાજની મૂર્તિ 'હરિકૃષ્ણ'ની સંજ્ઞાથી આ.સં. ૧૯૧૬ના ફાગણ સુદિ પાંચમના પરમ માંગલિક દિવસે ગઢપુરમાં મધ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત થઈ અને સર્વત્ર જયજયકાર થઈ ગયો !

ગઢપુરને પોતાનું ગણી મહારાજ ત્યાં ત્રીસ વર્ષ રહ્યા હતા. તે ગઢપુરમાં મહારાજ સ્વયં સ્વરૂપે વિરાજ્યા. સ્વામીશ્રીએ વાતમાં કહ્યું છે કે 'જે રાજા ગાદી ઉપર હોય તેનો વેશ બીજાથી ન કઢાય.' સ્વયં શ્રીજીમહારાજ પોતે અક્ષરાદિક સર્વના નિયંતા, ઈશ્વરના પણ ઈશ્વર અને સર્વ કારણના પણ કારણ, પરમાત્મા હતા. તેમનું સ્વરૂપ અવતાર દ્વારા પ્રગટ છે એમ સમજવું તે બુદ્ધિની કેટલી ક્ષુલ્લકતા કહેવાય ? શ્રીજીમહારાજને રહેવાનું પાત્ર તો શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ જે અક્ષર છે તે જ છે, જેમાં પુરુષ, પ્રકૃતિ આદિ કાંઈ ઉપાધિ રહેતી નથી, એક પુરુષોત્તમ ભગવાન જ રહે છે.[૫] એટલે એક અક્ષરમાં જ પુરુષોત્તમ સર્વ પ્રકારે રહ્યા છે, બીજામાં પાત્રની તારતમ્યતા પ્રમાણે પોતાની અંતર્યામી શક્તિ દ્વારા રહ્યા છે. એટલે શ્રીજીમહારાજના સ્વયં સ્વરૂપની

૪. 'પુરુષોત્તમનારાયણે કરુણા કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું...' ગ. પ્ર. ૨૪.

૫. સારંગપુર ૫.

ઉપાસના તેમના જ સ્વયં સ્વરૂપ દ્વારા થઈ શકે. આ રીતે શ્રીજીમહારાજ સ્વયં પોતાના સ્વરૂપે ગઢપુરમાં વિરાજમાન થયા. મુમુક્ષુઓને માયાની રાત ટળી ગઈ ![૬]

આ પ્રતિષ્ઠા ઉત્સવનો તમામ ખર્ચ બોટાદના શિવલાલભાઈએ આપ્યો. સ્વામીશ્રીના મહાન કૃપાપાત્ર આ ભક્તવર્યની સ્થિતિ સ્વામીશ્રીના સમાગમથી પલટાઈ ગઈ હતી. તેમનું જીવન સત્સંગમય બની ગયું હતું. સ્વામીશ્રી આ પ્રતિષ્ઠા ઉત્સવ કરી, જૂનાગઢમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠાનું મુહૂર્ત ફાગણ વદિ ૨નું રાખ્યું હતું, તે પ્રસંગ ઉપર સૌને આમંત્રણ આપી, જૂનાગઢ પધાર્યા. શ્રી પ્રાગજી ભક્ત પણ તેમની સાથે જૂનાગઢ આવ્યા.

જૂનાગઢ આવી સ્વામીશ્રીએ, આ પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે હજારો હરિભક્તો જૂનાગઢ આવી શકે તે માટે, રાજ્યના કાયદા અનુસાર, નવાબની પરવાનગી લીધી. બીજી પણ તમામ તૈયારી કરી કંકોત્રીઓ લખવા માંડી. સ્વામીશ્રીએ ગઢપુરમાં જ બધા હરિભક્તોને જૂનાગઢ આ પ્રસંગ ઉપર પધારવા આમંત્રણ આપ્યું હતું. તેથી કંકોત્રીની રાહ જોયા સિવાય સૌ

૬. અહીં શિક્ષાપત્રી શ્લોક ૧૧૧ एते राधादयो भक्तास्तस्य...स तु ज्ञेयस्तदैकलः । (૧૧૧) ઉપર શતાનન્દ મુનિએ અર્થ દીપિકા ટીકામાં લખ્યું છે કે अतो यत्र मन्दिरे एकैव श्रीकृष्णमूर्तिः स्यात्तत्रापि राधादिसेवकमण्डलसहित एव श्रीकृष्णो भावनीय इति आशयः ॥ એટલે જે મંદિરમાં શ્રીકૃષ્ણની એકલી મૂર્તિ પ્રતિષ્ઠિત કરેલી હોય ત્યાં પણ શ્રીકૃષ્ણ રાધાદિ સેવક મંડળ સહિત જ છે એવી તે ઠેકાણે ભાવના કરવી. એટલે જ્યારે શ્રીહરિકૃષ્ણ પુરુષોત્તમની એકલી મૂર્તિની પ્રતિષ્ઠા જ્યાં કરી છે ત્યાં પણ શ્રીહરિકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન પોતાના અનાદિ ધામ અક્ષર સાથે જ વિરાજમાન છે એવી ભાવના કરવી.

ઉપરના શ્લોક ઉપર આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે પણ વિશેષ વિવરણ કરતાં તેમની ટીકામાં લખ્યું છે કે राधादयस्तु नित्यमुक्ताः । एतेन-एतद्योगेन परस्य ब्रह्मणः कथमुपास्यता घटेतेतिशङ्कायाः नावकाशः ॥ રાધા વગેરે નિત્ય મુક્તો છે. પરબ્રહ્મ સાથે તેમની ઉપાસના ન ઘટે તેવી શંકાને કોઈ અવકાશ નથી. તો પછી પુરુષોત્તમ સાથે અક્ષરની ઉપાસના કરવામાં કયો શાસ્ત્ર વિરોધ હોઈ શકે ? શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા સાથે જ અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનાં મંડાણ સંપ્રદાયમાં શરૂ થઈ ગયાં. સત્સંગમાં ઉપાસનાની શુદ્ધિની આ પ્રસંગથી શરૂઆત થઈ.

હરિભક્તો જૂનાગઢ આવવા લાગ્યા. રઘુવીરજી મહારાજના આવવાની રાહ સૌ જોઈ રહ્યા.

રઘુવીરજી મહારાજ ગઢડા વિરાજતા હતા. સ્વામીશ્રીને તેમણે કહ્યું હતું કે "તમો જૂનાગઢ જઈ તૈયારી કરો. અમો ત્યાં આવી જઈશું."

ગઢડામાં રઘુવીરજી મહારાજ જૂનાગઢ જવા તૈયારી કરતા હતા. પરંતુ ગઢડાના કોઠારી ભક્તિવલ્લભદાસે તથા મહાપુરુષદાસે મહારાજને કહ્યું : "મહારાજ ! આપ જૂનાગઢ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પધારો છો પણ ત્યાં નાગર લોકો બહુ ઉપાધિ કરશે. વળી, જૂનાગઢમાં વિદ્વાનો પણ ઘણા છે તેથી સભામાં તેમની સાથે ચર્ચા કરે તેવા વિદ્વાનો પણ આપણી સાથે હોવા જોઈએ. માટે હમણાં ત્યાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા જવાનું બંધ રાખો તો સારું."

આ બંને મહાનુભાવોને મહારાજ જૂનાગઢ ન જાય તેવી પ્રબળ ઇચ્છા અંતરમાં હતી. વળી, ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે કાનમ તથા ચરોતરમાંથી ઘણા હરિભક્તો આવ્યા હતા. તેઓ બધા રસોઈઓ આપતા હતા. તેથી જો મહારાજ જૂનાગઢ પધારે તો આ બધા હરિભક્તો જૂનાગઢ જાય અને રસોઈઓ ત્યાં આપે. સત્સંગમાં જ્યારે શ્રીજીમહારાજની જ મૂર્તિપ્રતિષ્ઠાનો માંગલિક પ્રસંગ ઊજવવાનો હોય અને જે શ્રીજીમહારાજને પોતે પોતાનું ઇષ્ટ અને સેવ્ય સ્વરૂપ માન્યું હોય, તેમની જ મૂર્તિપ્રતિષ્ઠાના પ્રસંગે રસોઈઓ લેવાના બહાને કે સ્વામીશ્રી પ્રત્યેના દ્વેષને લઈને, આચાર્ય મહારાજને તે પ્રસંગે જતા રોકવા અને મૂર્તિપ્રતિષ્ઠા ન થવા દેવી તે પ્રકારના ભાવમાં ઉપાસ્ય સ્વરૂપ પ્રત્યેની કેવી ભક્તિ ગણાય ? સત્સંગમાં જે કુસંગ છે તે આવા પ્રસંગે જ બહાર પડે. આચાર્ય મહારાજે જૂનાગઢ કહેવરાવી દીધું : "હમણાં અમારાથી જૂનાગઢ આવી શકાશે નહિ."

આપણે હજૂરમાં અરજી કરીએ

સ્વામીશ્રીને આ સમાચાર મળ્યા તેથી સ્વામીશ્રી ઉદાસ થઈ ગયા. માયા પોતાના પેચમાં મોટા મોટાને પણ ગૂંચવી દે છે, તે જાણી સ્વામીશ્રીને ગ્લાનિ થઈ ! સ્વામીશ્રીએ પાસે બેઠેલા સંતોને કહ્યું : "આપણે બધો સામાન તૈયાર કરી રાખ્યો અને બહારગામથી હરિજનો પણ આવવા લાગ્યા. વળી, નવાબે પણ રજા આપી, ઉતારાની પણ સગવડતા નવાબ સાહેબે કરી દીધી,

ત્યારે મહારાજે પધારવાની ના કહેવરાવી !'' એટલું કહીને સ્વામીશ્રી અટક્યા. પછી થોડી વારે બોલ્યા : ''આ લોકમાં આપણું કોઈ નથી. માટે હવે આપણે હજૂરમાં અરજી કરીએ.''

એ પ્રમાણે કહીને સ્વામીશ્રી ધ્યાનમાં બેસી ગયા. ધ્યાનમાં શ્રીજીમહારાજને સ્વામીશ્રીએ પ્રાર્થના કરતાં કહ્યું : ''રઘુવીરજી મહારાજે પહેલાં અહીં આવવાની હા કહી હતી તેથી બધો સામાન તૈયાર કરાવ્યો અને હવે કોઈકના કહેવાથી આળસી બેઠા છે.''

સ્વામીશ્રીની આ પ્રાર્થના મહારાજે સાંભળી ! બરાબર આ જ સમયે મહારાજે ગઢડામાં રઘુવીરજી મહારાજને દર્શન દઈને કહ્યું : ''જૂનાગઢમાં મૂર્તિ પધરાવવાની છે તો ત્યાં જાવાનું કેમ બંધ રાખ્યું ? કોઈના કહેવાથી સ્વામીને કુરાજી ન કરશો. વળી, જૂનાગઢમાં વિદ્વાનો આવશે તો સ્વામી મહાસમર્થ છે. તેમને કોઈ પ્રતિવાદી જીતી શકશે નહિ. માટે સવારે જૂનાગઢ જવા ચાલી નીકળજો.''

મહારાજનો આ ઠપકો સાંભળી રઘુવીરજી મહારાજ તરત જ જાગી ગયા. હજુ સવાર પડવાને વાર હતી. પરંતુ પોતે ઊઠ્યા અને નાહી, પરવારી નોકરને સિગરામ જોડવા કહી દીધું.

મહારાજ જૂનાગઢ જવા તૈયાર થયા ત્યારે સૌ આવીને કહેવા લાગ્યા : ''મહારાજ ! જૂનાગઢ જવાનું બંધ રાખીને અહીં સમૈયો કરવા ધાર્યું હતું ને આમ અચાનક તૈયારી કેમ કરી ?''

તે સાંભળી રઘુવીરજી મહારાજે કહ્યું : ''રાત્રે શ્રીજીમહારાજે દર્શન દઈ ઠપકો આપ્યો. હવે રોકાવાય તેવું નથી.''

આચાર્ય મહારાજ ગઢડાથી જૂનાગઢ જવા નીકળ્યા.

રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધારે છે તે સમાચાર મળતાં સ્વામીશ્રી, સંતો અને હરિભક્તોનો સંઘ લઈ મહારાજનું વાજતે-ગાજતે સામૈયું કરવા સામા ગયા. સંતો-હરિભક્તોએ મહારાજનું અદ્‌ભુત સ્વાગત કર્યું. સ્વામીશ્રી મહારાજની સાથે તેમના સિગરામમાં વિરાજ્યા.

આપણે તો ધર્મનું હેત છે

રસ્તે ચાલતાં મહારાજે સ્વામીશ્રીને પૂછ્યું : ''સ્વામી ! તમારે અમારા

વિષે કેવું હેત ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''મહારાજ ! તમે તો ભગવાનના પુત્ર છો એટલે તમારે વિષે અમારે બહુ હેત છે. પણ મહારાજ ! તમે અહીં પધારતા હો ને કોઈક આવીને અમને એવા સમાચાર આપે કે આચાર્ય મહારાજ પધારે છે પણ તેમના સિગરામમાં એક નાની બાળકી છે તો અમે મંદિરના દરવાજા બંધ કરી દઈએ અને મંદિરમાં તમને ગરવા ન દઈએ.''

તે સાંભળી રઘુવીરજી મહારાજે કહ્યું : ''હાંઉ ! એમ જ ને ? સ્વામી !''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''મહારાજ ! આપણે જે હેત છે તે કાંઈ જગતના જેવું માયિક અજ્ઞાનનું હેત નથી. આપણે તો ધર્મનું હેત છે.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ શ્રીજીમહારાજે સ્થાપેલ આ એકાંતિક ધર્મમાં નિષ્કામ ધર્મને કેટલું સ્થાન છે તે જણાવ્યું. સ્વામીશ્રી ઘણી વાર કહેતા હતા કે મહોબતને અને ધર્મને બને નહિ. મહોબત રાખે તો ધર્મ ન રહે અને ધર્મ રાખવો હોય તો ખોટી મહોબત છોડવી જ જોઈએ. સ્વામીશ્રી આ પ્રમાણે જ્ઞાનગમ્મત કરતાં કરતાં આચાર્ય મહારાજ સાથે મંદિરે પધાર્યા. આચાર્ય મહારાજને ઉતારો કરાવ્યો. બીજા સંતો તથા હરિભક્તોને પણ યથાયોગ્ય ઉતારા આપ્યા.

પ્રાગજી ભક્તે કલાત્મક વાઘો બનાવ્યો

આ પ્રસંગ માટે સ્વામીશ્રીએ શ્રી પ્રાગજી ભક્તને એક દિવસ બોલાવીને કહ્યું : ''મહારાજની મૂર્તિ માટે સારા વાઘા સીવવાના છે તે તું તૈયાર કર.''

સ્વામીશ્રીની આ આજ્ઞા માથે ચડાવી શ્રી પ્રાગજી ભક્તે સ્વામીશ્રીને પ્રસન્ન કરવા પોતાની ઉત્કૃષ્ટ કુશળતા વાપરી આ વાઘા બનાવવા એવો નિશ્ચય કર્યો.

થોડા દિવસ બાદ તેમણે એક અમૂલ્ય વાઘો તૈયાર કર્યો. સોનાના તાર વડે સોનાની ટીબકડીઓ ને ચિત્રો કાઢી એક સુંદર કલાત્મક નમૂનો તેમણે બનાવ્યો. આ વાઘો તેમણે સમૈયામાં આવેલા બાવા ખાચર, અમરા ખાચર, મોટીબા, દરબાર અભયસિંહ વગેરેને બતાવ્યો. વાઘો જોઈ સૌ ખૂબ રાજી થયા અને દરેકે રૂપિયા ૧૦૦/- આપ્યા. એમ સૌ હરિભક્તોને બતાવતાં બતાવતાં રૂપિયા ૧૦૦૦/- ભેગા થયા. તે રકમ લઈને પ્રાગજી ભક્ત

સ્વામીશ્રી પાસે આવ્યા અને તે રકમ સ્વામીશ્રીને ચરણે ધરી. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : "અલ્યા પ્રાગજી ! આ રૂપિયા ક્યાંથી લાવ્યો ?"

એટલે પ્રાગજી ભક્તે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ માટે જે વાઘો બનાવ્યો હતો તે સ્વામીશ્રીને બતાવ્યો અને કહ્યું : "આ વાઘો સૌ હરિભક્તોને બતાવ્યો તેથી સૌએ રાજી થઈને આ ભેટ આપી છે."

દરેક પ્રસંગે યુક્તિ-પ્રયુક્તિ કરીને પણ પોતાને જ પ્રસન્ન કરવાનું પ્રાગજી ભક્તનું તાન જોઈ, સ્વામીશ્રી તેમના ઉપર અત્યંત રાજી થઈ ગયા અને પ્રાગજી ભક્તને બે વખત મળ્યા. પ્રાગજી ભક્તને તો સ્વામીશ્રીની આ કૃપા જ જોઈતી હતી. સ્વામીશ્રીએ જે સુખ તેમને આપ્યું તેથી તેઓ કૃતકૃત્ય થઈ ગયા !

મૂર્તિપ્રતિષ્ઠાના મુહૂર્તને આગલે દિવસે યજ્ઞવિધિ કરવા માટે બ્રાહ્મણ હરિપ્રસાદ શુકલ, ઉમરેઠથી બીજા વિદ્વાન બ્રાહ્મણોને લઈને આવ્યા હતા. હરિપ્રસાદે યજ્ઞની તૈયારી કરતાં કરતાં સ્વામીશ્રીને કહ્યું : "યજ્ઞકુંડ માટે કાચી ઈંટો જોઈશે. તે તૈયાર છે ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "હમણાં કાચી ઈંટો પડાવી દઈએ."

તે સાંભળી તેમણે કહ્યું : "મુહૂર્ત તો કાલે છે અને ઈંટો સુકાશે ક્યારે ?"

સ્વામીશ્રી તેમનું આ વચન સાંભળી હસ્યા. પછી કહ્યું : "હરિકૃષ્ણ મહારાજ પધરાવવા છે તે ઈંટો તરત જ સુકાઈ જશે. જુઓને, પૃથ્વીનો પ્રલય થાય છે ત્યારે પાતાળમાંથી શેષ નારાયણ ફૂંક મારે છે તેથી પૃથ્વી બળીને ભસ્મ થઈ જાય છે. તો નીચેથી શેષ નારાયણ ફૂંક મારીને સૂકવશે અને ઉપરથી સૂર્યનારાયણના તાપથી સુકાઈ જશે."

સ્વામીશ્રીના અદ્‌ભુત ઐશ્વર્યને ન જાણનારા આ બ્રાહ્મણો આ સાંભળી રહ્યા.

પછી સ્વામીશ્રીએ કહ્યું : "ચાલો, ઈંટો પડાવવાનું શરૂ કરીએ."

પછી હાલ જ્યાં મહારાજની બેઠકની છત્રી છે, ત્યાં ઈંટો પડાવવાનું શરૂ કર્યું. એક ઈંટ પાડીને બીજી પાડે ત્યાં પ્રથમની ઈંટ સુકાઈ જાય અને ઉપાડે તો તદ્દન કોરી દેખાય. કુહાડીથી કાપે તો પણ ન કપાય એવી કઠણ ઈંટો જોઈને બ્રાહ્મણોને બહુ જ આશ્ચર્ય થયું !

પછી બ્રાહ્મણોએ યજ્ઞકુંડ કરવાનું શરૂ કર્યું. આ બ્રાહ્મણો યજ્ઞકુંડ

બનાવતા હતા તે વખતે ગામમાંથી એક કર્મકાંડી બ્રાહ્મણ આવ્યો અને તેણે સ્વામીશ્રીને પૂછ્યું કે "તમે સયોનિ કુંડ[૭] કેમ બનાવતા નથી ?"

સ્વામીશ્રીએ તેનો સપ્રમાણ ઉત્તર આપ્યો. પછી તે બ્રાહ્મણની સાથે આવેલા બીજા કેટલાક વિદ્વાન બ્રાહ્મણોએ સ્વામીશ્રીને પૂછ્યું : "તમો સ્વામિનારાયણની મૂર્તિ કેમ પધરાવો છો ?"

ત્યારે સ્વામીશ્રીએ શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વયં પૃથ્વી ઉપર અનેક જીવોના આત્યંતિક કલ્યાણ કરવા પધાર્યા છે તે હકીકત શાસ્ત્રોના આધારે તેમને સમજાવી. આ ઉત્તર સાંભળી બ્રાહ્મણો અત્યંત પ્રસન્ન થયા અને સભામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવી પોતપોતાને ઘેર ગયા.

સ્વામીશ્રીની વાણીમાં એવું ઐશ્વર્ય હતું કે તે વાણી જે સાંભળતા તેમના અંતરમાં તે સોંસરી ઊતરી જતી. સ્વામીશ્રી પોતાના ઈષ્ટદેવનો મહિમા જ્યારે કહેતા ત્યારે અત્યંત દિવ્યભાવમાં આવી જતા. એટલે તેમનાં વચનોમાં સર્વ શાસ્ત્રોના સાર અને પ્રમાણો આવી જતાં.

જૂનાગઢમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા

ફાગણ વદિ બીજના માંગલિક દિવસે વેદમંત્રોના ઉદ્ઘોષ વચ્ચે શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા પૂર્વ ખંડના મંદિરમાં કરી.

આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે આરતી ઉતારી. આ જ સમયે મધ્ય મંદિરમાં ભગવત્પ્રસાદજી મહારાજે આરતી ઉતારી. રઘુવીરજી મહારાજ આરતી ઉતારી રહ્યા પછી તેમણે સ્વામીશ્રીને કહ્યું એટલે સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારી.

આવી રીતે અત્યંત દિવ્ય વાતાવરણમાં, વેદ-મંત્રોના ધ્વનિ વચ્ચે શ્રીજીની સર્વોપરી ઉપાસનાની સ્થાપનાનો આ દિવ્ય પ્રસંગ ઊજવાઈ ગયો. સૌ બ્રાહ્મણો તથા હરિભક્તોને જમાડ્યા. સર્વત્ર જયજયકાર થઈ ગયો.

---

૭. યોનિકુંડ શાક્તો માટે વામ માર્ગના પ્રચારનું સાધન થવાથી વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓએ તેનો નિષેધ કર્યો છે. સ્માર્તો યોનિકુંડને પાર્વતીજીનું પ્રતીક માને છે. ખાસ કરીને જે યજ્ઞોમાં સ્ત્રી યજમાન તરીકે હોય ત્યાં જ યોનિકુંડની સ્થાપના થાય છે. स्त्रीणां कुण्डानि विपेन्द्र ! योन्याकाराणि कारयेत् ॥

આ પ્રસંગે રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીનો સમાગમ કરવા માટે જૂનાગઢમાં રહેવાનું નક્કી કર્યું. તેથી જુદા જુદા દેશોમાંથી આવેલા સંતો-હરિભક્તો પણ આ લાભ લેવા રોકાઈ ગયા.

સ્વામીશ્રી તો સૌને સમાગમનો લાભ મળે એટલે રાજી થયા. ગઢડાના સાધુઓને તો મહારાજને જૂનાગઢ આવવા જ નહોતા દેવા છતાં મહારાજ અહીં પધાર્યા. તો હવે જૂનાગઢના સાધુ 'જાઓ', એમ ન કહે ત્યાં સુધી ખસવું જ નહિ એમ તેમણે નક્કી કર્યું હતું. પરંતુ શિવલાલભાઈએ અગાઉથી જ આચાર્ય મહારાજની ભાવનગરમાં પધરામણી કરાવવાનું નક્કી કર્યું હતું. એટલે સમૈયા પછી છ-સાત દિવસ થયા એટલે તેમણે સ્વામીશ્રીને કહ્યું : "આચાર્ય મહારાજને ભાવનગરમાં પધરાવવા છે અને આપને પણ સાથે પધારવાનું છે. આપ મહારાજને વાત કરો."

તેથી બીજે દિવસે સવારે સ્વામીશ્રીએ આચાર્ય મહારાજને વાત કરી.

તે જ દિવસે આચાર્ય મહારાજ તથા સંઘ જૂનાગઢથી ભાવનગર જવા માટે નીકળ્યો. સ્વામીશ્રી પણ તેમની સાથે જ નીકળ્યા. વાજતે-ગાજતે સૌને વળાવ્યા. આ પ્રસંગે સ્વામીશ્રીનો અદ્‌ભુત પ્રતાપ સૌએ જોયો. શ્રીજીમહારાજ સ્વામીશ્રીને વશ છે તે અનુભવ આચાર્ય મહારાજે પણ કર્યો. છતાં રાગદ્વેષના ઊંડા વમળમાં અટવાયેલા ભેખના ન્યાતીલાને તો જૂનાગઢનું ખોટું દેખાડવું એવું જે મનમાં હતું તે અધૂરું રહ્યું. એટલે તેમના સૌના અંતરમાં અસંતોષનો વસવસો રહી ગયો. જૂનાગઢમાં પોતાના ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાનો દિવ્ય ઉત્સવ અદ્‌ભુત રીતે ઊજવાઈ ગયો, તેની પ્રસન્નતાના ભાવની એક પણ રેખા તેમના મુખ ઉપર કોઈનેય શોધી જડી નહીં !

સ્વામીશ્રી આચાર્ય મહારાજ સાથે નીકળ્યા. સઘળો સંઘ ભાવનગર આવ્યો. અહીં આચાર્ય મહારાજ અને સૌ સંતો સત્તર દિવસ રહ્યા. આ પ્રસંગે સ્વામીશ્રીએ મહારાજના પુરુષોત્તમ સ્વરૂપની ઘણી વાતો કરી અને હજારો હરિભક્તોને મહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા કરાવી. આચાર્ય મહારાજની ભાવનગરમાં પધરામણી કરાવવામાં શિવલાલભાઈએ ખૂબ જ મહેનત કરી હતી. તેમના પ્રયાસથી જ મહારાજ પધાર્યા, સાથે સ્વામીશ્રી પણ પધાર્યા. તેથી ભાવનગરમાં સંપ્રદાયનો ખરેખરો દિગ્વિજય થયો !

છેલ્લે દિવસે જ્યારે ત્યાંથી નીકળ્યા ત્યારે સ્વામીશ્રીએ શિવલાલભાઈને

પોતાની સાથે ગાડીમાં બેસારી કહ્યું : "તારા મનમાં એમ જાણે છે કે મેં ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી અને ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવ્યા એ કામ બહુ મોટું કર્યું, પણ તારા જીવ સામું જોઉં છું ત્યાં અરધો સત્સંગ રહ્યો છે."

ત્યારે શિવલાલભાઈએ હાથ જોડીને કહ્યું જે, "હા, મહારાજ !"

પછી સ્વામી બોલ્યા જે, "આવા સાધુને મૂકીને જે જે સુખ ઇચ્છવું તે તો જેમ એક દિવસ ગાયનું વાછરું છૂટીને ગૌશાળે ગયું ને જાણે જે, દૂધનું સુખ લઉં. પછી તો ત્યાં પોઠિયા ઊતરેલ તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટુઓ ખાય. તે પાટુ ખાઈખાઈને મોઢું તો સૂજી ગયું, પણ દૂધનું સુખ આવ્યું નહિ. પછી પોતાની મા આવી તોય ધાવવા સમર્થ ન થયું. તેમ આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય, તે તો પાટુઓ ખાધા જેવું છે. કેમ જે, આજ્ઞા-ઉપાસનામાં ભંગ પાડશે ત્યારે આવા સાધુ પાસે નહિ બેસાય, જેમ ગાયનું વાછરું ગાય પાસે ન ગયું તેમ.' એમ કહીને બોલ્યા જે, 'આમ ને આમ બે મહિના સુધી વાતુ કરીશ ત્યારે મોરે ભગવાનમાં જીવ જોડાણો હતો એવો જોડાશે, એવો સ્થૂળભાવ આવી ગયો છે."[૮]

શિવલાલભાઈ મહાન ભક્તરાજ હતા. સ્વામીશ્રીમાં તેમને અત્યંત આત્મબુદ્ધિ હતી. પરંતુ ગઢડાના સાધુઓના સતત પ્રસંગથી જે બાહ્યવૃત્તિ થઈ ગઈ હતી તે ઉપર સ્વામીશ્રીએ આ મર્મ કર્યો હતો, તે તેઓ સમજી ગયા.

સ્વામીશ્રી ભાવનગરથી નીકળી વળા, ધોલેરા થઈને ચૈત્રી પૂનમના સમૈયા પ્રસંગે ચૈત્ર સુદ આઠમના દિવસે વરતાલ પધાર્યા. સ્વામીશ્રી પધાર્યા તેથી જાણે હરિભક્તોમાં વિદ્યુત સંચાર થયો હોય તેમ અનેરો ઉત્સાહ પ્રવર્તી ગયો. આ સમૈયામાં સ્વામીશ્રીની વાતો સાંભળી, જીભાઈ શેલત, હરિકૃષ્ણ ભટ્ટ, જગુભાઈ, વાઘજીભાઈ, સીંજીવાડાના પ્રભુદાસ બારોટ, શિવલાલભાઈ વગેરે હજારો હરિભક્તોને, સ્વામીશ્રી મૂર્તિમાન અક્ષરબ્રહ્મનો અવતાર છે તેમજ મહારાજ પુરુષોત્તમ છે એ નિષ્ઠા દઢ થઈ ગઈ ! સ્વામીશ્રીની વાતોથી રઘુવીરજી મહારાજને પણ અક્ષર અને પુરુષોત્તમ સ્વરૂપની દઢ નિષ્ઠા થઈ ગઈ. તેમના આસને તેઓ પણ રોજ રાત્રે બાર વાગતા સુધી સ્વામી અક્ષર છે અને મહારાજ પુરુષોત્તમ છે એ નિષ્ઠાની વાતો કરતા. તેમના ત્યાગ અને

૮. સ્વામીની વાતો : ૩/૨૧.

વૈરાગ્યથી અને તેમની નિષ્ઠાના બળની વાતોથી હરિભક્તોને પણ તેમના વિષે મહારાજના સાક્ષાત્ સ્વરૂપનો નિશ્ચય થયો. રઘુવીરજી મહારાજ, સ્વામીશ્રીની વાતો સાંભળવા ભગવત્પ્રસાદજીને પણ મોકલતા. ઘણી વાર સ્વામીશ્રીને પણ પોતાના આસને વાતો કરવા તેઓ બોલાવતા. આ સમૈયામાં સ્વામીશ્રીની વાતોથી કેટલાક સાધુઓને પણ મહારાજના પુરુષોત્તમ સ્વરૂપની નિષ્ઠા થઈ ગઈ !

આ સમૈયો કરીને સ્વામીશ્રી, આચાર્ય મહારાજ તથા શુક સ્વામી, ભાઈ આત્માનંદ સ્વામી, આનંદ સ્વામી તેમજ બીજા સદ્‌ગુરુઓ અને સાધુઓ, પાળાઓ, બ્રહ્મચારી વગેરે મળી એક હજારનો સંઘ વરતાલથી નીકળી નડિયાદ આવ્યો. અહીં ક્રિપારામ પંડ્યા, ઝવેરલાલભાઈ, મયારામભાઈ, બારોટ માધવલાલભાઈ, જીજીભાઈ, દ્વારકાદાસભાઈ તથા ફોજદાર જીભાઈ વગેરેએ આચાર્ય મહારાજ તથા સ્વામીશ્રી અને સંઘની ખૂબ જ સેવા કરી. સ્વામીશ્રીએ પણ અહીં ખૂબ વાતો કરી સમાસ કર્યો.

તમારા બાપ આંખે પાટા બંધાવીને ઘૂમટા કઢાવતા

એક દિવસ એક હરિભક્તને ઘેર પધરામણીએ ગયા ત્યાં સદ્‌ગુરુઓને બેસવા માટે ખુરસીઓ ગોઠવી હતી. ભાઈ આત્માનંદ સ્વામીને આ ગમ્યું નહિ. તેથી બીજે દિવસે તેમણે પધરામણીમાં જવાની ના કહી.

એટલે રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને પૂછ્યું : "ભાઈ સ્વામી પધરામણીમાં આવવાની ના કેમ પાડે છે ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમારા બાપ આંખે પાટા બંધાવીને ઘૂમટા કઢાવતા. તમે ઢોલ વગડાવીને, સ્ત્રીઓ ભેગી કરીને સાધુઓને વચ્ચે ઊભા રાખો છો. પછી તમે કહેશો કે ધર્મ પાળો, તે ધર્મ શી રીતે પાળે ? માટે પધરામણીમાં ખુરસીઓ કાઢી નખાવીને, ડોશીઓ ન આવે એવો બંદોબસ્ત કરશો ત્યારે જ અમે પધરામણીમાં આવશું."

સ્વામીશ્રીની આ વાત સાંભળી આચાર્ય મહારાજે તે પ્રમાણે બંદોબસ્ત કરાવ્યો. આ પ્રમાણે દરેક પ્રસંગે સ્વામીશ્રી ધર્મ પાળવાનો અને પળાવવાનો આગ્રહ રાખતા. સ્વામીશ્રી મહારાજ તથા સમગ્ર સંઘ સાથે નડિયાદમાં સત્તર દિવસ રહ્યા. પછી મહારાજ સાથે સ્વામીશ્રી વરતાલ પધાર્યા અને ભાઈ

આત્માનંદ સ્વામી ત્યાંથી વાગડ પધાર્યા.

વરતાલ થોડો વખત રહી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા. મહેળાવ, સોજિત્રા, સીંજીવાડા થઈને સ્વામીશ્રી ધોલેરા પધાર્યા. આ વખતે ભાઈ આત્માનંદ સ્વામી વાગડ પાસે અણિયાળી ગામમાં હતા. તેથી સ્વામીશ્રી પોતાની સાથેના સાધુઓનો તથા હરિભક્તોના સંઘને લઈને અણિયાળી પધાર્યા. અહીં સંઘને ભાગોળે ઊભો રાખી, સ્વામીશ્રી ભાઈ સ્વામીનાં દર્શને મંદિરમાં પધાર્યા.

ભાઈ આત્માનંદ સ્વામીની કસર ટાળી

બરાબર આ જ વખતે ભાઈ આત્માનંદ સ્વામીના મનમાં વિચાર આવ્યો કે "મને ૧૧૬ વર્ષ થયાં. નવા દાંત પણ આવ્યા. છતાં હજુ મહારાજ મને ધામમાં તેડી જતા નથી તે શું કસર હશે ?"

સ્વામીશ્રી આ પળે જ મંદિરમાં દાખલ થયા. તેમને જોઈ ભાઈ આત્માનંદ સ્વામીને અત્યંત આનંદ થયો. સ્વામીશ્રીનું સન્માન કરતાં તેમણે કહ્યું : "મારા સંકલ્પનું સમાધાન કરવા તમને મહારાજે અહીં મોકલ્યા છે." પછી બોલ્યા, "સ્વામી ! અમારે તો તમારી વાતો સાંભળવાની ઘણી હોંશ છે પણ તમે તો રાજાધિરાજ કહેવાવ, કાં જે તમારી વાંસે હજારો મનુષ્યો ફરે, અને અમે તો રાંક કહેવાઈએ, અમારું મંદિર પણ નાનું. તેથી તમને અમારા આ નાના મંદિરમાં અમે શી રીતે રાખી શકીએ ? હું જૂનાગઢ સમાગમ કરવા આવ્યો પણ મને ત્યાંનું પાણી સદ્યું નહિ."[૯]

---

૯. ગુણાતીતની ગુણાતીત વાતોનો ઉદ્ઘોષ સાંભળીને ભાઈ આત્માનંદ સ્વામી જૂનાગઢ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા. પરંતુ આ વખતે સ્વામીશ્રી સાંખડાવદર થઈને માંગરોળ બંદર પધાર્યા હતા. ત્યારે ભાઈ આત્માનંદ સ્વામીએ વિચાર કર્યો કે આપણે જેના સારુ અહીં આવ્યા તે તો નથી.. પણ હવે અહીં રોકાશું. અને સ્વામીશ્રીની રાહ જોતા ત્યાં રહ્યા પરંતુ સ્વામીશ્રી આવ્યા નહિ. ભાઈ આત્માનંદ સ્વામીને જૂનાગઢનું પાણી માફક ન આવતું તેથી વાગડથી પાણીના ભંભા ભરી લાવ્યા હતા તે પણ ખાલી થવા આવ્યું. એટલે રણછોડ ભગત નાગવાવનું પાણી લાવ્યા પણ તે તેમને ઠીક ન પડ્યું. પછી સ્વામીશ્રીને તેડવા માણસ મોકલ્યો પણ સ્વામીશ્રી આવે તે પહેલાં ભાઈ આત્માનંદ સ્વામી વાગડ પધારી ગયા. ત્યાર બાદ સ્વામીશ્રી માળિયા તથા મેંદરડા થઈને જૂનાગઢ આવ્યા.

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "જો તમારી મરજી હોય, તો હું ચાર સાધુ સાથે અહીં રહું. બીજો સંઘ બધો બોટાદ રોકાશે."

એટલે ભાઈ આત્માનંદ સ્વામી બહુ જ રાજી થયા અને કહ્યું : "સ્વામી ! એમ કરો તો તો બહુ સારું."

પછી સ્વામીશ્રી, રામચરણદાસ, બાલમુકુન્દદાસ, જાગા ભક્ત તથા હરજીવનદાસ એટલાને સાથે રાખીને ત્યાં રહ્યા. શિવલાલભાઈ તો સાથે હતા જ.

સભા ટાણે સ્વામીશ્રીએ ભાઈ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! તમને એકસોને સોળ વર્ષ થયાં છે. છતાં મહારાજ તમને અક્ષરધામમાં લઈ જતા નથી તે તમારા દ્વારા મહારાજને શું કામ કરાવવું હશે ? ને શું કામ અધૂરું રહ્યું હશે ? તમે તેનો વિચાર કર્યો છે ?"

તે સાંભળી ભાઈ આત્માનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! તમે આવ્યા મોર હું આ જ વિચાર કરતો હતો. પણ હવે મહારાજે તમને મોકલ્યા છે તે તમે જ મને સમજાવો કે શું કસર છે અને મહારાજ મને ધામમાં કેમ લઈ જતા નથી ?"

પછી સ્વામીશ્રીએ કહ્યું : "સ્વામી ! બીજી તો કોઈ કસર નથી. પણ એક મહારાજનું સ્વરૂપ સમજવામાં કસર છે. શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ છે તે નિષ્ઠા અંતરમાં દૃઢ થાય એટલે કસરમાત્ર ટળી ગઈ કહેવાય." પછી સ્વામીશ્રીએ ગ. મ. ૯; ગ. અં. ૩૮; લોયા ૧૪ વગેરે ઉપાસનાનાં વચનામૃતો વંચાવ્યાં અને શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી. ત્યાર પછી ગ. પ્ર. ૨૩; ગ. મ. ૩૦, ૪૫; અમ. ૨, ૩ આ બ્રહ્મભાવનાં વચનામૃતો વંચાવી કહ્યું : "સ્વામી ! આ પ્રમાણે ઉપાસના અને બ્રહ્મભાવ સમજવાનો છે. તે દૃઢ કરાવવા સારુ જ મહારાજે તમારો દેહ રાખ્યો છે."

ભાઈ આત્માનંદ સ્વામી સ્વામીશ્રીની સર્વોપરી નિષ્ઠાની આ વાત સાંભળી બહુ જ રાજી થયા. પછી કહ્યું : "સ્વામી ! હું તો મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજતો હતો, પરંતુ આજે તમ દ્વારા મહારાજ મને પોતાનું સ્વરૂપ ઓળખાવી ગયા. તમે પણ ખરા ગુણાતીત તે અત્યાર સુધી છાના રહ્યા. તમારી વાતોના પડછંદા ગાજતા સાંભળ્યા હતા. પણ તમે મને આ

વાત અત્યાર સુધી કેમ ન કરી ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''તમે રામાનંદ સ્વામી છતાંના જૂના ને મહારાજના ભાઈ કહેવાવ. વળી, મોટા સદ્‌ગુરુ રહ્યા તેથી મારી વાત તમને કેમ ગળે ઊતરે !'' એમ કહીને સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''તમને કદાચ યાદ નહિ હોય પરંતુ એક વખત મહારાજ અક્ષર ઓરડીમાં વિરાજતા હતા અને મહારાજની સન્મુખ સંતોની સભા બેઠી હતી તે વખતે ઉપાસનાનો પ્રસંગ ચાલતો હતો, તે વખતે તમે આવ્યા અને ચાલતા પ્રસંગની વાત સાંભળીને બોલ્યા કે 'આમ, એક પાશેર અને અધશેર એમ જોખો છો તે શું એમ ઉપાસના દૃઢ થતી હશે ?' તે વખતે મહારાજે કહ્યું હતું કે 'કોઈ બોલશો મા. એમને હમણાં નહિ સમજાય. આગળ સાધુથી સમજાશે.' માટે અગાઉ હું તમને કહેત તો પણ તમને મારી વાત મનાત નહિ. પણ હવે મહારાજની આજ્ઞાથી કહી અને તમને પણ વાત બેસી ગઈ.''

સ્વામીશ્રીની આ વાત સાંભળી ભાઈ આત્માનંદ સ્વામી રાજી થયા. ત્યાં 'વાસુદેવ હરે' થયા.

આજે ગંગા સવળી થઈ

પછી બંને સદ્‌ગુરુઓ સાથે જમવા બેઠા. પહેલાં જ્યારે આ બંને સદ્‌ગુરુઓ ભેગા થતા, ત્યારે ભાઈ આત્માનંદ સ્વામીના પત્તરની પ્રસાદી સ્વામીશ્રી લેતા. પણ આજે ભાઈ આત્માનંદ સ્વામીએ સ્વામીશ્રી પાસે તેમના પત્તરની પ્રસાદી માગી. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''એમ અવળી ગંગા કદી થાય નહિ.''

ત્યારે ભાઈ સ્વામીએ કહ્યું : ''અવળી ગંગા જ અત્યાર સુધી હતી. કેમ જે હું તમારો મહિમા જાણ્યા સિવાય તમને મારા પત્તરની પ્રસાદી આપતો. પણ આજે હવે મહિમા સમજાયો ને ગંગા સવળી થઈ.'' એમ કહી સ્વામીશ્રીના પત્તરમાંથી પરાણે રોટલી લીધી. સ્વામીશ્રી અણિયાળીમાં ભાઈ આત્માનંદ સ્વામી સાથે ત્રણ-ચાર દિવસ રહ્યા અને ખૂબ વાતો કરી.

પછી ત્યાંથી શિવલાલભાઈ સાથે બોટાદ પધાર્યા. બોટાદમાં શિવલાલભાઈને સ્વામીશ્રીએ કહ્યું : ''શિવલાલ ! હવે તમારા ગુરુનો દેહ રહેશે નહિ. કાં જે સમજણમાં કસર હતી તે સર્વે ટળી ગઈ. એટલે હવે

મહારાજ તેમને ધામમાં લઈ જશે.''

શિવલાલભાઈ ધામમાં પધાર્યા

સ્વામીશ્રીના આ વચન અનુસાર ભાઈ સ્વામી ત્યારબાદ જેઠ વદિ છઠને દિવસ અક્ષરવાસી થયા. શિવલાલભાઈએ પણ તેમની પાસે માગી લીધું હતું કે 'તમે અક્ષરધામમાં જાઓ ત્યારે મને પણ સાથે તેડતા જજો.' તે વચન મુજબ શિવલાલભાઈ પણ અષાઢ સુદિ દશમના દિવસે ધામમાં પધાર્યા.

શિવલાલભાઈ ધામમાં પધાર્યા એટલે સ્વામીશ્રી બોટાદ ભગા દોશી પાસે તેમને સાંત્વન આપવા આવ્યા. તેમને કેટલીક ઉપદેશની વાતો સ્વામીશ્રીએ કરી અને શાંતિ કરી દીધી. પછી ભગા શેઠે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! શિવલાલનાં લગન કરવામાં આપે એક વરસ જાળવી જાવાનું કહ્યું તે આપ તો અંતર્જામી છો એટલે જેમ અમારું સારું થાય તેમ કહ્યું. નહિ તો અત્યારે અમારે જુવાન વિધવા વહુનું દુઃખ જોવાત નહિ અને દુઃખનો પાર ન રહેત.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''શિવલાલ તો મુક્ત હતા તેથી તેને તો આ ફંદામાં પડવાની ઇચ્છા જ ન હતી. અમે તે જાણતા હતા એટલે તમને જાળવી જાવાનું કહ્યું. તમને અમારો વિશ્વાસ હતો એટલે માન્યા. અમારો સ્વભાવ તો જીવનું સારું કરવું એ જ છે. એટલા જ માટે દિવસ-રાત ફર્યા જ કરીએ છીએ, જેથી જે જે જીવો સંબંધમાં આવે તેનું કલ્યાણ થઈ જાય.''

પછી સ્વામીશ્રી બોટાદથી ગઢડા પધાર્યા. ગઢડામાં થોડા દિવસ રહી જૂનાગઢ પધાર્યા.

બ્રહ્મરૂપ થવા માટે બ્રહ્મના સંગની જરૂર છે

મહારાજે જે વચન કહ્યું હતું કે 'જે જૂનેગઢ જશે તેની કરોડ જન્મની કસર હશે, તે અમે એક જન્મે ટાળી દઈશું.' તે વચન મહારાજે સત્ય કર્યું. જેણે જેણે ગુણાતીતનો સમાગમ કર્યો તેની કસર ગુણતીતે ટાળી દીધી અને તેને ગુણાતીત કરી શ્રીજીની સેવાના અધિકારી બનાવી દીધા. મહારાજે કહ્યું છે 'જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.'[૧૦] બ્રહ્મરૂપ

૧૦. વચ. લોયા. ૭.

થવા માટે બ્રહ્મના સંગની જરૂર છે જ. ब्रह्मविद् ब्रह्मैव भवति । માટે સ્વામીશ્રી જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ છે, મહારાજને રહેવાનું ધામ છે, તેમના સ્વરૂપની તત્ત્વે સહિત ઓળખાણ બ્રહ્મરૂપ થવા માટે કરવી એ દરેક સાધક માટે અનિવાર્ય જ છે. પરંતુ જે એમ કહે છે કે આ સ્વામીશ્રી એ બ્રહ્મ નથી, મહારાજને રહેવાનું ધામ નથી. असत् ब्रह्मेति वेद चेत् - તેવા પુરુષ असन्नेव स भवति ।[11] તે પુરુષાર્થથી ભ્રષ્ટ થઈ અસાધુ - દુર્જન - થાય છે, અર્થાત્ તેનો આત્મા જડ જેવો થઈ જાય છે.

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા. મહારાજની સર્વોપરી નિષ્ઠાનો અદ્‌ભુત પ્રચાર સ્વામીશ્રીની વાતોથી સર્વત્ર થતો. સ્વામીશ્રીની વાતો સાંભળીને ઘણા મુમુક્ષુઓને લાગતું કે 'મહારાજ સાક્ષાત્ સ્વામીશ્રી દ્વારા વાતો કરી રહ્યા છે.' સ્વામીશ્રીના સ્વરૂપમાં દરેકને સહેજે આત્મબુદ્ધિ થઈ જતી. સ્વામીશ્રીની પણ પ્રકૃતિ એવી હતી કે 'હરિભક્તોને સર્વ પ્રકારે સુખી રાખવા.' તેમના વ્યવહારની પણ સ્વામીશ્રી એવી જ સંભાળ રાખતા.

આવા મોટા ભક્તની લાજ આપણે જવા દેવાય ?

આ અરસામાં હાટીના માળિયાના ઠક્કર અમરસી મેઘાણી જે સ્વામીશ્રીના અનન્ય ભક્ત હતા, તેમને વેપારમાં ખોટ આવી. તેમણે ૧૬૦૦ કોરીની ખાંડીના લેખે ૧૬ ખાંડી રૂ ખરીદ્યું હતું. પણ એકાએક રૂના ભાવ બેસી ગયા અને ખાંડીનો ભાવ કોરી ૬૦૦ થઈ ગયો. આમ, સોળ ખાંડીની ખરીદીમાં તેમને ૧૬૦૦૦ કોરીનું નુકસાન જતું હતું. તેમની આવી સ્થિતિ જોઈને કેટલાક અધીરિયા લેણદારો તેમની મુશ્કેલીમાં વધારો કરવા નાણાંની ઉઘરાણી કરવા માંડ્યા. આ વખતે અમરસી ઠક્કરની તેમના ઘરાકો પાસે એક લાખ કોરીની ઉઘરાણી હતી, પણ તે શું કામમાં આવે ?

લેણિયાતોની ઉઘરાણીથી અમરસી ઠક્કર મૂંઝાણા. પોતાની મૂંઝવણનો બધો ઉકેલ સ્વામીશ્રી પાસે છે, એમ સમજી તેઓ જૂનાગઢ આવ્યા. અહીં આવી સ્વામીશ્રીને તેમણે કહ્યું : "સ્વામી ! મારે હમણાં વેપારમાં બહુ ખરાબ વખત આવ્યો છે અને આબરૂ રહે તેવું નથી. રૂના ભાવ બેસી જવાથી ૧૬૦૦૦ કોરીનું નુકસાન થયું છે. વળી, લેણિયાતો પણ ઉઘરાણી કર્યા કરે

૧૧. તૈત્તિરીય ઉપનિષદ : આનંદવલ્લી, અનુવાક : ૬.

છે. માટે લાજ રાખવી તે આપના હાથમાં છે.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''મહારાજને સંભારો, બધું સારું થશે.'' એ પ્રમાણે કહીને સ્વામીશ્રી ઊઠ્યા.

સ્વામીશ્રી કોઠારમાં પધાર્યા. અહીં ત્રિકમદાસને બોલાવીને સ્વામીશ્રીએ કહ્યું : ''આ અમરસી શેઠ આવ્યા છે તેમને વેપારમાં ખોટ આવી છે અને આબરૂ જાય તેવો વખત આવ્યો છે. પણ આવા મોટા ભક્તની લાજ આપણે જવા દેવાય ?'' એટલું કહીને ૧૦૦૦ કોરીની સોળ કોથળી સ્વામીશ્રીએ તૈયાર કરાવી. પછી કોઠારીને કહ્યું : ''કોઠારી ! મૂંઝાશો નહિ. કદાચ અમરસી શેઠથી રકમ પાછી ન અપાય તો પણ આવા મોટા ભક્ત ઉપર આ રકમ કુરબાન કરી દેવી. જો કે રકમ તો પાછી આપશે જ.'' એમ કહીને સ્વામીશ્રીએ જોરા ભગતને બોલાવ્યા અને કહ્યું : ''આ ૧૬,૦૦૦ કોરી લઈને તમે શેઠની સાથે જાઓ. રસ્તામાં જાળવજો.'' આ પ્રમાણે જોરા ભક્તને કહી સ્વામીશ્રી શેઠની પાસે આવ્યા અને કહ્યું : ''૧૬,૦૦૦ કોરી લઈ જાઓ. મહારાજ સારું કરશે.''

સ્વામીશ્રીની પોતા પ્રત્યેની આવી સહાનુભૂતિ જોઈ અમરસી શેઠ કૃતકૃત્ય થઈ ગયા !

અમરસી શેઠ રકમ લઈ માળિયા આવ્યા. અહીં તેમણે તેમના લેણદારોને કહ્યું : ''જેને રકમ જોઈતી હોય તે લઈ જાવો.''

એટલે જેઓ અધીરિયા હતા તે રકમ લેવા આવ્યા. બીજાએ જાણ્યું કે શેઠને તો જૂનાગઢ મંદિરની મદદ છે એટલે ગાડે ગાડાં ભરીને કોરિયું ચાલી આવે છે. એથી શેઠની આબરૂ જાય તેમ નથી. આવી રીતે સ્વામીશ્રીએ તેમના વ્યવહારમાં ખરે ટાણે મદદ કરી. શેઠે પોતાનો સારો વખત આવ્યો ત્યારે મંદિરની ૧૬,૦૦૦ કોરી પાછી આપી દીધી.

આ દીકરો તમારી સેવામાં દઈએ છીએ

સ્વામીશ્રી એક દિવસ સભામંડપમાં પોતાના આસને દક્ષિણાદે મુખારવિંદે બેસીને વાતો કરતા હતા. એટલામાં ગામ લીલિયાથી પટેલ માવજીભાઈ ગાડું જોડીને આવ્યા. તે ગાડામાં તેઓ કાકડી, ડોડા, ચીભડાં, પોંક વગેરે લાવ્યા હતા. તેમને જોઈ સ્વામીશ્રી બોલ્યા : ''એ દેશી મેવો

આવ્યો.'' તેવામાં તો માવજીભાઈ સભામાં આવ્યા અને મેવાની ગાંસડી લઈને સ્વામીશ્રી પાસે મૂકી. અને પછી પોતે પગે લાગ્યા. પછી સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''કેમ માવજીભાઈ ! હવે સારું છે ને ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા, મહારાજ ! આપના પ્રતાપથી હવે સારું છે. હવે સુખી છીએ.''

પછી સ્વામીશ્રીએ ઠાકોરજીને મેવો ધરાવવા મોકલ્યો. તેવામાં માવજીભાઈએ પોતાના દીકરા કરસનને સ્વામીશ્રી પાસે લાવી સ્વામીશ્રીને પગે લગાડ્યો.

સ્વામીશ્રીને તેમણે કહ્યું : ''સ્વામી ! આ દીકરો તમારી સેવામાં દઈએ છીએ. આટલો ભાગ અમે કાઢ્યો.''

સ્વામીશ્રી કરસનને જોઈ બહુ જ રાજી થયા અને તેને માથે હાથ મૂક્યો અને કહ્યું : ''ભલે, અમે આ દીકરાને ભણાવશું.''

માવજીભાઈ બે-ત્રણ દિવસ રહ્યા અને પછી પોતાને ગામ જવા તૈયાર થઈ સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા. તે વખતે તેમનો દીકરો કરસન પણ સાથે હતો. સ્વામીશ્રીએ તે દીકરાને કહ્યું : ''હજી તો તમે નાના છો તેથી નાહવું કે પૂજા કરવી તે તમારાથી બને નહિ. માટે મોટા થાઓ ત્યારે આવજો. તે વખતે તમને રાખીશું અને સાધુ કરીશું.'' એમ કહીને તેને માથે હાથ મૂક્યો અને તેનો હાથ ઝાલી સ્વામીશ્રીએ તેના હાથમાં પ્રસાદી આપી. માવજીભાઈ પોતાના દીકરાને લઈને ઘેર ગયા.[૧૨]

આ પ્રમાણે જૂનાગઢમાં કથાવાર્તાથી સ્વામીશ્રી સૌને આનંદ કરાવતા હતા. દેશદેશના હરિભક્તો તેમજ સંતો પણ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવતા હતા. એક દિવસે સ્વામીશ્રી સભામંડપમાં પોતાના આસને વિરાજ્યા હતા અને સંતો-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. સ્વામીશ્રી વાતો કરતા હતા. તેવામાં દૂધરેજના બાવાઓ મંદિરમાં દર્શન કરી સભામંડપમાં આવ્યા. ધર્મશાળા જોઈ તેમને બહુ જ આશ્ચર્ય થયું. તેઓ અંદર અંદર

---

૧૨. માવજીભાઈના દીકરા કરસન મોટા થયા એટલે પોતે બાપના વચન અનુસાર જૂનાગઢ આવ્યા. અહીં સ્વામી કૃષ્ણચરણદાસ સ્વામી પાસે તેઓ રહ્યા. બાદ કૃષ્ણચરણદાસ સ્વામીએ તેમને આચાર્ય મહારાજ પાસે દીક્ષા અપાવી ધર્મજીવનદાસ નામ પાડ્યું.

બોલવા લાગ્યા : "અહો ! આ ચોક પાડીને મોતિયો મેળવીને કેવી ધર્મશાળા કરી છે ? આ મંદિરના મહંત ક્યાં હશે ?" એમ વાતો કરતાં કરતાં તેઓ સ્વામીશ્રી જ્યાં સભા કરીને વિરાજ્યા હતા ત્યાં આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરી તથા તેમની વાતો તત્પરતાથી સભાજનોને સાંભળતા જોઈ, તેમને લાગ્યું કે આ જ આ જગ્યાના મહંત હશે. સ્વામીશ્રીનું વ્યક્તિત્વ એવું દિવ્ય હતું કે પ્રથમ દર્શને જ પ્રતિભાનો ખ્યાલ આવી જાય. તેઓ સ્વામીશ્રી સન્મુખ બેઠા. સ્વામીશ્રીએ પણ ભાવથી તેમને બોલાવ્યા.

તેમણે સ્વામીશ્રીને કહ્યું : "અહોહો ! મહારાજ, આ ધર્મશાળા બહુ સારી બાંધી છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "હા, ભગવાન ભજવા સારુ અને કથાવાર્તા કરવા સારુ બાંધી છે. આમાં ઘણા ગૃહસ્થો અને ત્યાગીઓએ મહેનત કરી છે. સારું સ્થાન હોય તો પ્રભુ ભજાય. પરંતુ આવું સ્થાન મળે અને જે પ્રભુ ન ભજે અને ધર્મ ન પાળે તે તો પાપી કહેવાય."

એટલી વાત સ્વામીશ્રીએ કરી ત્યાં તો તેમણે પૂછ્યું : "મહારાજ ! આપને કેટલાં વરસ થયાં હશે ?"

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "પંચોતેર છોંતેર થયાં હશે."

તે સાંભળી બાવાઓએ કહ્યું : "મહારાજ ! વરસ તો ઘણાં થયાં કહેવાય." સ્વામીશ્રી તેમના કહેવાનો ભાવાર્થ સમજી ગયા.

જે નીચી ટેલની સેવા કરે તે મહંત કહેવાય

પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ગયે વરસે તરણેતરના બાવા આવ્યા હતા. અમે તે વખતે ચોક વાળતા હતા. અમારી પાસે આવીને તેમણે અમને પૂછ્યું કે "આ જગ્યાના મહંત કયાં છે ?"

અમે કહ્યું કે 'ઉપર જાઓ ત્યાં મળશે.' પછી અમે હાથ-પગ ધોઈ ઉપર ગયા. ત્યારે અમને જોઈ તેમણે કહ્યું કે "તમે મહંત ! તમે તો હમણાં ચોક વાળતા હતા ?"

ત્યારે અમે કહ્યું કે "અમારામાં જે વાળે અને નીચી ટેલની સેવા કરે તે જ મહંત કહેવાય." તેમને આ સાંભળી આશ્ચર્ય થયું.

એટલું કહીને સ્વામીશ્રીએ કહ્યું : "અમે તો આજ સુધી જીવતા રહ્યા.

પણ અમારી સાંભરણમાં તરણેતરના મઠમાં અઢાર મહંત બદલાઈ ગયા ! વળી, કોયલીના મઠના મહંત, તુલસીશ્યામના મહંત, ખોરાસાના મહંત, ગોરખમઢીના મહંત, ભાવેશ્વરના કે ભૂતનાથના મઠના મહંતો કાંઈ મોત આવ્યું અને મર્યા નથી. તેમના ચેલાઓએ દ્રવ્ય સારુ અને ગાદી સારુ તેમને મારી નાખ્યા છે. માટે ઝાઝું દ્રવ્ય હોય તો ચેલા દ્રવ્ય સારુ મારી નાખે. અમારી પાસે દ્રવ્ય તો શું પણ ધાતુની કોઈ ચીજ કે સારું વસ્ત્ર પણ નથી. અમારી પૂજામાં તિલકિયું અને ચાંદલિયું તે પણ લાકડાનાં છે. તેથી અમને કોઈ શા સારુ મારે ? રાજા કે ગુરુ કોઈક જ મોતે મરતા હશે. કારણ દ્રવ્ય અને સત્તાનો લોકોને મોહ છે. એને લીધે જ ક્લેશ થાય છે અને વગર મોતે મરવું પડે છે. પદાર્થ મેળવવામાં તો ક્લેશ જ રહ્યો છે. પદાર્થ સારુ જ કોઈની સેવા કરવી પડે છે અને ગૃહસ્થને પણ આજીજી કરવી પડે છે. પણ જે પદાર્થ ભેગા કરવામાં મચ્યા રહે છે તેને પ્રભુ સંભારવાનો વખત ક્યારે મળે ? જગતમાં ધનથી તો રાજાઓનું પણ પૂરું થયું નથી તો રાંકનું તો ક્યાંથી પૂરું થાય ? ભીખી ભીખીને ગમે તેટલું ભેગું કરે પણ તેની રાંકવૃત્તિ મટે નહિ ! એવાને પછી મુક્તિ તો કયાંથી મળે ? સંસાર છોડ્યો પણ સ્વભાવ છોડ્યો નથી તો શું મેળવવાનું રહ્યું ?''

દૂધરેજના બાવાઓ સ્વામીશ્રીની એકધારી વાતોના પ્રવાહમાં તણાયા હતા. તેમણે તો આવું દિવ્ય સ્થાન, આવા દિવ્યપુરુષ અને આવી વાતો કદી સાંભળી જ ન હતી. એટલે તે તો બધા અવાક બની સ્વામીશ્રીની વાણીનો પ્રવાહ ઝીલતા હતા.

સ્વામીશ્રીએ પછી કહ્યું : ''આવી ધર્મની જગ્યામાં પણ જ્યાં સુધી ધર્મ રહે છે ત્યાં સુધી જ સંપ અને સુખ રહે છે. જેમ જેમ ધર્મ ઘસાતો જાય છે, તેમ તેમ સંપ અને સુખ ઓછાં થતાં જાય છે. પછી પ્રભુ સંભારવાનો વખત મળે નહિ. જેને રાત-દિવસ પદાર્થોનું ચિંતવન થયા કરતું હોય તેનાથી ભગવાનનું ભજન થાય નહિ અને ધર્મ પણ પળાય નહિ. આવી ધર્મની જગ્યામાં રહેતા હોય અને જો ધર્મ ન પાળે કે પ્રભુ ન ભજે તો પછી ધર્માદો આપનારા કે ધર્માદાનું ખાનાર કોઈનું કલ્યાણ થાય નહિ. બંને બૂડ્યા જાણવા.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ ઘણી વાતો કરી. તે સાંભળી તે બાવાઓ

બોલ્યા : "હા, મહારાજ ! આપ ખરું કહો છો. ધર્મ પળાય તો જ કલ્યાણ થાય. તે વિના તો કેવળ મોઢેથી બોલવાનું જ છે અને કેવળ પેટ ભરવાનાં પાંપળાં જ છે." એટલું કહીને તેઓ ઊઠ્યા. પછી સ્વામીશ્રીને પગે લાગીને ગયા.

આ.સં. ૧૯૧૬ના જેઠ સુદ એકાદશીનો - ભીમ એકાદશીનો સમૈયો આવી ગયો. હરિભક્તો તથા સોરઠમાં ફરતાં સંતમંડળો આવવા લાગ્યાં. સ્વામીશ્રી પણ હરિભક્તોને જોઈ બહુ જ રાજી થયા.

પીઠવાજાળથી ખીમો ડોબરિયા તથા લુહાર દેવશી ભક્ત સંઘ લઈને સમૈયો કરવા આવ્યા હતા. સમૈયાના દિવસ દરમ્યાન દર્શનનો તેમજ સમાગમનો લાભ તેમણે લીધો. સમૈયો પૂરો થયો અને હરિભક્તો વેરાવા લાગ્યા.

એક દિવસ સ્વામીશ્રી પાટ ઉપર બેસીને વાતો કરતા હતા. તે વખતે સભામાં દેવશી ભક્ત પણ બેઠા હતા. તેમને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : "દેવશી ભક્ત ! હર વખતે તો તમો સમૈયો કરીને ઉતાવળા ઉતાવળા ચાલ્યા જાઓ છો ને આ વખતે કેમ ઉતાવળા થાતા નથી ?"

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! મારો ભત્રીજો ખોડો છે, તેને પતનો રોગ થયો છે. તેથી તેના હાથપગ ખવાઈ ગયા છે. તેને અમે ઘોડે નાખીને અહીં લાવ્યા છીએ. આપને પૂછવું જ હતું અમારે શું કરવું ? કાંઈક દયા કરો તો તેને સારું થઈ જાય."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "તમને મહારાજની મૂર્તિ અખંડ દેખાય છે તેથી તમો કાંઈ ચીંધશો તો પણ તેને સારું થઈ જાશે."

દેવશી ભક્તે કહ્યું : "સ્વામી ! મને તો મહારાજ દેખાય છે પણ તમારામાં તો મહારાજ અખંડ વિરાજે છે ને તમે તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છો તો તમારા તુલ્ય કોણ કહેવાય ?"

સ્વામીશ્રીએ હસીને કહ્યું : "આપણા કોઠારમાંથી અરીઠા લાવીને તેનું ફીણ કાઢીને તેને હાથેપગે ચોપડો એટલે તેને સારું થઈ જશે. તમે તેને ઘોડે નાખીને લાવ્યા છો પણ તે તેની મેળે ચાલીને ઘેર આવશે."

સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે અરીઠા લઈને તેનું ફીણ કાઢ્યું અને તે તેના હાથેપગે ચોપડ્યું. સવારે જોયું તો હાથપગ પહેલાં જેવા હતા તેવા થઈ

ગયા ! આ જોઈ દેવશી ભક્તને આશ્ચર્ય થયું ! તેમને લાગ્યું કે આમાં કોઈ દવાની કારી નથી પણ સ્વામીશ્રીના આશીર્વાદનું જ ફળ છે. મોટાપુરુષનાં વચન અને તેમના વચનમાં દૃઢ શ્રદ્ધા, તેનું સામર્થ્ય ઘણું છે.

સ્વામીશ્રી આ પ્રમાણે અનેક જીવને આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત કરતા અને તેમને સર્વ પ્રકારે શાંતિ કરી દેતા. આથી દેશાંતરથી હજારો હરિભક્તો સ્વામીશ્રી પાસે શાંતિ મેળવવા આવતા અને સ્વયં મહારાજ અક્ષર દ્વારા તેમને સર્વ પ્રકારે સુખ, શાંતિ આપતા તેવો અનુભવ કરી સૌ ઘેર જતા.

સ્વામિનારાયણની પરસાદી ખાધી, ભેંશ ગઢડે ગઈ

સમૈયા પછી સ્વામીશ્રી દેશમાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં સ્વામીશ્રી કાળસરી પધાર્યા. અહીંના ભીમા ભક્તે તથા પૂજા ભક્તે સ્વામીશ્રીને કહ્યું : “સ્વામી ! અમે મૈયારી પાસે નવી વાડી કરી છે. ત્યાં ના'વા પધારો ને આપના ચરણથી અમારી વાડી પવિત્ર કરો.”

તેમની પ્રાર્થના સાંભળી સ્વામીશ્રી તેમની વાડીએ નાહવા પધાર્યા. સ્વામીશ્રી સ્નાનવિધિથી પરવાર્યા પછી હરિભક્તોએ એક વડના વૃક્ષ નીચે કામળી પાથરી દીધી, તે ઉપર સ્વામીશ્રી વિરાજમાન થયા.

તે વખતે વાડીમાં ડુંગર ભક્ત કોસ હાંકતા હતા. તેમની પાસે પૂજો ભક્ત તથા રામજીભાઈ ગયા અને કહ્યું : “ભક્ત ! અમારા મોટા સ્વામી પધાર્યા છે તો તેમના સારુ થોડાં ચીભડાં આપશો ?”

ત્યારે તેણે કોસ ઊભો રાખીને બે ચીભડાં તે બંને ભક્તને આપ્યાં. પછી પોતે પણ બે સારાં ચીભડાં લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. તે બંને ચીભડાં સ્વામીશ્રી પાસે મૂકીને પગે લાગીને સ્વામીશ્રી સામે તે બેઠા. પછી ચીભડાં સુધારીને ઠાકોરજીને ધરાવ્યાં. ડુંગર ભક્ત પાણીનો ઘડો ભરીને લાવ્યા.

સ્વામીશ્રીએ તે ચીભડાંની પ્રસાદી સૌ સંત-હરિભક્તોને આપી. ડુંગર ભક્તને પણ પ્રસાદી આપી. ત્યારે તેણે કહ્યું : “ના, મહારાજ ! તમે જમો.”

ત્યારે ફરી સ્વામીશ્રીએ કહ્યું : “કેમ તમે નહિ લ્યો ?”

તેણે કહ્યું : “સ્વામી ! અમે તો નત્ય જમીએ છીએ. માટે તમે જમો.”

જોરાભાઈએ કહ્યું : “સ્વામી ! ચીભડાં તો એ રોજ જમતા જ હોય.

પણ પતાસાંની પ્રસાદી આપો તો તે લ્યે.''

સ્વામીશ્રીએ તેને બે ખોબા પતાસાંની પ્રસાદી આપી. ડુંગર ભક્તે તે લીધાં અને તેમાંથી થોડાં પતાસાં જમ્યા. એટલામાં તો તે ભક્તને અચાનક તેજનો સમૂહ દેખાવા લાગ્યો. તેમાં મહારાજની મૂર્તિ તેને દેખાવા લાગી. મહારાજે તેને કહ્યું : ''આ હાર લ્યો.''

તેણે કહ્યું : ''ના, નહિ લઉં.''

એટલે ફરી મહારાજે પૂછ્યું : ''કેમ નહિ લ્યો ?''

તેણે ફરી એવી જ દૃઢતાથી કહ્યું : ''ના. ના, નહિ લઉં.''

આ પ્રમાણે મહારાજે કહ્યું, છતાં ડુંગર ભક્તે આગ્રહપૂર્વક ના જ પાડી. ડુંગર ભક્તે સ્વામીશ્રીએ આપેલી પતાસાંની પ્રસાદી ખાધી, તેમાં તેને તેજ દેખાવા માંડ્યું અને મહારાજની મૂર્તિનાં દર્શન થયાં. તેથી લાગ્યું કે જો હવે હાર લઉં તો ગાંડો જ થઈ જાઉં. આવો તેના મનમાં ભય હતો પણ મહારાજની મૂર્તિનાં દર્શનથી તે રાજી થઈ ગયા.

પછી સ્વામીશ્રીએ તેના માથા ઉપર હાથ મૂક્યો ને કહ્યું : ''જીવ તો મુમુક્ષુ છે અને બીજ બહુ સારું છે.''

ત્યારે જોરાભાઈએ તે ભક્તનો વાંસો ઠબકારીને કહ્યું : ''સ્વામી ! આપની કૃપા થઈ છે ને બીજ સારું છે તે સારું નીવડશે.''

એટલે ડુંગર ભક્ત ચીભડાનું બી સારું છે એમ સમજ્યા. એટલે તેમણે કહ્યું : ''અરે મહારાજ ! બીનાં તો ગાડાં ને ગાડાં ભરી લ્યોને.''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી બોલ્યા : ''ભક્ત ! તમે અમને ચીભડાં જમાડ્યાં તેથી રાજી થઈને મહારાજે તમને દર્શન દીધાં ને ?''

તેણે કહ્યું : ''હા, મહારાજ ! ભગવાને મને દર્શન દીધાં. મને હાર પણ આપતા હતા. પણ લોકો કહે છે કે સ્વામિનારાયણની પરસાદી ખાવાથી ભેંશ ગાંડી થઈ ગઈ અને ગઢડે વઈ ગઈ. એટલે મનેય બીક લાગી. તેથી મેં હાર ન લીધો.''

તેની આવી ભોળી વાણી સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પછી તેને કેટલીક ઉપદેશની વાતો કરી. તે સાંભળી ડુંગર ભક્ત રાજી થયા. પછી તેણે વર્તમાન ધરાવ્યાં અને પાકા સત્સંગી થયા.

સ્વામીશ્રી ત્યાર પછી બીજાં ગામોમાં ફરી જૂનાગઢ પધાર્યા. અહીં

બાલમુકુન્દદાસ સ્વામીને સ્વામીશ્રીએ કહ્યું : "અમે કાળસરીમાં એક આંબો વાવી આવ્યા છીએ તેને તમે ઉછેરજો."[૧૩]

તેને આપણી પાસેથી સ્વામિનારાયણે અપાવ્યું

જૂનાગઢમાં જૂની ધર્મશાળા પાડી નવી કરવાનો સ્વામીશ્રીએ વિચાર કર્યો હતો. તે માટે તેમને લાકડાં લેવા કૃષ્ણસેવાદાસજીને તથા હરિભાઈ મિસ્ત્રીને વલસાડ મોકલ્યા હતા. તેમણે વલસાડથી લાકડાં લઈ, વહાણ ભરી, વેરાવળ બંદરે બે વહાણ રવાના કર્યાં. તેમાં એક વહાણ વેરાવળ બંદરે ઊતર્યું. તેમાંથી લાકડાં ઉતારી, ગાડાં ભાડે કરી જૂનાગઢ તરફ રવાના કર્યાં. એક ગાડાનું ૮૦ કોરી ભાડું નક્કી કર્યું હતું. એક વહાણ નવી બંદરને ખાળે ચાલ્યું ગયું હતું. એટલે તેઓ એક વહાણમાં આવેલાં લાકડાંનાં ગાડાં સાથે જૂનાગઢ ગયા. અહીં સ્વામીશ્રીને વાત કરી કે બીજું વહાણ કદાચ નવી બંદર પહોંચ્યું હશે. તેથી સ્વામીશ્રીએ સૂત્રેજના ગોવાભાઈ તથા બળેજના નાના ગોવાભાઈને બોલાવીને કહ્યું : "તમને હર વખત લાકડાં લેવા મોકલીએ છીએ પણ કાંઈ આપતા નથી, માટે આ ફેરે તો ઠરાવ કરીને કાંઈક

---

૧૩. આ પ્રસંગ પછી કેટલાંક વર્ષ બાદ સ્વામી બાલમુકુન્દદાસજી કાળસરી પધાર્યા. ત્યારે ડુંગર ભક્ત એક પટેલને ત્યાં સાથી તરીકે કામ કરતા હતા. બાલમુકુન્દદાસ સ્વામી તે પટેલની વાડીમાં ગયા ત્યારે ડુંગર ભક્ત અનાજ વાવલતા હતા. બાલમુકુન્દદાસ સ્વામીએ તેમને ઓળખ્યા કે સ્વામીએ રોપેલ આ જ આંબો ! પછી તેમની પાસે આવી તેમને કહ્યું : "ભગત ! આમાં કેટલા જીવ મરે છે ?"
ડુંગર ભગત તો સ્વામી સામું જોઈ જ રહ્યા. તેમને સ્વામીશ્રી યાદ આવી ગયા. એકદમ દોડીને બાલમુકુન્દદાસ સ્વામીના પગમાં તેઓ પડી ગયા.
બાલમુકુન્દદાસ સ્વામીએ તેમને માથે હાથ મૂકતાં કહ્યું : "ભગત ! આ પાપમાંથી ક્યારે છૂટશો ? માટે આ બધું છોડી દ્યો. તમને સ્વામીશ્રીએ મહારાજનાં દર્શન કરાવ્યાં હતાં તો પણ હજુ આ જંજાળમાં ભરાઈ રહ્યા છો ?"
તે સાંભળી તે ભક્તે પૂછ્યું : "સ્વામી ! શું બધું છોડી દઉં ?"
ત્યારે સ્વામીએ 'હા' કહી. એટલે ડુંગર ભક્ત તરત જ ત્યાંથી ફારેગ થઈ બાલમુકુન્દદાસ સ્વામી સાથે ચાલી નીકળ્યા. જૂનાગઢ આવી ત્યાગી થયા. પોતાની પાસે જે મૂડી હતી તે તેમણે ઠાકોરજીને અર્પણ કરી દીધી. આ રકમ મંદિરના સોનાના કળશમાં વાપરી. પોતે દેહ પર્યંત ઠાકોરજી પાસે રહી ખરા ભાવથી સેવા કરી.

આપીએ.''

તે બંનેએ કહ્યું : ''સ્વામી ! માબાપ ! અમને અન્નવસ્ત્ર મળે છે તે આપના પ્રતાપે જ મળે છે. તે તમો જ આપો છો. માટે કોઈ ઠરાવ કરવાનો હોય નહિ. અમારે કાંઈ લેવું નથી.''

તે સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પછી કહ્યું : ''ઠીક ત્યારે અમો તમને ત્યાંથી અપાવીશું.'' સ્વામીશ્રીનાં આ વચનનો મર્મ તે બંને સમજ્યા નહિ. પરંતુ તેઓ બંને ત્યાંથી સ્વામીશ્રીને પગે લાગીને નીકળ્યા. સાંજ પડી એટલે કડસ ગામે પહોંચ્યા. અહીં પોતાના સગાને ત્યાં રાત રહી બીજે દિવસે વહેલી સવારે નીકળવાનું નક્કી કર્યું. તેમના સગાને ત્યાં તે સગાના વેવાઈ પણ આવ્યા હતા. તેમણે આ બંને પટેલિયાને ઓળખ્યા. ભગત અને વળી સ્વામિનારાયણિયા ! એટલે તેમણે નક્કી કર્યું કે 'આજે તો દેશળિયા-વિશળિયા આવ્યા છે તે બરોબર લાગમાં લઈએ.' પછી તેમને પૂછ્યું : ''ગોવાભાઈ ! રૂ રાખવું છે ?''

ત્યારે ગોવાભાઈએ કહ્યું : ''રાખીએ.'' એમ કહીને ભાવ નક્કી કરી રૂનું સાટું કર્યું. એટલામાં તો તે વેવાઈના ભાઈ આવ્યા. ત્યારે તે વેવાઈએ તેના ભાઈને કહ્યું : ''આજ તો દેશળિયા-વિશળિયાને ઢાળી નાખ્યા.''

તેણે પૂછ્યું : ''શું કર્યું ?''

તેણે કહ્યું : ''રૂ દીધું.''

તેના ભાઈએ કહ્યું : ''અરે, રૂના ભાવ તો તેજમાં છે. તે તમે ખોટું કર્યું.''

તે સાંભળી મોટાભાઈ વિચારમાં પડી ગયા.

તેણે પૂછ્યું : ''શું ભાવ ચાલે છે ?''

એટલે મોટાભાઈને વેરાવળથી આવેલો આડતિયાનો કાગળ વંચાવ્યો. તે વાંચીને મોટાભાઈની આંખ ઊઘડી ગઈ ! તેને થયું કે આપણે દેશળિયા-વિશળિયાને છેતરવા માગતા હતા. પણ આ તો ખોટનો ધંધો થયો ! થોડી વાર રહીને તેણે તેના ભાઈને કહ્યું : ''આપણે તેને છેતરવા માગતા હતા પણ તેના સ્વામિનારાયણે તેને આપણી પાસેથી અપાવ્યું.''

ગોવાભાઈ આ વાર્તાલાપ છેટેથી સાંભળતા હતા. તેમને પણ સ્વામીશ્રીનું વચન 'તમને ત્યાંથી અપાવીશું' એનો મર્મ સમજાયો. આમ,

રૂના સોદામાં પાંચસો કોરી સ્વામીશ્રીએ તેમને અપાવી દીધી. મહેનતાણું આગળથી આપ્યું.

સ્વામીશ્રીની દરેક ક્રિયા પાછળ મર્મ હોય છે

તે બંને સવારે ત્યાંથી નીકળી નવીને ખાળે પહોંચ્યા. જે વહાણ ત્યાં આવી ગયું હતું તે ખાલી કરીને તેમાંથી લાકડાં નાના વહાણમાં ચડાવ્યાં. બીજા એક વહાણમાં મીઠું ભર્યું. આમ, બંદોબસ્ત કરી બંને વહાણ ઓઝત નદીમાં ચલાવ્યાં. ચાલતાં ચાલતાં ગામ બામણાસા અને કોયલાણા વચ્ચે આવ્યા ત્યાં નદીમાં તોફાન શરૂ થયું. બરાબર આ જ સમયે સ્વામીશ્રી જૂનાગઢમાં મંદિરમાં જમીને સભામાં પોતાને આસને વિરાજ્યા હતા અને બુંદનો મુખવાસ જમતા હતા. તે વખતે સ્વામીશ્રીએ એક હાથ ફેરવી કપાળ ઉપર રાખ્યો. તે જ વખતે જે મીઠાનું વહાણ હતું તે બૂડી ગયું અને લાકડાનું વહાણ માંડ માંડ બચ્યું. તે વહાણને ખેંચીને હરિભક્તો વણથળી સુધી લઈ આવ્યા. વણથળીમાં લાકડાં ઉતાર્યાં. બંને ગોવાભાઈ ત્યાંથી નીકળી જૂનાગઢ આવ્યા.

અહીં મંદિરમાં આવી સ્વામીશ્રીને પગે લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : "કેમ ઓઝતમાં વિઘ્ન આવ્યું હતું ને ?"

તે સાંભળી તેમણે કહ્યું : "હા, સ્વામી ! આપ તો અંતર્યામી છો એટલે બધું જાણો છો. એ તો આપે રક્ષા કરી, નહિ તો લાકડાંનું વહાણ અને અમે બંને બૂડી જ જાત."

ત્યાં બેઠેલા સાધુઓએ પૂછ્યું : "ગોવાભાઈ ! એ તોફાન કયે વખતે થયું હતું ?"

તેમણે કહ્યું : "આશરે એક વાગ્યાના સુમારે થયું હશે."

સાધુઓ સમજ્યા કે બરાબર બપોરે એક વાગે સ્વામીશ્રીએ આસન ઉપર બેઠા બેઠા હાથનું લટકું કર્યું હતું. સ્વામીશ્રીની દરેક ક્રિયા પાછળ કાંઈક મર્મ હોય છે જ તે હકીકતનું રહસ્ય આવા પ્રસંગે જ સમજાય છે. સાધુઓને પણ સ્વામીશ્રીના આ ચરિત્રનો મહિમા આ પ્રસંગથી સમજાયો !

પછી સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસ સ્વામીને કહ્યું : "તમે વણથળી જાઓ અને ત્યાં છ-સાત દિવસ રહીને લાકડાં નદી બહાર કઢાવજો."

સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર બાલમુકુન્દદાસ સ્વામી બીજે દિવસે

વણથળી ગયા. અહીં કલ્યાણભાઈએ બધાં લાકડાં નદીની બહાર કઢાવી લીધાં હતાં. એટલે તે બંદોબસ્ત થયેલો જોઈ બાલમુકુન્દદાસ સ્વામી ત્યાંથી સાંજે નીકળવાનો વિચાર કરતા હતા. ત્યારે કલ્યાણભાઈએ તેમને કહ્યું : "તમને સ્વામીએ અહીં છ-સાત દિવસ રોકાવાનું કહ્યું છે. માટે હવે રોકાઓ અને કથાવાર્તા કરો."

બાલમુકુન્દદાસ સ્વામી કલ્યાણભાઈનું આ વચન સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમને થયું કે સ્વામીશ્રીને સેવી હરિભક્તો પણ સ્વામી-સ્વરૂપ બની ગયા છે. પછી ત્યાં છ-સાત દિવસ પોતે રહ્યા અને કથાવાર્તા કરી સૌને આનંદ આપી ત્યાંથી જૂનાગઢ પધાર્યા.

આ જ અરસામાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે નિવૃત્તિ લઈ આચાર્યશ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજને ગાદી સોંપી હતી. શ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજ ગાદીએ વિરાજ્યા પછી તરત જ કાનમ દેશમાં ફરવા નીકળ્યા. પરંતુ ત્યાં પોતાનું કાંઈક મનધાર્યું ન થવાથી ઉદાસ થઈ પોતે વરતાલ આવી ગયા.

✧ ✧ ✧

સ્વામીશ્રીની વાતુ સાંભળે તો તેના ઉપર હું રાજી થાઉં

આ.સં. ૧૯૧૭ના કાર્તિક સુદ પૂર્ણિમાના સમૈયા ઉપર જૂનાગઢથી સ્વામીશ્રી વરતાલ પધાર્યા. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પણ કાનમ દેશમાં ફરીને વરતાલ આવી ગયા હતા. સ્વામીશ્રીનાં દર્શન કરી તેમને અત્યંત શાંતિ થઈ ગઈ ! વ્યવહારના પ્રસંગમાં આત્મીયજન સાથે જ્યારે ઘર્ષણ થાય છે ત્યારે અંતરમાં અશાંતિ થઈ જાય છે. રઘુવીરજી મહારાજને પણ એવો અનુભવ થયો. તેથી સ્વામીશ્રીને તેમણે એક વખત કહ્યું : "સ્વામી ! અમારા કુળમાં ભક્ત ખરા પણ ભોળા બહુ."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "મહારાજ ! તમારા કુળમાં તો બધા મુક્ત જ છે."

રઘુવીરજી મહારાજ જાણતા હતા કે સ્વામીશ્રીને ધર્મકુળનો અત્યંત મહિમા હતો. દરેક જીવને ઓળખવાની પોતાની શક્તિ હતી. છતાં સ્વામીશ્રી તે દિવ્ય શક્તિને છુપાવીને વર્તતા અને કોઈના પ્રત્યે કોઈને પણ અભાવ ન

થાય તે તરફ જ દૃષ્ટિ રાખતા.

ભગવત્પ્રસાદજી મહારાજને પણ રઘુવીરજી મહારાજ કોચવાણા હતા એટલે અંતરમાં અશાંતિ હતી. તેમણે કહ્યું : "તમો બાપુને પૂછો કે હું કેમ કરું તો તમો રાજી થાવ."

બાપુ રતનજીએ રઘુવીરજી મહારાજને તે પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : "સ્વામીશ્રીની વાતુ સાંભળે તો તેના ઉપર હું રાજી થાઉં."

રઘુવીરજી મહારાજની આ મરજી જાણી બીજે દિવસથી જ ભગવત્પ્રસાદજી મહારાજ સ્વામીશ્રીને આસને તેમની વાતુ સાંભળવા આવ્યા. સ્વામીશ્રીએ મહારાજને બેસવા સારુ ગાદી-તકિયો નંખાવી આપ્યા. તે ઉપર ભગવત્પ્રસાદજી મહારાજ બેઠા. થોડી વાર સ્વામીશ્રીએ વાતો કરી તે તેમણે સાંભળી. પછી સ્વામીશ્રીએ વાતો કરવી બંધ કરી ત્યારે તેઓ પોતાની હવેલીમાં ગયા.

ભગવત્પ્રસાદજી મહારાજના ગયા પછી સ્વામીશ્રીએ વાઘજીભાઈને પૂછ્યું : "આજે ભગવત્પ્રસાદજી મહારાજ કેમ આપણા આસને આવ્યા હતા ?"

વાઘજીભાઈએ કહ્યું : "એ તો આપના સમાગમ સારુ આવ્યા હતા. હવેથી રોજ આપની વાતુ સાંભળવા આવશે. રઘુવીરજી મહારાજે તેમને આજ્ઞા કરી છે."

સ્વામીશ્રીએ કહ્યું : "તેમને ગાદીનો અભિષેક કર્યો એટલે હવે તેઓ આપણા આસને આવે તે ઠીક નહિ. માટે આપણે તેમની પાસે જાશું."

વાઘજીભાઈએ ભગવત્પ્રસાદજી મહારાજને જઈને કહ્યું : "સ્વામીશ્રીએ કહેવરાવ્યું છે કે આવતીકાલથી તેઓ આપની હવેલીએ પધારશે. આપને આવવું પડે તે ઠીક નહિ."

તે સાંભળી ભગવત્પ્રસાદજી મહારાજે કહ્યું : "બાપુએ મને સ્વામીશ્રીના આસને જઈ વાતુ સાંભળવાનું કહ્યું છે, માટે હું સ્વામીશ્રીના આસને જ આવીશ. સ્વામીશ્રીએ હવેલીમાં ન આવવું."

વાઘજીભાઈએ સ્વામીશ્રી પાસે આવીને આ વાત કરી. તેથી સ્વામીશ્રીએ તોડ કાઢતાં કહ્યું : "જો એમ હોય તો આપણે ત્રીજે ઠેકાણે ગોઠવણ કરીએ." પછી બે બારણાવાળો એક ઓરડો હતો ત્યાં સ્વામીશ્રી

માટે તથા ભગવત્પ્રસાદજી માટે ગાદી-તકિયા નંખાવ્યા. અહીં સ્વામીશ્રી અને મહારાજ બે જ બેસે. મહારાજના સેવક વાઘજીભાઈ તે ઓરડાને એક બારણે બેસે. સ્વામીશ્રીના સેવક સ્વામી બાલમુકુન્દદાસજી બીજા ઓરડાને બારણે બેસે. આ પ્રમાણે પ્રબંધ કરી સ્વામીશ્રી વાતો કરતા. આચાર્યના ધર્મ, ગુરુ તથા માતાપિતાની આજ્ઞાનું યથાર્થ પાલન, નીતિના ધર્મો વગેરે તેમજ ઉપાસના સંબંધી ઘણી વાતો સ્વામીશ્રી કરતા.

હું આપને દિવ્ય ગુણો આપું

એક દિવસ વાતોના પ્રસંગ દરમ્યાન સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''રઘુવીરજી મહારાજે તમને ગાદી આપી અને હું આપને દિવ્ય ગુણો આપું. તે આવશે તો જ ગાદી શોભાડી શકશો.'' એમ કહીને ઉપાસના, ધર્મ, ભક્તિ, જ્ઞાન વગેરે વિષયો ઉપર ઘણો ઉપદેશ કર્યો. સ્વામીશ્રીની આ વાતો સાંભળી ભગવત્પ્રસાદજી મહારાજને માનસિક અશાંતિ હતી તે દૂર થઈ ગઈ. રઘુવીરજી મહારાજ પણ બહુ જ રાજી થયા. આમ, સત્પુરુષના સમાગમથી અખંડ શાંતિ મળે છે, અનેક જન્મનાં પાપ હોય તે પણ નાશ પામે છે, અને આ જન્મમાં ઉદ્‌ભવતા ત્રિવિધ તાપ પણ આવા મોટાપુરુષની દિવ્ય વાતો સાંભળવાથી શમી જાય છે. અંતરમાં શાંતિ શાંતિ થઈ જાય છે.

સ્વામીશ્રી થોડા દિવસો વરતાલમાં રહી ત્યાંથી પોતાના સંઘ સાથે નીકળી અમદાવાદ પધાર્યા. સ્વામીશ્રી સાથે તેમનું સંતમંડળ હતું. આ સંતોએ સ્વામીશ્રીની વાતો સાંભળી શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની ઉપાસના તથા સ્વામીશ્રીના અક્ષરબ્રહ્મપણાની નિષ્ઠાની ગ્રંથિ અંતરમાં દૃઢ કરી હતી. તેથી સ્વામીશ્રીના સંબંધે જ બ્રહ્મરૂપ થવાશે અને બ્રહ્મરૂપ થવાશે તો જ મહારાજની સેવાના અધિકારી થવાશે, આ સનાતન સત્યનું રહસ્ય પણ તેમના અંતરમાં દૃઢ થઈ ગયું હતું. તેથી સ્વામીશ્રીની અનુવૃત્તિ સાચવી, તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે મંદિરની તમામ પ્રવૃત્તિઓમાં તેઓ ભક્તિભાવથી પ્રવૃત્ત રહેતા. ખેતી કરવી, પાણા સારવા, કારખાનાનાં કામ કરવાં, ઢોર ચારવા જવું, આ બધી પ્રવૃત્તિઓ સ્વામીશ્રીના વચને તેમને નિર્ગુણ જણાતી. તેથી આ સેવાની પ્રવૃત્તિ કરવા છતાં પણ તેઓ સદા નિવૃત્તિમય જ વર્તે છે તેવો ભાવ તેમને રહેતો. સ્વામીશ્રી દ્વારા શ્રીજીમહારાજ જ સર્વ કર્તા છે એવી

તેમની સમજણથી પ્રવૃત્તિનો ભાર કે અહંવૃત્તિ તેમનામાં કદી આવતી જ નહિ. પરંતુ તેમને સૌને આવી રીતે પ્રવૃત્તિમાં જોઈ શાસ્ત્રોના અભ્યાસી અમદાવાદના વિદ્વાન સંતોને આ સાધુઓનો અંતરમાં બિલકુલ ભાર ન રહ્યો. સ્વામીશ્રી પોતાના સંતમંડળ સાથે શ્રીપુરમાં પધાર્યા ત્યારે ત્યાંના હરિભક્તોને તો અત્યંત આનંદ થયો. પરંતુ સંતમંડળને તો આ સંતોનાં જાડાં વસ્ત્રો, તૂંબડાં, પત્તર, સ્વામિનારાયણની અખંડ ધૂન, તે જોઈ તેમની મશ્કરી કરવાનું મન થતું. પણ આ સંતો તો એક પોતાના ગુરુ અને ઈષ્ટદેવ તરફ જ દૃષ્ટિ રાખતા હતા.

બધી અભણ ટોળી ભેગી થઈ છે

આ સંતમંડળ આવ્યું એટલે શ્રીનગરના સંતો અંદર અંદર ચેષ્ટા કરવા લાગ્યા. આંહીંના હરિભક્તો માને છે કે જૂનાગઢના વિદ્વાન સંતો આવ્યા છે એટલે વાતોનો આનંદ આવશે. પણ તેમને ક્યાં ખબર છે કે ત્યાં તો ગુણાતીત ગપ્પાં મારે છે, બધી અભણ ટોળી ભેગી થઈ છે. વાતોના ચાપડા ઝૂડે અને બીજા ગ્રંથોને ખોટા ઠરાવે. ત્યારે કોઈએ કહ્યું : "એવું તે હોય ? કોઈક તો વિદ્વાન હશે ને ?"

એટલે એક સંતે કહ્યું : "અરે ખુદ વરતાલ-ગઢડામાં આપણા જેટલા વિદ્વાન સંતો નથી તો જૂનાગઢમાં તો ક્યાંથી હોય ? છતાં હવે પારખાં થશે." આમ, અંદર અંદર આ સંતોની ઉપેક્ષા કરવામાં સૌ આનંદ માણતા હતા.

બીજે દિવસે 'વાસુદેવ હરે' થયા ત્યારે સૌ ભંડારમાં જમવા ગયા. એક પંક્તિમાં શ્રીનગરના વિદ્વાન સંતો જમવા બેઠા હતા. સામેની પંક્તિમાં જૂનાગઢના ગુણાતીત સંતો બેઠા હતા. સ્વામીશ્રીએ અંતર્યામીપણે શ્રીનગરના સંતોનો અહંભાવ જાણી લીધો હતો. તેથી તેમણે જૂનાગઢી સંતોને કહી દીધું હતું કે 'આજ જમતાં જમતાં શ્લોક બોલતાં થાકવાનું નથી અને વખત પણ જોવાનો નથી."

સ્વામીશ્રી વરતાલથી પધાર્યા હતા તેથી શ્રીનગરના હરિભક્તોએ આજે ભારે રસોઈ આપી હતી. હરિભક્તો પણ આ સંત પંક્તિનાં દર્શન કરતાં એક બાજુ બેઠા હતા. જમતાં જમતાં અમદાવાદના સંતો શ્લોકો બોલવા માંડ્યા. એક પછી એક શ્લોકની તેમણે ઝડી વરસાવી. પછી તેમણે કહ્યું : "જૂનાગઢી

સંતો ! હવે તમે શ્લોકો બોલો. તમારી વિદ્યા અમને બતાવો.''

ત્યારે સ્વામીશ્રીના બાજુમાં રઘુવીરચરણદાસ તથા ધર્મપ્રસાદદાસ બેઠા હતા તેમને સ્વામીશ્રીએ કહ્યું : ''આજ તો એવા શ્લોક બોલો કે આપણી જીત થાય અને અહીંના સંતોને પણ ખબર પડે કે જૂનાગઢી બ્રહ્મવિદ્યામાં તમારી સંસ્કૃત વિદ્યા સમાઈ જાય છે.''

રઘુવીરચરણદાસ તો વેદાંતાચાર્ય ઉપરાંત સાહિત્યના પણ આચાર્ય હતા. એક હજારથી વધુ શ્લોકો તેમને કંઠે હતા. ધર્મપ્રસાદદાસ પણ એવા જ વિદ્વાન હતા. નીલકંઠદાસજી પણ વિદ્વત્તાના પારને પામેલા હતા. અચિંત્યાનંદ બ્રહ્મચારીની તો વિદ્વત્તામાં જોડ જ ન હતી. તે ઉપરાંત બીજા કેટલાય વિદ્વાન સંતો હતા. તેમણે વારાફરતી શ્લોકોની ઝડી વરસાવવી શરૂ કરી. શ્રીનગરના સંતો તો આ વિદ્વાન સંતોની કંઠસ્થ વિદ્યા જોઈ અવાક બની ગયા ! બે વાગી ગયા પણ શ્લોક બોલવાનું પૂરું થયું નહિ. સભામાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તેમના સેવક સાથે એકલા બેઠા હતા. એવામાં ત્યાં અચિંત્યાનંદ બ્રહ્મચારી તથા વાસુદેવાનંદ બ્રહ્મચારી આવ્યા. તેમણે પૂછ્યું : ''સભામાં હજુ સુધી કોઈ સંતો કેમ નથી આવ્યા ?''

ત્યારે આચાર્ય મહારાજે કહ્યું : ''બધા ભંડારમાં છે અને જમતાં જમતાં વારાફરતી શ્લોકો બોલે છે. આજે વિદ્વાનો વાદે ચડ્યા છે.''

તે સાંભળી અચિંત્યાનંદ બ્રહ્મચારી પણ ભંડારમાં આવ્યા. પાછળ આચાર્ય મહારાજ પણ પધાર્યા. આચાર્ય મહારાજ માટે પાટ ઢાળી દીધી. વાસુદેવાનંદ બ્રહ્મચારી તથા અચિંત્યાનંદ બ્રહ્મચારીને પણ આસનો આપ્યાં. એટલામાં અમદાવાદના વિદ્વાન સંતોના શ્લોકના જ્ઞાનનો અવધિ આવ્યો. બપોરના ચાર થયા. પણ જૂનાગઢી સંતો થાક્યાય નહિ અને હાર્યાય નહિ. અમદાવાદના સંતો થાક્યા. એટલે વાસુદેવાનંદ બ્રહ્મચારી તત્કાળ નવો શ્લોક બનાવીને ઊંચેથી બોલ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ અચિંત્યાનંદ બ્રહ્મચારીને કહ્યું : ''બ્રહ્મચારી ઠબકારો સામો શ્લોક.''

બ્રહ્મચારી સ્વામીશ્રીની આજ્ઞા સાંભળી વિચારમાં પડી ગયા. પછી કહ્યું : ''સ્વામી ! આ તો ગુરુ કહેવાય. તેમના સામું કેમ બોલાય ?''

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''ગુરુપણું આ ટાણે નહિ. રણસંગ્રામમાં તો જે શૂરો હોય તે જે સામે આવે તેને મારી જ નાખે.

દ્રોણાચાર્ય અને અર્જુન તથા ભીષ્મ અને અર્જુન સામસામા લડ્યા હતા કે નહિ ? માટે રણસંગ્રામમાં ગુરુપણું અધ્ધર ટીંગાડી મૂકવું. અમે આજ્ઞા કરીએ છીએ ને !''

સ્વામીશ્રીની આજ્ઞા અને મરજી જાણીને અચિંત્યાનંદ બ્રહ્મચારીએ તે ટાણે નવા શ્લોક રચી દીધા અને એક પછી એક બોલવા લાગ્યા. વાસુદેવાનંદ બ્રહ્મચારીના શ્લોકના અંતે જે પદ આવે તે પદ ઉપરથી જ નવા શ્લોક રચી પોતે સામા બોલે. કવિ સમ્રાટ બ્રહ્મચારી શ્રી અચિંત્યાનંદજીની વિદ્વત્તા આગળ ગુરુવર્ય વાસુદેવાનંદ બ્રહ્મચારીની વિદ્વત્તા ઓસરવા લાગી ! વિદ્વત્તાનાં મૂલ્ય ઓછાં ન થાય તે માટે તેમણે કહી દીધું : 'पुत्रात् शिष्याद् इच्छेत् पराजयः।' એમ પોતે પરાજય સ્વીકાર્યો. ત્યાં ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શનની ઝાલર વાગી.

પછી અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું : ''મને તો લાગે છે કે આરતીટાણું થશે તો પણ અચિંત્યાનંદ વર્ણીની વિદ્યા ખૂટે તેવી નથી. માટે હવે આપણે પરાજય સ્વીકારી 'રાધારમણ દેવની જય બોલો.'' એટલું કહી મહારાજે પોતે તે જય બોલાવી. સૌ ત્યાગી સાથે જય બોલ્યા.

ગુણાતીતના વંશના જૂનાગઢી સંતોની ઉપેક્ષા અજ્ઞાન-દશામાં શ્રીનગરના સંતોએ કરી પણ તેમણે સિદ્ધ કરેલી બ્રહ્મવિદ્યાના ઊંડા મૂળનો તાગ તેઓ લઈ શક્યા નહિ ! આ સંતોના વિજયમાં સૌને સ્વામીશ્રીનું અગાધ જ્ઞાન અને વિદ્યાવ્યાસંગીપણું જણાઈ આવ્યું ! તેમને લાગ્યું કે ગુણાતીત સામું થવું એ આભ સામે બાથ ભરવા જેવું કઠણ છે. તેથી સ્વામીશ્રીને અને તેમના ગુણાતીત સંતોને સૌ નમી પડ્યા ! સ્વામીશ્રીના સંતોએ શ્રીનગરમાં અપૂર્વ દિગ્વિજય કર્યો ! બીજે દિવસે સ્વામીશ્રી અને સંતો શ્રીનગરથી નીકળી ગઢપુર પધાર્યા.

સ્વામીશ્રીનો દિગ્વિજય

સ્વામીશ્રી ગઢપુર પધાર્યા તે પહેલાં જ સ્વામીશ્રીના સંતોએ શ્રીનગરમાં કરેલા દિગ્વિજયના સમાચાર ગઢપુરમાં પહોંચી ગયા હતા. સિદ્ધાનંદ સ્વામી તથા માના ભગતને આ સમાચાર સાંભળી અંતરમાં અશાંતિ થઈ ગઈ. ગુણાતીતાનંદ સ્વામી 'અભણ' છે એવું કહેનારા હવે ઊંચે સાદે બોલી શકશે

નહિ એમ તેમને લાગ્યું. કોઈને હવે જૂનાગઢ જતા રોકી શકાશે નહિ એ વાતનું દુઃખ પણ તેમને અતિશય થયું ! પરંતુ હવે એક જ ઉપાય છે. જો ગુણાતીતનો પરાજય અહીં કરી શકાય, તો તેમણે શ્રીનગરમાં મેળવેલા વિજયને ધૂળમાં મેળવી દેવાય. સૂર્ય સામે ધૂળની ફાંટ ભરીને નાખવા તેઓ તૈયાર થયા. છ મહિના સુધી સિદ્ધાનંદ સ્વામીએ અને માના ભગતે એક પ્રશ્ન ગોઠવી રાખ્યો હતો. આ પ્રશ્નનો ઉત્તર સ્વામીશ્રી કોઈ રીતે આપી શકશે જ નહિ એની તેમને બંનેને ખાતરી હતી. તેથી સ્વામીશ્રી પધાર્યા એટલે સભામાં તેમણે સ્વામીશ્રીને આ પ્રશ્ન પૂછવાનું નક્કી કર્યું.

ગઢપુરમાં સાધુની જાયગામાં સવારના શણગાર આરતી પછી સભા હકડેઠઠ ભરાઈ હતી. જૂનાગઢ મંદિરના મહંત અને મહારાજના લાડીલા આ સંતવર્યે શ્રીનગરમાં જે દિગ્વિજય કર્યો તેથી તેમનું અને તેમના સંતોનું બહુમાન કરવાનો કેટલાકનો વિચાર હતો. કેટલાકને વળી શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની સ્વામીશ્રીની વાતો સાંભળવાની ઇચ્છા હતી. ત્યારે નવદીક્ષિત યુવાન સંતોને સ્વામીશ્રીની ત્યાગ અને વૈરાગ્યની જળકાતરણી માછલાના જેવી બે કોરે અસ્ત્રાની ધાર જેવી તીખી વાતો સાંભળી જગતની મમતાનાં બંધનો તોડવાં હતાં. વળી, બીજી બાજુ શ્રીજીમહારાજના જ્ઞાનના, તેમના સંપ્રદાયની ટોયાની જેમ રખેવાળી કરવાનો ઇજારો રાખનારા સિદ્ધાનંદ સ્વામી અને માનો ભગત અજ્ઞાનનો અંચળો પહેરી જાણે ગુણાતીતનું અજવાળું કદી ઊગવા જ દેવું નથી એવા મનોરથો પણ સેવતા હતા ! પરંતુ સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે વીજળીને જોઈ ગધેડી કદાચ પાટું મારવા માંડશે તેથી વીજળી કાંઈ ઓછી આળસવાની છે ? છતાં પરિશ્રમથી ઊભા કરેલા પ્રશ્નની ગહેરી સમસ્યામાં ગુણાતીતને ગૂંચવવાના ભારી કોડ લઈ આ બંને મહારથીઓ સભામાં પધાર્યા. સ્વામીશ્રી આ વખતે સભામાં વાતો કરતા હતા.

અમારા પ્રશ્નનું નિરાકરણ કરો

સિદ્ધાનંદ સ્વામી અને માના ભગત સભામાં આવ્યા. સ્વામીશ્રીએ તો તેમના અંતરનો ભાવ જાણી લીધો હતો. તેથી પોતાનો વાક્‌પ્રવાહ તેમણે થોડો અટકાવ્યો અને બંનેને આવકાર આપતાં કહ્યું : "આવો, પધારો."

બરાબર આ જ વખતે એક ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય સિદ્ધાનંદ સ્વામી બોલ્યા : "સ્વામી ! તમે વાતો તો બહુ કરો છો. પણ આજે તો અમારા પ્રશ્નનું નિરાકરણ કરો."

સ્વામીશ્રીએ હસીને કહ્યું : "પૂછો પ્રશ્ન."

એટલે સિદ્ધાનંદ સ્વામીએ માના ભગત સાથે છ મહિના સુધી મસલત કરીને ગોઠવેલો પ્રશ્ન સભામાં સ્વામીશ્રીને પૂછ્યો : "સ્વામી ! ધ્યાન કરવું નિર્ગુણ કે વાતો કરવી નિર્ગુણ ?"

સ્વામીશ્રી આ ક્ષુલ્લક પ્રશ્ન સાંભળી હસ્યા. પરંતુ પ્રશ્ન પૂછનાર મહારથીઓને તો મનમાં હતું કે જો સ્વામી કહેશે કે ધ્યાન કરવું નિર્ગુણ તો સ્વામીશ્રી તો વાતો જ કરે છે માટે તેમની પ્રવૃત્તિ નિર્ગુણ નથી. વળી, જો સ્વામીશ્રી વાતો કરવી નિર્ગુણ છે એમ કહેશે, તો વાતો કરવામાં તો શ્રીજીમહારાજની મૂર્તિમાંથી બહાર નીકળવું પડે. એટલે સ્વામીશ્રીને મહારાજની મૂર્તિનો અખંડ સંબંધ નથી એ પુરવાર થશે, કારણ કે પોતે જૂનાગઢમાં વાતો જ કર્યા કરે છે. પ્રશ્ન પૂછીને મલકાતાં મલકાતાં બંને મહારથીઓ સ્વામીશ્રી હવે શું ઉત્તર આપે છે તેની રાહ જોઈ રહ્યા.

પરંતુ જેમ શ્રીજીમહારાજ કહેતા કે કોઈ છ મહિના સુધી પ્રશ્ન ગોઠવે તો પણ તેનો ઉત્તર હું મારો એક પગ માણકીના એક પેંગડામાં હોય અને બીજો પગ બીજા પેંગડામાં નાખું એટલી વારમાં કહી દઉં; તેમ સ્વામીશ્રી પણ મહારાજના ધારક હતા. એક ક્ષણના કરોડમા ભાગ જેટલા પણ મહારાજ તેમનાથી છેટે ન હતા. તેથી સ્વામીશ્રીએ તરત જ ઉત્તર આપતાં કહ્યું : "વાતો કરવામાં કે ધ્યાન કરવામાં જો અહંભાવ રહેતો હોય તો બંને સગુણ છે અને જો તેમાં મહારાજને પ્રસન્ન કરવાની ઇચ્છા રહેતી હોય તો બંને પ્રવૃત્તિ નિર્ગુણ છે."

સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી આ બંને મહાનુભાવો તો અવાક બની ગયા ! સ્વામીશ્રીનો પરાજય કરવાની તેમની ઇચ્છા હતી. પરંતુ સ્વામીશ્રીમાં શ્રીજીમહારાજ અખંડ વિરાજે છે તેથી એ અજેય પુરુષ સામે ચેષ્ટા કરવાની તેમની ધૃષ્ટતા આ ટાણે કામિયાબ ન નીવડી. બંનેને તેથી નિરાશા વ્યાપી ! બંને જણા એકબીજા સામું જોઈ રહ્યા ! સ્વામીશ્રીએ પ્રથમની જેમ જ પોતાનો વાક્‌પ્રવાહ ફરી શરૂ કર્યો.

ગઢપુરમાં પ્રસાદી સ્થાનનાં દર્શન

સ્વામીશ્રી સભાનું વિસર્જન થયા પછી પોતાની સાથે આવેલા સંતો તથા હરિભક્તોનાં મંડળને લઈને શ્રીજીમહારાજના પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરવા નીકળ્યા.

પ્રથમ સ્વામીશ્રી દાદાના દરબારમાં પધાર્યા. અહીં શ્રીજીમહારાજ ત્રીસ વર્ષ વિરાજ્યા, અહીં લિંબતરુ નીચે મહારાજ સભા ભરીને વિરાજતા, વાસુદેવ નારાયણના મંદિર પાસે સભા ભરતા, અહીં બેસી જમતા, રંગ રમતા, સંતોને પીરસતા, અહીં પોઢતા, આ તમામ સ્થળોનો સ્વામીશ્રીએ નિર્દેશ કરીને સૌને દર્શન કરાવ્યાં.

પછી ગંગાજળિયા કૂવે પધાર્યા. આ કૂવો મહારાજે ગળાવ્યો હતો તે વાત કરી. પછી જ્યાં માણકી બાંધતા તે જગ્યા, અક્ષર ઓરડી વગેરે સ્થળોનાં દર્શન કરી ગામમાં પધાર્યા.

અહીં પ્રસાદીનાં સ્થાનોમાં દર્શન કરી સ્વામીશ્રી રાધાવાવે પધાર્યા. અહીં મહારાજે જે જે લીલા કરી હતી તે પ્રસંગો સૌને કહ્યા.

પછી ભક્તિબાગે પધાર્યા. અહીં ચાલીસ ખૂંટને મહારાજે ચાલીસ સ્વરૂપ ધારી નાથેલા અને દાદાખાચરને એ રીતે વીસ જોડ બળદ કરી દીધા, તે બધાં આખ્યાનો વિસ્તારથી કહ્યાં. મહારાજના પ્રસંગોની વાતો સાંભળતાં જાણે મહારાજની અખંડ સન્નિધિ અનુભવતા હોય એવું સાથેના સૌ સંતો-હરિભક્તોને સુખ આવ્યું.

પછી ત્યાંથી સ્વામીશ્રી સંઘને લઈને લક્ષ્મીવાડીએ પધાર્યા. અહીં પણ જ્યાં મહારાજ પરમહંસો સાથે રાસ રમ્યા હતા તે સ્થળે સૌને દર્શન કરાવ્યાં, જ્યાં શમીપૂજન કરવા મહારાજ પધારતા, જ્યાં ઘોડી ખેલવતા તે તમામ પ્રસાદી સ્થાનોમાં સૌને દર્શન કરાવી, શ્રીજીમહારાજના અતિ અપાર મહિમાની વાતો સૌને કરી. રાજભોગ આરતી વખતે સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી ભંડારમાં સંતોની પંક્તિ થઈ ત્યાં પોતે પીરસવા પધાર્યા. સૌ સંતોને જમાડીને સ્વામીશ્રી રોટલો અને છાશ જમ્યા. પછી બપોરની કથા કરી પોતાના આસને આરામ કરવા પધાર્યા.

બપોરે ચાર વાગે ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન કરી, સ્વામીશ્રી

સભામાં પધાર્યા. સૌ સંતો-હરિભક્તો સ્વામીશ્રીના આવવાની રાહ જોઈ રહ્યા હતા. સ્વામીશ્રી પધાર્યા. સભા વચ્ચે સ્વામીશ્રી માટે ખુરશી મૂકી હતી. તે ઉપર સ્વામીશ્રી વિરાજ્યા અને ગુણાતીત વાતો શરૂ કરી. સ્વામીશ્રીની વાતોનો પ્રવાહ જાણે ગંગાના પ્રવાહની જેમ ધીર-ગંભીર વહેવા લાગ્યો અને સભાજનો, તે સાંભળતા સ્થિર થઈ ગયા. સ્વામીશ્રીની વાતો સાંભળીને જાણે ચિત્રોમાં ચીતરેલા હોય તેવી સૌની સ્થિર સ્થિતિ થઈ ગઈ હતી. ફિરંગીની તોપ જેવી સ્વામીશ્રીની વાતો સાંભળી સૌની સંશયગ્રંથિ, અહંગ્રંથિ, મમત્વગ્રંથિ તૂટવા માંડી. સૌ અહો અહો કરવા માંડ્યા. સૌને લાગ્યું કે આ ગુણાતીતની વાતોથી જાણે મૂળ અજ્ઞાન હમણાં જ ટળી જશે. એ સિવાય પ્રકૃતિની આણી કોરના કોઈ શબ્દથી મૂળ અજ્ઞાન કોઈ રીતે ટળે તેમ નથી. આવી અદ્‌ભુત વાતો કરનારા, શ્રીજીમહારાજના સ્વરૂપને યથાર્થ ઓળખાવનારા, સાક્ષાત્ ગુણાતીત જ હોય ! સૌને લાગ્યું કે જેને ગુણાતીતની ઓળખાણ થઈ છે તેને જ મહારાજની પૂરી ઓળખાણ થઈ છે. અનુભવની આંખ જ્યારે ઊઘડે ત્યારે સાંખ્ય દર્શનની અનિવાર્યતા નહિવત્ બની જાય છે. ગુણાતીતની યથાર્થ ઓળખાણ થાય ત્યારે જ શ્રીજીમહારાજની મૂર્તિમાં સમ્યક્ પ્રકારે જોડાવાય અને આત્યંતિક જ્ઞાનપ્રલય સિદ્ધ થાય.

ધ્યાન અને માનસી કેમ કરો છો ?

કથાવાર્તાના પ્રસંગ દરમ્યાન સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : "ગોપાળાનંદ સ્વામીએ અહીં કેટલાક સંતોને પ્રશ્ન પૂછ્યો હતો કે ધ્યાન અને માનસી કેમ કરો છો ?" ત્યારે સંતોએ કહ્યું : 'જ્યાં મહારાજ વિરાજતા હોય ત્યાં એ પ્રમાણે ધારીને ધ્યાન કરીએ છીએ અને જ્યાં મહારાજ નાહ્યા હોય, જમ્યા હોય ત્યાં મહારાજને માનસીમાં નવરાવીએ છીએ, જમાડીએ છીએ.' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું : 'એ તો ઠીક, પણ ત્રણ દેહને જીતીને ધ્યાન કરવાનું કોઈ શીખ્યા છો ?' ત્યારે સંતોએ પૂછ્યું : 'ત્રણ દેહ શી રીતે જીતાય ?' એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'જ્યારે ધ્યાન કરવા બેસીએ ત્યારે જીવજંતુ કરડે તો પણ દેહને હલવા ન દેવો તે સ્થૂળ દેહ જીત્યો કહેવાય. વળી, ઘાટ સંકલ્પ ન થવા દેવા તે સૂક્ષ્મ દેહ જીત્યો કહેવાય અને આળસ અને નિદ્રા આવવા ન દેવાં તે કારણ દેહ જીત્યો કહેવાય.' આ

પ્રમાણે ગોપાળાનંદ સ્વામીએ વાત કરી હતી. તે સાંભળી સિદ્ધાનંદ સ્વામીએ શંકા કરી, 'કારણ શરીર તો કાળા પહાડ જેવું છે. તે છીણી-હથોડી લઈ કાપીએ તો દિવસને અંતે માંડ ટોપલો ગાળ નીકળે. તે ધ્યાન કર્યા સિવાય શી રીતે કપાય ?' સિદ્ધાનંદ સ્વામીના આ પ્રશ્નનો ઉત્તર અમે આપ્યો. અમે તેમને કહ્યું : 'અમારે જૂનાગઢમાં જોરાભાઈ પાણા તોડે છે તે પ્રથમ તો પાણા વચ્ચે દાર ગાળે છે અને પછી તેમાં બશેર દારૂ નાખે છે ને પછી દેવતા મૂકે છે તે તોપ જેવડો ભડાકો થાય અને હજાર, બબ્બે હજાર મણની છીપર્યું તૂટે છે. એમ અમે કારણ શરીર કાપવા માટે વાતરૂપી સાંગડીએ કરીને દાર કરીએ છીએ, ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ અને ભગવાન ને ભગવાનના સાધુના મહિમારૂપી અગ્નિ મૂકીએ છીએ. તેણે કરીને સાંજ પડ્યે બસે બસે ટોપલા ગાળ નીસરે છે અને કારણ શરીરરૂપ કાળા પર્વતને તોડીને બ્રહ્મરૂપ કરી દઈએ છીએ.''[૧૪]

આ વાત સાંભળી સિદ્ધાનંદ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! આપની આ વાત મને ઇદં યાદ આવે છે. આપ તો દૃષ્ટિ માત્રે કારણ શરીરનો નાશ કરી નાખો એવા સમર્થ છો. પરંતુ અમો આપને શી રીતે ઓળખી શકીએ ?''

આ પ્રમાણે સિદ્ધાનંદ સ્વામીને આ પ્રસંગે સ્વામીશ્રીનો મહિમા સમજાયો અને કારણ શરીર ટાળી બ્રહ્મરૂપ થવા સ્વામીશ્રીની બહુ જ સ્તુતિ કરી આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રી તો દયાની મૂર્તિ સમા હતા. તેમને તો કોઈનો રાગદ્વેષ નજરમાં આવતો જ નહિ. સિદ્ધાનંદ સ્વામીને તેમણે અત્યંત પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા.

બીજે દિવસે સ્વામીશ્રી ગઢપુરથી જૂનાગઢ પધાર્યા.

પ્રાગજી ભક્તે ચંદની બનાવી

સ્વામીશ્રી વરતાલનો સમૈયો કરી જૂનાગઢ પધાર્યા તે સમાચાર મહુવામાં પ્રાગજી ભક્તને મળ્યા એટલે તરત જ તેઓ જૂનાગઢ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવી ગયા. એક દિવસ સ્વામીશ્રીએ તેમને બોલાવીને કહ્યું : ''પ્રાગજી ! હુતાશની ઉપર આચાર્ય મહારાજ અહીં પધારવાના છે. માટે અહીંના મંદિર માટે એક ચંદની કરવાની છે. પરંતુ કોઠારમાં પૈસા તો નથી.''

---

૧૪. સ્વામીની વાતો : ૩/૪૩.

પ્રાગજી ભક્તને તો સ્વામીશ્રીની આજ્ઞામાં હજારો અને લાખો રૂપિયા દેખાતા. તેથી સ્વામીશ્રીની કોઈ પણ આજ્ઞામાં તેઓ પાછા પડતા નહિ. પછી પોતાની પાસે વાતો સાંભળવા જે હરિભક્તો બેસતા તે તમામ પાસે લખણી કરાવી તેમણે રૂપિયા ૬૦૦ ભેગા કર્યા. તે રકમમાંથી જાડાં કપડાં લઈ તેને છપાવી, ચંદની સીવવાની તૈયારી કરી. દસ દરજી બે મહિને જે કામ કરી શકે તે પ્રાગજી ભક્તે એકલાએ ફક્ત ૪૧ દિવસમાં પૂરું કર્યું !

રોજ પોતે સવારના ત્રણ વાગે ઊઠી, નાહી, નિત્યકર્મથી પરવારી મંગળા આરતીનાં દર્શન કરી, ચંદની સીવવા બેસે. રાજભોગ આરતી વખતે ઊઠે. વળી, જમીને પાછા બેસે તે રાત્રે બાર વાગે સૂવે. આ પ્રમાણે ભારે બુટ્ટાદાર ચંદની પૂરી થવા આવી ત્યારે સ્વામીશ્રી એક દિવસ રાત્રે બાર વાગે ભગતજીના આસને પધાર્યા. ભગતજી તો વેગમાં ને વેગમાં 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરતાં કરતાં સ્વામીશ્રીની મૂર્તિ ધારીને સીવતા હતા. સ્વામીશ્રી તેમની પાછળ આવીને ઊભા રહ્યા. પ્રાગજી ભક્તનો ભજન કરતાં કરતાં ક્રિયા કરવાનો વેગ જોઈ મનોમન ખૂબ રાજી થયા. થોડી વારે ભગતજીનું ધ્યાન સ્વામીશ્રી તરફ ગયું. સ્વામીશ્રીને પાછળ ઊભેલા તેમણે જોયા એટલે એકદમ ઊભા થઈ ગયા અને પ્રાર્થના કરી પૂછ્યું : ''મહારાજ ! આપ ક્યારના પધાર્યા છો ?''

સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : ''એક ઘડી વાર થઈ.''

એટલે સ્વામીશ્રીનો અપરાધ થયો જાણી, ભગતજી સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ તેમને દંડવત્ કરતા રખાવીને કહ્યું : ''પ્રાગજી જેવું સીવવામાં તાન છે તેવું મહારાજની મૂર્તિમાં તાન રહે તો કાંઈ બાકી રહે નહિ.''

તે સાંભળી ભગતજી હાથ જોડી બોલ્યા : ''સ્વામી ! એ તો આપના હાથમાં છે. આપ કૃપા કરો તો થાય.''

સ્વામીશ્રી એમની અનન્ય ભક્તિ જોઈ પ્રસન્ન થયા અને કહ્યું : ''પ્રાગજી ! હું તારા ઉપર બહુ રાજી છું. માટે માગ. તું જે માગે તે આપું.'' પરંતુ ભગતજી તો કાંઈ બોલ્યા નહિ. એટલે સ્વામીશ્રીએ ફરીથી તેમને કહ્યું : ''પ્રાગજી ! તારા મનમાં એમ હશે કે આ બાવો તે શું આપશે ? પણ આ સાધુ કહે તેમ શ્રીજીમહારાજ કરે છે. માટે તું જે માગીશ તે હું આપીશ.''

પરંતુ ભગતજી તો સ્વામીશ્રીની મૂર્તિનાં દર્શન કરતાં હાથ જોડીને ઊભા જ રહ્યા. ત્યારે સ્વામીશ્રીએ ફરીથી તેમને કહ્યું : "પ્રાગજી ! હું તને કહું છું કે તું ઘેર જા અને બાર મહિનામાં તને રૂપિયા ૬૦,૦૦૦ મળશે. તે વડે સાધુનો સમાગમ કરી આનંદ કરજે."

પરંતુ ભગતજીએ સ્વામીશ્રીની સાથે રહીને, તેમનો સમાગમ કરીને, તેમનું જ્ઞાન પચાવ્યું હતું. તેથી સ્વામીશ્રી કેવળ પોતાની પરીક્ષા કરવા સારુ જ આ પ્રલોભન આપી રહ્યા છે તે તેઓ જાણતા હતા. એટલે પોતે હાથ જોડીને સ્વામીશ્રીને કહ્યું : "મહારાજ ! તેર વર્ષ ગોપાળાનંદ સ્વામીનો મેં સમાગમ કર્યો છે તથા નવ વર્ષથી આપનો સમાગમ હું કરું છું, પરંતુ તેમાં ધન કે સ્ત્રીમાં સુખ છે એવું મેં કદી સાંભળ્યું નથી. ઊલટું તેમાંથી તો હજારોનું ભૂંડું થયું છે. આપ ધન આપો તો તે વડે બે કરકા કરું અને એક મોટી હવેલી કરું. પણ તેમાંથી તો ઊલટું બંધન થાય."

સ્વામીશ્રી તેમની આ વાત સાંભળીને મરક મરક હસવા લાગ્યા.

પ્રાગજી ભક્તે માગેલાં ત્રણ વર

ભગતજીએ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! જો આપ ખરેખર રાજી થયા હો, તો મને તમારું જ્ઞાન આપો; તમારું ઘર દેખાડો કે તમે ક્યાંના વાસી છો અને મારા જીવને સત્સંગી કરી શ્રીજીમહારાજ એક અણુ જેટલા પણ છેટા ન રહે - એ ત્રણ વર આપો." પોતે સ્વયં સિદ્ધ હતા છતાં મુમુક્ષુ ઉપર મોટાપુરુષ રાજી થાય ત્યારે શું માગવું તે શિખવાડ્યું.

સ્વામીશ્રી તો ભગતજીના આ શબ્દોથી સ્થિર થઈ ગયા ! છેલ્લી સ્થિતિનું જ્ઞાન સિદ્ધ કરવા તત્પર થયેલા આ ભક્તરાજને સ્વામીશ્રીએ વળી છેલ્લી કસોટીએ ચડાવ્યા. સ્વામીશ્રીએ કહ્યું : "મૂરખા ! તારે જ્ઞાનનું શું કામ છે ? જા હું વર આપું છું કે અક્ષરધામમાં હું તને તેડી જઈશ. વળી કેળાં તો કેળે પાકે પણ થોરે કેળાં ન આવે. આ છેલ્લી સ્થિતિનું જ્ઞાન તો કોઈ બ્રહ્મચારી, સાધુ અગર બ્રાહ્મણ હોય તેને જોઈએ. તેવાને છતી દેહે સિદ્ધદશા હોય તો લાખોને સમાસ થાય. તારે તેનું શું કામ છે ?"

પરંતુ ભગતજીએ તો સ્વામીશ્રીના સમાગમથી સર્વ સુખનું પરિમાણ કરી મૂક્યું હતું; એટલે પોતાની વાત પકડી રાખીને તેમણે સ્વામીશ્રીને કહ્યું :

"જો આપ રાજી થયા હો અને 'માગ માગ' એમ કહ્યું હોય, તો મારે મારાં માગેલાં ત્રણ વરદાન જોઈએ. એ વિના તો પૃથ્વીનું રાજ્ય, ઇન્દ્રનું સ્થાન કે બ્રહ્મા કે પ્રકૃતિ પુરુષ આદિનું રાજ્ય મારે ન જોઈએ. ઐશ્વર્ય તો સકામ ભક્તને જોઈએ. મારે તો આપનાં ચરણારવિંદની અખંડ સેવામાં રહેવું છે."

ભગતજીનું આ વચન સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થઈ હસ્યા. પછી કહ્યું : "જો મરણિયો થા તો આ જ્ઞાન મળે તેવું છે. એ રાજીપો નોખો છે. એ જ્ઞાન લેવું હોય તો ઘર મૂકીને અહીં અખંડ રહે ત્યારે એ થાય. વળી, નિવૃત્તિધર્મ, વૈરાગ્ય અને આત્મનિષ્ઠા વિના કોઈ દિવસ સિદ્ધદશા ન આવે.[૧૫] માટે અહીં રહે તો મારે એ ત્રણે વાનાં તને સિદ્ધ કરાવવાં." એમ કહી ભગતજીને સ્વામીશ્રીએ કોલ આપ્યો.

✧

આ.સં. ૧૯૧૭ના ફાગણ સુદ પૂનમના સમૈયા ઉપર આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ જૂનાગઢ પધાર્યા. સ્વામીશ્રીએ આચાર્ય મહારાજનું ભવ્ય સ્વાગત કર્યું. સોરઠ દેશના હરિભક્તો પણ જૂનાગઢ ઊમટ્યા. રઘુવીરજી મહારાજને એમ કે ભગવત્પ્રસાદજીને સ્વામીશ્રીનો સમાગમ થાય તો તેમને તેમના સ્વરૂપની નિષ્ઠા થાય. તેથી સ્વામીશ્રીની વાતો સાંભળવા તેમને મોકલ્યા હતા. ભગવત્પ્રસાદજી મહારાજ લગભગ પંદર દિવસ રહ્યા. એટલામાં શ્રીહરિ નવમીનો સમૈયો આવ્યો એટલે પોતે વરતાલ જવા તૈયાર થયા. સ્વામીશ્રી પણ તેમની સાથે વરતાલ જવા નીકળ્યા. સ્વામીશ્રી કેશવજીવનદાસને પણ આ સમૈયે સાથે લેતા ગયા.

કાળાં પહેર કે ભી સ્વામીકો અક્ષર કહૂંગી !

સ્વામીની ઉત્કૃષ્ટતાનો ઉદ્‌ઘોષ ધીરે ધીરે સમગ્ર સંપ્રદાયમાં થઈ રહ્યો હતો. વર્ષમાં બે સમૈયા ઉપર સ્વામીશ્રી વરતાલ પધારતા. તેથી ઘણા હરિભક્તોને સ્વામીશ્રીનો મહિમા સમજાયો હતો. વળી, સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ વાત પણ સત્સંગમાં પ્રસિદ્ધિ પામતી ગઈ. પરંતુ જેમ જેમ આ વાતનો જાહેરમાં ઉદ્‌ઘોષ થતો ગયો, તેમ તેમ ત્યાગી વર્ગ ઈર્ષ્યાના અગ્નિમાં શેકાવા લાગ્યો. તેમણે નક્કી કર્યું : "ભલે સ્વામીના ચેલા

૧૫. ગ. મ. ૨૦.

તેમને અક્ષરનો અવતાર કહે પણ વરતાલમાં ખુલ્લે ખુલ્લા તો તેમને અક્ષરના અવતાર તરીકે કોઈએ કહેવા જ નહિ. તેમાં પણ જો કોઈ ત્યાગી સ્વામીશ્રીને અક્ષર કહેશે તો તેનાં ભગવાં ઉતારી લઈશું.'' આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજ પાસે આ વાત પહોંચી ગઈ. તેમણે પણ સ્વામીને ખુલ્લી રીતે અક્ષરનો અવતાર કહેવાનો નિષેધ કર્યો.

સમૈયાની સાંજની સભામાં કોઈએ કેશવજીવનદાસને કહ્યું : ''તમે સ્વામીને અક્ષર સમજો છો પણ અહીં તે પ્રમાણે કહેવાશે નહિ. જો કહેશો તો ધોળાં લૂગડાં પહેરાવી દેશે.''

ત્યારે તેમણે કહ્યું : ''કહૂંગી, કહૂંગી, કહૂંગી ! કાળાં પહેર કે ભી સ્વામીકો અક્ષર કહૂંગી !''

આ વાત આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ પાસે પહોંચી ગઈ. એટલે તેમણે કેશવજીવનદાસને બોલાવીને કહ્યું : ''તમે સ્વામીને અક્ષર સમજતા હો તો તમારે તે મનમાં સમજી રાખવું. પણ બહાર કે સભામાં કોઈને કહેવું નહિ. જો કહેશો તો ભગવાં ઉતારી લઈશું.''

ત્યારે તેમણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! મને તો મારા ગુરુ ગોપાળાનંદ સ્વામીએ, સ્વામી અક્ષર છે એ નિષ્ઠા કરાવીને જ જૂનાગઢ મોકલ્યો છે. વળી, સ્વામીએ પોતે પણ મને કહ્યું છે. માટે ઉપાધિની મને બીક નથી. વળી, કાશાંબરમાં જ કલ્યાણ છે અને શ્વેતાંબરમાં કલ્યાણ નથી એવું કોઈએ ભાખ્યું નથી. શતાનંદ મુનિએ પણ સત્સંગિજીવન ગ્રંથ લખ્યો છે તેમાં એવું લખ્યું નથી. માટે સ્વામી અક્ષર છે એ વાત તો હું સભામાં પ્રસંગ આવશે તો જરૂર કહીશ.''

તેમની આ નીડર વાણી સાંભળી ભગવત્પ્રસાદજી મહારાજે કહ્યું : ''આ સાધુ આપણું માનશે નહિ. માટે એનાં ભગવાં વસ્ત્ર ઉતારી લ્યો અને ધોળાં પહેરાવી દ્યો.''

પછી તેમનાં ભગવાં વસ્ત્ર કઢાવી લીધાં. સફેદ વસ્ત્રો આપ્યાં અને કડવાં વચન કહી ઘણો ઠપકો આપ્યો. પરંતુ સ્વામીશ્રીના સમાગમથી તેમનું બખ્તર એવું ઘડાયું હતું કે હસતા મુખે આ બધું તેમણે સહન કર્યું. સ્વામીશ્રીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમને ઘણું દુઃખ થયું. પરંતુ ઉપાધિના ભણકારા તો હજુ વાગવા શરૂ થયા હતા. ખરી ઉપાધિ તો હજુ

આવવાની છે એ સ્વામીશ્રી સમજતા હતા. તેથી કેશવજીવનદાસને એકાંતમાં આશ્વાસન આપી, આશીર્વાદ આપ્યા. સમૈયા પછી સ્વામીશ્રી વરતાલમાં ઝાઝું રોકાયા નહિ.

સ્વામીશ્રી ફરતાં ફરતાં વૈશાખમાં જૂનાગઢ પધાર્યા. આ વખતે વરતાલમાં માયાએ જોર કર્યું હતું. પરંતુ સ્વામીશ્રીએ માયા દબાવી દીધી હતી.

શુક સ્વામીએ સ્વામીનો મહિમા કહ્યો

આ. સં. ૧૯૧૭નો ચૈત્રી સમૈયો કરી શુક સ્વામી તેમનું મંડળ લઈને સુરત પધાર્યા. અહીં સભામાં એક દિવસ શુક સ્વામીએ વાતોના પ્રસંગ દરમ્યાન કહ્યું : "જેવી રીતે શ્રીજીમહારાજની વાતોથી અનંત જીવો ખેંચાતા તે જ પ્રમાણે ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી પણ હજારો મુમુક્ષુ જીવો આજે ખેંચાય છે."

શુક સ્વામીએ આ પ્રમાણે વાત કરી ત્યારે ધોળકાના હરિશંકર રાવળ સભામાં બેઠા હતા. તેમને આ વાત સાંભળી જિજ્ઞાસા થઈ. પછી સભા વિસર્જન થઈ ત્યારે હરિશંકરભાઈ શુક સ્વામીના આસને ગયા. અને પૂછ્યું : "સ્વામી ! આ ગુણાતીતાનંદ સ્વામીની આપે વાત કરી તે કોણ છે ?"

શુકમુનિએ કહ્યું : "એ ગુણાતીતાનંદ સ્વામી તો બહુ મોટા સાધુ છે અને જૂનાગઢના મહંત છે. સમાગમ કરવા જેવા સાધુ છે. હમણાં જ વરતાલમાં ચૈત્રી પૂનમનો સમૈયો કરી જૂનાગઢ ગયા."

હરિશંકરભાઈને શુકમુનિની આ વાત સાંભળી સ્વામીશ્રીનો સમાગમ કરવાની અંતરમાં તીવ્ર ઇચ્છા થઈ ! પોતે સુરતમાં કલેકટરની ઑફિસમાં નોકરી કરતા હતા. પરંતુ શુદ્ધ મુમુક્ષ હતા તેથી તેમના અંતરમાં આવા શુભ સંકલ્પો થવા લાગ્યા. સભામાંથી ઊઠી પોતે ઘેર ગયા.

હરિશંકરભાઈની બે કસર

તે જ રાત્રે શ્રીજીમહારાજે તેમને દર્શન દીધાં અને કહ્યું : "તમારે હજુ બે વાતની કસર છે, એક તો અમારું સર્વોપરી સ્વરૂપ સમજવામાં અને બીજી બ્રહ્મરૂપ થવામાં. આ બે કસર ટાળવા માટે જ તમને દેહ ધરાવ્યો છે." હરિશંકરભાઈ તો આ દર્શનથી એકદમ જાગ્રત થઈ ગયા. પથારીમાં બેઠા બેઠા

વિચાર કરવા લાગ્યા. મહારાજે આ બે કસર કહી છે તે આ જ જન્મે ટાળી નાખવી. શુક મુનિએ પણ ગુણાતીતાનંદ સ્વામીનો બહુ મહિમા કહ્યો છે તો ત્યાં જઈ તેમનો સમાગમ કરી આ બંને કસર ટાળી નાખવી. તેમણે તે જ વખતે આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરી લીધો. સવાર પડવાની રાહ જોવા લાગ્યા.

સવાર પડી એટલે નિત્યકર્મથી પરવારી નોકરીનું રાજીનામું લખીને ઑફિસે ગયા. સાહેબને રાજીનામું આપ્યું. સાહેબે તે વાંચ્યું પણ સ્વીકાર્યું નહિ. એટલે સાહેબના ટેબલ ઉપર મૂકીને તેઓ ચાલી ગયા. તેમણે તો અંતરમાં દૃઢ નિશ્ચય કરી લીધો હતો કે જૂનાગઢ જઈ ત્યાગી થઈ જવું. પરંતુ તે અંગે ત્યાં જઈ વાત બહાર પાડવી.

હરિશંકરભાઈ જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીને પોતાની તમામ હકીકત કહી. તેમની મુમુક્ષુતા જોઈ સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પછી કહ્યું : "હમણાં વાતો સાંભળો અને સમાગમ કરો એટલે જેમ છે તેમ તમને સમજાશે અને બંને વાતની કસર ટળી જશે." હરિશંકરભાઈને સ્વામીશ્રીના સમાગમની અગત્યતા સમજાણી.

સ્વામીશ્રી પણ ઘણી વાર તેમને ઉદ્દેશીને વાતો કરતા ત્યારે કહેતા કે શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે એ નિષ્ઠા થશે એટલે ઉપાસનાની કસર ટળશે અને આ સાધુ મહારાજને રહેવાનું સાક્ષાત્ ધામ છે એ નિષ્ઠા થશે ત્યારે બ્રહ્મરૂપ થવાશે ! હરિશંકરભાઈને ધીરે ધીરે સ્વામીશ્રીની વાતોથી કસર ટળતી ગઈ. તેઓ ક્યારેક ક્યારેક બહુ જ પ્રશ્નો સ્વામીશ્રીને પૂછતા. ત્યારે સ્વામીશ્રી હસીને તેમને કહેતા : "હરિશંકરભાઈ ! બહુ પ્રશ્નો પૂછો મા. જે મહારાજે તમને સુરતમાં દર્શન દીધાં હતાં તે જ આ વાતુ કરે છે એમ સમજશો એટલે કોઈ વાતની કસર રહેશે નહિ."

સ્વામીશ્રી પ્રત્યે અપાર હેતને લઈને હરિશંકરભાઈને બંને વાતની કસર ટળી ગઈ. સ્વામીશ્રીનો સમાગમ કરી તેમણે સ્વામીશ્રીની વાતુનો સંગ્રહ કર્યો છે. 'રસ્તાની વાતુ'નું પ્રકરણ એ હરિશંકરભાઈના સંગ્રહમાંથી લખાયેલું છે.

✧

સ્વામીશ્રી જૂનાગઢથી સમૈયા ઉપર વરતાલ પધારે તે પાછા જૂનાગઢ ક્યારે પધારે તેની સોરઠના હરિભક્તો કાગને ડોળે રાહ જોતા. સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા છે તેવા સમાચાર મળતાં જ સોરઠ આખું ઊમટતું. કામધંધો,

ખેતીવાડી, માબાપ, સૌને પડ્યાં મૂકીને જૂનાગઢના આ જોગીનાં દર્શનની લહાણ લેવા સૌ ચાલી નીકળતા.

સ્વામીશ્રીનો સમાગમ કરવા તથા દર્શન કરવા દેશોદેશથી હરિભક્તો સંઘ લઈને આવતા. રસ્તામાં પણ કીર્તનો બોલતા, કથાવાર્તા કરતા આવે અને ગામમાં પેસે ત્યારે તો ઝીલણિયાં કીર્તનો બોલે. પછી જ્યારે મંદિરમાં આવે ત્યારે પ્રથમ મંદિરના ચોકમાં ચાર કીર્તનો બોલીને પછી ઉતારો કરે. હરિભક્તોની આવી મંડળીઓ જોઈ સ્વામીશ્રી હસતાં હસતાં કહેતા : 'આ ભાઈજીભાઈની મંડળી આવી, આ પૂજા ભક્તની મંડળી આવી, આ મહુવાની મંડળી આવી, આ મહાદેવભાઈની મંડળી આવી.' આ પ્રમાણે ઠેઠ ખાનદેશથી પણ મંડળીઓ આવતી.

સ્વામીશ્રીની અત્યંત દયાળુ પ્રકૃતિ હતી. વળી, હરિભક્તો પ્રત્યે પણ અત્યંત સ્નેહ હોવાથી, હરિભક્તો સહેજે સહેજે સ્વામીશ્રી પાસે આવી પોતાની દુઃખની, ઉપાધિની વાતો કરતા. સ્વામીશ્રી કેટલાકને વાતો કરી શાંતિ કરી દેતા અને કેટલાકને આશીર્વાદ આપી તેનો વ્યવહાર સુધારી શાંતિ કરી દેતા.

ભીમા કડિયાનો વહેવાર સુધાર્યો

સ્વામીશ્રીના આશીર્વાદથી વ્યવહાર સુધરી જશે એ આશાએ જૂનાગઢમાં રહેતો ભીમો કડિયો સ્વામીશ્રી પાસે આવ્યો. એકાંતમાં તેણે સ્વામીશ્રીને વાત કરી કે "દયાળુ ! આખો દિવસ કામ કરું છું ત્યારે માંડ એક કોરી દનિયું મળે છે. તેમાં વહેવાર શી રીતે ચાલે ? માટે આપ આશીર્વાદ આપો તો કરાંચી જાઉં."

ત્યારે સ્વામીશ્રીએ અત્યંત હેતથી તેને માથે હાથ મૂકીને કહ્યું : "મહારાજ તને અહીં જ રોટલા દેશે. પરદેશમાં પણ અન્નવસ્ત્ર તો મહારાજને આપવાં છે તો અહીં કેમ નહિ આપે ?" એટલી વાત પછી કહ્યું : "પરદેશમાં આપણો સત્સંગ રહે નહિ અને પરલોક બગડે માટે અહીં આ દેવદર્શન થાય, સમાગમ થાય તે લાભ અને વળી રોટલાય મહારાજ આપશે."

સ્વામીશ્રીના આવા મીઠા વચનથી તેને શાંતિ થઈ. કરાંચી જવાનું તેણે માંડી વાળ્યું. પરંતુ થોડા દિવસ થયા અને વળી વિચાર ઊપડ્યો. તેણે આ વખતે વિચાર્યું કે 'આ ફેરે તો સ્વામીને પૂછવું નથી. જો પૂછીશ તો ના જ

કહેશે.' એમ ધારી તેણે ભાતું કરાવ્યું, ખડિયો તૈયાર કરી ખીંટીએ ભરાવ્યો. પછી સ્વામીશ્રીનાં દર્શન સારુ મંદિરે આવ્યો. સ્વામીશ્રીનાં દર્શન કરી દંડવત્ કરીને તે પાસે બેઠો એટલે સ્વામીશ્રીએ અંતર્યામીપણે તેનો સંકલ્પ જાણીને તેને કહ્યું : ''ભીમા ! તેં તો કરાંચી જવાનું નક્કી કરી દીધું. ભાતું તૈયાર કરાવ્યું અને ખડિયો ખીંટીએ ભરાવીને જાવાની તૈયારી કરી આવ્યો છું. પણ કરાંચી જવું નથી. ત્યાં ધર્મ રહે નહિ અને સત્સંગ પણ રહે નહિ. મહારાજ તને અન્ન, વસ્ત્ર અને આબરૂ બધું અહીં આપશે. માટે અમારો વિશ્વાસ રાખ અને મહારાજનો દૃઢ આશરો રાખ.''

આ સાંભળી ભીમો તો સ્તબ્ધ બની ગયો ! સ્વામીશ્રીએ ફરી હસતાં હસતાં કહ્યું : ''ભીમા ! ભાતું કરાવ્યું છે તે હવે છોકરાને ખવરાવી દેજે અને રોજ અહીં દર્શન-સમાગમ સારુ આવતો જજે. મહારાજ સારું કરશે.''

ભીમાએ આ જ પળે કરાંચી જવાનો સંકલ્પ માંડી વાળ્યો. બીજે દિવસથી તે રોજ દર્શને આવવા લાગ્યો. સભામાં બેસી સ્વામીશ્રીની વાતુ સાંભળે અને જ્યારે સ્વામીશ્રી રજા આપે ત્યારે ઘેર જાય. આ પ્રમાણે સ્વામીશ્રીના વચનમાં અત્યંત વિશ્વાસ હોવાથી થોડા દિવસ બાદ તેને શાહપુરના ગઢનો કંટ્રાક્ટ મળ્યો. આથી તેને હિંમત આવી. ધીરે ધીરે બીજાં પણ કામ મળતાં ગયાં અને સ્વામીશ્રીના આશીર્વાદ પ્રમાણે તેનો વ્યવહાર સુધરતો ગયો.[૧૬]

---

૧૬. ત્યારબાદ થોડાં વર્ષ પછી સ્વામીશ્રીએ તેને બોલાવીને કહ્યું : ''ભીમા ! તારો વહેવાર હવે સારી રીતે સુધર્યો છે. રહેણાંકનાં મકાન કરવાં હોય તો કરી લે. તારા નવા મકાનમાં પછી અમે આવીશું અને ઠાકોરજી જમાડીશું. માટે જલદીથી મકાન કરી લે. કારણ અમે તારે ત્યાં જમીને જૂનાગઢથી નીકળીશું તે ફરી પાછા જૂનાગઢ આવવાના નથી.'' સ્વામીશ્રીનું આ અત્યંત કૃપા વચન સાંભળી ભીમો તો કૃતકૃત્ય થઈ ગયો ! એકાદ વરસમાં તેણે નવાં મકાન કરી દીધાં. સ્વામીશ્રીને તેણે વાત કરી ત્યારે સ્વામીશ્રી આ.સં. ૧૯૨૪ના ભાદરવા માસમાં જૂનાગઢથી નીકળ્યા તે પહેલાં ભીમાના નવા ઘરે પધાર્યા. સર્વે સંતોની સાથે ત્યાં જમ્યા. પછી ભીમાને બોલાવીને સ્વામીશ્રીએ કહ્યું : ''કદી તું પરદેશમાં જાત તો આવાં નવાં ઘર અહીં ન થાત અને અમને જમાડવાનો પણ જોગ ન આવત.''

ત્યારે ભીમાએ હાથ જોડીને કહ્યું : ''માબાપ ! આપે બહુ દયા કરી.''

એટલે સ્વામીએ કહ્યું : ''અમે તો દયા કરવા જ બેઠા છીએ પણ જીવ ક્યાં દયા લે છે ?'' પછી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

આ જ અરસામાં હિંદુસ્થાની સાધુ કેશવજીવનદાસ જેઓ પ્રથમ ગોપાળાનંદ સ્વામી પાસે રહેતા. તેમને અંતરમાં મૂંઝવણ થવા લાગી. ગોપાળાનંદ સ્વામીએ સ્વામી અક્ષરનો અવતાર છે એવું ઓળખાવી તેમને સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ મોકલ્યા હતા. અહીં સ્વામીશ્રીના શિષ્યો પ્રાગજી ભક્ત અને જાગા ભક્ત તેમજ કેટલાક સંતો સ્વામીશ્રીને અક્ષર કહેતા, જ્યારે સમૈયા ઉપર ગઢડાથી આવતા સંતોમાંના કોઈ ગોપાળાનંદ સ્વામીને અક્ષર કહેતા, તો કોઈ બ્રહ્માનંદ સ્વામીને અક્ષર કહેતા. વળી, કોઈ મૂળજી બ્રહ્મચારીને પણ અક્ષર કહેતા. આમ, સ્વામીશ્રીની ઉત્કૃષ્ટતા સહન ન થવાથી સૌ પોતપોતાના ગુરુને અક્ષર કહેતા. તેથી કેશવજીવનદાસ મૂંઝાણા. તેમને થયું આમાં સાચું શું ? પછી તેમણે વિચાર કર્યો કે 'સ્વામીને જ સીધું પૂછવું. એટલે ખુલાસો થઈ જશે.'

તું મને અક્ષર માન્ય

એક દિવસ સ્વામીશ્રી ભંડારમાં જતા હતા ત્યાં વચ્ચે ઊભા રાખીને તેમણે પૂછ્યું : "સ્વામી ! મને આપનો વિશ્વાસ છે. માટે એક ખુલાસો કરો."

સ્વામીશ્રીએ કહ્યું : "કહો, શું ખુલાસો જોઈએ છે ?"

તેમણે કહ્યું : "સ્વામી ! મને તો ગોપાળાનંદ સ્વામીએ આપ અક્ષર છો એ સમજાવ્યું છે. વળી, અહીં આ પ્રાગજી ભક્ત, જાગા ભક્ત પણ આપને અક્ષર કહે છે. ત્યારે વળી, બીજા ગોપાળાનંદ સ્વામીને અક્ષર કહે છે. તો કોઈ બ્રહ્મમુનિને અક્ષર કહે છે અને કોઈ મૂળજી બ્રહ્મચારીને અક્ષર કહે છે. માટે સાચું શું છે ?"

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી ધીરે રહીને કહ્યું : "તને મારો વિશ્વાસ છે તો તું મને અક્ષર માન્ય. હું જ મૂર્તિમાન અક્ષર છું. બીજા કોઈ અક્ષર હોવાનો દાવો કરતા હશે તો તે પંચાત મારે છે પણ તું મને અક્ષર માન્ય."

સ્વામીશ્રીએ આ પ્રમાણે નિધડક રીતે તેને કહ્યું એટલે કેશવજીવનદાસની સર્વ શંકા ટળી ગઈ. તેને સ્વામીશ્રી અક્ષર છે તે નિષ્ઠા દૃઢ થઈ ગઈ ! સ્વામીશ્રીનું જ સાક્ષાત્ વચન એટલે હવે કોઈના ફેરવ્યા ફરવું નહિ અને કોઈની વાત માનવી નહિ. ત્યારબાદ તેઓ સ્વામીશ્રી અક્ષર

છે એવું પ્રતિપાદન કરવા લાગ્યા. અક્ષરની નિષ્ઠાના આ અલમસ્ત કેફમાં તેમની તમામ મૂંઝવણ ટળી ગઈ !

સ્વામીશ્રીને તો મહારાજના સર્વોપરી સ્વરૂપની અને પોતાના અક્ષરસ્વરૂપની નિષ્ઠા પ્રવર્તાવવી હતી. મહારાજની પણ તેમને એ આજ્ઞા હતી કે 'જ્યાં સુધી તમારા અક્ષરસ્વરૂપની નિષ્ઠા સત્સંગમાં પ્રવર્તશે નહિ, ત્યાં સુધી તમને અમે આ લોકમાંથી તેડી નહિ જઈએ.' સ્વામીશ્રીએ તેથી વિચાર કર્યો કે હવે તો છડેચોક અક્ષરના સ્વરૂપનો ઉદ્‌ઘોષ કરે એવું પાત્ર ઘડીને તૈયાર કરવું. તેમની નજર આ માટે પ્રાગજી ભક્ત ઉપર હતી. ભગતજીએ માગેલાં ત્રણ વરદાન સ્વામીશ્રી આપવા હવે ઉત્સુક બન્યા હતા.

સ્વામીશ્રી એક દિવસ સભામાં વિરાજ્યા હતા. તે વખતે માળિયાના હરિભક્તો રામજીભાઈ તથા જેઠાભાઈ ત્યાં આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પાસે બેઠા. એટલે સ્વામીશ્રીએ તેમને કીર્તન બોલવાનું કહ્યું ત્યારે તે બંને હરિભક્તો 'નવલ સનેહી નાથજી જી રે પ્રેમી જનના છો પ્રાણ.'[૧૭] એ કીર્તનનું એક પદ બોલ્યા. તે સાંભળીને સ્વામીશ્રીનાં નેત્રોમાંથી આંસુની ધારા ચાલવા માંડી. સ્વામીશ્રીની મૂર્તિમાંથી દિવ્ય તેજ નીકળ્યું. આખા સભામંડપમાં તે તેજ છવાઈ ગયું. થોડી વાર પછી તે સમગ્ર તેજ સ્વામીશ્રીની મૂર્તિમાં પાછું સમાઈ ગયું. આ ચમત્કાર જોઈ એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! એ તેજ કોનું હતું ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "એ તેજ તો પ્રભુના ધામનું હતું."

તે સાંભળી કેશવજીવનદાસે કહ્યું : "સ્વામી ! ધામ તો તમે જ છો."

પોતાના સ્વરૂપની દૃઢ નિષ્ઠાના આ શબ્દો સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી તેમણે કહ્યું : "છે તો એમ જ પણ એમ જો મનાય તો કામ થઈ જાય. પરંતુ જ્યારે મનુષ્ય આકારે હોય ત્યારે અક્ષર માનવા એ કઠણ પડે."

આ પ્રમાણે સ્વામીશ્રીએ પોતાના સ્વરૂપની વાત કરી પોતાને તો પોતાનું દિવ્ય સ્વરૂપ સદા છુપાવવાનું જ તાન હતું. પરંતુ આ વિરહના કીર્તનના શબ્દોથી સ્વામીશ્રી શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા. પોતાના દેહનું ભાન ન રહ્યું અને દિવ્યતા પ્રગટ થઈ ગઈ !

આ વર્ષના ચોમાસામાં સ્વામીશ્રીનો સમાગમ કરવા માટે

---

૧૭. પ્રેમાનંદ સ્વામી રચિત

શિવલાલભાઈના દીકરા કેશવલાલભાઈ, જીવરાજ શેઠ, વાઘજીભાઈ, જેઠા ખાચર, નથુ પટેલ, મનજી ઠક્કર, શામજીભાઈ, ગોપાલગર બાવા, આલા ખુમાણ, મહુવાના વિઠ્ઠલભાઈ, દામો શેઠ, સુરતના કરસનજી દેસાઈ વગેરે ઘણા હરિભક્તો આવ્યા હતા. પ્રાગજી ભક્ત તો સ્વામીશ્રીની આજ્ઞા હતી એટલે ત્યાં જ હતા. આ વખતે વરતાલથી નારના કાશીદાસ પણ રઘુવીરજી મહારાજની આજ્ઞા લઈ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા. તેમને સ્વામીશ્રીનો અત્યંત મહિમા હતો. તેથી સ્વામીશ્રી પાસે જ ત્યાગી થઈને રહેવું એવો વિચાર કરીને જ ઘેરથી નીકળ્યા હતા. પરંતુ રઘુવીરજી મહારાજે તેમની બુદ્ધિ, વ્યવહાર-કુશળતા વગેરે જોઈને તેમને વરતાલમાં પોતાની પાસે જ રાખવાનું નક્કી કર્યું. મહારાજની આ આજ્ઞા હતી તેથી કાશીદાસ મૂંઝાયા. પરંતુ છેવટે તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા તો હું પાળીશ. પણ દર વર્ષે એક મહિનો મને જૂનાગઢ સ્વામીશ્રીનો સમાગમ કરવા જવા દેવાની રજા આપજો." રઘુવીરજી મહારાજે તેમની આ વાત કબૂલ કરી. એટલે આ ચોમાસામાં તેઓ પણ મહારાજની રજા લઈને સ્વામીશ્રીનો સમાગમ કરવા અહીં આવ્યા હતા.

✧ ✧ ✧

જીવનું જીવન-ચાર વાત

એક દિવસ કાશીદાસ, મનજી ઠક્કર અને જાગા ભક્ત વાડીમાં કાંકરા વીણતા હતા. સ્વામીશ્રી પણ ત્યાં જ હતા. ત્યારે કાશીદાસે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મહારાજશ્રીની પાસે એક માસની રજા લઈને હું અહીં આપનો સમાગમ કરવા આવ્યો છું. પણ અહીં તો બે માસ થઈ ગયા. એટલે મારે હવે વરતાલ જવું જોઈએ."

સ્વામીશ્રીએ તેમને કહ્યું : "વરતાલમાં મહારાજ તમને પૂછશે કે બે માસ સુધી શી વાતો સાંભળી ત્યારે તમે શું કહેશો ?"

કાશીદાસે હાથ જોડી કહ્યું : "મહારાજ ! તે તો કાંઈ યાદ નથી."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા, પછી બોલ્યા : "સાંભળો, બે માસની વાતોનો સાર હું તમને ચાર વાતમાં કહી દઉં." એમ કહીને સ્વામીશ્રીએ કહ્યું : "શ્રીજીમહારાજે જીવના કલ્યાણ માટે અનેક વાતો પ્રવર્તાવી છે. તેમાં

ચાર વાતો છે તે તો જીવનું જીવન છે. તે મૂકવી જ નહિ. તેમાં એક તો શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના, બીજી આજ્ઞા, ત્રીજું મોટા એકાંતિકમાં જીવ જોડવો અને ચોથું ભગવદી સાથે સુહૃદપણું રાખવું. આ ચાર વાત જીવનું જીવન છે. માટે જો જીવનું જીવન રાખવું હોય, તો અસત્ દેશકાળ ક્યારેય સેવવા નહિ. અસત્ દેશકાળ તો અસત્ પુરુષના સંગે રહ્યા છે. માટે જો અસત્ પુરુષને સેવે તો શ્રીજીમહારાજ અને બીજા અવતારોમાં સમપણું કરાવી દે, આજ્ઞાને વિષે ગૌણપણું દેખાડે. વળી, મોટા એકાંતિક સાધુ અને સત્સંગમાં ગડબડ ગોટા વાળતો હોય તેવા સાધુમાં એકપણું મનાવી દે અને સારા ભગવદીને વિષે દોષ દેખાડે. માટે અસત્ પુરુષને ક્યારેય સેવવા નહિ ને તેવા અસત્ પુરુષનો ક્યારેય સંગ કરવો નહિ.''

ત્યારે કાશીદાસે કહ્યું : ''સ્વામી ! મારે તો આઠેય દેશકાળ અવળા છે તે હું કેમ કરું ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''હું તો ઘણાય સુખિયા કરી મૂકું. પણ હું કહું તેમ તમારાથી થાય નહિ ને હું કહું એમ તમે કરો તો તમે ત્યાંથી વિમુખ થાઓ ત્યારે તે વાત બને.''

કાશીદાસે પૂછ્યું : ''સ્વામી ! તમે કહો તેમ કરે તે વિમુખ કેમ કહેવાય ?''

સ્વામીશ્રીએ કહ્યું : ''આ બે જાગા ભક્ત અને મનજી ઠક્કર હું કહું તેમ કરે છે તો ત્યાંના તેમને વિમુખ જાણે છે. પરંતુ શ્રીજીમહારાજ અને આ સાધુનો રાજીપો છે તો સૌ રાજી થઈ રહ્યા છે.''[૧૮] આ પ્રમાણે સ્વામીશ્રીએ તેમને જીવના જીવનની ચાર વાત કહી. પછી સૌ મંદિરમાં આવ્યા.

મહુવાથી ફૂલચંદ શેઠ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા. પણ તેમને એક ઉપાધિ આવી હતી. તેમણે રૂનો ધંધો કર્યો હતો અને મુંબઈની અંગ્રેજી પેઢી સાથેના આ ધંધામાં લેવડદેવડમાં વાંધો પડતાં તેમના ઉપર મુંબઈની કોર્ટમાં પેઢીએ દાવો કર્યો હતો. સ્વામીશ્રીને તેમણે આ વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું : ''તમો મુંબઈ જાઓ અને મહારાજ તમારી ભેગા આવશે.'' એટલે ફૂલચંદ શેઠ પોતાના સાક્ષી રાણા સોનીને લઈને મુંબઈ ગયા.

---

૧૮. સ્વામીની વાતો : ૩/૧૭.

કેસ જે દિવસે કોર્ટમાં ચાલવાનો હતો તે દિવસે ફૂલચંદભાઈ ન્યાયાધીશની સામે ખુરશી ઉપર બેઠા અને મનમાં શ્રીજીમહારાજ અને સ્વામીનું સ્મરણ કરવા લાગ્યા. રાણા સોની બહાર બેઠા હતા. એવામાં તેણે જોયું કે કોર્ટના ચોગાનમાં એક સિગરામ આવ્યું અને તેમાંથી સ્વામીશ્રી અને બે સાધુ ઊતર્યા અને સીધા કોર્ટમાં જ્યાં ન્યાયાધીશ બેઠા હતા તેમની સમીપે ગયા. પછી ત્યાં જ અદૃશ્ય થઈ ગયા ! રાણા સોનીએ આ જોયું. તેથી તેને મનમાં નક્કી થઈ ગયું કે ફૂલચંદ શેઠની આ દાવામાં જીત થશે.

ત્યારબાદ થોડી વારે ન્યાયાધીશે ફૂલચંદભાઈની જુબાની લીધી અને તરત જ દાવાનો ફેંસલો ફૂલચંદભાઈના લાભમાં તેણે આપ્યો. પેઢી પાસે ફૂલચંદભાઈને જે રકમ લેવાની હતી તે તેમને તરત જ મળી ગઈ. આ પ્રમાણે સ્વામીશ્રીના વચને ફૂલચંદભાઈની તેમના વ્યવહારમાં રક્ષા થઈ ! તે રકમ લઈ રાણા સોની સાથે તેઓ ગઢપુર આવ્યા. અહીં દાદાખાચરના દરબારમાં તેમણે સંતોને રસોઈ આપી. તે વખતે સૌ સાધુઓ શ્લોક બોલવા લાગ્યા ત્યારે ફૂલચંદભાઈ પણ महाध्यानाभ्यासम् એ શ્લોક સ્વામીશ્રીના મહિમાનો બોલ્યા અને પછી સ્વામીશ્રીની 'જય' બોલાવી.

અક્ષરધામ અત્યારે કાંકરા વીણે છે

સ્વામીશ્રીનો સમાગમ કરવા આ વખતે મહુવાથી ગોપાળજી શેઠ પણ આવ્યા હતા. પ્રાગજી ભક્તે મહુવામાં સ્વામીશ્રીનો અપાર મહિમા પ્રવર્તાવ્યો હતો અને સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એમ મહુવાના સૌ હરિભક્તો જાણતા હતા. જ્યારે જ્યારે તેઓ જૂનાગઢ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવતા, ત્યારે ઘણા પ્રસંગે તેઓને સ્વામીશ્રી પોતાના અક્ષરબ્રહ્મ સ્વરૂપની વાતો કરી આનંદ કરાવતા. એક વખત સૌ વાડીમાં કાંકરા વીણતા હતા તેવામાં સ્વામીશ્રી પણ ત્યાં પધાર્યા અને સૌ સાથે કાંકરા વીણવા માંડ્યા. ત્યારે ભગતજી મહારાજની પ્રેરણાથી ફૂલચંદભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! અત્યારે અક્ષરધામ શું કરતું હશે ?"

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "આ ટાણે અક્ષરધામ તમારી ભેળા કાંકરા વીણે છે."

વળી, બીજે એક પ્રસંગે મહુવાના હરિભક્તો સભામાં બેસી ખાખરાના

પાનના પડિયા અને પત્રાવળાં કરતા હતા. સ્વામીશ્રી પણ તેમના ભેગા પડિયા બનાવતા હતા. ત્યારે વળી દામા શેઠે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! આ ટાણે અક્ષરધામ શું કરતું હશે ?"

સ્વામીશ્રીએ કહ્યું : "તમારા ભેળા ખાખરાના પાનના પડિયા બનાવે છે."

આવા અનેક પ્રસંગોએ પ્રાગજી ભક્તે તેમને સ્વામીશ્રીના મહિમાની જેવી અને જેટલી વાતો કરી હતી તે મહિમાનો સાક્ષાત્કાર સ્વામીશ્રીએ પોતાના શ્રીમુખે કહી તેમને કરાવ્યો હતો. ગોપાળજી શેઠ પણ ભગતજીના જ મંડળના હતા અને ભગતજી થકી સ્વામીશ્રીના મહિમાની વાતો સાંભળી જૂનાગઢ સમાગમ કરવા આવતા. આ વખતે તેઓ અહીં સમાગમ કરવા રોકાયા. એક દિવસ સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "કેમ ગોપાળજી ! તમારાં ડોશીને સારું છે ને ? માંદાં તો નથી ને ?"

ગોપાળજી શેઠે કહ્યું : "ના, મહારાજ ! એમને કાંઈ મંદવાડ નથી અને શરીર સારું છે."

સ્વામીશ્રીએ કહ્યું : "તો તો ઠીક."

પણ ગોપાળજી શેઠને આ વાત સાંભળી ધ્રાસ્કો પડ્યો. તેમને મનમાં થયું કે સ્વામીશ્રીએ કાંઈ કારણ વગર ડોશીમાના સમાચાર પૂછ્યા માટે નક્કી કાંઈ વિઘ્ન આવવાનું હશે. ત્રીજે દિવસે તેમના ઉપર મહુવાથી ખેપીઓ કાગળ લઈ આવ્યો. તેમાં જણાવ્યું હતું કે ડોશી એકાએક ધામમાં ગયાં છે. કાગળ વાંચીને તેઓ સ્નાન કરવા ગયા. સ્નાન કરી સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું; "કેમ ગોપાળજી !"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! પરમ દિવસે તમે મારી ડોશીના સમાચાર પૂછ્યા ત્યારથી જ મને સંશય થયો હતો. ડોશી ધામમાં ગયાં."

સ્વામીશ્રીએ કહ્યું : "અમે તો જાણતા હતા માટે તમને પૂછ્યું હતું." આ પ્રમાણે સ્વામીશ્રીએ ગોપાળજી શેઠને પોતાનું ઐશ્વર્ય બતાવી પોતાના મહિમાની પ્રતીતિ કરાવી.

નવી ધર્મશાળાની શરૂઆત

સ્વામીશ્રીએ શ્રાવણ માસમાં જૂની ધર્મશાળા ઉખેડીને નવી ધર્મશાળાનો પાયો નાખ્યો. સ્વામીશ્રીએ પોતે જ પાયાની દોરી બાંધી આપી. આ વખતે

સોરઠ દેશના ઘણા હરિભક્તો આ સેવા કરવા માટે આવ્યા હતા. મોટા ગોખરવાળાના જીવો જયાણી તથા ગઢડાના પુરાણી રૂગનાથચરણદાસજી વગેરે સેવા કરવા આવ્યા હતા. સૌ શ્રદ્ધાપૂર્વક સેવા કરી સ્વામીશ્રીને રાજી કરવા માગતા હતા. સ્વામીશ્રીએ દશ દશ ત્યાગીનાં મંડળો બાંધી પાયા ખોદવાનું કામ શરૂ કર્યું હતું. પ્રાગજી ભક્તના મંડળમાં બેથી ત્રણ સાધુ હતા. સ્વામીશ્રીએ તો તેમની શ્રદ્ધાની કસોટી કરવા આ પ્રમાણે ગોઠવ્યું હતું. પરંતુ પ્રાગજી ભક્તને તો તીવ્ર શ્રદ્ધા હતી. સ્વામીશ્રીને રાજી કરવા તેમણે દેહની સંપૂર્ણ અવગણના કરી દીધી. તેમની આવી શ્રદ્ધા જોઈ સ્વામીશ્રી તેમના પક્ષમાં ભળ્યા. એટલે બીજાં ત્યાગીનાં મંડળોએ જ્યારે બબ્બે માથોડાં પાયો ખોદ્યો ત્યારે છીપર આવી જ્યારે ભગતજીએ માંડ દોઢથી બે હાથ ખોદ્યું ત્યાં કાળા પથ્થરની છીપર આવી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "પ્રાગજીના મંડળમાં થોડા સાધુ છે ત્યારે તેના પક્ષમાં ભગવાન અને મોટા સાધુ છે." એ પ્રમાણે સ્વામીશ્રીની કૃપાથી પ્રાગજી ભક્તનું કામ ઓછી મહેનતે થતું હતું.

પછી પાયા પૂરવાનું કામ આવ્યું. સ્વામીશ્રી આ હવેલીના કામમાં ઘણુંખરું માથે જ ઊભા રહેતા. જેથી દરેક સંત-હરિભક્તને સેવા કરવાની પ્રેરણા મળે. પાયા પુરાવવા માટે કાળવામાંથી મોટા મોટા પથ્થરો રેંકડે ચડાવીને લાવતા હતા. સ્વામીશ્રી ત્યાં ધાબળી પાથરીને બેસતા. સંતો, પાર્ષદો અને હરિભક્તો પથ્થરો રેંકડે ચડાવી પાયામાં નાખે ત્યારે સ્વામીશ્રી બોલે : "હરામ ! હરામ !"

તે વખતે ત્યાં કેટલાક નાગર હરિભક્તો બેઠા હતા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : "મહારાજ ! આમાં ખાધાની શી ચીજ છે તે આપ હરામ હરામ કરો છો ?"

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "તમારે તમારા ખજાનામાંથી સોનું કાઢવું હરામ છે તેમ અમારે આ પાયામાંથી આ પથ્થર કાઢવા હરામ છે." એમ કહીને સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમારે ઘેર કઢી કરવી હોય ત્યારે છાશ અને ચણાના લોટમાં હળદર નાખો ત્યારે તે પીળી થાય ને ? પણ કાંઈ સોનું નાખ્યે કઢી પીળી થાય ? પણ તમારે તો સોનું નાખ્યે કઢી પીળી થતી હશે ? અમારે તો હળદર નાખ્યે જ કઢી પીળી થાય છે." આમ, સ્વામીશ્રીએ નાગરોના લોભ ઉપર કટાક્ષ કર્યો.

સ્વામિનારાયણ સંપ્રદાય તરફ સદા દ્વેષ સેવતા જૂનાગઢના શિવપંથી નાગર અમલદારો સ્વામીશ્રીના કાર્યમાં વિઘ્ન નાખવા તત્પર રહેતા પરંતુ સ્વામીશ્રીની અમોઘ શક્તિ આગળ કોઈનું કાંઈ ચાલતું નહિ. છતાં હમણાં તેમને એક તક મળી. સ્વામીશ્રીએ નવી ધર્મશાળાના પાયા પુરાવવા કાળવા નદીમાંથી પથ્થરો મંગાવ્યા હતા. રાજ્યની આ મિલકત હતી અને રાજ્યની પરવાનગી સિવાય આ પથ્થરો સ્વામીશ્રીએ લીધા તેથી સ્વામીશ્રીની વિરુદ્ધમાં નાગર અમલદારોએ નવાબને ફરિયાદ કરી.

નવાબ તો જાણતા હતા કે સ્વામીશ્રી ભગવાનના મૂકેલા ફિરસ્તા છે તેથી તેમના વિરુદ્ધ કોઈ દાદ સાંભળી શકાય નહિ. છતાં પોતાના અમલદારોના સંતોષ માટે તેમણે સ્વામીશ્રીને દરબારમાં બોલાવ્યા. સ્વામીશ્રી બે સંતો સાથે પધાર્યા. ત્યારે નવાબે કુર્નિશ કરી સલામ કરી. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. પછી નવાબે તેમના અમલદારોને પૂછ્યું : ''તમારે શી ફરિયાદ છે ?''

તેમણે કહ્યું : ''આપણી કાળવા નદીમાંથી રાજ્યને પૂછ્યા સિવાય સ્વામિનારાયણના સાધુઓએ પથ્થર લીધા છે.'' નવાબ આ સાંભળી હસ્યા.

પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''અમે ફક્ત પથ્થરો લીધા છે એમ તમને લાગતું હોય તો તમને પથ્થરો પાછા આપી દઈશું.''

તે સાંભળી નાગર અમલદારને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : ''તમે શી રીતે પથ્થર પાછા આપવાના છો ? બધા પથ્થરા તો તમે તમારી નવી ધર્મશાળાના પાયામાં ચણી દીધા છે.''

સ્વામીશ્રી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''તમારે પથરાનું કામ છે ને ? તમને પાછા મળી જશે.''

નવાબ સાહેબ આ બધું સાંભળતાં હસતા હતા. તેમણે તેમના અમલદારોને કહ્યું : ''એ તો ઓલિયા છે તે ગમે ત્યાંથી તમને પથરા પાછા આપશે. તમારે તો પથરા સાથે કામ છે ને ?''

પછી તેમણે સ્વામીશ્રીને સલામ કરી. સ્વામીશ્રીએ તેમનો સદ્‌ભાવ જોઈ ફરી તેમને આશીર્વાદ આપ્યા. પછી મંદિરે પધાર્યા.

બીજે દિવસે એટલો બધો વરસાદ થયો કે ઉપરવાસના ડુંગરામાંથી કેટલાક પથરા તણાઈને કાળવા નદીમાં આવ્યા. તે દિવસે સાંજે સ્વામીશ્રીએ

બે સાધુઓને કહ્યું : "તમે નાગર અમલદારોને જઈને કહો કે તમારા લીધેલા પથરા તમને પાછા આપી દીધા છે. કાળવામાં જઈને જોઈ આવજો."

સાધુઓએ આ પ્રમાણે નાગર અમલદારો પાસે જઈને કહ્યું. તેમને કુતૂહલ થયું. તેથી તેઓ કાળવામાં જોવા ગયા; ત્યાં તો પુષ્કળ પથરા વરસાદના પાણીમાં તણાઈને ત્યાં ભેગા થયા હતા. સ્વામીશ્રીની અમોઘ શક્તિનો તેમને ખ્યાલ આવ્યો. છતાં રાગદ્વેષથી ભરાયેલું તેમનું અંતર એમ નમતું દે તેવું ન હતું.

સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે

ચૂનો કરવાની ક્રિયાની કોઈ જવાબદારી લેવા તૈયાર ન હતું. ચૂનાના છેરથી આંધળા થવાય અને હાથ-પગ પણ ફાટી જાય તે બીકે કોઈ આ કામ કરવા તૈયાર ન હતું. સ્વામીશ્રીએ તેથી પ્રાગજી ભક્તને બોલાવીને કહ્યું : "પ્રાગજી ! આ ચૂનાનું કારખાનું કરવા કોઈ તૈયાર થતું નથી. સૌને બીક લાગે છે કે હાથપગ ફાટી જશે અને વળી આંધળા થઈશું. માટે તું આ ક્રિયા માથે રાખ... તને મદદમાં પાંચ-સાત માણસો આપીશું."

ભગતજીએ આ સાંભળી રાજી થઈને કહ્યું : "મહારાજ ! આપની ઈચ્છા હશે તો બધી જ ક્રિયા કરીશ. મારે કોઈની મદદની જરૂર નથી. મારે તો આપની સહાય છે એ જ બસ છે."

સ્વામીશ્રી તેમની શ્રદ્ધા અને પોતાને રાજી કરવાનો તીવ્ર વેગ જોઈ રાજી થયા. બીજા જે ઈર્ષ્યાગ્નિમાં બળતા હતા તેઓ વિચારતા હતા કે પ્રાગજી કાં તો આંધળો થાય કે કાં તો મરે તો સારું. પરંતુ એમની જીવનદોરી ક્યાં તેમના હાથમાં હતી ? ચૂનાના હવાડામાં ઊતરી પ્રાગજી ભક્ત ચૂનો કચરતા ત્યારે ઘણા તેમને કહેતા : "પ્રાગજી ! આ ચૂનાના છેરથી આંધળો થઈશ, હાથપગ ફાટી જશે."

ભગતજી કહેતા કે "આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે. મારે તો ગમે તેમ થાય પણ તેમને રાજી કરવા છે."

ભગતજી આ પ્રમાણે સ્વામીશ્રીને રાજી કરવા અવિરતપણે દશ દશ માણસનું કામ પોતે એકલા કરતા. આવી રીતે હવેલીની ક્રિયામાં અવિરતપણે જોડાયા છતાં કથા વાંચવામાં કોઈ ન હોય ત્યારે રાત્રે સ્વામીશ્રી

પાસે બેસી આખી રાત પોતે કથા વાંચતા. સ્વામીશ્રી પણ તેમની શ્રદ્ધા જોઈ આખી રાત તેમને વાતો કરતા. આમ, કોઈ દિવસ પોતે સૂતા જ ન હતા. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી, નરનારાયણદાસજી, સ્વામી જાગા ભક્ત, આત્માનંદ બ્રહ્મચારી વગેરે ઘણાખરા કહેતા કે ચાર વર્ષ સુધી તો પ્રાગજી ભક્ત સૂતા જ નથી.

આ વખતે સમગ્ર સોરઠમાંથી કડિયા, લુહાર, સુથાર વગેરે હરિભક્તો સેવા કરવા આવ્યા હતા. જાળિયાથી અરજણ બાબરિયો, વણથળીથી કલ્યાણભાઈ, દાડમાથી ભગવાન સુથાર, જેતપુરથી લુહાર શામજી, નથુભાઈ તથા ખીમા પટેલ તથા તેમના બે દીકરા વેલો અને ડાહ્યો પણ હતા. આ બંનેને સ્વામીશ્રી રોજ કોઠારમાંથી દળના બબ્બે લાડુ અપાવતા. જ્યારે બીજા સૌને ભંડારે ઊના રોટલા કરાવી જમાડતા.

ઉપલેટાના આહીર નારણભાઈને કિડિયારા[૧૯]નો રોગ થયો હોવાથી તે જૂનાગઢ સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીને પગે લાગીને કહ્યું : "સ્વામી ! દયાળુ ! આ રોગના ઘણા ઘણા ઉપાય કર્યા પણ મટતો નથી તો કેમ કરીએ ?"

સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે અહીં વૈદ્ય છે તે લ્યો બોલાવીએ' એમ કહી બ્રહ્મચારી હરિદર્શનાનંદજીને તથા દ્વારકાદાસને બોલાવ્યા અને કહ્યું : "આનું વૈદું કરો."

હરિદર્શનાનંદજીએ કહ્યું : "ચરી પાળવી જોશે."

નારણભાઈએ કહ્યું : "ભલે સ્વામી ! તમે જેમ કહેશો તેમ કરીશ."

પછી હરિદર્શનાનંદજીએ દવા કરવા માંડી. પંદર દિવસ થયા પણ કાંઈ ફેરફાર ન થયો. તેથી નારણભાઈએ આવી સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! પંદર દિવસ તો થયા પણ રોગ તો કાંઈ મટતો નથી."

સ્વામીશ્રીએ હસીને કહ્યું : "વૈદ્યના તો ખાટલે,[૨૦] ચાલો આરો[૨૧]

---

૧૯. મૂળ શબ્દ કિડિયા નગરું. અર્થાત્‌ હાથે કે પગે કે શરીરના કોઈપણ ભાગમાં ફોડકીઓ થાય અને તેમાં સડો થયે જીવાત પડે તેવો રોગ. આને ગેંગરીન પણ કહે છે.

૨૦. વૈદ્ય બીજાની જેમ પોતાના કુટુંબીની કાળજી રાખતો નથી, ત્યારે આ પ્રયોગ વપરાય છે.

૨૧. ઉપાય.

કરવો છે તે સેવા કરવા આવો, મટી જશે.'' એમ કહી ચૂનાના આરા પાસે તેમને લઈ ગયા. નારણભાઈ ચૂનાના આરામાં પડી ચૂનો ફેરવવા લાગ્યા. પછી બહાર નીકળ્યા અને પગ ધોયા ત્યાં તો રોગનો ઊભરો ઘણો જ જણાયો. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''અરે, આ તો આવું થઈ ગયું ?''

નારણભાઈએ કહ્યું : ''હા સ્વામી ! બહુ રોગ થઈ ગયો. હવે ઝટ મટે તેવી દયા કરો.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''ચાલો, અમે વૈદું કરીએ.''

સ્વામીશ્રીએ કાના ભગતને બોલાવ્યા અને કહ્યું : ''રાણ ભેંશનું છાણ લાવો.''

કાના ભગત છાણ લઈ આવ્યા. તેમાં થોડું મીઠું નાખીને એક ઠીબડામાં તે છાણ ઊનું કરવા મૂક્યું. સ્વામીશ્રીએ તેનો પાટો નારણભાઈને બાંધ્યો અને કહ્યું : ''આ પાટો ત્રણ દિવસ સુધી રાખશો, છોડશો નહિ.''

ત્રણ-ત્રણ દિવસે સ્વામીશ્રીએ તેને બે પાટા બાંધ્યા ત્યાં તો પગે સાવ સારું થઈ ગયું ! સ્વામીશ્રીની કૃપાથી તેનો અસાધ્ય રોગ મટી ગયો તેમાં દવાનું તો કાંઈ મહત્ત્વ હતું નહિ !

નવી હવેલીની સેવામાં

અમરેલી પાસે ભંડારિયા ગામ છે. ત્યાંના કણબી હરિભક્ત બાપ-દીકરો જૂનાગઢ આવ્યા હતા. હવેલીનું કામ ચાલતું હતું તેમાં આ હરિભક્ત સેવામાં જોડાઈ ગયા. હવેલીનું કામ રોજ બપોરે બાર વાગે જ્યારે તોપ પડતી ત્યારે બંધ થતું અને સહુ કામ કરનારા જમવા જતા. એક દિવસ તે બાપદીકરો વંડામાં કામ કરતા હતા ને અગિયાર થવા આવ્યા હતા. તેવામાં તે છોકરો ભૂખ્યો થયો હોવાથી તેણે તેના બાપને કહ્યું : ''બાપુ ! આ તગારું હવે ક્યારે આળસશે ?''

તેવામાં મંદિરમાં રાજભોગની આરતી થવા લાગી. સ્વામીશ્રી પણ બહિર્ભૂમિએ ગયા હતા તે ત્યાં આવ્યા. તે છોકરાએ તેના બાપને પૂછ્યું હતું તે સ્વામીશ્રીએ સાંભળ્યું હતું. તેથી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''જો ભાઈ ! જે દિ' આ નગારું આળસશે તે દિ' આ તગારું પણ આળસશે. આ તો સ્વામિનારાયણનો સંકલ્પ છે તે દહાડે દહાડે વધતું જ જશે. આ પાવડો ને

તાવડો તો પૃથ્વી રહેશે ત્યાં સુધી રહેશે તે ઊતરવાનો જ નથી.'' આ પ્રમાણે કહી સ્વામીશ્રી નાહવા પધાર્યા.

નવી ધર્મશાળા થતી હતી તેમાં સેવા કરવા અને સ્વામીશ્રીને પ્રસન્ન કરવા દેશદેશાંતરથી હરિભક્તો આવ્યે જતા હતા. જામનગરથી કડિયા ભાણાભાઈ તેમના દીકરા જીવાભાઈને લઈને જૂનાગઢ આવતા હતા. તેમની સાથે ધરમસી કડિયા પણ આવવા તૈયાર થયા. ચાલતાં ચાલતાં ગામ ખંઢેરે આવ્યા. ત્યાં ધરમસીનો ભાઈ કેશવ જૂનાગઢથી આવતો હતો તે સામો મળ્યો. તેણે ધરમસીને કહ્યું : ''સ્વામી તો ગામડે ફરવા જવાના હતા તે કદાચ વણથળી ગયા હશે.''

તે સાંભળી ધરમસીએ જીવાભાઈને કહ્યું : ''મારે હવે જૂનાગઢ આવવાની ઈચ્છા નથી. કારણ સ્વામી તો ગામડે ફરવા ગયા છે તેમ આ કેશવ કહે છે. તો હવે જૂનાગઢ જઈને શું કરવું ?''

જીવાભાઈએ કહ્યું : ''ભલે, સ્વામી ફરવા ગયા હશે અને વણથળી હશે તો આપણે વણથળી જાશું. કાંઈ સો ગાઉ તો છેટે નહિ ગયા હોય ને ?''

છતાં ધરમસીનું મન હવે જૂનાગઢ જવાનું નહોતું. તેથી તેણે કહ્યું : ''ભલે, તમારે જાવું હોય તો જાઓ. હું તો હવે આવવાનો નથી.''

તેથી જીવાભાઈને ખોટું લાગ્યું. તેણે ધરમસીને સ્પષ્ટ કહી દીધું : ''ભલે ત્યારે, તમારે ન આવવું હોય તો કાંઈ નહિ. પણ આજથી તમારે અને અમારે હવે વહેવાર નહિ રહે.'' આ સાંભળી ધરમસી ઢીલો પડી ગયો. પછી ભેગા ચાલ્યા.

જૂનાગઢ પહોંચ્યા અને મંદિરે આવ્યા ત્યાં તો સ્વામીશ્રી દરવાજા આગળ લીંબડા નીચે ઘંટીના પડ ઉપર બેઠા હતા. છેટેથી સ્વામીશ્રીનાં તેમને દર્શન થયાં અને આનંદ આનંદ થઈ ગયો. પાસે આવી સ્વામીશ્રીને દંડવત્ કર્યા. ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''આ ધરમસીને તો ઘણું નો'તું આવવું અને પાછો વળતો હતો પણ આ જીવો તેને લઈ આવ્યો.''

પછી ધરમસી તરફ જોઈ સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''કેમ આવવાનો વિચાર માંડી વાળતા'તા ?''

પછી બોલ્યા : ''જુઓ, અહીં કારખાનાનું કામ ચાલે છે એટલે તું અને ભાણો બે મહિના સેવા કરો. જીવો એક મહિનો સેવા કરે.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ આજ્ઞા કરી તેથી તે હરિભક્તો રાજી થયા. સ્વામીશ્રીના વચને આ દુર્લભ સેવાનો લાભ મળ્યો તેથી પોતાને કૃતાર્થ માની, બીજે દિવસથી તેઓ સેવામાં જોડાઈ ગયા.

લગભગ એક માસ પૂરો થયો ત્યારે જીવે આવીને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મારે હવે ઘેર જાવું છે, કારણ કે મારી મા દેહ મૂકી ગઈ છે અને ઘર કોઈ સાચવે એવું નથી.''

સ્વામીશ્રીએ તેને કહ્યું : ''હમણાં બે દિવસ ખમી જા. પછી જાજે.'' જીવાએ આજ્ઞા પાળી.

બે દિવસ બાદ દેવો કડિયો સ્વામીશ્રી પાસે આવ્યો અને પગે લાગીને કહ્યું : ''સ્વામી ! મારે નગર જાવું છે.''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''આ જીવાને પણ આવવું છે તે તારી સાથે તેડી જા.''

પછી તે બંને તૈયાર થઈને સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. ત્યારે દેવાએ કહ્યું : ''હું ગામમાંથી ભાતું લઈ આવું.''

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''ભાતું વળી ગામમાંથી લાવવાનું હોય ? ચાલ મારી સાથે.'' એમ કહી તેને કોઠારે લઈ ગયા. ત્યાં તેને ત્રણ ખોબા ભરીને પૂરીઓ આપી અને કહ્યું : ''પછેડીમાં બાંધી લેજે. ખાવું હોય ત્યારે ગાંઠનો છેડો ઢીલો કરી માંહીથી કાઢીને ખાજે પણ છોડીશ નહિ. નગર સુધી બંને ખાતા જજો. ખૂટશે નહિ.'' પછી કોઠારેથી ચાલતાં ચાલતાં જીવાને કહ્યું : ''જીવા ! તું પરદેશમાં કમાવા જવાના મનસૂબા કરે છે પણ પરદેશ જવું નથી. મહારાજ તને ઘેર બેઠાં દાળરોટલા આપશે.''

તેઓ ત્યાંથી નીકળ્યા અને ત્રીજે દિવસે જામનગર પહોંચ્યા. ત્રણ દિવસ સુધી રસ્તામાં પૂરીઓ ખાધી પણ ખૂટી નહિ. જીવાએ સ્વામીશ્રીની આજ્ઞા પાળી અને પરદેશ ન ગયો એટલે તે જીવ્યો ત્યાં સુધી તેને દાળરોટલા મળ્યા અને તેનો વ્યવહાર સારો ચાલ્યો.

જા, હવે સંકલ્પ નહિ થાય

જીવો જામનગર ગયો. જૂનાગઢમાં તેના બાપ ભાણાએ સ્વામીશ્રીને

પૂછ્યું : "સ્વામી ! મારા ઘરનું મનુષ્ય દેહ મૂકી ગયું છે તેથી સૌ કહે છે કે બીજું કર્યા વિના ન ચાલે. મને પણ સંકલ્પ રહે છે. તો હું કેમ કરું ?"

સ્વામીશ્રીએ કહ્યું : 'તમારા દીકરા મોટા છે તેને પરણાવજો. એટલે તેનાં ઘરનાં મનુષ્ય તમને રોટલા ઘડી દેશે. હવે બીજું ઘર કરવાનો સંકલ્પ કરવો નહિ." એમ કહી સ્વામીશ્રીએ તેને પાસે બોલાવી વાંસામાં થાપો માર્યો અને કહ્યું : "જા, હવે કોઈ દિવસ તને સંકલ્પ નહિ થાય."

સ્વામીશ્રીની મરજી જોઈ તેણે બીજું ઘર ન કર્યું અને આશીર્વાદથી વાસનાના સંકલ્પો પણ તેના બંધ થઈ ગયા. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે બે મહિના સેવા કરીને ઘેર ગયો.[૨૨]

આ વરસે વરસાદ બહુ જ ઓછો પડ્યો હતો અને લોકોના ઊભા મોલ વરસાદ વિના સુકાઈ ગયા હતા. દિવાળી અરસામાં જ અનાજની અછત સારી રીતે દેખાતી હતી. હરિભક્તો ઘણી વાર સ્વામીશ્રીને વાત કરતા ત્યારે સ્વામીશ્રી કહેતા : "મહારાજની જેમ ઇચ્છા હશે તેમ થશે." ત્યારે હરિભક્તો પણ સમજી જતા કે વરસાદ વરસાવવાની સ્વામીશ્રીની ઇચ્છા નથી. એટલે ઝાઝો આગ્રહ કરતા નહિ. સ્વામીશ્રીની મરજીને આધીન રહી સુખદુઃખ ભોગવવું એ જ ભક્તિ છે એમ તેઓ માનતા.

આ અરસામાં વરતાલથી બે સાધુ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે અને સેવા માટે જૂનાગઢ આવતા હતા. રસ્તામાં થાણાગાલોલ આવ્યા ત્યારે ત્યાંના હરિભક્ત જસા રાજગરે તેમને રોક્યા. પાલી બાજરો મળે તો દળાવીને સાધુને રોટલા જમાડવાની તેમની ઇચ્છા હતી. એક રૂપિયો લઈ આખા ગામમાં ફર્યા પણ કોઈને ઘેર પાલી બાજરો મળ્યો નહિ. પોતાના ઘરમાં તો બે સાલની જૂની જાર હતી જે ખોરી થઈ ગઈ હતી. તે સાધુને જમાડાય નહિ. આ હરિભક્તને બાજરો ન મળ્યો એટલે નિરાશ થઈ ગયા અને સાધુ પાસે આવી રડી પડ્યા. બંને સાધુઓએ તેમને કહ્યું : "ભગત !

૨૨. ભાણાએ સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે ફરીવાર લગ્ન ન કર્યું. તેને બે દીકરા હતા. બંનેએ તેની સારી ચાકરી કરી. તેના અંત સમયે ત્રણ દિવસ અગાઉ સ્વામીશ્રીએ તેને દર્શન દીધાં અને કહ્યું : "આજથી ત્રીજે દિવસે અમે તને તેડવા આવીશું." તે પ્રમાણે ત્રીજે દિવસે સ્વામી અને મહારાજ તેને તેડવા પધાર્યા અને તેણે બોલતાં ચાલતાં 'જય સ્વામિનારાયણ' કહીને દેહ મૂકી દીધો.

તમે દુ:ખી થાઓ મા. અમારે જમવું નથી અને જૂનાગઢ જવું છે તે હમણાં ત્યાં પહોંચી જાશું.'' એ પ્રમાણે તેને સાંત્વન આપી, હરિભક્તોને સાધુઓ ઉપર કેવો ભાવ છે તેનો અંતરમાં અનુભવ કરી, ભક્તના દુ:ખે દુ:ખી થતા આ બંને સંતો સાંજે જૂનાગઢ પહોંચ્યા.

ભગવાનનું પેટ તો મોટું હોય

મંદિરમાં આવી સ્વામીશ્રીને દંડવત્ કર્યા. પછી ગામ થાણાગાલોલના જસા રાજગરની વાત કરી અને કહ્યું : ''સ્વામી ! સોરઠ દેશમાં હરિભક્તોને સાધુ પ્રત્યે આવો ભાવ તે અનાજ ન મળ્યું એટલે બીચારા રોઈ પડ્યા. આજથી જ આમ થાય છે તો આગળ જતાં વરસાદ વિના માણસો અને પશુઓનું શું થાશે ? માટે સ્વામી ! કાંઈ વરસાદ થાય તો સારું.''

હરિભક્તોના દુ:ખે દુ:ખી થતા સંતોને જોઈ સ્વામીશ્રીને થયું કે સંતોને હરિભક્તો પ્રત્યે આવી આત્મબુદ્ધિ છે ! આવું સુહૃદપણું જોઈ સ્વામીશ્રી અંતરમાં બહુ જ રાજી થયા. પછી કહ્યું : ''તમારી વાત સાચી છે. આપણે તો મહારાજના પ્રતાપે દાણાના કોઠાર ભર્યા છે પણ હરિભક્તોનાં છોકરાં દાણા વિના ભૂખે મરે તો આપણને પણ ખાવું કેમ ભાવે ? વળી, આપણે આ ધર્મશાળા કરાવવા માંડી છે તેમાં જો કાળ પડે તો બહુ જ ખોટું. માટે જેમ અઘાસુરના પેટમાં ગોવાળિયા આવી ગયા હતા પણ શ્રીકૃષ્ણ ભેગા હતા તો બધા ઊગર્યા, તેમ આપણે આ ધર્મશાળા આદરી છે તે જો મહારાજ ભળે તો કાળમાંથી સૌ ઊગરે.'' એ પ્રમાણે સ્વામીશ્રીએ વરસાદ થાય એવી ઇચ્છા બતાવી.

બીજે દિવસે સ્વામીશ્રીએ બે સાધુને ઉપલેટા મોકલ્યા અને કહ્યું : ''લાલાભાઈને બોલાવી લાવો.'' બીજા બે સાધુને વણથળી મોકલ્યા. તેમને કહ્યું : ''કલ્યાણભાઈને બોલાવી લાવો.'' બીજે દિવસે સ્વામીશ્રી ભંડારે જમવા પધાર્યા પણ 'સત્સંગીના દીકરા ભૂખે મરે છે' એ વિચાર આવતાં તે દુ:ખે કરીને પોતે જમી શક્યા નહિ ! સ્વામીશ્રી જમ્યા સિવાય જ સભામાં આવીને વિરાજ્યા. ત્યાં લાલાભાઈ અને કલ્યાણભાઈ બંને આવ્યા. સ્વામીશ્રીને પગે લાગીને બંને સભામાં બેઠા. તેમને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''લાલાભાઈ ! આ વરસાદ તો તણાવી ગયો ને મોલ સુકાય છે તે જો

વરસાદ થાય તો સારું નીકર માણસો અને ઢોર દુઃખી થઈને મરશે.''

ત્યારે લાલાભાઈએ કહ્યું : ''સ્વામી ! વરસાદ તે શું થાય ? માણસો બહુ અધર્મી થઈ ગયા છે તે ટાઢા પાણીએ ભલે ખસ જાય.''

પરંતુ સ્વામીશ્રીને આ ન ગમ્યું. તેમણે કહ્યું : ''લાલાભાઈ ! આપણે એમ ન વિચારવું જોઈએ. ભગવાનનું પેટ તો મોટું હોય. વળી, સત્સંગી રોટલા ખાય તે ભેળા કુસંગી પણ ભલે ખાય. પણ જો અનાજ ન પાકે ને સત્સંગીના દીકરા ભૂખે મરે એટલે અમારે ગળે અનાજ ન ઊતરે. માટે સત્સંગી ને કુસંગી સર્વે રોટલા ખાય.'' એમ કહીને થોડી વાર પછી બોલ્યા : ''જ્યારે મહારાજે અહીં આ દેવ પધરાવ્યા, ત્યારે કહ્યું હતું કે અમે આ દેવ પધરાવીએ છીએ તે સાધુ-સત્સંગીઓની રક્ષાને અર્થે પધરાવીએ છીએ. માટે જ્યારે કાંઈક દુઃખ આવે, ત્યારે તેમની પાસે જઈને માળા ફેરવજો. એટલે દુઃખ ટળી જશે. માટે આજે આપણે ઠાકોરજી આગળ જઈને માળા ફેરવીએ.''

ત્યાર પછી ઠાકોરજી જ્યારે જાગ્યા, ત્યારે સ્વામી સૌ સંતો-હરિભક્તોને લઈને દર્શન કરવા પધાર્યા અને બે કલાક સૌએ ઊભા રહીને માળા ફેરવી. પછી સ્વામીશ્રી મહારાજની મૂર્તિ આગળ ઊભા રહીને સ્તુતિ કરતાં બોલ્યા : ''મહારાજ ! આકાશમાંય પાણી છે અને પાતાળમાંય પાણી છે. માટે ગમે તો ઉપરથી વરસાવો અને ગમે તો નીચેથી પૃથ્વી ઉપર ચડાવો પણ ખેડુના મોલ પકવજો, નહિ તો સત્સંગીનાં છોકરાં જો ભૂખે મરશે તો અમારે ગળે અનાજ નહિ ઊતરે. પછી જેમ આપની મરજી.'' એ પ્રમાણે કહીને ધર્મશાળામાં પધાર્યા.

પછી પોતાના આસને બેસીને વાત કરતાં કહ્યું : ''આપણે તો ઠાકોરજી આગળ માળા ફેરવીને ભજન કર્યું. હવે વરસાદ કરવો ન કરવો તે તેમની મરજીની વાત છે. આકાશમાંય પાણી છે અને પાતાળમાંય પાણી છે. તે ગમે તો ઉપરથી વરસાવે અને ગમે તો નીચેથી ઉપર ચડાવે. આપણે તો દાણાનું કામ છે.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ સૌ પાસે માળા ફેરવાવી શુભ સંકલ્પ કર્યો. સ્વામીશ્રીના આ સંકલ્પના પ્રતાપે તે દિવસથી હંમેશાં મેઘરવો આવવા માંડ્યો અને દશ વાગ્યા સુધીમાં તો છોડવા ફરતી વેંત વેંત ધરતી પલળી જાય. થોડા દિવસમાં તો છોડવે છોડવે હાથ હાથનાં ડૂંડાં થયાં ! અનાજ બહુ

પાક્યું. કપાસ પણ સારો પાક્યો અને મણ એકનો ભાવ બીજે અછત હોવાથી રૂપિયા ૨૦/- નો આવ્યો. તેથી ખેડુના ઘરમાં રૂપિયાના ઢગલા થયા !

વરતાલમાં સ્વામીશ્રીને હાથી ઉપર પધરાવ્યા

સંવત ૧૯૧૮ના કાર્તિક પૂર્ણિમાનો સમૈયો કરવા સ્વામીશ્રી વરતાલ જવા નીકળ્યા. પ્રથમ સ્વામીશ્રી ગઢડા પધાર્યા. અહીં સ્વામીશ્રીની સાથે આવેલા ભેરાઈના દરબાર જસાભાઈ સ્વામીશ્રીની આજ્ઞા લઈ મૂળી, ધોળકા, અમદાવાદ અને વરતાલ જવા ગઢડાથી નીકળ્યા. સ્વામીશ્રી પણ કારિયાણી, ધોલેરા, સિંજીવાડા થઈને સોજીત્રા આવ્યા. અહીં હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી કુંડવાળી ધર્મશાળામાં ઊતર્યા. પછી રામકૂવે નાહવા પધાર્યા. અહીં પીપળા નીચે વસ્ત્રો ઉતારી શ્રીજીમહારાજની પ્રસાદીના પથ્થરનાં દર્શન કરી ત્યાં નાહવા વિરાજ્યા. સ્વામીશ્રી નાહતા હતા ત્યારે કલ્યાણભાઈ તથા તુલસીભાઈ તેમજ બીજા હરિભક્તો સામે બેઠા હતા. તે વખતે તુલસીભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ એ ત્રણે પ્રકારનાં કર્મો વર્તમાન ધરાવે ત્યારે બળી જાય છે. તો દેહ કેમ પડતો નથી ?"

સ્વામીશ્રીએ ઉત્તર કરતાં કહ્યું : "તન, મન અને ધન જ્યારે ભગવાનને અર્પણ કર્યું ત્યારે ભગવાનની ઇચ્છાના આધારે દેહ રહે છે."

પછી સ્વામીશ્રી ત્યાં પૂજા કરી ધર્મશાળામાં પધાર્યા. ત્યાં ભૂલાકાકા તથા જેઠાભાઈએ ઝવેરભાઈ વિઠ્ઠલભાઈને કહ્યું : "સ્વામી તો બહુ મોટાપુરુષ છે અને ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને, જેમ સાપને સાણસામાં પકડી રાખે, તેમ તેમણે અખંડ પકડી રાખી છે ને બહુ જ સમર્થ છે." એટલે ઝવેરભાઈએ સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં. સ્વામીશ્રીએ આ પ્રસંગે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની વાતો કરી તેમને મહારાજનો દૃઢ નિશ્ચય કરાવ્યો.

સ્વામીશ્રી સોજીત્રાથી નીકળી મહેળાવ આવી રાત રહ્યા. સ્વામીશ્રી મહેળાવ આવી ગયા છે તે સમાચાર વરતાલમાં મળતાં વરતાલથી આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ તેમજ ધર્મકુળના પ્રભુપ્રસાદજી મહારાજ, નારાયણપ્રસાદજી મહારાજ, કૃષ્ણપ્રસાદજી મહારાજ તેમજ કોઠારી

ગોવર્ધનભાઈ, વિજ્ઞાનાનંદ સ્વામી તથા સંતો અને હરિભક્તો મહેળાવ આવ્યા. સૌને સ્વામીશ્રીએ દર્શન અને વાતોથી આનંદ આપ્યો. પછી સૌની સાથે સ્વામીશ્રી વરતાલ પધાર્યા.

આ અરસામાં ખંડેરાવ મહારાજાએ આચાર્યજી મહારાજને એક હાથી ભેટ આપ્યો હતો. તે ઉપર પ્રથમ સ્વામીશ્રીને બેસાડવા એવી આચાર્ય મહારાજની ઇચ્છા હતી. તેથી તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : "આપ આ હાથી ઉપર બિરાજો. હજુ હમણાં જ આવ્યો છે અને હજુ સુધી કોઈ બેઠું નથી તેથી પ્રસાદીનો કરો."

પરંતુ સ્વામીશ્રીએ તરત જ કહ્યું : "હાથીની સવારી તો આપને જ ઘટે."

ત્યારે આચાર્ય મહારાજે કહ્યું : "આપ પ્રસાદીનો કરી આપો એટલે પછી અમે અંગીકાર કરીએ."

છતાં સ્વામીએ તો બહુ વિનયપૂર્વક ના જ કહી. તો પણ બહુ જ આગ્રહ કરીને સ્વામીશ્રીને હાથી ઉપર બેસાર્યા. સ્વામીશ્રી હાથી ઉપર વિરાજ્યા અને ઉગમણી બેઠકે સંઘ સહિત સવારી આવી ત્યારે હજારો હરિભક્તોએ સ્વામીશ્રીનાં હાથી ઉપર દર્શન કર્યાં. સૌ હરિભક્તોને અલૌકિક લાભ મળ્યો. સ્વામીશ્રી તો હાથી ઉપર પોતાની ગોદડી ઓઢીને નેત્ર મીંચીને શ્રીજીમહારાજ સન્મુખ વૃત્તિ રાખી બેઠા હતા. બેઠકેથી ગોમતી જઈ સંઘ મંદિરે આવ્યો. હજારો હરિભક્તો આ દિવ્ય દર્શનથી ધન્ય બની ગયા !

આ સમૈયામાં સ્વામીશ્રીએ કથાવાર્તા કરી સૌને ખૂબ આનંદ કરાવ્યો. તેમજ રઘુવીરજી મહારાજે પણ સમૈયામાં આવેલા ઘણા ખરા હરિભક્તોને સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે એમ ખુલ્લી વાતો કરી. આણંદના જીભાઈ શેલત ઘણી વખત કહેતા કે 'સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે તે વાત આચાર્ય રઘુવીરજી મહારાજ ઘણાને કહેતા.' સ્વામીશ્રી પણ આ પ્રસંગે વાતોમાં કહેતા કે 'આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને પૂરેપૂરો ઓળખ્યો. તેથી માથું મૂકી, લોકલાજ છોડી ઉઘાડી વાતો સભામાં કરવા માંડી છે.'

તમામ સદ્‌ગુરુ વચ્ચે અમારા ગુરુ ગુણાતીત જ વાતો કરે છે

સમૈયામાં સાંજે સ્વામીશ્રી ચોકમાં ચંદની તળે સભામાં વાતો કરતા

હતા. લગભગ દસ હજાર હરિભક્તો સભામાં બેઠા હતા. ત્યાં ભેરાઈના દરબાર જસાભાઈ આવ્યા. તેમને કોઈ ઓળખે નહિ એટલે સભામાં કોઈએ તેમને પેસવા દીધા નહિ. એટલે દૂરથી તેઓ મોટેથી બોલ્યા : "સાંભળો, સાંભળો. અમારા દેશમાં રિવાજ છે કે કાંધ ભાંગલો બળદ હોય તેને ખાટલે ખડ નીરે, તેમ મને કાને સંભળાતું નથી માટે મને આગળ આવવા દ્યો." તેમનો અવાજ સાંભળી રઘુવીરજી મહારાજનું તેમના તરફ ધ્યાન ગયું અને તેમણે તેમને ઓળખ્યા. પછી તેમને પાસે બોલાવી પોતાની પાટ પાસે બેસાર્યા. સ્વામીશ્રી સભામાં ખુરસી ઉપર બેસી વાતો કરતા હતા. જેમ ચકોર ચંદ્રમાં જોડાય, તેમ સભામાં સભાજનો સ્વામીશ્રી પ્રત્યે જોઈ રહ્યા હતા. તે જોઈ જસાભાઈ ઊંચેથી બોલ્યા : "મારે એક વાત કરવી છે."

તે સાંભળી રઘુવીરજી મહારાજ હસ્યા. પછી કહ્યું : "ખુશીથી કરો."

એટલે જસાભાઈ ઊભા થઈને બોલ્યા : "એક ગરીબ કોળણને ઘેર તેનો ભાઈ આવ્યો. બહેને વિચાર કર્યો કે મારો ભાઈ ઘણે દિવસે આવ્યો છે માટે સૌથી સારી રસોઈ કરી જમાડું. એમ ધારી જુવાર લઈ વાણિયાની દુકાને તે ગઈ. વાણિયાને જુવાર બતાવી તેણે કહ્યું : 'મને સારામાં સારો ગોળ આપ.' વાણિયે પૂછ્યું : 'કેવો ખાંડ જેવો ગોળ આપું ?' બાઈએ કહ્યું : 'ગોળ કરતાં ખાંડ સારી કે ?' વાણિયે કહ્યું : 'ખાંડ તો સારી જ ને !' એટલે કોળણે કહ્યું : 'તો ખાંડ આપ.' ફરી વાણિયે કહ્યું : 'કેવી સાકર જેવી ખાંડ આપું ?' તે સાંભળી કોળણ વિચારમાં પડી ગઈ. તેણે ફરી પૂછ્યું : 'ખાંડ કરતાં સાકર સારી ?' વાણિયે કહ્યું : 'સાકર તો સારી જ કહેવાય.' એટલે ફરી કોળણે કહ્યું : 'તો મને સાકર આપ.' એટલે ફરી તે વાણિયે કહ્યું : 'પારઠ (બાખડી) ભેંશના દૂધ જેવી સાકર આપું ?' તે સાંભળી તે કોળણે કહ્યું : 'પારઠ ભેંશ તો મારે ઘેર છે.' માટે મારે સાકર જોઈતી નથી.' એમ કહીને તે ઘેર ગઈ.

"આ તો દૃષ્ટાંત છે અને તેનો સિદ્ધાંત તો એ છે કે અમે જ્યારે જૂનાગઢ સ્વામીશ્રીની વાતો સાંભળવા જતા ત્યારે મનમાં એમ વિચાર આવતો કે જૂનાગઢ જે ખૂણામાં છેલ્લું મંદિર છે ત્યાં આવા સાધુ છે ત્યારે ગઢડા, મૂળી, અમદાવાદ, વરતાલ જેવાં મોટાં ધામોમાં તો કેવાય સાધુ હશે ? એમ જાણી હું સ્વામીની આજ્ઞા લઈ તે તમામ ધામોની જાત્રા કરવા નીકળ્યો.

તે ધામોમાં તમામ સાધુઓની વાતો સાંભળી, દર્શન કરી, હું અહીં આવ્યો. ત્યારે અહીં હું નજરે જોઉં છું કે આ વરતાલમાં પણ તમામ સદ્‌ગુરુઓની વચ્ચે અમારા ગુરુ સ્વામી ગુણાતીત જ વાતો કરે છે અને સર્વે સાધુ-સત્સંગીઓ એક વૃત્તિથી તેમની વાતો સાંભળવામાં તલ્લીન બની ગયા છે. આ જોઈ મને વિચાર આવ્યો કે પારઠ ભેંશનું દૂધ તો અમારા ઘરમાં જ છે ને હું તો અમસ્તો જ બધે ફરી આવ્યો.''

દરબારની આ વાત સાંભળી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ બહુ જ રાજી થયા. સ્વામીશ્રીના મહિમાની દરબારે વાત કરી પછી તેમણે પણ સભામાં સ્વામીશ્રીના મહિમા અને પ્રતાપની બહુ વાતો કરી. જે સાંભળી સભાજનોને બહુ જ આનંદ થયો. પછી રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : ''હું જૂનાગઢ ગયા વર્ષે આવ્યો ત્યારે આપનો સમાગમ કરવા આવવાનું વચન આપ્યું હતું. તો હવે ચાતુર્માસમાં જૂનાગઢ આવવું છે તો કૃપા કરીને કોઈ વિઘ્ન ન થાય એવી દૃષ્ટિ કરજો.''

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''તીર્થવાસી થઈને આવજો પણ રાજા થઈને આવશો નહિ.''

તે વચન તેમણે સ્વીકાર્યું. વરતાલમાં સમૈયો પૂરો થયો. સ્વામીશ્રીનો અદ્‌ભુત પ્રતાપ અને મહિમા ધીરે ધીરે સત્સંગમાં પ્રવર્તવા લાગ્યો.

સ્વામીશ્રી સમૈયો કરીને વરતાલથી નીકળ્યા. સાથે રઘુવીરજી મહારાજ પણ હતા. સૌ સોજીત્રા આવ્યા. અહીં પાંચ દિવસ રહ્યા અને ઘરોઘર પણ સ્વામીશ્રીની પધરામણી થઈ. સોજીત્રાથી નીકળી નાર થઈને ધર્મજ પધાર્યા. આ અરસામાં બોચાસણના કાશીદાસ મોટા ધામમાં ગયા હોવાથી તેમના કારજ ઉપર તેમના પુત્ર દેસાઈભાઈ મુખીએ સ્વામીશ્રીને તથા આચાર્ય મહારાજને બોચાસણ પધારવા વિનંતી કરી હતી. એટલે ધર્મજથી આખો સંઘ બોચાસણ આવ્યો.

બોચાસણમાં સ્વામીશ્રીની હાથી ઉપર પધરામણી

સ્વામીશ્રી ગામમાં પધાર્યા એટલે દેસાઈભાઈએ શણગારેલો હાથી મંગાવ્યો હતો તે ઉપર તેમણે સ્વામીશ્રીને આગ્રહપૂર્વક બેસાર્યા. રઘુવીરજી મહારાજ પણ સાથે વિરાજ્યા. હરિભક્તો સાથે સર્વ સંઘ ગામમાં ફર્યો.

હજારો હરિભક્તોએ સ્વામીશ્રીનાં હાથી ઉપર બીજી વાર દર્શન કર્યાં. આ વખતે સ્વામીશ્રી પોતાની ગોદડી ઓઢીને હાથી ઉપર વિરાજ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન કરતાં બોચાસણના લોકો કહેતા : "બાવો તો ઘણો તેજસ્વી છે અને શોભે છે પણ આ ગોદડી તેને શોભવા દેતી નથી."

સ્વામીશ્રી તે સાંભળી રમૂજમાં કહેતા કે 'આ તો ચીંથરે વીંટેલ રતન છે.' હાથીની સવારી દેસાઈભાઈના ઘેર આવી. અહીં સ્વામીશ્રી અને રઘુવીરજી મહારાજની પધરામણી કરી. ગામમાં પણ ઘરોઘર પધરામણીએ પધાર્યા.

બીજે દિવસે સભામાં રઘુવીરજી મહારાજે વાત કરતાં કહ્યું : "શ્રીજીમહારાજનો આ ગામ ઉપર બહુ જ રાજીપો હતો. વળી, મહારાજની પ્રથમ અહીં મંદિર કરવાની ઇચ્છા હતી. કાશીદાસ ઉપર મહારાજને બહુ જ હેત હતું. મહારાજ વનમાંથી આવતાં સાત વર્ષે પહેલવહેલા કાશીદાસ મોટાનો ભાવ જોઈ અહીં તપસ્વી વેશે દૂધ-ભાત જમ્યા હતા અને બહુ જ રાજી થયા હતા. શ્રીજીમહારાજે કાશીદાસ મોટાના ઘરને પોતાનું ઘર માન્યું હતું અને અહીં રહી આખા ચરોતરમાં સત્સંગ કરાવ્યો હતો. વરતાલ પણ અહીંથી જ ગયા હતા અને ત્યાં ગામના મંદિરમાં રહ્યા હતા. વળી, વરતાલના મહંત અક્ષરાનંદ સ્વામીને મહારાજે અહીં કાશીદાસ મોટાની ખેતી સંભાળવા સાધુ કરતા પહેલાં રાખ્યા હતા. તેમણે ત્રણ વર્ષ સુધી તેમની ખેતી સંભાળી હતી. પછી મહારાજે તેમને સાધુ કર્યા હતા." આ પ્રમાણે રઘુવીરજી મહારાજે બોચાસણના મહિમાની ઘણી વાતો કરી.

શ્રીજીમહારાજને આ સ્થાનમાં સર્વોપરી મંદિર કરવાનો વિચાર હતો

પછી સ્વામીશ્રી બોલ્યા : "શ્રીજીમહારાજ પ્રથમ અહીં દૂધ-ભાત જમ્યા હતા અને ચરોતરમાં સત્સંગ કરાવ્યો હતો. આ સ્થાનમાં શ્રીજીમહારાજને સર્વોપરી મંદિર કરવાનો વિચાર હતો. શ્રીલક્ષ્મીનારાયણદેવ કાશીદાસ મોટાને ઘેર છ માસ રહ્યા હતા. પરંતુ પોતાની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા માટે અહીં તે વખતે મંદિર કરવાનું મહારાજે બંધ રાખ્યું હતું. 'આગળ ઉપર અહીં મોટું મંદિર થશે' એવો શ્રીજીમહારાજે કાશીદાસ મોટાને વર આપ્યો હતો." બોચાસણના મહિમાની સ્વામીશ્રીએ પણ આ પ્રસંગે ઘણી વાતો કરી.

સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજ અને આખો સંઘ બોચાસણમાં સત્તર દિવસ સુધી રહ્યો. પછી મહારાજની સાથે સ્વામીશ્રી નાવલી પધાર્યા. ત્યાંથી ઉમરેઠ થઈને આણંદ પધાર્યા. સ્વામીશ્રી જ્યાં જ્યાં ગયા ત્યાં શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાની અદ્‌ભુત વાતો કરી અને સૌને મહારાજનો મહિમા સમજાવ્યો. આચાર્ય મહારાજ આણંદથી છૂટા પડીને વરતાલ પધાર્યા. સ્વામીશ્રી તેમના મંડળ સાથે ધોલેરા, સારંગપુર, બોટાદ તથા ગઢડા થઈને જૂનાગઢ પધાર્યા.

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા અને તરત જ નવી ધર્મશાળાના કામમાં વેગ આવ્યો. સ્વામીશ્રીના સંકલ્પે મેઘરવો થયો તેથી ખેતીનો મબલખ પાક ઊતર્યો. સોરઠના હરિભક્તો તે કામમાં ગૂંથાયા હતા. સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા છે તે સમાચાર મળતાં સૌ જૂનાગઢ સેવામાં આવી ગયા.

પ્રાગજી ! હું તારા ઉપર બહુ રાજી થયો છું

મહુવાના પ્રાગજી ભગતે આ હવેલીના કામમાં ભઠ્ઠી ભરવાની સેવામાં બહુ જ મહેનત કરી હતી અને દેહને ગણ્યું ન હતું. તેથી સ્વામીશ્રી તેમની સેવા જોઈ બહુ જ રાજી થઈ ગયા ! એક દિવસ તેમણે પ્રાગજી ભક્તને કહ્યું : "પ્રાગજી ! તેં બહુ મહેનત કરી છે તેથી હું તારા ઉપર બહુ જ રાજી થયો છું. માટે આવ મળીએ." એમ કહી બે-ત્રણ વખત મળ્યા, માથા ઉપર હાથ મૂક્યા અને અંતરનો ખૂબ રાજીપો બતાવ્યો.

આથી પ્રાગજી ભક્તને હર્ષનાં આંસુ આવી ગયાં. પછી હાથ જોડી તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : "સ્વામી ! આપ રાજી થયા છો તે મારાં મોટાં ભાગ્ય છે. મારા ઉપર આપની ઘણી કૃપા છે તેથી આપ પ્રગટનાં બધાં સુખ મને આપો છો. આપે આ ભઠ્ઠી ભરવાની સેવા મને આપી તેથી હું પૂર્ણકામ થઈ ગયો છું પણ હવે આ ભઠ્ઠી ભરવા ઉપર એક સિદ્ધાંતની વાત કરો."

સ્વામીશ્રી તો પ્રાગજી ભગતની આ માગણીથી અત્યંત રાજી થઈ ગયા ! ચૂનાની ભઠ્ઠી કરી તે ઉપર સ્વામીશ્રીએ સિદ્ધાંતની વાત કરતાં કહ્યું : "જો પ્રાગજી ! સાંભળ. પ્રથમ તો આ ભઠ્ઠી ભરી તેમાં છાણાં, લાકડાં અને પથરા ભર્યાં. એવી રીતે થર ઉપર થર લેતાં ઉપર દૂંટો રાખ્યો અને તેમાં દેવતા નાખ્યો. તેથી લાકડાં, છાણાં અને પથરા વગેરે બળીને ભસ્મ થઈ ગયાં અને

ખરેખરો ચૂનો થયો. આનો સિદ્ધાંત એ છે કે સ્થૂળદેહ છે તે છાણાં છે, સૂક્ષ્મદેહ તે લાકડાં છે અને કારણ-દેહ તે પથરા છે. નેત્ર એ દૂંટો છે અને અગ્નિને ઠેકાણે શ્રીજીમહારાજની મૂર્તિ છે. તે શ્રીજીમહારાજની મૂર્તિ નેત્રમાં સ્થિર રાખીને વચનમાં વિશ્વાસ લાવીને અખંડ ભજન કરે તો થોડા દિવસમાં જ અગ્નિરૂપી શ્રીજીની મૂર્તિના ભજનથી ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણના ભાવ માત્ર બળીને ભસ્મ થઈ જશે અને કેવળ અક્ષરધામ, મહારાજની મૂર્તિ, પોતાનો આત્મા અને મુક્ત આટલાં જ નજરમાં રહેશે, અક્ષર સંગાથે એકતા થઈ જશે અને મહારાજ અણુ જેટલા પણ છેટા નહિ રહે.''

આ પ્રમાણે સિદ્ધાંતની અતિ અલૌકિક વાત સાંભળી પ્રાગજી ભગતને અત્યંત આનંદ થયો અને તે પ્રમાણે વર્તવાનો તેમણે ત્યારથી જ વેગ લગાડી દીધો.

ભગવાન સંભારીને ક્રિયા કરવી

નવી ધર્મશાળાના કામ સારુ વાડીમાં હરિભક્તો પથ્થર ઘડતા હતા. એક દિવસ સ્વામીશ્રી વાડીમાં ગયા. ત્યાં જાગા ભક્તની પાસે સ્વામીશ્રી ગયા એટલે તેમણે એક પથ્થર સાફ કરી તે ઉપર લૂગડું પાથરી આપ્યું. સ્વામીશ્રી તે ઉપર વિરાજ્યા. પછી જાગા ભક્ત તરફ કરુણામય દૃષ્ટિ કરી સ્વામીશ્રીએ કહ્યું : ''હર કોઈ ક્રિયા કરવી તે ભગવાનને સંભારીને કરવી. પણ ક્રિયારૂપ થઈ જવું નહિ. ક્રિયા ચાર પ્રકારની છે : રજોગુણી, તમોગુણી, સત્ત્વગુણી અને નિર્ગુણ. જે ક્રિયા અહંમમત્વથી કરાય તે તમોગુણી ક્રિયા, જે ક્રિયા લૌકિક અને માયિક ફળની ઇચ્છાથી કરાય તે રજોગુણી ક્રિયા કહેવાય. વળી, જે ક્રિયા ભગવાનને સંભારીને કરીએ તે સત્ત્વગુણી ક્રિયા થઈ. ભગવાન તથા આવા સાધુની સ્મૃતિપૂર્વક અને તેમની પ્રસન્નતાને અર્થે જે ક્રિયા કરીએ તે ક્રિયા નિર્ગુણ ક્રિયા કહેવાય.''

એ પ્રમાણે વાત કરીને પછી ગિરનાર સામું જોઈને બોલ્યા : 'આ ગિરનારનાં જેટલાં ઝાડ છે તે બધાં કલ્પવૃક્ષ હોય અને તે આપણે ઘેર હોય અને વળી આ ગિરનારમાં જેટલા પથ્થર છે તે સર્વે ચિંતામણિયું હોય અને તે આપણી હોય તો તે બધાંને જતાં કરીને એક સાધુને રાખીએ એવા આ સાધુ છે, પણ જો માહાત્મ્ય જણાય તો. જેને માહાત્મ્ય નથી જણાતું તેને તો બધા

સાધુ અને માણસ સરખા દેખાય છે. આ તો શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે આ સાધુ અહીં પધાર્યા, નહિ તો આ સાધુ અહીં ક્યાંથી હોય ? આ સાધુની પ્રાપ્તિ તો મોટા ઈશ્વરાદિકને પણ દુર્લભ છે.''

આ પ્રમાણે વાત કરીને સ્વામીશ્રી ઊઠ્યા. પછી દક્ષિણાદા દરવાજાની આથમણી બાજુએ એક નાનું ખાખરાનું ઝાડ હતું તેને માથે હાથ મૂકીને સ્વામીશ્રીએ કહ્યું : ''આને વર્તમાન ધરાવો.''

એટલે કોઈ પાણીનો લોટો લેવા તો કોઈ તૂંબડું લેવા દોડ્યા. તે વખતે ત્યાં ઉપલેટાવાળા ગોવાભાઈ કોદાળી લઈને ઊભા હતા. તેમણે પૂછ્યું : ''સ્વામી ! ખોદી નાખું ?'' ત્યારે સ્વામીશ્રીએ તે ખાખરાના ઝાડને હલાવ્યું. પછી કહ્યું : ''હવે ખોદી નાખો. તેને વર્તમાન ધરાવી દીધાં. હવે એનો મોક્ષ થશે.'' સ્વામીશ્રીએ ઝાડ જેવા અલ્પ જીવ, જેનો મોક્ષ થવો કઠણ છે, તેનો દૃષ્ટિમાત્રે મોક્ષ કરી દીધો.

સ્વામીશ્રી નવી ધર્મશાળાના ચાલતા દરેક કામ ઉપર જાતે જઈ દેખરેખ રાખતા અને સેવા કરતા હરિભક્તોને દર્શન આપી, ઉત્સાહ આપતા. વાડામાં પણ પથ્થર ઘડતા સંતો કે હરિભક્તો પાસે જ્યારે સ્વામી જતા ત્યારે સ્વામીશ્રી પ્રત્યે અત્યંત ભાવવાળા સંતો તેમને કહેતા કે 'સ્વામી ! તમારે અહીં આવવાનું નહિ, કારણ કે પથ્થર ઘડતાં કરચ ઊડે તે આપને વાગી જાય.'

ત્યારે સ્વામીશ્રી પ્રેમપૂર્વક તેમને જવાબ દેતા : ''મને કરચ વાગે એની મને ચિંતા નથી, પણ જો હું ન આવું તો તમને વાગી જાય - એટલે કે તમે ભગવાન ભૂલીને ક્રિયા કરો અને ક્રિયારૂપ થઈ જાઓ - એ તમને કરચ વાગ્યા બરોબર છે. તે ચિંતાને લીધે હું અહીં આવું છું.''

સ્વામીશ્રીની આવી વાત સાંભળી સંતો સ્તબ્ધ થઈ જતા ! પોતાના આશ્રિતોને દરેક ક્રિયામાં કેવળ મહારાજની મૂર્તિનું જ અનુસંધાન રખાવવાનો સ્વામીશ્રીનો કેવો આગ્રહ છે તે વિચારમાં તેઓ પડી જતા. સાંખ્ય, યોગ, વ્રત, તપ, દાન કે યજ્ઞ-યાગાદિકથી મનને ભગવાનના સ્વરૂપમાં એકાગ્ર કરી દેવું, ભગવાનમય કરી દેવું તે તો થાય તેવું નથી. તેવાં કઠણ સાધનોથી પણ મનની એકાગ્રતા સધાતી નથી તે આ સાધુ કેવળ પોતાની કૃપાથી, દૃષ્ટિથી, આશીર્વાદથી કરાવી શકે છે. એવા સાધુનો જોટો બીજે ક્યાં મળે ? આવો આગ્રહ રાખીને ભજન કોણ કરાવે ? પોતાના

આશ્રિતો ક્રિયાના બંધનમાં ન આવે તેને માટે સ્વામીશ્રીને કેટલો ખટકો ! કેટલી ચિંતા ! સ્વામીશ્રીની આ વિશિષ્ટતાને લીધે જ સ્વામીશ્રીના ચરણકમળમાં સૌ નમી પડતા !

સોરઠમાં વિચરણ

નવી ધર્મશાળાનું કામકાજ ચાલુ હતું તે દરમ્યાન મહા મહિનામાં માણાવદરના એક કણબી હરિભક્ત તથા ત્યાંના મંદિરમાં સેવા કરતા પૂજા ભક્ત સ્વામીશ્રીને તેડવા જૂનાગઢ આવ્યા.

સ્વામીશ્રીને દંડવત્ કરી, પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! આપ દયા કરીને માણાવદર પધારો. મેં એવું નીમ લીધું છે કે આપ પધારો પછી મારે ચિચોડો ચાલુ કરવો."

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું; "હમણાં અહીં આ કારખાનાનું કામ ચાલે છે ને ત્યાં કેમ અવાય ?"

પરંતુ આ હરિભક્તો તો એમ કાંઈ સ્વામીશ્રીનું માને તેવા ન હતા. સ્વામીશ્રી પ્રત્યે તેમને એટલી બધી આત્મબુદ્ધિ હતી કે પોતાના દરેક વ્યવહારના કાર્યમાં સ્વામીશ્રીની આજ્ઞા અને સંબંધ એ જ તેમને મુખ્ય રહેતાં. તેથી જાણે સ્વામીશ્રી ઉપર પોતાનો જ હક્ક હોય તેમ પૂજા ભક્તે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! તમારે માણાવદર પધાર્યું જોશે. કારણ આણે નીમ રાખેલ છે કે ચિચૂડાનું મૂરત તમારે હાથે જ કરાવવું."

તેમની આવી પ્રેમની ભાષા સાંભળી સ્વામીશ્રી હસ્યા. પોતે તો જાણતા હતા કે તેમના પ્રેમબંધનના પાશમાંથી પોતે છૂટી શકે તેમ નથી. છતાં ફરી તેમણે કહ્યું : "તમારી વાત સાચી. પણ ત્યાં આવીએ તો વણથળી રસ્તામાં આવે તે ત્યાંના હરિભક્તો રોકે અને પંચાળા પણ જાવું પડે. માટે હમણાં તો ન અવાય."

પરંતુ પૂજા ભક્ત કાંઈ છોડે એવા ન હતા. તેમણે કહ્યું : "સ્વામી ! વણથળી રસ્તામાં ન આવે અને પરબાર્યું માણાવદર જવાય એવો રસ્તો હું જાણું છું."

સ્વામીશ્રી ફરી હસ્યા. શ્રીજીમહારાજે જે પ્રસંગ જે રીતે ગોઠવી રાખ્યો હતો તે સ્વામીશ્રી તો જાણતા હતા. આ હરિભક્તોને તેનો ખ્યાલ શી રીતે

આવે ? એટલે સ્વામીશ્રીએ મહારાજની ઇચ્છા એ જ પોતાની ઇચ્છા છે એ રહસ્યનો મર્મ તેમને સમજાવવા કહ્યું : "ઠીક ત્યારે. વણથળી રસ્તામાં ન આવે એ માર્ગે ચાલવું." પછી રામચરણદાસ, માધવચરણદાસ, માધવપ્રિયદાસ વગેરે સાધુઓ તથા પાર્ષદોને તૈયાર થવાનું કહી, સ્વામીશ્રીએ જમ્યા બાદ નીકળવાનું નક્કી કર્યું.

જમ્યા પછી સ્વામીશ્રી સંતો અને પાર્ષદો સાથે નીકળ્યા. જૂનાગઢ શહેર છોડ્યા પછી સ્વામીશ્રી ગાડામાં જરા પડખાભેર થયા. ખેંગારવાવ મૂકીને આગળ ધાર આવે છે તે વટાવી ત્યાં કલ્યાણભાઈએ દેવજીભાઈને સામા મોકલ્યા હતા તે આવ્યા અને રસ્તામાં જ સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. તે જોઈ પૂજા ભક્ત મૂંઝાયા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ દેવજીભાઈ વણથળીથી આવ્યા છે તે આપને દંડવત્ કરે છે."

તે સાંભળી સ્વામીશ્રી ઊઠ્યા. દેવજીભાઈને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "તમે કહેતા હતા ને બીજે માર્ગે ચાલશું."

એટલે પૂજા ભક્તે કહ્યું : "એ તો સ્વામી ! કાંઈ સ્મૃતિ રહી નહિ અને વણથળી તો આવી ગઈ." સ્વામીશ્રી હસ્યા.

એટલામાં દેવજીભાઈ પાસે આવીને સ્વામીશ્રીને પગે લાગ્યા અને કહ્યું : "આપને તેડી લાવવા માટે જ મને મોકલ્યો છે, માટે વણથળી પધારો." એટલે સ્વામીશ્રી વણથળી ગયા.

વણથળી આવી સ્વામીશ્રી મંદિરમાં વિરાજમાન થયા. ત્યાં કલ્યાણભાઈ આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પાસે બેઠા. એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "કલ્યાણભાઈ ! હાલ અમારે માણાવદર જાવું છે તો વળતાં અહીં રોકાશું." એ પ્રમાણે કહી સ્વામીશ્રીએ થોડી જ્ઞાનની વાતો કરી. પછી વણથળીથી ચાલ્યા તે માણાવદર પધાર્યા.

સ્વામીશ્રી સાંજે માણાવદર પહોંચ્યા. મંદિરના પૂજારી ગૌરીશંકરે ખીચડી બનાવી સૌને જમાડ્યા. બીજે દિવસે સવારે માધવચરણદાસ, માધવપ્રિયદાસ બંને સાધુઓ વહેલા ઊઠીને લક્ષ્મીવાડીએ નાહવા ગયા. નાહીને પાછા ફરતા હતા ત્યાં સ્વામીશ્રી સંત-પાર્ષદોને લઈને લક્ષ્મીવાડીએ નાહવા પધારતા હતા, તે સામા મળ્યા. સ્વામીશ્રીએ તેમને જોઈ હસતાં હસતાં પૂછ્યું : "ઠાલા છો કે ભર્યા ?"

માધવચરણદાસ જે આગલે દિવસે ઉપવાસી હતા ને માનસી પૂજા કરતા ચાલ્યા આવતા હતા, તે માનસી પૂજા થઈ રહી એટલે બોલ્યા : "અર્ધા ઠાલા અને અર્ધા ભર્યા."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "જે ભગવાન સંભારીને ચાલે તે ભર્યા જ કહેવાય." એમ કહી સ્વામીશ્રી ચાલતા થયા અને લક્ષ્મીવાડીએ આવ્યા.

અહીં બહિર્ભૂમિએ જઈ આવી હાથ ધોયા પછી દાતણ કરી સ્વામીશ્રી નાહ્યા. નાહતાં નાહતાં મહારાજની લીલાની કેટલીક વાતો કરી. પછી કોરાં ધોયેલાં વસ્ત્રો પહેરી મહારાજની પ્રસાદીની જગ્યાએ માનસી પૂજા કરવા વિરાજ્યા. માનસી પૂજા કરી રહ્યા બાદ મંદિરે પધાર્યા. અહીં પૂજા કરી. એટલામાં હરિભક્તો ગાડું લઈ તેડવા આવ્યા. તેમની સાથે ગાડામાં બેસી સ્વામીશ્રી વાઢે પધાર્યા. અહીં માધવપ્રિયદાસે ધાબળી પાથરી આપી તે ઉપર વિરાજ્યા. પછી હરિભક્તોને કહ્યું : "હવે ચિચૂડો તૈયાર કરો." એટલે બળદ જોડી ચિચૂડો તૈયાર કર્યો. પછી સ્વામીશ્રી ઊઠ્યા અને કહ્યું : "લાવો મૂરત કરીએ." એમ કહી થાળામાં પધાર્યા. હરિભક્તો શેરડીના સાંઠા લાવ્યા. તે લઈ સ્વામીશ્રીએ ચિચૂડામાં ઓર્યા. પછી ત્યાંથી પાછા આવીને ધાબળી ઉપર વિરાજમાન થયા. ત્યાં તો વાઢવાળા હરિભક્તો સારી સારી શેરડી લાવ્યા તે સાધુઓએ સુધારીને ઠાકોરજીને ધરાવી. સ્વામીશ્રી તેમાંથી થોડી જમ્યા અને બીજી પ્રસાદી વહેંચી દીધી. એટલામાં રસની કૂંડી ભરાણી અને ગોળની એક કડાઈ ઊતરી ત્યાં સુધી સ્વામીશ્રી ત્યાં રોકાયા. ઊનો ગોળ તૈયાર થયો તે ઠાકોરજીને ધરાવ્યો. સ્વામીશ્રી પણ થોડો જમ્યા. પછી ત્યાંથી નીકળ્યા અને મંદિરે પધાર્યા. તે દિવસ વાઢવાળા હરિભક્તની રસોઈ હતી તે જમ્યા. બાદ બપોરની કથા કરી સ્વામીશ્રી આડે પડખે થયા.

સાંજે ઠાકોરજી જાગ્યા એટલામાં પંચાળેથી દાજીભાઈ તથા મોતીભાઈ અને પીપળીના હળધરજીભાઈ સ્વામીશ્રીને તેડવા સારુ આવ્યા. સ્વામીશ્રીને પગે લાગી પાસે બેઠા અને કહ્યું : "સ્વામી ! પંચાળા પધારો."

સ્વામીએ કહ્યું : "પૂજા ભક્તને પૂછો." તેઓ પૂજા ભક્ત પાસે ગયા અને કહ્યું : "તમે કહો તો સ્વામી અમારે ત્યાં આવે. માટે હા પાડો."

પૂજા ભક્તને દયા આવી. તેમણે કહ્યું : "તમારે ત્યાં સ્વામી આવશે પણ રોકાશે નહિ."

બંનેએ કહ્યું : ''ભલે એમ કરશું, રોકશું નહિ.''

હળધરજીભાઈ તો આનંદમાં આવી ગયા. તેમણે તરત સ્વામીશ્રીને જઈને કહ્યું : ''સ્વામી ! પૂજા ભક્તને હૈયે ભગવાન વસ્યા તે એણે હા પાડી છે.'' એટલે સ્વામીશ્રી હસ્યા પછી કહ્યું : 'ભલે, પણ એ જમાન થયા છે હોં !' આ પ્રમાણે બીજે દિવસે પંચાળા જવાનું નક્કી કર્યું.

એટલામાં વાઢવાળા હરિભક્ત આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મારે ગોળ અને શેરડી જૂનાગઢ મોકલવાં છે.''

સ્વામીશ્રીએ કહ્યું : ''ભલે, મોકલો.'' તેથી તેણે એક ગાડું ભરી શેરડી અને ગોળ જૂનાગઢ મોકલ્યાં.

બીજે દિવસે સ્વામીશ્રી માણાવદરથી પંચાળા જવા નીકળ્યા. રસ્તામાં આંબલિયાને પાદર આવ્યા ત્યાં ગોવિંદભાઈ વગેરે હરિભક્તોને ખબર પડવાથી તેઓ ગામને પાદર સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા. સ્વામીશ્રીને રોકાવા માટે સૌએ ઘણી તાણ કરી પણ સ્વામીશ્રીએ રોકાવાની ના કહી. પછી ગામમાં હરિભક્તોને ત્યાં ઘેર ઘેર પધરામણી કરી. સૌએ પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને સાંજે પંચાળા પધાર્યા.

પંચાળાના મંદિરમાં સિંહાસનની પાસે જ સ્વામીશ્રીનું આસન રાખ્યું હતું. સ્વામીશ્રી તે ઉપર વિરાજમાન થયા અને હરિભક્તોની સભા આજુબાજુ ભરાઈ ગઈ. તેવામાં હળધરજીભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : ''સ્વામી ! અંતરમાં ઘાટ-સંકલ્પ બહુ થાય છે તેનું કેમ કરવું ?''

સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''જુઓ, આ દીવી છે તેને ઘાટ સંકલ્પ ન થાય. માણસને તો થાય. ઊપજે અને સમાવે તે સંત અને ન ઊપજે તે ભગવંત. માટે જે ઘાટ-સંકલ્પ થાય તેને સમાવી દેવા પણ તેથી ડરીને દબાઈ જવું નહિ.'' આ પ્રમાણે ઘણી વાતો કરી સૌને આનંદ કરાવ્યો.

બીજે દિવસે સવારે દરબારશ્રી દાજીભાઈએ કહ્યું : ''સ્વામી ! અમારા વાઢે શેરડી જમવા પધારો.'' એટલે સ્વામીશ્રી સૌ સંતો અને પાર્ષદોને લઈ તેમની વાડીએ પધાર્યા. અહીં શેરડી જમ્યા. દરબારે રસોઈ અહીં જ કરાવી હતી તેથી રસોઈ જમી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા તે આખા-પીપલાણા થઈને બીજે દિવસે સવારે વણથળી આવતાં રસ્તામાં કલ્યાણભાઈના શેરડીના વાઢે પધાર્યા. અહીં દેવજીભાઈ પાસે પાણી મંગાવી માધવપ્રિયદાસે પોતાની પાસે

બાજરાનો લોટ હતો તેનો રોટલો બનાવ્યો અને વંતાક હતાં તેનો ઓળો બનાવ્યો. દેવજીભાઈ ઊનો ગોળ લાવ્યા અને દહીં લાવ્યા તેને ભાંગી છાશ કરી. થાળ ઠાકોરજીને ધરાવી પછી સ્વામીશ્રીને જમાડ્યા. જમ્યા પછી સ્વામીશ્રી શેરડી જમવા પધાર્યા. ત્યાં સૌને પ્રસાદી આપે અને શેરડી બહુ મીઠી એમ કહેતા જાય. પણ પોતે તો જમે નહિ ને કોઈને તે ખબર પણ પડવા ન દે. દેવજીભાઈ, ડાહ્યાભાઈ અને શામજીભાઈ સારા સારા સાંઠા લાવે. દેવજીભાઈ તે સુધારીને સ્વામીશ્રી સારુ માદળિયાં કરી આપે. શેરડીનાં માદળિયાંનો ઢગલો જોઈ સ્વામીશ્રી બોલ્યા : "અહોહો ! આ છોકરા તો અવતારાદિકથી પણ મોટા છે. કેમ જે, અવતારાદિકને આ સાધુની સેવા મળી નથી ને આમને મળી છે તે શ્રદ્ધાથી કરે છે. માટે આ મોટા !" એમ કહીને વળી બોલ્યા : "વળી, અવતારોને આ સાધુની ઓળખાણ નથી અને આને છે." આમ, મહિમાની ઘણી વાતો કરી.

પછી માંડવે પધાર્યા. અહીં ઊનો ગોળ જમ્યા. પછી કલ્યાણભાઈને કહ્યું : "હવે કાલે તમારે વાઢે અવાશે નહિ ને તમારી રસોઈ પણ લેવાશે નહિ. કારણ કાલ તો લક્ષ્મીદાસ પટેલને વાઢે જાવું જો'શે અને તેની રસોઈ પણ લેવી પડશે. માટે આજે જ તમારી રસોઈ કરીએ." આ પ્રમાણે કહીને પછી મંદિરે પધાર્યા. અહીં સીધું મંગાવી રસોઈ કરી સૌ જમ્યા.

બીજે દિવસે ઓઝતને કાંઠે લક્ષ્મીદાસ પટેલને વાઢે પધાર્યા. અહીં શેરડી ને ગોળ જમ્યા. લક્ષ્મીદાસ પટેલે મોતિયા લાડુ તૈયાર કરાવી રાખ્યા હતા એટલે સાધુઓએ ફક્ત રોટલી, દાળ, ભાત વગેરે કર્યાં. પછી ઠાકોરજીને ધરાવી સૌ જમ્યા. અહીંથી લક્ષ્મીદાસ પટેલે શેરડી તથા ગોળનાં ગાડાં ભરી જૂનાગઢ મોકલ્યાં. સ્વામીશ્રી ત્યાંથી સાંજે નીકળી જૂનાગઢ પધાર્યા. આમ, એક ગામને બદલે ત્રણ ગામ પધાર્યા અને સૌ હરિભક્તોને સુખ આપ્યું.

સવજી કડિયો મોજ લઈ ગયો

નવી ધર્મશાળા લગભગ પૂરી થવા આવી. પછી સ્વામીશ્રી તેને મળાવતા હતા. તે વખતે સ્વામીશ્રીએ ધર્મશાળાના દરવાજા સામું જોયું અને કૃષ્ણસેવાદાસજીને[૨૩] કહ્યું : "આ દરવાજો આમ ને આમ રહે ને મોતિયું

૨૩. જુઓ પરિશિષ્ટ : ૧/૧, પૃષ્ઠ ૪૧૮.

મળે કે નહિ ?''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! એમ કરવાથી છંદ મળે નહિ. દરવાજો તો પાડવો પડે તો જ મોતિયું મળે.''

સ્વામીશ્રીએ કહ્યું : ''દરવાજો તો પાડવો નથી.''

બીજે દિવસે સવારે પોતે શણગાર આરતી પછી એ જ દરવાજાના ઉત્તર તરફના આથમણે ઓટે બેસીને વાળંદ પાસે વતું કરાવતા હતા. એટલામાં સવજી કડિયો દર્શને આવ્યો. સ્વામીશ્રીને વતું કરાવતા જોઈ સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગ્યો. એટલે સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''સવજી ! આ દરવાજો એમ ને એમ રહે અને મોતિયું મળે કે ?''

ત્યારે તેણે કહ્યું : ''હા, સ્વામી ! મળે. હું મેળવી દઉં !''

સ્વામીશ્રીએ કહ્યું : ''પણ કૃષ્ણસેવાદાસ તો કહે છે કે નો મળે.''

સવજીએ હાથ જોડી કહ્યું : ''સ્વામી ! એ પણ કડિયા છે ને હું ય કડિયો છું. હું મોતિયું મેળવી દઉં. પછી શું ?''

સવજીની વાત સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા ને વાળંદને કહ્યું : ''રાખ્ય.'' એમ અડધું વતું કરાવ્યું હતું તે બંધ રખાવીને ઊઠ્યા અને રાજી થઈને સવજીને બાથમાં લઈને મળ્યા.

આ વખતે કૃષ્ણસેવાદાસજી ભંડારમાં હતા. તેમને આ ખબર પડ્યા કે 'સવજીએ દરવાજો રાખીને મોતિયું મેળવી દેવાનું કહ્યું તેથી સ્વામીશ્રી રાજી થઈને તેને મળ્યા. એટલે તે તરત સ્વામીશ્રી પાસે આવ્યા અને બોલ્યા : ''સ્વામી ! સ્વામી ! એ તો દરવાજો રહે અને મોતિયું મળે.''

સ્વામીશ્રીએ કહ્યું : ''એ મોજ તો સવજી લઈ ગયો.''

કૃષ્ણસેવાદાસજીએ કહ્યું : ''સ્વામી ! એ તો અમારે બેય દરવાજા એક કરવા વિચાર હતો. તેથી દરવાજો પાડવાનું કહ્યું હતું.''

સ્વામીશ્રીએ કહ્યું : ''બેય દરવાજા એક થાય તો ધર્મશાળામાંથી ડોશિયું દેખાય. તે તમારે એમ કરવું હતું પણ અમે એમ કેમ થાવા દઈએ ?''

આ ધર્મશાળા ત્રણ માળની કરી. પરંતુ મેડા બાંધેલા નહિ અને થાંભલા ઉપર થાંભલા અને પાટડા ઉપર પાટડા ચડાવ્યા હતા એટલે ફક્ત લાકડું જ દેખાતું. તે સમયમાં જૂનાગઢમાં આવી માળવાળી હવેલી નહિ એટલે લોકો કહેવા લાગ્યા કે સ્વામિનારાયણવાળાએ લક્કડકોટ ઊભો કર્યો છે તે ચાલો

જોવા જઈએ. ગામના લોકો સ્વામીશ્રીએ બાંધેલ આ લક્કડકોટ જોવા આવતા. તેથી સ્વામીશ્રી ઘણી વાર રમૂજમાં કહેતા કે 'માણસ બધા આ થાંભલાનાં દર્શન કરે છે પણ કોઈ આ સાધુનાં દર્શન કરતા નથી. એવો દૈવની માયાનો મોહ છે.'

ચાલો દાહા પંથે

ધર્મશાળા મળાઈ રહી એટલે સ્વામીશ્રીએ બાલાગામના કુંભાર હરિભક્ત દાહા ભક્તને કહ્યું : "દાહા ભક્ત ! આ હવેલી તૈયાર થઈ ગઈ છે. તે હવે ઢાંકવાનું કેમ કરશું ?"

દાહા ભક્તે કહ્યું : "મહારાજ ! એ તો મારું કામ."

સ્વામીશ્રી તેનો સેવાભાવ જોઈ રાજી થયા. પછી કહ્યું : "તો પછી ચાકડા અહીં લાવો તો ઠીક કામ થાય."

દાહા ભક્ત બાલાગામ ગયા અને ત્યાંથી બે ચાકડા લઈ આવ્યા. પછી પીપરવાળા વંડે (કરમસીવાળા ડેલામાં) ગોઠવ્યા અને નળિયાં ઉતારવાં શરૂ કર્યાં. સ્વામીશ્રીની સેવા કરવામાં દાહા ભક્તનો પ્રેમ જાણે આકાર લઈને નળિયામાં ઊતરતો દેખાતો હતો ! દાહા ભક્તે ઉતારેલાં નળિયાં સૌ જોતા અને મુગ્ધ બની જતા. એનો એ ચાકડો, એની એ માટી અને નળિયાં સાવ નવી ભાતનાં ! સ્વામીશ્રી પણ આ નળિયાં જોવા જ્યારે જતા ત્યારે કેટલાક સંત-હરિભક્તોને સાથે લઈ જતા અને સૌને કહેતા : "ચાલો દાહા પંથે." સ્વામીશ્રી એક એક નળિયું હાથમાં લેતા, આમતેમ તપાસતા અને પછી હસીને કહેતા : "દાહા ભગત ! આ નળિયામાં તો તમારો પ્રેમ ઊતર્યો છે." દાહા ભક્ત તો સ્વામીશ્રી રાજી થયા એટલે જગત આખું રાજી થઈ ગયું એમ માની મસ્ત બની જતા !

ધર્મશાળાનું વાસ્તુ

નવી ધર્મશાળા ઉપર નળિયાં ચડી ગયાં. બધું કામ પૂરું થઈ ગયું. હવે વાસ્તુ કરવાનું રહ્યું. સ્વામીશ્રીએ સભામાં સૌને કહ્યું : "હવે આ ધર્મશાળાનું વાસ્તુ કરવું જોશે." ત્યારે ઉપલેટાવાળા લાલાભાઈએ કહ્યું : "સ્વામી ! તે દિવસે મારી રસોઈ." સ્વામીશ્રી રાજી થયા. પછી લાલાભાઈ ઉપલેટા ગયા

અને ત્યાંથી ચોવીસ માપ ઘઉંની સેવ કરાવી, પાપડ કરાવ્યા. તે બધું ડબ્બામાં ભરી ગાડામાં નાખી જૂનાગઢ જવા તૈયાર થયા. તે વખતે ગોવાભાઈએ કહ્યું : "મને તો નળ ચડ્યા છે અને પેટમાં દુઃખે છે તે હું જૂનાગઢ નહિ આવું."

લાલાભાઈએ કહ્યું : "તું ત્યાં ચાલ તો ખરો. સ્વામીને કહેશું તે ઔષધ કરશે એટલે મટી જશે." એટલે તે પણ સાથે આવ્યા.

સાંજે જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પાસે બેઠા ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "લાલાભાઈ ! પૂરી જમશો ને ?"

લાલાભાઈએ કહ્યું : "સ્વામી ! પૂરી-બૂરી હવે કાંઈ ખાવી નથી."

સ્વામીશ્રીએ કહ્યું : "એમ કાંઈ સાવ જમ્યા વિના ચાલે ?" એમ કહી ત્રિકમદાસ કોઠારીને કહ્યું : "કોઠારમાંથી પૂરી લાવો." ત્યારે તે લાવ્યા. સ્વામીશ્રીએ તે લાલાભાઈને આપી. પછી ત્રિકમદાસને કહ્યું : "હવે કોઠારમાંથી ગોળનું ભીલું લાવો."

ત્રિકમદાસ, કોઠારીની ટેવ મુજબ બોલ્યા : "સ્વામી ! ગોળ ક્યાંથી લાવું ? એ તો એમ ને એમ ખાશે."

કોઠારીના આ સ્વભાવમાં મંદિરનું મમત્વ નથી દેખાતું પરંતુ હરિભક્તોનો અભાવ દેખાય છે, તે જાણી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "આપણે ઘેરથી કેટલોક લાવ્યા હતા ?" પછી સ્વામીશ્રીએ હરજીવનને ગોળ લાવવા કહ્યું એટલે તે ગોળ લાવ્યા. સ્વામીશ્રીએ લાલાભાઈ તથા ગોવાભાઈને ગોળ આપ્યો અને કહ્યું : 'લ્યો, હવે જમો.' પછી તેઓ જમ્યા બાદ કથા પછી ઉતારે સૂવા માટે ગયા.

બીજે દિવસે સેવની રસોઈ કરાવી. બ્રહ્મચારીઓ માટે નાગર હરિભક્તોને ત્યાં સેવ કરાવી હતી. બપોરે બાર વાગે 'હરે' થયા અને નવી ધર્મશાળામાં સાધુ, પાર્ષદો અને હરિભક્તોની પંક્તિ થઈ. એક તરફ બ્રહ્મચારીઓની પંકિત થઈ. સાધુની પંક્તિમાં રામચરણદાસે સેવ પીરસી અને સ્વામીશ્રીએ ખોબા ભરી ખાંડ અને ઘી પીરસ્યાં. બ્રહ્મચારીની પંક્તિમાં પણ સ્વામીશ્રીએ ખાંડ અને ઘી પીરસ્યાં. પછી સૌને પાપડ પીરસ્યા. સૌએ જમવાનું શરૂ કર્યું. સ્વામીશ્રી પણ થાંભલાને ઓઠીંગણ દઈને પૂર્વાભિમુખે જમવા વિરાજ્યા. સૌને સારી રીતે પીરસીને તૃપ્ત કરી દીધા. લાલાભાઈનો પ્રેમ જોઈ સ્વામીશ્રી બહુ જ રાજી થયા.

જમ્યા પછી સભા થઈ. તેમાં સૌ હરિભક્તોએ સ્વામીશ્રીની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં, હાર પહેરાવ્યા. સ્વામીશ્રી તમામ હરિભક્તોનો ભાવ જોઈ ખૂબ રાજી થયા અને સૌને આશીર્વાદ આપ્યા.

બીજે દિવસે સવારે જ્યાં બ્રહ્મચારીની જગ્યામાં જવાનું બાર છે ત્યાં લાલાભાઈએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ ગોવાને નળ ચડ્યા છે અને બહુ દુઃખ થાય છે.''

એટલે સ્વામીશ્રીએ ગોવાને કહ્યું : ''સૂઈ જા, જોઉં.'' એટલે ગોવાભાઈ ત્યાં જ સૂઈ ગયા. પછી સ્વામીશ્રીએ ઘડી એક તેના નળ ચોળ્યા. પછી ઊભા થઈને બરોબર નાભી ઉપર પગની પાની રાખી વળ દીધો. પછી જોરા ભક્તને કહ્યું : ''આને આંબલીનાં પાંદડાં ઊનાં કરીને બાંધજો.'' એમ કહી સ્વામીશ્રી ત્યાંથી પધાર્યા.

પછી જોરા ભક્તે ગોવાભાઈને કહ્યું : ''ગોવા ! એ તો સ્વામીએ કહ્યું ત્યારથી જ તારું દુઃખ મટી ગયું, ને પાંદડાં બાંધવાં એ તો આજ્ઞા છે તે બાંધીએ.'' પછી પાંદડાં લાવી ઊનાં કરી તેને બાંધ્યાં. બીજે દિવસે ગોવાભાઈને સાવ સારું થઈ ગયું ! આમ, સ્વામીશ્રીની જેના ઉપર દૃષ્ટિ પડતી તે સદા સુખિયા થઈ જતા !

✧

જૂનાગઢમાં વાણિયામાં કડવા શેઠ એક જ સત્સંગી હતા. તેમને ફૂલચંદ નામે એક જ પુત્ર હતો. ફૂલચંદ મોટો થાય તે પહેલાં કડવા શેઠ ઘરભંગ થયા. પછી સ્વામીશ્રી પાસે તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''શેઠ ! તમારે ખરી ઉપાધિ આવી. પણ મહારાજની મરજી એમ હતી એમ જાણીને હવે ફરી લગ્ન કરો.''

શેઠે કહ્યું : ''સ્વામી ! મારે હવે ફરી એ ફંદામાં ફસાવાની ઇચ્છા નથી.''

સ્વામીશ્રી તેમની સમજણ જોઈ રાજી થયા. પરંતુ પોતે તો અંતર્યામી હતા તેથી દીર્ઘદૃષ્ટિથી સ્વામીશ્રીએ શેઠને ફરી કહ્યું : ''શેઠ ! અમે તો કોઈને પરણવાનું કહીએ જ નહિ. હથેવાળો મેળવ્યો હોય અને અમારું માને એવો હોય તો અમે તેને એ ફંદામાં પડવાની ના કહીએ. પણ તમને કહીએ છીએ કે તમો ફરી પરણો. કારણ આ ગામમાં વાણિયા જ્ઞાતિમાં તમારું એક જ ઘર સત્સંગીનું છે. તેથી જો ન પરણો તો જગત કહેશે કે સાધુએ સત્સંગીને વાંઢા

રાખ્યા.''

શેઠે કહ્યું : ''મારે તો ઇચ્છા નથી. ભલે લોક ગમે તે કહે.''

ફરી સ્વામીશ્રીએ કહ્યું : ''ભલે તમારી ઇચ્છા ન હોય પણ અમારી આજ્ઞા છે એમ સમજીને ફરી લગ્ન કરો.''

સ્વામીશ્રીએ આ પ્રમાણે કહ્યું તેથી શેઠને લાગ્યું કે સ્વામીશ્રીની આ આજ્ઞામાં કાંઈ રહસ્ય હોવું જોઈએ. થોડા દિવસ બાદ શેઠે લગ્ન કર્યાં.

કડવા શેઠને બે પુત્ર થયા. પરંતુ ત્યાર પછી તરત જ તેમની આગલી સ્ત્રીનો દીકરો ફૂલચંદ દેહ મૂકી ગયો. આથી શેઠને સ્વામીશ્રીની આજ્ઞાનું રહસ્ય સમજાયું. તેમને લાગ્યું કે ફૂલચંદનું તો આયુષ્ય આવી રહ્યું હશે એટલે જ સ્વામીશ્રીએ મારો વંશ રહે તે માટે આ લગ્ન કરાવ્યું. તેમને સ્વામીશ્રીનો બહુ જ ગુણ આવ્યો. મોટાપુરુષના આજ્ઞાવચનનું રહસ્ય તો ભવિષ્યમાં સમજાય. પરંતુ જીવ પોતાના દેહાભિમાનને યોગે કે પોતાના બુદ્ધિના ડોડથી મોટાપુરુષનું વચન ન માને અને અંતે દુઃખી થાય ! મોટાપુરુષ તો પોતાના આશ્રિતને સર્વ પ્રકારે સુખી જ કરવા ઇચ્છતા હોય છે !

જોરા ભક્તના મહારાજ જોડિયા બન્યા

સાંખડાવદરના બીડમાં સ્વામીશ્રી ઘણી વખત પધારતા અને ત્યાં કામ કરતા સંતો, પાર્ષદોને દર્શન દઈ તેમની સંભાળ લેતા. સ્વામીશ્રીને પણ આ સેવકો વારંવાર આગ્રહ કરતા કે 'સ્વામી ! બીડમાં પધારો.'

સ્વામીશ્રી એક વખત થોડા સંતો અને હરિભક્તોને લઈને સાંખડાવદરના બીડમાં પધાર્યા. અહીં મહારાજના મળેલા જોરા ભગત સેવામાં રહેતા. સ્વામીશ્રી પધાર્યા એટલે સ્વામીશ્રીનાં દર્શન, સમાગમ અને સેવાની પ્રવૃત્તિમાં તેમને સ્વામીશ્રી સિવાય કાંઈ સૂઝતું નહિ. જૂનાગઢ મંદિરમાં ખડ મોકલવા માટે તેઓ ભોર ભરતા હતા. બળદને ચરવા મૂક્યા હતા તે સરતચૂક થઈ ગઈ અને બે બળદને ચોર લોકો હાંકી ગયા. ખડનો ભોર ભરાયો અને ગાડું જોડવા બે બળદની તપાસ કરી પરંતુ બળદ તો દેખાયા નહિ. આજુબાજુ બધે તપાસ કરી પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. તેથી સ્વામીશ્રી પાસે તે આવ્યા અને કહ્યું : ''સ્વામી ! અમે ખડનો ભોર ભરતા હતા ને બળદને ચરવા મૂક્યા હતા, તેમાંથી બે બળદને ચોર હાંકી ગયા. હવે

કેમ કરીએ ?''

સ્વામીશ્રીએ કહ્યું : ''તમે બે-ચાર જણા ગોતવા જાઓ.''

તે સાંભળી જોરા ભક્તે માથું હલાવ્યું. તેમણે કહ્યું : ''સ્વામી ! હવે એ ક્યાંથી આવે અને શું બને ?''

સ્વામીશ્રી તેમની આ વાત સાંભળી હસ્યા. પછી કહ્યું : ''તમને મહારાજે જે કહ્યું હતું તે સંભારોને.''

જાણે બળદ મળી જ ગયા હોય તેવો આનંદ તેમને સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી થયો. તેમને યાદ આવ્યું કે જ્યારે મહારાજે તેમને ગઢડેથી જૂનાગઢ મોકલ્યા હતા, ત્યારે મહારાજને તેમણે પૂછ્યું હતું કે 'મહારાજ ! મારો જોડિયો કોણ ?' ત્યારે મહારાજે કહ્યું હતું : ''તમારા જોડિયા અમે છીએ. માટે કામ પડે ત્યારે સંભારજો.''

આ આખો પ્રસંગ તેમની સ્મૃતિપટ પર તરી આવ્યો ! જોરા ભક્તે તરત જ પોતાના જોડિયા બનેલા મહારાજને યાદ કર્યા અને તેમની દૃષ્ટિ સમક્ષ મહારાજ દેખાયા. મહારાજ આગળ ચાલવા લાગ્યા એટલે જોરા ભક્ત મહારાજની પાછળ ચાલવા માંડ્યા. સ્વામીશ્રીએ આ જોયું. તેમણે જાણ્યું જોરા ભક્ત હવે બળદ લઈને જ આવશે. સ્વામીશ્રી પછી સભામાં વાતો કરવા લાગ્યા.

બીજે દિવસે જોરા ભગત બળદને તથા ચોરને બાંધીને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં તેમને પૂછ્યું : ''આને કેમ બાંધીને લાવ્યા ?''

જોરા ભક્તે કહ્યું : ''આપનાં દર્શન તેને થાય તે સારુ લઈ આવ્યો છું.''

પણ સ્વામીશ્રીએ ચોરને છોડી દેવા કહ્યું; એટલે તેમને છોડી દીધા.

ચોર સ્વામીશ્રીને પગે લાગ્યા અને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમને કોઈ દિ' આવા કોઈ નહોતા મળ્યા.''

સ્વામીશ્રીએ તેમને માથે હાથ મૂક્યો અને કહ્યું : ''હવે આજથી આ ચોરીનો ધંધો છોડી દેજો.''

''બહુ સારું, મહારાજ !'' એમ કહી ચોર ચાલ્યા ગયા. સ્વામીશ્રી તે જ દિવસે જૂનાગઢ પધાર્યા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી પોતાના નિત્યકર્મથી પરવારીને સભામાં

વિરાજ્યા હતા. સ્વામીશ્રી સામે હરિભક્તો તથા સંતોની સભા ભરાઈને બેઠી હતી. વાતોના પ્રસંગ દરમ્યાન સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : "એક ગામમાં બે વણિક ભાઈઓ રહેતા હતા. તેમણે કળી પાડવા માટે એક ઝારો ખરીદ્યો અને કંદોઈનું કામ શરૂ કર્યું. તે કંદોઈના કામમાં તેઓ ખૂબ કમાયા. થોડાં વરસ બાદ બંને વચ્ચે કાંઈક કંકાસ થવાથી બંનેએ મજિયારો વહેંચ્યો અને બંને ભાઈના ભાગમાં રૂપિયા ૭૦,૦૦૦ આવ્યા. છેવટે કળી પાડવાનો ઝારો રહ્યો. ત્યારે મોટાભાઈએ કહ્યું : 'તે ઝારો હું રાખું.' અને નાનાભાઈએ કહ્યું : 'હું રાખું.' આમ, બંને વચ્ચે ખેંચતાણ થઈ. છેવટે બંનેના દુરાગ્રહને લીધે બંનેનો કજિયો કોર્ટમાં ગયો. એટલે તે બંને ભાઈઓના ભાગમાં આવેલા રૂપિયા વકીલો લડવામાં ખાઈ ગયા. તો પણ બંનેએ સમાધાન ન કર્યું. છેવટે ઝારો કોર્ટમાં મંગાવ્યો અને લુહારને બોલાવીને તેના બે કટકા કરાવ્યા અને બંને ભાઈઓને એક એક કટકો ન્યાયાધીશે આપ્યો. આમ, કમાણીની રકમ પણ ગઈ અને ઝારો પણ ગયો. તેમ આપણે ન કરવું."

ત્યારે એક હરિભક્તે પૂછ્યું : "સ્વામી ! આ દૃષ્ટાંતનો સિદ્ધાંત શું ?"

સ્વામીશ્રીએ કહ્યું : "આ દેહ તો માગેલ ઘરેણું છે. પરંતુ ઇન્દ્રિયો અંતઃકરણના ભોગ, સુખ સારુ પંચવિષય કમાવવામાં તેનો ઉપયોગ કરી નાખીએ તો તે કજિયામાં ભગવાને આપણને મન, બુદ્ધિ, પ્રાણરૂપી કમાણી આપી છે તે પણ ખોઈ બેસીએ અને છેવટે દેહ પણ ખોઈ બેસીએ. માટે આ દેહે કરીને ભગવાને આપેલી કમાણીનો ઉપયોગ કરી લેવો પણ ઠાલાં વલખાં ન મારવાં."

એટલી વાત કરીને પછી શણગાર આરતીનો ડંકો થયો તેથી હરજીવનનું કાંડું ઝાલીને દર્શને પધાર્યા. ઉપર જતાં હરજીવનને સ્વામીશ્રીએ પૂછ્યું : "ભર્યો છો કે ઠાલો ?"

હરજીવને કહ્યું : "સ્વામી ! આજ તો ઉપવાસ કર્યો છે એટલે ઠાલો છું."

આ સાંભળી સ્વામીશ્રી મંદ મંદ હસ્યા. પછી બોલ્યા : "એમ ઠાલો-ભર્યો સમજવાનું નથી. પણ જે કાયમ ભગવાનને સંભારે છે ને જાણે છે કે મારા ભેગા ભગવાન છે તે ભર્યો કહેવાય, અને આ વાતની જેને ખબર નથી અને ભગવાનને સંભારતો નથી તે ઠાલો કહેવાય. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, સર્વ ક્રિયાને વિષે ભગવાનની સ્મૃતિ રાખવી. પણ ભગવાનને

ભૂલીને કોઈ કામ કરવું નહિ. આ વાત વચનામૃતમાં પણ મહારાજે કહી છે.''[૨૪] પછી દર્શન કરી પાછા સભામાં પધાર્યા.

અમે અને મહારાજ આ લોકમાંથી જઈએ તેવા નથી

સ્વામીશ્રી સભામાં પધાર્યા એટલે હરિભક્તો પણ સ્વામીશ્રી સન્મુખ આવી ગયા. જે જે સાધુઓ ક્રિયામાં જોડાયા હતા તે સિવાયના બીજા રુચિવાળા સાધુઓ પણ સભામાં આવી ગયા. સ્વામીશ્રી સભામાં વાતો કરવા લાગ્યા. એટલામાં તેમની દૃષ્ટિ થોડે છેટે બેસીને શિક્ષાપત્રીનો પાઠ કરતા માધવચરણદાસ ઉપર પડી. એટલે સ્વામીશ્રીએ સહેજ રમૂજમાં પૂછ્યું : ''ત્યાં કોણ બેઠું છે ?''

ત્યારે માધવચરણદાસે કહ્યું : ''સ્વામી ! એ તો હું માધવચરણ.''

એટલે ફરી સ્વામીશ્રીએ પૂછ્યું : ''ત્યારે ત્યાં કેમ બેઠા છો ? અમારાથી કાંઈ રિસાણા છો કે શું ?''

તેમણે તરત જ હાથ જોડીને કહ્યું : ''ના સ્વામી ! રિસાણો નથી. એ તો અહીં બેઠો બેઠો શિક્ષાપત્રીનો પાઠ કરું છું.''

તેથી સ્વામીશ્રીએ કહ્યું : ''ત્યાં બેસીને પાઠ કરો છો ત્યારે અમારી પાસે બેસીને પાઠ કરો તો સારું ને ?''

એટલે માધવચરણદાસ ઊઠીને સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રી પાસે 'શિક્ષાપત્રી' વાંચવા લાગ્યા. સ્વામીશ્રી પણ એક એક શ્લોક ઉપર વિસ્તારથી વિવેચન કરી સમજાવવા લાગ્યા. માધવચરણદાસે હાથ જોડીને પૂછ્યું : ''સ્વામી ! તમે તો અમને હેત કરીને બોલાવો છો, પાસે બેસારો છો, પ્રસાદ આપો છો ને જ્ઞાન આપો છો. એમ બહુ સુખ આપો છો. પણ કદાચ અમારા કમનસીબે આપ અમારી પહેલાં અંતર્ધાન થાઓ તો અમારું શું થશે ?''

તે સાંભળી સ્વામીશ્રી કરુણા કરીને બોલ્યા : ''શું તમે અમને બીજા માણસ જેવા સમજો છો ? અમે અને મહારાજ આ લોકમાંથી જઈએ તેવા નથી. આમ ને આમ સત્સંગની ખબર રાખ્યા કરીશું. પણ તમે જેમ હાલ દેખો છો તેમ દેખશો નહિ. પણ અમે ને મહારાજ સત્સંગમાં સદાય રહ્યા જ છીએ.'' સ્વામીશ્રીનાં કરુણા ભરપૂર અભયવચન સાંભળી સભામાં બેઠેલા સૌ

---

૨૪. ગ. પ્ર. ૨૨.

હરિભક્તો અત્યંત રાજી થયા.

ચૈત્રી સમૈયો : સંવત ૧૯૧૮

હરિનવમીનો સમૈયો પાસે આવી ગયો એટલે સ્વામીશ્રી સાવર થઈને ગઢડા, કારિયાણી થઈને ધોલેરા પધાર્યા. ત્યાંથી સીંજીવાડા પ્રભુદાસ બારોટને ત્યાં રાત રોકાઈને સવારે સોજિત્રા ભાગોળે પહોંચ્યા. અહીં ગામમાંથી હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. પરંતુ લલ્લુભાઈ માનસી પૂજા કરવા બેઠા હતા તેમને આવતાં વાર થઈ. સ્વામીશ્રી તો ત્યાંથી ચાલ્યા. લલ્લુભાઈને ખબર પડી કે સ્વામીશ્રી તો નીકળી ગયા છે એટલે દોડતાં દોડતાં તરમોંવાડના સીમાડે સ્વામીશ્રીને ભેગા થઈ ગયા અને દંડવત્ કરીને પગે લાગ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "માનસી પૂજામાં જેને જમાડતા હતા તે તો પ્રત્યક્ષ આવ્યા હતા. છતાં દર્શને ન અવાણું ?"

એટલે લલ્લુભાઈ બોલ્યા : "સ્વામી ! ભૂલ થઈ ગઈ !"

પછી સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા અને મહેળાવ પધાર્યા. અહીં તળાવને કાંઠે મેદાનમાં રાત રહ્યા. મહેળાવના શેઠ વેણીદાસ પીતાંબર, પટેલ જોરાભાઈ, હાથીભાઈ, જીવાભાઈ, ધોરીભાઈ, કિશોરભાઈ, ગલાભાઈ, શંકરભાઈ, મથુરભાઈ, ઝીણાભાઈ, દલાભાઈ, દાજીભાઈ તથા લખાભાઈ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંઘની બહુ જ સેવા કરી. તે રાત્રે વરતાલથી પણ સાધુ, પાળા, બ્રહ્મચારી, હરિભક્તો, ધર્મકુળ વગેરે મહેળાવ સામા આવ્યા. આખી રાત સ્વામીશ્રીએ સૌને ખૂબ વાતો કરી. આઠમની રાત્રે સ્વામીશ્રી વરતાલ પધાર્યા.

હાથી ઉપર સ્વામીશ્રીની સવારી

હરિનવમીને દિવસે સવારે આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે સ્વામીશ્રીને હાથી ઉપર બેસાર્યા અને ઉગમણી બેઠકે જવા સવારી કાઢી. સ્વામીશ્રીનાં હાથી ઉપર દર્શન કરી સૌ સદ્‌ભાવવાળા હરિભક્તોને અંતરમાં ખૂબ જ આનંદ થયો. પછી ત્યાંથી સૌ ફરતાં ફરતાં મંદિરે આવ્યા.

દશમને દિવસે સ્વામીશ્રીએ મંગળા આરતી પછી સભામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંબંધી ખૂબ જ વાતો કરી. પછી વરતાલનું ઉજું

વચનામૃત વંચાવ્યું. એટલામાં શણગાર આરતી થઈ એટલે સૌ દર્શન કરવા ઊઠ્યા.

શણગાર આરતી પછી આચાર્ય મહારાજે મોટો વરઘોડો કાઢ્યો. તે વખતે સ્વામીશ્રીને તાવદાનમાં[૨૫] બેસારી ગામની વચ્ચે થઈને ઉગમણી બેઠકે લઈ ગયા. હજારો હરિભક્તોએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં અને સૌને અલૌકિક આનંદ આવ્યો. પછી સૌ મંદિરે આવ્યા.

ઉત્તમચરણદાસને આશીર્વાદ

સભામાં સ્વામીશ્રીએ મહારાજ અને મહારાજના મળેલા સાધુમાં સર્વ પ્રકારે નિર્દોષબુદ્ધિ કરી જોડાવાની ખૂબ વાતો કરી. પછી સ્વામીશ્રી પોતાના આસને પધાર્યા. આ અરસામાં પુરાણી ઉત્તમચરણદાસને ક્ષય રોગ થયો હતો. બહુ ઉપાય કર્યા તો પણ કાંઈ ફેર પડ્યો ન હતો, તેથી તેમણે તો પોતાના દેહની આશા છોડી દીધી હતી. છેલ્લી વારે સ્વામીશ્રીની પૂજા કરી આ જીવનું રૂડું કરવા પોતે ધીરે ધીરે સ્વામીશ્રીને આસને આવ્યા. સ્વામીશ્રીને ચંદન ચર્ચી, હાર પહેરાવ્યો. પછી પોતાની પાસે ચરણારવિંદની જોડ હતી તે સ્વામીશ્રીને ભેટ આપી. તેમનો આવો સદ્‌ભાવ જોઈ સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે 'આવા વિદ્વાન સાધુ સત્સંગમાં હોય તો બહુ સમાસ કરે. એટલે તેમને ક્ષયરોગ મટે તો સારું.' તેમને આશીર્વાદ આપ્યા કે "મહારાજ તમારો રોગ મટાડી દેશે.' માટે સત્સંગમાં રહીને સેવા કરો પણ ઉદાસ થશો નહિ."[૨૬]

ગોદડીઓમાંથી જીવ કાઢી લે

સાંજે સ્વામીશ્રી ગોમતીએ નાહવા પધાર્યા. નાહીને પાછા ફરતા હતા ત્યાં સાધુચરણદાસજી સામા મળ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "તમારા શિષ્ય અને તમારે વિષે નિષ્ઠાવાળા મંજુકેશાનંદ સ્વામી હતા તેમના શિષ્ય ધર્મવલ્લભદાસજી ત્રણ વર્ષથી માંદા છે અને શરીર કૃશ થઈને લાકડા જેવું થઈ ગયું છે. પણ તેમનો દેહ પડતો નથી. તેમનું આસન આ ધર્મશાળામાં જ

---

૨૫. ખુરશી ઘાટની પાલખી.

૨૬. સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને ક્ષય રોગ થોડા સમય બાદ તદ્દન મટી ગયો. ત્યાર પછી ઘણાં વર્ષો સત્સંગમાં રહ્યા અને સેવા કરી.

છે. માટે આપ દર્શન દેવા પધારો.''

એટલે સ્વામીશ્રી તેમને આસને પધાર્યા. તેમની સામું જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તારો જીવ શેમાં ભરાઈ રહ્યો છે ? ને એવી ગોદડીઓ તો ઘણીય મળશે. માટે હવે અક્ષરધામમાં ચાલ્યો જા. એ ગોદડીઓમાંથી જીવ કાઢી લે.''

જગન્નાથીના લૂગડાંની રજાઈ તેણે બનાવી હતી. તેમાં સારી ખજૂરી પાડેલ હતી. તેમાં તેનો જીવ ભરાઈ રહ્યો હતો. સ્વામીશ્રીએ પોતાના પ્રતાપથી તેની વૃત્તિ એ ક્ષુદ્ર વસ્તુમાંથી બહાર કાઢી અક્ષરધામમાં મોકલી દીધો !

ચૈત્ર સુદિ એકાદશીને દિવસે નિષ્ઠાવાળા તમામ સાધુ-સત્સંગીઓ સાથે સ્વામીશ્રી ગોમતી ઉપર તથા તખા પગીની રાણે તથા સુંદર પગીના કૂવે, ઉગમણી બેઠકે, ધનાતલાવડીએ વગેરે તમામ પ્રસાદીસ્થળે દર્શને પધાર્યા. ત્યાં થોડો થોડો સમય બેસી કથાવાર્તા કરી સૌને અલૌકિક આનંદ આપ્યો.

પૂનમના દિવસે સવારમાં ચોકમાં સભા ચિક્કાર ભરાઈ ગઈ. આ સભામાં સ્વામીશ્રી ખુરસી ઉપર વિરાજ્યા. સ્વામીશ્રીની અમૃતવાણી સાંભળવાને સૌ એકાગ્ર થઈ ગયા હતા. સ્વામીશ્રીને પણ મહારાજનું પુરુષોત્તમપણું પૂરેપૂરું પ્રવર્તાવવું હતું. મહારાજના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા સૌને કરાવવી એ જ સેવા છે તેવું તેઓ માનતા. સ્વામીશ્રી સાક્ષાત્ અક્ષરધામ છે એવી નિષ્ઠાવાળા હરિભક્તોમાં ઉમરેઠના હરિકૃષ્ણ ભટ્ટ, મયારામ શેલત, આણંદના જેભાઈ શેલત, બાવાજી, કિરપારામ, મકનદાસ તથા પ્રાગજીભાઈ, નાવલીના કીસાભાઈ, વસોના વાઘજીભાઈ, જેઠાભાઈ, ચતુરભાઈ દવે, મહેમદાવાદના રણછોડ ભટ્ટ, ગિરધર પારેખ, નડિયાદના મયાશંકર, ઝવેરીલાલ, વલ્લભભાઈ, રણછોડભાઈ, વજુભાઈ, બોચાસણના દેસાઈભાઈ, મૂળજીભાઈ, લક્ષ્મીદાસ, સોજિત્રાના ઝવેરભાઈ, જેઠાભાઈ, પીજના શિવલાલભાઈ, શિવાભાઈ, લલ્લુભાઈ, જોળના ભલાભાઈ, વડોદરાના કૃષ્ણારામ શાસ્ત્રી, બાપુભાઈ વૈદ્ય, ત્ર્યંબકનાથ શાસ્ત્રી, મથુર ફોક, ત્રિકમ ફોક, રામેશ્વરભાઈ, કંડારીના હરિભક્તો તેમજ ભરૂચના ગુલાબભાઈ, સુરતના કરસનજી દેસાઈ, ખંભાતના જગુભાઈ, કૃષ્ણરામ, ડભોઈના કરુણાશંકર, સાધીના મહીજીદાદા, પાદરાના બાપુલાલ ચોક્સી, બામણગામના હાથીભાઈ, ગાનાના નાનાભાઈ, નારના શંભુદાસ,

સીંજીવાડાના પ્રભુદાસ બારોટ, પરિયજના બેચરભાઈ બારોટ, ઠાસરાના પીતાંબરદાસ, માધવલાલ, બાપુજી દેસાઈ તથા લલ્લુભાઈ દેસાઈ, થામણાના હરિભક્તો, ધોળીકૂઈના જેઠાભાઈ, ગરબડદાસ વગેરે હજારોની સંખ્યામાં સભામાં બેઠા હતા. સ્વામીશ્રી પાસેથી મહારાજના અતિ અદ્‌ભુત મહિમાની વાતો સાંભળવા સૌ આતુર બની ગયા હતા. આ સભામાં સ્વામીશ્રીએ ઉપાસનાની અદ્‌ભુત વાતો કરી અને સૌને ખૂબ જ આનંદ કરાવ્યો. શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાની વાતોના પડછંદા સ્વામીશ્રીએ ગાજતા કર્યા અને સદ્‌ભાવવાળા મુમુક્ષુઓને મહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા બેસી ગઈ !

સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમ માટે દેશાંતરથી હજારો હરિભક્તો વરતાલ આવ્યા. આ સમૈયામાં સ્વામીશ્રીએ ત્યાગ, વૈરાગ્ય અને મહારાજના સર્વોપરી સ્વરૂપનિષ્ઠાની અદ્‌ભુત વાતો કરી. સ્વામીશ્રીનો આવો પ્રતાપ અને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપ સમજાવવાનો આગ્રહ જોઈ, રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : ''આપની વાતોથી હૈયામાં ટાઢું થઈ જાય છે.''

એટલે સ્વામીશ્રીએ તરત જ કહ્યું : ''તો ચાલો જૂનાગઢ.''

રઘુવીરજી મહારાજે નક્કી જ કરી રાખ્યું હતું કે સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ જવું. સમૈયો પૂરો થયા બાદ સ્વામીશ્રી જૂનાગઢ જવા તૈયાર થયા. રઘુવીરજી મહારાજે વચન આપ્યું કે થોડા દિવસમાં પોતે જૂનાગઢ પહોંચી જશે. સ્વામીશ્રી વરતાલથી નીકળ્યા અને વરસાદ પણ સ્વામીશ્રીની સાથે જ નીકળ્યો. સ્વામીશ્રી જેમ જેમ આગળ જતા જાય, તેમ તેમ વરસાદ પણ પાછળ વરસતો જાય.

વરતાલથી નીકળી સ્વામીશ્રી વસો પધાર્યા. વસોથી નીકળી સ્વામીશ્રી ભાલમાં થઈને કારિયાણી પધાર્યા. અહીં જસો રાજગર, જેઠા ખાચર, બગડના દેહા ખાચર, બોટાદના શેઠ કેશવલાલભાઈ વગેરે હરિભક્તો આવ્યા હતા. સ્વામીશ્રી નથુ પટેલને ત્યાં ઊતર્યા હતા. અહીં નથુ પટેલે પાકી રસોઈ કરાવવા માંડી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''રસોઈ તો ધર્મામૃત પ્રમાણે તમે જ જમતા હો તે લાવો !''

ત્યારે નથુ પટેલે કહ્યું : ''મારે ઘેર ધર્મામૃત ઊંચે બાંધી મૂકો.'' એમ કહી કંસાર-રોટલીની રસોઈ કરાવી સૌને ભાવથી જમાડ્યા.

પ્રાગજી ભક્તને ત્રણે અવસ્થામાં અખંડ ભજન

જમ્યા પછી સ્વામીશ્રી સભામાં વાતો કરતા હતા. તે વખતે બહાર ફળીમાં પ્રાગજી ભક્ત તથા બીજા પાર્ષદો વાસણ ઊટકતા હતા. કઢાયામાં કંસાર ચોંટી ગયો હતો તે કોઈ રીતે ઊખડતો ન હતો. તેથી પ્રાગજી ભક્ત તાવેથા વતી તેને જોરથી ઊખેડવા માંડ્યા. જ્યારથી સ્વામીશ્રીએ ભઠ્ઠી ભર્યા ઉપર મહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાની વાત કહી હતી, ત્યારથી તે પ્રમાણે અભ્યાસ કરી તેમણે સ્વામીશ્રીને મહારાજનું પ્રગટ સ્વરૂપ માની, તેમનામાં અખંડ વૃત્તિ રાખી હતી, તે વૃત્તિ આ ક્રિયાથી તૂટી. સભામાં વાતો કરતાં કરતાં સ્વામીશ્રીએ અંતર્યામીપણે આ જાણ્યું. એટલે બે સાધુનાં કાંડાં પકડી સ્વામીશ્રી ફળિયામાં જ્યાં પ્રાગજી ભક્ત વાસણ ઊટકતા હતા ત્યાં પધાર્યા અને તેમના સામું જોઈને બોલ્યા : “અલ્યા, પ્રભુને ભૂલીને વાસણ ઊટકે છે ?” એટલે પ્રાગજી ભક્તે તૂટેલી વૃત્તિ તરત જ સાંધી દીધી. ત્યારથી પ્રાગજી ભક્તને સ્વામીશ્રીની કૃપાથી ત્રણે અવસ્થામાં અખંડ ભજન થવા લાગ્યું.

તુલસી દવે ઉપર દૃષ્ટિ

સ્વામીશ્રી કારિયાણીથી સારંગપુર થઈને બોટાદ પધાર્યા. અહીં જમીને સ્વામીશ્રી સભામાં કથા વંચાવતા હતા. તે વખતે તેમણે પૂછ્યું : “અહીં વચનામૃતના પુરાણી કેટલા ?” ત્યારે તુલસી દવેએ પુરાણીનાં નામ લખીને ખરડો કર્યો. બેંતાલીસ પુરાણી થયા. સ્વામીશ્રી તેમની પાસે નિત્ય વચનામૃત વંચાવતા અને તે ઉપર પોતે વાતો કરતા.

સ્વામીશ્રી બોટાદમાં દસ દિવસ રહ્યા. બધા પુરાણીમાં સ્વામીશ્રીને તુલસી દવેની વાંચવાની પદ્ધતિ ખૂબ જ ગમી. એક દિવસ તુલસી દવે પાસે સ્વામીશ્રીએ ચાર વચનામૃત વંચાવ્યાં. પછી સ્વામીશ્રી બોલ્યા : “વ્રંચક[૨૭] બહુ સારી છે. કાનો માત્ર પડતો નથી.” એમ કહી સ્વામીશ્રીએ તેના ઉપર દૃષ્ટિ કરી. સ્વામીશ્રી કોઈના તરફ દૃષ્ટિ માંડીને જોતા નહિ. છતાં સ્વામીશ્રીએ તુલસી તરફ એ પ્રમાણે જોયું, એટલે સૌને એમ લાગ્યું કે જરૂર

૨૭. વાચનની શૈલી.

એને સમાધિ થશે. સ્વામીશ્રીએ તરત જ તેના તરફથી દૃષ્ટિ પાછી વાળી લીધી. પછી તુલસી દવેને કહ્યું : "જૂનાગઢ આવશો ?"

ત્યારે તેણે કહ્યું : "હા."

બીજે દિવસે સ્વામીશ્રી ત્યાંથી નીકળવાના હતા ત્યારે સૌ હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું અને ધોતિયાં ઓઢાડ્યાં. શ્રીજીમહારાજની પ્રસાદીનો ઢોલિયો સ્વામીશ્રીને ભેટ આપ્યો. સ્વામીશ્રી ત્યાંથી ગઢડા જવા નીકળ્યા. તેમની સાથે તુલસી દવે, કેશવલાલ શેઠ, પ્રભુદાસ કોઠારીનો ભાઈ સવો વગેરે ચાલ્યા.

સ્વામીશ્રી તો કલ્પવૃક્ષ છે

ગોરડકાની નદીમાં સૌ રાત રહ્યા. પછી કેશવલાલે તુલસી દવેને પૂછ્યું : "કાંઈ જણાય છે ?" ત્યારે તેણે કહ્યું : "બોટાદમાં સંકલ્પ થતા હતા તે અહીં હવે બંધ થઈ ગયા છે." ત્યાંથી સૌ ગઢડે પહોંચ્યા. ત્યાં એક દિવસ રહીને કુંકાવાવ ગયા. અહીં સવાને તાવ આવ્યો. સ્વામીશ્રીને તે વાત કરી. એટલે સ્વામીશ્રીએ કહ્યું : "આને ભાર રહ્યો છે. શેક કરો એટલે મટી જશે." એમ કહીને સ્વામીશ્રીએ તેના શરીરે હાથ ફેરવ્યો એટલે કેશવલાલ બોલ્યા : "મને તાવ આવે તો કેવું સારું ? સ્વામી મારા શરીર ઉપર હાથ તો ફેરવે."

ત્યારે તુલસી મહારાજે કહ્યું : "એવો સંકલ્પ ન કરવો. કારણ સ્વામીશ્રી તો કલ્પવૃક્ષ છે."

ત્યારે વળી કેશવલાલે કહ્યું : "ભલે મને તાવ આવે." તે દિવસે સાંજે કેશવલાલને તાવ આવ્યો. સ્વામીશ્રીએ તેના શરીર ઉપર હાથ ફેરવીને તાવ મટાડ્યો. સવાને મંદવાડ વધતો ગયો. ઠેઠ જૂનાગઢ પહોંચ્યા ત્યાં સુધી તેને મંદવાડ રહ્યો. જૂનાગઢ જતાં રસ્તામાં તુલસી મહારાજે સ્વામીશ્રીને રસોઈ કરી જમાડ્યા. સ્વામીશ્રીને જમતાં જે પ્રસાદી વધી તે લઈને તુલસી મહારાજ કેશવલાલ શેઠ પાસે આવ્યા અને તેમને કહ્યું : "લ્યો શેઠ ! આ સ્વામીની પ્રસાદી ફરી નહિ મળે. તમારી ન્યાતમાં મોતિયા, ગાંઠિયા, ભજિયાં વગેરે બીજાં વાનાં ખવાય છે ત્યારે સ્વામી તો બ્રાહ્મણિયા સાધુ છે અને રસોઈ પણ મેં જ કરી છે." તે સાંભળી કેશવલાલ બહુ જ રાજી થયા અને સ્વામીશ્રીની પ્રસાદી જમી ગયા. પછી ત્યાંથી ચાલ્યા અને સૌ જૂનાગઢ આવ્યા.

રઘુવીરજી મહારાજ તીર્થવાસી થઈ જૂનાગઢ આવ્યા

થોડા દિવસ બાદ રઘુવીરજી મહારાજ પણ વરતાલથી જૂનાગઢ આવવા નીકળ્યા. તેમની સાથે ભોળાનાથ ભટ્ટ, કોઠારી ગોવર્ધનભાઈ, વૈકુંઠ બ્રહ્મચારી, દયાનંદ બ્રહ્મચારી, એક બટઘોડો અને એક ડમણી ગાડી આટલાં હતાં. વરતાલથી નીકળી મહારાજશ્રી પ્રથમ મહેળાવ પહોંચ્યા. ત્યાંથી સોજીત્રા પધાર્યા. ત્યાં હરિભક્તો આગળ વાત કરી કે 'અમારે તો તીર્થવાસી થઈને સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ ચાલતાં જવાનો વિચાર હતો. પરંતુ અક્ષરાનંદ સ્વામીએ પરાણે આ ગાડી વળગાડી છે તે દુઃખરૂપ થઈ છે.'

પછી ત્યાંથી નીકળ્યા અને ગાડા, સીંજીવાડા થઈને ધોલેરા પધાર્યા અને ત્યાંથી ગઢપુર પધાર્યા. અહીંના કોઠીરીએ તથા સાધુઓએ મહારાજશ્રીને ચોમાસામાં અહીં રહેવાનો આગ્રહ કર્યો. એટલે મહારાજશ્રીએ જૂનાગઢ સંદેશો મોકલ્યો કે 'વરતાલથી ગઢડા સુધી મારા બળે હું આવ્યો છું. હવે તો તમે ખેંચો તો ત્યાં અવાય એવું છે.'

તે સંદેશો સ્વામીશ્રીને મળ્યો એટલે સ્વામીશ્રીએ કાગળ લખી બે પાર્ષદોને ગઢપુર મોકલ્યા. તે કાગળ મળ્યો એટલે મહારાજશ્રીએ કહ્યું : "હવે તો મારાથી રહેવાય નહિ. સ્વામીશ્રીએ બે પાળાની સાથે કાગળ મોકલ્યો છે." આ પ્રમાણે કહીને રઘુવીરજી મહારાજ ગઢપુરથી નીકળ્યા. તેમની સાથે ગઢપુરના કેટલાક સાધુઓ પણ જૂનાગઢ આવવા નીકળ્યા.

મહારાજ પધારે છે તે સમાચાર મળતાં સ્વામીશ્રીએ વાજતે ગાજતે મહારાજનું સામૈયું કર્યું. મંદિરમાં પધાર્યા એટલે ઉતારા કરાવ્યા. હવે મંદિરમાં રસોઈઓ ચાલશે અને આનંદ થશે એ લોભથી ગામડામાં ફરતા સાધુઓ પણ જૂનાગઢ આવી ગયા. તેમને અકારણ આવેલા જોઈ સ્વામીશ્રીએ કારખાનાનું કામ ચાલુ કર્યું. કારખાનાના કામમાં જોડાવું પડે તેથી આ સાધુઓ ધીરે ધીરે પાછા ગામડામાં ચાલ્યા ગયા.

પરંતુ જેને સમાગમનો જ લોભ હતો તે તો ત્યાં રહ્યા. મહુવા, કારિયાણી, સારંગપુર, બોટાદ વગેરે ગામોમાંથી હરિભક્તો સ્વામીશ્રીનો સમાગમ કરવા આવવા લાગ્યા. સ્વામીશ્રી સભામાં નિત્ય અક્ષરપુરુષોત્તમના યુગલ સ્વરૂપની નિષ્ઠાની અદ્‌ભુત વાતો કરતા. તેથી સભામાં બેઠેલા સૌને

આવી દુર્લભ પ્રાપ્તિ પોતાને થઈ તેનો આનંદ થવા લાગ્યો. સાથે સાથે અક્ષરરૂપ થવા માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિ સિદ્ધ કરવાનું પણ સ્વામીશ્રી કહેતા. એવા પરમ એકાંતિક સંતના પ્રસંગથી જ એકાંતિક ધર્મનાં આ ચાર લક્ષણો સિદ્ધ થાય છે અને મહારાજને વરાય છે.

સર્વ સાધુઓએ મળીને આચાર્ય મહારાજશ્રીને કહ્યું કે ''મહારાજ ! કલ્પતરુની કથા કરાવો તો સૌને સાંભળવાની ઈચ્છા છે.''

મહારાજે કહ્યું : ''પ્રગટ સ્વરૂપમાં જીવને સંશય થયા વિના રહે નહિ. માટે હમણાં કથા કરાવવી નથી.''

પછી ઘનશ્યામદાસજીને કહ્યું : ''તમે સ્વામીશ્રીને કહો અને સ્વામી મહારાજને કહે તો કથા કરાવે.''

એ પ્રમાણે ઘનશ્યામદાસજીએ સ્વામીશ્રીને કહ્યું. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : ''મહારાજની મરજી પ્રમાણે કરવું અને કલ્પતરુ તો મારા હૈયામાંથી નીકળ્યો છે. માટે મારી વાતુ તે જ કલ્પતરુ જાણો.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ કહ્યું એટલે તે કથાનું બંધ રાખી બીજે દિવસથી શ્રીમદ્ભાગવતની કથા ભોળાનાથ ભટ્ટ પાસે વંચાવવાનું શરૂ કર્યું. સભા પ્રસંગમાં સ્વામીશ્રી રોજ 'ચાલો સંતો જાઈએ ગઢ જૂને રે' એ કીર્તન ગવરાવતા. આમ, જૂનાગઢમાં બ્રહ્મરૂપ થવાનો અખાડો શરૂ થયો. જે જે ત્યાં આવતા તેમને સૌને એમ થઈ જતું કે જાણે આ વાત સાંભળી દીવાના થઈ જશું. આ વાર્તા તો ન ભૂતો ન ભવિષ્યતિ એવી છે. આમ, સ્વામીશ્રીએ સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા.

જૂનાગઢમાં ભીમ એકાદશીનો સમૈયો

ભીમ એકાદશીના સમૈયા ઉપર દેશદેશના હરિભક્તો જૂનાગઢ આવવા લાગ્યા. ફક્ત સોરઠ દેશમાંથી જ હજારો હરિભક્તો આવ્યા. ગણોદથી દરબાર અભયસિંહજી, મેંગણીથી દરબાર માનસિંહજી, લોધિકાથી દરબાર અભયસિંહજી વગેરે દરબારો પણ આવ્યા. જેઠ સુદ ૧૨ના દિવસે લોધિકા દરબાર શ્રી અભયસિંહજીની રસોઈ હતી. સ્વામીશ્રી જમીને દરબાર અભયસિંહજીને આસને પધાર્યા. ત્યાં તેમને સ્વામીશ્રીએ જ્ઞાનની ઘણી વાતો કરી અને કહ્યું : ''કરોડ્યું ધ્યાન કરતાં પણ શ્રીજીમહારાજના આ સર્વોપરી

સ્વરૂપનું જ્ઞાન અધિક છે. જ્ઞાન જો દૃઢ થયું હશે, તો જ ધ્યાન ટકશે. ધ્યાની અને પ્રેમી તો સત્સંગમાં ઘણા હતા પણ તે સૌ જાતા રહ્યા. પણ એકલા જ્ઞાની હતા તે ટક્યા છે.'' એમ ઘણી વાતો કરી પોતાને આસને પધાર્યા.

પછી સ્વામીશ્રીએ વાત કરી કે ''સારામાં સારું તે શું ? તો આ સાધુને વિષે સદ્‌ભાવ એ જ સારામાં સારું અને ભૂંડામાં ભૂંડું તે શું ? આ સાધુને વિષે અસદ્‌ભાવ તે ભૂંડામાં ભૂંડું.''

સૌ સ્વામીશ્રીના આ શબ્દોનું રહસ્ય સમજી ગયા. સ્વામીશ્રી તો અખંડ કથાવાર્તા કરતા. તેમાં પણ સમૈયામાં હરિભક્તો આવે ત્યારે તો સ્વામીશ્રી વાતોનો સોપો પડવા ન દેતા. રાત્રીના ત્રણ પહોરના ત્રણ પુરાણી બદલાતા. રાત્રે ત્રણ વાગે શ્રીપતિમ્ થાય. પ્રાગજી ભક્ત છેલ્લા પુરાણી એટલે ત્રણ વાગે પોતે સૂઈ જાય અને ચાર વાગે ઊઠી જાય. ત્રેવીસ કલાક સતત સેવા કરવા છતાં ફક્ત એક જ કલાકની ઊંઘ લેતા. તેટલી ઊંઘમાં તેમને છ કલાકનો આરામ મળી જતો. મંગળા પછી તરત પ્રાગજી ભક્ત કથામાં બેસી જતા. સ્વામીશ્રી બે કલાક વાતો કરતા અને અખંડ બ્રહ્મરસ વરસાવતા.

જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી ?

સ્વામીશ્રી શકરીએ ટીંબે બહિર્ભૂમિ જતા હતા. ત્રિકમદાસ સાથે હતા. તેમણે તૂંબડી હાથમાં લીધી હતી. જાગા ભક્તે સ્વામીશ્રીને જતા જોયા એટલે દોડતા આવીને દરવાજા આગળ ભેગા થઈ ગયા. એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''ઠાલો ઠાલો ભગવાનને ભૂલીને શું ચાલે છે ?'' એમ કહી તેમને સ્મૃતિ કરાવી દીધી. પછી બહાર જતાં એક ઘડેલો પથ્થર પડ્યો હતો ત્યાં ઊભા રહીને સ્વામીશ્રીએ વાત કરી : ''આ સમયે સત્સંગમાં એવી વાતો થાય છે જે જીવ બ્રહ્મરૂપ થઈ જાય.''

ત્યારે જાગા ભક્તે પૂછ્યું : ''જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી ને જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે. અને વિશ્વાસ હોય તો નિષ્કપટપણે વર્તાય નહિ. જો હેત અને વિશ્વાસ હોય અને નિષ્કપટપણે વર્તે, તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ.''

એટલે જાગા ભક્તે ફરી પૂછ્યું : ''હેત હોય તો પણ વિશ્વાસ કેમ ન

હોય ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "આ જલા ભક્તે મારા સાથે ઘણો જીવ ઘણો બાંધ્યો છે પણ હું કહું તેમ કરે નહિ."[૨૮]

જાગા ભક્તને જલા ભક્તની વાત યાદ આવી ગઈ. અગિયારની સાલમાં રઘુવીરજી મહારાજે જલા ભક્તને કહ્યું હતું કે ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી બંને સદ્‌ગુરુઓ દેહ મૂકી ગયા છે એટલે હવે સ્વામીને અહીં વરતાલ રાખવા છે. તે સાંભળી જલા ભક્ત પોક મૂકીને પુષ્કળ રડ્યા હતા. એટલે રઘુવીરજી મહારાજે કહ્યું : "જલા ભક્ત ! રડશો નહિ. સ્વામીશ્રીને અહીં નહિ રાખીએ." એમ કહ્યું ત્યારે તે છાના રહ્યા. આવું સ્વામીશ્રીને વિષે તેમને હેત હતું. પરંતુ તે સાવરણો અને સૂંડલો લઈ મંદિરમાં સેવા કરતા હોય તે સ્વામી તેમને કહે કે આ પડ્યું મૂકો અને ભજન કરો. ત્યારે તે તરત કહેતા કે "ના, સ્વામી ! એ તમારું હું માનવાનો નથી."

આમ, હેત હોય પણ વિશ્વાસ નહિ. પછી સ્વામીશ્રી બહિર્ભૂમિ ગયા અને નાહીને મંદિરે પધાર્યા.

તો કાંઈ અધૂરું ન રહે

બીજે દિવસે સ્વામીશ્રી જાગા ભક્તને લઈને વાડી જોવા પધાર્યા. પછી કાળવાવાળા દરવાજે થઈને બ્રહ્મકુંડે પધાર્યા. ત્યાં રસ્તામાં સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : "આ પાંચ આંબા પ્રસાદીના છે." પછી બોલ્યા : "ધર્મને અને મહોબ્બતને બને નહિ. એવી મહોબ્બત તો ભાઈ આત્માનંદ સ્વામીએ મૂકી. જ્યારે નડિયાદમાં રઘુવીરજી મહારાજે પધરામણીમાં સાથે આવવાનું કહ્યું, ત્યારે તેમણે કહી દીધું કે ડોશિયું પાછળ આવશે તો નહિ આવીએ !" એ પ્રમાણે વાત કરતાં કરતાં બ્રહ્મકુંડના વાયવ્ય ખૂણામાં કાંઠા ઉપર ઊભા રહીને સ્વામીએ વાત કરી : "આ જૂનાગઢનું રાજ્ય કોઈને મળે તો તેનું પૂરું થાય ?"

ત્યારે તેમણે કહ્યું : "ના સ્વામી."

એટલે સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : "વડોદરાનું રાજ્ય મળે તો પૂરું થાય ?"

ત્યારે જાગા ભક્તે કહ્યું : "ના, ન થાય !"

પછી સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : "ત્યારે ચક્રવર્તી રાજ્ય મળે તો પૂરું

૨૮. સ્વામીની વાતો : ૩/૩૩.

થાય ?'' એમ કહીને ઇન્દ્ર, બ્રહ્મા, પ્રધાન પુરુષ, પ્રકૃતિ પુરુષ આદિના સુખનું કહ્યું અને પૂછ્યું : ''આવું સુખ મળે તો જીવનું પૂરું થાય ?''

એટલે જાગા ભક્તે કહ્યું : ''ના, મહારાજ ! આ જીવનું કોઈ રીતે પૂરું થાય તેમ નથી.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''એ તો ગુણાતીત એટલે ત્રણ ગુણથી પર થાય ત્યારે તેને કાંઈ અધૂરું ન રહે.'' એમ વાત કરતા વાડીમાં પધાર્યા. ત્યાં ફરી વાત કરી : ''જીવને કોઈ રીતે તૃષ્ણાનું પૂરું થાતું નથી. આટલું હોય તો ઠીક, વળી એટલું મળે ત્યારે આટલું હોય તો ઠીક. એમ વધુ ને વધુ ઇચ્છા રહ્યા જ કરે.'' એટલી વાત કરીને પછી મંદિરમાં પધાર્યા.

છાતી ઠરે એવા ગુણ

ભીમ એકાદશી પછી વાવણી માટે સ્વામીશ્રીએ વાડી ચોખ્ખી કરાવી હતી. એટલે સ્વામીશ્રી રોજ વાડીએ પધારતા. તેથી વાડીમાં સેવા કરતા સંતો તથા પાળાઓને ખૂબ આનંદ થતો. એક દિવસ સ્વામીશ્રી સવારે શણગાર આરતી પછી વાડીએ પધાર્યા. પછી વાત કરી :

''દેશ દેશાંતર બહોત ફીરા, મનુષ્યકા બહોત સુકાળ;
જાકું દેખી છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.''

એમ કહીને સ્વામીશ્રીએ કહ્યું : ''શ્રીજીમહારાજે આ મંદિર અમને સોંપ્યું ત્યારે હું એક અને અડધો તત્ત્વાનંદ મળી દોઢ સાધુ હતા, તેના આજે દોઢસો થયા છે. પરંતુ છાતી ઠરે એવાના દુકાળ છે.'' એટલી વાત કરીને પછી બોલ્યા : ''જેમ મહારાજને જોઈને સમાધિ થઈ જાય ને જીવ સુખિયો થઈ જાય છે, તેમ નિરંજનાનંદ સ્વામીને દર્શને કરીને સમાધિ જેવું સુખ વરત્યા કરે, એવાના દુકાળ છે.''

ત્યારે જાગા ભક્તે પૂછ્યું : ''જેને દર્શને કરીને છાતી ઠરે છે એવો એમાં શો ગુણ હોય જે આગલ્યાને જોઈને પોતાની છાતીમાં ઠરે ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''એ તો અખંડ ભગવાન રાખે તેથી તેમને જોઈ વૃત્તિ પાછી વળે એટલે છાતી ઠરે. જેની સામું જોઈએ ને વૃત્તિ પાછી વળી આવે ત્યારે છાતી ઠરે છે ને જેની સામું જોઈએ ને વૃત્તિ ચળાયમાન થાય તો તેને દેખીને છાતી ઠરે નહિ.''

ત્યારે ફરી જાગા ભક્તે પૂછ્યું : "જેને દેખીને આગલ્યાની છાતી ઠરે છે એવા ગુણ આવ્યાનું શું કારણ છે ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "એવા ગુણ તો ન જ આવે; તે ગમે તો ભેળો રહે કે સેવા કરે ને ગમે તો કહે તેમ કરે, તો પણ મોટાના ગુણ તો આવે જ નહિ."

ત્યારે વળી હાથ જોડીને પૂછ્યું જે, "હે મહારાજ, શો ઉપાય કરે ત્યારે એવા ગુણ આવે ? ને વચનામૃતમાં તો બહુ ઠેકાણે કહ્યું છે જે, સત્પુરુષના ગુણ તો મુમુક્ષુમાં આવે છે."

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : "સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે, સર્વજ્ઞ જાણે અને એવા છે તેમની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે. પણ તે વિના તો આવે જ નહિ."[૨૯] એ પ્રમાણે વાત કરીને પછી મંદિરે પધાર્યા.

સત્સંગનો મહિમા

સ્વામીશ્રી નિત્ય બપોરની કથા કર્યા પછી, બ્રહ્મચારીને આસને કથાવાર્તા કરવા જતા. એક દિવસ આ નિયમ અનુસાર સ્વામીશ્રી બ્રહ્મચારીને આસને પધાર્યા ત્યારે સુથાર સૂતર નાખવા મંદિરે આવ્યો. તેને જાગા ભક્તે સૂતર નાખવા કહ્યું પણ તેણે કહ્યું : "સ્વામી આવશે ત્યારે સૂતર નાખીશ."

એટલે સ્વામીશ્રીને તેડવા જાગા ભક્ત બ્રહ્મચારીને આસને આવ્યા. સ્વામી તેમની સાથે ચાલ્યા અને ધર્મશાળાના ચોક વચ્ચે આવ્યા. ત્યાં સ્વામીએ 'दुर्भगो बत लोकोऽयं यदवो नितरामपि' એ શ્લોક બોલીને કહ્યું : "મહારાજ એમ કહેતા જે, બીજા તો અભાગિયા પણ જાદવ તો નિરંતર અભાગિયા. કેમ જે શ્રીકૃષ્ણ ભગવાન ભેગા તેઓ સવાસો વરસ રહ્યા તો પણ તેમને ઓળખ્યા નહિ. જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે તો નિરંતર અભાગિયા છે. બીજા મંદિરના કરતાં આ જૂનાગઢના મંદિરના તો નિરંતરના અભાગિયા; કેમ જે ભેગા રહે ને આ સાધુને જેવા છે તેવા ઓળખે નહિ. કેમ જે જેમ છોંતેરાનો મે' વરસ્યો ને વુઠે મે'એ કાળ પડ્યો, ને ગંગામાં નાહ્યો ને માથું કોરું રાખ્યું ! એમ જાણ્યા વિના

૨૯. સ્વામીની વાતો : ૩/૩૪.

આ સત્સંગમાં જે રહ્યા છે, તે તો જેમ છોકરાં, વાછરડાં રહ્યાં છે તેમ રહ્યા છે. પણ જેવા છે તેવા જાણી કે ઓળખી શકતા નથી; અને આ સત્સંગનો મહિમા તો બહુ જ મોટો છે; તે મહારાજ કહેતા કે 'આ સત્સંગ તો બ્રહ્મરૂપ અને મહાવિષ્ણુરૂપ છે'.'' એમ કહીને બોલ્યા :

'ધન્ય ધન્ય સો જન શોધી સત્સંગતિ આયો;
તીરથ, વ્રત, જપ, જોગ સબનકો ફલ સો પાયો.'

આ સવૈયો બોલ્યા ને કહ્યું : ''એવો સત્સંગનો મહિમા છે.''[૩૦]

પછી ચાલતાં સભામાં પધાર્યા અને સુથાર પાસે આવ્યા ત્યારે તેણે સૂતર નાખ્યું. ત્યારે જાગા ભક્તે સુથારને કહ્યું : ''હવે સૂતર કેમ નાખ્યું ?''

એટલે સ્વામીશ્રી બોલ્યા : ''આ કાંઈ મુક્તાનંદ સ્વામી કે કૃપાનંદ સ્વામી નથી કે જેમ કહીએ તેમ ખમે. માટે ધીરે રહીને સમજાવીએ તો કામ થાય.''

તુલસી દવેને સમાધિ

સ્વામીશ્રી સભામાં વિરાજતા હતા અને સંતો-હરિભક્તોની સમક્ષ વાતો કરતા હતા ત્યારે તુલસી મહારાજ સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મને અષ્ટાંગ યોગ સિદ્ધ કરાવો.''

ત્યારે સ્વામીશ્રીએ તેના તરફ જોયું અને હસતાં હસતાં કહ્યું : ''અષ્ટાંગ યોગનું ફળ શું ?''

ત્યારે તેણે કહ્યું : 'ધ્યાન, ધારણા અને સમાધિ.'

સ્વામીશ્રીએ તેને કહ્યું : ''છેલ્લા થડને બાઝ.''

એટલે તેણે હાથ જોડી કહ્યું : ''આપની કૃપા હોય તો થાય.''

પછી સ્વામીશ્રીએ તેના તરફ દૃષ્ટિ કરીને કહ્યું : ''કૃપા છે માટે ભંડારમાં જા અને ત્યાંથી અડધો શેર હળદર ને અડધો શેર ગોળનો લાડવો કરીને ખાઈ જા. પછી મારી સામું બેસીને ભજન કરજે.''

તે પ્રમાણે તુલસી મહારાજે થોડા દિવસ સ્વામીશ્રી સન્મુખ બેસીને ભજન કર્યું. તે અરસામાં સવાને મંદવાડ વધ્યો. તે બોલે પણ નહિ અને કાંઈ ખાય પણ નહિ. પછી સ્વામીશ્રીએ તુલસીને કહ્યું : ''તું બ્રહ્મચારીને ત્યાંથી રાબ લાવીને આ સવાને પીવડાવ.''

---

૩૦. સ્વામીની વાતો : ૩/૩૫.

એટલે તુલસી મહારાજ બ્રહ્મચારીને ચોકે ગયા અને રાબ કરીને સવા પાસે આવ્યા. સ્વામીશ્રી પણ ભંડકમાં જ્યાં સવો સૂતો હતો ત્યાં પધાર્યા. સવા તરફ સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી એટલે તે જાગ્યો. એટલે તુલસી મહારાજે તેને રાબ પાઈ. સ્વામીશ્રીએ તુલસીને કહ્યું : "આ સ્થાનેથી (હૃદય તરફ દૃષ્ટિ કરીને) તેને જગાડજે." એટલું કહીને સ્વામીશ્રી સભામાં પધાર્યા.

સ્વામીશ્રીએ સભામાં વાત કરી કે "કોઈને વાસના હોય તો તેને ટાળવા આ મંદિરમાં આવે. છતાં આ જ મંદિરમાં કોઈ વાસના સોતો મરે તે કેવું ખોટું કહેવાય ? માટે આપણે સૌ બ્રહ્મચારી, પાળા તથા હરિજનો માળા ફેરવી સવાને પુણ્ય આપો જેથી તેને વાસના ન રહે." એ પ્રમાણે કહીને સૌની પાસે માળા ફેરવાવી સવાને પુણ્ય અપાવ્યું.

આવી રીતે અપાર કૃપા કરી સ્વામીશ્રીએ સવાને નિર્વાસનિક કરી દેહ મુકાવ્યો. તેના આત્માને લઈને સ્વામીશ્રી દિવ્ય દેહે ચાલ્યા તે ભેગા તુલસી મહારાજને પણ સમાધિમાં ઉપાડ્યા. પહેલાં તો તુલસી મહારાજને તેના શરીરમાં ષટ્ચક્રો દેખાડ્યાં. પછી તેને ગણપતિના સ્થાનકે લાવ્યા. ત્યાં ચાર પાંખડીનું કમળ તેણે જોયું. પછી નાભિમાં બ્રહ્માના સ્થાનકે લાવ્યા. ત્યાંથી હૃદયમાં વિષ્ણુના સ્થાનકે તેને લાવ્યા. ત્યાંથી કંઠ સ્થાનમાં આઠ ભૂજાવાળી શક્તિ બતાવી. ત્યાંથી ભ્રૂકુટિમાં શિવજીના સ્થાનકે લાવ્યા. પછી છેવટે બ્રહ્મરંધ્રમાં મહાવિષ્ણુનું સ્થાનક બતાવ્યું. ત્યાં તેજનો પુંજ જોઈ તુલસીને આશ્ચર્ય થયું ! ત્યાંથી બ્રહ્મરંધ્રને માર્ગે તુલસીના આત્માને બહાર કાઢ્યો. ત્યાં તો તેણે તેજની એક સળંગ સડક દીઠી. તેમાં સ્વામીશ્રીને ઊભેલા તેણે જોયા. સ્વામીશ્રીની જમણી બાજુએ તેણે સવાને પણ ઊભેલો જોયો. એટલે તુલસી મહારાજ સ્વામીશ્રીના ડાબે પડખે જઈને ઊભા. સ્વામીશ્રી તરત ત્યાંથી ચાલ્યા. તેમની સાથે તુલસી અને સવો બંને ચાલ્યા. આંખ મીંચીને ઉઘાડે એટલી વારમાં તો જાણે હજારો ગાઉ જતું રહેવાય એટલી વેગવાન ગતિથી ચાલવા લાગ્યા. રસ્તામાં અક્ષર બ્રહ્માત્મક નાદ સંભળાવા લાગ્યો. આ બંને તો તે નાદ સાંભળી ધ્રૂજવા લાગ્યા. પરંતુ સ્વામીશ્રી ભેળા હતા એટલે તેમને હિંમત આવી. આ પ્રમાણે ખૂબ દૂર જતાં તે તેજની સડકની ડાબી બાજુએ સ્ત્રી-પુરુષ ઊભેલાં તેણે જોયાં. પરંતુ તેમનો લોક જોવામાં આવ્યો નહિ. એટલે તુલસી મહારાજે સ્વામીશ્રીને પૂછ્યું : "આ સ્ત્રી-પુરુષ કોણ છે ? આ

સ્ત્રીનું રૂપ તો આ બ્રહ્માંડમાં કોઈનું રૂપ ન હોય તેવું છે. પરંતુ આ પુરુષ ઘઉંવર્ણો-શ્યામ છે.''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''જેમના થકી અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે આ મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિ છે.''

ત્યાર પછી એટલું જ બીજું અંતર ચાલ્યા ત્યારે અક્ષરધામ આવ્યું. અહીં શ્રીજીમહારાજને દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયેલા તેણે જોયા. આજુબાજુ અનંત કોટિ મુક્તો બેઠા હતા. સ્વામીશ્રી તો સભાને છેડે ઊભા હતા. તુલસી અને સવો બંને જણા સભા વચ્ચેથી ચાલ્યા. તેમાં સવો તો મુક્તોની પંક્તિમાં બેસી ગયો. તેની ઓળખાણ તુલસી મહારાજને પછી પડી નહિ. તુલસી મહારાજ થોડે દૂર ગયા એટલે અહીંના વેષમાં તેણે શિવલાલભાઈને જોયા. ઓળખાણ પડી એટલે તરત તેમણે પૂછ્યું : ''ભલા આવતા રહ્યા છો ?''

ત્યારે તુલસી મહારાજે કહ્યું : ''હા.'' પછી તે આગળ ચાલ્યા. એટલામાં રઘુવીરજી મહારાજ પણ અહીંના વેષમાં દેખાયા. તેમને ઓળખીને તે આગળ ચાલ્યા. પછી શ્રીજીમહારાજના સિંહાસનની હેઠે ડાબે પડખે અહીંના વેષે ગોપાળાનંદ સ્વામીને જોયા. સિંહાસન ઉપર શ્રીજીમહારાજની મૂર્તિ - હિંડોળે ઝૂલતી તેમણે જોઈ. મહારાજનો સુંદર દિવ્ય પોષાક, કપાળમાં કેસરયુક્ત ચંદનની અર્ચા, વચ્ચે ગોળ કુમકુમનો ચાંદલો ને કેસરનું તિલક ! આવી શોભાએ યુક્ત મહારાજનાં તેને દર્શન થયાં. શ્રીજીમહારાજનો હિંડોળો જ્યારે આગળ આવે ત્યારે મહારાજનાં નેત્રમાંથી તેજનાં કિરણો નીકળતાં જણાય ને હિંડોળો જ્યારે પાછો જાય ત્યારે તે કિરણો પાછાં નેત્રમાં સમાઈ જાય. શ્રીજીમહારાજના સિંહાસનને ત્રીજે પગથિયે તુલસી મહારાજ જઈને ઊભા અને મહારાજ સામે હાથ જોડ્યા.

ત્યારે મહારાજે તેમને કહ્યું : ''ભગત ! કાંઈ પૂછવું છે ?''

ત્યારે તુલસી મહારાજે કહ્યું : ''હા, મહારાજ ! મારે પ્રશ્ન પૂછવા છે.''

એટલે મહારાજે કહ્યું : ''ત્યારે પૂછો.''

તુલસી દવેના સાત પ્રશ્નો

તુલસી મહારાજે પહેલો પ્રશ્ન પૂછ્યો : ''હે મહારાજ ! તમારો હિંડોળો

ચાલે છે તેથી આગળ બેઠેલા મુક્તોને દર્શન થાય, પરંતુ પાછળ બેઠેલાને શી રીતે દર્શન થાય ?''

ત્યારે મહારાજે તેમને કહ્યું : ''તમે ચારે કોર ફરીને જુઓ.'' એટલે તુલસી મહારાજે ચારે તરફ ફરીને જોયું. ત્યારે તેમણે જોયું કે આગળ, પાછળ તેમજ બંને બાજુએ બેઠેલા તમામ મુક્તોને મહારાજનાં એકસરખાં સન્મુખનાં દર્શન થતાં હતાં. પછી મહારાજે કહ્યું : ''આગળ-પાછળ તો તમારા મનુષ્ય લોકમાં હોય, અહીં તો બધાને સન્મુખ જ હોય.''

પછી તેમણે બીજો પ્રશ્ન પૂછ્યો : ''હે મહારાજ ! જેવાં દર્શન તમારી સમીપે બેઠેલા મુક્તોને થાય છે, તેવાં છેટે બેઠેલાને દર્શન થાય છે ?''

ત્યારે મહારાજે કહ્યું : ''તમે તે પ્રમાણે છેટે જઈને દર્શન કરો.'' તેથી તેઓ દૂર ગયા અને ત્યાં પણ જેવા સમીપ બેઠેલા મુક્તોને દર્શન થતાં હતાં તેવા તેમણે મહારાજને જોયા. ત્યારે ફરી મહારાજે હસતાં હસતાં કહ્યું : ''તુલસી મહારાજ ! છેટે અને પાસે તો તમારા લોકમાં હોય.''

એટલે તુલસી મહારાજે ત્રીજો પ્રશ્ન પૂછ્યો : ''આ બધા મુક્તો શાના ઉપર બેઠા છે ?''

ત્યારે મહારાજે કહ્યું : ''તમે જુઓ.''

તુલસી મહારાજે જોયું તો પાતાળ સુધી જાણે ઘાટું અક્ષરનું તેજ તેને દેખાયું. તે ઊંડું ઊંડું જોતાં તે તેજનો અંત જ ન આવ્યો. એટલે મહારાજે કહ્યું : ''ભગત ! એ તેજ જોવું બંધ કરો. તેનો અંત નહીં આવે.''

પછી તેમણે ચોથો પ્રશ્ન પૂછ્યો : ''હે મહારાજ ! આ બધા મુક્તોના દેહ શાના છે ?''

ત્યારે મહારાજે ફરી કહ્યું : ''તમે જુઓ.'' તેણે જોયું તો બધા મુક્તોનાં તેજ આરપાર દેખાય. પરંતુ એક બીજા મુક્તોના દેહ આવરણ રૂપ બને નહીં. એમ દેહ સોંસરું દેખાય છતાં હાથ, પગ આદિ અવયવો બરાબર જણાય.

તુલસી મહારાજે અક્ષરધામનું સુખ દેખીને ત્યાંનું અતિ અપાર આશ્ચર્ય જોઈને ફરી પ્રશ્ન પૂછ્યો : ''આ મુક્તોની સંખ્યા કેટલી હશે ?''

ત્યારે મહારાજે કહ્યું : ''મુક્તોની સંખ્યા અનંત અપાર છે. તેથી તેનો પાર આવશે નહીં.'' છતાં ઘણે છેટે સુધી જોયું.

એટલે મહારાજે કહ્યું : ''એ જોવું બંધ કરો.'' આ પ્રમાણે પાંચ પ્રશ્નો

તેમણે પૂછ્યા અને મહારાજે તેના ઉત્તર કર્યા.

પછી મહારાજે કહ્યું : "હવે કાંઈ પૂછવું છે ?"

ત્યારે તુલસી મહારાજે કહ્યું : "હા."

મહારાજે કહ્યું : "પૂછો ત્યારે."

તુલસી મહારાજે છઠ્ઠો પ્રશ્ન પૂછ્યો : "આ ધામને કોટ કે કિલ્લો કેમ નથી ?"

ત્યારે મહારાજે કહ્યું : "આ તો અક્ષરધામ છે. તે અધોઊર્ધ્વ અને ચારે કોરે પ્રમાણે રહિત છે. એટલે તેને કોટ-કિલ્લો ન હોય. બીજાં ધામ તો પરિમિત છે એટલે તેમને કોટ-કિલ્લા હોય છે."

પછી મહારાજે કહ્યું : "હવે કાંઈ પૂછવું છે ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, મહારાજ ! હજુ એક પ્રશ્ન પૂછવો છે. આ ગુણાતીતાનંદ સ્વામીને બધા ત્યાં અક્ષર કહે છે તેનું કેમ સમજવું ?"

એટલે મહારાજે કહ્યું : "તમારે તે જોવું છે ?"

ત્યારે તુલસી મહારાજે કહ્યું : "હા, મહારાજ !" એટલે સભાને છેડે સ્વામી ઊભા હતા તે સ્વામીની મૂર્તિ ફેલાઈને ધામરૂપ થઈ ગઈ. મહારાજ અને અનંત મુક્તો તમામને સ્વામી ધારી રહ્યા છે એમ દેખાયા.

મહારાજે કહ્યું : "તમે જોયું ? આ બધા છે તે સર્વે અક્ષર છે પણ મૂળ અક્ષર તો આ સ્વામી છે." પછી સ્વામીની મૂર્તિ મહારાજના સિંહાસન પાસે સાધુરૂપે આવીને ઊભી રહી.

પછી મહારાજે તુલસીને પૂછ્યું : "હવે કાંઈ પૂછવું છે ?" તુલસીએ કહ્યું : "હા, મહારાજ ! બધું જ જોયું પણ તમારી માયા ન જોઈ !"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "તુલસી ! અહીં માયા ન હોય." પણ છતાં તુલસીએ આગ્રહ છોડ્યો નહીં.

ત્યારે મહારાજે કહ્યું : "હેઠે જો." એટલે તુલસીએ નીચે જોયું તો માયાનું ગાઢ અંધારું તાગ ન આવે એટલું ઊંડું તેણે જોયું અને તે તરત જ દેહમાં આવ્યો. માયા પર સ્થિતિ ન થઈ હોય એટલે માયાના ભાવ અંતરમાંથી ટળતા નથી અને પરમાત્માનાં દિવ્ય-સુખને મૂકી તેના સંકલ્પો થાય છે. એટલે તુલસી મહારાજે સ્વામીને ઓળખ્યા. અક્ષરધામના આ સાક્ષાત્‌ સંબંધથી તુલસી મહારાજની નિરાવરણ સ્થિતિ થઈ ગઈ. ભૂખ-તરસ, ઊંઘ-આળસ તથા દેહની

બીજી હાજતો તેને ટળી ગઈ. તેનું શરીર દિવ્ય થઈ ગયું.

તુલસી મહારાજ સમાધિમાંથી પાછા જાગ્રત સ્થિતિમાં આવ્યા ત્યારે પણ તેમના દેહની આ સ્થિતિ રહી. સ્વામી ગમે ત્યાં એકાંતમાં બેઠા હોય ત્યાં કશા પણ આવરણ વિના તેઓ જઈ શકતા. તેમની આવી સ્થિતિ થઈ ગઈ તે જોઈને બીજા કહેવા લાગ્યા કે 'તુલસી ગાંડો થઈ ગયો.' તેથી તેમને સૌએ શિવજીના નીચેના ભંડકમાં પૂરીને ત્યાં કમાડે તાળાં વાસ્યાં ને જાગા ભક્ત, હરગોવિંદદાસજી તથા વૃષનંદનદાસજીને ચોકીમાં રાખ્યા. તો પણ તાળાં તેમનાં તેમ રહ્યાં અને પોતે તો સભામાં આવીને બેઠા.

આ અરસામાં વસોથી વાઘજીભાઈ આવ્યા હતા. તેમને સૌએ કહ્યું : "આ તુલસી તો પાર નીકળી જાય છે." પરંતુ તેમણે તે વાત માની નહીં ને કહ્યું : "એવું તો શ્રીજીમહારાજના વખતમાં હતું. હાલમાં તેવું બને નહીં."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "એને પૂરી મૂકો." પછી તેને હેડમાં નાંખી શિવજીના નીચેના ભંડકમાં પૂરી દીધા અને તાળું મારી કૂંચી પોતાના ગજવામાં મૂકી વાઘજીભાઈ સભામાં આવીને બેઠા. એટલામાં તુલસી મહારાજ પણ તેમની પાસે આવીને બેઠા. તેમને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "આને પૂરી મૂકોને."

ત્યારે વાઘજીભાઈએ કહ્યું : "સ્વામી ! હું હમણાં તેને પૂરીને જ આવ્યો છું અને કૂંચી તો મારા ગજવામાં છે. તુલસી ભીંત પાર નીકળી જાય છે એ વાત હવે સાચી."

પછી સ્વામીશ્રીએ કહ્યું : "હવે એને પૂરશો નહીં. એ કાંઈ બીજે જશે નહીં." સ્વામીશ્રી જ્યારે મહાપૂજામાં બેસતા, ત્યારે તુલસી મહારાજ તેમના હાથમાંથી આરતી લઈને સ્વામીની આરતી ઉતારતા. પછી સાધુ તથા હરિભક્તો તેમને ઠપકો દેતા અને કહેતા : "સાધુની આરતી કેમ ઉતારે છે ?"

ત્યારે તે જવાબ દેતા : "હું તો સ્વામીને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખું છું." વળી, પોતે કહેતા : "આ મંદિરની મૂર્તિઓમાં, શિક્ષાપત્રીમાં અને સૌ સાધુ તથા હરિભક્તોના આત્માને વિષે શ્રીજી-મહારાજને હું અખંડ દેખું છું." આ પ્રમાણે સ્વામીશ્રીએ પોતાના પ્રતાપથી તુલસી મહારાજને નિરાવરણ સ્થિતિવાળા કરી દીધા. તુલસી મહારાજની આવી સ્થિતિ બાર માસ સુધી રહી. પછી જ્યારે ભગા દોશીએ સ્વામીશ્રીને

કાગળ લખ્યો કે "તુલસી જેવો હતો તેવો કરીને અહીં મોકલી આપજો."

એટલે સ્વામીશ્રીએ દૃષ્ટિ ખેંચી લીધી. તુલસી મહારાજે પોતાને થયેલ સમાધિના અનુભવની વાત કોઠારી ગોરધનભાઈને કહી હતી. તેમણે બધી વાત વિસ્તારપૂર્વક પોતાના સેવક ગોકળ પાસે લખાવી લીધી હતી.

✧ ✧ ✧

બધાયને આ ચોખ્ખી ઉપાસના સમજાવવી છે

આ.સં. ૧૯૧૯નો જન્માષ્ટમીનો સમૈયો આવ્યો. હજારો હરિભક્તો આ સમૈયે આવ્યા. સ્વામીશ્રી પણ સમૈયાના દિવસ દરમ્યાન ભોળાનાથ ભટ્ટ પાસે રોજ સાંજે સત્સંગિજીવનની કથાનો એક અધ્યાય વંચાવે અને પછી શ્રીપતિમ્ કરી પોતે પાટ ઉપર વિરાજમાન થઈ વાતો કરે.

વાતોના પ્રસંગ દરમ્યાન એક દિવસ સ્વામીશ્રીએ ઉપાસનાની સર્વોપરી વાત કરતાં કહ્યું : "છ સગુણ અને ચાર નિર્ગુણ મળીને દશ મૂર્તિઓએ યુક્ત જે એક એક બ્રહ્માંડ તે મહાવિષ્ણુના રોમ રોમ પ્રત્યે છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તથા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ એ છ સગુણ મૂર્તિઓ છે. નરનારાયણ, વાસુદેવનારાયણ, લક્ષ્મીનારાયણ અને શ્રીકૃષ્ણનારાયણ એ ચાર નિર્ગુણ મૂર્તિઓ છે. તે મહાવિષ્ણુ તો મૂળ પ્રકૃતિ અને મૂળ પુરુષને વિષે બુદબુદાની પેઠે અનંત ઊપજે છે અને લય પામે છે. આવી રીતે બ્રહ્માંડમાં અનંત કોટિ ભગવાન થયા પણ તે સર્વ ભગવાનોના ભગવાન તો એક સ્વામિનારાયણ છે એમ સમજવું. બીજા બધા ભગવાન તો સ્વામિનારાયણને ભજી ભજીને એ પદવી પામ્યા છે એટલે સ્વામિનારાયણના સંબંધે તેમને ભગવાન કહેવાય છે. પણ એમના વિના બીજા કોઈ ભગવાન નથી. શાસ્ત્રોમાં કદાચ બીજા અવતારોને ભગવાન કહ્યા હોય, પુરુષોત્તમ કહ્યા હોય, સર્વોપરી કહ્યા હોય, સર્વના નિયંતા કહ્યા હોય કે સર્વાધાર કહ્યા હોય તે તો જેમ દિલ્હીના બાદશાહનું નામ શેરખાં હોય અને બીજા સિપાઈનું નામ શેરખાં હોય તેના જેવું છે. માટે સર્વોપરી, સદા દિવ્ય સાકાર મૂર્તિ, સર્વ અવતારના અવતારી, સર્વના નિયંતા અને સર્વના કારણ તો એક સ્વામિનારાયણ ભગવાન જ છે. એટલે જીવકોટિ, ઈશ્વરકોટિ, અવતાર કોટિ, પ્રધાનપુરુષ કોટિ, મૂળ પુરુષ તેમજ મુક્તો અને અનાદિ અક્ષરબ્રહ્મ એ

સર્વેના સ્વામી ને એ સર્વેને ઉપાસ્ય મૂર્તિ તો એક સ્વામિનારાયણ ભગવાન જ છે. પણ એ વિના બીજા કોઈ નથી, એમ સર્વેએ જાણવું.''

સર્વોપરી ઉપાસનાની સ્વામીશ્રીએ વાતો કરી તે સાંભળી ભોળાનાથ ભટ્ટને બહુ વસમું લાગ્યું. શાસ્ત્રના શબ્દોની જાળમાં બંધાયેલા આ શાસ્ત્રીને અનાદિ અક્ષરબ્રહ્મના અનુભવ જ્ઞાન સાથે કેમ મેળ બેસે ? સ્વામીશ્રીને તો બધું હસ્તામલકવત્ દેખાતું હતું. વળી, પોતે જ મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિના નિયંતા હતા, પ્રેરક હતા અને તેમના દ્વારા અનંત બ્રહ્માંડો ઊપજાવી તેમનામાં પાછા લીન કરતા હતા એટલે અક્ષરબ્રહ્મના સ્વાનુભવની આ અદ્ભુત વાતો શાસ્ત્રીને ગળે કેમ ઊતરે ? શાસ્ત્રમાં તો મૂળ પુરુષ સુધીની વાતો હોય અને તે મૂળ પુરુષને જ આદિ પરમાત્મા તરીકે શાસ્ત્રકારોને વર્ણવ્યા છે. તેથી પર અક્ષર, તેના સ્વરૂપનું જ્ઞાન તો શાસ્ત્રકારોને ક્યાંથી હોય ? એ અક્ષરના પતિ પુરુષોત્તમ અને એ અક્ષર-પુરુષોત્તમનો આજે આપણને સંબંધ થયો તે અદ્ભુત વાતો સ્વામીશ્રી ક્યાં સુધી હૈયામાં સંઘરી રાખે ? સ્વામીશ્રીએ તો તેથી આવી સભા જોઈ છૂટું જ મૂકી દીધું. પણ ભટ્ટજીને તે પથ્ય ન પડ્યું. એટલે ભોળાનાથ ભટ્ટે રઘુવીરજી મહારાજને કહ્યું : ''વાતોની કાંઈ અવધિ હોય તો ઠીક. આ તો હવેલીનાં ગીત કહેવાય.''

એ સાંભળી સ્વામીશ્રીએ મહારાજને પૂછ્યું : ''ભટ્ટજી શું કહે છે ?'' એમ કહીને બોલ્યા કે ''ભટ્ટજીને અવધિ જોઈએ છે. પણ તેમને ખબર નથી કે આ તો અધોઊર્ધ્વ અને ચારે બાજુએ પ્રમાણે રહિત જે અક્ષરધામ તેમની વાતો છે. એટલે જ્યાં અક્ષરધામનો જ અવધિ નથી તો તેમની વાતોનો તો અવધિ ક્યાંથી હોય ?'' એમ કહીને ફરી હસતાં હસતાં બોલ્યા : ''વળી, ભટ્ટજી કહે છે આ તો હવેલીનાં ગીત. પરંતુ મારે તો આ પાંચ હજાર મનુષ્યો ભેગા થયા છે તે બધાયને આ ચોખ્ખી ઉપાસના સમજાવવી છે તે ઘેર ઘેર ફરું તો ક્યારે પાર આવે ? માટે સભામાં જ આ વાતો પ્રસિદ્ધ કરવી છે.''

તે સાંભળી ભટ્ટજીએ કહ્યું : ''સામું પાત્ર તો જોવું જોઈએ ને ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''આ વાતો સાંભળે અને સદે તે પાત્ર અને ન સદે તે કુપાત્ર.'' એમ સ્વામીશ્રીએ કહ્યું એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા : ''ભટ્ટજી ! વરસાદ વરસે તે એમ કહેશે નહિ કે હું વાડમાં નહિ વરસું ને ખેતરમાં જ વરસીશ. એ તો વાડમાં ને ખેતરમાં બધેય વરસે. માટે જોગી !

તમે તો વરસો જ વરસો.''

આમ, રઘુવીરજી મહારાજ પણ સ્વામીશ્રીની શુદ્ધ ઉપાસનાની વાતો સાંભળી બહુ જ રાજી થયા. એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''હા, મહારાજ ! મારે તો વરસવું જ છે. કેમ જે દેહનો નિર્ધાર નહિ. મને મહારાજે જીવનું મૂળ અજ્ઞાન ટાળીને પોતાનું સ્વરૂપ જેવું છે તેવું સમજાવવા સારુ અહીં રાખ્યો છે. તે કાર્ય કરવું છે ને જીવને મહારાજનું સર્વોપરીપણું સમજાવવું છે.''

એટલી વાત કરીને પછી સ્વામીશ્રીએ કહ્યું : ''આ ભટ્ટજી પાત્રની વાત કરે છે. પણ આ તો અક્ષરધામનું જ્ઞાન છે ને આ વાતુ તો કાળ, કર્મ અને માયાનાં બંધનને તોડીને ઠેઠ અક્ષરધામમાં પહોંચાડે તેવી ભગવાન પુરુષોત્તમની વાતુ છે. આ વાતુ જેને સમજાણી તે તો દેહ છતાં જ અક્ષરધામને પામી રહ્યો છે.''

પછી પોતાની છાતી ઉપર હાથ મૂકીને સ્વામીશ્રી બોલ્યા : ''આ અક્ષરધામમાં પુરુષોત્તમ ભગવાન પોતે પોતાના મૂળ સ્વરૂપે સદાય વિરાજમાન છે એમ સર્વેએ જાણવું. અને આ પ્રત્યક્ષ સાધુની જેને પ્રાપ્તિ થઈ છે, તેમને જેવા છે તેવા યથાર્થ જેણે જાણ્યા છે તેને તેથી ઉપરાંત બીજું કાંઈ જાણવું કે પામવું બાકી રહ્યું નથી. તેને સર્વે પ્રાપ્તિ થઈ રહી છે, કારણ કે જેને દેહ મૂકીને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે.'' આ પ્રમાણે સ્વામીશ્રીએ ઉપાસનાની અનહદ વાતો કરી.

ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું : ''સ્વામી ! આજ તો ઘણી જ સમજવા જેવી વાતો કરી. આ વાતો તો કરોડો જન્મની કસર ટાળીને સાક્ષાત્ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે તેવી વાતો છે.''

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : ''મહારાજ ! હું એકેય ધારતો નથી. એ તો માંહી રહીને શ્રીજીમહારાજ પંડે બોલે છે.''

એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા : ''હા, સ્વામી ! એ તો પ્રત્યક્ષ દેખાય છે કે તમારે વિષે રહીને મહારાજ સદાય વાતુ કરે છે.''

આ પ્રમાણે સભામાં રઘુવીરજી મહારાજે વાતો કરીને સ્વામીશ્રીનો મહિમા બહુ જ સમજાવ્યો. સર્વોપરી ઉપાસનાની સ્વામીશ્રીની વાતોથી આ સમૈયામાં આવેલા ઘણાખરા હરિભક્તોને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા થઈ ગઈ !

જન્માષ્ટમીનો સમૈયો કર્યા પછી સોરઠ દેશમાં રઘુવીરજી મહારાજ સાથે સ્વામીશ્રીએ ફરવા નીકળવાનો વિચાર કર્યો. જૂનાગઢથી સંત-પાર્ષદના સંઘને લઈ પ્રથમ સ્વામીશ્રી વણથળી જવા નીકળ્યા. રસ્તામાં સ્વામીશ્રી મહારાજ સાથે ગાડીમાં બેસી વાતો કરતા હતા. ત્યાં મહારાજશ્રીએ પેંડાની કોથળી કાઢી એક પેંડો સ્વામીશ્રીને આપતાં કહ્યું : ''આપણે મુકામે પહોંચતાં મોડું થશે. માટે આ પેંડો જમો.''

એટલે સ્વામીશ્રીએ પેંડો પાછો આપીને કહ્યું : ''આપ આમ કરશો તો અમારે ને તમારે ભાઈબંધાઈ નભશે નહિ.''

પરંતુ રઘુવીરજી મહારાજે બહુ આગ્રહ કરીને કહ્યું : ''અડધો તો જમો.''

એટલે સ્વામીશ્રીએ અડધા પેંડાના બે ભાગ કર્યા. તેમાંનો અર્ધો ભાગ ગાડીની સાથે ચાલતા જાગા ભક્તને આપ્યો અને અરધો પોતે મોઢામાં મૂકીને બોલ્યા : ''એકલશૃંગી કે જેને સ્ત્રી-પુરુષનું ભાન પણ ન હતું તે સ્ત્રીમાં ભ્રષ્ટ થઈ ગયા તે આવા પેંડા ખાઈને ભ્રષ્ટ થયા હશે.''

સ્વામીશ્રીએ પોતાના ત્યાગ-વૈરાગ્યની રુચિ જણાવી અને આ લોકના સુંદર પદાર્થ પ્રત્યે તેમને સદા રહેતી અરુચિ પણ સહજ ભાવે આ પ્રસંગથી દેખાઈ ગઈ ! એટલામાં તે સિગરામને જડેલા રેશમી ફૂમતામાંનું એક ફૂમતું હલ્યું અને રઘુવીરજી મહારાજને ગાલે અડ્યું. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''આ ફૂમતાં બકિયો લે છે તેમાંથી વૃત્તિઓ ક્યારે તૂટશે ? ને વૈરાગ્ય ક્યારે થશે ?''

સ્વામીશ્રીનાં એક પછી એક આવાં વાગ્બાણ સાંભળી રઘુવીરજી મહારાજને લાગ્યું કે 'જરૂર સ્વામીશ્રીએ આ વખતે મારી ગ્રંથિઓ ગાળવાનું નક્કી કર્યું લાગે છે.' પછી ધીરેથી તેમણે પૂછ્યું : ''સ્વામી ! અંતરમાં ટાઢું કેમ થાય ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''ગાયનું વાછરું ગાયના શરીરમાં ગમે ત્યાં થબડકા મારે પણ દૂધનું સુખ આવે નહિ. એ તો જ્યારે આંચળને વળગે, ત્યારે જ દૂધનું સુખ આવે. તેમ આ બધો સત્સંગ, મૂર્તિઓ, શાસ્ત્રો, આચાર્ય વગેરે મહારાજનું શરીર છે. પણ મોટા એકાંતિક સંત છે તે દ્વારા મહારાજ અખંડ રહ્યા છે. માટે તેમને વળગે ત્યારે મહારાજનું સુખ આવે. જેમ ગાયનાં

આંચળમાંથી દૂધનું સુખ આવે છે તેમ.''

આમ, વાતો કરતાં કરતાં વણથળી પધાર્યા. અહીં કલ્યાણભાઈ દેવજીભાઈ, ડાહ્યાભાઈ, શામજીભાઈ, લક્ષ્મીદાસ પટેલ વગેરે હરિભક્તો સામા આવ્યા. વાજતે-ગાજતે સામૈયું કરીને મહારાજને અને સ્વામીશ્રીને મંદિરમાં પધરાવ્યા. સૌ હરિભક્તો ત્યાં આવી ગયા અને સ્વામીશ્રીએ સભામાં અદ્‌ભુત વાતો કરી.

સ્વામીશ્રીનો સહજ એવો સ્વભાવ હતો કે જીવને જગતમાંથી ખેંચી ભગવાનને માર્ગે ચડાવવા. અહીં સાંજની સભામાં ધના ભક્ત આવ્યા હતા. સત્સંગ સંબંધી તેને ખાસ સમજણ ન હતી પરંતુ સ્વામીશ્રી પ્રત્યે હેત હતું. સ્વામીશ્રીને પણ તેની ઉપર હેત હતું. તેથી તેને જોઈ સ્વામીશ્રીએ તેને કહ્યું : ''ધના ભગત ! તમારે સ્ત્રી-છોકરાં નથી ને જમીન પણ નથી. તો મજૂરી કોને માટે કરો છો ? ચાલોને મંદિરમાં સેવા કરજો અને માળા ફેરવજો. અહીં શું સુખ લેવા પડ્યા રહ્યા છો ?''

તે સાંભળી ધના ભગતે તરત જ કહ્યું : ''મહારાજ ! બીજું તો કાંઈ સુખ મારે નથી પણ ભાઈના છોકરા છે તે રોજ સાંજે હું કામેથી આવું ત્યારે બાપા, બાપા, કહેતાં એક આ ગોઠણ ઉપર ચડે છે અને એક આ ગોઠણ ઉપર ચડે છે, એક ખભા ઉપર ચડે, એક મૂછો તાણે ત્યાં મારો બધો થાક ઊતરી જાય છે. એ જ સુખ છે. બીજું તો કાંઈ સુખ નથી.''

આ સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી અત્યંત દયા કરીને બોલ્યા : ''જુવોને, જીવે કેવું સુખ માન્યું છે ? ભાઈનાં છોકરાં બાપો બાપો કહે ને ઉપર ચડે ને થાક ઊતરી જાય છે. એ તો आशापाशो भवेद् बन्धः આવા પાસલામાં જીવ બંધાઈ જાય છે ને ભગવાનના સુખ સામું જોતો નથી. તૃષ્ણારૂપી તરંગમાં આ રીતે જીવ તણાતો જાય છે. પછી જન્મ, મરણ ને નરક ચોરાસીનાં દુઃખ ભોગવે છે. એવો આ જીવ બંધાય છે અને દુઃખી થાય છે.'' આ પ્રમાણે કેટલીક ઉપદેશની વાતો કરી. પણ ધના ભગતનો જીવ માયાના જાળામાંથી છૂટ્યો નહિ.

જીવને ગમે તે પ્રકારે પણ માયામાંથી છોડાવવા માટેની સ્વામીશ્રીની આતુરતા જોઈ રઘુવીરજી મહારાજને સ્વામીશ્રીનો અપૂર્વ મહિમા સમજાયો. પરંતુ ક્યાં સ્વામીશ્રીની દયા અને ક્યાં જીવની અવળાઈ ! આવા દયાળુ

સદ્‌ગુરુના હાથમાંથી છૂટીને પણ જીવ બળાત્કારે સંસારસાગરમાં ડૂબી મરે છે.

સ્વામી ! તમારી ગાડીએ જૂતેલા બળદ ઉપર અમારાથી ધૂંસરી મુકાય નહિ

એક રાત વણથળીમાં રહી સ્વામીશ્રી તથા મહારાજ ત્યાંથી માણાવદર જવા નીકળ્યા. રસ્તામાં મહારાજની ગાડીનો એક બળદ લૂલો થયો. એટલે સ્વામીશ્રીએ મહારાજના પાર્ષદોને કહ્યું : ''અહીંથી સાંતલપુર જાઓ અને મારું નામ દેશો એટલે કોઈ પણ કણબી પટેલ માણાવદર સુધી બળદ માગ્યો દેશે.'' તે પ્રમાણે પાળા સાંતલપુર ગયા. પરંતુ સ્વામીશ્રીનું નામ દેવાને બદલે તેમણે મહારાજનું નામ લઈને બળદ માગ્યો. પરંતુ કોઈ પણ પટેલિયાએ દાદ દીધી નહિ. પછી તેમને યાદ આવ્યું કે આપણે સ્વામીશ્રીનું નામ દેવાનું ભૂલી ગયા. તેથી ફરી પાછા જઈને સ્વામીશ્રીના નામે કહ્યું ત્યારે કણબી પટેલ પોતે પોતાની સારામાં સારી બળદની જોડ લઈને પાળાની સાથે આવ્યા. પછી તેમાંથી એક સારો બળદ ગાડીએ જોડવા લીધો એટલે કણબી પટેલે કહ્યું : ''સ્વામી ! તમને કૃષ્ણાર્પણ કર્યો.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''એમ અમારાથી લેવાય નહિ.''

પટેલે કહ્યું : ''સ્વામી ! તમારી ગાડીએ જોડેલા બળદ ઉપર અમારાથી ધૂંસરી મુકાય નહિ.'' એમ કહીને તે કણબી બીજો બળદ લઈને ઘેર ગયો. પછી પાળાઓએ ત્યાં બનેલી હકીકત મહારાજને કહી.

એટલે મહારાજે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! સત્સંગી સિવાયના પણ તમારું નામ સાંભળી તન, મન અને ધન અર્પણ કરે છે તો સત્સંગી તમને શું ન અર્પણ કરે ?''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : ''મહારાજ ! આ જૂનાગઢની વાવ સોરઠના સત્સંગીઓના માથા વડે ભરવી હોય તો ભરી દઉં. એવો સત્સંગ સમજાવ્યો છે. તો પણ તમારા મનમાં એમ છે જે સ્વામી ધર્માદાની વાત કરતા નથી. પણ જ્યારે સત્સંગ સમજાશે ત્યારે ક્યાં જશે ? જે ખર્ચવું-વાપરવું હશે તે સત્સંગમાં જ ખર્ચશે ને વાપરશે.''

આ પ્રમાણે વાતો કરતાં કરતાં માણાવદર આવી ગયું. માણાવદરના હરિભક્તોએ સ્વામીશ્રીનું અને મહારાજનું સ્વાગત કર્યું. ત્યાં સઘળાં પ્રસાદી

સ્થાનનાં દર્શન કર્યાં. પછી ત્યાંથી નીકળી સ્વામી મહારાજ સાથે ગણોદ પધાર્યા.

સ્વામીશ્રી ગણોદમાં

ગણોદમાં ભાદર કાંઠે વાડીમાં મુકામ કર્યો. અહીં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી. મહારાજ પણ આ વાતો સાંભળવામાં લુબ્ધ થઈ ગયા એટલે રસોઈ કરવાનું તેમને સૂઝ્યું જ નહિ. જૂનાગઢમાં હતા ત્યારે પણ બ્રહ્મચારી મેંદાનો લોટ, દળેલી ખાંડ, ઘી વગેરે મોકલતા તે પાછાં મોકલી દઈને ખીચડીમાં રીંગણું બાફીને જમી લેતા પરંતુ રસોઈ કરવાની માથાકૂટમાં કથા સાંભળવાનો સમય જવા ન દેતા. અહીં પણ મહારાજ તેમને ઉતારે ગયા અને ચીભડાં સુધારીને જમવા બેઠા. એટલે વૈકુંઠ બ્રહ્મચારી સ્વામીશ્રીને મહારાજ પાસે લઈ ગયા. સ્વામીશ્રીએ મહારાજને ચીભડાં જમવા દીધાં નહિ અને પાસે બેસી ખીચડી કરાવી. પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''અહીં તમારી પાસે બેસીને જ વાતો કરીશ.'' એમ કહી મહારાજ જમી રહ્યા ત્યાં સુધી સ્વામીશ્રીએ ત્યાં બેસીને કથા કરી.

સ્વામીશ્રી થોડા દિવસ ગણોદ રોકાયા. પોતાને નિમિત્ત તો રઘુવીરજી મહારાજને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા કરાવવી એ જ હતું. તેવી સ્વરૂપનિષ્ઠાની વાતોની સાથે સાથે ત્યાગ વૈરાગ્યની પણ અદ્‌ભુત વાતો સાંભળી મહારાજની તમામ ગ્રંથિઓ ગળી ગઈ. વળી, સ્વામીશ્રી અક્ષરધામનો અવતાર છે એ નિષ્ઠા પણ તેમના જીવમાં દૃઢ થઈ ગઈ. આમ, સ્વામીશ્રીએ મહારાજને જે વચન આપ્યું હતું તે પૂરું કર્યું.

વરજાંગ જાળિયામાં

સ્વામીશ્રી મહારાજની સાથે ગણોદથી નીકળી વરજાંગ જાળિયા પધાર્યા. અહીં રાત્રે વેણુ નદીના પટમાં સાધુઓ ફરતા રાસ લઈ કીર્તનો ગાવા લાગ્યા અને આચાર્ય મહારાજ તથા સ્વામીશ્રી રાસ મંડળની વચ્ચે વિરાજ્યા. અર્ધ રાત્રી સુધી કીર્તનો ગાયાં. પછી હરિભક્ત ભવાનભાઈ પાસે પતાસાં તથા નારિયેળ મગાવ્યાં તે ઠાકોરજીને ધરાવી સૌને પ્રસાદી વહેંચી.

સ્વામીશ્રી તથા મહારાજ અહીં ત્રણ દિવસ રોકાયા. તે દરમ્યાન રોજ

મહારાજ વેણુ નદીમાં ઢોલિયા ઉપર વિરાજે અને હરિભક્તો રાસ લઈને કીર્તન ગાય. આવી રીતે ત્યાંના હરિભક્તોને અતિ અપાર સુખ આપ્યું. પછી ત્યાંથી નીકળી ઉપલેટા પધાર્યા. અહીંના અરજણભાઈ તથા લાલાભાઈ - સ્વામીશ્રીના અનન્ય શિષ્યો - સ્વામીશ્રીની કૃપાથી મહારાજની મૂર્તિ અખંડ દેખતા. પોતાને ઘેર રઘુવીરજી મહારાજ તથા સ્વામીશ્રી પધાર્યા તેથી તેમને અત્યંત આનંદ થયો. અહીં દરબારના બાગમાં તથા ગામમાં હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. ઉપલેટામાં બે દિવસ રહી સૌ હરિભક્તોના મનોરથ પૂરા કરી, સ્વામીશ્રી તથા મહારાજ ત્યાંથી ભાયાવદર પધાર્યા.

ભાયાવદરમાં

અહીં અમરેશ્વરભાઈના ફળિયામાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ ઉત્તરાદે મુખે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. આથમણી બાજુ સાધુ, પાળા તથા બ્રહ્મચારી બેઠા હતા. ઉગમણી કોર તથા ઉત્તરાદિ કોર હરિભક્તો બેઠા હતા. તે વખતે રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને પૂછ્યું : ''હે સ્વામી ! શું રૂપિયાવાળા ભગવાન નહિ ભજતા હોય ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''અરે રૂપિયા તો બહુ ભૂંડા !''

ફરી મહારાજે પૂછ્યું : ''સ્વામી ! થોડાક ચાર-પાંચ હજાર હોય તો ઠીક કે નહિ ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''અરે ! રૂપિયા મળે તો મૂળગું જીવનું ભૂંડું થાય.'' એમ કહી સ્વામીશ્રીએ વાત કરી કે ''મોટા માણસને ભગવાન ભજવા તે દળતાં ફાકવા જેવું છે. ગરીબ માણસના ઘરમાં મીઠો દાણો તો હોય જ નહિ અને ખારો-ખાટો ખાવા જડે તેને ત્યાં જ્યારે કોઈનું દળણું આવે ત્યારે તેમાંથી તે દળતાં ફાકી લે. તેમ મોટા માણસે શીખવું. તે જ્યારે લાગ આવે, ત્યારે સમાગમ કરી લેવો.''

સભામાં આ વાતો થયા પછી અમરેશ્વરભાઈએ મહારાજની પૂજા કરી આરતી ઊતારી. પછી સ્વામીશ્રીની પૂજા કરી. સૌને હાર પહેરાવ્યા અને ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રી તથા મહારાજ સૌ હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા.

રસોઈ માટે હરિભક્તોએ ગામના કુંભાર પાસેથી માટીનાં વાસણો

માગ્યાં. પરંતુ તેઓ સત્સંગના દ્રોહી હતા તેથી તેમણે વાસણ આપવાની ના પાડી. છતાં તેમાંના એક કુંભારે વાસણો આપવાની હા કહી. તેની પાસે જેટલાં હતાં તેટલાં વાસણ તે લઈ આવ્યો. જેટલાં ખૂટ્યાં તે માટે તેણે ગામના કુંભારો પાસે માગ્યાં.

પરંતુ તેમણે કહ્યું : "તારે સ્વામિનારાયણવાળાને દેવા માટે વાસણો જોઈએ છે. માટે અમે નહિ આપીએ."

તેથી તે કુંભારે જેટલાં વાસણો આપ્યાં હતાં એટલાંથી કામ ચલાવ્યું. ત્યાં એક વાડીના કૂવાનું પાણી વખણાતું તે ભરીને તે કુંભાર કાળી માટીનો એક ભંભો ભરીને લઈ આવ્યો અને મહારાજને કહ્યું : "આ પાણી બહુ મીઠું છે ને બહુ છેટેથી તમારી સારુ લઈ આવ્યો છું." તે સાંભળી મહારાજ બહુ જ રાજી થયા. તે ભંભો તેમણે પોતા સારુ જુદો રખાવ્યો.

ભાયાવદરના કુંભાર ઉપર કૃપા !

રસોઈ થઈ એટલે સૌ સંતો તથા હરિભક્તો જમ્યા. પછી સ્વામીશ્રીએ ભંડારી સાધુને કહ્યું : "રસોઈ વધે તે અમને પૂછ્યા વિના કોઈને આપશો નહિ."

ભંડારીએ આવી સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! રસોઈ વધી છે તેનું શું કરવાનું છે ?"

સ્વામીશ્રીએ વાસણ આપનાર કુંભાર ભક્તને બોલાવ્યા અને તેને કહ્યું : "આ પ્રસાદી વધી છે તે તું ઘેર લઈ જા." એમ કહી શીરો તથા રોટલી આપ્યાં. તે બધું લૂગડાની ફાંટમાં બાંધી તે ઘેર લઈ ગયો. ઘરનાં સૌ સારી રીતે જમ્યાં તો પણ તે વધ્યું.

તેણે બીજા કુંભારોને બોલાવીને કહ્યું : "તમે મને વાસણો તો ન આપ્યાં પણ પ્રસાદી છે તે તો હવે લ્યો." એમ કહી સૌને તે પ્રસાદી આપી.

આચાર્ય મહારાજ અને સ્વામીશ્રી ત્યાંથી ચાલવા તૈયાર થયા. તે વખતે તેમણે કુંભાર ભક્તને બોલાવ્યા. મહારાજ તેને પચ્ચીસ કોરી આપવા માંડ્યા. ત્યારે તે કુંભાર ભક્તે કહ્યું : "મહારાજ ! મારે એ કોરી લેવી નથી. મેં કાંઈ તે સારુ વાસણ આપ્યાં ન હતાં. પણ તમે મોટાપુરુષ છો તે મારું કલ્યાણ કરજો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તારું કલ્યાણ સૌથી સરસ કરશું. પણ આ

મહારાજ આપે છે તેમાંથી પાંચ કોરી પ્રસાદીની રાખો.'' એટલે તેણે તે પાંચ કોરી રાખી.

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''ભગત ! કાંઈ દુ:ખ પડે ત્યારે અમને સંભારજો.'' સ્વામીશ્રીનું આ વચન સાંભળી તે કુંભાર ભક્ત બહુ જ રાજી થયા. સ્વામીશ્રીનું નામ તેને 'ગુણાનંદ સ્વામી' એવું યાદ રહ્યું. તે પ્રમાણે તેણે ભજન કરવાનું શરૂ કર્યું.[૩૧] મહારાજ તથા સ્વામી ભાયાવદરથી નીકળી કંડોરડે પધાર્યા.

---

૩૧. થોડા મહિના બાદ પ્રારબ્ધને યોગે તે કુંભાર ભક્તને પિયાનો રોગ થયો અને પેટ બહુ વધી ગયું. આથી તેને પેટમાં સખત દુખાવો થવા લાગ્યો. ઘણા ઉપાય કર્યા પણ તેને સારું ન થયું. કાંઈ પણ ખવાય નહિ એટલે તેનો દેહ પણ દુર્બળ થઈ ગયો. તેના સગા પણ તેને જે રુચિ થાય તે ખાવા દે નહિ. એક રાત્રે તેને સૂતાં સૂતાં વિચાર આવ્યો ''અરે ! મારા ગુરુ ગુણાનંદ મળે તો તેમને હું મારા દુ:ખની વાત કરું. પણ તે ક્યાંથી મળે ?'' એમ સ્વામીશ્રીને સંભાર્યા કે તરત જ સ્વામીશ્રી દિવ્યરૂપ ધરીને આવ્યા. તેને સાક્ષાત્ દર્શન દીધાં ને પૂછ્યું : ''ભગત ! કેમ છો ?'' તે સાંભળી અને અચાનક સ્વામીશ્રીનાં દર્શન થવાથી તે ભક્ત પ્રેમમગ્ન થઈ ગયો. સ્વામીશ્રીને પગે લાગ્યો. આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

તેણે સ્વામીશ્રીને ગદ્‌ગદ કંઠે કહ્યું : ''હે મહારાજ ! આ મને રોગ થયો છે તેથી બહુ દુ:ખ થાય છે.''

તે સાંભળી કરુણામૂર્તિ સ્વામીશ્રીએ તેના પેટ ઉપર હાથ ફેરવ્યો ને કહ્યું : ''તને ખાવાની કાંઈ રુચિ થાય છે ?'' સ્વામીશ્રીએ તેના પેટ ઉપર હાથ ફેરવ્યો તેથી તેનું દુ:ખ ઓછું થઈ ગયું. પછી તેણે કહ્યું : ''હા, સ્વામી ! મને દહીં તથા ધાન ખાવાની ઈચ્છા થાય છે પણ મને ખાવા દેતા નથી.''

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તું દહીં અને ધાન ભાવે ત્યાં સુધી ખાજે. બીશ મા. તેથી તને રેચ લાગશે અને પેટમાંથી બધો બગાડ નીકળી જશે. સાજો થઈ જઈશ. અમને વહેલા સંભાર્યા હોત તો તારે આટલું દુ:ખ ભોગવવું ન પડત. પણ હવે તારું દુ:ખ મટી જશે. તું કાંઈ ફિકર કરીશ મા.'' એમ કહીને સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા !

પછી તે કુંભાર ભક્તે તેના ઘરનાં માણસોને ઉઠાડીને કહ્યું : ''મને દહીં અને ધાન ખાવા આપો. મારા ગુરુ ગુણાનંદ આ ઘડીએ આવ્યા હતા અને કહી ગયા છે કે તું દહીં ને ધાન ધરાઈને ખાજે. તને રેચ લાગશે અને સારું થઈ જશે.''

ઘરનાં સૌને સ્વામીશ્રીનો મહિમા હતો. સ્વામીશ્રીએ આશીર્વાદ દઈને કહ્યું છે એટલે તેને દહીં અને ધાન ખાવા આપ્યાં. તે તેણે ધરાઈને ખાધું. બીજે દિવસે તેને ખૂબ રેચ થયો અને પેટમાંથી બધો બગાડ નીકળી ગયો. સ્વામીશ્રીના આશીર્વાદથી તે

સ્વામીશ્રી કંડોરડામાં

અહીંના હરિભક્ત બારોટ ધના ભક્તે નદી કાંઠે, આંબાવાડિયામાં ઉતારો આપ્યો. કંસાર, ખીચડી અને અડદની દાળની રસોઈ કરાવી. ત્યાં વરસાદ વરસવા માંડ્યો એટલે સૌએ વિચાર કર્યો કે 'વરસાદ હવે જાય તો ઠીક.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમારી સૌની એવી ઇચ્છા હોય તો મહારાજના નામની ધૂન કરો."

તેથી સૌ ધૂન કરવા લાગ્યા. તે ભેળા સ્વામીશ્રી પણ હસતા જાય અને ધૂન કરતા જાય અને બોલે કે 'અમથા કોઈ ભગવાન ભજે એવા નથી.' એટલામાં વરસાદ રહી ગયો એટલે સૌ જમવા બેઠા. જમી રહ્યા કે તરત પાછો વરસવા માંડ્યો. તે એટલો વરસ્યો કે વાસણ પણ ઊટકાયાં નહિ અને તંબુ આખો પલળી ગયો. થોડી વારે વરસાદ બંધ થઈ ગયો.

ગામના હરિભક્તોનો પ્રેમ એટલો બધો હતો કે ગામમાં વરસાદને લઈને ગારો થયો હતો છતાં મહારાજ તથા સ્વામીની ઘેર ઘેર પધરામણી કરવાની સૌને ઇચ્છા હતી. તેથી મહારાજ પધરામણીએ પધાર્યા.

તમારે મારો દેહ પડ્યા પછી પાંચ વરસ સત્સંગમાં રહેવું

કંડોરડેથી નીકળી સ્વામીશ્રી તથા મહારાજ અને સંતો સૌ લોધિકા પધાર્યા. અહીં દરબાર અભયસિંહજીએ સન્માન કર્યું અને પોતાના દરબારમાં પધરામણી કરાવી. બે દિવસ સૌને રોક્યા. પછી ત્યાંથી નીકળી સૌ રાજકોટ આવ્યા. અહીં લગભગ સાતેક દિવસ રહ્યા. રઘુવીરજી મહારાજ અહીંથી છૂટા પડવાના હતા એટલે તેઓ તેમની સાથેના સાધુ, પાળાને લઈને ચાલ્યા.

સાવ સારો થઈ ગયો ! આ પ્રસંગ પછી કેટલોક વખત બાદ તેના ગામમાં સાધુઓ આવ્યા હતા તેમને તેણે આ વાત કરી. ત્યારે તે સાધુઓએ તેને કહ્યું : "હવે તમે 'સ્વામિનારાયણ' એવું ભજન કરજો."

ત્યારે તે કુંભાર ભક્તે કહ્યું : "મેં સ્વામિનારાયણને જોયા નથી. માટે હું તો મારા ગુરુ ગુણાનંદનું ભજન કરીશ."

ત્યારે તે સાધુઓએ કહ્યું : "ભલે, એમ કરજો. સ્વામી જેવા પુરુષમાં તો મહારાજ અખંડ અને સર્વ પ્રકારે રહ્યા છે. એટલે તે તો મહારાજનું જ ભજન થયું કહેવાય."

આ સાંભળી તે કુંભાર ભક્ત પણ રાજી થયો.

ગામના હરિભક્તો સૌ આજી નદી સુધી વળાવવા ગયા. આજી નદીની ઉપરવાસ સામે કાંઠે સૌ નાહ્યા. પછી પાણીનો વીરડો ગાળીને સ્વામીશ્રી તથા રઘુવીરજી મહારાજ વગેરેએ પાણી ગાળીને પીધું. ત્યાં બે ઘડી બેઠા. તે વખતે રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મારે તમારી પાસે એક વચન માગવું છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમે જે ધાર્યું છે તે ન માગજો."

એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા : "સ્વામી ! તમે જેની ના પાડો છો તે જ માગવું છે. તમારે મારો દેહ પડ્યા પછી પાંચ વર્ષ સત્સંગમાં રહેવું."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "મહારાજ ! બીજું માગો. તમે સત્સંગમાં છો એટલે બહુ જ સમાસ છે અને દેશકાળ પણ સારા છે."

પછી રઘુવીરજી મહારાજે કહ્યું : "સ્વામી ! આપ રહેશો એટલે પછી કાંઈ ફિકર રહેવાની નથી."

સ્વામીશ્રીએ કહ્યું : "ઠીક, રહેશું."

પછી ત્યાંથી ચાલ્યા એટલે મહારાજે સ્વામીશ્રીને કહ્યું : "તમે હવે પાછા વળો ને અમે હવે અહીંથી ખોખરે જઈશું." એટલે સ્વામીશ્રી તથા સંતો ત્યાંથી પાછા વળ્યા.

રઘુવીરજી મહારાજ ત્યાંથી ખોખરે પધાર્યા. ત્યાં એક દિવસ રહી ગઢડે પધાર્યા. ગઢડામાં રહીને રઘુવીરજી મહારાજ ચાલ્યા અને ભાલમાં જઈ ભોગાવો ઊતરીને બોલ્યા કે "હવે આ ભોગાવો ઊતરવો નથી." પછી ત્યાંથી ચાલતાં વરતાલ પધાર્યા.

આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો

રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને વચન આપ્યું હતું કે તીર્થવાસી થઈને જો હું જૂનાગઢ ન આવું તો હું રઘુવીરજી નહિ અને સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'જો હું તમારી ગ્રંથિઓ ગાળી તમને ગુણાતીત ન કરું, તો હું ગુણાતીત નહિ.' આ બંને વચનો બંને મહાનુભાવોએ પૂરાં કર્યાં.

આચાર્ય મહારાજ સંવત ૧૯૧૭માં ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી નિવૃત્ત થઈ ગયા હતા અને ત્યાર પછી જૂનાગઢ જવાના સાનુકૂળ સંજોગો શોધતા આ ચોમાસામાં પધાર્યા અને સાડા ત્રણ માસ સ્વામીશ્રી સાથે

તીર્થવાસી થઈને રહ્યા.

રસાસ્વાદનો, નિદ્રાનો, તમામનો ત્યાગ કરી સ્વામીશ્રીના સમાગમનો અખંડ લાભ તેમણે લીધો. સવારના મંગળા આરતી વખતે તૈયાર થઈ કથામાં આવી જતા અને શણગાર આરતી સુધી કથા સાંભળતા. પછી ઉતારે પધારી ખીચડી અથવા બાટી ને મગની દાળ ઝટ ઝટ બનાવીને વળી કથામાં બેસી જતા. રાજભોગ વખતે જમવા પધારતા. ત્યાર પછી પણ આરામ ન લેતાં સભામાં પધારતા અને સ્વામીશ્રીની વાતો સાંભળતા.

તેમની આવી દૃઢ શ્રદ્ધા અને નિર્માનીપણું જોઈ સ્વામીશ્રીએ તેમને લક્ષ્યમાં રાખી સર્વોપરી નિષ્ઠા, એકાંતિક ધર્મ વગેરેની અદ્‌ભુત વાતો કરી તેમને પોતાના સંબંધે ગુણાતીત કરી દીધા.

તેથી જ સ્વામીશ્રી કહેતા કે "આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો."

'મને ઓળખ્યો' એટલે સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ નિષ્ઠા તેમને થઈ ગઈ !

સ્વામીશ્રી ગોંડળમાં

સ્વામીશ્રી રાજકોટમાં બે દિવસ રહ્યા. ત્યાંથી નીકળી ગામ વાવડીએ પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ગુંદાસરે આવ્યા. અહીં એક દિવસ રહી સ્વામીશ્રી નીકળ્યા અને ગોંડળ પધાર્યા. અહીં હાથપગ ધોઈ પાણી પીને ગાદી-તકિયા ઉપર વિરાજમાન થયા. તે વખતે ગામના સૌ હરિભક્તો ત્યાં આવી ગયા હતા અને સ્વામીશ્રી સન્મુખ સભા ભરાઈ ગઈ હતી.

તે સભામાં ગોવિંદ મિસ્ત્રી બેઠા હતા. તેમને સ્વામીશ્રીએ પૂછ્યું : "કેમ મિસ્ત્રી ! તમને તમારા દીકરા ઉપર વધુ હેત છે કે અમારા ઉપર ?"

ત્યારે તે મિસ્ત્રીએ કહ્યું : "સ્વામી ! માબાપ ! તમે તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છો ને અમારા જીવનપ્રાણ છો. તે કાંઈ તમારાથી તેના ઉપર વધુ હેત હોય ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમારા દીકરાને કાલથી અમારા સત્સંગમાં આવવાની અમારે બંધી કરવી છે, કારણ કે તે નિષ્કામી વર્તમાન ચૂક્યો છે. માટે તમારે આવવું પણ તે ન આવે."

તે સાંભળી મિસ્ત્રીએ હાથ જોડીને કહ્યું : "ઠીક, મહારાજ ?"

પછી સ્વામીશ્રીએ ફરી કહ્યું : "પણ તે પ્રાયશ્ચિત્ત કરે તો ભલે આવે." પરંતુ તેણે પ્રાયશ્ચિત્ત કર્યું નહિ.[૩૨]

સ્વામીશ્રી ગોંડળમાં ચાર દિવસ રોકાયા. ગોંડળી નદીમાં પ્રસાદીને આરે રોજ નાહતા અને ત્યાં મહારાજની લીલાની અદ્‌ભુત વાતો કરતા. ત્યારબાદ બધા પ્રસાદી સ્થાનોમાં દર્શન કરવા જતા. આ પ્રમાણે ગોંડળના હરિભક્તોને અત્યંત આનંદ આપી સ્વામીશ્રી ત્યાંથી નીકળી વીરપુર પધાર્યા. ત્યાં અવેડા પાસે આવીને ઘોડી ઉપરથી હેઠા ઊતર્યા. જાગા ભક્તે ઘોડીની સરક પકડી રાખી. પછી તેમણે પૂછ્યું : "આ ઘોડીને શું ચાર્ય નાખશું ?" તે વખતે પટેલ દેવાભાઈ કળિયું અને ખેવડાની ભારી લઈને આવતા હતા, તેને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "આ ભારી લઈને આવે છે તે નાખશું."

એટલામાં તે પટેલ નજીક આવ્યા. સ્વામીશ્રીને જોઈને જ તેમણે ઘાસની ભારી નીચે નાખી દીધી અને અતિ પ્રેમે દંડવત્‌ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "દેવાભાઈ ! આ અમારી ઘોડી છે તેને ખાવા શું નાખશું ?"

દેવા પટેલે કહ્યું : "સ્વામી ! આ ખડની ભારી છે તે નાખશું." પછી ભારી છોડીને ખડ નાખ્યું.

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : "દેવાભાઈ ! કળિયું અને ખેવડો બહુ સારાં છે." એમ બે-ત્રણ વાર સ્વામીશ્રી બોલ્યા. તેથી દેવા પટેલ બહુ જ રાજી થયા અને સ્વામીશ્રી પ્રત્યે તેમને બહુ હેત થઈ ગયું. તે વખતે સ્વામીશ્રીએ ત્યાં ઊભેલા હરિભક્તોને વાત કરતાં કહ્યું : "આ દેવાભાઈ બહુ પ્રેમી છે તે સાધુ થઈ જશે !"[૩૩]

જલા ભગત સ્વામીશ્રીનાં દર્શને

અહીં સ્વામીશ્રીએ સાધુઓને કહ્યું : "તમે જલા ભગતની જગ્યામાં જઈને સદાવ્રત લઈ આવો." એટલે બે સાધુઓ ગયા. તેમને ઘઉંનો લોટ

---

૩૨. તેણે બાવીસ વર્ષ સુધી પ્રાયશ્ચિત્ત ન કર્યું. પરંતુ સ્વામીશ્રી ધામમાં પધાર્યા ત્યાર પછી તે મંદિરમાં આવવા માંડ્યા. સ્વામીશ્રીને વ્યક્તિ કરતાં પણ ધર્મ વધુ પ્રિય હતો.

૩૩. ત્યાર પછી કેટલાક સમય બાદ દેવા પટેલ સાધુ થઈ ગયા અને ઈશ્વરચરણદાસ નામ રાખ્યું. જેટલો વખત રહ્યા તેટલો વખત સેવા-ભક્તિ કરીને ધામમાં પધાર્યા.

અને ઘી-ગોળ આપ્યાં.

તે લઈને સાધુઓ સાથે જલા ભગત પણ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને પગે લાગીને તેમણે કહ્યું : "સ્વામી ! શીરો બનાવી ઠાકોરજીને જમાડો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમે તો બાટીઓ અને અડદની દાળ કરીશું." પછી બાટી અને અડદની દાળ બનાવ્યાં અને સૌ સંતો અને પાર્ષદો જમ્યા. પછી જલા ભક્તે સ્વામીશ્રીને પોતાના સદાવ્રતમાં પધારવા વિનંતી કરી.

સ્વામીશ્રીએ તેમને કહ્યું : "અમારે હજી જેતપુર જવું છે એટલે અત્યારે નહિ અવાય. તમે ભૂખ્યાને અન્ન આપો છો તે તમારું મહારાજ આગળ ઉપર બહુ ચલાવશે." એમ આશીર્વાદ આપી સ્વામીશ્રી ત્યાંથી જેતપુર જવા તૈયાર થયા.

સ્વામીશ્રી જેતપુરમાં

સ્વામીશ્રી વીરપુરથી ચાલ્યા અને જેતપુર પધાર્યા. અહીં હાલના મંદિરની જગ્યાએ ઊતર્યા તે વખતે ત્યાં મંદિરમાં જોરાભાઈ તથા ગામના રાઠોડ હરિભક્તો સૌ કૂવો ગાળતા હતા પણ પાણી થયું ન હતું. તેથી સ્વામીશ્રીને તેમણે કહ્યું : "અમે દાખડો કરીને થાક્યા પણ પાણી થાતું નથી."

એટલે સ્વામીશ્રી હસ્યા. બીજે દિવસે સવારે સ્વામીશ્રીએ કહ્યું : "કૂવા ઉપર ખાટલો ઢાળો. ત્યાં નાહીએ."

એટલે હરિભક્તોએ કૂવા ઉપર ખાટલો ઢાળ્યો. તે ઉપર બેસીને સ્વામીશ્રી નાહ્યા. પછી બોલ્યા : "તમારે તો પેટપાણીનું કામ છે. કોઈ કોસ તો જોડવો નથી ? માટે પેટપાણી થશે."

સ્વામીશ્રીના આ વચને તે કૂવામાં આજે પણ પાણી ખૂટતું નથી. જેતપુરમાં બે દિવસ રહીને સ્વામીશ્રી સાંકળી થઈને વડાલ પધાર્યા અને ત્યાંથી જૂનાગઢ પધાર્યા.

✧

સ્વામીશ્રી જૂનાગઢ આવી જળઝીલણીનો સમૈયો કરી દર વર્ષના રિવાજ મુજબ ઊના જવા નીકળ્યા. આ વખતે સ્વામીશ્રી સાથે બ્રહ્મચારી

અચિંત્યાનંદજી, સ્વામી બાલમુકુન્દદાસજી, માધવચરણદાસજી, રામચરણદાસજી, ગોવિંદચરણદાસજી, વામનપ્રસાદદાસજી, માધવપ્રિયદાસજી, ભગવાનદાસજી, બ્રહ્મચારી વિશુદ્ધાત્માનંદજી, કુંજવિહારીદાસજી, મુકુન્દપ્રિયદાસજી, જાગા ભક્ત, નારાયણ ભક્ત, વરતાલ તથા ધોલેરાના બે પાર્ષદો, પ્રાગજી ભક્ત, મનજી ઠક્કર, શામજી ભક્ત, ઝીંઝૂડાના વણિક હરિભક્ત જીવરાજભાઈ વગેરે મળી પોણોસોનો સંઘ હતો. સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા હતા. સૌ સંતો તથા હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા આવ્યા. પછી પાદરે આવ્યા ત્યારે સ્વામીશ્રી ઘોડી ઉપરથી ઊતર્યા અને બાળમુકુન્દદાસજીએ ધાબળી પાથરી આપી તે ઉપર વિરાજ્યા. માધવપ્રિયદાસજી વાવમાંથી પાણી ભરી લાવ્યા તે પીધું. વળાવવા આવેલા તમામ સંત-હરિભક્તોને સ્વામીશ્રીએ કહ્યું : ''હવે તમે સૌ પાછા વળો.'' એટલે સંત-હરિભક્તો ત્યાંથી પાછા વળ્યા.

પછી સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા અને ત્યાંથી ચાલ્યા તે બિલખાની બાજુમાં છેલૈયાનું ધ્રાબું છે ત્યાં રાત રહ્યા. તે વખતે વરસાદ થોડો થોડો વરસતો હતો અને અંધારી રાત્રીમાં વીજળી ઝબકારા મારતી હતી. સાવજની બીકથી જાગા ભક્ત તથા રામજી કોઠારી સ્વામીશ્રીની ઘોડી સાચવવા ચોકી કરતા હતા.

એટલામાં ગામ માંડણપરાનો એક કાઠી હરિભક્ત સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. સ્વામીશ્રીને પગે લાગીને પાસે બેઠો. પછી તેણે કહ્યું : ''અહીં તો દીપડા સાવજની બીક છે એટલે હું ચોકી કરવા રહીશ. વળી, ચોરની પણ બીક છે પણ તમે મૂંઝાશો નહિ. હું હમણાં વાળુ કરીને આવું છું.'' સ્વામીશ્રી તેનો ભાવ જોઈ બહુ જ રાજી થયા.

આંગળી, જનોઈ કે લાકડી તેણે તમારું નાક નથી કપાવ્યું ?

આમ, ત્રણેય જણા ચોકી કરવા લાગ્યા. વીજળીના ઝબકારામાં કોઈ ચોર દેખાય તો તેને પડકારો કરીને કહે : ''ભાઈ ! તારી કારી અહીં નહિ ફાવે. અમે અહીં ઊભા છીએ.'' ચોર પણ આવા પડકારા સાંભળી ત્યાંથી આગળ ડગલું ન ભરતાં બીજી દિશામાં વળી જતા. આખી રાત આ ત્રણે હરિભક્તોએ ચોકી કરી.

સવાર થયું ત્યારે સૌ સાધુઓ સ્વામીશ્રીને કહેવા લાગ્યા : ''સ્વામી !

હવે આપણે ચાલીએ. કારણ અહીંથી કાળસરી જાવું છે. મોડું કરશું તો નહિ પહોંચાય.''

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમે ઉતાવળા થાઓ મા.'' એમ કહી પ્રાગજી ભક્ત તથા શામજીભાઈને સ્વામીશ્રીએ બોલાવ્યા અને કહ્યું : ''તમે બંને ગામમાં જાઓ અને સદાવ્રતવાળાને જઈને કહો કે અમારા સ્વામીશ્રી સાથે પોણોસો માણસ છે તે હમણાં સૌ સદાવ્રત લેવા આવે છે. વળી, કહેજો કે સદાવ્રત અમારા સારુ બાંધ્યું છે માટે આપવું પડશે, નહિ તો દરબારને ફરિયાદ કરશું. આમ, આગળથી જાણ કરો.''

એટલે તે બંને ગામમાં જઈ સદાવ્રતવાળાને સ્વામીશ્રીએ જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે કહ્યું. સદાવ્રતવાળા તો તૈયાર જ હતા. થોડી વાર પછી સૌ સદાવ્રત લેવા આવ્યા. તે મકાનના દક્ષિણાદા કોરે એક ખડકી છે ત્યાં શિવજીનાં દર્શન કરી ત્યાંથી ઉગમણીકોરના છાપરામાં એક બ્રહ્મચારી પૂજા કરતા હતા ત્યાં જઈને સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''અહીં કોણ સદાવ્રત આપે છે ?''

ત્યારે તે બ્રહ્મચારીના ચેલાએ કહ્યું : ''આ બ્રહ્મચારી આપે છે.''

એટલે તે બ્રહ્મચારી સ્વામીશ્રી સામું જોઈને વ્યંગમાં હસીને બોલ્યો : ''તમે સ્ત્રીઓથી છેટે ભાગતા ફરો છો પણ હાથને આંગળીઓ છે તથા જનોઈ તમે પહેરી છે અને તમારા સાધુ લાકડી રાખે છે તે બધી સ્ત્રી જાતિ નહિ ?''

તે સાંભળી સ્વામીશ્રીએ તે બ્રહ્મચારી સામું જોયું તો તેનું નાક કોઈએ કાપ્યું હોય એમ દેખાયું. સ્વામીશ્રી તેનું રહસ્ય તરત જ સમજી ગયા. પછી તેમણે બ્રહ્મચારીને કહ્યું : ''આ આંગળીઓ કે જનોઈ કે લાકડી તેણે તમારું નાક કપાવ્યું નહિ હોય.''

તે સાંભળી બ્રહ્મચારીનું મોઢું શ્યામ થઈ ગયું. કાંઈ બોલી શક્યો નહિ. પછી ધીરે રહીને તેણે કહ્યું : ''તમે અહીં જમવા બેસશો તો સદાવ્રત મળશે.''

બ્રહ્મચારીને મનમાં એમ કે સ્વામીશ્રી નાહ્યા નથી અને પૂજા પણ કરી નથી એટલે અહીં જમવા બેસશે નહિ. પણ ત્યાં તો સ્વામીશ્રીએ તરત જ રામચરણદાસને કહ્યું : ''રામચરણ ! મારું પત્તર લાવો અને તમે સૌ

પંક્તિમાં બેસી જાઓ એટલે બ્રહ્મચારી પીરસે.''

બ્રહ્મચારીએ કહ્યું : ''જણ દીઠ બબ્બે પાકના લાડુ આપીશ.'' એમ કહી સૌને બબ્બે લાડુ આપવા માંડ્યા.

એટલે ધર્મજીવનદાસે પોતાના તથા સ્વામીશ્રીના એમ ચાર લાડુ એક હાથમાં લીધા. પછી સ્વામીશ્રીએ તેના બીજા હાથનું કાંડું ઝાલ્યું અને એક કાંડું હરજીવનનું ઝાલ્યું. તેના હાથમાં પણ બે લાડુ હતા. એમ સૌ પોતપોતાના પત્તરમાંથી લાડુ હાથમાં લઈ ઊઠી ગયા.

સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા ત્યારે ખડકીમાંથી બહાર નીકળતાં હરજીવનનો પગ જરા લપસ્યો એટલે સ્વામીશ્રીએ તેનો હાથ મજબૂત પકડી તરત ઊભા કરી દીધા અને કહ્યું : ''તારા હાથમાંના લાડુ ભગવાનદાસને આપી દે.''

એટલે તેણે તે બે લાડુ ભગવાનદાસને આપી દીધા. આ પ્રમાણે બધાને હાથમાં લાડુ લઈને જતા બ્રહ્મચારી તો જોઈ જ રહ્યો ! તેને લાગ્યું કે સ્વામિનારાયણના સાધુ ભારી પાકા ! ધરમ-નિયમ ચૂકે નહિ અને સદાવ્રત પણ મૂકે નહિ. વીલે મોઢે તે સૌને જતા જોઈ રહ્યો !

સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા. સૌ નાહ્યા અને ત્યાં પાદરે પૂજા કરી. પછી સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા. સઘળો સંઘ ત્યાંથી ચાલ્યો. ગામ ખંભાળીએ જતાં રસ્તામાં એક નેળ આવી તેમાં થઈને રસ્તો હતો. પણ તેમાં ગારો બહુ હતો અને બાજુમાંના ખેતરમાં કેડી હતી. પરંતુ ખેતરવાળો પોતાના ખેતરમાંની તે કેડી ઉપરથી કોઈને ચાલવા દેતો નહિ. એટલે જાગા ભક્ત તે ખેતરવાળા પાસે આવ્યા, તેને કહ્યું : ''અમારા આ મોટા સાધુ છે તે વૃદ્ધ છે. તે જે ઘોડી ઉપર બેઠા છે તે નાની છે. નેળમાં ગારો છે તેથી તે ખૂંતી જાય એવી અમને બીક છે. માટે અમને આ તમારા ખેતરમાં કેડી છે તે ઉપર ચાલવા દેશો ? ઘોડીને હું દોરીશ અને તમારો એક પણ છોડ ઘોડી ખાશે નહિ.''

ત્યારે તેણે કહ્યું : ''ભલે તમે ઘોડી દોરીને ચાલજો.''

એ પ્રમાણે સૌ સંઘ ધીરે ધીરે તે કેડી ઉપરથી ચાલ્યો. આજુબાજુના છોડને જરા પણ નુકસાન ન થાય તેવી કાળજી રાખી, સૌ ધીરે ધીરે ચાલતા હતા. એટલામાં સ્વામીશ્રીએ સૌને કહ્યું : ''ચાલો ઝટ, આ સામો વોંકળો ઊતરી જઈએ.''

તેથી સંઘ જરા ઉતાવળો ચાલવા લાગ્યો અને સૌ વોંકળો ઊતરી ગયા.

સૌ વોંકળો ઊતરી ગયા કે તરત જ તેમાં પૂર આવ્યું.

પછી ખંભાળિયા આવ્યું. પાદરમાં જઈને સૌ થોભ્યા, કારણ કે આગળ ઓઝતમાં પણ પૂર આવ્યું હતું તેથી ઓઝત ઊતરાય તેમ ન હતું.

પછી સ્વામીશ્રીએ પ્રાગજી ભક્તને કહ્યું : "ગામમાંથી પટેલ તથા તલાટીને બોલાવી લાવો."

તે સાંભળી ત્યાં ઊભેલામાંના કોઈએ કહ્યું : "આ ગામમાં કોઈ બાવાને ઊતરવા દેતા નથી."

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "એ કેના હાથમાં છે ?" એમ કહીને પ્રાગજી ભક્તને કહ્યું : "તમ તમારે ગામમાં જાઓ અને પટેલને તથા તલાટીને બોલાવી લાવો."

પ્રાગજી ભક્ત ગામમાં ગયા અને પટેલને તથા તલાટીને બોલાવી લાવ્યા. સ્વામીશ્રીએ તેમને કેટલીક જ્ઞાન-ઉપદેશની વાત કરી. પછી તેમને કહ્યું : "આગળ ઓઝતમાં પૂર આવ્યું છે. માટે અમારે અહીં રાત રોકાવું પડશે."

ત્યારે તેમણે કહ્યું : "ભલે મહારાજ ! પધારો ગામમાં." એમ કહી સંઘને ગામમાં લઈ ગયા. કેટલાકને તલાટીની વખારમાં ઉતાર્યા અને કેટલાકને પટેલને ઘેર ઉતાર્યા.

એટલામાં ખોડિયારના નાજા કામળિયા આવ્યા અને પટેલને મળ્યા અને કહ્યું : "તમે રાંધવા માટે વાસણ આપો તો હું સાધુને જમાડવાનો ખર્ચ આપું."

એટલે પટેલે વાસણ આપ્યાં. પછી નાજા કામળિયાએ ચોખા રંધાવ્યા અને તેમાં ઘી-ગોળ નાખી સાધુઓને જમાડ્યા. સદાવ્રતમાંથી લીધેલા પાકના લાડુ પણ સૌ જમ્યા. પછી સ્વામીશ્રીએ સૌને જ્ઞાનની વાતો કરી. "મહારાજનો અવતાર થયો છે અને આજ જીવોનાં કલ્યાણ થાય છે માટે આ સત્સંગનો લાભ સૌએ લઈ લેવો."

વાતો કરતાં રાત્રી થઈ ગઈ. એટલે સૌ ત્યાં રાત રહ્યા. બીજા દિવસનું સવાર થયું ત્યારે સાધુઓ સ્વામીશ્રીને કહેવા લાગ્યા : "સ્વામી ! હવે ચાલશું ?"

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ઉતાવળા થાઓ મા. નાહીને સૌ પૂજા

કરો.'' પછી સહુ નાહ્યા અને પૂજા કરી. હરજીવને સ્વામીશ્રીને કળી તથા સુખડીનું ટીમણ આપ્યું તે સ્વામીશ્રી જમ્યા. સહુ સાધુઓએ તથા હરિભક્તોએ પણ ટીમણ કર્યું.

ચાલતી વખતે સ્વામીશ્રીએ પટેલને તથા તલાટીને કહ્યું : ''તમે અમારી સરભરા બહુ કરી માટે અમારે પણ તમારું કલ્યાણ કરવું પડશે. પણ તમે અમારું વચન માનશો ?''

તેમણે કહ્યું : ''સ્વામી ! અમારે કાંઈ સત્સંગનો જોગ નથી. એટલે આપનું વચન અમે કેમ રાખી શકીએ ?''

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમારે ફક્ત 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કહીને પાંચ માળા સવારે નાહીને ફેરવવી. માટે લ્યો વર્તમાન.''

પછી તેમણે વર્તમાન ધરાવ્યાં, કંઠી પહેરી. તેમની મુમુક્ષુતા જોઈ સ્વામીશ્રી બહુ જ રાજી થયા. તેમને કહ્યું : ''હવે માણસ મોકલીને ખબર કઢાવો કે નદીમાં પાણી કેટલું છે ?'' ત્યારે તેમણે ખબર કઢાવી. તે માણસે આવીને કહ્યું : ''કોઈ જગ્યાએ કેડ સુધી પાણી છે અને કોઈ ઠેકાણે છાતી સુધી પાણી છે.'' એટલે સંઘ ત્યાંથી નીકળ્યો અને દોરડું બાંધીને ઓઝત ઊતર્યા.

સ્વામીશ્રી માટે ખાટલો લાવ્યા હતા તે ઉપર ગાદલું પાથરી તેના ઉપર ધાબળી પાથરી હતી. તે ઉપર સ્વામીશ્રી વિરાજ્યા અને ચાર હરિભક્તોએ ખાટલો ઉપાડ્યો. પછી 'ચાલો સૈયરું જાઈએ જમુના કાંઠડે રે' એ બ્રહ્માનંદ સ્વામીનાં ચાર પદ પાણીમાં ચાલતાં ચાલતાં ગવરાવ્યાં. પ્રાગજી ભક્ત તથા શામજીભાઈ તો જાણે ગાંડાતુર બની ગયા હોય તેમ બ્રહ્માનંદમાં મસ્ત બની ચાલતા હતા. એટલામાં સામો કાંઠો આવ્યો. પછી સ્વામીશ્રીએ કહ્યું : ''હવે ઘોડી લાવો.''

ત્યારે પટેલ તથા ગામના માણસો સૌ જે નદી ઉતરાવવા આવ્યા હતા તેમણે કહ્યું : ''સ્વામી ! હજુ આગળ એક વોંકળો આવે છે તે ઊતરીને પછી આપ ઘોડી ઉપર બેસજો. અમે પણ ત્યાંથી પાછા ફરશું.'' એટલે સૌ હરિભક્તો સ્વામીશ્રીને ખાટલા ઉપર ઊંચકીને ચાલ્યા અને બીજો વોંકળો પણ ઊતરી ગયા. પછી સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા. અહીંથી તે ગામના જીવો

પટેલ[૩૪] તથા તલાટી વગેરે સૌ પાછા વળ્યા.

કાળસરી

સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને ગામ કાળસરી પધાર્યા. અહીંના હરિભક્તો, સ્વામીશ્રી તથા સંઘનું વાજતે-ગાજતે સામૈયું કરવા દુક્કડ, ઝાંઝ, પખાજ લઈને સામા આવ્યા. કીર્તનો બોલતાં બોલતાં સ્વામીશ્રી પાસે સૌ આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કર્યા. સ્વામીશ્રીનાં દર્શનથી સૌને અંતરમાં શાંતિ થઈ ગઈ ! સ્વામીશ્રીએ પણ દરેકના માથા ઉપર હાથ મૂક્યો અને તેમને સુખિયા કરી દીધા. તે વખતે એક વાળંદનો છોકરો ત્યાં આવ્યો અને સ્વામીશ્રીને પગે લાગ્યો. તેને જોઈ સ્વામીશ્રીએ ત્યાંના હરિભક્તોને પૂછ્યું, ‘‘આ કોણ છે ?’’

તેમણે કહ્યું : ‘‘એ તો અહીંના જૂઠા વાળંદનો દીકરો છે.’’

ત્યારે સ્વામીશ્રીએ અત્યંત કરુણાપૂર્વક કહ્યું : ‘‘આ છોકરાનું અમારે કલ્યાણ કરવું જોશે.’’

એટલે શામજીભાઈએ કહ્યું : ‘‘સ્વામી ! એ તો માર્ગીપંથનો છે.’’

---

૩૪. આ પ્રસંગ પછી તે ખંભાળિયા ગામના જીવા પટેલને બહારવટિયા ઘેરથી બાંધીને ગીરના જંગલમાં લઈ ગયા. ત્યાં તેમને ખૂબ માર માર્યો. ત્યારે તેણે તે દુઃખમાંથી ઊગરવા દાતારની માનતા કરી. પણ બહારવટિયાના અંતરમાં દયા ન આવી અને મરણતોલ માર ફરી માર્યો. પછી તેને યાદ આવ્યું કે ‘મેં સ્વામિનારાયણના સાધુની સેવા કરી છે અને તે મહાસમર્થ હતા તે જો આ વખતે મારી રક્ષા કરે તો સારું.’ એમ જ્યાં સ્વામીશ્રીને યાદ કર્યા ત્યાં સ્વામીશ્રીનાં તેમને સાક્ષાત્ દર્શન થયાં. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ પટેલને બહુ જ આનંદ થયો. તેને મારનું દુઃખ મટી ગયું.

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : ‘‘પટેલ ! ચાલો અમારી સાથે.’’

ત્યારે પટેલે કહ્યું : ‘‘બહારવટિયાને ખબર પડે તો મને મારે.’’

ત્યારે સ્વામીશ્રીએ ફરી કહ્યું : ‘‘તમે અમારી સાથે ચાલો. તમારું કોઈ નામ લેશે નહિ.’’

એટલે જીવા પટેલ સ્વામીશ્રીની વાંસે વાંસે ચાલ્યા. કોઈએ તેમને દેખ્યા નહિ. આવી રીતે સ્વામીશ્રીએ જીવા પટેલને તેને ઘેર પહોંચાડી દીધા. મોટાપુરુષની અલ્પ જેટલી સેવા કરવાથી અને તેમની સ્મૃતિ કરવાથી મોટાપુરુષ પોતાના આશ્રિતોની કેવી રક્ષા કરે છે તે જીવા પટેલને સમજાયું. આ પ્રસંગ પછી જીવા પટેલ ચુસ્ત સત્સંગી થઈ ગયા !

પરંતુ સ્વામીશ્રીને તો કાંઈ એવી દૃષ્ટિ ન હતી. તેમને તો તે છોકરાના પૂર્વ સંસ્કાર અને પોતાના સંબંધ તરફ જ દૃષ્ટિ હતી. સ્વામીશ્રીએ કહ્યું : ''અરે સિંહનો માલ તે કાંઈ શિયાળવાં લેશે ? આને અમારાં દર્શન થયાં તે એનું કલ્યાણ થાવું જ જોઈએ.'' આમ, વાતો કરતાં કરતાં સ્વામીશ્રી સંઘ સાથે વાજતે-ગાજતે ગામમાં પધાર્યા.

ઘડપણમાં ભગવાન ભજશું

મંદિરના આથમણા બારની ઓસરીએ સ્વામીશ્રી ગાદી-તકિયા ઉપર વિરાજમાન થયા અને તેમની સન્મુખ ત્યાંના હરિભક્તો બેઠા. સભામાં સ્વામીશ્રી જ્ઞાનવાર્તા કરવા લાગ્યા. તે વખતે સભામાં ભીમો ભગત બેઠા હતા. તેને સ્વામીશ્રીની વાતો સાંભળી મનમાં થયું કે આપણે નાની અવસ્થામાં વળી ભગવાન શું ભજવા ? ઘડપણમાં ભગવાન ભજશું.

અંતર્યામીપણે તેનો આ સંકલ્પ જાણી સ્વામીશ્રી બોલ્યા : ''કેટલાક નાની અવસ્થાવાળા એમ સંકલ્પ કરે છે કે આપણે ઘડપણમાં ભગવાન ભજશું. પણ ભાઈ ! ઘડપણમાં ભગવાન ભજાશે નહિ ને માળા ફેરવી શકાશે નહિ. જે કાંઈ થઈ શકે તે જુવાનીમાં જ થાય. પછી કાંઈ થાય નહિ.''

ભીમા ભગત સમજી ગયા. તેણે ત્યારથી નક્કી કરી લીધું કે સ્વામીશ્રીના વચને આજથી જ ભજન શરૂ કરી દેવું.

આ વચનામૃતમાં કહ્યું છે તેમ સમજે જ છૂટકો છે

સ્વામીશ્રી તે ગામમાં બે દિવસ રોકાયા. ગામના હરિભક્તો ઠક્કર રામજીભાઈ, શામજીભાઈ, રતનશી, પ્રાગજી, કોળી ભક્ત પૂજો, રણછોડ, હીરાભાઈ, સામત, રૂડાભાઈ, રાઘવ, કાળો, ભીમો તથા વાળંદ જૂઠો વગેરેએ સ્વામીશ્રી તથા સંઘની સારી સેવા કરી. બીજે દિવસે બપોરે જમીને માધવચરણદાસજીએ લોયા ૧૨મું વચનામૃત વાંચ્યું. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''આ વચનામૃતમાં કહ્યું છે તેમ સમજે જ છૂટકો છે.''

ત્યારે માધવચરણદાસે કહ્યું : ''સ્વામી ! અમને એ ક્યારે સમજાવશો ?''

સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''તમે અને મનજી ઠક્કર બેઉ બહુ બુદ્ધિશાળી છો. પણ આ વચનામૃતમાં કહ્યું છે તે પ્રમાણે તો આ પ્રાગજી

ભક્ત તથા જાગા ભક્ત સમજે છે. તે તેમને સૌ ગાંડા કહે છે. પણ તેવું તમારાથી થવાય નહિ.''

ત્યારે માધવચરણદાસે ફરી પૂછ્યું : ''તેઓ સમજે છે એવું અમને ક્યારે સમજાવશો ?''

સ્વામીશ્રીએ કહ્યું : ''ભેગા ફરો અને અનુવૃત્તિ સાચવો તો તેમ સમજાશે અને આનંદ આવશે.''

શ્રીજીમહારાજ માથે મોળિયું બાંધીને માણકી ઉપર ફરે છે

બીજે દિવસે સ્વામીશ્રીએ શામજીભાઈને કહ્યું : ''હવે તમે ઘેર જાઓ.''

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! કાંઈ ખરચી આપો તો જાઉં.''

તે વખતે સ્વામીશ્રી દાતણ કરતા હતા. તે પ્રસાદીનું દાતણ તેને ધોઈને આપ્યું તે લઈને તેઓ ઘેર ગયા. પછી સ્વામીશ્રી ત્યાં બપોરે જમ્યા. જમીને કથા કરી સ્વામીશ્રીએ થોડો આરામ કર્યો. સંઘને બપોર પછી નીકળવાનું કહ્યું. ત્યાંના પૂજા ભક્તે દસ કોળીને ગીર સુધી ભેળા મોકલ્યા.

ત્યાંથી ચાલ્યા તે પાંચ-છ ગાઉ ઉપર લીલાંપીળાં પાણી આવે છે. થોડો દિવસ બાકી રહ્યો અને ત્યાં પહોંચ્યા.

સ્વામીશ્રીએ અહીં સૌને કહ્યું : ''હવે આપણે અહીં જ રાત રહીએ.'' એટલે સૌએ ત્યાં ઝાડ નીચે ઉતારો કર્યો. વરસાદ પણ ધીરો ધીરો વરસતો હતો અને વાઘ-દીપડાની પણ બીક હતી. તેથી સ્વામીશ્રીએ થોરના ભુંભલા અને સાગનાં લાકડાં મંગાવ્યાં. વૈકુંઠચરણદાસ પાસે ચકમક હતો તેનાથી ચીંથરાં સળગાવ્યાં. તેના ઉપર લાકડાં મૂકીને મોટો ભડકો કર્યો. સ્વામીશ્રી માટે પ્રાગજી ભક્તે બે ચાદરની તંગોટી કરી અને માંહી ધાબળી પાથરી દીધી. સૌ સાધુઓ પણ તે પ્રમાણે કરી પોતપોતાના આસને નિયમ કરવા બેસી ગયા.

એટલામાં સ્વામીશ્રીએ સૌને કહ્યું : ''અહીં સૌ જાગજો અને ખબરદાર રહેજો. આપણી ભેળા ઘોડા છે અને વળી સાવજની બીક અહીં બહુ છે.''

ત્યારે ભગવાનદાસે કહ્યું : ''સ્વામી ! આ શ્રીજીમહારાજ માથે મોળિયું બાંધીને માણકી ઉપર ફરે છે અને સંઘ ફરતા આંટા દે છે.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''આ ભગવાનદાસ શ્રીજીમહારાજને આપણી ચોકી કરતા દેખે છે. માટે હવે કોઈ ફિકર નથી. તો પણ જાગવું તો ખરું.'' એમ કહી સ્વામીશ્રી પોઢી ગયા. સંઘમાંના સૌ સંતો અને હરિભક્તો વારાફરતી જાગવા લાગ્યા.

અમે તને અક્ષરધામનો મારગ બતાવીશું

સવાર પડી એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''ચાલો, સાબદા થાઓ.'' એટલે તમામ તૈયાર થઈને ચાલવા માંડ્યા. મુકુન્દપ્રિયદાસ રસ્તાના ભોમિયા હતા તે માળા લઈને આગળ ચાલતા હતા. માળા ફેરવતાં ફેરવતાં ન બોલવાનો તેમને નિયમ હતો. થોડા આગળ ચાલ્યા અને રસ્તો ભૂલ્યા હોય એમ સૌને લાગ્યું. તેથી એક સાધુએ તેમને પૂછ્યું : ''આપણે રસ્તો તો નથી ભૂલ્યા ને ?''

ત્યારે તેમણે હાથ વતી સમસ્યા કરી, અને 'હુંહું' કહીને આગળ ચાલવા લાગ્યા. પરંતુ રસ્તો તો ભૂલ્યા હતા. તેવામાં ખભે ધાબળો અને હાથમાં કડિયાળી ડાંગ લઈને એક રબારી સામો આવતો હતો, તેને ઊભો રાખીને પૂછ્યું : ''ગોકળી ! આ અમે જઈએ છીએ તે રસ્તો ક્યાં જાય છે ?''

ત્યારે તેણે સામું પૂછ્યું : ''મહારાજ ! તમારે ક્યાં જાવું છે ?''

એટલે પૂછનાર સંતે કહ્યું : ''અમારે ચોરવડી થઈને વડવિયાળે જાવું છે.''

ગોકળીએ કહ્યું : ''મહારાજ ! તમે મારગ ભૂલ્યા છો. ચોરવડીનો મારગ અહીંથી બે ગાઉ છેટે રહી ગયો.''

એટલામાં સ્વામીશ્રી પોતાની ઘોડી ગોકળી પાસે લાવ્યા અને તેને કહ્યું : ''ગોકળી ! તું અમને તે રસ્તો બતાવીશ ?'' ત્યારે તેણે 'હા' કહી અને તરત જ પાછો ફર્યો. સ્વામીશ્રીએ ચાલતાં ચાલતાં તેને કહ્યું : ''તું અમને ચોરવડીનો મારગ બતાવીશ તો અમે તને અક્ષરધામનો મારગ બતાવીશું. તું અહીંનો ભોમિયો છે અને અમે ત્યાંના ભોમિયા છીએ.''

એટલું કહીને પછી સ્વામીશ્રીએ તે ગોકળીને પૂછ્યું : ''ગોકળી ! અમે કહીએ તેમ તું કરીશ ?'' એટલે તેણે ડોકું હલાવી હા પાડી. અક્ષરધામ એ કયું ગામ હશે તે વિચારની મૂંઝવણમાં તે કડિયાળી ડાંગ જમીન ઉપર જોરથી ઠોકતો ચાલતો હતો. તેવામાં સ્વામીશ્રીએ તેને ફરી પૂછ્યું. તેણે ફક્ત ડોકું

હલાવ્યું. એટલે સ્વામીશ્રીએ તેને ફરી પૂછ્યું : "તું માળા ફેરવીશ ?"

ગોકળીએ સ્વામીશ્રી સામું જોયું એટલે સ્વામીશ્રીએ પોતાના હાથમાંની માળા તેને બતાવી. તે જોઈ તેણે વળી ડોકું ધુણાવી હા કહી. અક્ષરધામના ગામનો ઉકેલ શોધવા મથતા આ ગોકળીને હજુ મનમાં ગડમથલ ચાલતી હતી. એટલે તે બોલવાને બદલે ફક્ત માથું જ હલાવી હા કહેતો હતો. એટલામાં ચોરવડીનો રસ્તો આવી ગયો એટલે ગોકળી ઊભો રહ્યો. સ્વામીશ્રીની ઘોડી પાસે આવી તેણે ઘોડીની સરક પકડી અને કહ્યું : "મહારાજ ! આ રસ્તે ચાલ્યા જજો, ચોરવડી આવી જશે."

પછી સ્વામીશ્રીને તેણે કહ્યું : "તમે માળા બતાવી તે આપો."

સ્વામીશ્રી બહુ જ રાજી થયા. તેને વર્તમાન ધરાવીને કંઠી બાંધી. પછી પ્રાગજી ભક્તે તેને માળા આપી અને કહ્યું : "હંમેશાં પાંચ માળા ફેરવજે ને સ્વામિનારાયણનું ભજન કરજે. તેં અમને અહીંનો મારગ બતાવ્યો પણ અમે અક્ષરધામના ભોમિયા છીએ તે તને અમે ત્યાં પહોંચાડીશું."

પછી જાગા ભક્તે કહ્યું : "ગોકળી ! આ ઘોડીએ બેઠા છે તે સ્વામીને સંભારી રાખજે. તેમને ગાલે મસનું ચિહ્‌ન છે અને હાથમાંય મસનું ચિહ્‌ન છે. તે બંને સંભારી રાખજે."

તે સાંભળી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "જાગા ભક્ત ! તમે પણ ખરું એના જીવમાં ઘાલો છો." એમ કહી સ્વામીશ્રીએ તે ગોકળીને કહ્યું : "ગોકળી ! તું સ્વામિનારાયણનું ભજન કરજે અને તેમને સંભારજે."

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! મેં એને ભાળ્યા નથી, એટલે હું તો તમને સંભારીશ અને તમારું ભજન કરીશ."

એટલે પ્રાગજી ભક્તે કહ્યું : "આ સ્વામીમાં સ્વામિનારાયણ અખંડ રહ્યા છે એટલે એમને સંભારીશ તે સ્વામિનારાયણને સંભાર્યા બરોબર છે."

પછી સ્વામીશ્રીએ રામચરણદાસ પાસે તેને થોડો ઘસિયો અપાવ્યો. તે લઈને ગોકળી પાછો ફર્યો. તેના મનમાં વિચાર ઘોળાવા લાગ્યો કે 'ગીરમાં તો કોઈ અક્ષરધામ નામનું ગામ નથી. મારે કાંઈ ત્યાં જવું નથી અને હું ભૂલો પડું એવો નથી. પછી તે તેના જમણા હાથમાં માળા હતી તે ફેરવવા લાગ્યો એટલે તેના બધા વિચારો શમી ગયા અને તેને અંતરમાં ટાઢું વર્તાવા લાગ્યું. કડિયાળી ડાંગ તેણે ખભે ચડાવી અને માળાનો વેગ તેના પગના વેગ

સાથે જોરથી ઊપડ્યો.'[૩૫]

સંવત ૧૯૧૯નો અન્નકૂટનો ઉત્સવ

સંવત ૧૯૧૯ના અન્નકૂટનો ઉત્સવ કરી સ્વામીશ્રી કાર્તિકી પૂનમનો સમૈયો કરવા વરતાલ જવા તૈયાર થયા. સ્વામીશ્રી સાથે આ વખતે જોરા ભક્તને પણ વરતાલ જવું હતું. પરંતુ મંદિર ઉપર સાચવનાર કોઈ જોઈએ. તેના વિચારમાં તે હતા એટલામાં પંચાળાથી દાદુ ઠક્કર આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "દાદુ ભક્ત ! અમારે વરતાલ સમૈયે જાવું છે અને આ જોરા ભક્તને પણ વરતાલ સાથે લઈ જવા છે. માટે તમે મંદિર ઉપર સાચવવાની સેવા કરો અને ઠાકોરજીની સેવામાં રહો."

પરંતુ દાદુ ભક્ત કાંઈ બોલ્યા નહિ. બીજે દિવસે વહેલી સવારે સ્વામીશ્રીની રજા લીધા સિવાય ખડિયો ખંભે ભરાવી તે ચાલી નીકળ્યા ને દરવાણીને કહેતા ગયા કે "સ્વામી મને રોકે તે સારુ રજા લેવા હું ગયો નથી. માટે સ્વામીને મારા 'જે સ્વામિનારાયણ' કહેજો અને કહેજો કે દાદુ તો ગયો."

આપણે હવે રક્ષા કરવી જો'શે

સવારે શણગાર આરતી વખતે દરવાણીએ સ્વામીશ્રીને તે વાત કરી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : "રોકાણા હોત તો ઠીક હતું. પણ આપણે તો હવે રક્ષા કરવી જો'શે."

દાદુ ઠક્કર જૂનાગઢથી નીકળ્યા અને જ્યાં બામણાસાની સીમમાં પહોંચ્યા, ત્યાં એક મોટો સર્પ તેની પાછળ પડ્યો. દાદુ ઠક્કર દોડ્યા પણ છેવટે સર્પ આંબી ગયો અને પગે ભરડો દઈને ડંસ દીધો. સર્પને હાથ વડે છોડાવી ત્યાંથી 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' નામ લેતા ગામ અખોદરમાં જઈને અબજી ઠક્કરને ત્યાં દાદુ ભક્ત રાત રહ્યા અને આખી રાત ભજન કર્યું. અહીં જૂનાગઢમાં સ્વામીશ્રીએ મહાદેવજીને આજ્ઞા કરી કે "ડોસે તો તેનું ધાર્યું કર્યું ને સર્પ તેને કરડ્યો. પણ હવે તેને બચાવવો છે ને

---

૩૫. આ ગોકળીના અંત સમયે સ્વામીશ્રીએ તેને ઘોડી ઉપર બેસીને દર્શન દીધાં અને જમણા ગાલે મસ બતાવ્યો, પછી તેને કહ્યું : "ગોકળી ! હાલો અક્ષરધામમાં !" ગોકળી એકદમ પથારીમાં બેઠો થઈ ગયો અને તરત જ તેણે દેહ છોડી દીધો.

તમે જાઓ અને સર્પ ઉતારો.''

પછી શિવજી ત્યાં ગયા ને દાદુ ઠક્કરને દર્શન દઈ કહ્યું : ''સ્વામીની રજા લીધા વિના તમે ચાલી નીકળ્યા પણ કાળ તમારા ઉપર કોપ્યો હતો અને તમારું આયુષ્ય આવી રહ્યું હતું. પરંતુ સ્વામીશ્રીની ઇચ્છા છે જે તમને બચાવવા, તેથી સર્પ ઊતરી જશે.''

શિવજીનું આ વચન સાંભળી દાદુ ભક્તને આશ્ચર્ય થયું ! સ્વામીશ્રીની આજ્ઞા લીધા સિવાય તે નીકળ્યા તેથી અંતરમાં પરિતાપ થવા લાગ્યો. એટલી વારમાં સર્પનું ઝેર ઊતરી ગયું. દાદુ ઠક્કર સ્વામીશ્રીની કૃપાથી બચી ગયા !

તે જ દિવસે અખોદરથી વિપ્ર શામજીના દીકરા વીરજી જૂનાગઢ આવ્યા. તેમને સ્વામીશ્રીએ પૂછ્યું : ''હવે ડોસાને કેમ છે ? તેને વિઘ્ન આવનારું હતું તેથી તો અમે તેને અહીં રહી ઠાકોરજીની સેવા કરવાનું કહ્યું હતું. પણ તે રોકાણા નહિ. પછી અમારે શિવજીને મોકલીને તેની રક્ષા કરવી પડી.''

વીરજીએ કહ્યું : ''સ્વામી ! તેને ઝેર ઊતરી ગયું છે અને શિવજીએ દર્શન દીધાં એવું કહેતા હતા.''

મોટાપુરુષ જે આજ્ઞા કરે તેમાં મર્મ સમાયેલો હોય છે. પણ જીવની બુદ્ધિ થોડી અને જગતમાં આસક્તિ એટલે મોટાપુરુષનાં વચન તેને મનાય નહિ. માટે મોટાપુરુષ જેમ રાજી થાય તેમ જ વર્તવું તેમાં જ જીવનું શ્રેય છે.

અક્ષરધામનો બગીચો

સ્વામીશ્રીને ફૂલનો બહુ જ શોખ હતો. સારાં સારાં ફૂલ થાય તે ઠાકોરજીના શણગારમાં કામમાં આવે અને મંદિર મઘમઘે એવી સ્વામીશ્રીને ઇચ્છા રહેતી. એટલે સ્વામીશ્રીએ મંદિરની વાડીમાં સુંદર બાગ બનાવ્યો હતો. આ બાગની રખેવાળી, ફૂલનો ઉછેર વગેરે સેવા સ્વામીશ્રીએ રણછોડ ભક્તને સોંપી હતી.[૩૬] રણછોડ ભક્ત બહુ જ ખંતથી બાગને સાચવતા.

---

૩૬. આ તંબોળી હરિભક્ત વડોદરાના હતા. વડોદરામાં નિત્યાનંદ સ્વામી ઘણુંખરું રહેતા. પરંતુ તેમને વડોદરાનું પાણી માફક ન આવતું. તે વખતે તંબોળી હરિભક્તો પોતાની બબ્બે ગાઉ દૂર વાડીએથી સ્વામીશ્રી માટે રાત્રે પાણી લઈ આવતા અને રાત્રે ઠાકોરજી આગળ ઉત્સવ કરતા. તેમાંના આ રણછોડ ભક્તને જોઈ નિત્યાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''તમે તો ત્યાગીમાં શોભો તેવા છો.''

ફૂલનાં છોડ તથા વૃક્ષો પણ જાણે અક્ષર મુક્તો હોય અને સ્વામીશ્રીની સેવા માટે જ પધાર્યાં હોય, તેવી ભાવનાથી તેમને પંપાળતા, પાણી પાતા. ફૂલ ચૂંટતા ત્યારે પણ છોડ કે વૃક્ષની ડાળીને વધુ પડતો આંચકો ન લાગે તે ધ્યાન

ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! તમે અમને સાધુ કરો નહિ તેથી ત્યાગી થઈને શું કરીએ ?''

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ''કાંઈ ભગવાં લૂગડાંમાં જ સાધુ કહેવાય એમ નથી. એ તો જે ત્યાગ પાળે તે ત્યાગી !''

તે સાંભળી ત્યાં બેઠેલા હરગોવિંદભાઈ તથા ગિરધરભાઈ બોલ્યા : ''સ્વામી ! જો રણછોડ ભક્ત ત્યાગી થાય, તો અમે પણ થઈએ.''

એટલે તેમણે ત્યાગી થવાનું નક્કી કર્યું. તે અરસામાં ત્યાં ગોપાળાનંદ સ્વામી પધાર્યા. એટલે ગોપાળાનંદ સ્વામીને તેમણે કહ્યું : ''સ્વામી ! મારે ત્યાગી થવું છે.'' તે સાંભળી ગોપાળાનંદ સ્વામી વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે આ જીવ સારો છે પણ જો બીજે જશે તો ડોળે ચડી જશે અને જીવનું બગડશે. એમ ધારી ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''તમારે ત્યાગી થવું હોય તો જૂનાગઢ જજો અને ત્યાંના જોગી ગુણાતીતાનંદ સ્વામી કહે તેમ કરજો. રસ્તામાં વરતાલ-ગઢડે દર્શન કરતા જજો. પણ ત્યાં કોઈ પૂછે તો કહેવું કે હું તો બધે દર્શન કરવા નીકળ્યો છું. નહિ તો તમને ત્યાં રોકી પાડશે.''

આ પ્રમાણે ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા લઈ રણછોડ ભક્ત ત્યાગી થવા સારુ વડોદરાથી નીકળી પ્રથમ વરતાલ ગયા. અહીં દર્શન કરી બીજે દિવસે જ ત્યાંથી નીકળી ગયા અને ચાલતાં ચાલતાં થોડા દિવસે ગઢપુર આવ્યા. અહીં પણ એક-બે દિવસ રહ્યા. ગોપીનાથજી દેવ તથા બીજાં પ્રસાદી સ્થાનોનાં દર્શન કરી જૂનાગઢ જવા નીકળ્યા. જૂનાગઢ પહોંચ્યા અને મંદિરમાં સ્વામીશ્રીને સભામંડપમાં દંડવત્ કરતા હતા ત્યારે સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''ભગત ! આવ્યા કે ?''

ત્યારે તેણે કહ્યું : ''હા, મહારાજ !''

એટલે સ્વામીશ્રીએ હસીને પૂછ્યું : ''કોઈ મંદિર આડું ન આવ્યું ?''

તે સાંભળી રણછોડ ભક્ત ચમક્યા. ગોપાળાનંદ સ્વામીએ જે કહ્યું હતું તે જ સ્વામીશ્રીએ પૂછ્યું. તેને લાગ્યું કે ગોપાળાનંદ સ્વામીએ મને સાચે ઠેકાણે મોકલ્યો છે. તેનું અંતર સ્વામીશ્રીનાં દર્શન કરી ટાઢું થઈ ગયું.

તેણે કહ્યું : ''સ્વામી ! મંદિરો તો આડાં આવ્યાં હતાં પરંતુ મને ગોપાળાનંદ સ્વામીએ શિખવાડ્યું હતું તેમ કર્યું તેથી કોઈ મંદિર નડ્યું નહિ.''

સ્વામીશ્રી તેમના ઉપર ખૂબ જ રાજી થયા અને તેમને બાગ સાચવવાની સેવા સોંપી ત્યારથી રણછોડ ભક્ત તે સેવા ભક્તિપૂર્વક કરતા હતા.

રાખતા. તેઓ કહેતા કે 'આ તો અક્ષરધામનો બગીચો છે. અહીં બધા અક્ષરમુક્તો સ્વામીશ્રી અને મહારાજની સેવા કરવા માટે આ છોડ અને વૃક્ષરૂપે પધાર્યા છે. એટલે સ્વામીશ્રી પણ વારંવાર તેમને દર્શન દેવા આ બાગમાં પધારે છે.' તેઓ કહેતા કે 'ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે જ્યાં હરિ બેસતા.' એ તો વૃંદાવનનો મહિમા શ્રીકૃષ્ણના સંબંધથી ! પરંતુ આ તો સાક્ષાત્ અક્ષરધામ ! આ વૃક્ષોને તેમનો સંબંધ ! એ મહિમા કેવો ? સ્વામીશ્રી જ્યારે બાગમાં પધારતા, ત્યારે રણછોડ ભક્ત ઝાડની છાયા નીચે પાથરણું પાથરી દેતા અને સ્વામીશ્રી પાસે ફળફૂલના ઢગલા કરતા. સ્વામીશ્રી તેમની ભક્તિ જોઈ ખૂબ રાજી થતા. સ્વામીશ્રીનો સંબંધ, પ્રભાવ અને પ્રતિભા એટલાં હતાં કે તેમની પાસે જે કોઈ આવતા તેમને તીવ્ર વૈરાગ્યની ચટકી સહેજે લાગી જતી. જેમ પારસમણિના સંબંધે લોઢું કંચન થઈ જાય, તેમ સ્વામીશ્રીના સંબંધે સ્વામીશ્રીના શિષ્યો પણ કંચનમય થઈ જતા.

વાટમાં વિઘ્ન આવશે

આ અરસામાં ઊનાના શેઠ વલ્લભજી તેમના દીકરાને ધોરાજી પરણાવવા જાન લઈને ગયા હતા. લગ્ન કરી પાછા વળતાં જૂનાગઢ જાન આવી. ત્યારે જાનના બધા માણસો ઘરેણાં પહેરીને ગામમાં ફર્યા. સાંજે મંદિરે સૌ દર્શને આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "હવે રાત પડવા આવી છે માટે અહીં રોકાઈ જાવ અને સવારે ચાલજો."

ત્યારે શેઠે કહ્યું : "સ્વામી ! અમારી પાસે ચૌદ સિપાઈ છે એટલે કોઈ વાતની અમને બીક નથી."

એટલે સ્વામીશ્રીએ ફરી કહ્યું : "તમે ફૂલણજી થઈ ગામમાં ઘરેણાં પહેરી ફર્યા છો તે વાટમાં વિઘ્ન આવશે. માટે અહીં રોકાઈ જાવ તો સારું."

ત્યારે કરમચંદ શેઠે કહ્યું : "સ્વામી ! અમે બંદોબસ્ત બરોબર રાખશું. પણ હવે જાવાની રજા આપો."

પરંતુ સ્વામીશ્રીને ખાતરી હતી કે વાટમાં વિઘ્ન આવવાનું જ છે. તેથી તેમને ચેતવવા માટે ફરી કહ્યું : "તમે વાસુપડાને રસ્તે ચાલશો નહિ અને જો ચાલો તો ત્યાં રાત રોકાશો મા અને રાત રોકાવું પડે તો ગામમાં રહેજો પણ

ગામ બહાર તો રહેશો જ નહિ."

આ પ્રમાણે જેમ વ્યાસજીએ જન્મેજય રાજાને કહ્યું હતું[૩૭] તેમ સ્વામીશ્રીએ પણ તેમને સ્પષ્ટ ચેતવણી આપી. ત્યારે તે શેઠિયાઓએ કહ્યું : "સ્વામી ! આપ કહેશો તેમજ કરીશું."

સ્વામીશ્રીએ આટલું કહ્યું છતાં તેમના ભાવિએ તેમને ભૂલાવ્યા અને વાસુપડાને રસ્તે જ તેઓ ચાલ્યા. ત્યાં રાત પડી ગઈ. ગામમાં રાત રહેવાને બદલે ગામ બહાર રાત રહ્યા. વહેલી સવારે ચાર વાગે ચૌદ આરબ સિપાઈ સહરી[૩૮] કરવા બેઠા એટલામાં ચોર ટાંપીને બેઠા હતા તે ઘરેણાંની પેટી અને રૂપિયા લઈને ચાલતા થઈ ગયા. સ્વામીશ્રીએ તો તેમને જૂનાગઢ રાત રહેવા કહ્યું હતું છતાં તેમનું એ વચન ન માન્યું ત્યારે બીજી રીતે ચેતવ્યા. તે પ્રમાણે પણ તેઓ વર્તી ન શક્યા અને ઘરેણાંની પેટી અને રૂપિયા બધું ગયું ! વલ્લભજી શેઠે કપાળે હાથ દીધો. પણ હવે શું થાય ? વીલે મોંએ સૌ ઘેર પહોંચ્યા.

બીજે દિવસે વલ્લભજી શેઠ ઊનાથી નીકળી જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીને પગે લાગી પાસે બેઠા અને પોતાની તમામ વીતક વાત કહી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમે તો તમને બધું કહ્યું હતું પણ તમને મનાયું નહિ."

ત્યારે વલ્લભજી શેઠે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! હવે કાંઈ દયા કરો

---

૩૭. વ્યાસજીએ જન્મેજય રાજાને અગાઉથી કહ્યું હતું કે "તારું ભાવિ નિશ્ચિત છે. છતાં પણ તું પુરુષાર્થનું બળ બતાવે છે તો તને હું કહું છું કે તું અશ્વમેધ યજ્ઞનો અશ્વ ખરીદીશ, દક્ષિણ દિશા તરફ તે અશ્વને લઈને જઈશ. ત્યાં એક સુંદર સ્ત્રી તને મળશે. તેને તું ઘેર લાવીશ. પટરાણી બનાવીશ. પછી અશ્વમેધ યજ્ઞ કરીશ. તે યજ્ઞમાં અઢાર યુવાન બ્રાહ્મણો ઋત્વિજો તરીકે આવશે. તારી સુંદર સ્ત્રીની મશ્કરી કરશે. તું તે અઢાર બ્રાહ્મણોનો શિરચ્છેદ કરી નાખીશ. તને અઢાર બ્રહ્મહત્યાનું પાપ લાગશે અને તે પાપના ફળરૂપે તારા શરીરમાં અઢાર પ્રકારના કોઢ થશે. તે કોઢ મટાડવા તું મહાભારતના અઢાર પર્વની કથા સાંભળીશ. તેમાં પણ જો તને તે કથામાં સંશય નહિ થાય તો તારા અઢાર કોઢ મટી જશે. પણ તને એક પર્વની કથા સાંભળતાં જ શંકા થશે અને તેથી તારો એક પ્રકારનો કોઢ રહી જશે. આ તારું ભાવિ મેં તને કહ્યું. તારા પુરુષાર્થથી જો તું તે નિર્માણને અશક્ય બનાવી શકે તો પ્રયત્ન કરજે. પરંતુ ભાવિ કદી મિથ્યા થતું જ નથી."

૩૮. રમજાન મહિનામાં પરોઢિયે ઊઠીને ખાવું તે.

તો ઠીક.''

સ્વામીશ્રીએ કહ્યું : ''હવે ઘરેણાં તો પાછાં નહિ આવે. પણ રૂપિયા ધીરે ધીરે પાછા આવશે. તમે આમ તો સમાગમ કરવા સારુ રહો નહિ પણ હવે બે મહિના રૂપિયા પાછા લેવા રોકાશો.''

વલ્લભજી શેઠ બે મહિના જૂનાગઢના મંદિરમાં રોકાયા, સમાગમનો લાભ લીધો અને તે દરમ્યાન રાજ્યમાં ફરિયાદ કરી હોવાથી પકડાયેલા ચોર પાસેથી રૂપિયા પાછા મળી ગયા. પછી તેઓ ઊના ગયા.

સંવત ૧૯૧૯ના કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો વરતાલ કરી સ્વામીશ્રી ફરતાં ફરતાં માગશર માસમાં જૂનાગઢ આવી ગયા.

જીવનો સ્વભાવ

સ્વામીશ્રી એક દિવસ સવારે સભામાં વાતો કરતા હતા તે સાંભળી એક બ્રહ્મચારીએ અચિંત્યાનંદ બ્રહ્મચારીને કહ્યું : ''સ્વામી સભામાં બહુ સારી વાતો કરે છે. પણ મને તે વખતે નિદ્રા આવે છે. તો જ્યારે સ્વામી વાતો કરે, ત્યારે તમે મને જગાડજો !''

એટલે અચિંત્યાનંદ બ્રહ્મચારીએ કહ્યું : ''ભલે.''

પછી તે જ દિવસે સાંજે સભામાં સ્વામીશ્રી અદ્‌ભુત વાતો કરતા હતા. અચિંત્યાનંદ બ્રહ્મચારીને થયું કે પેલા બ્રહ્મચારી ઊંઘે છે તો તેમને જગાડું. તેથી તે તેમના આસને ગયા. ત્યાં તેને ઢંઢોળીને જગાડ્યા પણ તે પાછા સૂઈ ગયા. એટલે ફરી ઢંઢોળ્યા. એમ ત્રણ-ચાર વાર તેમને ઢંઢોળ્યા. ત્યાં તો તે એકદમ ખિજાઈ ગયા અને બ્રહ્મચારીને કહ્યું : ''હવે જો મને જગાડ્યો છે તો પાટુ મારીશ.''

તે સાંભળી બ્રહ્મચારીએ કહ્યું : ''તમે મને નહોતું કહ્યું કે સ્વામી વાતો કરતા હોય ત્યારે મને જગાડજો. એટલે મેં તમને જગાડ્યા.''

ત્યારે તે ગુસ્સામાં બોલ્યા : ''પણ મેં આ ટાણે જગાડવાનું ક્યાં કહ્યું હતું ?'' એમ કહીને તે ફરી સૂઈ ગયા. આમ, વાતો સાંભળવાનો ખપ અંતરમાં હોવા છતાં પણ વિષય સુખમાં લોલુપ થઈ રહે અને કોઈ તે સુખનું ખંડન કરે તો માથું કાપવા તૈયાર થાય એવો જીવનો સ્વભાવ છે.

આ જ અરસામાં વણથળીથી લક્ષ્મીદાસ પટેલ જૂનાગઢ આવ્યા.

સ્વામીશ્રીને દંડવત્ કરી સભામાં બેઠા. પછી હાથ જોડી કહ્યું : ''સ્વામી ! અમે હમણાં નવાં ઘર કર્યાં છે. વાસ્તુ પણ કરી લીધું છે. હવે આપની પધરામણી કરાવવી છે. તો આપ સંતમંડળ લઈને પધારો.''

સ્વામીશ્રીએ તરત જ તેમને કહ્યું : ''ભલે, તમે આજે સાંજે જજો. અમે કાલે આવીશું.''

સ્વામીશ્રીએ માધવચરણદાસ સ્વામીને કહ્યું : ''કાલે વણથળી જાવું છે તો સંતોને તૈયાર કરજો.''

બીજે દિવસે સાંજે યોગેશ્વરદાસજી, બાલમુકુન્દદાસજી, કૃષ્ણસેવાદાસજી, માધવચરણદાસજી તથા જાગા ભક્ત, કાના ભક્ત, રણછોડ ભક્ત વગેરે મંડળને લઈને સ્વામીશ્રી વણથળી જવા નીકળ્યા. સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા હતા. વણથળી પહોંચ્યા ત્યાં લક્ષ્મીદાસ પટેલે તથા ગામના હરિભક્તોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. પછી મંદિરમાં ઉતારો કરાવ્યો. અહીં હરિભક્તોની સભા થઈ. કલ્યાણભાઈ, તેમના દીકરાઓ તેમજ ગામના અન્ય હરિભક્તો વગેરે આવી ગયા હતા. સ્વામીશ્રીએ સભામાં ઘણી જ્ઞાનવાતો કરી.

બીજે દિવસે બપોરે જમ્યા બાદ સ્વામીશ્રીએ જાગા ભક્તને કહ્યું : ''ઘોડી લાવો, જૂનેગઢ હવે જઈએ.'' ત્યારે જાગા ભક્ત ઘોડી લાવ્યા. તે ઉપર બેસીને સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા.

નાજા કામળિયાની રક્ષા

ગામ કોટિયાના આહીર હરિભક્ત નાજા કામળિયાનો દીકરો સ્વામીશ્રીનાં દર્શને જૂનાગઢ આવતો હતો. નાજાએ તેને સ્વામીશ્રીના મહિમાની ખૂબ વાતો કરી હતી. તેને કહ્યું હતું કે 'આપણે આવા મોટાપુરુષનો આશરો છે તે હંમેશાં આપણી રક્ષામાં જ રહે.'

બાપની આવી બળભરી વાતોથી જુવાન દીકરાના હૈયામાં સ્વામીશ્રીનો મહિમા ખૂબ જ સમજાયો હતો અને સ્વામીશ્રી પ્રત્યે તેને આત્મબુદ્ધિ પણ ખરેખરી થઈ હતી. આ છોકરો રસ્તે ચાલતાં ગીરમાં રાત્રે ભૂલો પડ્યો. અંધારી રાત અને રસ્તો સૂઝે નહિ. તેમાં વળી ગીર એટલે વાઘવરુની પણ અત્યંત બીક ! છોકરો મૂંઝાયો. પણ તરત તેને તેના બાપનાં વચન સાંભરી આવ્યાં કે સ્વામીશ્રીને સંભારીએ એટલે તે તરત આપણી રક્ષા કરે. તેથી તે

મોટેથી 'સ્વામી, સ્વામી' એમ બોલવા માંડ્યો.

એટલે સ્વામીશ્રીએ જૂનાગઢમાં રહ્યા થકા તેને જવાબ આપ્યો : "આવું છું. ઊભો રહે." એમ કહીને તરત જ સ્વામીશ્રીએ તેને દર્શન દીધાં.

આ છોકરાને તો સ્વામીશ્રીનાં દર્શનથી એકદમ હિંમત આવી ગઈ. સ્વામીશ્રી આગળ ચાલવા લાગ્યા. સ્વામીશ્રીના શરીરમાંથી નીકળતા પ્રકાશમાં તે છોકરો પાછળ પાછળ ચાલવા લાગ્યો. આવી રીતે સ્વામીશ્રીએ તેને ઠેઠ જૂનાગઢ સુધી પહોંચાડ્યો. પછી સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા !

તે મંદિરમાં આવ્યો ત્યારે તેને જોઈ સ્વામીશ્રીએ તેને હસતાં હસતાં પૂછ્યું : "ગીરમાં ભૂલો પડ્યો'તો તે કેમ કરીને આવ્યો ?"

ત્યારે તેણે હાથ જોડી કહ્યું : "દયાળુ ! આપે દર્શન દીધાં અને રક્ષા કરી એટલે અવાયું." પછી તેણે સભામાં તમામ વાત વિસ્તારથી કહી.

બોરડી ઉપર દૃષ્ટિ

સ્વામીશ્રી એક દિવસ વાડીએ પધાર્યા. ત્યાં બોરડીઓ હતી તે ખોદવાનું કામ ચાલતું હતું. સ્વામીશ્રીની સાથે કેટલાક સંતો-હરિભક્તો હતા. જાગા ભક્ત પણ સાથે હતા. સહુ સંતો અને હરિભક્તો બોરડી ખોદવાના કામમાં લાગી ગયા. જાગા ભક્તને શરીરે કસર હોવાથી સ્વામીશ્રીએ તેમને પોતાની પાસે બેસાર્યા હતા. સ્વામીશ્રીએ સૌને કહ્યું હતું કે બોરડીનાં મૂળિયાં મારી પાસે લાવજો એટલે જેમ જેમ બોરડીઓ ખોદાતી જાય તેમ સૌ તેનાં મૂળિયાં સ્વામીશ્રી પાસે લાવે. સ્વામીશ્રી તેને હાથમાં લઈને બોલે : "આનું કારણ શરીર બળી ગયું." ત્યાં તો સ્વામીશ્રીની આંખોમાંથી તેજનાં કિરણો, જેમ ગરબામાંથી તેજની શેડ્યું છૂટે, તેમ છૂટે અને મૂળિયાં ઉપર પડે. એ પ્રમાણે કહીને સ્વામીશ્રી બોલે : "આને હવે બળતણના ઢગલામાં નાખો એટલે તેનાથી ઠાકોરજીની પૂરી તળાશે."

બોરડીનાં મૂળિયાંનાં કારણ શરીર સ્વામીશ્રીએ આવી રીતે બાળી નાખ્યાં તેથી જાગા ભક્તે પૂછ્યું : "સ્વામી ! કારણ શરીર તો મહારાજના સ્વરૂપનું ધ્યાન કરવાથી અને તેમનાં વચન પાળવાથી બળે છે એમ મહારાજે લખ્યું છે.[૩૯] તો આ બોરડીનાં ઠૂંઠાંએ કારણ શરીર બાળવા શું સાધન કર્યાં ?"

---

૩૯. કારિયાણી ૧૨.

તે સાંભળી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "ભગવાન કે મોટાપુરુષ જ્યારે અન્યથાકર્તું શક્તિ વાપરે ત્યારે સાધનની જરૂર રહે નહિ."

સ્વામીશ્રીના આ વચનથી જાગા ભક્તને અંતરમાં થયું કે અહો ! બોરડીનાં પણ અહોભાગ્ય કે સ્વામીશ્રીની તેના ઉપર દૃષ્ટિ પડી ગઈ !

તે ઓરડામાં વાઘ છે

આ અરસામાં શેલણાથી ઓઘડ ખુમાણ સ્વામીશ્રીને તેડવા આવ્યા. એટલે સ્વામીશ્રી સંતમંડળ લઈને તેમની સાથે શેલણા પધાર્યા. ઓઘડ ખુમાણના અત્યંત પ્રેમને લઈને સ્વામીશ્રી અઢાર દિવસ અહીં રહ્યા. બાબરિયાવાડના હરિભક્તોએ પણ આ પ્રસંગે સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો સારો લાભ લીધો. ઇંગોરાળા, ભામોદરા તેમજ ઠેઠ કુંડલા, રાજુલાથી પણ હરિભક્તો અહીં સ્વામીશ્રીનો સમાગમ કરવા આવતા. સ્વામીશ્રીએ પણ અહીં કથાવાર્તા કરીને સૌને રાજી કર્યા. ત્યાંથી ચાલવાનું ટાણું થયું ત્યારે ઓઘડ ખુમાણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મારા દરબારમાં આપ પધરામણીએ પધારો અને દરબારને પવિત્ર કરો."

એટલે સંતમંડળ તથા સત્સંગીઓને લઈને સ્વામીશ્રી તેમના દરબારમાં પધાર્યા. અહીં સ્વામીશ્રી માટે ખાસ આસન તૈયાર કર્યું હતું તે ઉપર સ્વામીશ્રી વિરાજ્યા. પછી દરબારે સ્વામીશ્રીની કેસર-ચંદને કરીને પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા અને ધોતિયાં ઓઢાડ્યાં. પછી બે હાથ જોડી સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! આ ઓરડામાં પધારો અને તે પવિત્ર કરો."

પરંતુ તે ઓરડામાં બાઈઓ હતી. એટલે સ્વામીશ્રીએ કહ્યું : "તે ઓરડામાં વાઘ છે તેથી ત્યાં જવાય નહિ." એ પ્રમાણે સ્વામીશ્રીએ ત્રણ વાર ના કહી. આથી ઓઘડ ખુમાણ જરા નિરાશ થઈ ગયા. પછી સ્વામીશ્રીને વાજતેગાજતે મંદિરમાં લઈ ગયા.

ઓઘડ ખુમાણ ઘેર આવ્યા પછી વિચાર કરવા લાગ્યા કે સ્વામીશ્રી પોતાને ગામ અઢાર દિવસ રહ્યા. બધી વાતે સુખ આપ્યું પણ ઓરડા પ્રસાદીના ન કર્યા એટલો રંજ તેમને રહી ગયો. ઘેર આવ્યા પણ તેમના ચહેરા ઉપર ઉદાસીનતા જોઈ તેની કુંવરી રાજબાઈએ તેને પૂછ્યું : "બાપુ !

આમ મોં કેમ પડી ગયું છે ?''

ત્યારે દરબારે કહ્યું : ''બેટા ! સ્વામીએ આ ઓરડા પ્રસાદીના ન કર્યા એટલી ખોટ રહી ગઈ !''

એટલે રાજબાઈએ તરત જ કહ્યું : ''આપા ! સ્વામી તો ઓરડામાં આવ્યા હતા અને આ પટારા ઉપર હાથ મૂક્યા અને ઓરડા બહુ વખાણ્યા. પાછળ ઓશરીમાં પણ પધાર્યા હતા. અમે સૌએ સારી રીતે દર્શન કર્યાં.'' પરંતુ ઓઘડ ખુમાણને શાંતિ થઈ નહિ. પછી તે મંદિરે ગયા. ત્યાં સાધુઓને તેમણે પૂછ્યું : ''સ્વામીશ્રીએ મેં જે ગુલાબનો હાર પહેરાવ્યો હતો તે કોને આપ્યો ? સ્વામીશ્રીની ડોકમાં પણ તે નહોતો અને કોઈને આપતાં પણ મેં જોયા નથી.''

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''દરબાર ! એ હાર તો તમારા પટારા ઉપર મૂકીને અમે આવ્યા છીએ.''

પછી તે ઘેર ગયા અને પટારા ઉપર ગુલાબનો હાર જોયો એટલે તેને રાજબાઈનું વચન મનાયું. તેમની ઉદાસીનતા ટળી ગઈ. સ્વામીશ્રીએ દિવ્ય સ્વરૂપે પણ મારો સંકલ્પ પૂરો કર્યો અને મને ધન્ય કર્યો તે કૃપાથી પોતે ખરેખર કૃતકૃત્ય બની ગયા ! બીજે દિવસે સ્વામીશ્રી ત્યાંથી નીકળી જૂનાગઢ પધાર્યા.

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા અને બે દિવસ રોકાઈને સંતમંડળ સાથે નીકળી અખોદર પધાર્યા. અહીં ગામ આંબલિયાના હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમાં ત્યાંના આહીર પટેલ નાગાજણ પણ આવ્યા હતા. સ્વામીશ્રી અહીં એક દિવસ રોકાયા. પછી આંબલિયાના હરિભક્તોનો આગ્રહ હતો તેથી તેમની સાથે આંબલિયા જવા નીકળ્યા. સ્વામીશ્રી ગાડામાં વિરાજ્યા હતા. તેમની પાસે નાગાજણ તેના દીકરા આતુને લઈને આવ્યા અને સ્વામીશ્રીને બતાવીને તેના દીકરાને તેણે કહ્યું : ''દીકરા ! આ ભગવાન જેવા સાધુ છે. માટે તેમને સંભારજે !'' સ્વામીશ્રી આ સાંભળી હસ્યા.

સોરઠના હરિભક્તોની સ્વામી પ્રત્યે આવી નિષ્ઠા હતી. તેમને લોકો ભોળા કહે, અભણ કહે, ગામડિયા કહે, પરંતુ તેમની નિષ્ઠાના બળે તેઓ અક્ષરધામના અધિકારી હતા. સ્વામીશ્રી પણ આવા ભક્તોના સંગે જ રાચતા. મોટાઈ કે શહેરની ઉજળાશ તેમને ખપતાં ન હતાં.

સ્વામીશ્રી સંતમંડળ સાથે આંબલિયા પધાર્યા. અહીં ઓઝત ગંગામાં સ્વામીશ્રી નાહવા પધાર્યા. તે વખતે ઇન્દ્રા ગામનો રબારી સામત સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. સ્વામીશ્રીનાં દર્શન કરતાં જ તેનું ચિત્ત સ્વામીશ્રીના સ્વરૂપમાં ચોંટી ગયું. તેને મનમાં થયું કે 'આવા પુરુષ મેં ક્યાંય જોયા નથી. આ તો સાક્ષાત્ ભગવાન છે. આવા પુરુષ ન મળે ત્યાં સુધી જીવનું કલ્યાણ થાય નહિ. આમનાથી જ મારું ભલું થશે. માટે હવે બીજી બધી લપ છોડી આ પુરુષને શરણે જવું.' આવા આવા વિચારો તેના અંતરમાં ઊઠવા લાગ્યા. પછી સ્વામીશ્રી પાસે તે આવ્યો અને સ્વામીશ્રીને પગે લાગીને પાસે બેઠો. સ્વામીશ્રીને તેણે કહ્યું : "મહારાજ ! મને તમારો ચેલો બનાવો અને તમારી કંઠી પહેરાવો."

તેનું આવું બોલવું સાંભળી સ્વામીશ્રી હસ્યા. સ્વામીશ્રીએ તેને કહ્યું : "જો તારાથી નિયમ પાળી શકાય, તો જ તું કંઠી પહેરજે, કારણ કે તારું એકેય વાતનું ઠેકાણું નથી. તારો જીવ પવિત્ર છે પણ સંગદોષને લઈને તું બહુ અધર્મને માર્ગે ચઢી ગયો છે. માટે જો પાછું વળાય તો કંઠી બાંધજે."

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશ. પણ તમે મારું કલ્યાણ કરજો."

એટલે સ્વામીશ્રીએ તેને વર્તમાન ધરાવી કંઠી બાંધી અને વર્તમાનના નિયમો સમજાવ્યા. તે રબારી ચોરી, વ્યભિચાર, દારૂ, માંસ, અફીણ વગેરે બધા દુર્ગુણોમાં પૂરો હતો. પરંતુ સ્વામીશ્રીને તેણે પોતાનો જીવ સોંપ્યો તેથી સ્વામીશ્રીની તેના ઉપર અસાધારણ કૃપા થઈ ગઈ. બધા દુર્ગુણોથી મુક્ત થઈ તે થોડા સમયમાં ખરેખરો ભક્ત થઈ ગયો. સ્વામીશ્રીનાં દર્શનનો આવો પ્રતાપ હતો. ભાગવતકાર ભગવાન વેદવ્યાસે સાચું જ લખ્યું છે કે 'દર્શનાદેવ સાધવઃ' - સાધુ દર્શનમાત્રથી કલ્યાણ કરે છે.

આચાર એ મુખ્ય ધર્મ છે

સ્વામીશ્રી ફરતાં ફરતાં ગાદોય ગામે પધાર્યા. અહીં કેટલાક કણબી પટેલિયા 'સ્વામિનારાયણના મોટા સાધુ છે' એવું સાંભળી સ્વામીશ્રી પાસે આવ્યા. તેમની આગળ સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : "સાંભળો, આચાર એ મુખ્ય ધર્મ છે. તે આપણે જરૂર પાળવો જોઈએ. શાસ્ત્રમાં પણ લખ્યું છે કે

आचारः प्रथमो धर्मः । તે આચાર જે પાળે તે જ મનુષ્ય કહેવાય. વળી, તે આચાર પાળવાથી આપણું આયુષ્ય પણ વધે છે.'' પછી ત્યાં બેઠેલા મલિન વસ્ત્રવાળા છોકરાઓને જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''છોકરાઓ ! તમારી નાની ઉંમર છે. માટે આજથી પવિત્રપણે વર્તતાં શીખો. હંમેશાં સવારમાં વહેલું ઊઠવું, જંગલ જઈને પાણી લેવું, હાથ ધોવા, પછી એક જગ્યાએ બેસીને દાતણ કરવું. ત્યારબાદ નાહવું. ભગવાનની પૂજા કરવી. પછી શિરામણ કરીને ખેતરમાં કામે જાવું.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ તે છોકરાઓને પવિત્રપણે કેમ રહેવું તે સમજાવ્યું. પણ તે સાંભળી ત્યાં બેઠેલો એંશી વરસનો એક ડોસો સ્વામીશ્રીને કહેવા લાગ્યો : ''અરે મહારાજ ! તમે જોગી પુરુષ થઈને ખેડુના છોકરાને અવળે રસ્તે કાં ચડાવો ? એ તો બીચારા ખાટલામાંથી ઊઠીને રોટલાનું દાતણ કરે છે અને મહારાજનાં કિરણ ફૂટે ત્યાં તો ખેતરમાં હળ ઊભાં કરે. તેને વળી ના'વું શું અને પાણી લેવું શું ? જુવોને, મને એંશી વરસ થયાં છે પણ હજી સુધી પાણી લેવાનું ચાળા-ચૂંથણું કામ હું કરતો નથી. ઊઠતાંવેંત હાથ કોણ બગાડે ? આમ, જો ના'વા ધોવા બેસીએ તો ખેતરમાં શું ધૂળ પાકે ? માટે આ છોકરા કાંઈ કમાઈ ખાય એવો ઉપદેશ તેમને આપો પણ ના'વા ધોવાને અવળે રસ્તે તેને ચડાવો મા.''

ડોસાની આ વાત સાંભળી તે સભામાં બેઠેલા કેટલાકને હસવું આવ્યું. પરંતુ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''જુઓ છો ને ? સ્વામિનારાયણના સાધુઓએ આવા ભાવડા જેવાને પણ માણસના નો'રમાં લાવી માણસ બનાવ્યા છે. સાધુઓએ કેવા દાખડા કર્યા હશે ? આ સમજે તેવા છે ? પણ મહારાજે આવા પાંચને વર્તમાન ધરાવીને પછી જમવાની આજ્ઞા કરી હતી ને સાધુઓએ તે આજ્ઞા સારધાર પાળી. પાંચ ન મળ્યા તો ઉપવાસ કર્યા. એક એકની સાથે કોસના પયામાં ફર્યા, પાણી વાળતા ક્યારામાં ફર્યા.''

આમ, સ્વામીશ્રીએ સાધુઓએ લોકકલ્યાણને અર્થે કેવા દાખડા કર્યા તેનું વર્ણન કર્યું.

વળી સ્વામીશ્રીએ કહ્યું : ''શું સાધુઓને આમાં કોઈ સ્વાર્થ હતો ? કે સંપ્રદાય વધારવો હતો ? એમને તો જીવોને સન્માર્ગે ચઢાવી મહારાજને રાજી કરવા હતા.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ સભામાં વાત કરીને પછી તે ડોસાને પણ કેટલોક ઉપદેશ કર્યો. નિઃસ્વાર્થ કૃપા કરીને એ ડોસાનું પણ અજ્ઞાન સ્વામીશ્રીએ ટાળી નાખ્યું. સ્વામીશ્રીનો ઉપદેશ સાંભળી તે વૃદ્ધ ડોસાની આંખ ઊઘડી ગઈ. તેણે તરત વર્તમાન ધરાવ્યાં અને પાસે બેઠેલા છોકરાઓને પણ વર્તમાન ધરાવવા સ્વામીશ્રીને કહ્યું.

સેવા કર્યાનો કાંઈ દેખાવ કરવાનું હોતું નથી. પરંતુ જીવો ઉપર અત્યંત કરુણાને લઈને તેમને અજ્ઞાનની ગર્તામાંથી બહાર કાઢવા, જગતના ફેલને માર્ગેથી પાછા વાળવા આવા મોટાપુરુષો તેમને ઉપદેશ કરતા હોય છે. તેમની આ પ્રકારની નિઃસ્વાર્થ સેવાને લઈને અને અજ્ઞાની જીવો ઉપર સાચી કરુણાને લઈને જ તેઓ સૌના પૂજનીય બને છે. गुणाः पूजास्थानं गुणिषु । આ ગામમાં સ્વામીશ્રી થોડા દિવસ રોકાઈને પછી આખા તરફ પધાર્યા. પછી ત્યાંથી પીપલાણા, માણાવદર વગેરે ગામોમાં ફરી સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા.

છઠ્ઠું સોપાન સમાપ્ત

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

સપ્તમ સોપાન



महाध्यानाभ्यासं विदधत-
मजस्रं भगवतः ।
पवित्रे सम्प्राप्तं स्थितिमति-
वरैकान्तिक-वृषे ॥
सदानन्दं सारं परमहरि-
वार्ता-व्यसनिनम् ।
गुणातीतानन्दं मुनिवरमहं
नौमि सततम् ॥

નિરંતર ભગવાનના ધ્યાનના મહા અભ્યાસી; પવિત્ર અને અતિશય શ્રેષ્ઠ એવા એકાંતિક ધર્મમાં સારી રીતે સ્થિતિ પામેલા, સર્વકાળ ભગવાનના આનંદવાળા, સારસ્વરૂપ (પૂર્ણપણે સિદ્ધ) છતાં શ્રીહરિની સર્વોત્તમ વાતો કરવાના પરમ વ્યસની એવા મુનિવર શ્રીગુણાતીતાનંદ સ્વામીને હું નિરંતર નમન કરું છું.

સંપ્રદાયનું પોષણ સ્થાન, પુરુષ અને પુસ્તક

જેમ જેમ સત્સંગ વધતો જતો હતો તેમ સ્વામીશ્રીને પણ એ સત્સંગ-વૃદ્ધિને ત્રણ પ્રકારનું પોષણ આપવાની હંમેશાં ઇચ્છા રહેતી. સ્વામીશ્રી કહેતા કે જેમ આ સૃષ્ટિ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણાત્મક છે તેમજ આ સંપ્રદાય પણ ત્રિગુણાત્મક છે. સ્થાન, પુરુષ અને પુસ્તક આ ત્રણથી આ સંપ્રદાયને પોષણ મળે છે. તેથી જ ગામેગામ હરિમંદિરો કરાવવાની સ્વામીશ્રીની રુચિ રહેતી. વળી, પુસ્તકો વધારવાનો પણ સ્વામીશ્રી એવો જ આગ્રહ રાખતા. શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર દર વર્ષે ચાતુર્માસમાં હરિભક્તો સ્વામીશ્રીનો સમાગમ કરવા આવતા ત્યારે નિયમની એકાદશીએ સ્વામીશ્રી આ હરિભક્તોને વિશેષ નિયમમાં એક નિયમ આ આપતા - 'જેને લખતાં આવડતું હોય તેણે શિક્ષાપત્રી, વચનામૃત, પ્રશ્નોત્તર સાગર કે કીર્તનો - આમાંનું એક પુસ્તક લખવું.' આ રીતે સંપ્રદાયમાં પુસ્તકોનું પ્રસારણ થાય અને સૌને એનો લાભ મળે.

વર્તમાનકાળે મહારાજનો શેમાં રાજીપો છે ?

આ.સં. ૧૯૧૯ના ફાગણ સુદ પૂનમના સમૈયા ઉપર દેશાંતરના હરિભક્તો આવ્યા. વરતાલથી નામવેરો[૪૦] ઉઘરાવનારા સાધુ વિષ્ણુપ્રિયદાસજી, હરિસ્વરૂપદાસજી તેમજ હરિપ્રસાદ મુનિ વગેરે આવ્યા હતા. આ પ્રસંગે સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી સૌનાં અંતર ઠારી દીધાં. ફૂલદોલ ઉત્સવ થયા પછી સ્વામીશ્રીએ સભામાં વાત કરતાં કહ્યું : "મોરે તો મહારાજનો અનેક પ્રકારનો રાજીપો હતો અને પ્રથમના પ્રકરણમાં ગોળા ખાવા, ટાટ પહેરવા, કૂતરું બોલતું ન સંભળાય એટલે છેટે રહેવું, ભણવું, મંદિરો કરવાં ઇત્યાદિમાં અનેક પ્રકારનો રાજીપો હતો અને આ વર્તમાનકાળે મહારાજનો શેમાં રાજીપો છે તો નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો

૪૦. નામવેરો એટલે પ્રત્યેક સત્સંગી કુટુંબના તમામ સભ્યો સભ્યદીઠ અડધો રૂપિયો આચાર્યશ્રીના નિભાવ માટે સેવા કરતા તે.

સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી, રાજી ને રાજી જ છે."[૪૧]

મહારાજને તથા આ મોટા સાધુને નિર્દોષ જાણવા અને તેમાં સર્વ પ્રકારે જોડાવું તેમાં મહારાજનો રાજીપો છે." એટલી વાત કરીને સ્વામી બોલ્યા : "જેવો આ સત્સંગ છે તેવો તો જણાય જ નહીં, ને કોઈક જાણે તો સત્સંગ કરે નહીં, ને કોઈક કરે તો જેવો સત્સંગ છે તેવો થાય નહીં, ને જો થાય તો જાળવવો બહુ કઠણ છે, તે કાં તો બહેકી જાય અને કાં ગાંડો થઈ જાય પણ તે જળવાય નહીં. તે સત્સંગ કોણ જાળવે ? તો જેને મહારાજ વિષે અને આ મોટા સાધુને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત પ્રીતિ હોય તે જ જાળવે પણ બીજાથી તો જળવાય જ નહીં."

એમ કહીને બોલ્યા : "આજ વર્તમાનકાળે જેણે દેહ ધર્યા છે તેને તો એક પગલું અક્ષરધામમાં છે ને જેને આ સાધુની ઓળખાણ થઈ છે તેને તો બેય પગલાં અક્ષરધામમાં જ છે; પણ જેને એ વાતનું જ્ઞાન નહીં તેને આ વાત સમજાય નહીં. ને આ સત્સંગમાં તો અનંત પ્રહ્‌લાદ, અનંત અંબરીષ અને પર્વતભાઈ જેવા અનંત છે. પરંતુ સાધુ-સમાગમ વિના જ્ઞાન થાય નહીં અને જ્ઞાન થયા વિના એવો મહિમા જણાય નહીં અને મહિમા જાણ્યા વિના જીવ સુખિયો થાય નહીં, એમાં કાંઈ સંશય નથી."[૪૨] આ પ્રમાણે સભામાં બહુ વાતો કરીને પછી ફગવાની પ્રસાદી સૌને વહેંચી.

ફગવાની પ્રસાદી સ્વામીશ્રી વહેંચતા હતા ત્યારે બોલ્યા : "પ્રાગજીને બોલાવો. આજ તો એને પ્રસાદી આપવી છે. કાં જે એણે મારી બહુ સેવા કરી છે." એટલે મનજી ઠક્કર પ્રાગજી ભક્તને બોલાવી લાવ્યા.

તેમને થયું કે સ્વામી પ્રાગજી ભક્ત ઉપર બહુ જ રાજી થયા છે એટલે તેમને શ્રીજીમહારાજની પ્રસાદી નખ, કેશ કે ચરણારવિંદ આપશે. પરંતુ પ્રાગજી ભક્ત આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને ધાણીના વધેલા ગાંગડા આપ્યા. તે લઈ પ્રાગજી ભક્ત બહુ જ રાજી થયા. એટલે મનજી ઠક્કર બોલ્યા : "ભૂતનું મન બાકળે. મૂઠી ગાંગડા આપ્યા તે રાજી થઈ ગયો. પરંતુ એમ નહીં કે સ્વામી જેવા પુરુષ રાજી થયા છે તે કાંઈ પ્રસાદીની વસ્તુ માગીએ."

તે સાંભળી પ્રાગજી ભક્તને લાગ્યું કે આ મનજી ઠક્કરને સ્વામીશ્રીની

૪૧. સ્વામીની વાતો : ૩/૩૮.

૪૨. સ્વામીની વાતો : ૩/૨૬.

પ્રસાદીનો મહિમા નથી. પછી તે પાછા વળ્યા અને સ્વામીશ્રીને પૂછ્યું : "આ ખરા રાજીપાની પ્રસાદી છે કે સૌને આપી તેવી છે ?"

એટલે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "ખરા રાજીપાની છે."

એટલે પ્રાગજી ભક્તે પાંચ સાત દાણા મોઢામાં મૂકતાં પૂછ્યું : "સ્વામી ! કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, અહંકાર આદિ દોષ ગયા ?"

ત્યારે સ્વામીશ્રીએ રાજીપાથી કહ્યું : "હા ગયા."

પછી વધેલા દાણા પ્રાગજી ભક્તે લૂગડે બાંધ્યા અને કહ્યું : "આ દાણા મારે બીજા સારુ કામમાં આવશે."

ત્યારે સ્વામીએ કહ્યું : "હા, ખરી વાત છે."

એ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ વાત કરી કે "એક તલનો દાણો વિઠ્ઠલનાથજીએ મોકલ્યો હતો ને કહ્યું હતું કે અડધો સૌને વહેંચજો અને અડધો પાછો મોકલજો. તે ઉપરથી તે તલનો અડધો દાણો પાણીમાં ઉકાળી ચોરાસી વૈષ્ણવોને તે પ્રસાદીનું પાણી આચમનીએ આપ્યું. તેથી ચોરાસી સિદ્ધ થયા. તો આ તો અનંત વિઠ્ઠલનાથજીના સ્વામી એવા અનાદિ અક્ષર આ સાધુ, તેની પ્રસાદીથી દોષમાત્ર બળી જાય તેમાં શું આશ્ચર્ય ?"

આ વાત સાંભળી મનજી ઠક્કરને પોતાની ભૂલ સમજાણી. બીજે દિવસે દેશાંતરથી આવેલા હરિભક્તો સૌ પોતપોતાને ઘેર ગયા.

મનજી ઠક્કર પણ ઘેર જવા તૈયાર થયા. ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે આજે જશો નહીં." પછી તો બે-ત્રણ દિવસ રોજ તૈયાર થઈને મનજી ઠક્કર સ્વામીશ્રીની રજા લેવા આવે, પરંતુ સ્વામીશ્રી ના કહે. મનજી ઠક્કરને સ્વામીશ્રીએ આ પ્રમાણે રોક્યા એટલે તેમને લાગ્યું કે આમાં કાંઈક રહસ્ય છે. એટલે બધા સંકલ્પ પડ્યા મૂકીને તેઓ ત્યાં રોકાઈ ગયા.[૪૩]

---

૪૩. સ્વામી જ્યારે ચૈત્રી સમૈયે વરતાલ જવા તૈયાર થયા, ત્યારે મનજી ઠક્કરને તેમણે કહ્યું : "હવે તમે જાજો, તમારે માટે રસ્તો ખુલ્લો થયો છે." એટલે મનજી ઠક્કર ઘેર ગયા. બીજે દિવસે ગઢડાનો ગોકળિયો કોળી ભાવનગરની જેલમાં હતો તે છૂટીને ઘેર આવ્યો. તે મનજી ઠક્કરને મળવા આવ્યો. ત્યારે તેણે તેમને કહ્યું : "તમને મારવા સારુ બહારવટિયા ફરતા હતા તે ત્રણ-ચાર દિવસ પહેલાં પકડાઈ ગયા છે અને ભાવનગરની જેલમાં જનમકેદની સજામાં પડ્યા છે. અમે ભેગા હતા. તેમણે મને વાત કરી હતી કે તમારા ગામના શાહુકાર મનજી ઠક્કરને મારવા સારુ અમે ફરતા હતા. તે પાપે અમને વગર વાંકે જેલ મળી."

આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નથી

આ.સં. ૧૯૧૯ના ચૈત્ર સુદ પૂનમનો સમૈયો આવ્યો એટલે સ્વામીશ્રી વરતાલ જવા નીકળ્યા અને ગોંડળ પધાર્યા. ગોંડળ એક દિવસ રહીને સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને ઘોઘાવદર પધાર્યા. અહીં નદીને કાંઠે શિવના મંદિરમાં સ્વામીશ્રી ઊતર્યા. બપોરે થોડો આરામ કરતાં કરતાં જાગા ભક્ત પાસે વચનામૃત વંચાવતા હતા. તેમાં જાગા ભક્તે ગ.પ્ર. ૨૩; ગ.મ. ૩૦, ૪૫; અમ. ૨, ૩ આ પાંચ વચનામૃત વાંચ્યાં. તે સાંભળી સ્વામીશ્રી અતિશય રાજી થયા. પછી સ્વામી બોલ્યા : "અહો, આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતા." એમ કહીને બોલ્યા : "એ વચનામૃત ફરીથી વાંચો." એટલે જાગા ભક્તે ફરીથી વાંચ્યાં.

ત્યારે સ્વામી બોલ્યા જે : "આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય, તેમને પણ એમ કર્યા વિના છૂટકો નથી. કેમ જે, તે પણ મહારાજનો જ મત છે." તે ઉપરથી મહારાજના કહેલા શ્લોક બોલ્યા જે, निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । तथा ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ॥ तथा परिनिष्ठितोऽपि नैर्गुण्ये । तथा आत्मारामाश्च मुनयो । એવા એવા ઘણા શ્લોકો બોલીને સ્વામીશ્રીએ કહ્યું : "આવો થાય ત્યારે તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે." એમ કહીને બહુ જ વાત કરી. પછી જાગા ભક્ત સામું જોઈને બોલ્યા : "તમારે મૂર્તિ તો છે પણ મંદિર વિના પધરાવશો ક્યાં ? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું એવું મંદિર કરવા શીખો, તો ભગવાન રહે." એમ કહીને વાત કરી : "આ જૂનાગઢનું મંદિર કરાવ્યું ત્યારે અમે સાધુઓને મૂર્તિઓ લેવા ડુંગરપુર મોકલ્યા હતા. ત્યાં સલાટે તેમને પૂછ્યું : 'કેવી મૂર્તિઓ કાઢી આપું ?' ત્યારે સાધુઓએ કહ્યું : 'આ નકશા પ્રમાણે કાઢી આપો.' એટલે સલાટે કહ્યું : 'લાખો રૂપિયાનું

આ વાત સાંભળી મનજી ઠક્કરને થયું કે સ્વામીશ્રીએ મને જૂનાગઢમાં રોકીને મારી ખરેખરી રક્ષા કરી છે.

સ્વામીશ્રી જ્યારે વરતાલથી ગઢડા પધાર્યા, ત્યારે તેમણે આ વાત સ્વામીશ્રીને કહી.

મંદિર હોય તો આવી મૂર્તિઓ શોભે.' પછી સાધુઓએ કહ્યું : 'મંદિર પ્રમાણે જ મૂર્તિઓ લેવા આવ્યા છીએ.' ત્યારે સલાટે કહ્યું : 'તો કાઢી આપું.' પછી સલાટે નકશા પ્રમાણે મૂર્તિયું કાઢી આપી."

એમ કહી સ્વામીશ્રી બોલ્યા : "સલાટ પણ એટલું સમજ્યો જે બહુ ભારે મંદિર કર્યું છે. માટે આ વચનામૃતમાં કહ્યું છે તે પ્રમાણે મંદિર કરવા શીખો. માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું." એમ કહીને ઊઠ્યા. પછી જાગા ભક્તનું કાંડું ઝાલીને ચાલતાં ચાલતાં તેમને કહ્યું : "ખબરદાર, જો સંકલ્પ કર્યા છે તો !" એટલે તેમના સંકલ્પ બંધ થઈ ગયા.

પછી સ્વામી બોલ્યા : "જો આમ ને આમ રહેવાય તો સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, ઇચ્છાગ્રંથિ, મમત્વગ્રંથિ ને અહંગ્રંથિ આદિક અનેક પ્રકારની ગ્રંથિઓ નાશ પામી જાય છે ને નિરંતર ભગવાનમાં રહેવાય છે."[૪૪] એમ કહીને રામોદને માર્ગે ગઢડા જવા ચાલ્યા.

ગઢડેથી નીકળી ફરતાં ફરતાં સ્વામીશ્રી ચૈત્ર સુદ સાતમના દિવસે મહેળાવ પહોંચ્યા. ત્યાં રાત રહ્યા. વરતાલથી કૃષ્ણપ્રસાદજી મહારાજ, નારાયણપ્રસાદજી, પ્રભુપ્રસાદજી વગેરે ધર્મકુળ તથા કોઠારી ગોવર્ધનભાઈ, વિજ્ઞાનાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી વગેરે સંતો-હરિભક્તો ચૈત્ર સુદ આઠમની સવારે ઊગમણી ભાગોળે ભૂત પીપળીના રસ્તે સામા આવ્યા. સંઘમાંના સૌ એકબીજાને મળ્યા. સૌએ સ્વામીશ્રીને દંડવત્ કરી કોટમાં હાર પહેરાવ્યા. પછી સૌ ચાલ્યા. દસ વાગે વરતાલ પહોંચ્યા.

ચૈત્રી પૂનમે વરતાલમાં

સ્વામીશ્રીએ આ સમૈયામાં બહુ જ વાતો કરી. સવારમાં મંગળા આરતી પછી પોતાને આસને, પછી ધર્મશાળાને મેડે ઉત્તરમુખે થાંભલે સ્વામીશ્રી બેસતા. ત્યાં શુકમુનિ, પવિત્રાનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી, પુરુષોત્તમાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી, હરિહર્યાનંદ સ્વામી, શાસ્ત્રી બલરામદાસજી, શાસ્ત્રી માધવદાસજી તેમજ શાસ્ત્રી શોભારામ વગેરે આવતા અને વાતો સાંભળતા. વળી, સ્વામીશ્રીને આસને પણ આવી સ્વામીશ્રીનો સમાગમ કરતા.

૪૪. સ્વામીની વાતો : ૩/૧૩.

પ્રથમ સારા સાધુ પાસે ઉપાસના ભણજો

સ્વામીશ્રી એક દિવસ વાતો કરતા હતા એટલામાં એક સાધુએ ત્યાં આવી સ્વામીશ્રીની અને શુકમુનિની પૂજા કરી. એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : ''આ શાની પૂજા છે ?''

ત્યારે શુકમુનિએ કહ્યું : ''તેમણે ભાગવતનો પાઠ લીધો છે તેની પૂજા છે.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''પ્રથમ સારા સાધુ પાસે ઉપાસના ભણજો ને પછી ભાગવત ભણજો.'' ત્યાં બેઠેલા મહેમદાવાદના વડાદરા કેશવલાલે તે સાંભળ્યું. આ શબ્દોથી મહારાજના સર્વોપરી સ્વરૂપનો અને સ્વામીશ્રીના અક્ષર સ્વરૂપનો તેમને નિશ્ચય થયો.

બપોરે જમ્યા પછી પણ સ્વામીશ્રીના આસને સૌ કથા સાંભળવા આવતા. સાંજે મંદિર પાછળ ચંદનીની નીચે સભા થતી, ત્યાં હજારો મનુષ્યો ભેગા થતા. તે વખતે પણ સ્વામીશ્રી અલૌકિક વાતો કરતા. સંધ્યા આરતી પછી શયન આરતી સુધી ચોકમાં સભા થતી. શયન આરતીનાં દર્શન કર્યાં પછી સ્વામીશ્રી પોતાના આસને પધારતા. અહીં રાતના બાર સુધી ઉપાસના, આજ્ઞા, સદ્‌ભાવ અને પક્ષ ઉપર સ્વામીશ્રી બહુ જ વાતો કરતા. આ પ્રમાણે સવારે મંગળા પછી, બપોરે જમ્યા પછી અને રાતના શયન આરતી પછી, એમ ત્રણ સભાઓ સ્વામીશ્રીના આસને થતી. મંગળા પહેલાં, સાંજે અને સંધ્યા આરતી પછી એમ ત્રણ સભાઓ ચોકમાં ભરાતી. આમ, સમૈયા દરમ્યાન કથાવાર્તાનો અખાડો સ્વામીશ્રીએ ચાલુ રાખ્યો હતો. સ્વામીશ્રીની અદ્‌ભુત વાતોથી શુદ્ધ ઉપાસનાનું રહસ્ય સૌને સમજાવા લાગ્યું.

આ વખતે વસોના તુલસીભાઈએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : ''સ્વામી ! આ જેઠાએ જૂનાગઢમાં તમારો અઢાર દિવસ સમાગમ કર્યો. આપે ઘણી ઘણી વાતો તેને કહી. રાજા કોઈનો મિત્ર થયો નથી તે પણ સમજાવ્યું. છતાં તેને એક વખત પેટલાદની ગાદીએ બેસવાનો મનસૂબો છે. તે પૂરો કરો તો સારું.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''બહુ સારું. મહારાજ તમારો મનસૂબો પૂરો કરશે.''

સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને શાંતિ થઈ અને સમૈયો પત્યા બાદ સંઘ લઈને ઘેર આવ્યા. સમૈયો પૂરો થયો એટલે સ્વામીશ્રી વરતાલથી નીકળી ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા.

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા એટલે જાણે મંદિરમાં અને સમગ્ર સોરઠ દેશમાં પ્રાણ આવ્યો હોય તેમ જૂનાગઢનું મંદિર અને સોરઠ દેશ જીવંત બની ગયાં. દેશાંતરથી પણ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમ માટે જૂનાગઢ આવતા.

સૌને અક્ષર સાથે વેર છે

આ અરસામાં ગામ આગરીઆથી વસ્તા ભક્ત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તે સ્વામીશ્રીના અનન્ય શિષ્ય હતા અને સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે તેવી દૃઢ નિષ્ઠા તેમને હતી. સભામાં સ્વામીશ્રી વિરાજતા હતા ત્યાં સન્મુખ બેસીને તેમણે વાત કરી કે "મારે એવો નિયમ હતો કે રાજુલામાં કોઈ સાધુ આવ્યાના ખબર મળે એટલે દૂધનું બોઘરણું ભરીને સાધુ વાસ્તે લઈ જતો. હમણાં ગઢડાના સાધુ ઘનશ્યામદાસજી રાજુલામાં આવ્યા હતા. તેમને ઠાકોરજી પાસે ઊભા રહીને કીર્તનો બોલવાનો નિયમ હતો. સાધુ રાજુલામાં આવ્યા છે તે ખબર મને મળી એટલે હું દૂધનું બોઘરણું ભરીને રાજુલા ગયો. સાધુઓને તે બોઘરણું આપીને હું ઘનશ્યામદાસ સ્વામીના પગ દાબવા લાગ્યો. ત્યારે સ્વામી મને વાતો કરવા લાગ્યા. વાતના પ્રસંગમાં તેમણે કહ્યું : 'ગુણાતીતાનંદ સ્વામી મોટા સાધુ ખરા પણ સૌ તેમને અક્ષર કહે છે તે ઠીક નહીં. પણ પોતાની મરજી વિના બીજાથી કેમ અક્ષર કહેવાય ? માટે એ ઠીક ન કહેવાય.' તેમના આ શબ્દો સાંભળતાં જ હું તેમના પગ દાબતો આળસી ગયો. ત્યારે તેમને લાગ્યું કે તેમના શબ્દો મને આકરા લાગ્યા. એટલે તેમણે વાતને વાળતાં કહ્યું : 'પણ એમાં સ્વામીનો શો વાંક ? સેવકો કહે એટલે સ્વામી કરે પણ શું ?' આમ બોલ્યા. પણ મને તો મનમાં થયું કે આંહીં દૂધ લાવ્યો તેના કરતાં રસ્તામાં રાફડામાં દૂધ ઢોળી નાંખ્યું હોત તો સારું હતું."

સ્વામીશ્રી આ વાત સાંભળી મંદ મંદ હસ્યા. પછી બોલ્યા : "સૌને સ્વામી સાથે, અક્ષર સાથે વેર છે. પણ અંતે એ વાત સમજ્યે જ છૂટકો છે.

ત્યારે જ અક્ષરધામમાં જવાશે.''[૪૫]

નારાયણ પ્રેમી

તે જ દિવસે રાજકોટથી નારણભાઈ સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા. પોતે શિવધર્મી હતા અને હંમેશાં શિવના મંદિરે જઈ, શિવજીને સ્નાન કરાવી બીલીપત્રો ચડાવતા અને દર સોમવારે વ્રત કરતા. શ્રાવણ માસમાં એક સમય જમતા. આમ, ઘણાં વર્ષો તેમણે ભાવપૂર્વક શિવજીની પૂજા કરી. તેથી તેમના ઉપર શિવજી પ્રસન્ન થયા. શિવજીએ તેમને દર્શન દઈને કહ્યું : ''માગ માગ.''

ત્યારે તેમણે કહ્યું : ''મારો મોક્ષ કરો.''

એટલે શિવજીએ કહ્યું : ''મોક્ષ જો'તો હોય તો સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે અને તેમના મોટા સાધુ ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે. તેમની પાસે જૂનાગઢ જઈ નિયમ ધરાવી તેમનો આશ્રય કરીશ તો તારો મોક્ષ થશે. પણ જો દ્રવ્ય કે પુત્ર જો'તા હોય તો તે હું તને આપીશ.''

એટલે નારણભાઈએ કહ્યું : ''મહારાજ ! મારે તો મોક્ષની ઇચ્છા છે પણ બીજી કાંઈ ઇચ્છા નથી.'' એટલે શિવજીએ ફરી તેમને જૂનાગઢ જવાનું કહ્યું.

નારણભાઈ સ્વામીશ્રી પાસે જૂનાગઢ આવ્યા અને સ્વામીશ્રીને વર્તમાન ધરાવવાની વાત કરી. સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમે રોજ સત્સંગ કરો, મંદિર આવો તો તમને કંઠી બાંધીએ.''

એટલે નારણભાઈએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મને તો સાક્ષાત્ શિવજીએ દર્શન દઈને કહ્યું છે કે મોક્ષ જો'તો હોય તો જૂનાગઢમાં સ્વામિનારાયણના મોટા સાધુ અક્ષરનો અવતાર છે તેમની પાસે જા એટલે હું

૪૫. સ્વામીશ્રી ધામમાં પધાર્યા બાદ વસ્તો ભક્ત ત્યાગી થયા અને સ્વામી યોગેશ્વરદાસજીના મંડળમાં રહ્યા. એક વખત સ્વામીશ્રી યોગેશ્વરદાસજીની સાથે તેઓ ગઢડા ગયા. તે વખતે તેમણે ઘનશ્યામદાસજીને જોયા. તેમની સ્થિતિ સાવ ફરી ગઈ હતી અને ગાંડા થઈ ગયા હતા. આ જોઈને વસ્તા ભક્તને મનમાં થયું કે ''ઊંટનો ધ્રોડ આંબ્યો ખરો.'' એટલે કે મોટાપુરુષના દ્રોહનું ફળ મળ્યું ખરું. મોટાપુરુષનું માહાત્મ્ય જાણ્યા સિવાય અપરાધ થઈ જાય તો તેનું ફળ ભોગવવું પડે.

આપની પાસે આવ્યો છું."

તે સાંભળી સ્વામીશ્રીએ તેને મુમુક્ષુ જાણી કંઠી બાંધી. પછી બે દિવસ સાથે રાખી ખૂબ વાતો કરી શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. ત્યાર પછી તેઓ રાજકોટ ગયા.

નારણભાઈને સત્સંગ અત્યંત દૃઢ થઈ ગયો. સાધુનો મહિમા પણ અતિશય સમજતા અને સાધુ પ્રત્યે પ્રેમ રાખતા તેથી સૌ તેમને 'નારાયણ પ્રેમી' કહીને બોલાવતા.

ભજન કરતાં ક્રિયા કરવી

એક દિવસ જાગા ભક્ત ચોકમાં બેલું ઘડતા હતા. ત્યાં સ્વામીશ્રી પધાર્યા. એટલે જાગા ભક્તે એક પાણો ઊભો કરીને તે ઉપર ખેસ પાથર્યો. સ્વામીશ્રી તે ઉપર વિરાજમાન થયા. પછી સ્વામીશ્રીએ પૂછ્યું : "પથ્થર ઘડો છો પણ ભગવાનની અખંડ સ્મૃતિ રહે છે કે નહીં ?"

ત્યારે તેમણે કહ્યું : "ના, મહારાજ !"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "એમ ન કરવું. ભજન કરતાં ક્રિયા કરવી."

ત્યારે જાગા ભક્તે ફરી કહ્યું : "સ્વામી ! એ તો થતું નથી."

તેથી સ્વામીશ્રીએ કહ્યું : "પ્રથમ તમને પથ્થર ઘડતાં આવડતું ન હતું. પણ અભ્યાસ કર્યો તો આવડ્યું. તે જ પ્રમાણે ભજન કરતાં કરતાં ઘડવાનો અભ્યાસ રાખો તો તે પણ આવડે."

પછી જાગા ભક્તને એમ થયું, 'આપણે ક્યાં ગરીબ જાતિ ને ક્યાં આ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ? તે આપણા ઉપર દયા કરીને આવું સુખ આપે છે.' આ પ્રમાણે તેમને વિચાર આવ્યો એટલે તેમણે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : "સ્વામી ! મોટા રાજી કેમ થાય ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "મોટાને રાજી કરવા હોય તો પોતાને મળ્યા એવા જે શ્રીજીમહારાજ ને આ મોટા સંત તેથી પર કાંઈ સમજવું નહીં ને મહારાજની આજ્ઞા બરોબર પાળવી તો મોટા રાજી, રાજી ને રાજી જ છે." પછી સ્વામીશ્રી ત્યાંથી ઊઠીને સભામાં પધાર્યા.

સ્વામીશ્રી સભામાં આવી કથાવાર્તા કરતા હતા અને સંતો તથા હરિભક્તો કથા સાંભળતા હતા. તે વખતે એક સાધુએ આવીને સ્વામીશ્રીને

કહ્યું : "સ્વામી ! ઘંટ ખોટકી ગયો છે તે જોવા પધારો."

તે સાંભળી સભામાં ગોખરવાળાના અરજણ સુથાર બેઠા હતા તેમને સ્વામીશ્રીએ કહ્યું : "ચાલ, જોવા જઈએ."

ત્યારે તેણે કહ્યું : "સ્વામી ! હું કાંઈ તેમાં જાણતો નથી."

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : "તું મારી સાથે ચાલ તો ખરો."

એટલે તે સ્વામીશ્રી સાથે ગયો. અરજણ સુથાર ત્યાં જઈને એક ખપાટનો કટકો લઈને નીચે બેસીને જોવા લાગ્યો. ત્યારે તેણે જોયું કે ચક્કર ફરે છે, ત્યારે કોઈ દાંતો અડતો હતો અને કોઈ દાંતો અડતો ન હતો. તેથી તેણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ સરની આર ઠરડાઈ ગઈ છે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "તું કહેતો હતો ને કે હું કાંઈ જાણતો નથી." એમ કહીને સ્વામીશ્રીએ કાના ભગતને કહ્યું : "સાંકળીથી રાજા સુથારને તેડાવો. તે આવીને સમો કરી દેશે." એ પ્રમાણે સૂચના આપીને સ્વામીશ્રી ધર્મશાળામાં પધાર્યા. અહીં પોતાને આસને આવીને સ્વામીશ્રી બોલ્યા : "ઓલ્યા ગોખરવાળાના સુથારનો છોકરો કસબી થાશે."[૪૬]

તે સાંભળી સૌ અરજણ સુથારને કહેવા લાગ્યા : "તને સ્વામીશ્રીએ વર આપ્યો છે માટે તું કસબી થઈશ."

પછી સ્વામીશ્રીએ અરજણ સુથારને પાસે બોલાવીને કહ્યું : "તું અમરેલીના મંદિરનું સિંહાસન કરજે."

એટલે તેણે કહ્યું : "સ્વામી ! સિંહાસન કરવું તે તો સારા કસબીનું કામ છે." તે સાંભળી સ્વામીશ્રી તેના ઉપર જાણે રાજી થઈ ગયા હોય તેમ હસીને બોલ્યા : "તું ખરેખરો કસબી થઈશ."

સ્વામીશ્રીએ આ પ્રમાણે તેમને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ અમરેલીના મંદિરનું સિંહાસન તેમણે સરસ બનાવ્યું. પછી તો ઘણાં ગામનાં મંદિરનાં સિંહાસન તેણે બનાવ્યાં અને ચાંદી જડવાનું કામ પણ શીખી ગયા. આમ, સ્વામીશ્રીના આશીર્વાદથી સારામાં સારા કસબી થયા. તેને દીકરો થયો તે પણ સારો કસબી થયો. સ્વામીશ્રીના પ્રતાપે અને આશીર્વાદથી એક કસબી તરીકે તેમની સારી પ્રસિદ્ધિ થઈ !

૪૬. આ છોકરો આંધળો હતો પણ સ્વામીશ્રીએ તેને ગુવારનાં પાન ખવરાવી દેખતો કર્યો હતો.

તારા હાથમાં રાશ હશે અને તારો દેહ પડશે

વાડીમાં મંદિરના બળદ સારુ જુવાર વાવવાની હતી. એટલે જમીન ખેડીને તૈયાર કરાવવા સ્વામીશ્રી રોજ વાડીમાં જતા. મંદિરના આઠ બળદો હતા એટલે ચાર સાંતી જોડવાના હતા. સ્વામીશ્રીએ સાથે આવેલા વડાના પોપટને કહ્યું : "એક સાંતી તું હાંક."

ત્યારે તેણે કહ્યું : "સ્વામી ! મને સાંતી હાંકતાં નથી આવડતું."

તેથી સ્વામીશ્રીએ તેને કહ્યું : "તું કણબીનો છોકરો છે અને તને સાંતી હાંકતાં નથી આવડતું ?"

એટલે તેણે ફરી કહ્યું : "હા, સ્વામી ! નથી આવડતું."

તે સાંભળી સ્વામીશ્રી જીવની અવળાઈ ઉપર હસ્યા. પછી કહ્યું : "તારા હાથમાં રાશ હશે ને તારો દેહ પડશે."[૪૭] પછી સ્વામીશ્રીએ મુકુંદચરણદાસ જે તે વખતે પાર્ષદ પંક્તિમાં હતા તેમને કહ્યું : "તમે વાવો."

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! મેં કોઈ દિવસ વાવેલ નથી. પણ આજ્ઞા કરો છો એટલે વાવું."

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : "આપણે ક્યાં જાર લણવી છે. આપણે તો ગાયોની ચાર્ય માટે કડબ કરવાની છે. માટે વાવો."

પછી સ્વામીશ્રીની આજ્ઞાથી તેમણે સાંજ સુધી વાવ્યું. સાંજે હાથપગ ધોઈને મંદિરમાં આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને જોઈને કહ્યું : "આ તો મોટા સત્પુરુષ થશે ને મંદિરના કોઠારી થશે."[૪૮]

સ્વામીશ્રી બપોરે વાડીમાં જતા અને રામચરણદાસ અને વામનપ્રસાદ મંદિરેથી ભાત લઈને આવતા. સ્વામીશ્રી જાતે મુકુંદચરણને ભાત પીરસતા. એક દિવસ સ્વામીશ્રી આ પ્રમાણે તેને પીરસતા હતા ત્યારે જેમ સૂર્યની ચારે કોર તેજનાં કિરણો દેખાય, તેમ સ્વામીશ્રીની ચારે બાજુ તેજ તેજ તેને દેખાવા લાગ્યું. તેથી તે, તે તેજમાં અંજાઈ ગયા.

---

૪૭. થોડા દિવસ પછી તે સત્સંગમાંથી નીકળી ગયો. ઘેર ગયો ને સંસારમાં તેને સાંતી જ હાંકવું પડ્યું. છેવટે હાથમાં બળદની રાશ હતી અને તેનો દેહ પડ્યો.

૪૮. સ્વામીશ્રીના આશીર્વાદથી ત્યાર પછી તે ત્યાગી થયા અને ઘણાં વરસ સુધી કોઠાર કર્યો ને મોટા કોઠારી થયા.

ભીમ એકાદશીનો સમૈયો

ભીમ એકાદશીનો સમૈયો ભરપટે ભરાયો. માણસ ક્યાંઈ સમાય નહીં. સ્વામીશ્રીને પણ જેમ વિશેષ ભક્તો સમૈયામાં આવે, તેમ આનંદ વધુ આવે. કોઠારી, ભંડારી તમામને વ્યવહાર સોંપી, સમૈયામાં આવેલા હરિભક્તોને સ્વામીશ્રી કથા-વાર્તાનો આનંદ આપવા લાગ્યા.

સમૈયાને દિવસે સવારમાં સ્વામીશ્રીએ સભામાં વાત કરતાં કહ્યું : ''જ્યારે લડાઈ થાય, ત્યારે શર્મનો ઢોલ[૪૯] વાગે છે તેમાંથી શબ્દ નીકળે કે 'મોવડી મરે' 'મોવડી મરે.' તે વખતે જે રાજા હોય તે સૌથી આગળ ચાલે. તેની પાછળ સેના ચાલે. પણ રાજા વિના સેના ચાલે નહીં. તેમ હર કોઈ કામમાં ગુરુ હોય તેણે આગળ થવું જોઈએ. તે પછી જ શિષ્યો આગળ ચાલે.'' એમ વાતો કરતા હતા એવામાં કોઈ ગરાસિયા હરિભક્તનો સોનાનો ફેરવો[૫૦] ખોવાઈ ગયો હતો તે માળિયાના એક લુહાણા હરિભક્તને હાથ આવ્યો, તેથી તે ફેરવો લઈને સભામાં આવ્યો અને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ કોઈનો ફેરવો મને હાથ આવ્યો છે.''

તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''એ ફેરવો ઘડાવનાર બીજો છે અને પહેરનાર બીજો છે.''

એટલામાં તે ગરાસિયો આવ્યો અને સ્વામીશ્રીને પગે લાગીને બોલ્યો : ''સ્વામી ! આ ફેરવો તો મારો છે. હું જમવા ગયો ત્યારે કસે ચડાવ્યો હતો. ત્યાંથી પડી ગયો લાગે છે.''

એટલે સ્વામીશ્રીએ તેને પૂછ્યું : 'આ તેં ઘડાવ્યો છે ?'

ત્યારે તેણે કહ્યું : ''ના, સ્વામી ! મેં નથી ઘડાવ્યો. મારા બાપે ઘડાવ્યો છે.'' તે સાંભળી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તેથી જ તને ગરજ નથી.''

એમ કહી તે ફેરવો તેને આપી દીધો. પછી સ્વામીશ્રીએ સભામાં વાત કરતાં કહ્યું : ''કંઠી તો ઘોડિયામાંથી જ બાંધી હોય એટલે વર્તમાન તો ધરાવી દે પણ બાપે ઘડાવેલ ફેરવાની જેમ તેને સત્સંગની અને સાધુની ગરજ બાપના જેટલી ન રહે.''

---

૪૯. રક્ષણનો ઢોલ.

૫૦. એક જાતનો સોના કે રૂપાનો એકથી વધુ આંટાનો કરડો, આંગળીએ પહેરવાનો વેઢ.

ગોંડળના કુંવર પથુભા ધામમાં ગયા

આ જ અરસામાં ગોંડળના રાજા સંગ્રામસિંહજીના તિલાટ કુંવર પથુભા નાની વયમાં ધામમાં પધાર્યા. આથી ગોંડળનરેશ તથા રાણી મોંઘીબા સાહેબને અત્યંત ઉદાસીનતા થઈ ગઈ. તેથી તેમણે તેમના કારભારી હરજીવનભાઈને સ્વામીશ્રીને તેડવા માટે જૂનાગઢ મોકલ્યા. સ્વામીશ્રી પ્રત્યે તેમને ગુરુભાવ હતો. ગોંડળ રાજ્ય શ્રીજીમહારાજના સમયથી જ સત્સંગની અસર નીચે હતું. ગોંડળનરેશ શ્રી મોતીજીને શ્રીજીમહારાજ પ્રત્યે અત્યંત સદ્‌ભાવ હતો. તેમણે સંવત ૧૮૯૭માં અક્ષરવાસ કર્યો. ત્યારબાદ તેમના પછી તેમના ભાઈ ભાણાજી ગોંડળની ગાદી ઉપર આવ્યા. તેમણે પણ સ્વામીશ્રી તથા ગોપાળાનંદ સ્વામી આ બંને સદ્‌ગુરુઓને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. તેઓ પ્રથમ ગોપાળાનંદ સ્વામીના યોગમાં આવ્યા હતા. ગોપાળાનંદ સ્વામીના સમાગમથી તેમને સત્સંગનું માહાત્મ્ય સમજાયું હતું. શ્રીજીમહારાજના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા થઈ હતી. તે પછી તેમણે આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની ગોંડળમાં પધરામણી કરાવી. ત્યારથી તેઓ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમમાં આવ્યા. સ્વામીશ્રીના સમાગમથી તેમને સત્સંગ પ્રત્યે વિશેષ આત્મબુદ્ધિ થઈ. તેઓ સંવત ૧૯૦૭માં ધામમાં ગયા અને તેમના પછી તેમના જ્યેષ્ઠ પુત્ર સંગ્રામજી ગાદી ઉપર આવ્યા.

રાજા સંગ્રામજીએ સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવી સત્સંગના નિયમો ગ્રહણ કર્યા. તેમનાં પત્ની મોંઘીબા પણ સત્સંગના રંગે રંગાયેલાં હતાં, એટલું જ નહીં પણ રાજ્યના કારભારી હરજીવનભાઈ દવે અને તેમના ચારેય પુત્રો - બધા જ - દૃઢ સત્સંગી થયા હતા. સ્વામીશ્રીના અલ્પ પરિચયમાં પણ જે કોઈ આવતા તેમને સત્સંગનું રહસ્ય, શ્રીજીમહારાજનું સર્વોપરીપણું અને સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે, આ નિષ્ઠા સહેજે જ થઈ જતી.

દરબારની આજ્ઞાથી માધવજીભાઈ જૂનાગઢ આવ્યા અને સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : 'દરબારના તિલાટ કુંવર પથુભા ધામમાં ગયા એટલે દરબારને અત્યંત શોક થયો છે. તેમને શાંતિ થાય એટલા સારુ હું આપને તેડવા આવ્યો છું.'

સ્વામીશ્રી દરબારના આ દુઃખનું નિવારણ કરવા હરજીવન દવે સાથે

ગોંડળ જવા તૈયાર થયા. સાથે પોતાના સંતમંડળને પણ તૈયાર કર્યું.

ગોંડળ નરેશને જ્ઞાનોપદેશ

સ્વામીશ્રી ગોંડળ પધાર્યા અને મંદિરમાં ઉતારો કર્યો. સાંજે દરબારમાંથી સિગરામ લઈને માણસો સ્વામીને તેડવા આવ્યા. એટલે સ્વામીશ્રી દરબારગઢમાં પધાર્યા. અત્યંત શાંત છતાં ઉદ્વિગ્ન દરબારે સ્વામીશ્રીનું અતિશય સન્માનપૂર્વક સ્વાગત કર્યું. પછી સ્વામીશ્રીની ચંદન-પુષ્પાદિકે પૂજા કરી. સ્વામીશ્રીએ ત્યારબાદ પ્રસંગ અનુસાર જ્ઞાનોપદેશ કરતાં કહ્યું : "દરબાર ! આ લોકમાં મૃત્યુ એ નિશ્ચિત છે. આ લોક જ મૃત્યુલોક કહેવાય છે. તેથી જન્મની સાથે જ મૃત્યુ નિર્માણ થયું હોય છે. એટલે કોઈની પણ અચળ સ્થિતિ આ લોકમાં રહેતી નથી તો પછી શોક કરવો શા કામનો ?

"કાળ પણ ભગવાનની શક્તિ છે. એટલે ભગવાનનો પ્રેર્યો કાળ બ્રહ્માથી સ્તંબ પર્યંત સૌને પોતાના પંજામાં લઈ તેનો નાશ કરી નાખે છે. કાળને કોઈ પ્રિય નથી, કોઈ અપ્રિય નથી, કોઈ બંધુ નથી, કોઈ સ્વજન નથી. તે તો પોતાના કર્મમાં સદા સાવધાન છે અને અસાવધાન જીવને પકડીને તેનો નાશ કરી નાખે છે.

"કાળ અનેક બ્રહ્માંડોનો પ્રલય કરી નાખે છે. એટલે મોટા મોટા લોકપાલો પણ કાળથી થરથર કંપે છે. મનુષ્ય પણ અજ્ઞાનદશામાં એ કાળથી કંપે છે. પરંતુ જ્યારે મનુષ્ય પોતાનો ધર્મ સમજે છે અને એ ધર્મમાં રહીને શ્રીહરિની ભક્તિ કરે છે, ત્યારે જ તે ક્રૂર કાળના ત્રાસમાંથી મુક્ત થાય છે. માટે જ્ઞાની પુરુષોએ હંમેશાં વિચારવું કે આ જગતમાં શરીર કોઈનું સગું નથી તેમ શરીરધારી આત્મા પણ કોઈનો સગો નથી. આ શરીર તો પંચ ભૂતમાંથી ઉત્પન્ન થાય છે. માટે કોને દીકરો માનવો અને કોનો શોક કરવો ? પાણીમાં પડેલી રેતી પાણીના પ્રવાહથી ખેંચાઈને કોઈ જગ્યાએ એકઠી થાય છે અને વળી કોઈ વખત પ્રવાહના વેગથી વેરાઈ પણ જાય છે. તેમ આ લોકમાં પણ મનુષ્યો સગાં-સંબંધી તરીકે એકત્ર થાય છે અને મૃત્યુ આવતાં સૌ જુદાં પડી જાય છે. માટે પરમાત્મા શ્રીહરિ એ જ સત્ય અને સનાતન છે અને આપણા આત્માના સાચા સગા છે. તે સગપણ આપણે સદા સાચવી રાખવું." આ રીતે સ્વામીશ્રીએ દરબારને ખૂબ જ જ્ઞાનોપદેશ કરી

પુત્રવિયોગના દુઃખની નિવૃત્તિ કરી દીધી.

સ્વામીશ્રીના ઉપદેશામૃતથી દરબારને શાંતિ થઈ. વળી, સાચું જ્ઞાન પણ પ્રાપ્ત થયું અને શ્રીહરિની ભક્તિ કરવાની પ્રેરણા મળી. સ્વામીશ્રી પ્રત્યે પણ તેમને અપૂર્વ સદ્ભાવ થયો. પછી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

બીજે દિવસે સ્વામીશ્રીને ફરી દરબારગઢમાં તેડાવ્યા. સ્વામીશ્રી તથા સંતોની ષોડશોપચારે પૂજા કરી ફૂલહાર કરી સૌને ધોતિયાં ઓઢાડ્યાં અને દરબારે ઠાકોરજીને માટે ભેટ મૂકી. પછી રાજ્યરાણી મોંઘીબા સાહેબે સ્વામીશ્રીને કહેવરાવ્યું કે દરબારનો વંશ રહે અને ગોંડળની ગાદીનો વારસ આપના આશીર્વાદથી મળે એવી ઈચ્છા છે. સ્વામીશ્રીએ પ્રસન્ન થઈને દરબારને આશીર્વાદ આપતાં કહ્યું : "બાર માસમાં મહારાજ તમારો મનોરથ પૂરો કરશે." આ પ્રમાણે દરબારને શાંતિ કરાવી સ્વામીશ્રી ત્યાંથી મંદિરે પધાર્યા.

સ્વામીશ્રી અમરેલીમાં

ગોંડળથી સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા કે તરત જ અમરેલીથી હરિભક્તો સ્વામીશ્રીને તેડવા આવ્યા. અમરેલીમાં મંદિર થતું હતું અને સ્વામીશ્રી ત્યાં પધારે તો એ કામને વેગ મળે એ અનુસંધાન રાખી અમરેલીથી હરિભક્તો જૂનાગઢ આવ્યા હતા. સ્વામીશ્રીને પણ મંદિરો કરવામાં ખૂબ જ રસ હતો. સ્થાન હશે તો પ્રભુ ભજાશે. એટલે સ્વામીશ્રી તેમની સાથે અમરેલી પધાર્યા.

અમરેલીમાં મંદિરનું કામકાજ શરૂ થયું અને કડિયા વગેરે, સ્વામીશ્રી પધાર્યા છે જાણી, સેવા કરવા અમરેલી આવવા લાગ્યા. સેવા કરવા આવનારા હરિભક્તોને રસોઈ કરી દેવા માટે સ્વામીશ્રીએ દાડમાથી નથુ ભટ્ટના દીકરા ઈશ્વર ભટ્ટને તેડાવ્યા. ઈશ્વર ભટ્ટ પણ સ્વામીશ્રીને રાજી કરવા ખંતથી રસોઈ વગેરે જે કાંઈ સેવા હોય તે કરવા લાગ્યા.

એક દિવસ સ્વામીશ્રીએ ઈશ્વર ભટ્ટને કહ્યું : "ઈશ્વર ! મૂળા હોય તો ઠાકોરજીને ધરીએ." સ્વામીશ્રીને મૂળાની રુચિ હતી તે જાણી ઈશ્વર ભટ્ટ રાત્રે સૌને વાળુ કરાવીને ત્યાંથી ચાલ્યા અને દાડમે પહોંચ્યા. અહીં રાણા ડુમરની વાડીએ જઈ તેને જગાડીને મૂળા લીધા. તે લઈને ત્યાંથી તરત જ નીકળ્યા અને સવારે અમરેલી પહોંચી ગયા. સ્વામીશ્રી સવારે સ્નાનપૂજા કરી

કારખાને કામ જોવા જતા હતા ત્યાં મૂળાની થપી સ્વામીશ્રીએ જોઈ. તેથી તેમણે ઈશ્વર ભટ્ટને પૂછ્યું : ''ઈશ્વર ! આ મૂળા આ ટાણામાં ક્યાંથી ?''

એટલે ઈશ્વર ભટ્ટે કહ્યું : ''સ્વામી ! આપની કૃપાથી હું દાડમેથી લઈ આવ્યો.''

ત્યારે સ્વામીશ્રી રાજી થઈને બોલ્યા : ''દાડમા તો અહીંથી પાંચ ગાઉ થાય છે ને સૂવાટાણા સુધી તો તું અહીં હતો. આ તો તેં ભારે દાખડો કર્યો !''

પછી ઠાકોરજીને મૂળા ધરાવીને સ્વામીશ્રી જમ્યા અને સહુને જમાડ્યા. અમરેલીમાં ત્રણ-ચાર દિવસ રહીને સ્વામીશ્રી પાછા જૂનાગઢ પધાર્યા.

✧ ✧ ✧

સ્વામિનારાયણે પૃથ્વી ઉપર પાંચ પગ રોપ્યા છે

આ.સં. ૧૯૨૦નો જન્માષ્ટમીનો સમૈયો અહીં કરી સ્વામીશ્રી સંતો હરિભક્તો સાથે નગરદેશમાં પધાર્યા. તે સમયમાં જામનગર એ છોટી કાશી કહેવાતી અને ત્યાંના વિદ્વાનોને સ્વામિનારાયણ પ્રત્યે ખૂબ જ દ્વેષ હતો. તેથી સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા છે અને તેમની સાથે વિદ્વાન બ્રહ્મચારી અચિંત્યાનંદજી પણ આવ્યા છે એમ જાણી બ્રહ્મચારીજી સાથે શાસ્ત્રાર્થ કરવા કેશવજી શાસ્ત્રી પોતાના વિદ્યાર્થીઓને લઈને સવારમાં મંદિરમાં આવ્યા. પરંતુ અચિંત્યાનંદ બ્રહ્મચારી તો વાણિયાની વણથળી ગયા હતા. એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમારે જે પૂછવું હોય તે મને પૂછો.''

પરંતુ તેમને તો વિદ્વત્તાનો ઘમંડ હતો. સ્વામી વળી શાસ્ત્રમાં શું સમજે ? એમ ધારી તેમણે કાંઈ પણ પૂછ્યું નહિ. એટલે સ્વામીશ્રીએ જ તેમને સંબોધીને કહ્યું : ''આ જગતમાં ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે તથા સત્શાસ્ત્રના અર્થને ફેરવીને અવળા અર્થના કરનારા છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દશ હજાર વરસ સુધી ને દ્વાપરયુગમાં હજાર વરસ સુધી ને કળિયુગમાં સો વરસ સુધી તેને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે પણ બાળો સાદ કાઢીને રોશે નહિ. એમ ને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે, પણ સુખ તો નહિ જ થાય. માટે ભગવાન સદા સાકાર છે એમ સમજો.''

એમ કહીને સ્વામીશ્રી બોલ્યા : "સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર આવીને પાંચ પગ રોપ્યા છે. તે કિયા ? તો નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન. એ પાંચ પગને ખોટા કરીને બીજી રીતે જો જીવનું કલ્યાણ થતું હોય તો તમે શાસ્ત્રી છો, વિદ્વાન છો તે કહી દેખાડો. પરંતુ તેને ફેરવવાને કોઈ સમર્થ છે જ નહિ. જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો તે કોઈથી ઊપડ્યો નહિ. તેમજ અમે પણ આ પૃથ્વી ઉપર આવીને અક્ષરબ્રહ્મ તથા પુરુષોત્તમના સ્વરૂપની નિષ્ઠા પ્રવર્તાવવા પગ રોપ્યો છે તે કોઈ ખોટો કરી શકે તેમ નથી."[૫૧]

આ પ્રમાણે સ્વામીશ્રીએ ભગવાનના સાકાર સ્વરૂપની વાત કરી તે સાંભળીને શાસ્ત્રીનું અંતર ભેદાઈ ગયું. સ્વામીશ્રીની સચોટ વાતોથી અને જીવના કલ્યાણ માટે શાસ્ત્રાર્થની અટપટી માથાકૂટ મેલી ભગવાનને શરણે થઈ પાંચ વર્તમાન પાળવાની આવશ્યકતા તેમને સમજાણી. સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થઈ શાસ્ત્રી ઘેર ગયા.

પાંચસો પરમહંસો અને શ્રીજીએ મારું ગળું ઝાલ્યું છે

તે વખતે કાળો ધમોતર મિસ્ત્રી તે સભામાં બેઠો હતો. તેને મુંબઈમાં મોટી દુકાન હતી અને વ્યવહારે સુખી હતો. તેને સ્વામીશ્રીની વાતોથી બહુ ગુણ આવ્યો અને તરત જ વર્તમાન ધરાવી સત્સંગી થયો. પછી તેણે કહ્યું : "કાલે મારી દૂધપાક અને માલપુઆની રસોઈ કરો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "દૂધપાકની રસોઈ અમારે કરવી નથી. માટે કાચી રસોઈ કરાવો."

પરંતુ તે જરા પૈસાનો ઘમંડી હતો. એટલે સાધારણ રસોઈ થાય તેથી તેને તેનું માન ખંડન થતું લાગ્યું. રામચરણદાસે સ્વામીશ્રીને તેથી કહ્યું : "સ્વામી ! પાકી રસોઈ કરવા દ્યો. નહિ તો તે નવો સત્સંગી થયો છે તે પાછો કુસંગી થઈ જશે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે, પાકી રસોઈ કરી તેને સત્સંગી રાખો અને તમે કુસંગી થાઓ." એટલે રામચરણદાસ તો કંઈ બોલ્યા નહિ.

પછી દૂધપાક અને રોટલીની રસોઈ કરી. માલપુઆ ન કર્યા. સ્વામીશ્રી

૫૧. સ્વામીની વાતો : ૩/૧૬.

જ્યારે જમવા પધાર્યા ત્યારે તેમના પત્તરમાં એક ડંકો દૂધપાક રેડ્યો. તે જોઈ સ્વામીશ્રી તો ઊંડા ઊતરી ગયા અને પત્તરમાં નાખેલ દૂધપાકમાં રોટલીનો કકડો બોળીને ઝાલી રહ્યા. પરંતુ જમ્યા નહિ. એટલે રામચરણદાસે કહ્યું : "સ્વામી ! જમો. સૌ જમી રહેવા આવ્યા અને આપ બેસી રહ્યા છો તે કેમ પૂરું થશે ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તારે પૂરું કરવું છે ને આ પાંચસો પરમહંસોએ અને શ્રીજીમહારાજે મારું ગળું ઝાલ્યું છે ને કહે છે એ ઝેર છે તે ખાઈશ નહિ, ખાઈશ નહિ. તે હવે કાંઈ તારા વચને ખવાવાનું છે ?"

એમ કહી પોતાની પડખે ગઢડાવાળા રૂગનાથચરણદાસજી જમતા હતા તેમના પત્તરમાં પોતાનું પત્તર ઠાલવી દીધું. પછી પત્તર ધોઈ રોટલી ને તુરિયાનું શાક સહેજ જમ્યા. પરંતુ અન્ન ઉપર અરુચિ થઈ ગઈ.

જાગા ભક્તે કહ્યું : "સ્વામી ! આપ તો ગુણાતીત દિવ્યમૂર્તિ છો જેથી આપ જેની સામે દૃષ્ટિ કરો તેના કામાદિક દોષ અને પંચવિષય નાશ પામી જાય ને આપના સંબંધે બ્રહ્મરૂપ થઈ જાય. છતાં આપ સેવા અંગીકાર ન કરો તો જીવનું રૂડું કેમ થાય ? માટે આપે તો દયા કરીને જીવની સેવા અંગીકાર કરવી જોઈએ."

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : "અમે બાબરિયાવાડમાં ફરતા હતા ત્યારે મહારાજે બાવાને વેષે દર્શન દઈ કહ્યું હતું. ત્યારથી અમે જાણી લીધું છે કે ત્યાગી સાધુઓને દૂધ ખાવા દેવાનો મહારાજનો વિચાર નથી. તેથી તે દિવસથી જ દૂધ જમવું મૂકી દીધું છે. તે આજ હવે તમારા વચને જમાશે ?" આ પ્રમાણે પોતાની રુચિ જણાવી.

તે દિવસે સાંજે સભામાં સ્વામીશ્રીનાં દર્શને એક કડિયો આવ્યો. સ્વામીશ્રીને પગે લાગીને તે સામે બેઠો. એટલે સ્વામીશ્રીએ તેના સામું જોઈ હસીને પૂછ્યું : "તારે પગે હવે કેમ છે ?"

એટલે તેણે પગ લાંબો કરીને સ્વામીશ્રીને બતાવીને કહ્યું : "સ્વામી ! માબાપ ! કાલે રાત્રે આપે સ્વપ્નામાં દર્શન દઈ મારો પગ સારો કરી દીધો. નહિ તો હું તો મરવા પડ્યો હતો."

તે સાંભળી સભામાં બેઠેલા હરિભક્તોએ તેને પૂછ્યું : "તને શું થયું હતું ?"

તેણે કહ્યું : "હું કડિયા કામ કરતાં કરતાં પાલખ ઉપરથી નીચે પડી ગયો હતો અને આ પગનું હાડકું ભાંગી ગયું હતું. તે ચડાવવા મને એક મલ્લ પાસે લઈ ગયા. તેણે હાડકું ચડાવ્યું પણ બરોબર ચડ્યું નહિ. તેથી થોડા દિવસ પછી એક મુસલમાન પાસે મને લઈ ગયા. તેનાથી પણ હાડકું બરાબર ચડ્યું નહિ. પછી તેણે મને કહ્યું : 'તમે લસણ અને ડુંગળી ખાવ તો તમને સારું થઈ જશે.' તેથી મેં તેને કહ્યું : 'ભલે મારો દેહ પડી જાય પણ અમે સત્સંગી છીએ તે લસણ-ડુંગળી તો અમારાથી ન જ ખવાય.' એમ કહીને હું તો ઘેર આવતો રહ્યો. ગઈકાલે રાત્રે મને સ્વપ્ન આવ્યું. તેમાં જાણે હું જૂનાગઢ ગયો છું અને મંદિરના ઉત્તરાદા દરવાજે થઈને ચોકમાં ગયો. ત્યાં લીંબડાના વૃક્ષ નીચે સ્વામીશ્રીને ઊભેલા જોઈ હું તેમને દંડવત્ કરવા લાગ્યો. ત્યારે સ્વામીશ્રીએ મને હાથ ઝાલીને બેઠો કર્યો અને પૂછ્યું : 'અરે કરસન ! તું અહીં ક્યાંથી ?' એટલે મેં કહ્યું : 'મહારાજ ! હું આપનાં દર્શને આવ્યો છું.' એમ વાત થઈ એટલામાં તો હું જાગી ગયો અને ખાટલામાં બેઠો થયો. ત્યારે મારા ભાઈઓએ જાણ્યું કે મને ચમક લાગી હશે તેથી બેઠો થયો છું. એટલે તેમને મને પૂછ્યું : 'કરસન ! તને શું થયું ?' ત્યારે મેં કહ્યું : 'મને કાંઈ થયું નથી. હું તો જૂનાગઢ સ્વામીશ્રીનાં દર્શને ગયો હતો. ત્યાં મેં સ્વામીશ્રીને દંડવત્ કર્યા. ત્યારે સ્વામીશ્રીએ મને પૂછ્યું 'તું અહીં ક્યાંથી ?' તેનો મેં જવાબ આપ્યો અને હું જાગી ગયો. પણ હવે મને પગની પીડા જરાય નથી. જુઓ મારો પગ જેવો હતો તેવો થઈ ગયો છે ને !' એમ કહીને હું ઊભો થયો અને ચાલવા લાગ્યો. નાહીધોઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યો છું."

તેની આ વાત સાંભળી સૌને બહુ જ આશ્ચર્ય થયું. સ્વામીશ્રી પણ હસવા લાગ્યા. સ્વામીશ્રી કડિયા ભક્તોના આગ્રહને વશ થઈ તેમના ઘેર પધરામણીએ પધાર્યા. આ ભક્તોનો અપાર પ્રેમ જોઈ સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા કે વ્યવહારે સુખી થશો. સ્વામીશ્રીના આશીર્વાદથી કડિયા ભક્તો તમામને મેડીબંધ ઘર થઈ ગયાં અને સર્વ પ્રકારે સુખી થયા. બધા કડિયા હરિભક્તોને ત્યાં પધરામણીએ પધારી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. તે વખતે વાંકાનેરથી હરિભક્ત કરમસી રેવા આવ્યા. જામનગરમાં પણ તેમનાં ઘર હતાં. સ્વામીશ્રી બધાને ઘેર પધરામણીએ પધાર્યા છે તે જાણી તેણે પણ

સ્વામીશ્રીને કહ્યું : ''દયાળુ ! મારે ઘેર પણ પધરામણીએ પધારો.''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તારે ઘેર અમે નહિ આવીએ, કારણ કે તેં નિષ્કામી વર્તમાન લોપ્યું છે.'' આ પ્રમાણે કહી તેને ઠપકો આપ્યો. પરંતુ તેને ઘેર તો સ્વામીશ્રી ન જ ગયા.

કરમસી રેવા બીજે દિવસે પાછો મંદિરે આવ્યો અને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આજે મારી રસોઈ લ્યો.''

પરંતુ રસોઈ લેવાની પણ સ્વામીશ્રીએ ના પાડી દીધી. પછી ધોતિયાં ઓઢાડવા લઈ આવ્યો. તે પણ સ્વામીશ્રીએ સ્વીકાર્યાં નહિ. આથી તે બહુ જ ઉદાસ થઈ ગયો. તેણે ન્યાતના પટેલોને વાત કરી તેથી તે બધા પટેલો સ્વામી પાસે આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! કરમસીએ ધર્મ લોપ્યો છે તે વાત સાચી પણ રાજાએ તેનો દંડ નથી કર્યો તેમજ અમે, તેની નાતવાળાએ, તેને નાતબારો કર્યો નથી. માટે આપ એવડો કોપ તેના ઉપર શું કામ કરો છો ? ભલે રસોઈ ન લીધી, પણ ધોતિયાં તો લેવાં પડશે.''

પછી સ્વામીશ્રીએ તેમને સૌને કહ્યું : ''જુઓ, રાજાને કે ન્યાતને કાંઈ તેનું કલ્યાણ કરવું નથી. અમારે તો તેનું કલ્યાણ કરવું છે તે એવડો દંડ જો ન કરીએ તો તે સુધરે ક્યારે ?''

સ્વામીશ્રીની આ વાત તેમને વાજબી લાગી. મોટાપુરુષના કાર્યનો મર્મ તો કોઈ અનુભવી પુરુષ જ સમજી શકે. પછી બધાનો આગ્રહ હતો એટલે સ્વામીશ્રીએ તેનાં ધોતિયાં સ્વીકાર્યાં.

સ્વામીશ્રી મંદિરની ઓસરીમાં વિરાજ્યા તે વખતે કેશવ કડિયો આવ્યો. તેણે સ્વામીશ્રી સામે બેસી, સ્વામીશ્રીની મૂર્તિ ચીતરી લીધી. પછી તેમાં રંગ ભરીને તે બીજે દિવસે સ્વામીશ્રી પાસે લઈ આવ્યો.

સ્વામીશ્રી તે મૂર્તિ જોઈને રાજી થયા અને તેને કહ્યું : ''કેશવ ! તેં તો અમને પરમહંસ બનાવી દીધા. જનોઈ તો આમાં કરી નથી.'' કેશવને તે ભૂલ સમજાણી. બીજે દિવસે બે ચક્ષુની મૂર્તિ ચીતરી લાવ્યો. તે જોઈ સ્વામીશ્રી તેના ઉપર બહુ જ રાજી થયા.

અહીં પણ શિખરનું મંદિર થશે

બીજે દિવસે ત્યાંના કડિયા હરિભક્તો સૌ સ્વામીશ્રી પાસે આવ્યા અને

સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! અહીં જૂનાગઢના જેવું મંદિર થાય એવો સંકલ્પ આપ કરો તો જામસાહેબ મંદિર માટે જગ્યા આપે."

સ્વામીશ્રી તેમનો ભાવ જોઈ બહુ જ રાજી થયા. પછી તેમણે સૌએ મંદિર માટે જે જગ્યા ધારી હતી તે બતાવી.

પરંતુ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "આ જગ્યા તો બહુ સારી છે. પણ હમણાં અહીં હરિમંદિર કરજ્યો અને આ જૂનું મંદિર તે બાઈઓને આપી દેજો. આગળ ઉપર આ જગ્યામાં તો મોટું ત્રણ શિખરનું મંદિર થશે અને સંતો કાયમ રહેશે." સ્વામીશ્રીના વચનમાં તેમને વિશ્વાસ હતો એટલે સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે જ તેમણે કરવાનું નક્કી કર્યું.

જામનગરમાં સ્વામીશ્રી અગિયાર દિવસ રહ્યા. જે મંદિરમાં સ્વામીશ્રી રહ્યા હતા તે હાલ બાઈઓને સોંપી દીધું છે. તે મંદિરમાં કૂવાના થાળામાં સ્વામીશ્રી ઘણી વાર નાહ્યા છે. ભંડારમાં બેસી ઘણી વાર જમ્યા છે. એવું એ મહાપ્રસાદીનું મંદિર છે.

સ્વામીશ્રી જામનગરથી નીકળ્યા અને એક ગાઉ છેટે એક વાડી આવી ત્યાં વૃક્ષની છાયા નીચે ઊતર્યા. અહીં બાલમુકુન્દદાસ સ્વામીએ સ્વામીશ્રી માટે રોટલો અને રીંગણાંનો ઓળો બનાવ્યો. ઠાકોરજીને થાળ ધરાવી સ્વામીશ્રીને તેમણે જમાડ્યા. જમ્યા પછી સ્વામીશ્રી બોલ્યા : "બાલમુકુન્દ ! આજે તો ખૂબ ધરાઈને જમ્યા છીએ જેથી ભૂખ પણ વાજોવાજ ભાગી ગઈ છે." ત્યાં જમીને સ્વામીશ્રી અને સંત હરિભક્તોનું મંડળ ત્યાંથી નીકળી ગામ અલૈયે પધાર્યા.

અલૈયામાં

અલૈયા ગામમાં સ્વામીશ્રી મંદિરમાં ઊતર્યા. અહીં ઘણા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને સૌને મહારાજે અલૈયામાં જે લીલા કરી હતી તે બધા પ્રસંગો કહ્યા. સૌ હરિભક્તો સ્વામીશ્રીના મુખે શ્રીજીમહારાજની દિવ્ય લીલાના પ્રસંગો સાંભળી અત્યંત આનંદ પામ્યા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી સંતમંડળને લઈને નદીએ ઉપરવાસ જ્યાં આરો હતો અને જ્યાં મહારાજ ઘણી વાર નાહ્યા હતા, તે પ્રસાદીના આરે નાહવા પધાર્યા. અહીં સ્વામીશ્રી બહિર્ભૂમિ જઈ આવ્યા. પછી દાતણ કરી

તેની બે ચીરો ફેંકી દીધી તે કારિયાણીના નથુ પટેલે લઈ લીધી. સ્વામીશ્રીએ મોં ધોઈ કોગળા જમીન ઉપર કર્યા તે ભીની ધૂળ જામનગરના મનજી કડિયાએ ઉત્તમ પ્રસાદીની સમજી લઈ લીધી. આ ધૂળ ઘેર લઈ જઈ તેના ચંદન જેવા પાસા તેણે બનાવ્યા. આમ, મહિમાવાળા હરિભક્તોને તો મોટાપુરુષની દરેક ક્રિયાનો અત્યંત મહિમા હોય. પરંતુ પ્રગટનો મહિમા સમજવો એ બહુ જ કઠણ છે અને મોટી ઘાંટી પણ છે.

સ્વામીશ્રી સ્નાન કરીને મંદિરે પધાર્યા. અહીં પૂજાવિધિ કરી, સભામાં વિરાજ્યા અને હરિભક્તોને વાતો કરી. એટલામાં ઝીણાભાઈ સુથાર તેડવા આવ્યા એટલે તેને ઘેર પધરામણીએ પધાર્યા. પછી મંદિર આવ્યા અને ઠાકોરજીને થાળ ધરાવી પોતે જમ્યા. ત્યારબાદ થોડો આરામ કરી સાંજના સ્વામીશ્રી અલૈયાથી નીકળી ગામ મોડા પધાર્યા.

મોડામાં

મોડામાં ત્યાંના ગરાસિયા હરિભક્ત દાદાભાઈ વગેરેએ આવી સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. રાત્રે સભામાં ઘણા હરિભક્તો આવ્યા હતા, તેમને સ્વામીશ્રીએ બહુ જ વાતો કરી આનંદ કરાવ્યો.

બીજે દિવસે સવારે નદીમાં જ્યાં પ્રસાદીની કૂંડી છે ત્યાં નાહવા પધાર્યા. સ્નાનવિધિ કર્યા બાદ મંદિરે આવી પૂજા કરી. બપોરે ઠાકોરજીનો થાળ થયો એટલે ઠાકોરજીને થાળ ધરાવી સ્વામીશ્રી જમ્યા. સાથેના સૌ સંતો હરિભક્તોને પણ જમાડ્યા બાદ બપોરની કથા કરી થોડો આરામ લીધો.

ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન કરી સ્વામીશ્રી સંત મંડળને લઈને કરમદીયે ધૂને નાહવા પધાર્યા. નાહીને મંદિરે આવ્યા એટલે દાદાભાઈ, ફૂલજીભાઈ, સોની મગનભાઈ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીને પધરામણીએ પધારવા વિનંતી કરી. તેથી સૌને ઘેર પધરામણીએ પધાર્યા. સ્વામીશ્રી માટે એક ખુરસી લીધી. તેમાં સ્વામીશ્રી વિરાજે. હરિભક્તો તે ખુરસી ઊંચકીને સ્વામીશ્રીને ઘેર ઘેર પધરામણીએ લઈ જાય. સ્વામીશ્રી પધરામણીમાં આ ખુરસી ઉપર જ બેઠા રહે. હરિભક્તો ચંદનની અર્ચા કરી, પુષ્પના હાર ધરાવી, પૂજા કરી ધોતિયાં ઓઢાડે. આ પ્રમાણે ત્યાંના હરિભક્તોએ આવો અપૂર્વ લાભ લીધો. આ પ્રસાદીની ખુરસી હાલ મોડાના મંદિરમાં છે.

વણથળીમાં

સ્વામીશ્રી મોડામાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી નીકળી ગામ વણથળી પધાર્યા. અહીં પશ્ચિમ બારનું મંદિર છે તેમાં સ્વામીશ્રી ઊતર્યા. અહીંના હરિભક્તો દેવશીભાઈ, આણંદજી, પાંચાભાઈ, જેઠાભાઈ, હરજી, વશરામ વગેરે સૌએ મળી સ્વામીશ્રીને રોકવા માટે ખૂબ આગ્રહ કર્યો. તેથી સ્વામીશ્રી વણથળીમાં રોકાયા.

બીજે દિવસે સવારે ખારી વાડીએ જઈને સૌએ સ્નાન કર્યું. મંદિરમાં આવી પૂજા કરી. પછી સ્વામીશ્રી સૌને વાતો કરવા લાગ્યા. હરિભક્ત જેઠા કુંભારને સ્વામીશ્રીને રસોઈ દેવાનો સંકલ્પ હતો. પરંતુ વ્યાવહારિક દુર્બળતાને લીધે તેનું મન પાછું પડતું હતું. તેણે બાલમુકુન્દદાસ સ્વામી પાસે જઈને વાત કરી. ત્યારે તેમણે કહ્યું : "તમે બાજરાનો લોટ લઈ આવો. તેનો રોટલો કરી કાલે સવારે સ્વામીશ્રીને જમાડીશ. સ્વામી જમશે એટલે તમારી રસોઈ દેવાઈ ગઈ એમ ગણાશે." તે પ્રમાણે તે હરિભક્ત બાજરાનો લોટ લઈ આવ્યો.

ઝાઝા સંકલ્પો કરવા નહિ

સ્વામીશ્રી સભામાં વાતો કરતા હતા તે વખતે ત્યાં જેઠાભાઈ આવીને બેઠા. તેમના મનમાં એવા સંકલ્પ થતા હતા કે 'આ ગામમાં હું વ્યવહારે દૂબળો રહું છું તેથી સ્વામીશ્રી જો આજ્ઞા કરે તો બીજે ગામ રહેવા જાઉં.' પરંતુ સ્વામીશ્રી પાસે તે બોલી શક્યો નહિ. તેનો આ સંકલ્પ અંતર્યામીપણે જાણીને સ્વામીશ્રીએ તેને કહ્યું : "ભગત ! આ લોકમાં કેટલા દિવસ રહેવું છે ? માટે ઝાઝા સંકલ્પો કરવા નહિ. તરબૂચના વેલા વાંભ[૫૨] એક લાંબા હોય પણ તેમાં ફળ મોટાં મીઠાં આવે. જ્યારે કુકડ વેલના વેલા ઘણા લાંબા થાય છે પણ તેમાં ફળ નાનાં આવે અને જમવાના કામમાં ન આવે. તેમ ભગવાન અને સંત ધારે તો થોડામાં આપી દ્યે. માટે ઝાઝા સંકલ્પો કરવા નહિ. તેમાં કાંઈ માલ નથી."

સ્વામીશ્રીએ તેને આ પ્રમાણે કહ્યું તેથી તેને શાંતિ થઈ ગઈ !

---

૫૨. બે હાથ સીધા એક લીટીમાં રાખવાથી થતું માપ કે અંતર. લંબાઈનું એક દેશી માપ.

સ્વામીશ્રીની દૃષ્ટિથી તે વ્યવહારે સુખી થઈ ગયો અને જીવતા સુધી મુક્તિ અને ભક્તિનો આનંદ માણ્યો.

વણથળીમાં કૃષ્ણ-સુદામાનું મિલન

સ્વામીશ્રી વણથળી વિરાજે છે તે સમાચાર મળતાં ભાદરાવાળા ડોસાભાઈ સ્વામીશ્રીનાં દર્શને વણથળી આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : "અહો, ડોસાભાઈ ! તમે ઘરડા થઈ ગયા દેખાવ છો. વળી, લૂગડાં પણ બધાં ફાટી ગયાં છે. આ બધું શું થઈ ગયું ?"

એમ કહી સભામાં બેઠેલા નથુભાઈને સ્વામીશ્રીએ કહ્યું : "આ ડોસાભાઈ તો અમારા બાળમિત્ર છે. જેમ શ્રીકૃષ્ણને મળવા સુદામા ગયા હતા, તેમ અમને મળવા તેઓ આવ્યા છે. તમે મને કહેતા હતા ને કે કાંઈ સેવા હોય તો ચીંધજો. તો જુઓ, આ સેવા તમને બતાવીએ."

એમ કહીને સ્વામીશ્રીએ નથુભાઈને કહ્યું : "આ અમારા બાળમિત્રને લૂગડાં કરાવી આપો."

પછી નથુભાઈએ તે જ વખતે પાણકોરાનું કાપડ મંગાવ્યું અને દરજીને બોલાવી ડોસાભાઈને લૂગડાં સીવડાવી દીધાં.

સ્વામીશ્રી વણથળીમાં જેટલા દિવસ રહ્યા એટલા દિવસ ડોસાભાઈને સાથે રાખીને તેમનું કાંડું પકડીને ઘેર ઘેર પધરામણીએ પધાર્યા. પછી સ્વામીશ્રીએ સભામાં સૌને કહ્યું : "અહીં તો સત્સંગ બહુ જ વધી જશે અને મંદિરમાં માણસ સમાશે નહિ."

તે દિવસે સાંજે સ્વામીશ્રી મંદિરની ઓશરીમાં વિરાજ્યા હતા અને આગળ હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. સામે દેવશીનો દીકરો વશરામ બેઠો હતો. તે વખતે સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : "કોઈ ઓરડામાં ખાટલા ઉપર તળાઈ પાથરેલી જોઈને તે ઉપર સૂવે પછી તે ખાટલાને એક એક પાયે એક એક માતેલ ખૂંટિયો બાંધે ત્યારે તે સૂનારને કેવું સુખ આવે ? તેમ કામ, ક્રોધ, લોભ અને માન આ ચાર ખૂંટિયા છે તેમ જાણો. તેને પોતાના દેહમાં પાળીને કોઈ સુખી થાનારો છે ?" આ પ્રમાણે વાત કરીને સ્વામીશ્રીએ વશરામ તરફ જોઈને કહ્યું : "આ છોકરો સંસ્કારી થશે." આમ, દયા કરીને સ્વામીશ્રીએ તે છોકરા ઉપર દૃષ્ટિ કરી.

વણથળીથી નીકળી સ્વામીશ્રી ખોખરી પધાર્યા. અહીંના દરબાર કસળસિંહના પિતાએ સ્વામીશ્રીનું સન્માન કર્યું. પછી રસોઈ આપી ઘેર પધરામણી કરાવી. કુંવર કસળસિંહને વર્તમાન ધરાવ્યાં. પછી સ્વામીશ્રીના બે હાથ કુંવર ઉપર મુકાવ્યા. દરબારનો ભાવ હતો એટલે સ્વામીશ્રી ત્યાં એક દિવસ રોકાયા.

ખોખરીથી બીજે દિવસે નીકળી સ્વામીશ્રી ડાંગરા પધાર્યા. અહીંના હરિભક્તોએ અહીં હરિમંદિર કર્યું હતું. તેમાં સ્વામીશ્રીએ મૂર્તિ પધરાવી. દરબારોએ પણ આ પ્રસંગે ખૂબ ધામધૂમ કરી. ડાંગરાથી સ્વામીશ્રી હડમતિયા, રાજકોટ, ગોંડળ થઈને જૂનાગઢ પધાર્યા.

જૂનાગઢમાં જળઝીલણી

અહીં જળઝીલણીના સમૈયા ઉપર હરિભક્તો આવવા લાગ્યા. સૌની સરભરા કરવા સૌ સાધુઓને જુદી જુદી સેવા સ્વામીશ્રી બતાવવા લાગ્યા. સમૈયાને દિવસે હજારો હરિભક્તો આવ્યા. ઠાકોરજીને જળ ઝિલાવી સૌ મંદિરે આવ્યા. સ્વામીશ્રી સભામાં વિરાજ્યા અને સંતો-હરિભક્તોને વાતો કરવા લાગ્યા.

બારસને દિવસે સૌ જમ્યા પછી સ્વામીશ્રીની રજા લઈને પોતપોતાને ગામ જવા લાગ્યા. તે વખતે ઉપલેટાના આહીર ભક્ત લખમણ તથા નારણ બંને ભાઈઓ સ્વામીશ્રીની રજા લેવા આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ‘‘તમે બે ભાઈઓ છો તેમાંથી એક જણ અમારી પાસે વાતો સાંભળવા વારાફરતી રહો. જુઓ, આ અરજણભાઈને દીકરો નથી તો પણ બે સાથી રાખીને ઘરનું કામ કરાવે છે ને પોતે અમારો સમાગમ કરે છે. તેમના ઘરનાં માણસોને ભગવાન રોટલા આપે છે. વળી, આ હળધરજીભાઈને બે દીકરા છે. તે દીકરા ઘેર કામ કરે છે અને પોતે અમારો સમાગમ કરે છે. આ કારિયાણીના નથુ પટેલને પણ દીકરો નથી. તે સાથી રાખીને ઘરનું કામ કરાવે છે અને પોતે અહીં રહી અમારો સમાગમ કરે છે. માટે તમે પણ તેમની પેઠે વારાફરતી એક જણ ઘરનું કામ કરો ને એક જણ અહીં રહો. જો તમારે કાંઈ રળવામાં ખોટ આવશે, તો વરસ દહાડે રૂપિયા ૫૦ અમે તમને આપીશું. માટે અહીં રહીને ભજન કરો, વાતુ સાંભળો અને માળા ફેરવો !’’

આ સાંભળી તે બંને ભાઈઓએ કહ્યું : "ઠીક સ્વામી ! અમે રહેશું."

પણ અંતરમાં તેમને રહેવાની ઇચ્છા નહિ. આમ, જીવ આ પ્રમાણે અજ્ઞાને કરીને ઘરમાં બંધાયેલો રહે છે. છેવટે તો ઘર મૂકીને જાવું પડશે એ નિશ્ચિત છે છતાં મોટાપુરુષના સમાગમ સારુ તે ઘર મૂકી શકતો નથી.

મુમુક્ષુ હરિભક્તોને પોતાની પાસે રાખી, તેમને કથાવાર્તા કરી, તેમનું કલ્યાણ કરવાની સ્વામીશ્રીને અંતરમાં ઇચ્છા સહેજે રહેતી. તેથી ઘણી વાર સ્વામીશ્રી સભામાં હરિભક્તોને કહેતા : "અમારે અહીં બાજરો ઘણો છે ને સડી જાય છે. માટે અહીં રહો. રોટલા ખાવ અને ભજન કરો. આવા સાધુનો સમાગમ કરી લ્યો. પછી નહિ મળે અને પાછળથી પસ્તાવું પડશે."

સ્વામીશ્રીની વાત કેટલાક માનતા અને કેટલાક ન માનતા. પછી સ્વામીશ્રીએ ઉપલેટાના તે બંને ભાઈઓને કહ્યું : "તમારે જાવાનો બહુ વેગ હોય તો જજો. પણ શેરડીનો વાઢ કરજો અને સાધુ આવે ત્યારે શેરડી જમાડજો." એટલે તેઓ રાજી થયા અને સ્વામીશ્રીની રજા લઈ ઘેર ગયા.

કલ્યાણ માગવું

એ વખતે સભામાં નાના ગોખરવાળાના વેલો પટેલ બેઠા હતા. તેને સ્વામીશ્રી પાસે કાંઈ માગવાની ઇચ્છા હતી. તેથી એક હરિભક્તે કહ્યું : "સ્વામી ! આ પટેલને આપની પાસે કાંઈક માગવું છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તેને જે માગવું છે તે જાણ્યું. તેને ઝાઝા રૂપિયા જોઈએ છે પણ રૂપિયામાં કાંઈ માલ નથી. તેમાં તો દુઃખ રહ્યું છે. માટે તે ન માગવું અને કલ્યાણ માગવું."

આમ કહીને સ્વામીશ્રીએ તે પટેલનો સંકલ્પ તોડી નાખ્યો. આવો દુર્લભ મનુષ્ય દેહ મળ્યો અને આવા દુર્લભ સત્પુરુષ મળ્યા ત્યારે જીવનું કલ્યાણ થાય એવી ઇચ્છા અંતરમાં રાખવી.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી મંગળાનાં દર્શન કરી સભામાં પધાર્યા અને વાતો કરવા બેઠા. તે વખતે જામનગરનો એક કડિયો સભામાં બેઠો હતો. તે આઠ દિવસથી અહીં આવ્યો હતો અને તેણે સંકલ્પ કર્યો હતો કે 'સ્વામી મારું કાંડું ઝાલીને મંદિર ઉપર આઠ પ્રદક્ષિણા ફરે ને આઠ શ્લોક બોલે તો સ્વામીને સૌ અક્ષર કહે છે તે મનાય.' પરંતુ હજુ સુધી તેનો સંકલ્પ

સિદ્ધ થયો ન હતો. આજે તેને જામનગર જવું હતું. તેથી તેને મનમાં એમ થયું કે 'સ્વામીના શિષ્યો સૌ સ્વામીનો મહિમા વધારે છે પણ આપણને કંઈ એવો અનુભવ થયો નહિ.'

તે વખતે સ્વામીશ્રી વાતો કરતા હતા. એટલામાં શણગાર આરતીનો ડંકો થયો અને સ્વામીશ્રી ઊઠ્યા. પોતાના આસન આગળ રહીને તે કડિયો નીકળ્યો એટલે સ્વામીશ્રીએ તરત તેનું કાંડું પકડ્યું અને મંદિરમાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરી રહ્યા પછી સ્વામીશ્રી તેનું કાંડું ઝાલીને આઠ પ્રદક્ષિણા ફર્યા અને ફરતાં ફરતાં "જલધર-સુંદર મદન-મનોહર હૃદય-તમોહર કૃષ્ણ હરે" એ આખું અષ્ટક બોલ્યા.

આઠ પ્રદક્ષિણા પૂરી થઈ એટલે સ્વામીશ્રીએ તેનું કાંડું છોડી દીધું અને તેને કહ્યું : "તારા સંકલ્પ પ્રમાણે તારું કાંડું ઝાલીને અમે આઠ પ્રદક્ષિણા ફરીએ અને આઠ શ્લોક બોલીએ તો જ તને સાચું મનાય ? નહિ તો ન મનાયને ?"

ત્યારે તે ભક્તને અંતરમાં થયું કે ખરેખર સ્વામીશ્રી તો અક્ષરબ્રહ્મ છે જ, પણ મને મારા સ્વભાવને લઈને પ્રતીતિ આવી નહિ. તેના અંતરમાં ખૂબ શાંતિ થઈ અને સ્વામીશ્રીનો વિશેષ મહિમા સમજી તે ઘેર ગયો.

વચનવિધિ પ્રમાણે વર્તન રાખજો

સ્વામીશ્રી સભામાં પધાર્યા. સભામાં હરિભક્તો આવી ગયા અને સ્વામીશ્રી તેમને વાતો કરવા લાગ્યા. ત્યારે એક સાધુ હંમેશના નિયમ પ્રમાણે 'પુરુષોત્તમ પ્રકાશ'માંથી 'સહજાનંદ સહજાનંદ ગાય રે, તે તો અક્ષરધામમાં જાય રે !' એ પ્રકાર ગાતા હતા. સ્વામીશ્રી હંમેશાં તે સાંભળતા, પણ આજે તો તે સાંભળીને બોલ્યા : "એ કેના સાધુ છે ? સાથે 'વચનવિધિ' પ્રમાણે વર્તન રાખજો, નહિ તો ધામમાં નહિ જવાય ને બીજે જ્યાં ત્યાં રહેવું પડશે. માહાત્મ્યની ઓથ લઈને આજ્ઞા લોપવી એ જેવું બીજું કયું પાપ છે ? માટે બધુંએ રાખવું." તે સાધુને સ્વામીશ્રીએ આમ ચેતવી દીધા.

રાજભોગ આરતી સુધી સ્વામીશ્રી સભામાં વિરાજ્યા. તે વખતે ત્યાં સભામાં બેઠેલા આંકડિયાના વિપ્ર રૂગનાથ ત્રવાડી સંકલ્પ કરવા લાગ્યા કે 'સ્વામીશ્રી મારું કાંડું ઝાલે તો ઠીક.'

તેનો એ સંકલ્પ જાણીને રાજભોગની આરતીનાં દર્શન કરવા સારુ સ્વામીશ્રી ઊઠ્યા અને માધવચરણદાસજીનું કાંડું ઝાલીને મંદિરે દર્શન કરવા ચાલ્યા. પછી મંદિરનાં પગથિયાં સુધી આવ્યા ત્યારે માધવચરણદાસનો હાથ છોડીને સ્વામીશ્રીએ રૂગનાથ ત્રવાડીનું કાંડું પકડ્યું અને ઉપર દર્શન કરવા પધાર્યા. દર્શન કરી, પ્રદક્ષિણા ફરીને ધર્મશાળામાં સિંહાસન પાસે આવ્યા ત્યારે તેનું કાંડું મૂકીને સ્વામીશ્રીએ તેને કહ્યું : "કેમ રૂગનાથ ! હવે શાંતિ થઈને ?"

ત્યારે તેણે કહ્યું : "હા, મહારાજ ! હવે ઠીક થયું."

કલ્પતરુ સમ સ્વામીશ્રી તો સૌના સંકલ્પો સિદ્ધ કરતા છતાં જીવ તો અજ્ઞાન દશામાં જ અટવાયા કરતા.

નાગરોને સત્સંગ

સ્વામીશ્રીના અપ્રતિમ પ્રભાવથી અને અંતર ભેદી નાખે એવી ગુણાતીત વાતોથી, તેમજ નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને સાધુઓના અસિધારા સમાન તમામ નિયમો અભંગ પાળવાની તીવ્ર વૃત્તિથી, જૂનાગઢના નાગરોમાં ચકુભાઈ, શિવપ્રસાદ અને સદાશંકર એ ત્રણે ભાઈઓ સત્સંગી થઈ ગયા. તેમના પિતા અમરજીભાઈ સત્સંગના પાકા દ્વેષી હતા. આ ત્રણે ભાઈઓ રોજ સ્વામીશ્રીનાં દર્શને આવતા અને કથાવાર્તાનો લાભ લેતા. ચૌદશને દિવસે સવારે સ્વામીશ્રીએ બધાને કહ્યું હતું કે "આપણે સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ કરવા જવું છે. માટે સૌ તૈયાર રહેજો !"

તે સાંભળી આ ત્રણે ભાઈઓને મનમાં વિચાર થયો કે આપણાથી ત્યાં નહિ જઈ શકાય. એટલામાં શિવપ્રસાદને સમાધિ થઈ. સમાધિમાં તેઓ અક્ષરધામમાં ગયા અને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીમહારાજને જોયા. તેમજ મહારાજની સેવામાં રહેલા સ્વામીશ્રીને પણ જોયા. મહારાજની આજુબાજુ તેમણે અનંત દિવ્ય મુક્તોને બેઠેલા જોયા. તે સર્વ મહારાજની મૂર્તિ સામું એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. શિવપ્રસાદ પણ ત્યાં ઊભા ઊભા મહારાજની મૂર્તિ સામું જોવા લાગ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યું : "તમારા નાગર સત્સંગનો બહુ દ્રોહ કરે છે અને શિવ શિવ કર્યા કરે છે. પણ અમારો દ્રોહ કરે છે તેથી તે કૈલાસમાં પણ નહિ જાય અને જમપુરીનાં દુઃખ ભોગવશે. તમને તો આ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી સાથે હેત છે

તેથી તેમના પ્રતાપે તમને આ ધામનાં દર્શન થયાં છે. પરંતુ બીજાને તો આ ધામનાં દર્શન બહુ દુર્લભ છે.''

આ પ્રમાણે મહારાજે કહ્યું ત્યારે શિવપ્રસાદને સંકલ્પ થયો કે ''આ ધામ કેવડું હશે ?''

તેનો એ સંકલ્પ જાણીને મહારાજે તેને કહ્યું : ''અમારું આ ધામ તો અમાપ છે. વળી, આ ધામમાં અવિદ્યા નથી અને બીજે તો અવિદ્યા છે.''

પછી શિવપ્રસાદે મહારાજને પૂછ્યું : ''મહારાજ ! ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી વગેરે સંતો અહીં ક્યાં છે ?''

એટલે મહારાજે કહ્યું : ''આ દિવ્ય તેજોમય જે મુક્તો બેઠા છે તે તે સહુ છે.''

તે પછી શિવપ્રસાદ ત્યાંથી ચાલ્યા. સ્વામીશ્રીની મૂર્તિ તેને તેની આગળ ચાલતાં દેખાણી. ''મહારાજ ! કૈલાસ ક્યાં હશે ? ને કેવું હશે ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''તે તો પૃથ્વી ઉપર હિમાલય પર્વતમાં છે. ત્યાં એક વિશાળ જગ્યા છે તેમાં એક મોટું વડનું વૃક્ષ છે. તેની નીચે શિવજી ભસ્મ ચોળીને વાઘના ચર્મ ઉપર બેઠા છે. તેમની આગળ તેમના ગણ બેઠા છે. તે બધી ભૂતાવળ હોય છે. તેમાં કોઈ તો તમાકુ ચાવતા હોય, કોઈ તમાકુ પીતા હોય. તેમાં જોયા જેવું કાંઈ નથી. સ્થાનનો તો પાર નથી, કેમ કે અનંત બ્રહ્માંડો છે. તેમાં અનંત બ્રહ્મા, વિષ્ણુ અને શિવ હોય છે એટલે દરેક બ્રહ્માંડમાં તેમનાં સ્થાન તો હોય જ ને ! પણ તેમાં ક્યાંય સુખ કે શાંતિ નથી. તે કોઈ સ્થાન અવિનાશી નથી. બધે કાળ ફરી વળે છે.''

આ પ્રમાણે વાત કરીને સ્વામીશ્રીએ તેને સમાધિમાંથી જાગ્રત કર્યા.

તે વખતે તેના નાનાભાઈ સદાશંકરે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! તમે શિવપ્રસાદને સમાધિ કરાવી. તેની મારા બાપને ખબર મળી ગઈ છે. એટલે તે હમણાં લાકડી લઈને અહીં આવશે. તેને તો એમ જ થઈ ગયું છે કે સાધુએ મારા દીકરાને કાંઈક કરી નાખ્યું છે. માટે મારે તેને મારવા છે.''

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : ''ભલે અહીં આવે. અહીં આવશે તો તેમનો ક્રોધ ઊતરી જશે અને અમારાં દર્શન કરશે તો તેમની બુદ્ધિ સારી થશે. વળી, અમને જો પગે લાગશે અને અમારો ગુણ લેશે તો તો પછી કાંઈ બોલી શકશે નહિ.'' એમ કહી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''મારવું એ

ક્યાં એમના હાથમાં છે ?''

સ્વામીશ્રી આમ વાત કરે છે ત્યાં તો અમરજી નાગર આવ્યા. પણ સ્વામીશ્રીને જોઈને કાંઈ બોલી શક્યા નહિ. ઊલટા સ્વામીશ્રીને પગે લાગ્યા અને પછી ચાલ્યા ગયા. ક્રોધથી વિફરેલા અમરજીભાઈને આવી રીતે શાંતિથી ચાલ્યા જતા જોઈ સૌને આશ્ચર્ય થયું ! સ્વામીશ્રીનો મહિમા સૌને સમજાયો.

સાંખડાવદરના બીડમાં –
'જો અમારી સત્તા ખેંચી લઈએ તો બધું ગંધાઈ ઊઠે'

ભાદરવા વદમાં સ્વામીશ્રી સાંખડાવદરના બીડમાં ઘાસ વઢાવવા સંત-હરિભક્તોને લઈને જવા નીકળ્યા. સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા હતા. ચાલતાં ચાલતાં ગામ લોટકાવદરને પાદર આવ્યા પણ રસ્તો ફેરમાં જવાથી સૌ પગકેડીએ ચાલ્યા. ત્યાં રસ્તામાં મરેલાં ઢોરને ઊખેળેલ, તેનાં તાજાં કરકાં[૫૩] પડ્યાં હતાં. તે બહુ ગંધાતાં હતાં. તેથી સહુ નાક આગળ લૂગડાં રાખી ઉતાવળાં ઉતાવળાં ચાલવા લાગ્યા. તેમને તે પ્રમાણે ઉતાવળે ચાલતા જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''સૌ ઊભા રહો.''

ત્યારે સૌએ કહ્યું : ''સ્વામી ! આંહીં શી રીતે ઊભા રહેવાય ?''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''અહીં બેસીને જમવાનું કોઈને મન થાય ?''

એટલે સૌ બોલ્યા : ''અરે સ્વામી ! અહીં ઊભું રહેવાતું નથી તો પછી જમાય તે શી રીતે ?''

સ્વામીશ્રી હસ્યા. પછી બોલ્યા : ''જુઓ, પ્રકૃતિ પુરુષ સુધી બધું આવું જ છે. જો અમારી સત્તા ખેંચી લઈએ તો બધું ગંધાઈ ઊઠે. પણ તે પ્રકૃતિ-પુરુષના કાર્યમાં સૌ માલ માની રહ્યા છે.'' એટલી વાત કરીને ત્યાંથી ચાલ્યા.

થોડી વારે સૌ સાંખડાવદર બીડમાં પહોંચી ગયા. પણ સ્વામીશ્રીની વાતથી પ્રકૃતિ-પુરુષની દુર્ગંધ તેમના હૈયામાં પેસી ગઈ !

સ્વામીશ્રીએ અહીં આવી સૌને ઘાસ વાઢવાની સેવામાં જોડી દીધા. મહુવાથી વિઠ્ઠલભાઈ ત્રવાડી જે સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ ગયા હતા, તેમને સ્વામીશ્રી ત્યાંથી નીકળી સાંખડાવદર પધાર્યા છે તે ખબર મળ્યા

૫૩. હાડકાં.

એટલે તરત જ તેઓ સાંખડાવદર આવી પહોંચ્યા. તેમનો ખપ જોઈ સ્વામીશ્રી બહુ જ રાજી થયા. રાત્રે જનાવરની બીકને લીધે લાકડાં સળગાવી તાપણી રાખતા અને એકબીજા વારાફરતી જાગતા.

એક વાર રાત્રે બે વાગે સ્વામીશ્રી જાગ્યા અને પાસે સૂતેલા વિઠ્ઠલભાઈ ત્રવાડીને જગાડીને કહ્યું : ‘‘અરે વિઠ્ઠલ ! કૃપાનંદ સ્વામી બહુ મોટા !’’ એમ કહી સંતના મહિમાની બહુ વાતો કરવા માંડ્યા તે સવાર થઈ ગયું તેનો પણ ખ્યાલ ન રહ્યો. આ વખતે ગામ ગરાળના ભૂધર શેઠ પણ જૂનાગઢ જઈ સ્વામીશ્રી અહીં પધાર્યા છે તે જાણી અહીં સમાગમ કરવા પહોંચી ગયા. તેમને જોઈ સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ‘‘જૂનાગઢ ન ગોઠ્યું ?’’

ત્યારે તેમણે કહ્યું : ‘‘સ્વામી ! આપના વગર શી રીતે ગોઠે ?’’

સૌનાં હૃદયમાં ફક્ત સ્વામીશ્રીની જ મૂર્તિ હતી. સ્વામીશ્રી સૌની પાસે સેવા કરાવે, રાત્રે કથાવાર્તા કરી સમાગમનું સુખ આપે.

પડિયામાં ભાત રાંધ્યો

બે દિવસ થયા એટલે ભૂધર શેઠ સ્વામીશ્રી પાસે રજા માગવા આવ્યા. સ્વામીશ્રીએ તેમને આવતા જોઈ મનમાં જાણી લીધું, ‘‘આ શેઠ બે દિવસથી નાસ્તો કરીને રહે છે એટલે ટાઢું સદતું નહિ હોય તેથી ઘેર જવાનો મનસૂબો કરે છે.’’ તેથી તેમને આવતા જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ‘‘ભૂધરભાઈ ! તમે ઊની રસોઈ કરીને જમો.’’

તે સાંભળી ભૂધર શેઠને થયું, સ્વામી મારી અંતરની વાત જાણી ગયા. તેમને મને ઘેર જવાની રજા આપવાનો વિચાર જણાતો નથી.’

પછી પોતે પૂછ્યું : ‘‘સ્વામી ! વાસણ વગર રસોઈ શેમાં કરું ?’’

એટલે સ્વામીશ્રીએ ખાખરાના પાનનો મોટો પડિયો કરાવ્યો. તેમાં પાણી ભરી ચૂલા ઉપર મુકાવ્યો, પછી અગ્નિ સળગાવી તેમાં ચોખા ઓરાવ્યા. ચોખા પડિયામાં જ ચડી ગયા. પછી તેને ઘી અને ખાંડ આપ્યાં. સ્વામીશ્રીનો પોતા પ્રત્યેનો ભાવ જોઈ ભૂધર શેઠને અંતરમાં ખૂબ જ આનંદ થયો. અહો ! ક્યાં અક્ષરબ્રહ્મ અને ક્યાં સાધારણ જીવ ! આટલી દયા કરીને પણ અક્ષરબ્રહ્મ એવા સ્વામીશ્રી જીવોને પોતાના સમાગમમાં રાખી તેમનું આત્યંતિક કલ્યાણ સાધવાની જિજ્ઞાસા રાખતા હતા. મનોમન ભૂધર શેઠ સ્વામીશ્રીનાં

ચરણકમળમાં નમી પડ્યા ! ભૂધર શેઠ આવી રીતે રોજ રસોઈ કરતા. સ્વામીશ્રીએ તેમને ચાર દિવસ રોક્યા અને સમાગમનો લાભ આપ્યો. પછી પોતે ઘેર ગયા. ઘેર જઈને સાંખડાવદરના બીડમાં પડિયામાં ભાત રાંધ્યો હતો તેવી રીતે અહીં પણ પડિયામાં ભાત રાંધવા ગયા પરંતુ પડિયો બળી ગયો. ત્યારે તેમને સમજાયું કે તમામ દેવતાઓ ઉપર મોટાપુરુષનું નિયમન હોય છે. એટલે તેમની શક્તિથી કે આજ્ઞાથી જે થાય તે બીજી રીતે થઈ શકે નહિ.

સાંખડાવદરના બીડની સામે એક વાડી હતી. ત્યાં હંમેશાં કોસ ચાલતો હતો. સાધુઓ ત્યાં નાહવા જતા. નાહીને ત્યાં થોડો વખત રોકાતા. તે દરમ્યાન કોસ હાંકનારને ઉપદેશની વાતો પણ કરતા. તેથી એક દિવસ વાડીવાળો સ્વામીશ્રી પાસે આવ્યો અને સ્વામીશ્રીને ફરિયાદ કરતાં તેણે કહ્યું : ''તમારા સાધુ રોજ અમારા કોશિયાને વાતો કરે છે. તે વાતો કરવાની તેમને ના પાડજો. નહીં તો ના'વા કે પાણી ભરવા નહીં દઉં.''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી તેને ધીરેથી કહ્યું : ''ઠીક, હવે તેમને ના કહીશું એટલે વાતો નહીં કરે.'' તે વાડીવાળાને સંતોષ થયો અને સ્વામીશ્રીને પગે લાગીને વાડીએ ગયો.

બીજે દિવસે સ્વામીશ્રી ઘોડી ઉપર બેસી કેટલાક સાધુઓ સાથે વાડીએ જવા નીકળ્યા. સાધુ ધર્મવલ્લભદાસને બ્રહ્મવિલાસ કંઠસ્થ હતો. એટલે ચાલતાં ચાલતાં બોલતા હતા :

ઘટમેં કુબુદ્ધિ કૈસી ભઈ હૈ હરામી નર,
અંતરકે જામી હી સાથ મનહું કે ચોર હે;
વિષયમેં ભૂલ ગયો, હરિ કો ન નામ લિયો,
હાનિહુકો પાર નાહિ, લાલચ તો થોર હૈ;
જેસે કોઉ કંચનકો ધૂલીમેં મિલાય દેત,
જેસે કોઈ પારસમની પથ્થરસે ફોર હે;
બ્રહ્માનંદ કહે તોય હોય હુસિયાર નર,
સુંદર લગી હૈ તીર, નૌકા ક્યૂંહી બોર હૈ.

આ સાંભળીને સ્વામીશ્રીએ તે સવૈયો ફરી ત્રણ વાર બોલાવ્યો. તે ઉપર ઉપદેશની ઘણી વાતો કરી. પછી વાડીએ જઈને ઉતારે પધાર્યા.

વાંચ્યાથી જ્ઞાન શા કામનું ?

ખડ વઢાઈ રહ્યા પછી સાંખડાવદરથી સૌ સંતો-હરિભક્તોને લઈને સ્વામીશ્રી જૂનાગઢ પાછા આવ્યા. અહીં આવી સાંખડાવદર ખડ સારવા માટે ગાડાં મોકલ્યાં. ખડના પૂળા બધા મંદિરમાં આવી ગયા. ત્યાં લઈ ગયેલ સરસામાન ભરીને છેલ્લું ગાડું જૂનાગઢ આવતું હતું. જૂનાગઢની નજીક ધર્મ અવેડે બળદને પાણી પાવા છોડ્યા. પરંતુ તેમાંનો એક બળદ ગાંડો હતો. તે જોતર તોડાવીને ભાગી ગયો. ગાડા ખેડુ તેની પાછળ દોડ્યા પણ બળદ હાથ આવ્યો નહીં. તેથી કાના ભક્ત મંદિરે આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : "આપણો ગાંડો બળદ જોતર તોડાવીને ભાગી ગયો છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "એ તો ગફલતથી ખોવાણો છે." પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "મંદિરનો બળદ ખોવાય એ પાલવે નહીં. ગોતો." કાના ભક્ત પાછા ગયા. પરંતુ સ્વામીશ્રીને ચિંતા થવા લાગી. વારે ઘડિયે મંદિરના દરવાજા સામું જુએ અને પૂછે : "આપણો બળદ આવ્યો ?"

તે સાંભળી ત્યાં નારાયણદાસ બેઠા હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! એ બળદ ખોવાણો એમાં તે એવડી ચિંતા શું કરો છો ? આ લોકના પદાર્થ તો બધા નાશવંત છે."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી ધીરે રહીને બોલ્યા : "અહો, આ સાધુ તો બહુ જ્ઞાની લાગે છે !"

પછી બીજા ભક્તો તરફ જોઈને સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે બે-ચાર જણા જાવ અને એક તરફ જૂતજો અને બીજા બળદને માથે નાડ નાખજો. એમ કરીને ગાડું ખેંચી લાવો." તે હરિભક્તો ગયા અને સ્વામીશ્રીના કહ્યા પ્રમાણે ગાડું ખેંચીને મંદિરે લઈ આવ્યા.

બીજે દિવસે નારાયણદાસની લખવાની કલમ ઉપર કોઈનો પગ આવી ગયો એટલે તે કલમ ભાંગી ગઈ. તેથી તે બહુ અકળાઈ ગયા અને કલમ ભાંગી જવાથી અત્યંત દિલગીર થઈ ગયા ! તેને બહુ આકળા થઈને બોલતા સાંભળી સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "અરે, નારાયણદાસ ! શું છે ?"

ત્યારે તેણે કહ્યું : "કોઈએ મારી કલમ ભાંગી નાંખી."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી તેને કહ્યું : "એમાં આવડો કકળાટ

શું કરો છો ? બીજી કલમ કરો.''

એટલે તેણે કહ્યું : ''સ્વામી ! એવી કલમ તો ક્યાંથી થાય ?'' એમ કહીને બહુ શોક કરવા લાગ્યા.

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''કાલે બસો રૂપિયાનો બળદ ખોવાયો ત્યારે તો કહેતા હતા કે આ લોકના પદાર્થ સર્વે નાશવંત છે. ત્યારે કલમ તો પૈસાની ત્રણ મળે છે તે એક પાઈની થઈ. તેમાં આવડો શોક શું કરો છો ?''

પરંતુ તેણે તો ચાલુ જ રાખ્યું ''પણ સ્વામી ! એ કલમ તો સારી નીવડેલ હતી.''

સ્વામીશ્રીએ તેને ઘણું કહ્યું. પણ કલમ માટેનો તેનો શોક ટળ્યો નહીં. બીજાનું દુઃખ દેખી સાંખ્યનો ઉપદેશ દેવા તૈયાર થવાય છે. પરંતુ પોતાને જ જ્યારે દુઃખ આવે ત્યારે સાંખ્ય જ્ઞાન પોતાને ઉપયોગમાં આવતું નથી. આવું વાચ્યાર્થ જ્ઞાન શા કામનું ? સ્વામીશ્રીને તો મંદિરનું મમત્વ હતું એટલે તેમને દુઃખ થયું અને તે પણ બીજાને આ પ્રકારનો વ્યવહાર શિખવાડવા માટે જ. પરંતુ આ સાધુને શું હતું ? અહંમમત્વના આવા અજ્ઞાનથી જીવ નાહકનો દુઃખી થાય છે.

ઊનાના શેઠિયાઓની માનતા

સ્વામીશ્રી દર વર્ષના નિયમ પ્રમાણે ઊના દેશમાં ફરવા માટે જૂનાગઢથી સંત, હરિભક્તોની સાથે નીકળી ગયા. આ જ અરસામાં ઊનામાં હિંદુ-મુસલમાનને તકરાર થઈ. તેમાં મુસલમાનોએ મહાજનનો ખૂંટિયો કાપી નાખ્યો અને હિંદુઓની પણ બહુ કતલ કરી, કેટલોક માલ પણ લૂંટી ગયા. આ તકરારની ફરિયાદ કરવા ઊનાના શેઠિયા વલ્લભજીભાઈ, કરમચંદભાઈ તથા બીજા ગૃહસ્થો જૂનાગઢ આવ્યા અને નવાબ સાહેબ આગળ ફરિયાદ કરી. બે મહિના ફરિયાદનો જવાબ મેળવવા રોકાયા, પરંતુ કોઈએ તેમની દાદ સાંભળી નહીં. તેથી મૂંઝાઈને સૌએ ઊનામાંથી ઉચાળા ભરી હળિયાદ મુકામ કર્યો.

મહારાજને સર્વોપરી સમજવાની માનતા કરો

આ વખતે વલ્લભજી શેઠના ભાઈ કલ્યાણજી શેઠ સ્વામીશ્રી સાથે ઊના

દેશમાં ફરતા હતા. તેમના ઉપર હળિયાદથી તેમના ભાઈ વલ્લભજી શેઠે ખેપિયો મોકલી કાગળ મોકલ્યો. તેમાં લખ્યું હતું કે જૂનાગઢમાં નવાબ સાહેબને મળ્યા, ફરિયાદ કરી પણ કાંઈ જવાબ મળ્યો નથી એટલે અમે કંટાળીને હળિયાદ આવ્યા છીએ અને અહીં મુકામ કરવાનું નક્કી કર્યું છે. આ કાગળ વાંચી કલ્યાણજીભાઈ દિલગીર થઈ ગયા. તેમને આમ દિલગીર થયેલા જોઈ સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''કલ્યાણજીભાઈ ! કાગળમાં શું લખ્યું છે ?''

ત્યારે તેમણે કહ્યું : ''હળિયાદથી કરમચંદનો કાગળ આવ્યો છે તેમાં લખ્યું છે કે નવાબ સાહેબે ફરિયાદ સાંભળી નહીં તેથી સૌ શેઠિયા હળિયાદ આવીને રહ્યા છે. તે જો અહીં આવે તો સર્વપ્રકારે આબરૂ જાય ને જો ભાવનગર રહેવા જાય તો લાખો રૂપિયાની ઉઘરાણી આ દેશમાં છે તે ધૂળધાણી થઈ જાય. આવું સંકટ આવ્યું છે.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''અમે કહીએ તેમ કરો તો એ બધું દુઃખ મટી જાય.''

એટલે કલ્યાણજીભાઈએ કહ્યું : ''સ્વામી ! આપ કહેશો તેમ કરીશું. આપ કહો તો રાધારમણદેવને ચાંદીનાં કમાડ, હિંડોળો વગેરે કરાવવાની માનતા કરીએ.''

શેઠની આ વાતથી સ્વામીશ્રી હસ્યા. પછી તેમણે કહ્યું : ''આપણે, ચાંદીનાં કમાડ, હિંડોળો કરાવવાની માનતા કરવી નથી પણ અમારા વચને શ્રીજીમહારાજને સર્વોપરી સમજવાની માનતા કરો કે શ્રીજીમહારાજ સર્વે અવતારના અવતારી છે ને અનંત નરનારાયણ, અનંત લક્ષ્મીનારાયણ તે સર્વ ગોલોકવાસી શ્રીકૃષ્ણનારાયણના એક રોમમાં લીન થઈ જાય છે. એવા અનંત શ્રીકૃષ્ણ પ્રધાન પુરુષના એક રોમમાં લીન થઈ જાય છે. એવા અનંત પ્રધાન પુરુષ તે મહાપુરુષના એક રોમમાં લીન થાય છે. એ મહાપુરુષ તથા મહામાયા પોતાના તેજ અને ઐશ્વર્ય સહિત અક્ષરના એક રોમમાં લીન થઈ જાય છે. એવા અનંત મુક્તો પોતાના તેજ અને ઐશ્વર્ય સહિત અક્ષરની ભૂમિકા જે ચિદાકાશ તેના સોપારી જેટલા પ્રદેશમાં લીન થઈ જાય છે. તે અક્ષરબ્રહ્મ જે મૂર્તિમાન સ્વરૂપે શ્રીજીમહારાજની સેવામાં અખંડ રહે છે, તે જ અક્ષરબ્રહ્મ સાક્ષાત્ આ ટાણે તમારી સાથે વાત કરે છે. તે અક્ષરબ્રહ્મ જો કે

એક જ છે, પણ તેવા અનંત હોય તો પણ તે મહારાજના એક રોમમાં લીન થઈ જાય છે. એવા એ સહજાનંદ સ્વામી સમર્થ છે, સર્વોપરી છે. આમ, સમજવાની અને બીજાને સમજાવવાની માનતા કરો તો તમારું સર્વ દુઃખ તત્કાળ ટળી જાય.''

સ્વામીશ્રીએ આ પ્રમાણે કહ્યું તે સાંભળી કલ્યાણજી શેઠે કહ્યું : ''સ્વામી ! સર્વોપરી પુરુષોત્તમનારાયણને સમજવાની આવી માનતા તે તો તદ્દન નવીન કહેવાય. એમાં તો અમારે માટે મુક્તિ અને ભુક્તિ બંને આવી ગયાં. માટે આજથી અમે મહારાજને સર્વોપરી સમજશું અને બીજાને પણ મહારાજનું સર્વોપરી સ્વરૂપ સમજાવીશું.''

આ પ્રમાણે કલ્યાણજીભાઈએ માનતા કરી. પછી ખેપિયા સાથે માનતા કર્યાનો પત્ર લખીને હળિયાદ મોકલ્યો. બરાબર આ જ સમયે જૂનાગઢમાં નવાબના અંતરમાં વિચાર આવ્યો. તેણે પોતાના દીવાનને બોલાવીને પૂછ્યું : ''ઊનાના શેઠિયા આવ્યા હતા તેનું શું થયું ?''

ત્યારે કોઈએ કહ્યું : ''સાહેબ ! એ તો આપણા તરફથી કાંઈ જવાબ ન મળ્યો એટલે અહીંથી ચાલી નીકળ્યા છે.'' આ સાંભળી નવાબે થોડીવાર વિચાર કર્યો.

પછી તેણે કહ્યું : ''બે સવાર મોકલી એમને પાછા બોલાવો.''

તે પ્રમાણે બે સવારો ગયા અને હળિયાદ જઈને આ શેઠિયાઓને નવાબ સાહેબનું ફરમાન સંભળાવ્યું. તેઓ તરત જ જૂનાગઢ આવ્યા. અહીં આવી નવાબ સાહેબને મળ્યા. તેમણે એકવીશ કલમો તૈયાર કરી હતી. નવાબ સાહેબને તે સંભળાવી. નવાબે તે તમામ કલમો સ્વીકારી. શેઠિયાઓનું સન્માન કરી પહેરામણી કરી. પછી ઊનાના અધિકારી ઉપર કાગળ લખી હુકમ મોકલ્યો કે 'અહીંથી શેઠિયાઓ ત્યાં આવે છે તેમનું વાજતે-ગાજતે સામૈયું કરી ગામમાં તેડી જજો.' આ પ્રમાણે સ્વામીશ્રીનાં વચને નવાબનું અંતર ફર્યું.

આ બધી હકીકતનો બીજો કાગળ કરમચંદ શેઠે કલ્યાણજીભાઈ ઉપર લખીને સ્વામીશ્રી ઊના દેશમાં ફરતા હતા ત્યાં મોકલ્યો. તે કાગળ વાંચીને કલ્યાણજી શેઠે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આજ તો વધામણીનો કાગળ આવ્યો છે. લખે છે કે બધું દુઃખ મટી ગયું છે અને અમે પાછા ઊને

વાજતેગાજતે જઈએ છીએ. નવાબે બધી કલમો પાળી છે.'' આ પ્રમાણે દેશકાળનાં દુઃખે સમજણમાં જે ખામી હતી તે સ્વામીશ્રીના વચને ટળી ગઈ અને સૌને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા થઈ ગઈ !

સ્વામીશ્રી ઊને જતાં રસ્તામાં ઊનાથી ત્રણ ગાઉ દૂર તડગામમાં આવ્યા. અહીં મુકામ કર્યો. ઊનાથી હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીના આશીર્વાદથી ઊનામાં દેશકાળ સુધરી ગયા હતા એટલે સૌને ઉત્સાહ હતો અને સૌને સ્વામીશ્રીને ઊને પધરાવવાનો ઉમંગ હતો. સ્વામીશ્રીનાં દર્શન કર્યાં એટલે તેમને શાંતિ થઈ. પછી સાંજે ઊના જતાં સ્વામીશ્રીની રજા લેવા ગયા ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''કમા શેઠ ! તમારા દીકરા કેશવલાલને અહીં મૂકતા જાઓ. બે દિવસ પછી અમે આવશું ત્યારે અમારી સાથે આવશે.'' પણ કમા શેઠ માન્યા નહીં.

એટલે સ્વામીશ્રીએ તેના દીકરા કેશવલાલને કહ્યું કે ''તું રોકાઈ જા.'' પણ તેણેય ન માન્યું. પછી સૌ સ્વામીશ્રીની રજા લઈને ઊના ગયા.

ઘેર જઈ ઘોડી ફળિયામાં બાંધી. પછી કેશવલાલ ઘોડી માટે ઘાસ લેવા મેડા ઉપર ચડ્યો. બારીમાંથી ઘાસના પૂળા નીચે નાખીને ઊતરવા જતાં મેડા ઉપર પાટિયાં સડી ગયાં હતાં તે તૂટ્યાં અને કેશવલાલ નીચે પડી ગયો. પડવાવેંત જ કેશવલાલનો પ્રાણ નીકળી ગયો ! આથી સૌને લાગ્યું કે સ્વામીશ્રીએ તો અંતર્યામીપણે જાણીને કેશવલાલને રોકવાનું કહ્યું હતું. પરંતુ કોઈએ સ્વામીશ્રીનું માન્યું નહીં. સ્વામીશ્રીને આ સમાચાર તડગામ મોકલ્યા. ઊનામાં આવા દેશકાળ આવ્યા એટલે સ્વામીશ્રી ઊને ન જતાં ત્યાંથી સીધા જ અન્નકૂટનો ઉત્સવ પાસે આવતો હોવાથી જૂનાગઢ પધાર્યા.

એક દિવસ સ્વામીશ્રી ભંડારમાં જમતા હતા ત્યારે નારણ પ્રભુદાસ સ્વામીશ્રીની સામે બેઠા હતા. તેણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મને તમારી પ્રસાદી આપો !''

તેથી સ્વામીશ્રીએ આખા રોટલામાંથી થોડો જમી, પોણો રોટલો તેમને પ્રસાદીનો આપ્યો. તે પ્રસાદી લૂગડામાં સંતાડી તેઓ ત્યાંથી ઉતારે જવા નીકળ્યા. ત્યાં તો તેમની સાથે આવેલા હરિભક્તોએ તેમને જોયા. એટલે સૌ તેની પાછળ દોડ્યા. તેનું લૂગડું પકડીને કહ્યું : ''સ્વામીશ્રીની પ્રસાદી વહેંચીને ખાવી.'' જે ચરણની રજ, જે હાથની પ્રસાદી કે જે સ્વરૂપનાં દર્શન બ્રહ્માંડોના

અધિનાયકોને પણ દુર્લભ છે, તે પ્રસાદી માટે મહિમા અને નિષ્ઠાવાળા હરિભક્તો આકુળ-વ્યાકુળ થઈ જાય તેમાં તેમની સમજણ અને ભક્તિની પરાકાષ્ટા છે. મહિમાની દૃષ્ટિથી જ આવી ઝંખના તીવ્ર બને છે. જે સ્વરૂપનાં દર્શન અને પ્રસંગની ઈચ્છા કરતાં મોટા મોટા મુનિવરો થાકી ગયા, તે સ્વરૂપ આજે આ ભક્તોને સહેજે સુલભ બન્યું - નયન ગોચર થયું તે કાંઈ ઓછી ભાગ્યની વાત ન કહેવાય ! જેરામ બ્રહ્મચારીએ તેથી જ ગાયું છે :

'મહા રે મુનિના ધ્યાનમાં ના'વે, તેહ રે શામળિયોજી મુજને બોલાવે.'

આ અલૌકિક પ્રાપ્તિનું મૂલ્ય વ્યાવહારિક દૃષ્ટિવાળા જગતના ડાહ્યા મનુષ્યો શી રીતે આંકી શકે !

વરતાલમાં કાર્તિકી પૂનમનો સમૈયો

સંવત ૧૯૨૦નો અન્નકૂટ ઉત્સવ કરીને સ્વામીશ્રી કાર્તિકી પૂનમનો સમૈયો કરવા વરતાલ જવા નીકળ્યા.

સ્વામીશ્રી વરતાલ જતાં સુંદરિયાણા પધાર્યા. અહીં સભામાં સ્વામીશ્રીના આસન માટે સ્વામીશ્રીને ઓઢવાની ગોદડી હતી તે ચોવડી કરી તેના ઉપર ગાદલું પાથર્યું હતું. સ્વામીશ્રી તે ઉપર વિરાજ્યા હતા અને સૌને વાતો કરતા હતા. તે વખતે ગામ ચંદરવાના પટેલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. દંડવત્ કરી, સ્વામીશ્રી પાસે તેમણે સાકરનો પડો મૂક્યો. પછી સ્વામીશ્રી વાતો કરવા લાગ્યા. પરંતુ તે પટેલને સ્વામીશ્રીની ગોદડીનાં દર્શન કરવાં હતાં. તેમનો તે સંકલ્પ જાણીને સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "પટેલ ! પ્રસાદીની ગોદડીનાં દર્શન કરવાં છે ?"

ત્યારે તેણે કહ્યું : "હા."

એટલે સ્વામીશ્રીએ હરજીવનદાસને કહ્યું : "ગોદડી લાવો."

પરંતુ ગોદડી તો સ્વામીશ્રીની નીચે પાથરી હતી. એટલે હરજીવનદાસ મૂંઝાણા. પછી ધીરે રહીને તેમણે કહ્યું : "સ્વામી ! ગોદડી તો તમારી નીચે છે."

તે સાંભળી સ્વામીશ્રી એકદમ ગાદી ઉપરથી બે ગજ બેઠી પલાંઠીએ ઊંચા થઈ ગયા. પછી ગાદીની નીચેથી ગોદડી કાઢી અને ગાદી ફરી પાથરી. ત્યાં સુધી સ્વામીશ્રી બેઠી પલાંઠીએ અદ્ધર રહ્યા. તે વખતે પંચાળાના જાદવજી ઠક્કર ત્યાં બેઠા હતા. સ્વામીશ્રીએ બતાવેલું આ ઐશ્વર્ય તેમણે નજરે જોયું.

સ્વામીશ્રી વરતાલ પહોંચ્યા. ત્યાં સમૈયો કરીને ત્યાંથી ચાલતી વખતે આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજને જૂનાગઢ પધારવાનું આમંત્રણ આપ્યું. ત્યારે આચાર્ય મહારાજે કહ્યું : "સ્વામી ! ગળપણ ખાઉં તો મને ઊલટી થઈ જાય છે અને સોરઠના હરિભક્તો બહુ પ્રેમી એટલે આગ્રહ કરીને ખવડાવ્યા વગર રહે નહિ."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમારો રોગ તો હમણાં મટી જાય પણ પછી સૌ કહેવા લાગશે કે સ્વામીને તો ભગવાન થાવું છે."

આચાર્ય મહારાજ કાંઈ બોલ્યા નહિ. પછી ગોવર્ધનભાઈ કોઠારીએ સ્વામીને એકાંતમાં કહ્યું : "સ્વામી ! આચાર્ય મહારાજને લાલજી નથી તો કાંઈક દયા કરો અને આશીર્વાદ આપો."

સ્વામીશ્રી આ સાંભળી વિચારી રહ્યા. પછી ગોવર્ધનભાઈ કોઠારીને કહ્યું : "અહીં આ લક્ષ્મીનારાયણ દેવ પાકા થાળ જમતા નથી. તો જો આચાર્ય મહારાજ પાકા થાળ બંધાવે, તો શ્રીજીમહારાજ લાંબા આયુષ્યવાળા લાલજી તેમને આપે."

આ વાત કોઠારીએ ભગવત્પ્રસાદજી મહારાજને કરી. પરંતુ તેમનો કાંઈ વિચાર જણાયો નહિ તેથી તે વાત પડતી મૂકી. સ્વામીશ્રી ત્યાંથી નીકળી ધોલેરા થઈને સારંગપુર પધાર્યા.

શ્રીજીમહારાજને અર્થે કેટલા ઉજાગરા કર્યા છે ?

સારંગપુરથી સ્વામીશ્રી ગઢડા તરફ જતા હતા. સુંદરિયાણાના પટેલ પોતાનો દીકરો પરણાવવા જાન લઈને જતા હતા તે સ્વામીશ્રીને રસ્તામાં ભેગા થઈ ગયા. સ્વામીશ્રીને જોઈને પટેલ ઘોડી ઉપરથી ઊતરીને સ્વામીશ્રીને પગે લાગ્યા. તેને જોઈ સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "પટેલ ! આંખો કેમ લાલ થઈ ગઈ છે ?"

ત્યારે પટેલે કહ્યું : "સ્વામી ! ગામની છોડીઓ પરણતી હતી તેનો ઉજાગરો થવાથી આંખો રાતી થઈ ગઈ છે."

એટલે સ્વામીશ્રીએ તેને ફરી પૂછ્યું : "સત્સંગ કેટલા વરસથી થયો છે ?"

પટેલે હાથ જોડી કહ્યું : "દયાળુ ! પાંચ-સાત વરસ થયા હશે."

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : "શ્રીજીમહારાજને અર્થે કેટલા ઉજાગરા કર્યા છે ?" પટેલ આ પ્રશ્ન સાંભળી મૂંઝવણમાં પડી ગયા.

તેણે હાથ જોડી કહ્યું : "સ્વામી ! એક પણ ઉજાગરો કર્યો નથી."

એમ કહીને સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકીને કહ્યું : "સ્વામી ! અમારો મોક્ષ તો તમારા હાથમાં છે."

તેની શરણાગતિ જોઈ, શરણાગતવત્સલ સ્વામીશ્રીએ તેને આશીર્વાદ આપ્યા. પછી પટેલ ઘોડીએ બેસી ચાલ્યા. સ્વામીશ્રીને તો આ પટેલનું કલ્યાણ કરવું હતું. તેથી સ્વામીશ્રી સુંદરિયાણા ફરી પધાર્યા. અહીં તે પટેલનું ખેતર ક્યાં આવ્યું તે તપાસ કરીને સ્વામીશ્રી સૌ સંત-હરિભક્તોનું મંડળ લઈને તેના ખેતરમાં પધાર્યા. ત્યાં થોડી વાર બેસીને ભજન કર્યું. સુંદરિયાણામાં બે રાત રહ્યા. ત્રીજે દિવસે ત્યાંથી ચાલવાની તૈયારી કરી ત્યાં પટેલ દીકરો પરણાવીને આવી ગયા. પટેલે ખેતરમાં પગ મૂકીને સ્વામીશ્રીનાં દર્શન કર્યાં કે તરત જ તેને તેના આત્મસ્વરૂપનું જ્ઞાન થઈ ગયું. દેહથી જુદા આત્માપણે વર્તવાની જ્ઞાન-દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ. થોડા દિવસ બાદ તે જૂનાગઢ ગયા અને ત્યાં તેણે સાધુની દીક્ષા લઈ લીધી.

જૂનાગઢમાં સતયુગ

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા. અહીં સંત-હરિભક્તોનાં મંડળો સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમ માટે આવવા લાગ્યાં. સ્વામીશ્રીએ મંદિરમાં દરેક સાધુ, બ્રહ્મચારી, પાર્ષદને એવી આજ્ઞા કરી હતી કે આ મંદિરમાં જે કોઈ ગૃહસ્થ સમાગમ કરવા આવે તેની સારી રીતે સરભરા કરવી, ખાવા-પીવાની સગવડતા આપવી અને તેને કોઈ પ્રકારે અગવડ ન પડે તે ખાસ લક્ષ્ય રાખવું. વળી, કોઈ ગૃહસ્થ, સાધુ, બ્રહ્મચારી કે પાર્ષદની પાસે બેસવા આવે ત્યારે તેની સાથે કેવળ ભગવત્ વાર્તા સિવાય બીજી કોઈ પણ પ્રકારની જગત વાર્તા ન કરવી. તેથી સાધુ, બ્રહ્મચારી સ્વામીની આજ્ઞા પ્રમાણે જ વર્તતા. પાર્ષદોમાં કેશવ ભક્ત તથા કાના ભક્ત પણ ગૃહસ્થ હરિભક્તોને ભગવત્ વાર્તા જ કરતા. તે વખતે સૌ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદોને મંદિરની સ્થિતિ બાંધવાનું તાન હતું. વળી, ત્યાગીઓમાં સૌને વૈરાગ્યનો સારો રંગ હતો. પોતાના દેહની સેવા કરાવવા કોઈ શિષ્યો નહોતા કરતા.

પરંતુ જીવોનું કલ્યાણ કરવા માટે જ મુમુક્ષુઓને શિષ્યો તરીકે સાધુ, બ્રહ્મચારીઓ રાખતા. સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય સૌને થાય અને એ નિષ્ઠાના બળથી જ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સિદ્ધ કરી પોતાનું આત્યંતિક કલ્યાણ કરે એ ભાવના સૌને રહેતી. સ્વામીશ્રીના પ્રભાવથી મંદિરમાં સત્‌યુગનું વાતાવરણ સદા રહેતું. એથી જ ગુજરાત, કાનમ, દંઢાવ્ય અને ખાનદેશથી હરિભક્તો સ્વામીશ્રીના સમાગમ માટે આવતા. સ્વામીશ્રીના શ્રીમુખથી વચનામૃતનું પાન કરવું એ પણ એક લહાવો હતો. સૌ સમજતા હતા કે સ્વામીશ્રી દ્વારા શ્રીજીમહારાજ સ્વયં બોલતા હતા અને તેથી શ્રીજીનું હાર્દ સ્વામીશ્રી દ્વારા સમજવા સૌ આવતા. કેટલાક હરિભક્તો તો વરસ વરસ સુધી રહેતા અને સમાગમનો લાભ લેતા. તે પ્રમાણે ત્યાગીઓ પણ જૂનાગઢ આવતા અને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેતા. સ્વામીશ્રીના સાન્નિધ્યમાં સૌને અક્ષરનું સાક્ષાત્‌ સુખ આવતું. સ્વામીશ્રીની શ્રીજી અન્વિત દિવ્ય પ્રતિભાથી દૂર દૂરથી સંતો-હરિભક્તો જૂનાગઢ આવતા. गुणाः कुर्वन्ति दूतत्वं दूरेऽपि वसतां सताम् । મોટાપુરુષો દૂર વસતા હોવા છતાં પણ તેમના ગુણો દૂતનું કામ કરીને દૂર વસેલાઓને તેમની પાસે ખેંચી લાવે છે.

વૈષ્ણવ સમાજ સત્સંગમાં દાખલ થયો

જૂનાગઢમાં વૈષ્ણવોએ છપ્પન ભોગ કર્યો. આ પ્રસંગે દેશ દેશાંતરોથી વૈષ્ણવો છપ્પન ભોગનાં દર્શન કરવા જૂનાગઢ આવવા લાગ્યા. વૈષ્ણવોના આચાર્યો પણ આવ્યા. પરંતુ સ્થાનિક વૈષ્ણવ સમાજ, આ રીતે આવેલા વૈષ્ણવોની અને તેમના આચાર્યોની યથાયોગ્ય સંભાવના કરી શક્યો નહીં. ઉતારા, પાગરણ, પાણી અને જમવાની યોગ્ય વ્યવસ્થા તેમનાથી થઈ શકી નહીં. ઉતારા માટે તેમણે એક જૂનું મકાન રાખ્યું હતું તેમાં ઊતરેલા માણસોના ભારથી તે મકાન તૂટી પડ્યું. આથી ઘણાંને ઈજા પણ થઈ. આવી વ્યવસ્થાથી વૈષ્ણવો મૂંઝાયા. છેવટે એકબીજાની વગથી આપણા મંદિરમાં સૌ આવવા લાગ્યા. અહીં સ્વામીશ્રીએ કોઠારી તથા ભંડારીને આજ્ઞા કરી દીધી કે છપ્પનભોગનાં દર્શન માટે બહારગામથી આવેલા તમામ વૈષ્ણવોની ઉતારા-પાગરણ અને જમવાની સેવામાં કાંઈ પણ કમી ન રાખવી. ધર્મપ્રેમી ભાઈઓ

ઠાકોરજીનાં દર્શન પ્રસંગે આવે તેમની વ્યવસ્થા જાળવવી અને સેવા કરવી તે આપણો ધર્મ છે સ્વામીશ્રીના આ પ્રકારના સુહૃદભાવથી વૈષ્ણવ ભક્તોથી મંદિર ઊભરાવા લાગ્યું. સંતો-હરિભક્તો પણ સ્વામીશ્રીને પ્રસન્ન કરવા અતિ શ્રદ્ધાપૂર્વક સેવામાં મંડી પડ્યા. પાણીનો રેંટ પણ અખંડ ચાલુ રાખ્યો. સ્વામીશ્રી પણ સભામાં વિરાજી અખંડ વાતો કરતા અને ઉપાસના અને એકાંતિક ધર્મનું રહસ્ય સૌને સમજાવતા. તેથી સૌને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત પ્રેમ થયો. સ્વામીશ્રીની અખંડ બ્રાહ્મી સ્થિતિ જોઈ વૈષ્ણવ સમાજના હરિભક્તો સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થઈ ગયા. આ રીતે આ પ્રસંગે બહુ મોટો વૈષ્ણવ સમાજ આ બ્રહ્મરૂપ સત્સંગમાં દાખલ થયો.

એક દિવસ સવારની સભામાં કેશવચરણદાસજી[૫૪] ગ.પ્ર. ૫૮મું વચનામૃત વાંચતા હતા. તેમાં આવ્યું કે 'પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે.' ત્યારે કેશવચરણદાસે પૂછ્યું : "સ્વામી ! આ ગુલામ કોને કહેવાય ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "એ તો વેચાણ થઈને રહે અને જેમ કહે તેમ કરે તે ગુલામ કહેવાય." પછી તે ઉપર દૃષ્ટાંત આપ્યું : "દાદાભાઈનો ગોપાળિયો છે તે દાદાભાઈનો ગુલામ થઈને રહ્યો છે. ગિરનારમાંથી લાકડાંનો ભારો લાવી, વેચી, તેની જે એક કોરી ઊપજે તેમાંથી અરધી કોરીનું અફીણ લે અને અરધી કોરીની બીજી વસ્તુઓ લે અને દાદાભાઈને ખવરાવે. એમ જે પરમેશ્વર અને મોટા સંતનો ગુલામ થઈને રહે તેનાથી કાંઈ આડું-અવળું થાય જ નહીં. જુઓને, તેને કોઈ બોલાવે કે 'ક્યાં મરી ગયો ગોપાળિયો.' પણ તેથી તેને કાંઈ માઠું નથી લાગતું."

આ સાંભળી કેશવચરણદાસે કહ્યું : "સ્વામી ! ખરી વાત છે. આવી સ્થિતિ થવી તે બહુ કઠણ છે."

એટલે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "આત્યંતિક મોક્ષ થાવો તે પણ ક્યાં સહેલું છે. માટે જેને એ મોક્ષ મેળવવો હોય તેને માટે આ બધી વાતુ છે. પણ આપણે તો પેટમાંથી પાણી હલવા દેવું નથી અને રોગ કાઢવો છે, પણ એમ કાંઈ રોગ જાય ? એ તો છાતીના ઘા લેવા અને છેલ્લો જન્મ કરી લેવો. શૂરવીર થાવું તો જ બને."

સ્વામીશ્રીની અતિ શૂરવીરપણાની વાતોથી કેશવચરણદાસે કહ્યું :

---

૫૪. જુઓ પરિશિષ્ટ : ૧/૨, પૃષ્ઠ ૪૧૯.

"સ્વામી ! આપ ખરું કહો છો." પોતે બહુ જ ખપવાળા હતા તેથી સ્વામીશ્રીની આ વાણી તેમના અંતરમાં સોંસરી ઊતરી ગઈ !

નગરદેશમાં વિચરણ

માગશર માસમાં સ્વામીશ્રી દેશમાં ફરવા નીકળ્યા. આ વખતે નગરદેશમાં વિચરણ કરવાનું હોવાથી સ્વામીશ્રી સીધા જામનગર પધાર્યા. અહીં જૂના મંદિરમાં ઉતારો કર્યો. આ દિવસે જાગા ભક્તને ઉપવાસ હતો. એટલે ઓસરીમાં બેસી નિષ્કુળાનંદ સ્વામીનાં રચેલાં 'સખી કારતક માસે કંથ પિયુ ગયા પરહરિ' વિરહના મહિમાનાં એ ચાર પદો ગાતા હતા. તે પદમાં આવ્યું કે 'સખી શીયો કરું રે ઉપાય, પિયુ પરદેશ રે.' તે સાંભળી સ્વામીશ્રીએ જાગા ભક્તને સભામાં બોલાવ્યા અને તે કીર્તન ફરી બોલાવ્યું. પછી સ્વામીશ્રીએ તે ઉપર વાત કરતાં કહ્યું : "પોતાના પિયુને પરદેશ સમજવા એ પણ મારા ગુરુનું એક અજ્ઞાન હતું કાં જે ભગવાન તો પોતાના આત્મામાં અખંડ વિરાજમાન છે તેને છેટે સમજવા એ અજ્ઞાન છે."

એ પ્રમાણે વાત કરી સ્વામીશ્રીએ કહ્યું : "અમને પણ એવું અજ્ઞાન એક દિવસ પળવાર માટે આવી ગયું હતું."

ત્યારે પૂછ્યું : "જે ગુરુ બીજાનું અજ્ઞાન કાઢી શકે તેને કદી અજ્ઞાન આવતું હશે ?"

એટલે સ્વામીશ્રીએ પોતાની વાત કરતાં કહ્યું : "જ્યારે શ્રીજીમહારાજે દેહોત્સર્ગ કર્યો, ત્યારે પીપળાવાડીએ જંગલ જતાં લીલી ધ્રો અમે જોઈ. એટલે વિચાર આવ્યો કે આ ધ્રોનું જીવન જળ છે. તેથી જેને જળનો યોગ છે તે ધ્રો લીલી છે ને જે જળથી છેટે પડી ગઈ છે તે સુકાઈ ગઈ છે. તેમ આપણું જીવન જે મહારાજ તે તો સ્વધામ પધારી ગયા ને આપણે અહીં ! આમ, વિચાર આવતાં જ મને મૂર્છા આવી ગઈ ને દેહ પૃથ્વી ઉપર પડી ગયો. તૂંબડી પણ આઘી જઈને પડી ગઈ. એટલામાં શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે દર્શન દઈ મને ઊભો કરી બાથમાં ઘાલીને મળ્યા અને ખભા પર માથું મૂકીને બોલ્યા : "સાધુરામ ! તમે બીજાની માફક મને મૂએલો જાણો છો ? હું ક્યાં છેટે ગયો છું ? હું તો તમારે વિષે અખંડ રહ્યો છું." એમ ત્રણ વખત કહીને અદૃશ્ય થઈ ગયા અને અંતરમાં અખંડ દેખાવા લાગ્યા. આમ, પોતાને

પળવાર જે અનુભવ થયો હતો તે વાત સ્વામીશ્રીએ સભામાં કરી.

ડાંગરામાં કરેલી ત્રણ અલૌકિક વાતો

સ્વામીશ્રી જામનગર ચાર દિવસ રોકાયા. પછી ત્યાંથી નીકળી ખોખરી પધાર્યા. અહીં પાદરમાં કૂવો હતો તે પાસે આવ્યા અને બોલ્યા : "બાલમુકુન્દદાસ ક્યાં ગયા ? આજ મને ત્રણ દિવસે ભૂખ લાગી છે."

એટલે બાલમુકુન્દદાસ સ્વામીએ ચોખા રાંધ્યા. પછી તેમાં થોડો ગોળ નાખીને સ્વામીશ્રીને જમાડ્યા. ત્યાંથી પછી સ્વામીશ્રી ડાંગરા પધાર્યા. અહીં જગુભાઈ તથા રવાજીભાઈએ બહુ સેવા કરી. ત્યાંથી ચાલતી વખતે જગુભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપના સમાગમની ઘણી જ તાણ રહે છે પણ સંસારની કડાકૂટમાંથી અવકાશ મળતો નથી."

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "આજથી તમને અહીં બેઠાં હું જૂનાગઢમાં જે જે વાતો કરીશ તે સંભળાશે." આ પ્રમાણે તેમના ઉપર કૃપા કરીને તેમને નિરાવરણ કરી દીધા. પછી સ્વામીશ્રીએ સભામાં અલૌકિક વાતો કરી. તેમાં ત્રણ વાતો સ્વામીશ્રીએ મુખ્યપણે કરી : (૧) "અનંત ભગવાનના ભગવાન અહીં બેઠા છે. (૨) આજ તો કૂબે હાથી બાંધ્યો છે, અને (૩) આ સાધુમાં ચોવીસે અવતાર આવી ગયા. આ પ્રમાણે વાતો કરી સ્વામીશ્રી ત્યાંથી જૂનાગઢ જવા નીકળ્યા એટલે જગુભાઈ, રવાજીભાઈ વગેરે હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા ચાલ્યા. રવાજી તો સ્વામીશ્રીની ઘોડીનું પેગડું ઝાલી નદી સુધી આવ્યા. પછી તેમણે સ્વામીશ્રીને કહ્યું : "દયાળુ ! મને એક વર આપો કે મારા ગામમાં કોઈને જમ તેડવા ન આવે."

તે સાંભળી સ્વામીશ્રીએ તેમના તરફ કરુણા દૃષ્ટિ કરીને કહ્યું : "જમ કોઈને તેડવા નહીં આવે પણ એક હરખા બ્રાહ્મણને તેડવા આવશે. કાં જે તેણે શ્રીજીમહારાજનો બહુ દ્રોહ કર્યો છે. તમે તે દેખશો પણ ખરાં."[૫૫] એ પ્રમાણે વરદાન આપી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા.

સ્વામીશ્રી ડાંગરેથી નીકળ્યા. પરંતુ બેસવાની જગ્યાએ સ્વામીશ્રીને ગૂમડું થયું હતું એટલે ઘોડીએ બેસી શકાય તેમ ન હતું. તેથી બે સાધુને ગાડું

---

૫૫. હરખા બ્રાહ્મણે જ્યારે દેહ મૂક્યો ત્યારે તેને જમ તેડવા આવ્યા અને રવાજીએ તથા બીજા હરિભક્તોએ તેમને દેખ્યા પણ ખરા.

લેવા ગામ વડે મોકલ્યા. તે સાધુઓએ વડે જઈને ત્યાંના હરિભક્તોને કહ્યું : "સ્વામીને ગૂમડું થયું છે તેથી ઘોડીએ બેસાય એવું નથી. માટે તમે ગાડું લઈને જાઓ."

એટલે ત્યાંના હરિભક્તો રાજોભાઈ અને પોપટ વગેરે ત્રણ જણ ગાડું જોડીને સ્વામીશ્રીને તેડવા સારુ હડમતિયે જવા ચાલ્યા. પરંતુ સ્વામીશ્રી તો ઘોડીએ બેસીને નીકળ્યા હતા. રસ્તામાં ગામ ઈટાળું આવ્યું. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમે નાના હતા ત્યારે આ ગામની સીમમાં બળદ ચારવા સારુ આવતા." પછી ત્યાંથી ચાલ્યા અને ગામ વિસામણ આવ્યા.

અહીં સ્વામીશ્રીએ કહ્યું : "હવે તો ગૂમડું બહુ દુઃખે છે એટલે ઘોડીએ નહીં બેસાય."

એટલામાં તો વડા ગામનું ગાડું દેખાણું. સ્વામીશ્રી ઘોડી ઉપરથી ઊતરીને ગાડામાં ચડ્યા અને બે હાથ ઝાલીને વચ્ચે ઊભા રહ્યા. પરંતુ ધડકો લાગવા માંડ્યો એટલે ઊતરી ગયા. પછી કહ્યું : "બે જણા સરખા હોય તે આવો." પછી પીપળીવાળા હળધરજી તથા બીજા એક હરિભક્તનાં કાંડાં પકડી સ્વામીશ્રી ચાલ્યા. તેમને બંનેને સ્વામીશ્રીએ કહ્યું : "છોકરાઓ ! ખબડદાર રહેજો." એમ કહીને ચાલ્યા. સ્વામીશ્રી એવા ઉતાવળા ચાલવા લાગ્યા તે કોઈ પહોંચી શક્યા નહીં. ડાંગરાના રવાજી પણ સ્વામીશ્રી સાથે હતા. તે તો પોતાના જોડા હાથમાં લઈને દોડ્યા પરંતુ પહોંચી શક્યા નહીં. સ્વામીશ્રી તરફ દૂરથી જોતાં તેને એમ દેખાયું કે 'સ્વામીશ્રી જાણે પૃથ્વીથી અદ્ધર ચાલ્યા જાય છે.' સ્વામીશ્રી આગળ જઈને ઊભા રહ્યા ત્યારે સૌ તેમને આંબી શક્યા.

સ્વામીશ્રીને તે વખતે વડાના હરિભક્ત પોપટે પૂછ્યું : "સ્વામી ! તમારામાં માણસો બહુ કેમ તણાય છે ?"

સ્વામીશ્રી આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "ભાઈ ! અમે કાંઈ કામણ-ટૂમણ જાણતા નથી. અમે તો મહારાજની મૂર્તિને અખંડ ધારી રહ્યા છીએ. તેથી સૌ એ મહારાજની મૂર્તિમાં તણાય છે."

લોભનું રૂપ

સ્વામીશ્રી વડા ગામમાં પહોંચ્યા. અહીં મંદિરમાં ઉતારો કર્યો. ગામમાં

ખબર પડી એટલે સૌ મંદિરમાં આવવા લાગ્યા. સ્વામીશ્રીએ સભામાં ઘણી વાતો કરી. પછી સ્વામી બાલમુકુન્દદાસજી વાતો કરવા લાગ્યા. તેમાં લોભનું રૂપ કરતાં બોલ્યા : "લોભ બધાં પાપોનું મૂળ છે, રસ બધા રોગોનું મૂળ છે અને સ્નેહ બધાં દુઃખોનું મૂળ છે. માટે એ ત્રણેને જે તજે છે તે સુખી થાય છે. લોભ સારામાં અને નરસામાં બધે આડો ફરે છે. પછી જ્યાં એકગણું આપવાથી હજારગણું ફળ મળે તેવું પાત્ર હોય, ત્યાં પણ ન દેવાય."

તે સાંભળી સ્વામીશ્રી બેઠા થયા અને બોલ્યા : "એ લોભનું રૂપ નહીં. લોભ તો એનું નામ જે આવા મોટાપુરુષ પોતાને ગામ પધાર્યા હોય ત્યારે પણ બીજા વ્યવહાર મૂકીને ઘડી વાર તેમની પાસે બેસાય નહીં તે લોભ; તથા વરસમાં એક મહિનો સાધુ સમાગમ ન કરાય તે લોભ !"

એટલી વાત કરી ત્યાં ખીમો પટેલ આવ્યા એટલે સ્વામીશ્રી તેને ઘેર પધરામણીએ પધાર્યા. બીજે દિવસે સ્વામીશ્રી વડાથી નીકળી લોધિકા પધાર્યા.

સ્વામીશ્રી લોધિકા પધાર્યા અને મંદિરમાં ઉતારો કર્યો. દરબાર અભયસિંહજીએ સારું સ્વાગત કર્યું. બીજે દિવસે દરબારે મોતિયા લાડુની રસોઈ મોકલાવી. પરંતુ પોતે ધ્યાનમાં બેઠા. ત્રીજે દિવસે પણ તેમજ કર્યું. એટલે સ્વામીશ્રી આકળા થઈને ગામ ઠેબચડાના નારણજીભાઈને કહ્યું : "અભેસિંહભાઈને જઈને કહો કે અમે તમારા મોતિયા સારુ નથી આવ્યા. અમે તો વાતો કરવા આવ્યા છીએ. તમારા ધ્યાન કરતાં અમારું જ્ઞાન કરોડગણું અધિક છે. કાં જે શુકજી પણ ધ્યાનમાંથી જાગીને શ્રીમદ્‌ભાગવત ભણ્યા હતા.[૫૬] માટે જ્ઞાન શીખશો તો જ ધ્યાન ટકશે." નારણજીભાઈએ દરબારને આ પ્રમાણે કહ્યું એટલે દરબાર તરત જ કથામાં આવ્યા. કથા સાંભળ્યા પછી ધ્યાનનું નિયમ રાખ્યું.

ગુરુને સામા ધાવ્યા છો ?

સ્વામીશ્રી દરબારને સંબોધીને વાત કરતા હતા તે વખતે ગઢડાવાળા રૂગનાથચરણદાસ સ્વામીશ્રીનો પગ દાબવા લાગ્યા અને ધીરેથી કહ્યું : "દરબાર મોટું માણસ કહેવાય તેથી ધીમે કહો નહીં તો ખોટું લાગશે."

૫૬. परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥

એટલે સ્વામીશ્રી દરબારને કહેવું છોડી રૂગનાથચરણદાસને કહેવા લાગ્યા : "શ્રીકૃષ્ણ ભગવાને ઉપનિષદોની ગાય કરી અને અર્જુનનો વાછડો કરી ગીતારૂપી અમૃત દોહી તેને પાયું." એમ કહીને શ્લોક બોલ્યા :

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥

"તેમ અર્જુનની પેઠે ગુરુને સામા ધાવ્યા છો ? તે જે સામા ધાવ્યા હોય તો પંચવિષયમાં ગુડિયું વાળે જ નહીં." આ પ્રમાણે કહીને પછી પોતાના પૂર્વાશ્રમની વાત કરતાં કહ્યું : "અમે પૂર્વાશ્રમમાં ઘેર હતા ત્યારે શેરડીનો વાઢ કર્યો હતો. તે ખેતી સારુ જોડિયા બંદર બળદ લેવા ગયા હતા." તે વાત વિસ્તારપૂર્વક કહીને કહ્યું : "સામા ધાવ્યા હોય તો પંચવિષયમાં ગુડિયું વાળે જ નહીં." પછી અભયસિંહ દરબારને વાત કરતાં કહ્યું : "સો વાતની એક વાત છે. મહારાજ સર્વોપરી પુરુષોત્તમનારાયણ છે. અમને સાચા બોલા સમજો તો આ વાત સમજાય."

એટલે દરબારે હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપની વાતથી મને મહારાજનું સ્વરૂપ સમજાયું."

તે વખતે સ્વામીશ્રીનું ગૂમડું ફૂટ્યું. એટલામાં 'હરે' થયા એટલે સ્વામીશ્રી ધોતિયું બદલાવીને જમવા પધાર્યા. જમીને થોડો આરામ કર્યા બાદ ઠાકોરજી જાગ્યા એટલે સ્વામીશ્રી દરબારમાં પધરામણીએ પધાર્યા.

બીજે દિવસે લોધિકાથી નીકળી સ્વામીશ્રી રાજકોટ પધાર્યા. અહીં ઉત્તરાદાબારના મંદિરમાં ઊતર્યા. હાથપગ ધોઈ, સ્વામીશ્રી ગાદી-તકિયે વિરાજ્યા અને હરિભક્તોને ઉપદેશની ઘણી વાતો કરી.

તારી રસોઈ નથી જમવી

વળતે દિવસે સવારના સ્વામીશ્રી નાહીને પૂજા કરતા હતા. રસોઈ માટે રાઘવ મિસ્ત્રીએ દૂધના દેગડા મોકલ્યા તે બધા ઓશરીમાં મૂક્યા હતા. એટલામાં મિસ્ત્રી સાકર અને શાક લઈને આવ્યા અને રામચરણદાસને કહ્યું : "સ્વામી ! આ દૂધ આવી ગયું છે. સાકર પણ લાવ્યો છું. માટે દૂધપાકની રસોઈ બનાવો."

તે સાંભળી સ્વામીશ્રી મંદિરમાં હતા ત્યાંથી બોલ્યા : "શું છે ?"

ત્યારે રાઘવ મિસ્ત્રીએ કહ્યું : "સ્વામી ! આજ મારી રસોઈ છે તે દૂધપાક કરાવવો છે તે માટે દૂધ વગેરે લાવ્યો છું."

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : "એ તો ઠીક. પણ ધર્મ પાળીશ ?"

ત્યારે રાઘવ મિસ્ત્રીએ હા-ના કહેતાં કહ્યું : "મહારાજ ! હું તમારો કૂતરો છું એમ માનો."

તેનું આવું વચન સાંભળી સ્વામીશ્રી એકદમ અકળાઈ ગયા, પછી કહ્યું : "ઉપાડ તારા દેગડા અહીંથી, અમારે તારી રસોઈ નથી જમવી. ધર્મભ્રષ્ટનું અનાજ સાધુ જમે તો સાધુની બુદ્ધિ ભ્રષ્ટ થાય." એમ કહી તેના દૂધના દેગડા સ્વામીશ્રીએ ઉપડાવ્યા.

તે વખતે ત્યાં નારણપ્રેમી અને બીજા હરિભક્તો ઊભા હતા. સ્વામીશ્રીએ નારણપ્રેમી સામું જોઈને કહ્યું : "તારા ઘરમાં બાજરાનો લોટ હોય તો લાવ."

પછી બીજા હરિભક્તોને કહ્યું : "જાઓ, અમારા માટે હરિભક્તોને ઘેરથી લોટ માગી લાવો."

એટલે સૌ હરિભક્તો ગયા અને સાધુઓ પંદર દિવસ જમે એટલો લોટ, ઘી, ગોળ, અડદની દાળ, ખીચડી વગેરે લઈ આવ્યા. પછી સ્વામીશ્રીએ બાજરાના રોટલા, અડદની દાળ અને ખીચડી કરાવ્યાં. સ્વામીશ્રી નિષ્કામ ધર્મનું પ્રતિપાદન સદા કરતા અને તેમાં કોઈને ફેર પડ્યો હોય તે તેઓ કદી ચલાવી લેતા નહીં. મહારાજ જેમ કહેતા કે 'અમે જે દિવસથી પ્રગટ થયા છીએ, તે દિવસથી નિષ્કામી વર્તમાનને જ અતિશય દૃઢ કરતા આવ્યા છીએ.'[૫૭] તેમ સ્વામીશ્રી પણ નિષ્કામ ધર્મનું અતિશય પ્રતિપાદન કરતા. રસોઈ જમ્યા પછી થોડો આરામ કર્યો. પછી ઠાકોરજી જાગ્યા એટલે પોતે સભામાં પધાર્યા.

એટલામાં ત્યાં કાનજીભાઈ આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મારી વાડીએ નાહવા પધારો."

એટલે સહુ સંતો સાથે સ્વામીશ્રી તેની વાડીએ નાહવા પધાર્યા. નાહીને સ્વામીશ્રી ત્યાં ધ્યાન કરવા બેઠા. સ્વામીશ્રી જ્યારે જ્યારે રાજકોટ પધારતા ત્યારે કાનજી ભગતની વાડીએ નાહવા પધારતા અને ત્યાં ધ્યાન કરવા

૫૭. ગ. મ. ૩૩.

બેસતા. આવું એ મહાપ્રસાદીનું સ્થાન છે. આ સ્થાનનો આવો મહિમા સમજીને ત્યાં દેરી કરીને હનુમાનજી પધરાવ્યા છે.

અમે આ બ્રહ્માંડની બહારના છીએ

સ્વામીશ્રીએ રાજકોટમાં રહી હરિભક્તોને સુખ આપ્યું. પછી રાજકોટથી નીકળી ગોંડળ પધાર્યા. ગોંડળ એક દિવસ રોકાઈને સ્વામીશ્રી જેતપુર પધાર્યા. અહીં સ્વામીશ્રીનાં દર્શન કરવા સૌ હરિભક્તો આવ્યા. સ્વામીશ્રી સભામાં બેસી સૌને વાતો કરતા હતા. તે સભામાં વાણિયાવાળી વણથળીના કુંભાર હરિભક્ત બેઠા હતા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : "કીર્તન બોલો." એટલે તે 'મરમાળા રે...' એ મૂર્તિનાં કીર્તન બોલવા લાગ્યા. તે સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પછી તેમને કહ્યું : "તમે મૂર્તિનાં કીર્તનો બોલ્યા તે સાંભળી અમે બહુ રાજી થયા છીએ. પરંતુ તમને આપીએ એવી કોઈ વસ્તુ આ બ્રહ્માંડમાં નથી. છતાં લ્યો, આ નાળિયેર તમને આપીએ છીએ. તે અમારું આપેલું છે એટલે તે આ બ્રહ્માંડની ચીજ ન કહેવાય, કેમ કે અમે પણ આ બ્રહ્માંડની બહારના છીએ. માટે અમને જે ચીજ અડી તે પણ બ્રહ્માંડની બહારની જ થઈ જાય છે." એમ કહીને સ્વામીશ્રીએ તે ભક્તને એક નાળિયેર આપ્યું. પછી જે ઠેકાણે રામાનંદ સ્વામીએ મહારાજને ગાદીએ બેસાર્યા હતા તે પ્રસાદીની જગ્યાએ સ્વામીશ્રી, સ્વામી બાલમુકુન્દદાસજીનું કાંડું ઝાલીને, સંત-હરિભક્તોની સાથે દર્શને પધાર્યા. પછી બોલ્યા : "આંહીં રામાનંદ સ્વામીએ મહારાજને ગાદીએ બેસાર્યા હતા. ત્યારે અમે તથા નિષ્કુળાનંદ સ્વામી ઘેરથી આવ્યા હતા. આ જગ્યા બહુ પ્રસાદીની છે." આ પ્રમાણે શ્રીજીમહારાજના પ્રસંગોની ઘણી વાત કરી.

એટલે હરિભક્તોએ કહ્યું : "સ્વામી ! એવું આ પ્રસાદીનું સ્થાન છે તો આંહીં દેરી કરી હોય તો સારું."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "દેરી તો શું પણ આંહીં તો મોટું મંદિર થશે. સોનાના કળશ ચડશે, સોનાનાં સિંહાસન થાશે અને આરસ પથરાશે."

પછી સ્વામીશ્રી ભાદર નદીએ નાહવા પધાર્યા. અહીં પણ મહારાજની લીલાની વાતો કરી. નાહીને મંદિરે પધાર્યા. સ્વામીશ્રી જેતપુરમાં એક દિવસ રહીને ત્યાંથી ગામ સાંકળી પધાર્યા.

અહીંના હરિભક્તો પટેલ જેઠો તથા સુથાર ગોવિંદ વગેરેએ સ્વામીશ્રીનું ધામધૂમથી સામૈયું કર્યું. સ્વામીશ્રી મંદિરે પધાર્યા. અહીં સભા થઈ અને સ્વામીશ્રીએ કેટલીક ઉપદેશની વાતો કરી. એટલામાં હરિભક્તો રસોઈનો સામાન લાવ્યા. એટલે સાધુઓએ રસોઈ કરી ઠાકોરજીને થાળ ધરાવ્યો. સ્વામીશ્રી તથા સૌ સંતો જમ્યા. પછી ગોવિંદ સુથારે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ મંદિરના ફળિયામાં કૂવો ગાળવો છે તે તમે ચીંધો ત્યાં ગાળીએ."

તે સાંભળી સ્વામીશ્રીએ બજારના કાંઠા ઉપર જગ્યા બતાવી અને કહ્યું : "આંહીં કૂવો ગાળજો. તેમાં અરધ મંદિરમાં રાખવો અને અરધ બહાર રાખવો. તેથી ગામના લોક પાણી ભરે અને કૂવાનું પાણી સારું રહે. વળી, મંદિરમાં ગામના લોકોને પાણી ભરવા દેવું ન પડે." એ પ્રમાણે બતાવીને પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળી ગામ ચોકી પધાર્યા.

સ્વામીશ્રી અહીં મીઠા ઠક્કરને ઘેર ઊતર્યા. પછી ઠક્કર પ્રેમજીને ઘેર પધરામણીએ પધાર્યા. પ્રેમજી ઠક્કરના ફળિયામાં બોરડીનું ઝાડ હતું. તેની એક ફાંસ સ્વામીશ્રીના પગમાં વાગી. તેથી પ્રેમજી ઠક્કર દિલગીર થઈ ગયા અને બોલ્યા : "સ્વામી ! આપને કાંટો વાગ્યો તે બહુ ખોટું થયું."

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "એ તો બહુ સારું થયું. અમને અહીં કાંટો વાગ્યો એવું સૌ સંભારશે તેથી તેનું સારું થશે અને આ બોરડીનું પણ સારું થશે."

ત્યારબાદ તે હરિભક્તે સ્વામીશ્રીની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રીએ તેના દીકરા ભીમજીને વર્તમાન ધરાવ્યાં. ત્યાંથી નીકળી સ્વામીશ્રી ઠક્કર મોનજી મીઠાને ઘેર પધરામણીએ પધાર્યા.

ચોકીમાં સ્વામીશ્રી બે દિવસ રહ્યા. પછી ત્યાંથી સંત-હરિભક્તોના મંડળ સાથે નીકળીને સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા.

વેરાવળમાં

સ્વામીશ્રી જૂનાગઢમાં એક-બે દિવસ રહીને પછી નવી ધર્મશાળા માટે વલસાડથી લાકડાં આવ્યાં હતાં તે જોવા વેરાવળ બંદરે પધાર્યા. અહીં કપુરચંદ શેઠના વંડામાં ઉતારો કરી, સ્વામીશ્રી બંદરે લાકડાં જોવા પધાર્યા.

સ્વામીશ્રી દરિયાના પાણીથી સો હાથ દૂર ઊભા હતા. એટલામાં સમુદ્રનું મોજું એકદમ આવ્યું અને સ્વામીશ્રીના પગની એક મોજડી ખેંચી ગયું. સ્વામીશ્રી તરત જ પાણીની બહાર આવ્યા. તે દરમ્યાન જાગા ભક્તે પાણીમાં ખેંચાઈ ગયેલી મોજડી શોધી કાઢી અને ધોઈને સ્વામીશ્રીને પહેરાવી. એટલે ઘનશ્યામદાસજી બોલ્યા : "સ્વામી ! એક વખત શ્રીજીમહારાજ માંગરોળ સમુદ્રકાંઠે પધાર્યા હતા. તે વખતે સમુદ્ર આવીને શ્રીજીમહારાજની મોજડી ખેંચી ગયો, પછી શ્રીજીમહારાજે બીજી મોજડી પણ સમુદ્રને આપી દીધી."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "એ તો શ્રીજીમહારાજ માટે એમ કહેવાય." પછી ત્યાં વહાણમાં આવેલાં લાકડાં જોઈ સ્વામીશ્રી ઉતારે પધાર્યા. અહીં એક રાત રહી સ્વામીશ્રી બીજે દિવસે વહેલી સવારે વેરાવળથી નીકળી આદરીદારી ગામે આવ્યા. સ્વામીશ્રી સાથે જાગા ભક્ત, પ્રાગજી ભક્ત, મનજી ઠક્કર તથા અચિંત્યાનંદ બ્રહ્મચારી વગેરે હતા.

ભગવાનનો અને મોટા સાધુનો મહિમા

સ્વામીશ્રી ગાડીમાં સૂતા હતા. તે વખતે સૂર્યનાં કિરણો સ્વામીશ્રીના મુખકમળ ઉપર પડતાં હતાં. તેથી સ્વામીશ્રીનું મુખકમળ લાલ દેખાતું હતું અને અતિ શોભતું હતું. સ્વામીશ્રી તેથી બેઠા થઈ ગયા અને બોલ્યા : "જુઓને, એક પુરુષ ઊગ્યો તે પચાસ કરોડ જોજન પૃથ્વીમાંથી અંધારું ટળી ગયું." એમ કહીને બોલ્યા : "જેવું છે તેવું શ્રીજીમહારાજનું અને આ સાધુનું જેને જ્ઞાન હોય તેની સમજણ કેવી હોય ?" પછી સ્વામીશ્રીએ જાગા ભક્તને કહ્યું : "બ્રહ્મચારીને બોલાવો. તે આ પ્રશ્નનો ઉત્તર કરશે."

તે વખતે અચિંત્યાનંદ બ્રહ્મચારી ઘોડી ઉપર પાછળ આવતા હતા. તેમને સ્વામી પાસે બોલાવ્યા. એટલે તેઓ ઘોડી દોડાવીને આવ્યા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : "આ જાગા ભક્ત પ્રશ્ન પૂછે છે તેનો ઉત્તર કરો." એટલે બ્રહ્મચારી તો જોઈ જ રહ્યા, કેમ કે પ્રશ્ન સાંભળ્યા વિના શું ઉત્તર કરે ? ત્યારે સ્વામીશ્રીએ તેમના સામું જોઈને કહ્યું : "તમારી શ્રુતિઓ બોલો."

પરંતુ શ્રુતિઓ ઘણી હોય તેમાંથી કઈ શ્રુતિ બ્રહ્મચારી બોલે ? તેમની મૂંઝવણ જાણી સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'બોલો यो वेत्ति.'

એટલે બ્રહ્મચારી તે શ્રુતિ બોલ્યા : "यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः ।" પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "હવે તેનો અર્થ કરો."

એટલે બ્રહ્મચારીએ તે શ્રુતિનો અર્થ કર્યો.

ત્યાર પછી સ્વામીશ્રી તે શ્રુતિનો અર્થ વિસ્તારપૂર્વક કરતાં બોલ્યા : "यो કહેતાં જે ભગવાન, वेत्ति એટલે જાણે છે, ને युगपत् કહેતાં એક કાળાવચ્છિન્ન, सर्वं કહેતાં જીવકોટિ, ઈશ્વરકોટિ, પુરુષકોટિ વગેરે સર્વને, प्रत्यक्षेण કહેતાં જેમ હથેળીમાં જળનું ટીપું દેખે તેમ, सदा એટલે ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં, स्वतः કહેતાં પોતાની મેળે જ પણ કોઈની મદદથી નહીં." આ પ્રમાણે શ્રુતિનો વિસ્તારથી અર્થ સ્વામીશ્રીએ સમજાવ્યો.

પછી સ્વામીશ્રીએ ફરી કહ્યું : "જે ભગવાન જીવકોટિ, ઈશ્વરકોટિ આદિ સર્વેને; એકકાળાવચ્છિન્ન; ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય કાળને વિષે; સ્વતંત્રપણે; હથેળીમાં જળના ટીપાની માફક દેખ્યા કરે છે; એવી જેની સમજણ હોય તેણે ભગવાનને અને મોટા સાધુને જેમ છે તેમ જાણ્યા કહેવાય."

ત્યારે જાગા ભક્તે કહ્યું : "જેને એવી સમજણ હોય તેનાથી ભૂંડું આચરણ કેમ થાય ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "જેને એવી સમજણ હોય તેને તો ભૂંડો સંકલ્પ પણ ન થાય તો ભૂંડું આચરણ તો થાય જ કેમ ? માટે જેટલું ભૂંડું આચરણ થાય છે તેટલું અજ્ઞાન છે ને જેટલું અજ્ઞાન છે તેટલો કુસંગ છે."[૫૮]

આ પ્રમાણે પોતાના સ્વરૂપનો અને શ્રીજીમહારાજના સ્વરૂપનો મહિમા સ્વામીશ્રીએ બ્રહ્મચારીને સમજાવવા સારુ કહ્યો. આમ, વાત કરતાં કરતાં સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા.

પુનઃ જૂનાગઢમાં

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા તે ખબર પડી એટલે ગામ લીલિયાથી માવજીભાઈ, ડોસાભાઈ તથા પૂજાભાઈ આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! હવે અમે શું કરીએ ? પોર અમારું ગામ સળગ્યું. વળી, ઘરમાં પણ માણસો હજુ માંદા આળસતા નથી. વળી, મંદવાડના વાયરામાં બે મરી

૫૮. સ્વામીની વાતો : ૩/૧૫.

પણ ગયા. શીળીના રોગમાં બળદ પણ બધા મરી ગયા. હવે તમે કહો તેમ કરીએ. કહો તો કુંકાવાવ જઈને રહીએ.''

એટલે સ્વામીશ્રીએ તેમને ધીરેથી કહ્યું : ''જ્યાં જશો ત્યાં સુખ અને દુઃખ બંને ભેળાં છે. ક્યાંય દુઃખ વિનાનું સુખ નથી. એવું દુઃખ વિનાનું સુખ તો એક અક્ષરધામમાં જ છે. માટે જ્યાં છો ત્યાં જ રહો અને હવે સુખી થાશો.''

ત્યારે માવજીભાઈએ કહ્યું : ''સ્વામી ! આ પૂજો કહે છે કે કુંકાવાવે જઈએ.''

પછી સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''એને પટલાઈ આપો એટલે પછી જવાનું નહીં કહે ને ભાર ઉપાડીને મોર્ય ચાલશે.''

ફાગણ સુદ પૂનમનો સમૈયો પાસે આવતો હતો એટલે વણથળીના લક્ષ્મીદાસ પટેલ અગાઉથી આવી ગયા હતા. તે સભામાં બેઠા હતા. તેમને સ્વામીશ્રીએ કહ્યું : ''આ માવજીભાઈને બળદ લઈ દેજો. એ બહુ સારા હરિભક્ત છે પણ અહીંના અજાણ્યા એટલે કોઈ તેમને રૂપિયા ધીરે નહીં. માટે તમે વચ્ચે રહીને તેમને રૂપિયા અપાવો. પછી તમને તે રૂપિયા ભરી દેશે.''

સ્વામીશ્રીનું આ વચન લક્ષ્મીદાસ પટેલે માથે ચડાવ્યું અને તરત બત્રીસ બળદ તેમને અપાવ્યા. પછી માવજીભાઈ પોતાને ગામ ગયા. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે પૂજાભાઈને પટલાઈ આપી. ખેતી શરૂ કરી અને તલ વાવ્યા. સાઠથી સિત્તેર ખાંડી તલનો પાક ઊતર્યો તેથી વ્યવહારે સુખી થઈ ગયા. લક્ષ્મીદાસ પટેલની રકમ પણ તેમણે ભરી દીધી. આમ, સ્વામીશ્રીની તેમના ઉપર કૃપા થઈ એટલે વ્યવહારે પણ સર્વ પ્રકારે સુખી થઈ ગયા !

ગુણાતીતની ગુણાતીત વાતુ

સ્વામીશ્રી શણગાર આરતી પછી સભામાં વિરાજ્યા હતા. આગળ કેટલાક સંત-હરિભક્તો સ્વામીશ્રીની વાતો સાંભળતા હતા. સ્વામીશ્રી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતોની સાથે સાથે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની વાતો પણ સમજાવતા હતા. સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'વેણે વેણે મહારાજના મહિમાની વાતો આવે ત્યારે વાત કરી કહેવાય.'

કેવળ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય તો જગતમાં ઘણા સત્ત્વગુણી પુરુષોમાં

જોવામાં આવે છે. પરંતુ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન જ્યાં સુધી અંતરમાં દૃઢ ન થયું હોય, ત્યાં સુધી આત્યંતિક કલ્યાણ થવાનું જ નથી.

સ્વામીશ્રીની વાતોથી આકર્ષાઈ બંને દેશના હરિભક્તો, સંતો, જૂનાગઢ આવ્યા જ કરતા. એ ગુણાતીત વાતુ સાંભળી સૌને એકાંતિક ધર્મ સિદ્ધ કરવામાં વિક્ષેપ કરતી પોતાની ખોટ સમજાતી. સ્વામીશ્રી તેમની તે ખોટ આશીર્વાદથી દૂર કરી તેમને શુદ્ધ કરતા. સત્સંગમાં ઘણા વિદ્વાનો હતા પરંતુ તેમની વાતોમાં વિદ્વત્તાનું પીંજણ દેખાતું. નિત્યાનંદ સ્વામી પણ અગાઉ જ્યારે જૂનાગઢ આવતા હતા ત્યારે સ્વામીશ્રીની વાતો સાંભળી કહેતા કે 'સ્વામીની વાતો તો બહુ ભારે ! મોટા મોટા વિદ્વાનોની વાતો સાંભળી છે પણ મહારાજના સ્વરૂપનું ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું આવું નિરૂપણ હજુ સુધી સાંભળ્યું નથી. આ તો સાક્ષાત્ ગુણાતીત ! મહારાજે જેવા વર્ણવ્યા હતા તેવા જ છે.'

આવો જ અનુભવ ભાઈ આત્માનંદ સ્વામીને પણ સ્વામીશ્રીની વાતો સાંભળીને થયો હતો. શુકમુનિ પણ સુરતમાં સભામાં કહેતા કે 'જેવો મહારાજની વાતોથી સમાસ થતો, તેવો આજ ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી સમાસ થાય છે.' આમ, મોટા સદ્‌ગુરુઓ અને હજારો હરિભક્તો ગુણાતીતની ગુણાતીત વાતો સાંભળી શાંતિ અનુભવતા.

સ્વામીશ્રીની વાતો સાંભળતાં સભાજનો સ્થિર થઈ ગયા હતા. તે વખતે ખારચિયાના હરિભક્ત લખો રાજગોર તેના ભાઈને લઈને સભામાં આવ્યો. દૂરથી સ્વામીશ્રીનાં તેણે દર્શન કર્યાં, દંડવત્ કર્યા. ત્યારે સ્વામીશ્રીએ તેને પાસે બોલાવ્યો. તેને આનંદ આનંદ થઈ ગયો. આવી મોટી સભામાં મારા જેવા એક નાના માણસને સ્વામીશ્રીએ બોલાવ્યો ! તે તેના ભાઈ જગા રાજગોરને લઈને સ્વામીશ્રી પાસે આવ્યો. તે બંને ભાઈઓ સ્વામીશ્રીને પગે લાગ્યા. પછી લખાએ કહ્યું : ''સ્વામી ! આ મારો ભાઈ જગો દર્શને આવ્યો છે. આપ તેને વર્તમાન ધરાવી દ્યો.''

તેથી સ્વામીશ્રીએ તેને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી અને તેને માથે બે હાથ મૂકીને બોલ્યા : ''આગળ જતાં આ બહુ સારો ભગત થશે.''

એમ કહી સ્વામીશ્રી સભામાંથી ઊઠ્યા અને મંદિરના ચોકમાં કાંઈક કામ નિમિત્તે પધાર્યા. તે વખતે ચોકમાં મહુવાના શામજીભાઈનો પુત્ર

નારણજી રમતો હતો. સ્વામીશ્રીને જોઈ તે એકદમ દોડ્યો અને સ્વામીશ્રીના પગમાં પડી ગયો. સ્વામીશ્રી તેના સંસ્કાર જોઈ બહુ જ રાજી થયા. પોતાની ડોકમાં હાર હતો તે તેના ગળામાં પહેરાવી સ્વામીશ્રી બોલ્યા : ''આ છોકરો આગળ જતાં સમજુ થશે અને બહુ મોટો સત્સંગી થાશે.''

આમ, આ છોકરા ઉપર સ્વામીશ્રીની એકદમ દૃષ્ટિ પડી ગઈ ! દયાળુ સ્વામીશ્રી જીવો ઉપર અકારણ દયા વર્ષાવતા જ હતા. હવે જાણે ધામમાં જવું હોય અને રખે કોઈ જીવ આ અભયદાનની રસલહાણ ચાખ્યા વગર રહી જાય ! જેના ઉપર સ્વામીશ્રીની દૃષ્ટિ પડતી તેનાં ભાગ્ય ઊઘડી જતાં ! પશુ કોટિના બગલિયા બળદ ઉપર પણ સ્વામીશ્રીની દૃષ્ટિ પડી હતી તેથી તે પણ રોજ સ્વામીશ્રીની વાતો સાંભળવા ચોકમાં આવીને બેસતો અને કથાની સમાપ્તિ થાય ત્યારે ઊઠતો. ઘણી વાર તો સ્વામીશ્રી તેની પાસે આવીને તેના શરીરે હાથ ફેરવે પછી જ તે કોઢ્યમાં જતો. શ્રીજીમહારાજના સંબંધે સ્વામીશ્રીની મૂર્તિ દ્વારા સૌને સાક્ષાત્ મહારાજનું સુખ આવતું.

ગામ ચરખાના ગરાસિયા દેવદાનવાળો તથા તેનો ભાઈ જીવણોવાળો, તેમનો ગરાસ તેમના ભાયાતોએ દબાવી દીધો હતો એટલે બહુ દુ:ખી થઈ ગયા હતા. આ સંજોગોમાં બહારવટે ચડવું કે તકરાર કરી માથાં વઢાવવાં - તે સિવાય બીજો કોઈ ઉપાય ગરાસ પાછો મેળવવા માટેનો તેમને સૂઝતો ન હતો. પરંતુ તેમનાં માતુશ્રી ધીરજવાળાં હતાં. તેમને થયું કે જૂનાગઢના જોગી મહાપ્રતાપી છે અને વળી દયાળુ પણ છે. તેમને જો પ્રાર્થના કરીએ અને તે આશીર્વાદ આપે, તો ગરાસ પાછો મળે. એમ વિચાર કરી જૂનાગઢ આવ્યાં. અહીં આવી સ્વામીશ્રીને તેમણે પોતાનાં દુ:ખની હકીકત કહેવરાવી. ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહેવરાવ્યું : ''તમે સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો રાખજો અને તમારા ગામમાં મંદિર કરાવજો. મહારાજ સારું કરશે અને તમારો ગરાસ તમને પાછો મળશે.'' આ આશીર્વાદથી તેમને શાંતિ થઈ. બે દિવસ રહીને ઘેર ગયાં.

ઘેર ગયા પછી સ્વામીશ્રીના આશીર્વાદે જાણે ચમત્કાર કર્યો હોય તેમ તેમને ગરાસ પાછો મળી ગયો. સ્વામીશ્રીના આશીર્વાદથી પોતાનું કામ થયું એટલે બંને ભાઈઓ પાકા સત્સંગી થઈ ગયા. સ્વામીશ્રીની આજ્ઞાનુસાર ગામમાં તેમણે મંદિર કરાવ્યું અને થોડી જમીન પણ જૂનાગઢના મંદિરમાં

ધર્માદામાં આપી. સ્વામીશ્રી તેમની સેવાથી રાજી થયા. પરંતુ તેમની ઉન્નતિથી અને સત્સંગના રંગથી તેમના દ્વેષીલા ભાયાતો તેમના ઉપર વેર રાખવા લાગ્યા. પરિણામે એક દિવસ બંને ભાઈઓને જમવા બોલાવી તેમણે તેમને ઝેર આપ્યું ! ઘેર આવ્યા અને કારમા ઝેરની અસર તેમને થવા લાગી. પરંતુ શ્રીજીમહારાજે તેમને દર્શન દીધાં અને કહ્યું : "તમે ગુણાતીતાનંદ સ્વામીને રાજી કર્યા છે તેથી ઝેરની કાંઈ અસર તમને થશે નહીં. ધીરજ રાખજો." મહારાજે આ પ્રમાણે કહ્યું એટલે તેમને શાંતિ થઈ ગઈ. ઝેર ઊતરી ગયું અને ભાયાતોની બાજી ધૂળમાં મળી ગઈ. જેમની કોર સાક્ષાત્ ભગવાન હોય તેનો વાળ વાંકો કોણ કરી શકે ?

ગોખરવાળાના ડાહ્યા ભગત

સ્વામીશ્રીની મૂર્તિમાં કેટલાય સંસ્કારી મુમુક્ષુઓ ખેંચાતા અને સ્વામીશ્રી પાસે રહેવાનો લોભ ખાળી શકતા નહીં. ગોખરવાળાના પટેલના દીકરા ડાહ્યા ભગત પૂર્વના ઉત્તમ સંસ્કારી મુમુક્ષુ હતા. સ્વામીશ્રીનાં દર્શન કરતાં જ તેની વૃત્તિઓ સ્વામીશ્રીમાં તણાઈ ગઈ. ત્યારથી જ તેમણે નક્કી કરી લીધું કે જૂનાગઢ જઈ ત્યાગી થઈ અને સ્વામીશ્રીની સેવામાં રહેવું. આ વિચાર પરિપકવ થયો કે તરત જ તેઓ ગોખરવાળાથી નીકળી જૂનાગઢ આવી ગયા. તેમના ઘરના કોઈને તેમણે કાંઈ પણ ખબર આપ્યા ન હતા. અહીં આવી રોજ પ્રાગજી ભક્ત, જાગા ભક્ત તથા સ્વામી બાલુમુકુન્દદાસજીની વાતો સાંભળી તેમને મહારાજની સર્વોપરી નિષ્ઠા થઈ અને સ્વામીશ્રીના સ્વરૂપ વિષે પણ અક્ષરબ્રહ્મપણાની ભાવના દૃઢ થઈ ગઈ ! સ્વામીશ્રી પ્રત્યે તેમને અત્યંત આત્મબુદ્ધિ થઈ એટલે ઘર તદ્દન વીસરી ગયા. અહીં વાતો સાંભળે, સેવા કરે અને બ્રહ્માનંદમાં મસ્ત રહે.

થોડા દિવસ બાદ તેમના પિતા તથા બીજા સંબંધીઓ જૂનાગઢ તેમની તપાસ કરવા આવ્યા. અહીં તેમણે ડાહ્યા ભગતને જોયા એટલે તેમને ઘેર આવવા સમજાવ્યા. પરંતુ તેમણે ના કહી. પછી સ્વામીશ્રીને કહ્યું કે "ડાહ્યાને ઘેર મોકલો !"

સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તેને પ્રભુ ભજવા છે અને જનમ સફળ કરવો છે તો રહેવા દ્યો તો સારું." પરંતુ સ્વામીશ્રીનું પણ તેમણે માન્યું

નહીં. પરાણે ડાહ્યા ભગતને લઈ ત્યાંથી નીકળ્યા. રસ્તામાં ચૂડા ગામે રામજી મંદિરના ચોરામાં રાત રહ્યા. ડાહ્યા ભગતને સ્વામીશ્રી વિષે અસાધારણ હેત હતું જેથી સ્વામીશ્રીને તે અખંડ સંભાર્યા કરતા. તે જાગતા જ સૂતા હતા જેથી જો લાગ મળે તો પાછા જૂનાગઢ ચાલ્યા જવાય. પરંતુ તેમને તેડવા આવનારા ચારે જણા વારાફરતી જાગતા હતા. રાત્રી થોડી વીતી અને સ્વામીશ્રીની ઈચ્છાથી એ ચારે જણા ઊંઘી ગયા. ડાહ્યા ભગત ધીમે રહીને ચોરા ઉપરથી હેઠે ઊતર્યા અને પડખે થઈને ચાલવા લાગ્યા. એટલામાં તો એ ચારેય જણા જાગી ગયા અને ડાહ્યાને શોધવા લાગ્યા. ડાહ્યા ભગતને બીક લાગી કે હવે પાછળ આવશે અને મને પકડી જશે. એ બીકમાં ને બીકમાં તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'હે સ્વામી ! રક્ષા કરો, રક્ષા કરો.' એમ ભજન કરવા લાગ્યા. એટલામાં ત્યાં એક મોટો ગરુડ તેમણે જોયો. તેના ઉપર રેશમી ગાદલું પાથર્યું હતું અને સ્વામીશ્રી તે ઉપર વિરાજ્યા હતા. સ્વામીશ્રીએ તરત જ ડાહ્યા ભગતનું બાવડું ઝાલીને ગરુડ ઉપર બેસારી દીધા કે તરત જ ગરુડ ઊડ્યો. ગરુડ જૂનાગઢના મંદિરના વંડાની અંદર કમાનોવાળી ઉત્તરાદા દરવાજાની હવેલીમાં ઊતર્યો. અહીં ડાહ્યા ભગત ગરુડ ઉપરથી નીચે ઊતરી ગયા. પરંતુ એક ક્ષણમાં આ બધું શું બની ગયું તેની તેને કાંઈ સમજણ પડી નહીં. તેથી નીચે ઊતરીને પણ તેઓ 'સ્વામી ! રક્ષા કરો, રક્ષા કરો' એમ ભજન કરવા લાગ્યા.

વહેલી સવારે ચાર વાગે જોરાભાઈ કૂવે નાહવા આવ્યા. તેમને જોઈ ડાહ્યા ભગતે તેમને કહ્યું : "બાલમુકુન્દદાસ સ્વામીને બોલાવો."

એટલે બાલમુકુન્દદાસ સ્વામી ત્યાં આવ્યા. ડાહ્યા ભગતને જોઈ તેમને આશ્ચર્ય થયું ! ડાહ્યા ભગત સ્વસ્થ થઈ ગયા હતા તેથી તેમણે બધી વાત બાલમુકુન્દદાસ સ્વામીને કરી. પછી બાલમુકુન્દદાસ સ્વામી તેમને સ્વામીશ્રી પાસે લઈ ગયા. સ્વામીશ્રીને જોઈ ડાહ્યા ભગતે તરત જ દંડવત્ કર્યા. સ્વામીશ્રીએ પોતાની ડોકમાંથી ગુલાબનો હાર ઉતારી આપ્યો. પછી તેને પૂછ્યું : "ભગત ! શી રીતે તમે આવ્યા ?"

એટલે ડાહ્યા ભગતે હાથ જોડીને કહ્યું : "દયાળુ ! આપ તો બધું જાણો છો." છતાં સ્વામીશ્રી જાણે અજાણ્યા હોય તેમ તેમની પાસે બધી વાત કરાવી. તે સાંભળીને સૌને આશ્ચર્ય થયું. પછી સ્વામીશ્રીએ ડાહ્યા ભગતને

કહ્યું : "હવે ફિકર કરીશ મા. હવે તારું કોઈ નામ નહીં લ્યે."[૫૯]

ચૈત્રી સમૈયે વરતાલમાં

આ.સં. ૧૯૨૦ના ચૈત્રી પૂનમના સમૈયે સ્વામીશ્રી વરતાલ પધાર્યા. સ્વામીશ્રી વરતાલ સમૈયે પધારતા એટલે આખો સત્સંગ વરતાલ ઊમટતો. સ્વામીશ્રીનાં દર્શન અને વાતોથી સત્સંગમાં નવજીવન પ્રાપ્ત કર્યાનો આનંદ માણી સૌ કૃતકૃત્ય થઈ જતા. આ વખતે પણ સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરીને સૌનાં અંતર ઠારી દીધાં. પરંતુ સ્વામીશ્રીનો મહિમા જેમ જેમ વધતો જતો હતો, તેમ તેમ કેટલાક સદ્‌ગુરુઓમાં પણ તેમના પ્રત્યે દ્વેષ વૃદ્ધિ પામતો હતો. આ દ્વેષનાં બીજ તો વવાઈ ગયાં હતાં. હવે ઊગીને તેનાં ઝાડ થવાની સૌ રાહ જોતા હતા. સ્વામીશ્રીને પણ મનમાં હતું કે માયા સોળ આની પ્રગટ થાય ત્યારે જ સૌનાં રૂપ ઉઘાડાં પડે. તેથી માયાના જોરને પ્રસરવા દેવા માટે સ્વામીશ્રીએ માયાના નિયંત્રણનો દોર જરા ઢીલો મૂકી દીધો હતો. સ્વામીશ્રી વરતાલ સમૈયો કરીને ત્યાંથી નીકળ્યા.

સ્વામીશ્રી વરતાલથી નીકળી ધોલેરા થઈને સુંદરિયાણા પધાર્યા. સુંદરિયાણા રાત રહીને સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. અહીં જેઠા ખાચરે તાણ કરીને રોક્યા અને સેવા સારી કરી. પછી સારંગપુરથી નીકળી સ્વામીશ્રી બોટાદ પધાર્યા. અહીં આઠ દિવસ રોકાયા. અહીંના હરિભક્તોએ સેવા-સમાગમનો સારો લાભ લીધો. સ્વામીશ્રીએ પણ તેમને સૌને વાતોનું સારું સુખ આપ્યું. અહીં તુલસી દવેએ સ્વામીશ્રીની ચંદન-પુષ્પાદિકે પૂજા કરી, આરતી ઉતારી, સ્તુતિ કરી, સ્વામીશ્રીને રાજી કર્યા. તેથી બીજા હરિભક્તો બોલવા લાગ્યા : "અરે, આણે પણ લાભ લીધોને !"

પછી સ્વામીશ્રી બોટાદથી નીકળ્યા અને નૃસિંહ ચતુર્દશીને દિવસે સવારે દસ વાગે ગઢપુર પહોંચ્યા.

---

૫૯. આ પછી થોડા મહિના બાદ ડાહ્યા ભગતે દીક્ષા લીધી. તેમનું નામ ધર્મસ્વરૂપદાસ પાડ્યું. ધર્મસ્વરૂપદાસજી સ્વામી બાલમુકુંદદાસ ભેગા ઘણો વખત રહ્યા હતા અને શિરોમણિ સાધુ હતા. ગોપીનાથદાસ પુરાણીના તે ગુરુ હતા. આવી રીતે સ્વામીશ્રીના અતિ દિવ્ય સ્વરૂપમાં મુમુક્ષુઓ ખેંચાઈને આવતા અને પોતાનું તથા અન્ય જીવોનું કલ્યાણ કરવાનું બળ પામતા.

બાવા ખાચરની રસોઈ

ગઢપુરમાં દરબાર બાવા ખાચરને ખબર પડ્યા કે સ્વામીશ્રી પધાર્યા છે તેથી તે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આપ પધાર્યા તે બહુ સારું કર્યું. મારે આજે રસોઈ દેવી છે.''

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ' એ તો તમે અહીંના મહંતને કહો.'

પછી તેમણે મહંતને કહ્યું એટલે તેમણે રસોઈ કરવાની હા પાડી. પરંતુ કોઈ અદાવતિયાએ બાવા ખાચર તથા અમરા ખાચરને મારી નાખવાનું કાવતરું કર્યું હતું. તેમાં પ્રારબ્ધયોગે ત્યાંનો અમરો નામે ખોજો મરાઈ ગયો હતો. તેનો બાપ સ્વામીશ્રી પાસે આવીને રડવા લાગ્યો અને કહ્યું : ''બાપજી ! તમે બાવા ખાચરની રસોઈ લેશો મા. કારણ તેણે મારા અમરાને મરાવી નાખ્યો છે.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''ભાઈ ! અમે કાંઈ રસોઈ લેતા નથી. એ તો તમારા મહાનત ભક્તિપ્રિયદાસ લીએ છે, તો તમારે એને જે કહેવું હોય તે કહેજો.''

એટલે તે ખોજો ભક્તિપ્રિયદાસ પાસે આવ્યો અને તેમને બધી વાત કરી. ત્યારે તેમણે કહ્યું : ''આ ગુણાતીતાનંદ સ્વામી અહીં આવ્યા છે તે રસોઈ લીધા વિના નહીં ચાલે પણ જો એ ચાલી નીસરે તો તેની રસોઈ નહીં લઈએ.''

એટલે તે ખોજાએ તે વાત સ્વામીશ્રીને કરી. સ્વામીશ્રીએ કહ્યું : ''ભલે, એમ જો તમને કે બીજાને સુખ થાતું હોય, તો અમે આ ચાલ્યા. પરંતુ કોઠારી રસોઈ લીધા વિના નહીં રહે.'' એ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ ભેટ બાંધી અને માથે રૂમાલ બાંધ્યો અને ચાલવા તૈયાર થયા. બાવા ખાચરને ખબર પડી. એટલે તે આવ્યા અને સ્વામીશ્રીને રસોઈ જમીને જવા પ્રાર્થના કરી. ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''એ ખરું. પણ અમારા રોકાવાથી જો કોઈને દુઃખ થાતું હોય તો અમે ન રહીએ. એટલે અમારે જરૂર જાવું પડે.''

આ પ્રમાણે સ્વામીશ્રી વાત કરે છે ત્યાં તો ગામમાં હરિભક્તોને સ્વામીશ્રી પધાર્યા છે તે સમાચાર મળ્યા એટલે સૌ કાંઈકની કાંઈક ભેટ લઈને સ્વામીશ્રીનાં દર્શને આવવા લાગ્યા. તે ભેટસામગ્રીનાં બે ગાડાં ભરાયાં. બાવા ખાચરે પણ જાણ્યું કે સ્વામીશ્રી નહીં જ રોકાય, તેથી સુખડી અને દૂધમાં

ગાંઠિયા તેણે બનાવેલા તે લગભગ બે મણ લઈને આવ્યા અને સ્વામીશ્રીને ભેટ ધર્યાં.

સ્વામીશ્રી ગઢડા વધુ ન રોકાયા અને ત્યાંથી સંઘ સાથે નીકળી ગયા. ગામના હરિભક્તો, બાવા ખાચર વગેરે સ્વામીશ્રીને વળાવવા કાળુભાર નદી સુધી આવ્યા. ત્યાં સાંજે ગાડાં છોડ્યાં. પછી સ્વામીશ્રીએ કહ્યું : ''ચતુર્દશી ઊતરી માટે સૌ પંક્તિ કરી જમવા બેસો.'' એટલે સૌ પંક્તિ કરીને જમવા બેઠા અને રામચરણદાસે જે ભેટ સામગ્રી તથા સુખડી-ગાંઠિયા વગેરે આવ્યાં હતાં તે સૌને પીરસ્યાં. આ પ્રમાણે સૌને ત્યાં જમાડ્યા. બાવા ખાચરને પોતાની રસોઈ સ્વામીશ્રી જમ્યા તેનો સંતોષ થયો. પછી તેઓ તથા ગઢડાના હરિભક્તો ત્યાંથી પાછા વળ્યા. સ્વામીશ્રી ત્યાં રાત રહ્યા અને સવારે નાહીધોઈને ત્યાંથી નીકળી દામનગર પધાર્યા.

કોઠારીએ બાવા ખાચરની રસોઈ લીધી

બાવા ખાચર બીજે દિવસે સવારે મંદિરે ગયા અને ત્યાં જઈને કોઠારીને કહ્યું : ''મારી રસોઈ લેવી છે કે નહીં ? નહીં તો દીઠી છે ?'' એમ કહી કેડે બાંધેલી નાગણી જેવી તલવાર કોઠારીને બતાવી. કોઠારી મૂંઝાયા અને રસોઈ લેવા હા પાડી. સ્વામીશ્રીએ કહ્યું હતું કે કોઠારી રસોઈ લીધા વિના નહીં રહે તે સત્ય થયું.

સ્વામીશ્રી દામનગર પહોંચ્યા. ત્યાંના હરિભક્તો જૂઠાભાઈ તથા દેવસીભાઈ વગેરે ઘણા ભાવિક હતા અને સ્વામીશ્રી પ્રત્યે અપાર પ્રેમવાળા હતા. તેથી તેમણે રતાળુનું ઊંધિયું કરાવ્યું. તેમાં મસાલો, ઘી, ગોળ વગેરે નાખી સૌ સંતો-હરિભક્તોને જમાડ્યા. ત્યારબાદ સ્વામીશ્રી તથા સંતોની પૂજા કરી. સ્વામીશ્રી પછી ત્યાંથી નીકળી ઇંગોરાળા પધાર્યા.

ઇંગોરાળાના પટેલ કુરજીભાઈએ સંઘને રસોઈ કરી જમાડ્યા. સ્વામીશ્રી તથા સંતોનું ચંદન-પુષ્પાદિક ઉપચારોએ કરી પૂજન કર્યું. સ્વામીશ્રીને આખે શરીરે નખથી શીખા પર્યંત ચંદન ચોપડ્યું. તેથી સમગ્ર શરીર ચંદનના લેપથી સુગંધીમાન અને દેદીપ્યમાન બની ગયું. સ્વામીશ્રીને પુષ્પના હાર પહેરાવ્યા અને સૌ સંતોને ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રીએ કુરજી પટેલને કહ્યું : ''કુરજીભાઈ ! હવે અમે ચાલશું.''

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! આપે મારી એકની રસોઈ લીધી પરંતુ જો ગામના બીજા હરિભક્તોની રસોઈ નહીં જમો તો તેમને સૌને ખોટું લાગશે. માટે તેમની પણ રસોઈ જમીને કાલે ચાલજો."

ગામના હરિભક્તોને ખૂબ જ ભાવ હતો. તેથી તેમને વારાફરતી એક એક રસોઈ આપવી હતી. પરંતુ એટલો વખત નહોતો. એટલે બીજે દિવસે ગામના તમામ હરિભક્તોની રસોઈ કરાવી સૌ જમ્યા. ગામના હરિભક્તો રાજી થયા. ચાલવા ટાણે ત્યાંના હરિભક્તોએ વીસ ગાડાં જોડી આપ્યાં તેમાં સૌ સંતોને બેસાર્યા. ઇંગોરાળાના હરિભક્તોના મનોરથ પૂરા કરી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા. કુરજી પટેલ પણ સ્વામીશ્રીની સાથે જ નીકળ્યા. સ્વામીશ્રી સાથે ગઢડાના સંતો પણ હતા. તેમને સૌને સ્વામીશ્રીએ કહ્યું : "હવે તમે પાછા વળો." એટલે સૌ ઇંગોરાળાથી જુદા પડ્યા. સ્વામીશ્રી ઇંગોરાળાથી નીકળી અમરેલી પધાર્યા.

અમરેલીમાં શ્રમયજ્ઞ

સ્વામીશ્રી વહેલી સવારે અમરેલીમાં પધાર્યા. શહેરનો નદી તરફના ગઢનો દરવાજો બંધ હતો એટલે નદીમાં સ્વામીશ્રીએ તથા સૌ સંતોએ સ્નાન કરી લીધું. દરવાજો ઊઘડ્યો એટલે સૌ ગામમાં આવ્યા. હાલ જ્યાં મંદિર છે તેની પાસે મહાજનની જગ્યા છે તે પ્રથમ કુંભારની જગ્યા હતી ત્યાં સ્વામીશ્રી ઊતર્યા. ઉતારો કરી, મંદિરની ધર્મશાળાનું કામ સ્વામીશ્રીએ ત્યાં ચાલુ કર્યું. સ્વામીશ્રી અમરેલી પધાર્યા છે અને મંદિરની ધર્મશાળાનું કામ ચાલે છે એટલે રોકાશે, તેવા સમાચાર મળવાથી ગામોગામથી હરિભક્તો ગાડાં જોડી અમરેલીમાં સેવા-સમાગમ અને દર્શનનો લાભ લેવા આવવા લાગ્યા.

ગામ શલડીથી વાલો દેસાઈ ગાડામાં સીધું-સામાન વગેરે ભરી તેના દીકરા લાધાને લઈને અમરેલી આવ્યા. સીધું-સામાન ભંડારમાં ખાલી કરી, વાલો દેસાઈ તેના દીકરા લાધાને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા અને લાધાને પગે લગાડીને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ લાધાને તરિયો (એક આંતરે આવે તે) તાવ આવે છે."

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : "ક્યાં ગયા હરિદર્શનાનંદ ? આ લાધાની નાડી જુવો."

ત્યારે તે આવ્યા અને નાડી જોઈ લાધાને કહ્યું : "કડુ, કરિયાતુ, ગળો અને સાકર એ પીશે તો તાવ ઊતરશે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "ભલે !" પછી લાધા સામું જોઈને સ્વામીશ્રીએ કહ્યું : "લાધા ! તું રોજ સાકર ખાજે એટલે તારો તાવ ઊતરી જાશે." પછી સ્વામીશ્રી ત્યાં મંદિરની સેવા કરતા સંતોને સાથે લઈને જગ્યા જોવા નીકળ્યા. જુદી જુદી જગ્યા જોઈ સ્વામીશ્રી તેમને બતાવવા લાગ્યા "અહીં હનુમાનજી પધરાવજો અને અહીં ગણપતિ પધરાવજો. અહીં થઈને મંદિરમાં જવાશે. અને અહીં કૂવો ગાળજો." એ પ્રમાણે એંધાણ બતાવીને સ્વામીશ્રી પોતાને હાથે કૂવો ગાળવા લાગ્યા.

લાધાને કહ્યું : "લાધા ! લે ગાળાના ટોપલા. તારો તાવ આજથી ગયો. પાંચ શેર સાકર ખાઈ જજે."

ત્યારે લાધાએ કહ્યું : "સ્વામી ! મારાથી ટોપલા કેમ ઊપડશે ?"

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : "અહીં પાસે જ ઠાલવી નાખજે ને. તારો તાવ તો હવે ગયો. માટે માંડ ટોપલા ઉપાડવા." એટલે તે ગાળાના ટોપલા લેવા માંડ્યો. સ્વામીશ્રી પણ કૂવો ગાળવામાં જાતે પ્રવૃત્ત થયા. પછી હરિભક્તોએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! લાવો અમે ગાળીએ."

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે કૂવો કાં તો પહોળો કરી નાખો કે કાં તો વાંકોચૂંકો કરી નાખો. આ તો સંભારણું થાશે." એમ કહી સ્વામીશ્રી પોતે જ કૂવો ગાળવા લાગ્યા.

શું મહંત પોતે કૂવો ગાળે છે ?

મંદિરની જગ્યાની પાછળ મરાઠાનું ઘર હતું. તેણે ફરિયાદ કરી કે સ્વામિનારાયણવાળાએ મારી જગ્યા દબાવી દીધી છે તેથી સૂબા સાહેબ જોવા આવ્યા. તેમણે સાધુઓને પૂછ્યું : "તમારા મહંત ક્યાં છે ?"

ત્યારે ત્રિકમદાસે કહ્યું : "જુઓ, સામે કૂવો ગાળે તે અમારા મહંત."

ત્યારે તેને આશ્ચર્ય થયું. તેથી તેણે પૂછ્યું : "શું મહંત પોતે કૂવો ગાળે છે ?" પછી સ્વામીશ્રીને બોલાવ્યા. સ્વામીશ્રી સૂબા પાસે આવ્યા. સૂબા સાહેબ સ્વામીશ્રીનાં દર્શન કરી પ્રભાવિત થઈ ગયા. તેમણે તરત જ હાથ જોડી દીધા. પછી તેમણે સ્વામીશ્રીને કહ્યું : "આ મરાઠીભાઈએ ફરિયાદ કરી

છે કે આપે એની જમીન દબાવી છે.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''આ ગામમાં ભવાયા આવે છે તે ચોરે ઊતરે છે અને અમારા સાધુ આ સાંકડી જગ્યામાં ઊતરે છે. તો પણ અમે એમની જગ્યા દબાવી નથી. છતાં જો દબાણી હોય એમ તેને લાગતું હોય, તો જેટલી જમીન દબાણી હોય તેટલી પાછી લઈ લે. કારણ એ તો ગૃહસ્થ રહ્યા એટલે તેમને તો સારી મેડી જોઈએ. જ્યારે અમારે સાધુઓને તો જેવું તેવું ચાલે.''

તે સાંભળી સૂબાએ તે મરાઠાને કહ્યું : ''તમે જોઈ લ્યો. તમારી જગ્યા દબાણી હોય તો કહો.'' ત્યારે તેણે વેંત એક જમીન દબાણી છે એમ કહ્યું. એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''ભલે અમે પાયો ફેરવી લઈશું.'' તે પ્રમાણે બીજે દિવસે સ્વામીશ્રીએ પાયો ફેરવી લીધો. પણ સ્વામીશ્રી રાજી ન થયા.[૬૦]

વાલો પટેલ અમરેલીમાં થોડા દિવસ રહી ઘેર જવા તૈયાર થયા ત્યારે તેણે તેના દીકરા લાધાને કહ્યું : ''લાધા ! હવે ઘેર જવું છે ને ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''હમણાં લાધો ભલે અમારી પાસે સેવા કરવા રહ્યો.'' એટલે વાલા પટેલે તેને સ્વામીશ્રી પાસે રહેવા દીધો.

સ્વામીશ્રી અમરેલીમાં મંદિર કરવા રહ્યા એટલે જેમ ચમકનો પહાડ દેખીને લોઢું ખેંચાય તેમ ગામોગામથી હરિભક્તો ગાડાં જોડીને, સીધાં-સામગ્રી, કેરીઓ વગેરે લઈને અમરેલી આવવા લાગ્યા. ગામ સમઢિયાળાના લક્ષ્મણ શેલડિયો અને મૂળોભાઈ, ગોવિંદભાઈ અને તેના દીકરાઓ, ગામ કેરાળાથી ભગો પટેલ અને સાંગો પટેલ, ગામ ચરખાથી દેવદાનવાળો, નાના ગોખરવાળાથી વેલો પટેલ, મોટા ગોખરવાળાથી જીવો પટેલ તથા પ્રેમજી પટેલના પિતા, ભવાનભાઈ, સુતાર લક્ષ્મણ, કણકોટથી ભગવાન સુતાર, ચાંદગઢથી વિપ્ર ભાઈજીના પિતા, આંબાથી લુવાર દેવશી, વાંકિયાથી વિપ્ર વૈજનાથ, ભીમજી શેઠ, મકનદાસ, કુરજીભાઈ, બેચરભાઈ, વિપ્ર ભોળાભાઈ, દેવરાજ પટેલ, અરજણભાઈ, બાબાપર તથા ભંડારીઆના હરિભક્તો, પીઠવાજાળના પટેલ રામભાઈ તથા ખીમો ડોબરીઓ, તેના દીકરા આણંદ, પૂજો, રામજી, માવજી તથા વશરામ; ગામ ચાડિયાના રામ ભંડેરી તથા પમો શીંગાળો, માળીલાથી વિપ્ર શંકરભાઈ, આંકડિયાથી ત્રવાડી રૂગનાથભાઈ, દેવશંકર અને મકનદાસ; મોટી કુંકાવાવથી દેવચંદ ઠક્કર તથા લીંબો પટેલ,

૬૦. તે મરાઠાનો વંશ રહ્યો નહીં.

નાની કુંકાવાવથી કરસન પટેલ, માશિયાળાથી લાધા પટેલ તથા તેમના બાપ, શેડુભારના હરિભક્તો, હળિયાદથી આંબા પટેલ તથા ભગોભાઈ, એ પ્રમાણે કેટલાંય ગામોથી હરિભક્તો કેવળ સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો લાભ લેવા તેમજ મંદિરના કામમાં સેવા કરી સ્વામીશ્રીને રાજી કરવા આવ્યા હતા.

નાના ગોખરવાળાના વેલો પટેલ તથા પીઠવાજાળના વશરામ ખોજા હંમેશાં પાંચ શેર કેરી લાવી સ્વામીશ્રીને જમાડતા. સ્વામીશ્રી વાતો કરતા હોય અને કોઈ કાંઈ પૂછે તો વાંકિયાવાળા વિપ્ર વૈજનાથભાઈ ઉત્તર આપી દેતા. દાડમાના ઈશ્વરભાઈ કામ કરતા કડિયાઓને તથા સુથાર તથા કણબી હરિભક્તોને માટે રસોઈ કરતા.

તમે જ મૂર્તિમાન અક્ષર છો

એક દિવસ ગામમાંથી તુલસી દવે વગેરે પ્રતિપક્ષી દસ બ્રાહ્મણો આવીને સભામાં બેઠા. પછી ઝીણા શુકલે સ્વામીશ્રીને પૂછ્યું : ‘‘સ્વામીશ્રી ! અક્ષરધામમાં કેમ જવાય ?’’

તે સાંભળી સ્વામીશ્રીએ ઈશ્વર ભટ્ટને કહ્યું : ‘‘ઈશ્વર ! તમે અમારા માટે મૂળાની ડાંડલિયોની ભાજી કરો. અમે હમણાં આ બ્રાહ્મણોને અક્ષરધામ દેખાડીએ છીએ.’’ એમ કહી સ્વામીશ્રીએ તે બ્રાહ્મણોને કહ્યું : ‘‘જેને અક્ષરધામમાં જાવું હોય તે પગ લાંબો કરે. અમે પગ ઝાલીને તેને ફગાવીને અક્ષરધામમાં નાખી દઈએ.’’

એમ સ્વામીશ્રીએ કહ્યું એટલામાં તો સ્વામીશ્રીના શરીરમાંથી તેજનો સમૂહ નીકળવા માંડ્યો. તે તેજ ચારે તરફ પ્રસરી ગયું. તે જોઈને તે બ્રાહ્મણો આશ્ચર્ય પામી ગયા ! પછી હાથ જોડીને બોલ્યા : ‘‘મહારાજ ! તમે જ મૂર્તિમાન અક્ષર છો. અમને તમારાં દર્શન થયાં તે સાક્ષાત્ અક્ષરધામનાં દર્શન થયાં. માટે કૃપા કરીને હવે આ તેજને આપ સમાવી દ્યો.’’ એટલે સ્વામીશ્રીએ તે તેજ પોતાના સ્વરૂપમાં સમાવી દીધું. પછી તે બ્રાહ્મણો પોતાને ઘેર ગયા.

ઈશ્વર ભટ્ટે સ્વામીશ્રી માટે મૂળાની ભાજી અને બાજરાના રોટલા કર્યા. સ્વામીશ્રી તે જમવા પધાર્યા. ઈશ્વર ભટ્ટની રસોઈ સ્વામી વખાણતા જાય અને બહુ જ રાજી થાય. પછી તેને કહ્યું : ‘‘હવે તમે તમારા બાપ નથુ

ભટ્ટની સેવા કરજો. તે સાત વરસ સુધી માંદા રહેશે. શુદ્ધ થયા પછી અમે તેમને ધામમાં તેડી જાશું.'' આ પ્રમાણે કહીને ચળું કરી, પાણી પીને સ્વામીશ્રી પોતાના આસને મંદિરમાં પધાર્યા.

શુકલને શું વાત કરવી ?

બીજે દિવસે બપોરે ઝીણો શુકલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તે વખતે સ્વામીશ્રી પોતાના આસને જરા પડખાભેર થયા હતા. ઝીણો શુકલ સ્વામીશ્રીને પગે લાગીને પાસે બેઠો. ત્યારે સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''કોણ એ બેઠા ?''

ત્યારે તેણે કહ્યું : ''એ તો હું ઝીણો શુકલ.''

તે સાંભળી સ્વામીશ્રી પોતાના મુખ ઉપર વસ્ત્ર ઓઢી ગયા. ત્યારે તે શુકલે પૂછ્યું : ''સ્વામી ! કેમ વસ્ત્ર ઓઢ્યું ? કાંઈક વાતો કરો.''

તેથી સ્વામીશ્રીએ જરા હસતાં હસતાં કહ્યું : ''શુકલને શું વાત કરવી ? લીલા હોય તો વાત કરત.''

ત્યારે ઝીણા શુકલે કહ્યું : ''સ્વામી ! શુકલ તો અમારી અટક છે. અમે તો સદા લીલા જ છીએ.''

એટલે સ્વામીશ્રીએ મોં ઉપરથી વસ્ત્ર ખસેડી દીધું. પછી આસન ઉપર બેઠા થયા. ત્યારે ઝીણા શુકલે કહ્યું : ''સ્વામી ! મારે તમને પૂછવું છે.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''સુખેથી જે પૂછવું હોય તે પૂછો.''

ત્યારે તેમણે પૂછ્યું : ''મહારાજ ! આ તમારા બધા સત્સંગીઓ છે તેમને તમારામાં બહુ હેત દેખાય છે. તમારે માટે મરી મટે અને જેમ કહો તેમ કરે તેવા છે. તેવું હેત તો તેમનાં સ્ત્રી-છોકરાંમાં પણ નહીં હોય. વળી તમે કહો તો ઘરબાર પણ ત્યજી દે અને અહીં રહી જાય એવા તમારા વચને ઊભા સુકાય તેમ વર્તે છે. તેનું શું કારણ છે ?''

સ્વામીશ્રી તેમનો આ પ્રશ્ન સાંભળી ખૂબ હસ્યા. પછી ધીરેથી કહ્યું : ''જુઓ, શુકલ મહારાજ ! તમે તો નહીં જાણતા હો પણ અમે તેમને વરસોવરસ બબ્બે કળશી બાજરો આપીએ છીએ. તેથી તેમને અમારામાં કેમ હેત ન થાય ?''

ત્યારે ઝીણા શુકલે કહ્યું : ''પણ મહારાજ ! તમારા સત્સંગી તો ઘણા છે. તે બધાયને તમે બબ્બે કળશી બાજરો ક્યાંથી આપો છો ?''

એટલે સ્વામીશ્રી ફરી હસ્યા. પછી તેમને સમજાવતાં કહ્યું : "જુઓ, અમે એમનાં કેટલાંક ફેલ મુકાવીએ છીએ ને એમને માથેથી પાંચ મોટા મોસલ ઉઠાડી લઈએ છીએ. તે પાંચ મોસલ - ચોરી, વ્યભિચાર, જુગટું, અફીણ અને ઘોડું - એ પાંચ મોટા મોસલ છે. વળી, બીજાં ફેલ તમાકુ પીવી, સૂંઘવી, દાંતે ઘસવી, હોકો પીવો, ડાકલાં બેસારવાં, બજાણિયા, દાણા જોવરાવવા, ટીપણાં જોવરાવવાં, ગ્રહપનોતી, રાંદેલ તેડવી, ભવાયા રમાડવા, તે જોવા જવું, દોરા ઊજવવા, લસણ ડુંગળી ખાવી, વઘારણી ખાવી, વગર વિચાર્યો ખર્ચ કરવો - આવાં બધાં ફેલ અમે મુકાવી દઈએ છીએ. તો પછી આ ફેલમાં જે ખરચ થાય તેનો વરસ દિવસે ઘરમાં બે કળશી બાજરો કેમ ન આવે ?"

ત્યારે શુકલે કાન પકડીને કહ્યું : "હા, મહારાજ ! આપની વાત સાચી. એ તો બે કળશીથી પણ વધી જાય."

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : "કહો ત્યારે અમારામાં તેને હેત કેમ ન થાય ?" જીવને સત્સંગ કરાવવાની સ્વામીશ્રીની આવી અલૌકિક રીત જોઈ, ઝીણો શુકલ રાજી થયા. પછી સ્વામીશ્રીને પગે લાગીને તે ઘેર ગયા.

સ્વામીશ્રી અમરેલીમાં થોડા દિવસ રહ્યા અને સૌ હરિભક્તોને કથાવાર્તાનું બહુ સુખ આપ્યું. છેલ્લે દિવસે વેલા પટેલ તથા વશરામ ખોજાએ મળીને કેરીની રસોઈ દીધી. તે દિવસે સ્વામીશ્રીએ મંદિરમાં સાધુ તથા હરિભક્તોની પંક્તિ કરી અને પોતે પીરસવા પધાર્યા. સહુને ખૂબ રસ જમાડીને તૃપ્ત કર્યા. પછી પોતે જમ્યા. ત્યારબાદ વેલા પટેલ તથા વશરામભાઈએ સ્વામીશ્રીની ચંદન-પુષ્પાદિક ઉપચારો વડે પૂજા કરી અને ધોતિયાં ઓઢાડ્યાં. સાંજે સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા ત્યારે સ્વામી બાલમુકુન્દદાસજીને આજ્ઞા કરી કે 'તમો હમણાં આંહીં રહો ને અંદરના ભાગમાં પૂરણી પુરાવજો. આગળના ભાગમાં જાળી કરાવજો. એટલું કામ ઉકેલીને પછી જન્માષ્ટમીને સમૈયે જૂનાગઢ આવજો. ભીમ એકાદશીનો સમૈયો અહીં જ કરજો.' આ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ ત્યાંથી ચાલવાની તૈયાર કરી.

તે વખતે ગામ ચાડિયાના પટેલ પમા શીંગાળાનો દીકરો કાળુ ગાડું લઈને સેવા કરવા આવ્યો. તેને ત્રણ વરસથી તરિયો તાવ આવતો હતો અને કાળો સાહી જેવો થઈ ગયો હતો. તે આવીને સ્વામીશ્રીને પગે લાગ્યો. પછી સ્વામીશ્રી સામું જોઈને તે રોઈ પડ્યો અને રોતાં રોતાં બોલ્યો : "મહારાજ !

આના કરતાં તો મોત સારું.''

તેને આમ રડતો જોઈ સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''તને શું થયું છે ?'' ત્યારે તેણે તેની બધી હકીકત કહી. તે સાંભળી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તારે તાવ કાઢવો હોય તો આ અમારી રાવટી છે તે ગાડામાં નાખીને આંકડિયે દઈ આવ તો આ તારો તાવ જાતો રહેશે.''

એટલે તેણે કહ્યું : ''સ્વામી ! આજે જ વારો છે.''

સ્વામીશ્રીએ તેને માથે હાથ ફેરવ્યો અને કહ્યું : ''જા, આજ વારો હોય તો આજથી તારો તાવ ગયો. આ રાવટી આંકડિયે નાખી આવ.'' આ પ્રમાણે સ્વામીશ્રીએ તેને આશીર્વાદ આપ્યા. તે દિવસે તાવનો વારો હતો પણ તાવ ન આવ્યો. તે રાવટી આંકડિયે નાખવા ગયો અને રસ્તામાં રાહ જોતો હતો કે તાવ ક્યારે આવે પણ તે દિવસથી તેનો તાવ સાવ ગયો.

સ્વામીશ્રી અમરેલીથી નીકળ્યા અને ગામ આંકડિયે પધાર્યા. અહીં ત્રવાડી રૂગનાથ, મકનભાઈ અને દેવશંકર તેમણે મળીને પોતાને ઘેર રસ-રોટલીની રસોઈ કરાવી. સ્વામીશ્રી તથા સર્વ સંત-હરિભક્તોને ખૂબ જમાડ્યા. કેરીનો રસ સૌને ખૂબ પીરસ્યો. સ્વામીશ્રી જમીને પોતાને ઉતારે પધાર્યા. ત્યાં કથા કરીને થોડી વાર આરામ લીધો.

સાંજે સ્વામીશ્રી માધા વાડીએ નાહવા પધાર્યા. અહીં સ્વામીશ્રી નાહી રહ્યા બાદ સૌ હરિભક્તોએ સ્વામીશ્રીની ચંદન પુષ્પાદિક ઉપચારો વડે પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. ત્યાર બાદ સ્વામીશ્રી મંદિરે પધાર્યા. આંકડિયામાં એક રાત રહીને બીજે દિવસે સવારે સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા. બજારમાં ચોરા પાસે પહોંચ્યા ત્યાં પીપલગના દરબાર હાદાવાળો સ્વામીશ્રીનાં દર્શને આવતા હતા, તે સામા મળ્યા. સ્વામીશ્રીને તેમણે દંડવત્ કર્યા. પછી બે હાથ જોડી પ્રાર્થના કરી કે ''સ્વામી ! અમારે ગામ પધારો.''

સ્વામીશ્રી બજારમાં રૂગનાથ ત્રવાડી તથા મકન ત્રવાડીની દુકાનની ઓશરીમાં બેઠા અને ત્યાં દરબારને કેટલીક ઉપદેશની વાતો કરી. પછી દરબારે ત્યાં જ સ્વામીશ્રીની પૂજા કરી અને ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીશ્રી ઊઠ્યા અને દરબારના બે હાથ પકડી કહ્યું : ''દરબાર ! હવે જ્યારે આંકડિયા આવશું, ત્યારે તમારે ગામ જરૂર આવશું.'' એ પ્રમાણે દરબારને રાજી કરી સ્વામીશ્રી ત્યાંથી નાની કુંકાવાવ પધાર્યા.

નાની કુંકાવાવમાં

અહીં મંદિરમાં ઉતારો કર્યો. રાત પડી ગઈ હતી એટલે સ્વામીશ્રી કથા કરીને મંદિરમાં બારી પાસે પગ ઉપર પગ ઊંચો રાખીને પોઢ્યા હતા. સ્વામીશ્રીની બાજુમાં પ્રેમજી દુધાન બેઠા હતા. સ્વામીશ્રીએ તેને કહ્યું : ''પ્રેમજીભાઈ ! આપણે અહીં ચાલવાની જરા સાંકડ પડે છે. તો એક પાયાવા તમારો કરો ખેસવો તો મંદિરનો રસ્તો પહોળો થાય.''

ત્યારે તેણે ઝીણી આંખ કરીને કહ્યું : ''સ્વામી ! અમારે ઘર નજીક છે એટલે કથા ઠીક સંભળાય છે.''

સ્વામીશ્રી તેનો બોલવાનો મર્મ સમજી ગયા. છતાં ફરી કહ્યું : ''એ તો પાયાવા જમીન આપો તો પણ કથા તો સંભળાશે.''

તે વખતે ત્યાં એક પટેલ હરિભક્ત બેઠા હતા. તેમણે કહ્યું : ''સ્વામી ! પ્રેમજી જો પાયાવા જગ્યા આપે, તો તેને હું મારું ઘર આપી દઉં.''

પરંતુ પ્રેમજીભાઈ તો ન માન્યા. છેવટે તેનું આખું ઘર પાયા સોતું ગયું.

આ તો મુક્ત છે

સ્વામીશ્રી સવારે ઊઠ્યા અને નાહીને પૂજા કરતા હતા એટલામાં એક હરિભક્ત દહીંની તાંસળી ભરીને લાવ્યા. પછી સ્વામીશ્રીને પગે લાગ્યા. એટલે સ્વામીશ્રીએ તેમના સામું જોયું અને બોલ્યા : ''અહો ! આ તો મુક્ત છે. પણ કચરામાં પડ્યા છે.''

તે સાંભળી માધવપ્રિયદાસે કહ્યું : ''સ્વામી ! તમે સંકલ્પ કરો તો કચરામાંથી નીકળી આવે.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''અમે તો તેમને દીઠા ત્યારનો સંકલ્પ કરી જ મૂક્યો છે. તેથી એ જરૂર સાધુ થશે.''

તે વખતે ત્યાં કરસન ભક્ત બેઠા હતા. તેમણે કહ્યું : ''સ્વામી ! તમે ખરું કહો છો. તેમનામાં વૃદ્ધના જેવા ગુણો દેખાય છે. કોઈની સાથે રમત કરવી કે તોફાન કરવું તે પણ ગમતું નથી ને મંદિરે આવવામાં ને સાધુસેવા કરવામાં સારો ભાવ રાખે છે. વળી, પાંચની સાલમાં આંહીં ગોપાળાનંદ સ્વામી પધાર્યા ત્યારે હું સિગરામ જોડીને તેમને મૂકવા આવ્યો હતો. તે વખતે પણ

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું કે 'આ ગામમાં એક મુક્ત જન્મ લેશે.' એટલે આપે તેમને જોઈને કહ્યું કે 'આ તો મુક્ત છે.' તે વાત અને ગોપાળાનંદ સ્વામીનો આશીર્વાદ એ બંને મળ્યા. ગોપાળાનંદ સ્વામીનાં વચને જ તેમનો જન્મ થયો હોય તેમ જણાય છે." આ સાંભળી સ્વામીશ્રી હસ્યા.

એટલામાં કરસન ભક્ત બાજરાનો લોટ લઈ આવ્યા. સાધુએ તેનો રોટલો બનાવ્યો. એટલે સ્વામીશ્રી પૂજા કરીને રોટલો અને દહીં ઠાકોરજીને ધરાવી જમ્યા. સૌ સંતો પણ દહીં-રોટલા જમ્યા. અહીં અક્ષરધામના આ મુક્તે દેહ ધર્યો હતો તેના ઉપર સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી અને મુક્તદશાને અનુરૂપ એવો ત્યાગાશ્રમ ગ્રહણ કરવાની તેમને પ્રેરણા કરી.

પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળી મોટી કુંકાવાવ પધાર્યા. અહીં આવીને પાંચ પીપળાવાળી વાડીએ સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરી મંદિરે પધાર્યા. મંદિરમાં પૂજા કરી. અહીંના હરિભક્તો ઠક્કર સુંદરજીભાઈ તથા દામોદરભાઈએ નવા ઓરડા કરાવ્યા હતા તેમાંના એક ઓરડામાં સાધુઓએ રસોઈ કરી અને બીજા ઓરડામાં બ્રહ્મચારીએ રસોઈ કરી. મોતૈયા લાડુ તો અગાઉથી જ દૂધમાં કરી રાખ્યા હતા. રસોઈ તૈયાર થઈ એટલે સ્વામીશ્રી જમવા પધાર્યા. તે વખતે સુંદરજીભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ બેય ઓરડાનું વાસ્તુ કરવું છે."

તેથી સ્વામીશ્રી બંને ઓરડાની વચ્ચેની થાંભલીને અઢેલીને જમવા બેઠા અને બોલ્યા : "તમારે બંને ઓરડાનું વાસ્તુ થઈ ગયું."

જમ્યા પછી સ્વામીશ્રીએ બંને ઓરડામાં પગલાં કર્યાં. પછી શેકેલા બુંદદાણાનો મુખવાસ સ્વામીશ્રીને આપ્યો. ત્યારબાદ હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંતોની ચંદન પુષ્પાદિ ઉપચારો વડે પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં. એટલામાં પટેલ લીંબાભાઈ તથા તેનો દીકરો લખમણ, કાનજી ડોબરિયો, દેવચંદ ઠક્કર વગેરે હરિભક્તો આવ્યા. તેમણે પણ સ્વામીશ્રી અને સંતોની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. પછી દેવચંદ ઠક્કર તથા લખમણ પટેલે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! અમારે તમારી ભેગા જૂનાગઢ આવવું છે." એમ કહીને તેઓ સ્વામીશ્રીની સાથે નીકળ્યા.

સ્વામીશ્રીને વળાવવા ઘણા હરિભક્તો આવતા હતા. ગામને પાદર આવ્યા ત્યારે એક હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ બેય છોકરા

બહુ દુ:ખી છે ને ખાવા અનાજ પણ મળતું નથી.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''નાખો અમારી ગાડીમાં. અમારે ત્યાં વાછરડાં ને પાડરડાં છે તેમની ભેગા એ પણ ઊછરી જશે.'' એમ કહી સ્વામીશ્રીએ તેમને સાથે લીધા. આગળ જતાં તે બેમાંથી એક સાધુ થયા અને બીજા સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર પાર્ષદ પંક્તિમાં રહ્યા.

ગામ તોરીમાં

સ્વામીશ્રી કુંકાવાવથી ચાલ્યા અને ગામ તોરી પધાર્યા. આ ગામમાં કણબી પટેલ દેવજીભાઈ નવા સત્સંગી થયા હતા. પરંતુ ગામનો પટેલ અદાવતને લઈને વારંવાર તેને ઉપાધિ કરતો. તેથી સ્વામીશ્રી પધાર્યા તે વખતે જ પટેલ દેવજીભાઈ ઘરનો ઉચાળો ભરી બીજે ગામ રહેવા જવા તૈયાર થયા હતા. સ્વામીશ્રી પધાર્યા છે તે સાંભળી સ્વામીશ્રીની રજા લેવા દેવજી પટેલ સ્વામીશ્રી પાસે ગયા ને દંડવત્ કરી પગે લાગી પાસે બેઠા. પછી તેણે હાથ જોડીને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! અહીંના પટેલે હું સત્સંગી થયો છું એટલે મને નાત બહાર મૂક્યો છે ને વળી બીજી પણ કેટલીક ઉપાધિ કરે છે. તેથી હું ઉચાળો ભરીને બીજે ગામ રહેવા જવા તૈયાર થયો છું. તો આપ આજ્ઞા આપો.''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તમે ઉચાળો ઉતારી નાખો ને બીજે જવાનો વિચાર બંધ રાખો. અહીં જ રહો. આંહીં તમને બધું સાનુકૂળ થશે. ગામમાં તમારું જ કર્યું થશે. બધું ભગવાનના હાથમાં છે. બીજાના હાથમાં નથી.'' આ પ્રમાણે તેમને સમજાવીને કહ્યું એટલે દેવજી પટેલ સ્વામીશ્રીની આજ્ઞાથી ત્યાં જ રહ્યા.

આ પ્રસંગ પછી આઠમે દિવસે દેવજી પટેલ ઉપર અદાવત રાખનાર પટેલની મા મરી ગઈ. એટલે તેનાં કારજ ઉપર પીઠવાજાળ તથા ઓરીઆ વગેરે ગામોના પટેલિયા આવ્યા. તેમને ખબર પડી કે આપણા સત્સંગી દેવજી પટેલને ન્યાત બહાર મૂક્યા છે, તેથી તેમણે તે પટેલને પૂછ્યું : ''આ દેવજી પટેલને શા કારણથી ન્યાત બહાર મૂક્યા છે ?''

ત્યારે તેણે કહ્યું : ''એ તો સ્વામિનારાયણનો સત્સંગી થયો છે એટલે ન્યાત બહાર કર્યો છે.''

તે સાંભળી તે બધા પટેલિયા બોલ્યા : "ત્યારે તો અમે સૌ સત્સંગી છીએ. માટે અમે પણ ન્યાત બહાર ! તમારા ઘરનું અન્ન અમારે ખપે નહીં."

આ સાંભળી તે પટેલ તો થીજી ગયો ! પરંતુ આ સત્સંગી પટેલિયા તેને એમ છોડે તેવા નહોતા. તેમણે પૂછ્યું : "આ દેવજી પટેલે એવું તે શું કામ કર્યું છે જે એને ન્યાત બહાર મૂકવો પડ્યો ?" પરંતુ તે પટેલ પાસે આનો જવાબ ન હતો. તેણે હાથ જોડી દીધા અને માફી માગી.

પછી તે પટેલિયાએ કહ્યું : "દેવજી પટેલને બોલાવો. અમારી સાથે તે જમે તો જ અમે જમશું." એટલે દેવજી પટેલને બોલાવ્યા. તે આવ્યા અને સહુ સાથે જમ્યા. આવી રીતે સ્વામીશ્રીના વચને દેવજી પટેલની ઉપાધિ ટળી ગઈ. તે વૈદું શીખ્યા હતા અને ગામમાં વૈદું કરતા હતા. તેથી ગામમાં પણ તેનું માન વધવા લાગ્યું. ધીરે ધીરે ગામમાં તેનું જ કર્યું થવા લાગ્યું. સ્વામીશ્રીના વચનમાં તેણે વિશ્વાસ રાખ્યો તો દેશકાળ સાનુકૂળ થઈ ગયા.

તોરી ગામમાં કણબી ભક્ત તેજો તથા કચરો સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા હતા. સ્વામીશ્રી તોરીમાં પધારવાના છે તે સાંભળતાં તેમણે રસોઈ માટે ઘણો સામાન એકઠો કર્યો હતો. તેથી જ્યારે સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેમણે બંનેએ સ્વામીશ્રીને ખૂબ તાણ કરી કહ્યું : "સ્વામી ! ગમે તેમ કરો પણ અમારી રસોઈ જમ્યા વિના નહીં ચલાય."

ત્યારે સ્વામીશ્રીએ રામચરણદાસ તથા ગોવિંદચરણદાસને કહ્યું : "આ બંનેની રસોઈ કરો. પણ ભાતાની સગવડ કરશો મા."

પછી તે હરિભક્તો સેવ લાવ્યા. સેવની રસોઈ કરી સૌને જમાડ્યા. સ્વામીશ્રીએ ના પાડી હતી તો પણ ભાતા માટે સુખડી બનાવી. તે દિવસ ત્યાં રોકાયા. બીજે દિવસે સવારે તોરીથી નીકળ્યા. ભાતા માટે કરેલી સુખડી ગાડામાં ભરી. કુંકાવાવથી મોતિયા લાડુ લીધા હતા તે પણ ગાડામાં ભર્યા. સ્વામીશ્રીએ તો બંને લેવાની ના પાડી હતી છતાં લીધા હતા. આગળ ખાવાની ઇચ્છાથી જ આવી રીતે સંગ્રહ કર્યો હતો. પરંતુ મોટાપુરુષ તો આગળનું જાણતા હોય તેથી ના કહી હોય. છતાં રસના-ઇન્દ્રિયની લોલુપતાથી મોટાપુરુષનાં વચન મનાય નહીં.

સપ્તમ સોપાન સમાપ્ત

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

અષ્ટમ સોપાન



प्रसङ्गं यस्यैत्याजगति ननु
जाता जनगणा ।
बृहद्-रूपा भूपा हरि-पुरुतर-
ध्यान-निरताः ॥
विरक्ता राज्यादौ शुभगुण-
युताश्चातिसुखिनो ।
गुणातीतानन्दं मुनिवरमहं
नौमि सततम् ॥

જેમનો સમાગમ (પ્રસંગ) પામીને
જગતની બધી બાજુના
અનેક લોકોના સમુદાયો,
સર્વાધિક રૂપવાન રાજાઓ વગેરે
પણ પોતાના રાજ્યાદિકમાં
(વૈભવોથી) વૈરાગ્ય પામ્યા થકા
શ્રીહરિના શ્રેષ્ઠ ધ્યાનમાં અત્યંત
આસક્ત અને પવિત્ર ગુણોથી યુક્ત
થઈ અત્યંત સુખિયા થયા તે
મુનિવર શ્રીગુણાતીતાનંદ સ્વામીને
હું નિરંતર નમસ્કાર કરું છું.

પ્રલયનો વંટોળ

તોરીથી સૌ નીકળ્યા અને ગામ ચૂડે આવ્યા. અહીં નદીમાં સ્નાન કર્યું. અહીંના હરિભક્તો ગોવિંદભાઈ તથા વશરામભાઈએ જમવાની બહુ તાણ કરી તેથી રોકાયા. રસોઈ કરીને સૌ જમ્યા. બપોરની કથા વખતે સ્વામીશ્રી જરા આડે પડખે થયા. તે વખતે વશરામભાઈ વર્તમાન ધરાવવા આવ્યા. તેમને વર્તમાન ધરાવી સ્વામીશ્રીએ કહ્યું : "હમણાં તડકો છે તે ચલાશે નહીં. તડકો શાંત થયે સાંજે ચાલશું !" તે વખતે લગભગ બે થવા આવ્યા હતા.

એટલે રઘુવીરચરણદાસે કહ્યું : "સ્વામી ! વાદળાં થવા માંડ્યાં છે ને તડકો પણ નથી. માટે ઊઠો તો ચાલીએ."

એટલે ફરી વાર સ્વામીશ્રીએ કહ્યું : "તડકો બહુ છે ને ચાલનારને વસમું લાગશે. માટે હમણાં થોડી વાર જાળવો !"

તો પણ રઘુવીરચરણદાસ તો માન્યા જ નહીં. તે તો કહેવા જ લાગ્યા કે "ચાલો ચાલો."

એટલે સ્વામીશ્રી બેઠા થયા અને બોલ્યા : "ઠીક. ચાલો, આગળ સેવા તૈયાર છે."

સ્વામીશ્રી ઊઠીને મોં ધોઈ ગાડામાં વિરાજ્યા. રઘુવીરચરણદાસના દુરાગ્રહથી, સ્વામીશ્રીની ઇચ્છા ન હોવા છતાં, પણ સૌ નીકળ્યા. કુંકાવાવ અને તોરીના હરિભક્તો પણ સાથે હતા. અર્ધો કે પોણો ગાઉ ગયા હશે તેવામાં તો મહાપ્રલય જેવો વાવંટોળ શરૂ થયો. આ વાવંટોળ એટલો ઉગ્ર હતો કે તેમાં શેર શેરના પાણા તોપના ગોળા ઊડતા હોય તેમ ઊડતા આવે અને સહુને વાગે. વાદળાં પણ વિખરાઈ ગયાં અને ધાણી ફૂટે એવો અંગારા જેવો તાપ શરૂ થયો. વાવંટોળના જોરથી બોરડીના ગળિયા અને ઘાંસિયું ઊડીને રસ્તામાં આડાં પડવા લાગ્યાં. ધૂળની ડમરી પણ એવી ચડી કે કોઈ કોઈનું મોં પણ જોઈ શકે નહીં. તેથી સૌ નોંખા પડી ગયા. સ્વામીશ્રી તો ગાડીમાં પોઢી ગયા. ત્રિકમદાસને પણ ગાડીમાં બેસાર્યા હતા. આ પ્રલયનો વંટોળ જોઈને ત્રિકમદાસ તો હેબકાઈ ગયા હતા. આવા વંટોળને લીધે ગોકળગાયની ગતિએ ચાલતાં સહુ બારમાસીના વોંકળે પહોંચ્યા. ત્યાં તો વરસાદ અને વીજળી શરૂ થયાં. સ્વામીશ્રીની ગાડીને વીસ પચ્ચીસ

સાધુઓએ પકડી રાખી. પવનના જોસથી તે ગાડી પણ ઊડી જાય એવો પ્રચંડ વાયરો વાવા લાગ્યો. બળદો છોડીને એક ઝાડ સાથે બાંધી દીધા. વરસાદ મુશળધાર પડવા લાગ્યો. પૂજા તથા વસ્ત્રો પલળી ગયાં. બે ગાડામાં ભાતું હતું તે બંને ગાડાં પવન અને વીજળીને લીધે રસ્તો ભૂલ્યાં અને બીજે ગામ ચાલ્યાં ગયાં. તેમાં સાથે લીધેલું ભાતું પણ બધું પલળી ગયું. જાણે પ્રલયનું તાંડવ શરૂ થયું. રઘુવીરચરણદાસ અને બીજા કેટલાક સાધુઓ પવન, વરસાદ અને પાણીના મારથી બચવા એક વડ નીચે ઊભા રહ્યા. એટલામાં તે વડની મોટી ડાળ ભાંગી અને કકડભૂસ કરતી પડી. સદ્‌ભાગ્યે વડની ઓથે બેઠેલા આ સાધુઓથી તે દૂર પડી તેથી તેમને કાંઈ નુકસાન ન થયું. આ બધા તોફાનથી હરિકૃષ્ણાનંદ બ્રહ્મચારી બોલવા માંડ્યા : ''એ મરી ગયા, મરી ગયા. એ સ્વામી રક્ષા કરો.''

ત્યારે, વળી રઘુવીરચરણદાસ બોલ્યા : ''સ્વામી તો ગાડીમાં સૂઈ રહ્યા છે અને આપણી સામું જોતાય નથી.''

તે સાંભળી જાગા ભક્ત બોલ્યા : ''શું ધણીનો કોઈ ધણી છે ? એનું ધાર્યું હશે તે જ થશે. આટલો શ્વાસ લેવા દે છે તે પાડ માનોને.'' એમ બોલ્યા ત્યાં વાયરો કાંઈક મોળો પડ્યો. તેવામાં સ્વામીશ્રી ગાડીમાંથી બોલ્યા : ''જાગો ભક્ત ખરું કહે છે.'' એમ કહીને 'मुनिजनमण्डन विषयविखण्डन खलजनदण्डन दण्डविधे' એ પદ વારે વારે બોલવા લાગ્યા. થોડી વારે પવન અને વરસાદ બંધ પડી ગયા. ત્યારબાદ ધીરે ધીરે સૌ ચાલ્યા અને પર્વ વાડિયે પહોંચ્યા. ત્યાં ગાડી ઊભી રાખી અને સ્વામીશ્રી લઘુશંકા કરવા ઊતર્યા. તેવામાં ધર્મજીવનદાસજી પાણી ગાળીને તૂંબડી ભરીને લાવ્યા. સ્વામીશ્રીએ હાથ પગ ધોયા અને કોગળા કરી જળપાન કર્યું. પછી પગ લૂછીને પાછા ગાડીમાં વિરાજ્યા.

થોડી વારે સ્વામીશ્રીએ જાગા ભક્ત તથા રામજીને બોલાવીને કહ્યું : ''બે ગાડાં ખરચિયે પહોંચી ગયાં છે. તો તમો ત્યાં જાઓ. અમે થોડી વારમાં ત્યાં આવીએ છીએ. ગાડાંમાં ભાતું ભર્યું છે તે ખાટું થઈ ગયું હશે તે નાખી દેજો.''

તેમને આમ સૂચના આપીને સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા અને રાણપુર પધાર્યા. અહીં નિશાળમાં ઊતર્યા. સ્વામીશ્રી પધાર્યા છે તે સમાચાર ગામમાં

મળ્યા એટલે લાધો કુંભાર, મનજી ઠક્કર વગેરે હરિભક્તો તરત જ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. દંડવત્ કરીને સ્વામીશ્રીને પગે લાગ્યા.

પછી મનજી ઠક્કરે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આજ્ઞા હોય તો ટીમણ લઈ આવીએ."

તેમની ભાવના જોઈ સ્વામીશ્રીએ 'હા' કહી. એટલે તે બંને ટીમણ લઈ આવ્યા. સ્વામીશ્રી તેમાંથી થોડું જમ્યા અને બાકીનું સાથેના સૌ સાધુઓને પીરસાવી દીધું. સ્વામી માધવપ્રિયદાસજીએ સ્વામીશ્રીનો માથે ઓઢવાનો ધોયેલો રૂમાલ, ધોતિયું અને ગાતરિયું તૂંબડીમાં રાખી મૂકેલ તે સ્વામીશ્રીને પહેરવા આપ્યાં. સ્વામીશ્રીએ તે ધોયેલાં વસ્ત્ર પહેરી, પલળેલાં કાઢી નાખ્યાં.

જીવને ભગવાનને શરણે લેવામાં વાર લગાડવી જ નહીં

પછી સ્વામીશ્રી એક આસને બેસીને માળા ફેરવવા લાગ્યા. એવામાં લાધો કુંભાર સ્વામીશ્રીને પગે લાગીને પાસે બેઠો. તેણે કહ્યું : "સ્વામી ! મને વર્તમાન ધરાવો."

સ્વામીશ્રી માળા ફેરવતા હતા તેથી માધવપ્રિયદાસે કહ્યું : "હમણાં થોડી વાર ખમો. સ્વામીશ્રી માળા ફેરવી રહે પછી વર્તમાન ધરાવે."

થોડી વારે સ્વામીશ્રીએ માળા ફેરવી લીધી. પછી માધવપ્રિયદાસજીને કહ્યું : "તમે એને કેમ વર્તમાન ધરાવ્યાં નહીં ? એનો દેહ પડી જાત તો એનો કોણ ધણી થાત ? તેને તેડવા કોણ આવત ? માટે કોઈ વર્તમાન ધરાવવાં આવે તો તેમાં વિલંબ કરવો નહીં. મોટાને હાથે લેવરાવવા હોય તો ફરી ક્યાં વર્તમાન ધરાવાતાં નથી ? પરંતુ કોઈ જીવને ભગવાનને શરણે લેવામાં તો વાર લગાડવી જ નહીં."

સ્વામીશ્રીએ આ પ્રમાણે કહ્યું. તેથી માધવપ્રિયદાસજીએ હાથ જોડી કહ્યું : "સ્વામી ! તમારા હાથથી વર્તમાન ધરાવાય તો ઠીક એમ ધારી મેં ન ધરાવ્યાં. હવે આપની આજ્ઞા પ્રમાણે કરીશ."

તે સાંભળી સ્વામીશ્રી રાજી થયા. પછી કહ્યું : "સારું. લાવો પાણી."

એટલે સાધુ પાણી લાવ્યા. સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં. પછી સ્વામીશ્રી રાત્રે કથા કરીને પોઢી ગયા.

મુમુક્ષુને નિરંતર હોંકારા કરનારા જોઈએ

તે સમયે ત્યાં બાજુમાં જ રબારીનો વાડો હતો. તેમાં બકરાં પૂર્યાં હતાં. રબારી હોંકારા કરતો હતો તેથી જંગલી જનાવર આવી શકતાં ન હતાં. પરંતુ એક વાઘ છેટેથી જોઈ રહ્યો હતો. એટલામાં રબારીને ઝોકું આવ્યું અને વાઘ આવીને બકરું ઉપાડી ગયો. સ્વામીશ્રીએ રાત બધી આ હોંકારા-પડકારા સાંભળ્યા હતા. વાઘની તરાપમાં પકડાયેલા બકરાની ચિચિયારી પણ સાંભળી હતી. એટલે સવારે ઊઠીને બોલ્યા : ''મુમુક્ષુ હોય તેને નિરંતર હોંકારા કરનારા જોઈએ, નહીં તો જેમ વાઘ વાડામાંથી બકરું ઉપાડી ગયો તેમ માયા જીવને ઉપાડી જાય. વળી કામ, ક્રોધ, લોભ અને માન એ શત્રુ પણ અંતરમાં દાખલ થઈ જાય. માટે જો સત્પુરુષ આપણી સંભાળ રાખે તો નિર્લેપ રહેવાય, નહીં તો માયા ચાવી જાય.''

પૃથ્વીનું અમંગળ

તે રાત્રે આખી રાત કેટલાક મોટા તારા ખર્યા. તારા જ્યારે ખરતા ત્યારે ઠેઠ જમીન સુધી તેજનો લિસોટો થઈ જતો ! કેટલાક સાધુઓએ આ જોયું. સ્વામીશ્રી એટલામાં ઊઠ્યા અને બોલ્યા : ''દિશાએ જાવું છે.''

પછી માધવપ્રિયદાસજીનું કાંડું ઝાલ્યું. ધર્મજીવનદાસ પાણીની તૂંબડી ભરી લાવ્યા. પછી સ્વામીશ્રી બહિર્ભૂમિ ગયા. બહિર્ભૂમિ જઈ આવ્યા પછી સ્વામીશ્રી હાથ ધોઈને આવતા હતા ત્યાં રસ્તામાં મનજી ઠક્કરે પૂછ્યું : ''હે સ્વામી ! કાલે રસ્તામાં વાયરાનો બહુ ઉત્પાત થયો અને રાત્રે પણ તારા ઘણા ખર્યા તેનું શું કારણ હશે ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''એ તો કોઈ મોટાપુરુષ આ લોકમાંથી જવાના હોય ત્યારે આકાશમાં અને પૃથ્વી ઉપર આવા ઉત્પાત થાય. મહારાજ ધામમાં પધાર્યા ત્યારે અને રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી વગેરે ધામમાં પધાર્યા ત્યારે આવા બહુ ઉત્પાત થયા હતા. પૃથ્વી ઉપર કાંઈ અમંગળ થવાનું હોય ત્યારે આવા ઉત્પાત થાય છે. પૃથ્વી ઉપરથી આવા મોટાપુરુષ ચાલ્યા જાય તે પૃથ્વીનું અમંગળ જ કહેવાય ને ?''

આ પ્રમાણે વાતો કરતાં કરતાં ઉતારે પધાર્યા. પછી નાહી-પૂજા કરી

સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને ગામ ગોળિયાવાડે પધાર્યા. અહીં પાછળ રહી ગયેલા સૌ ભેગા થઈ ગયા. વળી, જૂનાગઢથી પણ જોરા ભગત પચાસ-સાઠ માણસો લઈને સામા આવ્યા હતા.

સ્વામીશ્રી અહીં પધાર્યા એટલે માધવપ્રિયદાસજી તથા હરિસ્વરૂપદાસજી ગામમાં ગયા ને પટેલને ત્યાંથી બાજરાનો લોટ તથા રીંગણાં લઈ આવ્યા. બાજરાના લોટની બાટીઓ બનાવી. રીંગણાં શેકી નાખ્યાં. એટલામાં વલ્લભજી ખીચડી લઈ આવ્યા. તે દેગડીમાં રાંધી. પછી ઠાકોરજીને થાળ ધરાવી સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! ચાલો જમવા.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''સહુ ભૂખ્યા છે અને ટીમણ પણ નથી કર્યું. માટે હું નહીં જમું.''

એટલે માધવપ્રિયદાસે કહ્યું : ''સ્વામી ! સહુને માટે ખીચડી કરી છે તે તેમને જમાડશું.'' તે સાંભળી સ્વામીશ્રી ઊઠ્યા અને બાજરાની બાટી અને રીંગણાંનો ઓળો જમ્યા ને સહુને પ્રસાદી આપી. જમી-પરવારીને પછી સૌ ત્યાંથી ચાલ્યા ને જૂનાગઢ આવ્યા.

જૂનાગઢમાં પાછા

સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરીને ઠાકોરજીનાં દર્શને પધાર્યા. પછી સભામાં પોતાને આસને આવી વિરાજ્યા. તરત જ બે પાળાને બોલાવીને કહ્યું : ''ગાડાં તથા સિગરામ ઠેકાણે કરી દ્યો !'' એટલે પાર્ષદોએ તથા હરિભક્તોએ જઈ તેને ઠેકાણે મૂકી દીધાં. એટલામાં તો પુષ્કળ વરસાદ થયો.

આ વખત અને આ પુરુષ મળવા દુર્લભ છે

રાત્રે સ્વામીશ્રી જમવા પધાર્યા. મોડી રાત્રે નિયમ થઈ રહ્યા પછી દક્ષિણાદિકોરે ધર્મશાળા ઉપર ચીબરી બોલવા માંડી તથા બાજુમાં ઘુવડ બોલવા લાગ્યું. તે સાંભળી સ્વામીશ્રીએ જાગા ભક્તને કહ્યું : ''ઓલ્યું જનાવર બોલે છે તેને ઉડાડી મૂકો.''

એટલે તેમણે ઉડાડ્યું. તો પણ ફરી પાછું આવીને બોલવા લાગ્યું. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''એને કાઢી મૂકો.''

ત્યારે જાગા ભક્તે કહ્યું : ''સ્વામી ! એને કાઢી મૂકીએ છીએ તો પણ

જાતું નથી ને જરાક ઊડીને પાછું આવીને બોલે છે.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''મર બોલે, બોલવા દ્યો. એ તો તમને ખબર આપે છે કે 'મોટા જવાના છે.' એવા અપશુકન જણાવે પણ જે સમજુ હોય તે સમજી લે, ગાફેલ હોય તે રહી જાય. આ વખત અને આ પુરુષ મળવા દુર્લભ છે.''

સ્વામીશ્રી વરતાલથી જૂનાગઢ આવી ગયા છે તે સમાચાર મળતાં ચાડિયાના રામ ભંડેરી જૂનાગઢ આવ્યા. રામ ભંડેરી સ્વામીશ્રીના બાળમિત્ર જેવા હતા. છતાં સ્વામીશ્રી અક્ષરધામનો અવતાર છે એ નિષ્ઠા તેમને દૃઢ હતી. તેમની આવી દૃઢ નિષ્ઠા, સ્વામીશ્રી પ્રત્યેની અત્યંત આત્મબુદ્ધિ અને સત્સંગ વિષેનું મમત્વ જોઈ, સ્વામીશ્રી ઘણી વખત પોતાના સંતોને કહેતા : ''સંતો ! તમે દેશમાં ફરવા જાઓ ત્યારે મુમુક્ષુઓને મહારાજના સર્વોપરી સ્વરૂપની વાતો કરજો, એકાંતિક ધર્મ સિદ્ધ કરી બ્રહ્મરૂપ થવાની વાતો કરજો; પણ જો તમે ગામ ચાડિયે જાવ તો ત્યાં રામ ભંડેરીની વાતુ સાંભળજો, હામાપર જાવ તો કરસન બાંભણિયાની વાતુ સાંભળજો, કમીગઢ જાવ તો રયા દેસાઈની વાતુ સાંભળજો અને બગસરા જાવ તો વેલા સથવારાની વાતુ સાંભળજો. આ ચાર હરિભક્તોનાં દર્શન અને સમાગમ કરજો.''

આવા રામ ભંડેરી હતા. શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ જે ગુણાતીતાનંદ સ્વામી જ્યારે પ્રમાણ કરે ત્યારે આ હરિભક્તોની બ્રાહ્મીસ્થિતિનો સહેજે ખ્યાલ આવે.

રામ ભંડેરીની મૂંઝવણ

રામ ભંડેરીને મૂંઝવણ હતી. તેના ગામના મંદિરમાં જે મૂર્તિ હતી તેની પ્રતિષ્ઠા સ્વામીશ્રીએ પોતે જ કરી હતી. પરંતુ ગામનો પટેલ દ્વેષી હતો. તેથી ગામનો માથાભારે ધોબી અવેડિયો હતો, તેને તે મંદિરમાં રહેવાનું તે પટેલે કહ્યું હતું. એટલે તે ધોબી મંદિરમાં રહ્યો હતો. મંદિરમાં ઠાકોરજીની સેવા, પૂજા, આરતી કે કથામાં તે રોજ વિક્ષેપ નાખતો હતો. આવા રંજાડથી રામભાઈ તે મૂર્તિને પોતાની વાડીએ લઈ ગયા. પરંતુ ફરિયાદ કોની પાસે કરે ? પટેલ જ ગામધણી જેવો હતો અને તેની સત્તા અબાધિત હતી. તેથી સ્વામીશ્રીને પોતાની મૂંઝવણ કહેવા રામભાઈ આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! અમારા ગામનો પટેલ પ્રણામી પંથનો છે અને

સત્સંગનો દ્વેષી છે. તેથી અવેડિયાને તેણે આપણા મંદિરમાં રાખ્યો છે. એટલે મૂર્તિ મારે વાડીએ લઈ જવી પડી છે. ગામમાં પટેલનું કર્યું થાય છે અને અધિકારી કોઈ કાંઈ વાત સાંભળતા નથી.''

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''રામભાઈ ! આપણી વાત શ્રીજીમહારાજ સાંભળશે અને મંદિર પાછું મળશે.'' સ્વામીશ્રીએ આ પ્રમાણે કહ્યું તેથી રામભાઈને અંતરમાં શાંતિ થઈ, પછી પોતે ઘેર ગયા.

સ્વામીશ્રીના સંકલ્પે કાર્ય કર્યું. થોડા દિવસ બાદ વડોદરાથી ગણપતરાવ મહારાજા અમરેલી આવ્યા અને ત્યાં મુકામ કર્યો. ત્યાંથી તેમણે ગામેગામ ફરમાન છોડ્યું ''જેને જેને દુઃખ હોય તે મહારાજા પાસે આવીને કહે.''

આથી રામ ભંડેરી અમરેલી ગયા અને ત્યાં મહારાજને નિવેદન કરતાં કહ્યું : ''નામદાર ! ગામ ચાડિયાનો હું રહેવાસી છું. ત્યાં સ્વામિનારાયણનું મંદિર છે. તે ગામના પટેલે ધોબીને તે મંદિર રહેવા આપ્યું છે તેથી અમારે મૂર્તિ ત્યાંથી ઉપાડી લેવી પડી છે.''

ત્યારે મહારાજાએ કહ્યું : ''તમને બીજી જગ્યા આપીએ ત્યાં નવું મંદિર કરો.''

એટલે રામભાઈએ હાથ જોડીને કહ્યું : ''નામદાર ! ગામમાં હું એક જ હરિભક્ત છું. માટે એ જ મંદિર પાછું અપાવો તો ત્યાં હું મૂર્તિ પધરાવું.''

તે સાંભળી ગણપતરાવ મહારાજાએ તરત જ હુકમ કર્યો કે ''રામભાઈનું મંદિર એને પાછું સોંપી દેવું, નહીં તો પટેલને હદપાર કરવામાં આવશે.'' મહારાજાએ આ પ્રમાણે હુકમ આપ્યો તે સાંભળીને ચાડિયાનો વાળંદ ત્યાં હતો તે ત્યાંથી ચાલ્યો અને અમરેલીના પાદરે જ્યાં પહોંચ્યો ત્યાં તો તેને ચાડિયાના પટેલ સામા મળ્યા. પટેલને પૂછ્યું : ''ક્યાં જાવ છો ?''

ત્યારે પટેલે કહ્યું : ''મહારાજા પાસે.''

એટલે તે વાળંદે કહ્યું : ''મહારાજાએ હુકમ કર્યો છે કે રામભાઈને તેનું મંદિર પાછું સોંપી દેવું અને તેમાં જે કોઈ આડો આવે તેને હદપાર કરવો.''

હુકમ સાંભળીને પટેલ ઢીલા પડી ગયા. પાછા વળ્યા અને ગામમાં આવીને રામભાઈને તે મંદિર પાછું સોંપી દીધું. રામભાઈ આ ખબર આપવા ફરી જૂનાગઢ આવ્યા.

✧

એક દિવસ સવારની સભામાં સ્વામીશ્રીએ વાત કરી કે "આ વચનામૃતમાં ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણોનું રહસ્ય મહારાજે કહી દીધું છે. માટે જે શ્રદ્ધાપૂર્વક આ વચનામૃતના સો પાઠ કરે તો તે બ્રહ્મરૂપ થઈ જાય."

આ વખતે સભામાં સાધુ વામનપ્રસાદ બેઠા હતા. તેમને થયું કે 'જો વચનામૃતના સો પાઠ કરવાથી બ્રહ્મરૂપ થઈ જવાતું હોય તો આપણે કરવા.'

તેમણે બીજે દિવસથી જ વચનામૃતના પાઠ શરૂ કર્યા. પરંતુ તેમને માથે મંદિરની પણ ક્રિયા ઘણી હતી એટલે ઝાઝો સમય તેમને ન મળતો. છતાં રાત્રે અને દિવસે નવરાશના સમયે તે વચનામૃત લઈને બેસી જતા. તેમણે સ્વામીશ્રીના વચનમાં વિશ્વાસ લાવી શ્રદ્ધાપૂર્વક પાઠ શરૂ કરી દીધો.[૬૧]

પ્રાગજી ભક્તને સાક્ષાત્કાર

આ જ અરસામાં મહુવાવાળા પ્રાગજી ભક્તને સંવત ૧૯૧૭માં સ્વામીશ્રીએ ત્રણ વર આપ્યા હતા, તે ત્રણે વરની સિદ્ધિનો અવસર આવી ગયો હતો. તેથી સ્વામીશ્રીએ તેમને નવ દિવસ સુધી અખંડ ભજનમાં બેસાડી બ્રહ્મના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ્યો. પ્રાગજી ભક્તે ત્રણ વર્ષ સુધી હવેલીની સેવામાં, મંદિરની સેવામાં અને કથાવાર્તામાં સોપો પડવા દીધો ન હતો. સ્વામીશ્રીની જીભ વળે તેમ તેમનો દેહ વળતો. ઘણી વાર તો સ્વામીશ્રી તેમને કાંઈ સેવાની આજ્ઞા કરે તે પહેલાં જ તે સમજી લેતા અને તે સેવા ઉપાડી લેતા. આથી સ્વામીશ્રી કહેતા : "પ્રાગજી ! તું તો મારો અંતર્યામી

૬૧. વામનપ્રસાદે સ્વામીશ્રી ધામમાં પધાર્યા બાદ ત્રીજે વર્ષે વચનામૃતના સો પાઠ પૂરા કર્યા. ત્યારે તેમને સંકલ્પ થયો કે સ્વામીશ્રીએ કહ્યું હતું કે વચનામૃતના સો પાઠ કરે તે બ્રહ્મરૂપ થઈ જાય તો મારે તો સો પાઠ પૂરા થઈ ગયા છે તે હવે બ્રહ્મરૂપ ક્યારે થવાશે ? આ પ્રમાણે સંકલ્પ તેમને થયો. પછી તે ભંડારે જમવા ગયા. જમીને ચોકડીમાં કોગળા કરવા બેઠા ત્યાં મહારાજ અને સ્વામીનાં તેમને દર્શન થયાં. સ્વામીશ્રીએ તેમને કહ્યું : "વામનપ્રસાદ ! તમે બ્રહ્મરૂપ થઈ ગયા. માટે અમે અને મહારાજ તમને તેડવા આવ્યા છીએ તો ચાલો !" તે સાંભળી તેઓ બહુ જ રાજી થયા. પછી તેમણે બીજા સાધુઓને કહ્યું : "હું બ્રહ્મરૂપ થઈ ગયો છું અને મહારાજ તથા સ્વામી મને તેડવા પધાર્યા છે તે હવે અક્ષરધામમાં જાઉં છું. જય શ્રી સ્વામિનારાયણ." એમ કહી દેહ મૂકી દીધો.

થયો લાગે છે.''

પ્રાગજી ભક્તને સ્વામીશ્રીની આ કૃપાથી, આ દૃષ્ટિથી, અખૂટ બળ મળ્યું હતું. નવી હવેલીના ચણતર વખતે ચૂનો કાલવતા પ્રાગજી ભક્તને સાધુઓ જ્યારે કહેતા કે ''અલ્યા પ્રાગજી ! આ ચૂનાના છેરથી તું આંધળો થઈશ.''

ત્યારે તે હસતાં હસતાં સામો જવાબ દેતા : ''આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે.''

તેમની આવી અપૂર્વ શ્રદ્ધા જોઈ સ્વામીશ્રીએ એક દિવસ ગણોદના દરબાર અભયસિંહજી, પીપળીના હળધરજી વગેરે પાંચ-દશ ગરાસિયા હરિભક્તો સભામાં બેઠા હતા તેમને વાત કરતાં કહ્યું : ''મને એક આશ્ચર્ય થાય છે કે કેળે તો કેળાં લાગે પણ થોરિયે ન લાગે. છતાં આ તો થોરિયે કેળાં લાગ્યાં. તે શું ? તો ચોકમાં પેલો ચૂનો કાલવે છે તે છે તો દરજીનો છોકરો, પણ મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે છે અને યોગીને પણ દુર્લભ એવો યોગાભ્યાસ કરીને મન, ઇન્દ્રિયોને વશ કર્યાં છે ને ત્રણેય અવસ્થામાં ભજન કરે છે.''

પ્રાગજી ભક્તે સ્વામીશ્રીની આવી પ્રસન્નતા મેળવી લીધી હતી. તે પ્રસન્નતાના પરિપાકરૂપે સ્વામીશ્રીએ તેમને બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવ્યો, પોતાના સ્વરૂપ સાથે એકતા કરાવી, શ્રીજીમહારાજની મૂર્તિ અંતરમાં અખંડ દેખાય, એવી સ્થિતિ કરાવી દીધી. પ્રાગજી ભક્તની આ સિદ્ધિ અજોડ હતી. પરંતુ સાથે સાથે અક્ષરબ્રહ્મને પ્રસન્ન કરવાની તેમની સાધના પણ એવી જ અજોડ હતી.

✧ ✧ ✧

પ્રાગજી તો વગર કર્યો ગુરુ થશે

શ્રાવણ સુદ પૂનમની રાત્રે સભામાં સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : ''આ પ્રાગજી તો મણિધર થયો છે ને શ્રીજીને અખંડ ધારીને બ્રહ્મરૂપ થયો છે.'' એમ કહીને બોલ્યા : ''મને કૃપાનંદ સ્વામી કહેતા કે સ્વામી ! તમને તો મહારાજ ગુરુ કરશે. ત્યારે મને બીક લાગતી. હું તેમને સામો કહેતો : 'સ્વામી ! મારો એવો શો વાંક છે ?' એટલે કૃપાનંદ સ્વામી કહેતા : 'આટલી સેવા કરે, કીર્તનો બોલે, આટલી વાતો કરીને અખંડ તેલધારા મૂર્તિ

રાખે, તે ગુરુ થયા વિના કેમ રહે ? માટે તમે તો વગર કર્યા ગુરુ થાશો.' એમ આ પ્રાગજીએ આટલી બધી સેવા કરી, બસો ને બાસઠ વચનામૃતનું જ્ઞાન સિદ્ધ કર્યું ને આટલી વાતો કરે છે, અખંડ ભજન કરી ત્રણેય અવસ્થા ભેદી અક્ષર ને પુરુષોત્તમનો અપરોક્ષ અનુભવ કર્યો. વળી, આત્મામાં તેલધારા અખંડ મહારાજની મૂર્તિ દેખે છે તે ગુરુ થયા વિના કેમ રહેશે ? એ તો વગર કર્યો ગુરુ થશે.'' એમ કહી સ્વામીશ્રીએ તેમના ઉપર પોતાની અત્યંત પ્રસન્નતા બતાવી અને ગુણાતીત જ્ઞાનમાં પોતાના આધ્યાત્મિક વારસ તરીકે આ પ્રસંગે તેમની પ્રતિષ્ઠા કરી. સ્વામીશ્રીએ પ્રાગજી ભક્તને એકાંતમાં કહ્યું કે ''હવે મારા સ્વરૂપની વાત તારે બહાર પાડવાની છે. તેમાં ઘણી ઉપાધિ આવશે. પણ ધીરજ રાખીને વર્તવાનું છે.''

તે વખતે ગઢડાવાળા હરિચરણદાસજી સભામાં બેઠા હતા. તેમણે પ્રાગજી ભક્તને કહ્યું : ''તમને આવડો છક શાનો છે ? જેથી આવી બળની વાતો કરો છો ?''

ત્યારે પ્રાગજી ભક્તે તેમને કહ્યું : ''આ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ આગળ મોટા મોટા મુક્તોની મૂર્તિઓ પણ નિસ્તેજ જણાય છે. એવી આ અલૌકિક મૂર્તિ શ્રીજીમહારાજની અખંડ સેવામાં છે એ હું દેખું છું. તેથી આટલો આનંદ છે.''

✧

આ.સં. ૧૯૨૧ના જન્માષ્ટમીના સમૈયામાં આવેલ તમામ હરિભક્તોને પ્રાગજી ભક્તે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની અને સ્વામીશ્રીના અક્ષર સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી. તેમની વાતોથી અક્ષર અને પુરુષોત્તમનાં સ્વરૂપોનું તત્ત્વતઃ જ્ઞાન સૌને સમજાયું.

દર ચોમાસામાં સ્વામીશ્રીનો સમાગમ કરવા દેશાંતરથી ઘણા હરિભક્તો આવતા. સ્વામીશ્રી પણ તેમને વાતો કરી આનંદ પમાડતા. સ્વામીશ્રી કહેતા કે વાતો સાંભળવાથી જ અજ્ઞાન જશે અને અજ્ઞાન જશે તો જ કારણ દેહ ટળશે. એટલે વારંવાર સ્વામીશ્રી સૌ હરિભક્તોને જાગ્રત રાખતા કે વાતો સાંભળી લેજો અને સમાગમ કરી લેજો. ફરી આવો જોગ નહીં મળે. આવો અલૌકિક સમાગમનો લાભ લેવા રાજકોટથી જાદવજી મિસ્ત્રી પણ આવ્યા હતા. પોતાનું નિત્યકર્મ પરવારીને સ્વામીશ્રી પાસે

આવીને તેઓ બેસતા. કદાચ સ્વામીશ્રી વાતો ન કરતા હોય તો દર્શન કરતા બેસી રહે પણ ક્ષણ વાર જુદા ન પડે. સ્વામીશ્રીને વિષે તેમને આવો અપૂર્વ પ્રેમ થયો તેથી સ્વામીશ્રીના અક્ષરબ્રહ્મ સ્વરૂપની નિષ્ઠા પણ તેમને થઈ ગઈ. થોડા દિવસ જૂનાગઢ રોકાઈને તે રાજકોટ ગયા.

માયાને તો અમે આમ દબાવી રાખી છે

ઘેર આવ્યા પછી તેમને મંદવાડ થયો. પરંતુ મંદવાડમાં પણ સ્વામીશ્રીના સ્વરૂપનું જે ચિંતવન તેમને રહેતું તેથી તેમને એ સ્થિતિમાં સમાધિ થઈ. સમાધિમાં તેમણે અક્ષરધામ જોયું. ત્યાં મોટા સિંહાસન ઉપર તેમણે ગુણાતીતાનંદ સ્વામીને બેઠેલા જોયા. સ્વામીશ્રીને જોઈ તે તરત જ સ્વામીશ્રીને પગે લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''જાદવ ! તું મહારાજને દેખે છે ?''

એટલે તેણે કહ્યું : ''સ્વામી ! આટલા બધા તેજમાં કાંઈ પણ દેખાતું નથી.''

તેથી સ્વામીશ્રીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આ હરિભક્ત સોરઠ દેશના છે અને તે પરદેશમાં રહે છે પરંતુ તેને નિષ્કામી વર્તમાનમાં જરા પણ ફેર પડ્યો નથી.'' આ પ્રમાણે સ્વામીશ્રીએ મહારાજને વિનંતી કરી એટલે તરત જ જાદવ મિસ્ત્રીને મહારાજનાં દર્શન થયાં. મહારાજનાં દર્શન થયાં તેથી તેને અત્યંત આનંદ થયો. પછી જાદવ મિસ્ત્રીએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મને નિદ્રા આવતી નથી.''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''ભાઈ ! નિદ્રામાં શો માલ છે ?'' એમ કહી પોતાની ગાદી ઊંચી કરી બોલ્યા : ''માયાને તો અમે આમ દબાવી રાખી છે. નહીં તો જ્યાં જુઓ ત્યાં ઘાટું અંધારું જ છે.''

પછી જાદવજીભાઈ જાગ્રત થયા. તે દિવસ પછી તેને નિદ્રા આવવા લાગી અને તેનો મંદવાડ પણ ધીરે ધીરે મટી ગયો.

✧

મહુવાના એક વાણિયાને હાડગંભીરનો રોગ થયો હતો. તેથી તે દવા કરાવવા જૂનાગઢ આવ્યા હતા. તેના બંને હાથ-પગ રોગથી ભરાઈ ગયા હતા. તેને જોઈ વૈદ્યે તરત જ કહી દીધું કે ''આ રોગ મટે તેવો નથી. માટે

એને પાછો ઘેર લઈ જાવ.'' તે ભક્ત બહુ જ નિરાશ થઈ ગયા અને ઘરે જવા તૈયારી કરી. તેની સાથે તેના કાકા પણ જૂનાગઢ આવ્યા હતા. મંદિરે તે દર્શન કરવા આવ્યા ત્યારે તેણે પોતાના ભત્રીજાને હાડગંભીરનો રોગ થયો હતો તે વાત સ્વામીશ્રીને કહી. દયાળુ સ્વામીશ્રી તરત જ તેને દર્શન દેવા પધાર્યા. તેને જોઈ સ્વામીશ્રીને દયા આવી ગઈ. એટલે કહ્યું : ''ભગવાનને મટાડવું હોય તો એક રાતમાં મટાડી દે. તમે સાજા થાવ તો દર્શન કરવા આવજો.' એ પ્રમાણે તેને સાંત્વન આપી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

બીજે દિવસે તેનો કાકો તેને લઈને મહુવા જવા નીકળ્યો. ત્રણેક ગાઉ ગયા હશે ત્યાં તો તેને અસહ્ય પીડા થવા લાગી અને જાણે મૃત્યુ આવીને ઊભું રહ્યું હોય તેવો અનુભવ તેને થયો. તેની સાથે જે હતા તેમને પણ એમ જણાયું કે હમણાં ઘડી બે ઘડીમાં આ મરી જશે. રાતના બાર વાગી ગયા પણ એની પીડા ઓછી થઈ નહીં. પીડાના દુઃખમાં તે ઊંધો પડી ગયો એટલે તેની સાથે આવેલા સૌને થયું કે તે હવે મરી ગયો. તેની પાસે જઈને સૌ જોવા લાગ્યા ત્યાં તો તેના હાથ-પગમાંથી અસંખ્ય નીકળી ગયેલી જીવાતો બહાર પડેલી દીઠી. તેના હાથ-પગ સાજા થઈ ગયા હોય તેમ સૌને લાગ્યું. થોડી વારે તેણે આંખો ઉઘાડી ને જાણે કાંઈ જ દુઃખ ન હોય એમ તરત જ ઊભો થઈ ગયો. તેણે તેના હાથ-પગ જોયા. અસંખ્ય જીવાતો નીચે પડેલી જોઈ અને શરીરમાંથી દર્દની તમામ નિશાની અદૃશ્ય થઈ ગયેલી દીઠી. તેને થયું કે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા એટલે સારું થઈ ગયું ! તેને દુઃખ મુક્ત થયેલો જોઈ તેની સાથેના તેના કાકા તથા બીજા સંબંધીઓને બહુ જ આનંદ થયો. સૌએ નક્કી કર્યું કે જૂનાગઢ પાછું જવું અને સ્વામીશ્રીનાં દર્શન કરી આશીર્વાદ લેવા. સવારે સૌ પાછા જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરી વર્તમાન ધરાવી તે વણિક સત્સંગી થયા.

સંવત ૧૯૨૧નો અન્નકૂટ ઉત્સવ

સંવત ૧૯૨૧ના અન્નકૂટનો ઉત્સવ પાસે આવતો હતો. સ્વામીશ્રી અન્નકૂટના ઉત્સવની તૈયાર કરાવી રહ્યા હતા. શરદ પૂર્ણિમા આવી અને પૂનમના નિયમવાળા હરિભક્તો જૂનાગઢ આવી ગયા. ગોંડળથી એક લુહાર હરિભક્ત તેના બે માસના નાના છોકરાને લઈને જૂનાગઢ આવ્યા.

સ્વામીશ્રીનાં દર્શન કરી તેણે બાળકને સ્વામીશ્રીના ચરણમાં મૂક્યું અને કહ્યું : "દયાળુ ! આ છોકરો બિલકુલ ધાવતો નથી અને રોયા જ કરે છે."

સ્વામીશ્રીએ તે બાળક સામું જોયું અને હસીને બોલ્યા : "પાછો થયો કે ?" એમ કહી તેને માથે બે હાથ મૂક્યા.

પરંતુ કુતૂહલથી હરિભક્તોએ સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! એ કોણ હતો ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ગોંડળનો લુહાર કલ્યાણ તેના દીકરાને સંતાન ન હોવાથી તેની વાસના રહી હતી. એટલે તેણે તેના છોકરાને ઘેર જન્મ લીધો છે. પણ હવે ધામમાં જશે."

તે વખતે રાજકોટનો એક કડિયો સભામાં બેઠો હતો. તેણે આ વાત સાંભળી મોટેથી કહ્યું : "શું આવું જૂઠું બોલો છો ? સ્વર્ગ, નરક ને જમ કોણ જોઈ આવ્યું છે ? સાચું હોય તો મને બતાવો."

તે સાંભળી સ્વામીશ્રી તેની મૂર્ખતા ઉપર હસ્યા. પછી બોલ્યા : "અમે કોઈને બતાવતા નથી. પરંતુ તમારે જોવું હશે તો મંદિરની બહાર નીકળશો એટલે દેખાશે અને અનુભવ થશે."

તેથી તે કડિયાને વેગ ઊપડ્યો. તે બોલ્યો : "લ્યો, હમણાં જ બહાર જાઉં છું." એમ કહી તે વેગમાં ને વેગમાં મંદિરની બહાર નીકળ્યો. ત્યાં તો કાળા મોઢાના જમના દૂત તેણે જોયા. જમને જોઈ તે ગભરાયો. એટલામાં તો તે જમે તેને પકડ્યો અને ખૂબ મારી લોહીલુહાણ કરી દીધો. આથી તે બૂમાબૂમ કરવા માંડ્યો : "એ સ્વામી ! પધારો ! મને જમે મારી નાખ્યો, મને બચાવો, બચાવો."

તેની બૂમ સાંભળી સ્વામી બહાર આવ્યા. તેને હજુ પણ બૂમો પાડતો જોઈ સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "સ્વર્ગ, નરક ને જમ ખોટાં કે ખરાં ?"

ત્યારે તે કડિયો હાથ જોડીને બોલ્યો : "મહારાજ ! બધું સાચું છે મેં તો અત્યારે જાતે જોયું. માટે આપ બચાવો. તમે કહેશો તેમ કરીશ."

પછી સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી એટલે જમ તેને મારતા આળસ્યા. જમના ત્રાસથી છૂટ્યો એટલે તરત જઈને તે સ્વામીશ્રીના પગમાં પડ્યો. ફરી મંદિરમાં આવ્યો. સ્વામીશ્રીએ તેને વર્તમાન ધરાવ્યાં ને તે સત્સંગી થયો.

✧

જૂનાગઢના પ્રતિષ્ઠિત નાગરો સદાશંકરભાઈ, ચકુભાઈ, માનશંકરભાઈ વગેરે સ્વામીશ્રીના આશ્રિત થયા તેથી નાગરી ન્યાતમાં સ્વામિનારાયણ સંપ્રદાય તેમજ સ્વામીશ્રી વિષે દ્વેષની લાગણી વિશેષ પ્રવર્તવા લાગી. જો કે પ્રથમથી જ નાગરો શિવભક્ત હોવાથી તેમણે આ નવા માનેલા સંપ્રદાય તરફ દ્વેષ કેળવ્યો હતો. વળી, તેમાંના કેટલાક રાજ્યમાં અમલદારો હતા. છતાં સ્વામીશ્રીની અમોઘ શક્તિ આગળ તેમનું કોઈનું કાંઈ પણ ચાલતું નહીં. આ વખતે અન્નકૂટના ઉત્સવ ઉપર તેમણે કાંઈક નવીન તોફાન કરવાનું નક્કી કરી રાખ્યું હતું.

નાગરોને શિવજીનાં દર્શન

દિવાળીના નવા દિવસો ચાલતા હતા અને અન્નકૂટની તૈયારીમાં સૌ પડ્યા હતા. આ ઉત્સવ ઉપર આવેલા હરિભક્તોની સભામાં સ્વામીશ્રી રાત્રે કથાવાર્તા કરતા હતા. એટલામાં એકાએક કાંઈ દેકારો થયો. સભામાંથી હરિભક્તો ઊઠીને બહાર જોવા ગયા. ત્યાં તો મંદિરના ચોગાનમાં નાગરવાડામાંથી પથ્થરો પડવા લાગ્યા. બે-ચાર હરિભક્તોએ બહાર જઈને જોયું તો નાગરના છોકરાઓ મંદિરમાં પથરા ફેંકતા હતા અને તેમના વડીલો હસતાં હસતાં તે જોઈ રહ્યા હતા. તે હરિભક્તોએ સભામાં આવીને સ્વામીશ્રીને આ વાત કરી. એટલે સ્વામીશ્રી ચોકમાં આવીને ઊભા રહ્યા. સ્વામીશ્રી ચોકમાં આવીને ઊભા રહ્યા તેથી નાગરના છોકરાઓ વધુ ઉશ્કેરાયા અને જ્યાં પથ્થરા લઈને ફેંકવા જાય છે ત્યાં તેમણે એક આશ્ચર્ય જોયું. સ્વામીશ્રીની આજુબાજુ હજારો અવતારો, રામકૃષ્ણ, નરનારાયણ, શંકર વગેરે પ્રદક્ષિણા ફરતા તેમને દેખાયા. આવું આશ્ચર્ય જોઈ તે છોકરાઓ અંદર અંદર બોલવા લાગ્યા : "આ તો આપણા મહાદેવ આ સ્વામિનારાયણના બાવાની પ્રદક્ષિણા કરે છે. માટે ચાલો આપણે મહાદેવને જઈને પૂછીએ કે આ બાવો એવો તે કેવો મોટો છે કે તમે એની પ્રદક્ષિણા કરો છો." એમ કહી શિવમહિમ્નનાં સ્તોત્ર બોલતાં બોલતાં તેઓ બધા શિવજી પાસે ગયા. શિવજીને નમસ્કાર કર્યા.

સ્વામીશ્રીએ શિવજીને કહ્યું : "આ તમારા સેવકોને ઉપાસના સમજાવો."

શિવજીએ તે છોકરાંઓને કહ્યું : "તમે મને અનાદિ અને અજન્મા

જાણો છો ને ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા, તમે તો અમારા ઈષ્ટદેવ છો.''

પછી મહાદેવજીએ તેમને કહ્યું : ''મારા ઈષ્ટદેવ જે રામકૃષ્ણ છે તેમને પણ આ સાધુનાં દર્શન થોડી વારમાં થતાં નથી. તેમને આ સાધુનાં દર્શન બહુ જ દુર્લભ છે. માટે આ મહાપુરુષને રાજી કરશો તો તમારું કલ્યાણ થશે.'' આ પ્રમાણે કહીને મહાદેવજી અંતર્ધાન થઈ ગયા.

છોકરાઓ પણ મહાદેવજીના વચનથી સ્વામીશ્રીનો મહિમા સમજ્યા અને પથરા નાખતા બંધ થઈ ગયા. ઘેર જઈ તેમના વડીલોને વાત કરી ત્યારે તેમને પણ સ્વામીશ્રીનો મહિમા સમજાયો. આ પ્રસંગ પછી નાગરો દ્વેષ કરતા બંધ થઈ ગયા.

અક્ષરબ્રહ્મ કોણ છે ?

સ્વામીશ્રી પછી સભામાં પધાર્યા. ત્યાં ખંભાતના કૃષ્ણારામ આવ્યા અને દંડવત્ કરી સ્વામીશ્રીને પગે લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''અહો, કૃષ્ણારામ ! તમે તો મુંબઈ હતા ને ? અહીં આ ટાણે ક્યાંથી ?''

ત્યારે કૃષ્ણારામે હાથ જોડી કહ્યું : ''દયાળુ ! મુંબઈ હતો અને આપે તેડાવ્યો એટલે હમણાં જ ચાલ્યો આવું છું.''

આ સાંભળી સ્વામીશ્રીને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : ''અમે તો તમને તેડાવ્યાનો કોઈ કાગળ લખ્યો નથી.''

કૃષ્ણારામ હસવા લાગ્યા. પછી હાથ જોડી કહ્યું : ''દયાળુ ! આપને ક્યાં કાગળ લખવાની જરૂર પડે છે ?'' એમ કહીને પછી તેણે કહ્યું : ''સ્વામી ! મુંબઈમાં મને થોડા દિવસ પહેલાં શ્રીજીમહારાજ તથા આપનાં અને ગોપાળાનંદ સ્વામીનાં જાગ્રતમાં દર્શન થયાં. આપે, મહારાજે તથા ગોપાળાનંદ સ્વામીએ - ત્રણેએ, જરિયાન વસ્ત્રો પહેર્યાં હતાં. માથે મુગટ ધારણ કર્યા હતા અને સુવર્ણના તથા મોતીના અલંકારો પહેર્યા હતા. આવી અલૌકિક શોભાએ યુક્ત આપનાં દર્શન થયાં તેથી મને તો ઘણો જ આનંદ થયો. મારા મનમાં ઘણા વખતથી ગડભાંજ ચાલતી હતી કે સત્સંગમાં ગોપાળાનંદ સ્વામીને મહારાજે બંને દેશના મોટેરા કર્યા હતા. વળી, રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજનાં કાંડાં પણ મહારાજે ગોપાળાનંદ

સ્વામીને સોંપ્યાં હતાં. તેથી ગોપાળાનંદ સ્વામી જ અક્ષરબ્રહ્મ હોવા જોઈએ એમ હું માનતો હતો. પરંતુ આ દર્શન મને થયાં ત્યારે આપે જ મને કહ્યું : "કૃષ્ણારામ ! ગોપાળાનંદ સ્વામીને પૂછી જુવો કે અક્ષરબ્રહ્મ કોણ છે."

એટલે મેં ગોપાળાનંદ સ્વામીને તે પ્રમાણે પૂછ્યું. ત્યારે શ્રીજીમહારાજે મને ઉત્તર આપ્યો કે "કૃષ્ણારામ ! અક્ષરબ્રહ્મ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે અને ગોપાળાનંદ સ્વામી તો અક્ષરમુક્ત છે."

આ પ્રમાણે મારી શંકા શ્રીજીમહારાજે ટાળી. આપ અક્ષરબ્રહ્મનો અવતાર છો તે નિષ્ઠા મને મહારાજના વચને દૃઢ થઈ ગઈ. ત્યારથી મને થયું કે આપનાં દર્શન કરવા આવવું. આ નવા દિવસો અને વળી કાલે બેસતું વર્ષ છે એટલે આપનાં દર્શન કરવા અને આશીર્વાદ લેવા આવ્યો છું."

સ્વામીશ્રી તેમની આ વાત સાંભળી મંદ મંદ હસવા લાગ્યા. પછી બોલ્યા : "મહારાજે તમારી ખોટ ભાંગી."

પ્રબોધિની ઉત્સવ ઉપર વરતાલ

સંવત ૧૯૨૧ના અન્નકૂટનો ઉત્સવ કરીને, સ્વામીશ્રી જૂનાગઢથી પ્રબોધિનીના સમૈયા ઉપર વરતાલ જવા તૈયાર થયા. એટલામાં મહુવાના વણિક હરિભક્ત નરસિંહ પીતાંબર જેને ક્ષય રોગ થયો હતો તે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા જૂનાગઢ આવ્યા. તેના સગા તેને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. ત્યારે તેણે સ્વામીશ્રીને પગે લાગીને કહ્યું : "સ્વામી ! માબાપ ! મારી રક્ષા કરો !"

એટલે સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "તારે શું ખાવાની ઇચ્છા છે ?"

તેણે કહ્યું : "મારે જાંબુડાં અને છાશ ખાવાની ઇચ્છા છે."

ત્યારે સ્વામીએ તેને આશીર્વાદ આપતાં કહ્યું : "જા ખાજે. સારું થઈ જશે." પછી તે દર્શન કરીને મહુવા ગયો. તેની ઇચ્છા પ્રમાણે તેણે જાંબુડાં અને છાશ ખાવાનું શરૂ કર્યું અને તેનો ક્ષય રોગ થોડા દિવસમાં મટી ગયો !

સ્વામીશ્રી જૂનાગઢથી નીકળી સંત-હરિભક્તોના સંઘ સાથે ગઢડા પધાર્યા. અહીં એક દિવસ રોકાઈને, પાલિતાણાના હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી સંત-હરિભક્તોના સંઘ સાથે પાલિતાણા જવા તૈયાર થયા. ત્યારે કેટલાકે કહ્યું : "સ્વામી ! પાલિતાણા જવાનું અવળું પડશે અને વડતાલ

સમૈયે પહોંચાશે નહીં.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''આપણે સમૈયે જઈએ છીએ તે પણ હરિભક્તોના સમાસને અર્થે જઈએ છીએ. અહીં આ હરિભક્તોનો આવો ભાવ છે તો ત્યાં જવું જોઈએ. ચાલવામાં ઉતાવળ કરશું એટલે મહારાજ સમૈયા ઉપર વખતસર પહોંચાડી દેશે.'' એમ કહી પાલિતાણા જવા નીકળ્યા.

આ બાવા તો કેવળિક છે

સ્વામીશ્રી પાલિતાણા પધાર્યા એટલે ત્યાંના હરિભક્તોએ સ્વામીશ્રીનું અદ્‌ભુત સ્વાગત કર્યું. સામૈયું કરીને સ્વામીશ્રીને સિગરામમાં પધરાવ્યા. પછી સૌ વાજતેગાજતે ચાલ્યા. એટલામાં સિગરામના બળદ તોફાને ચઢ્યા. તેથી સ્વામીશ્રીએ તે બળદ તરફ દૃષ્ટિ કરી તેનો ક્રોધ ખેંચી લીધો. સ્વામીશ્રીની આ અલૌકિક સવારીનાં દર્શન કરતાં એક જૈન વણિક વિઠ્ઠલભાઈને આ સવારીમાં અલૌકિક તેજનો ભાસ થયો. તેથી તે સ્વામીશ્રીના સિગરામ સાથે ચાલવા લાગ્યો. સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી બળદનો ક્રોધ ખેંચી લીધો ત્યારે તેને સ્વામીશ્રીમાં અદ્‌ભુત ઐશ્વર્ય દેખાયું. ઉતારે પહોંચ્યા પછી સ્વામીશ્રીના તંબૂમાં તે ગયો. અહીં સ્વામીશ્રી સન્મુખ બેસી તે સ્વામીશ્રીનાં દર્શન કરતો હતો તે વખતે તે દેહનું ભાન તદ્દન ભૂલી ગયો. સ્વામીશ્રીની સેવામાં તેણે તીર્થંકરોને જોયા. પોતાનાં હજારો જન્મનાં પાપ-પુણ્ય તથા મા-બાપ વગેરેને પણ તેને જોયાં. પોતાના દેહ અને આત્માને પણ તેણે નોંખા જોયા. આ દિવ્ય દર્શનથી તેની જ્ઞાનદૃષ્ટિ ખુલ્લી થઈ એટલે તેના અંતરમાં જે જે સંકલ્પો થતા હતા તેને તે દેખવા માંડ્યો. થોડી વાર તે આ પ્રમાણે બેસી રહ્યો એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''શેઠ ! જાઓ. જમી આવો. કાં જે રાત પડશે તો તમારાથી જમાશે નહીં.''

તે સાંભળી શેઠ ઘેર ગયા. એક પેંડામાંથી તલના દાણા જેટલું જમીને પાછા તે સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીનાં દર્શન કરતા તેમની સામે જ બેસી રહ્યા. સ્વામીશ્રીના અંગમાંથી તેને અનંત આશ્ચર્યો દેખાવા લાગ્યાં. આખી રાત તે આ પ્રમાણે સ્વામીશ્રીના તંબૂમાં સ્વામીશ્રીનાં દર્શન કરતા બેસી રહ્યા.

બીજે દિવસે સવારે તેણે સ્વામીશ્રીને કહ્યું : ''બાવાજી ! મારે તમને

રસોઈ દેવી છે.''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''જાવ, કોઠારીને મળો.''

એટલે તે કોઠારીને મળ્યો અને આખા સંઘને રસોઈ આપી. સ્વામીશ્રી તેના ઉપર બહુ જ પ્રસન્ન થયા. સાંજે સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા. સ્વામીશ્રીને પાદર સુધી વળાવીને તે ગામમાં આવ્યો અને સીધો જ દરબારગઢમાં ગયો. ત્યાં જઈ તેણે પાલિતાણાના ઠાકોર સાહેબ દરબાર સૂરસિંહજીને કહ્યું : ''આ જૂનાગઢના ગોદડિયા બાવા જેવા સમર્થ પુરુષ આખા બ્રહ્માંડમાં કોઈ નથી. એ તો કેવળિક છે, કેવળિક !'' આટલા થોડા પ્રસંગમાં તેને સ્વામીશ્રીના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો !

સ્વામીશ્રી પાલિતાણાથી નીકળી ફરતાં ફરતાં કાર્તિકી એકાદશી ઉપર વરતાલ પહોંચી ગયા. અહીં સમૈયા પ્રસંગે હરિજનો આવવા લાગ્યા હતા. સ્વામીશ્રી વરતાલ પહોંચી ગયા છે તે ખબર મળતાં તો આજુબાજુનાં ગામડાં અને દેશાંતરના હરિભક્તો ઊમટ્યા. સ્વામીશ્રી વરતાલમાં આઠ દિવસ રોકાયા. કાર્તિકી પૂનમના સમૈયામાં સૌને કથા-વાર્તા-દર્શનનું સુખ આપી, સ્વામીશ્રી વરતાલથી કાર્તિક વદિ ત્રીજના દિવસે નીકળી ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા.

કામરોળના દરબાર દાજીભાઈનું પરિવર્તન

સ્વામીશ્રીની મહેમાનગીરીનો લાભ સત્સંગીઓ કરતાં પણ બિન-સત્સંગીઓ વધુ લેતા. શ્રીજીમહારાજની આજ્ઞા છે કે મંદિરમાં જે કોઈ આવે તેને ઉતારા, પાગરણ, જમવાનું વગેરે આપવું. આ આજ્ઞાનુસાર સ્વામીશ્રી સૌની બરદાસ્ત કરતા. જે જે સ્વામીની મહેમાનગીરીનો સ્વાદ લઈને જતા તે સત્સંગી થયા વિના રહેતા જ નહીં. સ્વામીશ્રી સૌને - સત્સંગી તેમજ બિન-સત્સંગીઓને - સમાનભાવથી જ આદર આપતા.

વાળાક દેશના કામરોળ ગામના દરબાર દાજીભાઈ સરકારી કામે જૂનાગઢ આવ્યા હતા. તેમણે સ્વામિનારાયણ મંદિરમાં ઉતારો રાખ્યો. સ્વામીશ્રીએ તેમને હોકામેડીમાં ઉતારો આપ્યો. દરબારો તથા ગરાસિયાઓ જે સત્સંગી ન હોય અને હોકો, બીડી, અફીણ વગેરેની જેમને ટેવ હોય, તેમને સૌને માટે સ્વામીશ્રીએ આ હોકામેડી રાખી હતી. ત્યાં તેમને ઉતારતા એટલે

તેમને હોકા, ચલમ કે બીડી ફૂંકવામાં સંકોચ ન થાય. વળી, સત્સંગીઓને પણ તેમની આવી કુટેવોથી ત્રાસ ન થાય. સ્વામીશ્રી સમજતા કે આવા લોકોને સીધો ઉપદેશ કરવાથી તેઓ તેમની આ કુટેવો છોડશે નહીં. પરંતુ સત્સંગીઓનાં વર્તન જોશે ત્યારે તેમની આવી ટેવો સહેજે જ છૂટી જશે.

દાજીભાઈને સ્વામીશ્રીએ આ હોકામેડીમાં ઉતારો આપ્યો. તેમના ઘોડાને પાવરો, રજકો વગરે અપાવ્યાં. દરબાર માટે ઢોલિયો પથરાવી દીધો. તેમની તથા તેમના ચાકરની પણ બરદાસ્ત કરી. દરબારે વિચાર્યું કે સ્વામીશ્રીની મહેમાનગતિ જેવી સાંભળી હતી તેવી જ છે.

સવારે સ્વામીશ્રી સભામાં વાતો કરતા હતા. તે વખતે દરબાર દાજીભાઈ સભામાં આવીને બેઠા. તેમને જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "દરબાર ! ગુરુ કર્યા છે ?"

ત્યારે દરબારે કહ્યું : "હજુ તો કર્યા નથી. પણ હું ગુરુ જ ગોતું છું. હજુ સુધી ગુરુ મળ્યા નથી. કાં જે જેને ગુરુ કરવા જાઉં છું તે દારૂના બે શીશા અને બે બકરા માગે છે. એટલે મને વિચાર થાય છે કે એવું તો હું પણ કરું છું. એટલે એવા ગુરુ મારું શું ભલું કરે ?"

દરબારની આ વાત સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી દરબારને કહ્યું : "દરબાર ! આ ગુરુ તેવું માગે એવા નથી." એમ કહીને સ્વામીશ્રીએ કહ્યું : "દરબાર ! દારૂ, માટી, ચોરી, છીનાળી ને વટલવું-વટલાવવું નહીં, એ પાંચ નિયમો પળાવી સ્વામિનારાયણનું ભજન અમે કરાવીએ છીએ."

સ્વામીશ્રીની આ વાત સાંભળીને અને તેમનાં દર્શન કરીને દરબારનું હૈયું ટાઢું થઈ ગયું. તેમના સંકલ્પો બધા બંધ થઈ ગયા. તેમનું અંતર સ્વામીશ્રી પ્રત્યે ખેંચાયું. તેથી તેમણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! આજથી આપના વચને હું દારૂ નહીં પીવું તેમજ માંસ પણ નહીં ખાઉં. ચોરી તો હું કરતો નથી. તેમજ વટલવું-વટલાવવું હું હવે કરીશ નહીં."

દરબાર આ પ્રમાણે બોલ્યે જતા હતા. તેમને થયું કે આ પુરુષ મહાસમર્થ છે. માટે તેમની આગળ આપણી બધી કરણી સ્પષ્ટ કહી દેવી. તેથી તેમણે કહ્યું : "સ્વામી ! મેં યુવાવસ્થામાં ત્રાંબાની ભસ્મ ખાધી છે ને ચકલાંની જીભો કપાવીને ખાધી છે જેથી નિષ્કામ ધર્મ મારાથી પળે તેમ નથી."

દરબારે નિષ્કપટપણે પોતાની હકીકત સભામાં સ્વામીશ્રીને કહી દીધી.

તેથી સ્વામીશ્રી તેમના ઉપર રાજી થયા. પછી કહ્યું : ''આ ચાર નિયમો તમે પાળજો. પાંચમું નિષ્કામ ધર્મ અમે તમને પળાવીશું.''

એમ કહીને સ્વામીશ્રીએ દરબારને વર્તમાન ધરાવ્યાં. કંઠી પહેરાવી, પૂજા આપી અને સ્વામિનારાયણની પાંચ માળા પોતા તરફ દૃષ્ટિ રાખીને ફેરવવાની આજ્ઞા કરી. એટલે દરબારે સ્વામીશ્રી તરફ દૃષ્ટિ રાખી પાંચ માળા ફેરવી કે તરત જ સ્વામીશ્રીએ તેમનાં નેત્રમાંથી કામ ખેંચી લીધો. સ્વામીશ્રીની આ અસાધારણ કૃપાથી દરબારના હૈયામાં અત્યંત શાંતિ થઈ ગઈ ! સંકલ્પમાત્ર બંધ થઈ ગયા ! દરબાર કૃતકૃત્ય થઈ ગયા. પછી સ્વામીશ્રીની રજા લઈને તે ઊઠ્યા.

બીજે દિવસે સરકારી કામ પતાવીને દરબાર દાજીભાઈ સ્વામીશ્રીની રજા લઈ ઘેર ગયા. કામાદિક દોષના તેના તમામ સંકલ્પો સ્વામીશ્રીની કૃપાથી શમી ગયા. અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ. તેથી સ્વામિનારાયણનું ભજન વિના-વિક્ષેપે તેઓ કરવા લાગ્યા. રોજ પાંચ શેર દૂધ કઢીને તેમાં શેર સાકર નાખીને પીતા ને બશેર લોટની પૂરી જમી જતા એવા બળવાન હતા. છતાં તેમને કામનો સંકલ્પ ઊઠતો નહીં. સ્વામીશ્રી પાસે નિષ્કપટ થઈ જવાથી દરબાર નિર્દોષ થઈ ગયા !

બગસરાના દરબારને ઉપાધિ

સ્વામીશ્રીની કરુણામય દૃષ્ટિ અને કોમળ અંતઃકરણથી, સોરઠના તમામ મુમુક્ષુઓ તેમની મુશ્કેલીઓના સમયે સ્વામીશ્રી પાસે રક્ષણ શોધતા. બગસરાના દરબાર ઉપર બહારવટિયા રાખવાનું તહોમત આવ્યું. એટલે તેમને પકડીને રાજકોટ લઈ ગયા. આ આફત આવવાથી તેમનાં ઘરનાંએ પોતાના સગા કુંડલાના આલા ખુમાણને બગસરા બોલાવ્યા અને કહ્યું : ''અમારે બહુ જ દુઃખ આવ્યું છે. સરકારે જેણે જેણે બહારવટિયાઓને આશરો આપ્યો છે તેને ફાંસીએ ચડાવ્યા છે. અમારે પણ તે વખત આવશે. માટે તમે હવે જૂનાગઢ જાઓ. ત્યાંના જોગી બહુ સમર્થ છે. અહીં પધાર્યા ત્યારે દરબાર તેમના પગમાં પડી ગયા હતા અને મંદિર માટે માગી એટલી જમીન આપી હતી. તો અમારી આ સમે રક્ષા કરે તેવી તેમને પ્રાર્થના કરો.''

આલા ખુમાણને પણ આ સાંભળી દુઃખ થયું. તેણે કહ્યું : ''તમે કાંઈ

ચિંતા કરશો મા !" એમ કહી દરબારના બ્રાહ્મણ કારભારીને લઈને આલા ખુમાણ જૂનાગઢ આવ્યા.

અહીં આવી સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગ્યા. પછી સ્વામીશ્રીને તેમણે કહ્યું : "દયાળુ ! અમારા સગા બગસરાના દરબાર છે. બગસરામાં આપણા મંદિર માટે આપને વચને તેમણે જમીન આપી છે, તેમને સરકારી ઉપાધિ આવી છે. સાવ નિર્દોષ છે પણ સરકારી કાયદા પ્રમાણે તેને ફાંસીએ ચડાવી દેશે."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "બાપુ ! તમે અહીં અમારી ભેગા રહો અને વાતો સાંભળો. તમે અરજી અહીં કરી કે તરત જ દરબાર છૂટી ગયા છે. આ બ્રાહ્મણ કારભારીને તે સમાચાર કહેવા ઘરે મોકલો." આલા ખુમાણ તો આ સાંભળી એકદમ રાજી થઈ ગયા. સ્વામીશ્રીના પગમાં પડી ગયા.

બ્રાહ્મણ કારભારી બગસરા ગયો અને તેણે દરબારમાં ખબર આપી કે સ્વામીશ્રીએ કહ્યું છે કે "દરબાર છૂટી ગયા છે." કારભારીની આ વાત સાંભળી સૌનાં હૈયાં હેઠાં બેઠાં. જ્યારથી દરબારને પકડીને લઈ ગયા, ત્યારથી કોઈએ ધરાઈને ધાન ખાધું ન હતું. બીજે દિવસે રાજકોટથી ખબર આવ્યા કે દરબાર છૂટી ગયા છે. સ્વામીશ્રીએ પોતાના આશ્રિત દરબારની રક્ષા કરી. દરબારે મંદિરની જમીન આપવાની અલ્પ સેવા કરી. સ્વામીશ્રીએ તેને આ લોકમાં જીવતદાન અને અભયદાન બંને આપી તેની મહત્ સેવા કરી.

આલો ખુમાણ જૂનાગઢ રહ્યા. સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રાગજી ભક્ત તેમને રોજ વાતો કરતા. તેથી સ્વામીશ્રી અક્ષરધામનો અવતાર છે એ નિષ્ઠા તેના અંતરમાં દૃઢ થઈ ગઈ !

આ તો અર્જુનનાં બાણ છે

આ અરસામાં સેલણા ભામોદરાના રાઠોડ ધાધલ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા. તેમને ઘેર જવાનું ટાણું થયું. તેથી તે સ્વામીશ્રી પાસે આવ્યા અને હાથ જોડીને કહ્યું : "સ્વામી ! તમારી કહેલી એકે વાત મારા હૈયે ઊગી નથી. એટલે મને ગઢડાના રૂગનાથચરણદાસ તથા કપિલચરણદાસ પૂછશે કે તમે સ્વામીનો સમાગમ કરીને આવ્યા તે વાતો કરો. ત્યારે હું શું

કહીશ ?''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''આ તો બીજ વાવ્યાં છે તે ઊગીને મોટાં ઝાડ થશે. જેમ સરસવની કોથળીમાંથી ખેતરમાં સરસવ વેરાઈ ગયાં હોય અને પછી એ વરસે તો ખેતર આખું સરસવનાં છોડથી ભરાઈ જાય, તેમ આ શબ્દના તમારી વાણીમાં ઝાડ થશે, તમારે શબ્દ ગોતવા જાવું નહીં પડે. આ તો અર્જુનનાં બાણ છે - તે મારે ત્યારે એક અને વાગે ત્યારે અનેક થાય. માટે જાઓ સુખેથી વાતો કરજો.'' સ્વામીશ્રીના આશીર્વાદથી તેમની વાત સવ્યસાચી અર્જુનના બાણની જેમ અનેક ધારે યુક્ત થઈ ગઈ.

ગઢડા દેશમાં તે ગયા ત્યારે સૌ તેમને વાતો કરવાનું કહેતા. સ્વામીને સંભારીને તે વાતો કરતા અને જાણે ગંગાનો પ્રવાહ છૂટ્યો હોય તેમ વાતોની ધારા ચાલતી. થોડા દિવસ કેડે જાગા ભક્ત કેશવલાલભાઈને કોટડા મૂકવા જતા હતા. રસ્તામાં રાઠોડ ધાધલ તેમને મળ્યા. રાઠોડ ધાધલ ઘોડી ઉપર બેઠા હતા. જાગા ભક્તે તેમને ઊભા રાખીને પૂછ્યું : ''ધાધલ ! પેલી વાત સ્વામીશ્રીએ કહી હતી કે અર્જુનનું બાણ મારે ત્યારે એક અને વાગે ત્યારે અનેક તેનું કેમ છે ?''

ત્યારે રાઠોડ ધાધલે કહ્યું : ''સ્વામીના કહેવા પ્રમાણે બરાબર અર્જુનના બાણ જેવું છે. આખી રાત વાતો કરું છું પણ ખૂટતી નથી.''

સ્વામીશ્રીના અદ્‌ભુત પ્રતાપનો તેમને અનુભવ થયો. પછી તેમણે પૂછ્યું : ''તમે અહીં ક્યાંથી ?''

ત્યારે જાગા ભક્તે કહ્યું : ''આ કેશવલાલભાઈને કોટડા મૂકવા જાઉં છું.'' સ્વામીશ્રીએ આમ અનંત ચમત્કારો બતાવ્યા, વાતો કરી જીવ સોંસરું ગુણાતીત જ્ઞાન ઉતારી દીધું અને અનંતને જીવનમુક્ત બનાવી દીધા.

સમાગમ શબ્દનો અર્થ

આવા સત્સંગીઓ જ્યારે આવતા ત્યારે સ્વામીશ્રી વાતોનો વરસાદ વરસાવતા. હરિભક્તો પણ રાત-દિવસ જોયા સિવાય સ્વામીશ્રીને આસને સંકોચાઈને બેસી જતા. સ્વામીશ્રી સભામાં પ્રશ્ન-ઉત્તર કરાવે ને રાત્રે વાતો કરે. તે વખતે એક રુચિવાળા તમામ ભેગા થઈ જાય અને સ્વામીશ્રીની ચારે કોર બેસી જાય. એક રાત્રે સ્વામીશ્રીએ વાતો કરવાનું શરૂ કર્યું અને

હરિદાસજીના આસને એક સાધુએ કીર્તન બોલવાનું શરૂ કર્યું. ચાર વાગ્યા સુધી તે કીર્તનો બોલ્યા. અહીં સ્વામીશ્રીએ પણ ચાર વાગ્યા સુધી વાતો કરીને શ્રીપતિમ્ કર્યું. ચાર વાગે તે સાધુ તૂંબડું લઈને નાહવા ગયા. તેને જોઈ સ્વામીશ્રી બોલ્યા : ''આખી રાત પાડું આરડે (ગાંગરે) તેમ આરડ્યો છે પણ આવી અલૌકિક વાતો ઉપર ધ્યાન આપ્યું નહીં. સમાગમ શબ્દનો અર્થ જ એ છે કે જેને સમાની ગમ હોય તે સમાગમ કરી જાણે. પણ આ સાધુને એવી ગમ નહીં તે રાત બધી અમથી વેઠી.''

આમ કહીને સ્વામીશ્રી નાહવા પધાર્યા. પછી મંગળાનાં દર્શન કરી, સભામાં પધારી શણગાર આરતી સુધી ખૂબ વાતો કરી.

મોટાનો અભિપ્રાય નાના જાણે કે નહીં ?

એક દિવસ રાત્રે બાર વાગે સ્વામીશ્રી મેડા ઉપર આસન નાખી સભા કરીને બેઠા હતા અને વાતો કરતા હતા. વાતોના પ્રસંગમાં સ્વામીશ્રી દિવ્યભાવમાં આવીને બોલ્યા : ''કેટલાક એમ જાણે છે કે સ્વામી અમારી કોર છે અને કેટલાક એમ જાણે છે કે સ્વામી અમારી કોર છે. પણ અમારો અભિપ્રાય તો મોટા મોટા સદ્‌ગુરુઓ પણ જાણી શક્યા નથી તો તમો શું જાણશો ?'' એમ કહીને બોલ્યા : ''બીજું કાંઈ જાણવાનું નથી. શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા. આ બધા અક્ષર છે ને ઓલ્યા મૂળ અક્ષર છે તે પણ અહીં બેઠા છે.'' એમ પોતાની છાતીએ હાથ અડાડીને કહ્યું : ''આટલું ન જાણ્યું ને બીજું બધું જાણ્યું તેમાં શું કર્યું ? કાંઈ કર્યું નથી.'' એમ કહીને षडङ्गादि वेदो मुखे शास्त्रविद्या । એ બોલ્યા.

રાતના મોડે સુધી સ્વામીશ્રીએ વાત કરી. આ વખતે મુકુંદચરણદાસજી તથા કરસન ભક્ત મંદિર ઉપર ચોકી કરવા ગયા હતા. મુકુંદચરણદાસ આ જ વખતે નીચે લઘુ કરવા આવેલ તેણે સ્વામીશ્રીએ કહેલી આ વાત સાંભળી. એટલે મંદિર જઈને તેણે કરસન ભગતને કહ્યું કે સ્વામીશ્રીએ અત્યારે આ પ્રમાણે વાત કરી.

સવારે મંગળા આરતી વખતે દર્શન કરી સ્વામીશ્રી ભંડારે જતા હતા, ત્યારે કરસન ભક્તે સ્વામીશ્રીને ઊભા રાખીને પૂછ્યું : ''બહુ મોટાનો

અભિપ્રાય નાના જાણે કે નહીં ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''શું ધૂળ જાણે ? સૂર્યનો મહિમા પતંગિયું શું ધૂળ જાણે ?''

તેથી કરસન ભક્તે કહ્યું કે ''સ્વામી ! તે રાત્રે વાત કરતા હતા કે અમારો અભિપ્રાય તો મોટા મોટા સદ્‌ગુરુઓ જાણી શક્યા નથી તો તેનું કેમ સમજવું ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''જેને જેમ સમજવું હોય તેમ સમજે.'' એમ કહી ભંડારે પધાર્યા.

આ ગોદડીનાં દર્શનથી પંચ મહાપાપ બળી જાય

ભંડારેથી સ્વામીશ્રી સભામાં પધાર્યા. સભામાં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજની લીલાની વાતો કરતાં કહ્યું : ''એક વખત શ્રીજીમહારાજ માણાવદર પધાર્યા. અહીં થોડા દિવસ રહીને ભટ્ટજીને કહ્યું : ''ચાલો સમૈયે.''

ત્યારે ભટ્ટજીએ કહ્યું : ''મહારાજ ! બાર વીઘાની જમીનમાં બાજરો ઊભો છે તે લણ્યા પછી આવું.''

એટલે મહારાજે કહ્યું : ''આખા ગામનાં દાતરડાં ભેગાં કરો.''

એટલે ગામમાંથી દાતરડાં ભેગાં કર્યાં. રાત્રે મહારાજ તથા સૌ સાધુઓ ખેતરમાં ગયા. અજવાળી રાત હતી એટલે બધો બાજરો લણી લીધો.

ત્યારે જાગા ભક્તે પૂછ્યું : ''શ્રીજીમહારાજ પોતે પણ બાજરો લણતા હતા ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''હા, મહારાજ પણ લણતા હતા અને ભેગા આ અક્ષરધામ પણ લણતા હતા.''

આ સાંભળીને સભામાં સ્વામીશ્રી પ્રત્યે હેતવાળા જેટલા હતા તેમને સ્વામીશ્રીના અક્ષરધામ સ્વરૂપની નિષ્ઠા થઈ.

એ વખતે રૂપશંકર કીકાણી સભામાં બેઠા હતા. તેમને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''આ ગોદડી બજારમાં જઈ વેચો તો શું ઊપજે ?''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! કોઈ દસ દોકડા પણ આપે નહીં.''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : ''દસ કરોડ રૂપિયા ખરચતાં

પણ આ ગોદડી ન મળે. આ ગોદડીનાં દર્શન કરે તેનાં પંચ મહાપાપ પણ બળી જાય. એવી શ્રીજીમહારાજની પ્રસાદીની આ ગોદડી છે.''

શામજીભાઈ સ્વામીની વાતો યાદ રાખીને રોજ લખતા હતા. પરંતુ કેટલાકને તે ન રુચ્યું એટલે સ્વામીશ્રીને ફરિયાદ કરી કે ''આ શામજી તો વાતો લખે છે તે છાશમાં કેટલું પાણી નાખે છે ?''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''તેનું પુસ્તક લાવો.''

તેથી શામજીભાઈએ સ્વામીની વાતુનું જે પુસ્તક લખ્યું હતું તે લઈ આવ્યા. સ્વામીશ્રીએ અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે તે પુસ્તક વંચાવ્યું. તે પુસ્તક આખું થોડા દિવસમાં પૂરું થયું. પછી સ્વામીશ્રીએ કહ્યું : ''આ બધી વાતો તો મારી કહેલી જ લખી છે. એમાં એક અક્ષરનો પણ ફેર નથી.''

એ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ તે વાતો વાંચવાની સૌને આજ્ઞા કરી. પછી શામજીભાઈને સ્વામીશ્રીએ કહ્યું : ''આ બધી વાતો તમે ગુજરાતીમાં લખી છે તે હવે બાળબોધમાં લખો.''

સ્વામીશ્રીની આ આજ્ઞાથી શામજીભાઈએ તથા કેશવચરણદાસજીએ મળીને બધી વાતો બાળબોધમાં લખી નાખી.

હુતાશનીનો સમૈયો - સ્વામીશ્રી વિરુદ્ધ ઉદ્‌ઘોષ

હુતાશનીનો સમૈયો પાસે આવતો હતો. એટલે દેશદેશના હરિભક્તો જૂનાગઢ આવવાની તૈયારી કરતા હતા. વરતાલથી શુક સ્વામી પણ સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવવા નીકળી ગયા. તેમની સાથે તેમના સાધુ હરિસ્વરૂપદાસજી પણ હતા. રસ્તામાં સેંજળના દરબાર માણસિયા ખુમાણે શુક સ્વામીને રોકવા માટે ખૂબ આગ્રહ કર્યો અને જમીને જવાની તાણ કરી. પરંતુ હરિસ્વરૂપદાસ ન માન્યા. આથી માણસિયા ખુમાણને બહુ જ ખોટું લાગ્યું. બીજે દિવસે માણસિયા ખુમાણ જૂનાગઢ આવ્યા. તેમણે સ્વામીશ્રીને હરિસ્વરૂપદાસની હઠની વાત કરી. તેથી સ્વામીશ્રીએ હરિસ્વરૂપદાસને ખૂબ ઠપકો આપ્યો અને કહ્યું : ''જ્યારે હરિભક્તોને કોચવાવવા હતા, ત્યારે વરતાલથી નીકળવું નહોતું. હરિભક્તો બીચારા શ્રીજીના લાડીલા જાણી મહિમા સમજી તાણ કરે અને આપણને એમની ગણતરી નહીં તે કેવું કહેવાય ?''

હરિસ્વરૂપદાસને સ્વામીશ્રીના શબ્દોથી બહુ દુઃખ લાગ્યું. તેમના અંતરમાં સ્વામીશ્રી વિરુદ્ધ અસદ્‌ભાવ થયો. તેથી તે રોજ શુક સ્વામીને સ્વામીશ્રી વિષેના અસદ્‌ભાવના શબ્દો કહેવા લાગ્યા. એટલામાં પવિત્રાનંદ સ્વામી અને ભૂમાનંદ સ્વામી પણ સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. તેમણે પણ આ ફરિયાદ સાંભળી. સ્વામીશ્રી વિરુદ્ધનો ઉદ્‌ઘોષ શરૂ થયો અને વડતાલ સુધી આ વાવડ પહોંચી ગયા !

પરિણામે આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ જૂનાગઢ પધાર્યા. સૌએ મળીને સ્વામીશ્રીને ઠપકો દેવાનું નક્કી કર્યું. પરંતુ આચાર્ય મહારાજ ગાદી ઉપર આવ્યા પછી પહેલી જ વાર જૂનાગઢ પધાર્યા હોવાથી આખો સોરઠ દેશ જૂનાગઢ આવ્યો. આ બધા હરિભક્તો સ્વામીશ્રી વિષે અત્યંત હેતવાળા અને સ્વામીશ્રી માટે માથાં દેનારા હતા. તેથી તેમની હાજરીમાં સ્વામીશ્રીને ઠપકો દેવાનું સૌને ઠીક ન લાગ્યું. મનમાં સૌ સમસમી રહ્યા ! પરંતુ પ્રાગજી ભક્તને તો કહેવું જ એવું સૌએ નક્કી કર્યું.

ફૂલદોલના સમૈયાને દિવસે જ પ્રાગજી ભક્ત સ્વામીશ્રીની આજ્ઞાથી ચોકમાં બેસી વાતો કરતા હતા. તેવામાં ભાડેર ગામના મોતીભાઈ આચાર્ય મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા તે ચોકમાં બેસી પ્રાગજી ભક્તની વાતો સાંભળવા લાગ્યા. પ્રાગજી ભક્તની તેમના ઉપર દૃષ્ટિ પડી એટલે તેમણે અંતર્યામીપણે તેમનું પાપ જાણ્યું. પ્રાગજી ભક્ત તેમનું કાંડું પકડી તેમને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. સ્વામીશ્રી પાસે તેમને પ્રાયશ્ચિત્ત અપાવ્યું. તે વાત પવિત્રાનંદ સ્વામીના જાણવામાં આવી. તેથી તેમણે પ્રાગજી ભક્તને બોલાવીને ઠપકો આપતાં કહ્યું : ‘‘તેં કેમ અધિકાર વગર પ્રાયશ્ચિત્ત આપ્યું ?’’

એટલે પ્રાગજી ભક્તે કહ્યું : ‘‘મેં તો સ્વામીશ્રીની આજ્ઞાથી કર્યું છે. માટે મને શું કહો છો ?’’

આ જવાબથી પવિત્રાનંદ સ્વામી વધુ ગુસ્સે થયા. પરંતુ પ્રાગજી ભક્તે તરત જ વિનયપૂર્વક સેવા કરી તેમને રાજી કરી લીધા.

બીજે દિવસે સ્વામીશ્રીએ પ્રાગજી ભક્તને બોલાવીને કહ્યું : ‘‘પ્રાગજી ! પવિત્રાનંદ સ્વામીને આ સ્વરૂપની વાત કરીશ ?’’

ત્યારે તેમણે કહ્યું : ‘‘આપની આજ્ઞા હોય તો કરું.’’

સ્વામીશ્રીની મરજી જાણી પ્રાગજી ભક્તે નક્કી કર્યું કે પવિત્રાનંદ સ્વામીને સ્વામીશ્રીના અક્ષરધામ સ્વરૂપની વાત જરૂર કરવી.

હવે તો અક્ષરનું સાલ મૂક

તે રાત્રે પ્રાગજી ભક્ત રઘુવીરચરણદાસને આસને બેસીને સ્વામીશ્રીનાં પરભાવની વાતો કરતા હતા. રાતના લગભગ બાર વાગી ગયા હતા. પ્રાગજી ભક્ત ગ.પ્ર. ૨૧, ૬૩, ૭૧ અને પં. ૭ આટલાં વચનામૃતો વંચાવી સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એવી સચોટ વાતો કરતા હતા. પવિત્રાનંદ સ્વામી, રઘુવીરચરણદાસના આસન પાસે જ સૂતા હતા. તેમણે કંટાળીને જોરથી કહ્યું : "એલા પ્રાગજી ! બાર વાગ્યા. હવે તો અક્ષરનું સાલ મૂક."

એ સાંભળી પ્રાગજી ભક્ત તેમની પાસે આવ્યા અને તેમના પગ દાબવા લાગ્યા. તેથી પવિત્રાનંદ સ્વામી જરા શાંત થયા. એટલે પ્રાગજી ભક્તે તેમના કાન પાસે જઈ કહ્યું : "સ્વામી ! આ ગુણાતીતાનંદ સ્વામી મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે. માટે તેમને સેવશો તો તે પોતા જેવા કરશે અને શ્રીજીમહારાજ વશ થશે."

પવિત્રાનંદ સ્વામી આ શબ્દો સાંભળી એકદમ ખિજાયા. પાસે પડેલી પોતાની લાકડી પછાડી બોલ્યા : "તું ક્યાંથી આવ્યો મને સ્વામીનું સ્વરૂપ સમજાવવાવાળો ?"

એટલે પ્રાગજી ભક્તે કહ્યું : "સ્વામી ! દેડકા તો બહુ ડામિયા, પણ મળ્યો નહીં મણિધર સાપ. વરતાલમાં દેડકા જેવા ઘણાને તમે દાબી દીધા છે. પણ આ ગુણાતીતાનંદ સ્વામી તો મણિધર સાપ છે. માટે તેમનો દ્રોહ કરવો રહેવા દ્યો."

આ સાંભળી પવિત્રાનંદ સ્વામીના ગુસ્સાનો પાર ન રહ્યો. પથારીમાંથી એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા : "અલ્યા, હું દેડકો અને તું મણિધર સાપ ! હવે તું જોઈ લેજે. મારી સામું બોલ્યો છું પણ તને વિમુખ ન કરું તો હું પવિત્રાનંદ નહીં."

પ્રાગજી ભક્ત હસવા લાગ્યા. પછી બોલ્યા : "સ્વામી ! તમે તે શું મને વિમુખ કરશો ? હવે તો શ્રીજીમહારાજ મને વિમુખ કરવા ધારે તો પણ હું તેમનો કર્યો વિમુખ થાઉં તેવો રહ્યો નથી. કારણ પારસમણિનું કર્યું સોનું પાછું

પારસનું કર્યું પણ લોઢું થતું નથી. આ લોકમાં કદાચ દેખવા માત્રે બોલો અને કરો પણ બીજું કાંઈ વળે નહીં.'' આ સાંભળી પવિત્રાનંદ સ્વામીનો ગુસ્સો હદપાર વધ્યો.

સ્વામીશ્રી આ કોલાહલ સાંભળી ત્યાં પધાર્યા. પછી પ્રાગજી ભક્તને કહ્યું : ''પ્રાગજી ! સ્વામીને પગે લાગી માફી માગ.'' એટલે પ્રાગજી ભક્ત તરત જ પવિત્રાનંદ સ્વામીને પગે પડ્યા અને તેમની માફી માગી. પરંતુ પવિત્રાનંદ સ્વામીએ તો તેમના સામું જોયું પણ નહીં.

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''સ્વામી ! આ પ્રાગજી તમારી માફી માગે છે.''

તેથી પવિત્રાનંદ સ્વામીએ મોઢું ફેરવી દીધું અને બોલ્યા : ''એને ને મારે આ ભવમાં ભેગું બેસવું નથી.''

એટલે પ્રાગજી ભક્ત હસ્યા અને કહ્યું : ''જો મેં ગુણાતીતાનંદ સ્વામીને સેવ્યા હશે અને સ્વામી જો અક્ષરબ્રહ્મ છે તો તમારી ભેગા જ બેસી કથાવાર્તા કરવી છે અને જેવું છે તેવું જ્ઞાન કરવું છે.''

પરંતુ પવિત્રાનંદ સ્વામીનો ગુસ્સો વધતો જતો હતો ! તેમાં વળી, રઘુવીરચરણદાસ બોલ્યા : ''જોયું ! તમે છો અને આચાર્ય મહારાજ છે છતાં કેવી બેધડક વાત કરે છે ? એ તો હજારોનો ગુરુ થઈ પડ્યો છે.''

આથી પવિત્રાનંદ સ્વામી વધારે લાલ થયા. સ્વામીશ્રીએ તેમને શાંત કર્યા અને સુવાડ્યા. પ્રાગજી ભક્તને ત્યાંથી પોતાની સાથે લઈ ગયા. પોતાને આસને પ્રાગજી ભક્તને બેસારી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''પ્રાગજી ! તું ખરો માથા વિનાનો થયો છે ! માથા વિનાનો થાય તેનાથી જ પ્રગટ ભગવાન અને પ્રગટ સાધુ સેવાય અને રાજીપો મેળવાય. બીજાથી શું થાય ?''

સ્વામીશ્રીએ પ્રાગજી ભક્ત ઉપર પોતાનો અનેકગણો રાજીપો બતાવ્યો.

પવિત્રાનંદ સ્વામીને તો ઘણું જ ખોટું લાગ્યું હતું. તેમાં વળી સ્વામીશ્રીએ પ્રાગજી ભક્તનો ઉઘાડો પક્ષ લીધો અને તેને કાંઈ પણ ઠપકો ન આપ્યો તેથી તેમને વિશેષ દુ:ખ થયું.

બીજે દિવસે સવારે સભામાં પવિત્રાનંદ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ પ્રાગજીને તમે અંતર્યામીપણું આપ્યું છે તેથી તે સારા સારા માણસોના સંકલ્પો કહે અને તેમની લાજ પાડે છે. માટે આવા હલકા પાત્રને

ઐશ્વર્ય અપાય ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''એણે મારી બહુ સેવા કરી છે અને અખંડ ભજન કર્યું છે. વળી ત્યાગ, તપ રાખ્યાં છે. તેથી મારું હૈયું હાથ ન રહ્યું અને હાથ છૂટી બલા થઈ ગઈ.''

આ સાંભળી પવિત્રાનંદ સ્વામી કાંઈ બોલ્યા નહીં. પરંતુ સ્વામીશ્રીને બે શબ્દો કહેવાનો ઊભરો હતો તેથી તેમને બોલવાનું કાંઈ બહાનું જોઈતું હતું. જાગા ભક્તને ઓરડે પણ કુંડલા, પીઠવડી વગેરે ગામોના હરિભક્તો તેમની વાતો સાંભળવા બેસે, તેમને દંડવત્ કરે, તેમની વાતોથી અપાર આનંદ અનુભવે.

આમ, પ્રાગજી ભક્તની તથા જાગા ભક્તની આવી મોટપ જોઈ, તેમણે યુક્તિપૂર્વક સભામાં સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! તમે ધર્મામૃતની વાતો કરો છો પણ તમારે ત્યાં જ ખોજા તથા રાઠોડ હરિભક્તો તમને આવીને પગે પડે છે. માટે એ સૌ તમને ન અડે તેવો બંદોબસ્ત કરો.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''બહુ સારું.''

તમારે બહુ પ્રેમ હોય તો મારે હાથે અડો

બીજે દિવસે મહુવા તથા ગોંડળના રાઠોડ હરિભક્તોની એકાંતિક મંડળી જૂનાગઢ આવી. તે સૌ દૂરથી દંડવત્ કરી સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''કોઈ પગે અડશો નહીં. આ પવિત્રાનંદ સ્વામીએ બંધી કરી છે.''

ત્યારે તે હરિભક્તોએ કહ્યું : ''ગોપાળાનંદ સ્વામી તથા રઘુવીરજી મહારાજના ચરણનો સ્પર્શ અમો કરતા હતા. માટે આ નવો બંદોબસ્ત હોય નહીં.''

એ સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમારે બહુ પ્રેમ હોય તો મારે હાથે અડો. પણ પગે અડવાની તો તેમણે બંધી કરી છે માટે નહીં અડવા દઉં.'' એમ કહી પોતાનો હાથ લાંબો કર્યો. તેથી સૌએ સ્વામીશ્રીના હાથનો સ્પર્શ કર્યો અને સૌને શાંતિ થઈ. આ જોઈ સભામાં બેઠેલા ભગવત્પ્રસાદજી મહારાજ તથા બીજા સદ્‌ગુરુઓ ખૂબ હસ્યા. મહારાજે કહ્યું : ''અહો ! જોગીની કળા તો અલૌકિક કહેવાય.''

આચાર્ય મહારાજ સાત દિવસ જૂનાગઢમાં રહ્યા. પરંતુ હરિભક્તોની હાજરીમાં સ્વામીશ્રીને કાંઈ કહેવાયું નહીં. પ્રાગજી ભક્ત તથા જાગા ભક્તની પ્રતિભા જોઈ તેમના સૌના અંતરમાં રાગદ્વેષની જ્વાળાઓ સળગવા લાગી. પણ કોઈ કાંઈ બોલી શક્યા નહીં. સૌના મનની મનમાં રહી ગઈ !

વરતાલમાં ચૈત્રી સમૈયો

વરતાલમાં ચૈત્રી સમૈયો પાસે આવતો હતો. તેથી આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ વરતાલ જવા તૈયાર થયા. સ્વામીશ્રી પણ તેમની સાથે વરતાલ જવા સંતો-હરિભક્તોની સાથે નીકળ્યા. સ્વામીશ્રી આચાર્ય મહારાજ સાથે વરતાલ પહોંચ્યા. આ સમૈયા ઉપર વસો, સોજીત્રા, પીજ, નડિયાદ, મહેમદાવાદ, ઉમરેઠ, આણંદ, વડોદરા, સુરત, મહેળાવ, બોચાસણ, સીંજીવાડા, પીપળાવ વગેરે ગામોના હરિભક્તો આવ્યા હતા. આચાર્ય મહારાજ પણ સ્વામીશ્રીની વાતો સાંભળવા આવતા. પ્રાગજી ભક્ત પણ ઉઘાડે છોગે સ્વામીશ્રીના મહિમાની વાતો કરતા. તેથી વડતાલ દેશમાં ચરોતર, કાનમ, વાંકળ આદિ તમામ સ્થળે સૌને ખબર પડી કે સ્વામીશ્રીએ તેમનું તમામ જ્ઞાન પ્રાગજી ભક્તને આપી દીધું છે.

સ્વામીશ્રી વિરુદ્ધનું ઝેર હજુ જોઈએ તેવું સૌની નસોમાં પ્રવર્ત્યું ન હતું. આચાર્ય મહારાજને સ્વામીશ્રી પ્રત્યે સદ્‌ભાવ હતો. તેથી તેમણે સ્વામીશ્રીને તથા શુક સ્વામીને બ્રહ્મચારીને ચોકે જમાડ્યા. પછી તેમની પૂજા કરી અને સ્વામીશ્રીની પ્રસાદીની જનોઈ તથા કંઠી લઈ લીધાં. સ્વામીશ્રીને નવી જનોઈ અને નવી કંઠી પહેરાવ્યાં. વળી, વૈકુંઠ બ્રહ્મચારીએ પણ ઘણા પ્રેમથી રસોઈ કરી સ્વામીશ્રીને જમાડવાનો લાભ લીધો.

સમૈયો પૂરો થયો એટલે સ્વામીશ્રી સંત-હરિભક્તોના સંઘ સાથે વરતાલથી ઘોડાવાળે દરવાજે થઈને સાવજી કૂવા તરફ ચાલ્યા. હજારો હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા સારુ સાથે જતા હતા. ચાલતાં ચાલતાં સૌ સ્વામીશ્રીને ધોતિયાં ઓઢાડતા હતા. કેટલાંક ધોતિયાં રસ્તામાં પડતાં તે બે સાધુઓ ગાડામાં નાખી દેતા. લગભગ સાતથી આઠ હજાર ધોતિયાં થયાં અને બે ગાડાં ભરાયાં. સૌ સ્વામીશ્રીને મહેળાવ સુધી વળાવવા આવ્યા. સ્વામીશ્રી પ્રત્યે હરિભક્તોને કેટલો સદ્‌ભાવ હતો તે આવા પ્રસંગે જણાઈ આવતું.

નર્યા સાધુ સાધુ શું કરી રહ્યો છે ?

વરતાલથી વળાવવા આવેલા સંઘ સાથે સ્વામીશ્રી મહેળાવમાં રાત રહ્યા. બીજે દિવસે સવારે વરતાલથી વળાવવા આવેલા સંઘને વિદાય આપી, સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા. સોજીત્રા, સીંજીવાડા થઈને ધોલેરા પધાર્યા. રસ્તામાં સૌ સાધુ, પાળા, હરિભક્તોને પ્રાગજી ભક્ત વાતો કરતા હતા. તેમની વાતોમાં ભગવાન અને ભગવાનના સાધુનો મહિમા આવતો હતો. તે સાંભળી માન ગઢવી બોલ્યા : ''પ્રાગજી ! નર્યા સાધુ સાધુ શું કરી રહ્યો છે ?''

તે સાંભળી પ્રાગજી ભક્તે કહ્યું : ''ગઢવી ! હું નથી કહેતો. આ તો મુક્તાનંદ સ્વામીએ પણ કહ્યું છે 'મમ ઉર સંત અરુ મૈં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ.' સાધુના અંતરમાં ભગવાન રહ્યા છે અને ભગવાનના ઉરમાં સાધુ રહ્યા છે. માટે ભગવાનનો મહિમા કહીએ તેમાં સાધુનો મહિમા આવી જાય અને સાધુનો મહિમા કહીએ તેમાં ભગવાનનો મહિમા આવી જાય. બાકી તો અજ્ઞાન હોય ત્યાં સુધી સંત અને ભગવાન જુદા મનાય. ગ.મ. ૨૮ના વચનામૃતમાં મહારાજે આ રહસ્ય સમજાવ્યું છે.''

માન ગઢવી આ સાંભળી મૂંગા થઈ ગયા !

ધોલેરામાં

સ્વામીશ્રી ધોલેરા પધાર્યા અને સીધા મંદિરમાં જઈ ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધાર્યા. અહીં સભામાં સ્વામીશ્રીએ મહારાજના મહિમાની અદ્ભુત વાતો કરી, જે સાંભળી શ્રીધરાનંદ સ્વામી, વાસુદેવચરણદાસજી, સંતદાસજી, દેવનંદનદાસજી, હરિજીવનદાસજી વગેરે સાધુઓ ખૂબ રાજી થયા. પછી રસોઈ કરી. સ્વામીશ્રી તથા તેમની સાથે આવેલા સંત-હરિભક્તોના સંઘને બહુ જ પ્રેમપૂર્વક જમાડ્યા. ત્યારબાદ સ્વામીશ્રી સભામાં પધાર્યા. અહીં કેસર, ચંદન આદિ ઉપચારો વડે સ્વામીશ્રીનું તથા સંતોનું પૂજન કર્યું અને સૌને ધોતિયાં ઓઢાડ્યાં. આ તમામ સેવામાં ધોલેરાના હરિભક્તો ભોજાભાઈ, મૂળજીભાઈ પારેખ વગેરેએ અપૂર્વ લાભ લીધો.

સ્વામીશ્રી ધોલેરાથી નીકળી નાવડા પધાર્યા. અહીં પણ ઝીણાભાઈ સંઘવી તથા તેમના દીકરા નથુભાઈ અને અન્ય હરિજનોએ સ્વામીશ્રી તથા

સંઘને જમાડવાનો લાભ લીધો. પછી પૂજન કરી સૌ સાધુઓને ધોતિયાં ઓઢાડ્યાં.

નાવડાથી નીકળી સ્વામીશ્રી બરવાળા પધાર્યા. અહીં મુનિમહારાજ, કેશવજીભાઈ, ત્રિભોવન પંડ્યા વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીને મંદિરમાં ઉતારો આપી બહુ જ સેવા કરી રાજી કર્યા. સુંદર રસોઈ કરી સ્વામીશ્રી તથા સંઘને જમાડ્યા. સંતોની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીશ્રી બરવાળાથી નીકળી સારંગપુર પધાર્યા.

સારંગપુરમાં

સ્વામીશ્રી પધારવાના છે તે ખબર સૌને મળ્યા એટલે જેઠા ખાચર, નાગજી શેઠ, ભગવાન પટેલ, વીરો પટેલ, સોમલો ખાચર, કાળો ખાચર, ઉગો ખાચર, વાઘા ખાચર વગેરે સારંગપુરના હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંઘનું ધામધૂમથી સામૈયું કર્યું. સ્વામીશ્રી ગામમાં પધાર્યા. આ સમાચાર કારિયાણી તથા આજુબાજુનાં ગામમાં ગયા એટલે ત્યાંથી નથુ પટેલ, બગડના દેહો ખાચર, મોતી શેઠ વગેરે સ્વામીશ્રીનો સમાગમ કરવા સારંગપુર આવ્યા.

આ હરિભક્તોની સભામાં સ્વામીશ્રીએ સારંગપુરના મહિમાની બહુ જ વાતો કરી. પછી કહ્યું : ‘‘આ સારંગપુર તો અમારું પોતાનું ઘર અને કાંધાનું ગામ છે.’’ મહાપ્રસાદીના સારંગપુર ગામ અને ત્યાંના હરિભક્તો ઉપર સ્વામીશ્રીએ પોતાનો અત્યંત રાજીપો બતાવ્યો. પછી વાઘા ખાચરે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : ‘‘સ્વામી ! મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે કારણ શરીરનો નાશ થયા વિના અક્ષરધામમાં જવાય નહીં. ત્યારે અમને હજુ સ્વપ્નાં આવે છે તેમાં જાણે મેલીકારે (ધાડ પાડવા) ચડ્યા હોઈએ અને ઘોડેથી પડ્યા અને હાથપગ કપાણા, એવું દેખાય છે. એટલે હજુ તો સૂક્ષ્મ દેહના ભાવ નાશ નથી થયા ત્યારે કારણ શરીરના ભાવ નાશ પામવાની તો વાત જ શી રીતે હોય ?’’

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ‘‘કારણ શરીરના ભાવ ટાળવા હોય તો ચાલો જૂનાગઢ.’’

ત્યારે વાઘા ખાચરે કહ્યું : ‘‘સ્વામી ! મારે તો જોડ જોઈએ.’’

તેથી સ્વામીશ્રીએ કહ્યું : ''આ પ્રાગજી તમારી જોડ. તે આ લોક અને પરલોક બંનેની સેવા કરશે.''

સ્વામીશ્રીની આ આજ્ઞા સાંભળી, વાઘા ખાચર સ્વામીશ્રીની સાથે જૂનાગઢ જવા તૈયાર થયા. વાઘા ખાચર સૂર્યના અવતાર હતા. મુક્તાનંદ સ્વામીના અનન્ય શિષ્ય હતા અને ગોપાળાનંદ સ્વામીની પણ તેમણે બહુ સેવા કરી હતી.

બોટાદથી કેશવલાલ શેઠ સ્વામીશ્રીને તેડવા સારંગપુર આવ્યા હતા. તેથી સ્વામીશ્રી તેમની સાથે બોટાદ પધાર્યા. અહીં સ્વામીશ્રી દસ દિવસ રહ્યા અને ખૂબ વાતો કરીને સૌને રાજી કર્યા. કેશવલાલે તથા તેમના ભાઈ છગનલાલે વેપાર કર્યો હતો તેમાં બંનેને પાંચ પાંચ હજારની ખોટ આવતી હતી. પરંતુ કેશવલાલે સ્વામીશ્રીના કહેવા પ્રમાણે ધંધો કર્યો તેથી તે ખોટ તેમની મટી ગઈ અને ઊલટો લાભ થયો. જ્યારે છગનલાલે સ્વામીશ્રીનું ન માન્યું તેથી તેમની ખોટ વળી જ નહીં.

ગઢડામાં

સ્વામીશ્રી બોટાદથી નીકળી ગઢડા જવા નીકળ્યા. સ્વામીશ્રી પધારવાના છે તે સમાચાર અગાઉથી હરિભક્તોને મળ્યા હતા એટલે સિદ્ધાનંદ સ્વામી, આનંદાનંદ બ્રહ્મચારી તેમજ પાળાઓ, મનજી ઠક્કર, કલ્યાણ કંદોઈ, ટોકર ભાવસાર, બાવા ખાચર, અમરા ખાચર વગેરે હરિજનો ઉગામેડી સુધી સામા આવ્યા. સ્વામીશ્રીને સૌ દંડવત્ કરી મળ્યા. સંઘ સાથે સ્વામીશ્રી ગઢડા પધાર્યા. અહીં ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી સભામાં પધાર્યા અને વાતો કરવા લાગ્યા. સ્વામીશ્રીની અદ્‌ભુત વાતોથી અને તેમની મૂર્તિના અલૌકિક પ્રભાવથી સૌ સ્વામીશ્રીના સ્વરૂપમાં ખેંચાઈ ગયા. અહીં સ્વામીશ્રીએ સર્વોપરી ઉપાસનાની ઘણી વાતો કરી.

બીજે દિવસે સ્વામીશ્રી ગઢડાથી નીકળી વાંકિયા પધાર્યા. અહીં ઉતારો કરી સ્વામીશ્રી સભામાં વિરાજ્યા. ત્યારે વાઘા ખાચરે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ પ્રાગજી તો તમને અક્ષર કહે છે.''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''તમારે તેનું માનવું નહીં.''

વાઘા ખાચરને તેથી શાંતિ થઈ.

વાંકિયાથી સ્વામીશ્રી નીકળી ગોંડળ પધાર્યા. અહીં ફરી વાઘા ખાચરે સ્વામીશ્રીને ફરિયાદ કરતાં કહ્યું : "સ્વામી ! પ્રાગજી તો તમને અક્ષર કહે છે."

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે એની જોડ ન રાખશો."

એટલે ગોંડળથી નીકળ્યા પછી જેતપુર સુધી વાઘા ખાચર એકલા ચાલ્યા. પોતાની જોડમાં કોઈ નહીં એટલે ખડિયો તેમને ઉપાડવો પડ્યો. વળી, ઊનું પાણી કરી નવરાવનાર કોઈ ન મળે. તેથી મૂંઝાયા. એટલે સ્વામીશ્રીને ફરી કહ્યું : "સ્વામી ! જોડ વગર મૂંઝવણ થાય છે."

ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "વાઘા આપા ! પ્રાગજીની જોડ તમારે રાખવી. તેની વાત ન રુચે તો ઉપરથી હા પાડજો એટલે તે સેવા કરશે."

આવી રીતે સ્વામીશ્રીએ તેમના મનનું સમાધાન કરી, પોતાના પરમ એકાંતિક શિષ્યનો સમાગમ તેમને આપ્યો. ચાલતાં ચાલતાં સંઘ જૂનાગઢ પહોંચ્યો.

જૂનાગઢમાં

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા અને દેશદેશાંતરથી હરિભક્તો જૂનાગઢ આવવા લાગ્યા. સ્વામીશ્રી આ હરિભક્તોને જોઈ ખૂબ રાજી થતા અને તેમને કહેતા : 'અગિયાર મહિના તમારા અને એક મહિનો અમારો. માટે સમાગમ કરવા આવજો. મંદિરમાં બાજરો ઘણો છે. વળી, કોઈ ગરીબ હોય, તેને કોઈ કામ કરનાર ન હોય, તો તેને એક માસનો પગાર મંદિરમાંથી અપાવીશું. માટે કામ કરનારો બીજો માણસ મૂકીને આવજો. મુમુક્ષુઓને પોતાનો સમાગમનો લાભ આપવાની સ્વામીશ્રીની કેવી ઉત્કટ ઇચ્છા છે તે સમજી, ગામોગામથી હરિજનો સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવવા લાગ્યા. હરિભક્તોનો આવો જબ્બર સમૂહ જોઈ બ્રહ્મચારી અકળાયા. તેમણે કહ્યું : "સ્વામી ! બાજરો તો ઘણો છે પણ રોટલા ઘડનારા કોણ છે ?"

એટલે સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસજી પાસે ચાલીસ ચૂલા કરાવ્યા. પછી કહ્યું : "તમારા બ્રાહ્મણિયા ચોકાવાળા હાથે બનાવીને જમશે. તમે મૂંઝાશો નહીં." આ પ્રમાણે કહી બ્રહ્મચારીની ચિંતા ટાળી દીધી. પછી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "બાજરો હરિભક્તોએ આપ્યો છે, દળનાર બળદ પણ

હરિભક્તોએ આપ્યા છે, રસોઈ કરનારા બ્રાહ્મણના છોકરાઓ છે તે પણ હરિભક્તોએ આપ્યા છે. હવે તમને હરિભક્તોને રોટલા ખવરાવવાનો કેમ કારસો પડે છે ?''

સ્વામીશ્રીના અંતરનું રહસ્ય સૌ સમજી ગયા. સ્વામીશ્રીને તો સૌને ભેગા કરીને વાતો સંભળાવી તેમનું અજ્ઞાન ટાળવું હતું. તેમને બ્રહ્મરૂપ કરવા હતા, શ્રીજીમહારાજની સેવાના અધિકારી બનાવી દેવા હતા. સ્વામીશ્રી ઘણી વાર કહેતા : ''ચેતનહારા ચેતજો કહત હું હાથ બજાય.' અમે તો તાળી વજાડીને કહીએ છીએ. પછી વળી કહેશે જે કહ્યું નહીં.''

સ્વામીશ્રી એક દિવસ સભામાં વિરાજતા હતા ત્યારે એકાએક બોલ્યા : ''મને તો મોટા મોટા નંદ સાધુઓએ પણ ઓળખ્યો નથી તો આજ તમે મને શું ઓળખશો ?'' એમ કહીને બોલ્યા : ''અમે મોટા મોટા સદ્‌ગુરુઓને ગુરુ કર્યા છે ને બધાનું જ્ઞાન ભેગું કર્યું છે. તેથી આ સાધુને સેવવાથી તમારે બધાયનો સમાગમ થઈ ગયો !'' પોતાના સર્વોપરી સ્વરૂપની વાત સંદિગ્ધપણે વાતના પ્રસંગમાં સ્વામીશ્રીએ કરી દીધી.

અમરેલીમાં મંદિર તૈયાર થઈ ગયું હતું. મહારાજની મૂર્તિ પણ તૈયાર હતી. અમરેલીથી હરિભક્તો સ્વામીશ્રીને તેડવા આવ્યા એટલે સંતમંડળને લઈને સ્વામીશ્રી અમરેલી પધાર્યા.

અમરેલીમાં મૂર્તિપ્રતિષ્ઠા

આ.સં. ૧૯૨૧ના વૈશાખ સુદ પૂનમના દિવસે મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા સ્વામીશ્રીએ પોતાના વરદ હસ્તે અમરેલીના મંદિરમાં કરી અને પોતે આરતી ઉતારી. આ શુભ દિવસે સ્વામીશ્રીએ સૌ હરિભક્તોને પોતે પીરસીને જમાડ્યા. પછી કથાવાર્તા કરી સૌને અલૌકિક સુખ આપ્યું.

સ્વામીશ્રી અમરેલીથી નીકળી બાબરિયાવાડ અને નાઘેર દેશમાં ફરવા નીકળ્યા. તે દેશમાં ફરતાં ફરતાં સ્વામીશ્રી ભીમ એકાદશીના સમૈયા ઉપર જૂનાગઢ પધાર્યા.

મોટા પરોક્ષ થતા જ નથી

ભીમ એકાદશીના સમૈયાની સભામાં વાઘજીભાઈએ સ્વામીશ્રીને પ્રશ્ન

પૂછ્યો : "મોટા પોતાના આશ્રિતજનોની પ્રત્યક્ષ હોય ત્યારે જ રક્ષા કરે કે પરોક્ષ થાય તો પણ રક્ષા કરે ?"

તે પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામીશ્રીએ કહ્યું : "મોટા કાંઈ પરોક્ષ થતા જ નથી. એ તો સદાય પોતાના આશ્રિતજનોની રક્ષા કરે છે."

ત્યારે વાઘજીભાઈએ બીજો પ્રશ્ન પૂછ્યો : "મોટા કેમ ઓળખાય ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "ગોપાળાનંદ સ્વામીને ઓળખવા હોય તો સર્વનિવાસાનંદ સ્વામી, બાલમુકુન્દાનંદ સ્વામી કે વિજયાત્માનંદ સ્વામીનો સમાગમ કરવો. તેવી જ રીતે અમારે વિષે જોડાયેલા ને સર્વોપરી ઉત્તમ નિષ્ઠાવાળા આ પ્રાગજી ભક્ત, જાગા ભક્ત, બાળમુકુન્દદાસ વગેરેનો સમાગમ કરે તો અમે ઓળખાઈએ એવા છીએ."

વળી, તેમણે ત્રીજો પ્રશ્ન પૂછ્યો : "સ્વામી ! મારે કોને પૂછીને વહેવાર કરવો ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "જે મોટાથી ગુણ પામેલો હોય તેને પૂછવું અને તેનો વિશ્વાસ ન હોય તો શિક્ષાપત્રીને પૂછવું." આ પ્રમાણે તેમના પ્રશ્નોના ઉત્તર કર્યા.

સ્વામી અને નારાયણ એમ અનાદિ સેવક સાથે ઉપાસના

પછી સ્વામીશ્રી કામ પ્રસંગે કોઠારમાં પધાર્યા. અહીં ધોળકાવાળા હરિશંકર રાવળને વાત કરતાં કહ્યું : "શ્રીકૃષ્ણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિની ઉપાસનામાં સૌ મંડ્યા છે. તે તે અવતારોએ પોતાના અનાદિ ઉત્તમ મુક્તોએ સહિત પોતાનું ભજન કરાવ્યું છે. તેમજ સાંપ્રતકાળમાં સ્વામી ને નારાયણ એમ અનાદિ સેવક સહિત શ્રીજીમહારાજે પોતાનું ભજન કરાવ્યું છે."

હરિશંકરભાઈને સ્વામીશ્રી વિષે અનન્ય નિષ્ઠા હતી એટલે ઉપાસનાની આ મુદ્દાની વાતનું રહસ્ય તેઓ સમજી ગયા. શુદ્ધ ઉપાસના એટલે સ્વામી સહિત નારાયણની ઉપાસના અથવા અક્ષરપુરુષોત્તમની ઉપાસના !

સ્વામીશ્રીને હવે પોતાના તમામ હેતવાળા હરિભક્તોને વાતોનું સુખ આપી સુખિયા કરી દેવા હતા. તેથી દેશદેશાંતરના હરિભક્તોને પોતે સંદેશો મોકલતા કાં કાગળ લખીને મોકલતા.

સ્વામીશ્રીએ સમઢિયાળાવાળા ભોજા ભક્તને તથા ઊનાના વલ્લભજી

શેઠને કાગળ લખ્યો. તેમાં લખ્યું કે "સમાગમ કરવા સારુ આવી જજો."

આ કાગળ તેમને મળ્યો પણ તેઓ આવી શક્યા નહીં. એટલે સ્વામીશ્રીએ તેમને બીજી વાર કાગળ લખ્યો. તો પણ તેઓ ન આવ્યા. ત્યારે ત્રીજી વખત પત્ર લખ્યો ! મોટાપુરુષને જીવનું કલ્યાણ કરવાની, તેને અક્ષરધામના અધિકારી કરવાની કેટલી ધગશ હોય છે ! છતાં જીવની અવળાઈ એવી છે કે આવા મોટાપુરુષના વચનની પણ અવજ્ઞા કરે છે. આ ત્રીજા પત્રમાં સ્વામીશ્રીએ લખ્યું હતું કે "સમાગમ કરવો હોય તો આવજો ને સમાગમ કરી લેજો. નહીં તો પાછળથી રોવું પડશે ને આંસુની ધારા પડશે. આવા પુરુષ પછી મળશે નહીં. પછી તો વાતોના વાયદા થશે. ત્યાગી તેનું કરશે કે તમને વાતો કરશે ? આ વાતો ને આ દર્શન દુર્લભ છે. અમારે હવે આ લોકમાં રહેવું નથી. માટે દર્શન અને સમાગમ કરવા આવજો ને આ જોગ કરી લેજો."

આ કાગળ સમઢિયાળા ભોજા ભક્તને મળ્યો એટલે તે તો તરત જ ચાલી નીકળ્યા અને સીધા ઊના આવ્યા. અહીં આવી તેમણે વલ્લભજી શેઠને કહ્યું : "જુઓ, આ સ્વામીનો કાગળ. આપણને બંનેને તેડ્યા છે. માટે ચાલો."

એટલે શેઠે તે કાગળ વાંચ્યો અને વાંચતાં જ રોવા લાગ્યા. તેમની બંને આંખોમાંથી આંસુની ધારા ચાલવા લાગી. પછી થોડી વારે તેમણે કહ્યું, "સ્વામીએ તો લખ્યું છે કે પાછળથી રોવું પડશે. પણ મારે તો આ ટાણેથી જ રોવું પડે છે."

ત્યારે ભોજા ભક્તે કહ્યું : "સ્વામીના ત્રણ કાગળો આવ્યા તોય આપણાથી જવાયું નહીં. માટે હવે તો ચાલો જ."

પરંતુ શેઠ તો ઢીલા થઈ ગયા હતા. તેમણે કહ્યું : "તમારી વાત સાચી પણ હમણાં મારે કામ છે તેથી અવાશે નહીં."

તે સાંભળી ભોજા ભક્તે કહ્યું : "ભલે ત્યારે તમારે ન આવવું હોય તો તમારી ઇચ્છા. હું તો જાઉં છું." એમ કહીને ભોજા ભક્ત તો ત્યાંથી જૂનાગઢ જવા નીકળ્યા.

ત્રણ મહિના રોકશું

ભોજા ભક્ત જૂનાગઢ આવ્યા ત્યારે તેમને છેટેથી જોઈ સ્વામીશ્રી

બોલ્યા : ''ત્રણ કાગળે આવ્યા તે હવે ત્રણ મહિના રોકશું.''

ભોજા ભક્તે તે સાંભળ્યું અને સભામાં આવી દંડવત્ કરતાં સંકલ્પ કરવા લાગ્યા : 'સ્વામી ત્રણ મહિના રોકવાનું કહે છે પણ એટલું બધું કેમ રહેવાશે ?' એમ સંકલ્પ કરતાં કરતાં સ્વામીશ્રી પાસે ગયા.

ત્યારે સ્વામીશ્રી તેમનો સંકલ્પ જાણીને બોલ્યા : ''લ્યો, ત્યારે હવે બે મહિના તો રોકશું.''

તે સાંભળી ભોજા ભક્તને ફરી સંકલ્પ થયો : 'એટલું પણ મારાથી કેમ રોકાવાશે ?'

ભોજા ભક્તનો આ સંકલ્પ જાણીને સ્વામીશ્રીએ ફરી કહ્યું : ''ઠીક. લ્યો હવે તો સંકલ્પ બંધ રાખો. એક મહિનો તો રોકશું. વધુ નહીં રોકીએ.''

તો પણ ભોજા ભક્તનો સંકલ્પ મોળો પડ્યો નહીં. તેમને થયું : 'અરે, એક મહિનો પણ શી રીતે રહેવાશે ?'

તેમનો આ સંકલ્પ જાણીને સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''લ્યો, હવે રાખો પંદર દિવસ તો રોકશું. હવે સંકલ્પ કરશો નહીં.''

એટલે ભોજા ભક્ત સંકલ્પ કરતા બંધ થયા અને સ્વામીશ્રીને પગે લાગીને બેઠા. પછી સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''શેઠ કેમ ન આવ્યા ?''

એટલે ભોજા ભક્તે કહ્યું : ''શેઠે કહ્યું કે મારે કામ છે તેથી અવાશે નહીં. એટલે શેઠ તો ન આવ્યા અને હું તો આપનો કાગળ વાંચીને ચાલી નીકળ્યો.''

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : ''એવું સોનું શા કામનું કે જે કાન તોડાવે ? તેમ એવો વ્યવહાર શું કામનો કે જે દર્શન-સમાગમ ન કરવા દે !''

ભોજા ભક્ત સમજી ગયા કે સ્વામીશ્રીને તો વ્યવહારને ભોગે આ સમાગમ કરાવી કલ્યાણ કરવું છે. તેથી તેમને ''કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારવો'' એ સ્વામીશ્રીના શબ્દોનું રહસ્ય સમજાયું.

ભોજા ભક્ત પંદર દિવસ રોકાયા. સ્વામીશ્રી તેમને રોજ પોતાના પત્તરમાંથી પ્રસાદી આપતા. રોજ ત્રણ વખત તેમને સ્વામીશ્રીની પ્રસાદી મળતી. પંદર દિવસમાં તેમને પિસ્તાલીસ વાર સ્વામીશ્રીએ પ્રસાદી આપી. વાતોનું પણ એવું સુખ આપ્યું.

મહારાજની નિષ્ઠા થઈ પણ સ્વામીશ્રીનું સ્વરૂપ સમજ્યા ?

અમદાવાદથી નિર્ગુણદાસજી તથા વૃંદાવનદાસજી સ્વામીનો સમાગમ કરવા લગભગ એક મહિનાથી આવ્યા હતા. તેમને આ અરસામાં અમદાવાદ જવાનું થયું એટલે સ્વામીશ્રીની રજા લઈને નીકળ્યા. દરવાજે તેમને પ્રાગજી ભક્ત મળ્યા. તેમણે તેમને કહ્યું : "તમે મહિનો રહ્યા તે મહારાજના સ્વરૂપની તો તમને નિષ્ઠા થઈ. પરંતુ સ્વામીનું સ્વરૂપ તમે સમજ્યા ?"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી પંડે કહે તો માનીએ."

તેથી પ્રાગજી ભક્ત સ્વામીશ્રી પાસે આવ્યા ને કહ્યું : "નિર્ગુણદાસ સ્વામીને લાવું ? સહી કરી દેશો ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "એમને ગઢડાવાળાનો સંબંધ વધુ છે. એટલે હમણાં તો આટલું જ ઠીક છે. વધુ રહેશે નહીં."

આમ, સ્વામીશ્રી તો જેમની જેવડી ટાંકી હોય તે પ્રમાણે તેમાં માલ ભરતા. નિર્ગુણદાસ અને વૃંદાવનદાસ જૂનાગઢથી નીકળી અમદાવાદ ગયા.

સ્વામી ! આપ આપોઆપ અક્ષર !

ચાતુર્માસમાં સ્વામીશ્રીનો સમાગમ કરવા બોટાદના કેશવલાલ શેઠ, કારિયાણીના નથુ પટેલ, ઝીંઝુવાડાના જીવરાજ શેઠ, ગઢડાના મનજી ઠક્કર, કલ્યાણ કંદોઈ તેમજ મહુવાના વિઠ્ઠલભાઈ, દામા શેઠ, લીલાધર, ફૂલચંદ શેઠ, ભવાનીશંકર વગેરે આવ્યા હતા. તેઓ બધા રોકાયા હતા. સ્વામીશ્રીને પણ સૌને સમાગમનું સુખ આપવું હતું. તેથી ફક્ત વાઘજીભાઈ તથા શામજીભાઈ સિવાય કોઈને પણ ઘેર જવાની આજ્ઞા કરી નહીં.

એક દિવસે સાંજે સૌ સ્વામીશ્રીની આજ્ઞાથી વાડીમાં સેવા કરવા ગયા. સૌ સેવા કરતા જાય અને પ્રાગજી ભક્તની વાતો સાંભળતા જાય. જાણે પ્રાગજી ભક્તની વાતોથી અક્ષરધામનો દિવ્ય આનંદ સૌ અનુભવતા હોય તેમ તેમના મુખના ભાવ ઉપરથી જણાતું હતું. કારિયાણીથી આવેલા વાઘા ખાચરે આ જોયું. તેમને મનમાં થયું કે આ બધા હરિભક્તો કાંઈક દિવ્ય આનંદ અનુભવે છે. માટે તેમની સમજણ ઉત્તમ હોય તેમ જણાય છે. પછી તેમણે પૂછ્યું : "તમને સૌને જેવો આનંદ આવે છે, તેવો મને કેમ આવતો નથી ?"

ત્યારે તેમણે કહ્યું : "તમે સ્વામીશ્રીના સ્વરૂપને બરોબર સમજ્યા નથી. જો તમે બરાબર સમજો તો તમને પણ આવો જ આનંદ આવે."

ત્યારે વાઘા ખાચરે કહ્યું : "સ્વામી પોતે કહે તો હું માનું." પછી વિઠ્ઠલભાઈ તથા વાઘા ખાચર પ્રાગજી ભક્તની પાસે આવ્યા અને કહ્યું : "તમે સૌ સ્વામીને અક્ષરબ્રહ્મ કહો છો પણ સ્વામી પંડે મને કહે તો ખરું."

એટલે પ્રાગજી ભક્તે પૂછ્યું : "સ્વામીને બોલાવીએ ?"

તેમણે કહ્યું : "હા, બોલાવો."

પછી પ્રાગજી ભક્ત ધ્યાનમાં બેઠા અને સ્વામીશ્રીને વૃત્તિથી ખેંચ્યા. તેથી સ્વામીશ્રી એક સાધુને લઈને તરત જ વાડીમાં પધાર્યા અને પ્રાગજી ભક્ત પાસે જઈને પૂછ્યું : "પ્રાગજી ! મને કેમ બોલાવ્યો ?"

તેમણે કહ્યું : "સ્વામી ! આ વાઘા આપાને પૂછવું છે."

સ્વામી તે સાંભળી હસ્યા. પછી નિરાંતે બેસીને બોલ્યા : "પૂછો જે પૂછવું હોય તે."

ત્યારે વાઘા ખાચરે કહ્યું : "આ પ્રાગજી તથા દામો શેઠ વગેરે અક્ષર કહે છે તેનું કેમ સમજવું ?"

સ્વામીશ્રીએ કહ્યું : "તે લોકો કહે છે તેમ જ છે."

એટલે વાઘો આપો એકદમ બોલી ઊઠ્યા : "અહોહો ! સ્વામી ! આપ આપોઆપ અક્ષર ?" એટલું કહેતામાં તો તેમની નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ ! અક્ષરધામમાં મહારાજ તથા સ્વામીને અખંડ દેખવા લાગ્યા ! સ્થિતિ થઈ ગઈ ! તેમના આનંદનો પાર ન રહ્યો. સ્વામીશ્રી તો પછી મંદિરમાં પધાર્યા.

મહારાજ અને સ્વામીની મૂર્તિનું અખંડ સુખ વાઘા ખાચરને નિરાવરણ સ્થિતિથી આવવા લાગ્યું. તેથી તેઓ સભામાં 'ઓરા આવો છેલ છબીલા, છેલ છબીલા રંગના રેલા રે; સ્વામી આવો છેલ છબીલા !' એમ હાથનાં લટકાં કરીને કીર્તન ગાય. પછી તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મને ઊંઘ આવતી નથી. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહના ભાવ ટળી ગયા છે. એટલે હું આખી રાત મંદિર ઉપર ચોકી કરીશ. પોરીવાળાનું હવે કામ નથી."

આમ, મંદિર ઉપર રાત્રે ચોકીમાં પોતે ફરે અને કીર્તનો બોલે. જેમને ત્રીસ ત્રીસ વર્ષના સમાગમ પછી પણ સૂક્ષ્મ દેહના ભાવ ટળ્યા ન હતા, તેમને જૂનાગઢમાં ફક્ત સ્વામીશ્રીના ત્રણ માસના સંબંધથી જ તે ભાવ ટળી

ગયા અને નિરાવરણ સ્થિતિ થઈ ગઈ ! ભાગવતકારે સાચું જ કહ્યું છે : दर्शनादेव साधवः ।

આ જ પ્રમાણે જૂનાગઢના નાગર હરિભક્ત માણેકલાલને પણ સ્વામીશ્રીનાં દર્શનથી જ નિરાવરણ સ્થિતિ થઈ ગઈ હતી. તે પણ વાઘા ખાચર સાથે રાત્રે જાગતા અને કીર્તનો બોલતા.

સ્વામીશ્રી પ્રત્યે દ્વેષ

તળ જૂનાગઢમાં પણ સ્વામીશ્રીની મોટપ સહન ન કરી શકનારામાં વિષમતાનું વિષ વ્યાપવા લાગ્યું. સ્વામીશ્રી પોતાને વિષે અત્યંત નિષ્ઠા અને હેતવાળા સંતો તથા પાર્ષદોનું વિશેષ રાખતા તે બીજાથી સહન થતું નહીં. આથી કેટલાક આસુરી સ્વભાવવાળા સ્વામીશ્રીની વિરુદ્ધમાં પડી ગયા.

સ્વામી યોગેશ્વરદાસજીને સ્વામીશ્રી વિષે અસાધારણ હેત હતું. તેમને દેહનો અનાદર હતો એટલે હવેલીના કારખાનામાં અને અન્ય સેવામાં કળ વિનાનું બળ કરતા તેથી તે માંદા પડી જતા. તેથી સ્વામીશ્રીએ તેમને ભંડારની સેવામાં મૂક્યા. અહીં સ્વામીશ્રીને તેઓ હંમેશાં બાજરાના રોટલાની કોપટી અને છાશ જમાડતા. સ્વામીશ્રીનું આ પ્રમાણે તેઓ વિશેષ રાખતા તે રાગદ્વેષવાળાને ગમતું નહીં.

વળી, સ્વામીશ્રીની આજ્ઞાથી જાગા ભક્ત લાકડાં વહેરતા, તેમને સ્વામીશ્રી વાડીમાં જઈને વાતો કરતા, પોતાની પ્રસાદી પણ આપતા. કોઈ સમયે પ્રસાદી ન હોય તો પોતાના પત્તરનું પાણી રામચરણદાસ પાસેથી માગી લે અને તે પાણી તેમને આપતા. આ પ્રમાણે જાગા ભક્તને અનેક પ્રકારે દર્શન, પ્રસાદી, વાતો અને મળવું એ ચાર સુખ આપતા. દ્વેષાગ્નિથી બળતા અન્ય પાર્ષદો લાધો ભક્ત, ડુંગર ભક્ત, તેનો ચેલો ગોવિંદ, લૂણવીર કાઠી, કરસન માળી અને પૂજો કોળી વગેરે સ્વામીશ્રીની વિરુદ્ધ થઈ ગયા. પરંતુ તેમનું અહિત ન થાય અને તેઓ સત્સંગમાં પાર પડે એટલા માટે સ્વામીશ્રીએ તેમને માન આપી ખેતીવાડી ખાતાના મોટેરા કર્યા.

પરંતુ આ મોટેરાઈના અહંમાં પોતાનું ધાર્યું કરવાનો તેમને મમત્વ જાગ્યો અને તેથી કોઠારી સાથે જ શત્રુપણું થયું. આ અરસામાં સાંતલપુરના બીડમાંથી રોજ ખડનું ભરોટું આવતું, તે માટે એકાંતરે બળદને ઘી-ગોળ

આપવાનો રિવાજ કોઠારી ત્રિકમદાસે કર્યો હતો. પરંતુ આગળ સાંખડાવદરના બીડમાંથી રોજ ભરોટું આવતું ત્યારે તે બીડ છેટું હોવાથી રોજ બળદને ઘી-ગોળ આપતા. તે પ્રમાણે લાધાએ રોજ બળદ માટે ઘી-ગોળ માગવાનું શરૂ કર્યું. કોઠારી ત્રિકમદાસ રોજ ના કહે. આથી દિવાળીના વખતથી કજિયો ચાલુ થયો હતો. તેમાં તેણે ભંડારી સાથે સંપ કર્યો. ભંડારી મંદિરનું બગાડવા રોજ બમણી રસોઈ કરે, તો પણ જમતી વખતે ખૂટી પડે. કારણ, ભંડારી ખેતીવાડી ખાતાના પાળાઓને વધુ પીરસી દે. તેઓ પણ જેટલું ખવાય તેટલું ખાય અને વધેલું બળદ અને ભેંસોને ખવડાવી દે. આ પ્રમાણે ચાલતું હતું. વળી, ભંડારીએ એક વખત ચૂલામાં બારીની સાખ બાળી મૂકી. સ્વામીશ્રી આ બધું જાણતા હતા. પરંતુ કોઈને કાંઈ પણ કહેતા નહીં.

એક વખત વાતોના પ્રસંગમાં સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : ''આ સત્સંગમાં કેટલાક તો સાથી જેવા છે, કેટલાક દાડિયા જેવા છે, કેટલાક મહેમાન જેવા છે, કેટલાક ધણી થઈને રહે છે, કેટલાક ઘરના મનુષ્ય થઈને રહે છે ને કેટલાક તો સત્સંગના દ્વેષી પણ છે.''

આ પરિસ્થિતિથી પાળા તથા ભંડારીને કોઠારી ત્રિકમદાસ સાથે દ્વેષ બંધાઈ ગયો. તેમને સ્વામીશ્રી પ્રત્યે હેત કે નિષ્ઠા નહીં તેથી મંદિરનું અહિત થાય તેવું જ કર્યા કરતા. બળદને ખડ નીરે તો પણ પૂળો છોડ્યા વિના જ નીરે. વળી, કેટલીક વખત ભીનામાં જ પૂળો નાખે અને તે ઉપર પગ મૂકીને ચાલે. એટલે તે પૂળા બગડે. જાગા ભક્તના સેવક રાજા ભક્ત રોજ વાસીદું કરતા. તેમણે જાગા ભક્તને આ દેખાડ્યું. જાગા ભક્તે સ્વામીશ્રીને દેખાડ્યું. તેથી સ્વામી બોલ્યા : ''ધન્ય મારા ધણીને કે જેમ હાલે તેમ હાંકે. આજે આ લોકો મારું માનતા નથી પણ વડતાલનો કારભારી આવશે ત્યારે ગોદા ખાઈ વિમુખ થવું પડશે.'' આ પ્રમાણે કહીને પોતાને આસને પધાર્યા. પરંતુ તે પાળાઓને કાંઈ જ કહ્યું નહીં.

તેર કાળા માથાના માનવી

અંદર અંદરના આવા રાગદ્વેષને લઈને આ પાળાઓએ લાખ પૂળાની ખડની ગંજી સળગાવી. પછી ગોકીરો કર્યો કે 'ગંજી સળગી.' તેથી માટીના દેગડા લઈને સૌ ઓલવવા ગયા. તેમણે પણ માટીના દેગડા લીધા અને

દેગડા સીધા ગંજીમાં નાખવા લાગ્યા. સ્વામીશ્રીએ આ પણ જોયું. તેથી બોલ્યા : ''આ ગંજી સળગાવનારા તેર કાળા માથાના માનવી અસુર છે. તે મારા નથી, મંદિરના નથી, આચાર્યના નથી અને મૂર્તિના નથી.''

અસુરોને દબાવવાની પોતાની અમોઘ શક્તિનો તેમણે ઉપયોગ ન કર્યો. તેમને તો આવા પ્રસંગો ઉપસ્થિત કરી, સત્સંગમાં રહેલા કુસંગને ઉઘાડો પાડવો હતો.

સ્વામીને અક્ષર થાવું છે

ઉપાધિનો ઉપાડ ચારે કોર વધતો હતો. આ વખતે સિદ્ધાનંદ સ્વામી અને માના ભગત પીઠવડીમાં હતા. તેમણે ત્યાંના કલ્યાણ ભગતને શિખવાડીને જૂનાગઢ મોકલ્યા. સ્વામીને જઈને તારે પૂછવું તે ''તમને સૌ અક્ષરબ્રહ્મ કહે છે તે સાચું કે ખોટું ?''

કલ્યાણ ભગત જૂનાગઢ આવ્યા. સભામાં તેમણે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : ''આપને અક્ષરબ્રહ્મ કહે છે તેનું કેમ સમજવું ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''અનંત કોટિ મુક્તોના મધ્યે ગોપાળાનંદ સ્વામી પણ શ્રીહરિના દિવ્ય અક્ષરમુક્ત છે અને હું તો પૃથ્વીની જેમ સૌને ધરી રહ્યો છું.'' આમ, મર્મમાં વાત કરી. પણ સ્પષ્ટ ખુલાસો ન કર્યો. કારણ સ્વામીશ્રી જાણતા હતા કે પ્રશ્ન કલ્યાણ ભગતનો ન હતો. તેથી સ્વામીશ્રી કદાચ સ્પષ્ટ કહે તો પણ તેઓ એમ ઘટાવે કે ''જુઓ, સ્વામીને અક્ષર થાવું છે.''

વિદ્વાનોને અક્ષરધામ છેટું પડી ગયું

કલ્યાણ ભગતના પ્રશ્નનો ખુલાસો કરી સ્વામીશ્રી સભામાં બેઠેલા જેતપુરના માધા સુથારને લઈને કોઠારમાં પધાર્યા. તેને કોઠારમાં ખૂબ વાતો કરી અને તેના ઉપર પોતાનો રાજીપો બતાવ્યો. પછી તેના પગારના ચડેલા રૂપિયા ૮૦ તેને આપવા માંડ્યા. એટલે માધા સુથારે કહ્યું : ''સ્વામી ! મારે પગાર જો'તો નથી. પણ મને તમારો સિદ્ધાંત સમજાવો.''

સ્વામીશ્રી તેની જિજ્ઞાસા જોઈ ખૂબ રાજી થયા. પછી બોલ્યા : ''જેમ રાધાકૃષ્ણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ કહેવાય છે તે જ પ્રમાણે આ સ્વામિનારાયણ નામ છે. એટલે શ્રીજીમહારાજ અને અમારું ભેગું ભજન

થાય છે. એટલું સમજો એ અમારો સિદ્ધાંત છે.''

માધા સુથાર વિશ્વાસુ હતા, સ્વામીશ્રીને વિષે હેત હતું. એટલે તેમને આ સિદ્ધાંત અંતરમાં ઊતરી ગયો. સ્વામિનારાયણ એટલે સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ ! વાંસલો અને રંદો લઈ કમાઈ ખાનાર એક અભણ સુથાર સ્વામીશ્રીની કૃપાથી સંપ્રદાયનું રહસ્ય સમજી ગયા ! વિદ્વાનોને અક્ષરધામ બહુ છેટું પડી ગયું !

✧ ✧ ✧

આ.સં. ૧૯૨૨નો જન્માષ્ટમીનો સમૈયો કરીને સ્વામીશ્રીએ મંદિરનો વ્યવહાર કેવળાત્માનંદ સ્વામીને તથા વિષ્ણુવલ્લભદાસજીને સોંપ્યો. બાલમુકુન્દદાસજીને ભંડાર સોંપ્યો. ત્રિકમદાસને કોઠાર સોંપ્યો. એમ વ્યવસ્થા કરીને સ્વામીશ્રી દેશમાં ફરવા જવા તૈયાર થયા. આલા ખુમાણના આગ્રહને લીધે સ્વામીશ્રી પ્રથમ બિલખા પધાર્યા. અહીં ગામ બહાર ધર્મશાળામાં ઉતારો કર્યો. રાત્રે સભા થઈ તેમાં સ્વામીશ્રીએ ખૂબ વાતો કરી. બિલખાના દરબાર આલા ખુમાણના સગા થતા હતા તેથી તેમણે સ્વામીશ્રી અને સંતોનો ભાવથી સત્કાર કર્યો. સૌને રસોઈ કરી જમાડ્યા.

શાંતિ તો પ્રાગજી કહે છે તેમ સમજશો તો થશે

પ્રાગજી ભક્ત, જાગા ભક્ત, મનજી ઠક્કર, નથુ પટેલ, ઝીંઝુવાડાના જીવરાજ શેઠ, જેઠો ખાચર, માધવચરણદાસજી, બ્રહ્મચારી અચિંત્યાનંદજી, સુવ્રતાનંદજી વગેરે સ્વામીશ્રી સાથે હતા. આ સર્વ સંતો, હરિભક્તો એક રુચિવાળા હતા એટલે સ્વામીશ્રી તેમની આગળ અદ્‌ભુત વાતો કરતા હતા. વળી, સ્વામીશ્રીની આજ્ઞાથી અને મરજીથી પ્રાગજી ભક્ત પણ પરભાવની વાતો કરતા હતા. માધવચરણદાસજી બોચાસણના હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''આ પ્રાગજી ભક્ત તમારા મહિમાની હદપાર વાતો કરે છે તે કેમ કરવું ?''

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમે તો ડાહ્યા છો તેથી માનવું ઘટે તેટલું માનવું.''

એટલે માધવચરણે કહ્યું : ''સ્વામી ! અમને શાંતિ થતી નથી.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''શાંતિ તો પ્રાગજી ભક્ત કહે છે તેમ

સમજશો ત્યારે જ થશે.''

એટલે વળી, માધવચરણદાસે કહ્યું : ''સ્વામી ! પણ મારું મન માનતું નથી. તેથી તેમનો વિશ્વાસ કેમ આવે ?''

બ્રહ્મના સ્વરૂપની સાક્ષાત્ અનુભૂતિ થયા સિવાય તેવા બ્રહ્મસ્વરૂપ પુરુષનો વિશ્વાસ સમ્યક્ પ્રકારે તો ન જ આવે. તેવો ભાવ પામવા માટે તેમના જ સમાગમની અનિવાર્યતા છે.

તેથી સ્વામીશ્રીએ માધવચરણદાસને કહ્યું : ''એક મહિનો તેમની ભેગા રહો તો સમજાશે ને ધર્માદો તો ઘણોય ઉઘરાવાશે.''

આ પ્રમાણે વાતો કરતાં કરતાં ગીરમાં પહોંચ્યા. સામેથી એક રબારી આવતો હતો. તેને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''ગોકળી ! રામ રામ !''

ત્યારે તે ગોકળીએ હાથ જોડી કહ્યું : ''રામ રામ, મહારાજ !''

તેનો ભાવ જોઈ સ્વામીશ્રીએ ફરી તેને કહ્યું : ''ગોકળી ! પાંચ માળા ફેરવશો ?''

એટલે તેણે કહ્યું : ''હા.''

એટલે સ્વામીશ્રીએ ઘોડી ઊભી રાખી અને પાણી મંગાવી તેને વર્તમાન ધરાવ્યાં. મનજી ઠક્કર પાસે તેને કંઠી અપાવી. પછી કહ્યું : ''સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, એમ કહીને પાંચ માળા ફેરવજો.''

સ્વામીશ્રી પણ આગળ ચાલ્યા. એટલે બીજો રબારી મળ્યો. તેને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''ગોકળી ! રામ રામ !'' પરંતુ તે કાંઈ બોલ્યો નહીં અને હાથમાંની લાકડી ફંગોળતો ચાલ્યો ગયો. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : ''પશુવત્ દીસે છે !'' આ પ્રમાણે એક ગોકળીની મુમુક્ષુતા જોઈ તેનું કલ્યાણ કર્યું અને બીજો પશુવત્ છે એમ કહી તેની ઉપેક્ષા કરી.

આ મૂળ અક્ષર ચાલ્યું જાય છે

સ્વામીશ્રી ઘોડી ઉપર બેઠાં બેઠાં વાતો કરતા હતા અને સૌ સંતો-હરિભક્તો સ્વામીશ્રીની આગળપાછળ, અડખેપડખે ચાલતાં ચાલતાં વાર્તા સાંભળતા હતા. અચિંત્યાનંદ બ્રહ્મચારી પણ ઘોડીએ બેઠા હતા. તેમની ઘોડીનું પેંગડું ઝાલીને પ્રાગજી ભક્ત ચાલતા હતા અને તે પણ વાતો કરતા હતા. પ્રાગજી ભક્તે બ્રહ્મચારીની ઘોડીનું પેંગડું જરા ખેંચ્યું એટલે બ્રહ્મચારીએ

તેમના સામું જોયું. ત્યારે પ્રાગજી ભક્તે તેમને કહ્યું : "બ્રહ્મચારી મહારાજ ! આ મૂળ અક્ષર ચાલ્યું જાય છે. તેમના સ્વરૂપમાં જે વૃત્તિ રાખશે તેનો જીવ કૃતાર્થ થઈ જશે. કાં જે વેદ, વેદાંત શ્રુતિ અને સ્મૃતિ તે પણ આ અક્ષરનું વર્ણન કરે છે. વળી, પંચાળા ૭ના વચનામૃત પ્રમાણે 'ધામ જે અક્ષર' તેને શ્રીજીમહારાજે પોતાનું સ્વરૂપ કહ્યું છે."

આમ, ચાલતાં ચાલતાં પ્રાગજી ભક્તે બ્રહ્મચારી મહારાજને અક્ષરનું સ્વરૂપ સમજાવ્યું. સ્વામીશ્રીના સ્વરૂપની પ્રાગજી ભક્તની આવી દિવ્ય વાતો સાંભળી બ્રહ્મચારી આનંદમાં મસ્ત બની ગયા. તેમણે ઘોડીની સરક જરા ઢીલી મૂકી દીધી.

પ્રાગજી ભક્તના ખડિયામાં થાળી-લોટો હતાં તે ખખડતાં હતાં તેથી બ્રહ્મચારીની ઘોડી ઉતાવળી ચાલવા લાગી. એટલે બ્રહ્મચારી બોલ્યા : "આ પ્રાગજી ભક્તની વાતોથી મને તો બળ આવે છે પણ આ ઘોડીનેય બળ આવ્યું છે."

આમ, રમૂજ કરતાં સૌ ચાલતા હતા. તે દિવસે એકાદશી હતી. રસ્તામાં વરસાદ વરસ્યો એટલે સૌ રાત રસ્તામાં રોકાયા. પ્રાગજી ભક્તે ચાર થાંભલીઓ રોપી તેના ઉપર લાકડાં રાખીને માળા જેવું કર્યું. તે ઉપર ચોફાળ સાંધીને તંબૂ જેવું કર્યું. સ્વામીશ્રી તેમાં વિરાજ્યા. સૌ સંતો અને હરિભક્તોની પૂજાની ઝોળીઓ પણ તેમાં મૂકી અને બધા આજુબાજુ બેઠા. આજુબાજુથી પાણી ખળખળ ચાલ્યું જતું હતું. જંગલી જનાવરો ન આવે તેથી લાકડાં ખડકીને તાપનો મોટો ભડકો કર્યો હતો. સૌ આખી રાત વાતો સાંભળતાં સાંભળતાં તાપતા હતા. સવાર પડી એટલે ત્યાંથી નીકળ્યા. ઊનાના હરિભક્તો તેડવા આવ્યા હતા તેથી તેમની સાથે ઊના તરફ ચાલ્યા.

પ્રાગજી તો વગર કર્યો ગુરુ જ છે

સ્વામીશ્રી થાકી ગયા હોવાથી થોડો વખત આરામ કરવા રસ્તામાં રોકાયા અને જરા આડે પડખે થયા. એટલે અચિંત્યાનંદ બ્રહ્મચારી સર્વ અક્ષર મંડળીને વાતો કરવા લાગ્યા કે 'સ્વામી અક્ષરબ્રહ્મ છે.' એ પ્રમાણે પ્રતિપાદન કરતાં તેઓ શ્રુતિઓ બોલવા લાગ્યા :

"एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः ।

यस्याक्षरं शरीरं एतदक्षरं विदित्वा मृतोऽमृतं भवति ॥'' આ પ્રમાણે કેટલીક શ્રુતિઓ બોલી સ્વામીશ્રીના અક્ષરસ્વરૂપનું બ્રહ્મચારીએ બહુ જ પ્રતિપાદન કર્યું. સ્વામીશ્રીએ માથા ઉપર વસ્ત્ર ઓઢ્યું હતું તે બે-ત્રણ વાર ઊંચું કરીને જોયું કે કોણ વાતુ કરે છે. પછી બેઠા થઈ ગયા અને બોલ્યા : ''બ્રહ્મચારી ! આ વાતો તો વરતાલ પૂગી ગઈ. પણ તમે જેમ વાતો કરો છો તેમ સમજો છો ? નહીં તો વરતાલવાળા પૂછશે તો ઉત્તર દેવો કઠણ પડશે. આ પ્રાગજી તો જેમ કહે છે તેમજ સમજે છે માટે તે તો ઉત્તર પણ આપશે. કાં જે એ તો વગર કર્યો ગુરુ જ છે !''

આ પ્રમાણે સ્વામીશ્રીએ કહ્યું એટલે બ્રહ્મચારી વાતો કરતા અટક્યા. પછી પ્રાગજી ભક્ત વાતો કરવા લાગ્યા. ઊના ત્રણ-ચાર ગાઉ રહ્યું. ઊનાના હરિભક્તોને સ્વામીશ્રી ઊના પધારે છે તે ખબર પડી તેથી કલ્યાણજી શેઠ, વલ્લભજી શેઠ, કમા શેઠ, જેઠા શેઠ વગેરે સ્વામીશ્રીને તેડવા આવ્યા. એટલે સ્વામીશ્રી ઊના પધાર્યા. ઊનાના હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંઘનું ભવ્યતાપૂર્વક સામૈયું કર્યું. પછી સૌને મંદિરમાં ઉતારો આપ્યો.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી સભામાં વાતો કરતા હતા. પ્રાગજી ભક્ત સ્વામીશ્રી સામે બેસી મટકા રહિત સ્વામીશ્રીનાં દર્શન કરતાં વાતો સાંભળતા હતા. વળી, સ્વામીશ્રી તેમને વાતુ કરવાનું કહેતા ત્યારે તે પણ વાતો કરતા. સ્વામીશ્રી આ સભામાં ગ.પ્ર. ૨૧, ૬૩, ૭૧ આ વચનામૃતો ઉપર વાતો કરતા હતા. તે વાતો કરતાં કરતાં એકદમ બોલ્યા : ''મનજી ઠક્કર ! મજકૂર વયો ગયો તેની ખબર પડી ?''

ત્યારે તેણે પૂછ્યું : ''સ્વામી ! મજકૂર શું ?''

એટલે પ્રાગજી ભક્તે કહ્યું : ''આ વાતો કરે છે તે જ મજકૂર ! કાં જે પ્રગટ ભગવાન અને પ્રગટ અક્ષરને ઓળખવા એ જ મજકૂર છે.'' એ પ્રમાણે ઘણી વાતો કરી.

સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રાગજી ભક્ત ત્યાર પછી વાતો કરવા માંડ્યા. તેમની વાતો સાંભળી મોતીચંદ શેઠ, વિષ્ણુદાસ શેઠ, કપૂરચંદ, ત્રિકમદાસ, હીરાચંદ વકીલ વગેરેને અક્ષર અને પુરુષોત્તમનાં સ્વરૂપોની દૃઢ નિષ્ઠા થઈ ! પરંતુ કમા શેઠને તે વાત રુચિ નહીં. તેથી તેમણે પ્રાગજી ભક્તને ઠપકો આપ્યો અને ન બોલવાના શબ્દો કહી એક ધોલ મારી દીધી. પ્રાગજી ભક્તને

તો સ્વામીશ્રીના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવાં અપમાન કે અપશબ્દ કે મારની ગણતરી જ ન હતી. પરંતુ શ્રીજીમહારાજથી તે કેમ સહન થાય ?

તે રાત્રે શ્રીજીમહારાજે કમા શેઠને સ્વપ્નમાં દર્શન દીધાં અને પડખામાં ત્રણ સોટી મારી કહ્યું : "તેં પ્રાગજી ભક્તનો અપરાધ કર્યો છે માટે તેમને પગે લાગી ધોતિયું ઓઢાડી પૂજા-પ્રાર્થના કરી અપરાધની ક્ષમા કરાવજે." આ પ્રમાણે તેમને કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા !

સવારે કમા શેઠ મંદિરે આવ્યા. પ્રાગજી ભક્તને દંડવત્ કરી પગે લાગ્યા. તેમની પૂજા કરી ધોતિયું ઓઢાડ્યું અને તેમની માફી માગી. કમા શેઠની વાત સાંભળી અને તેમણે પ્રાગજી ભક્તની માફી માગી તેની મનજી ઠક્કર, દેવરાજભાઈ, જીવરાજ શેઠ, નથુ પટેલ તેમજ ઊનાના તમામ હરિભક્તોને સ્વામીશ્રીનો અપૂર્વ મહિમા સમજાયો તેમજ પ્રાગજી ભક્તનો પણ મહિમા સમજાયો.

સ્વામીશ્રીએ ઊનામાં જળઝીલણીનો સમૈયો કર્યો અને સૌને ખૂબ સુખ આપ્યું. પછી કાંધીના હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી સંઘ સાથે કાંધી જવા નીકળ્યા. રસ્તામાં પ્રાગજી ભક્તે કહ્યું : "રામભાઈ ! ભાયાભાઈ ! દેવજીભાઈ ! તમારે ઘેર અક્ષરધામ ચાલ્યું આવે છે. માટે તમારા ભાગ્યનો પાર નથી. તો સમાગમ કરી લેજો." આમ, બ્રહ્માનંદ કરતાં સૌ કાંધી પહોંચ્યા.

અક્ષરધામનો પ્રશ્ન પૂછવો હોય તો મને પૂછજે

અહીં મંદિરમાં ઉતારો કર્યો. બે-ત્રણ દિવસ કાંધીમાં રહ્યા અને કથાવાર્તા કરી સૌને ખૂબ આનંદ કરાવ્યો. પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળી સમઢિયાળા તરફ ચાલ્યા. રસ્તામાં નદીના કાંઠા ઉપર એક કૂવો આવ્યો. તેની બાજુની વડલી નીચે સ્વામીશ્રીની ગાડી આવી. અહીં પ્રાગજી ભક્તે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછવાનું ધાર્યું. એટલે સ્વામીશ્રી એકદમ બેઠા થઈ ગયા. પછી બોલ્યા : "શાસ્ત્રનો પ્રશ્ન પૂછવો હોય તો શુકમુનિને પૂછજે અને અક્ષરધામનો પ્રશ્ન પૂછવો હોય તો મને પૂછજે." એ પ્રમાણે રમૂજ કરીને ખૂબ હસ્યા. આમ, રમૂજ કરતાં કરતાં સૌ સમઢિયાળે પહોંચ્યા.

અહીંના હરિભક્ત ભોજો વણજર, જે આત્માનંદ સ્વામીને દેહ મૂકવાના સમયે ગાડું લઈને રામપરેથી તેડવા આવેલા રાણા વણજરનો દીકરો હતો તે,

તથા તેમના દીકરા ભાયાભાઈ વગેરેએ સ્વામીશ્રીનું સ્વાગત કરી મંદિરમાં ઉતારો કરાવ્યો. સાંજ પડી ગઈ હતી. એટલે રસોઈ કરવાની નહોતી. તેથી સંધ્યા આરતી પછી સ્વામીશ્રી સભામાં વાતો કરવા માંડ્યા. લગભગ રાતના બાર સુધી સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી.

બીજે દિવસે તેમને દૂધપાકની રસોઈ કરાવવી હતી. તેમનો નેસ ત્યાંથી ત્રણ ગાઉ છેટે હતો. ત્યાં તેમની ભેંસો હતી. ત્યાંથી દૂધ લાવવા ભાયાભાઈને વહેલા નીકળવું હતું. તેથી તેમણે આખી રાત જાગવાનું નક્કી કર્યું. તે વખતે પ્રાગજી ભક્ત સભામાં સ્વામીશ્રીના સ્વરૂપની વાતો કરતા હતા. ભાયાભાઈ પણ પાસે બેસીને વાતો સાંભળતા હતા. પ્રાગજી ભક્ત અક્ષરની વાતો કરતા હતા. વહેલી સવારે ભાયાભાઈ દૂધ લેવા ગયા. ભેંસો દોવરાવીને દૂધ લઈ આવ્યા. દૂધપાક-રોટલીની રસોઈ કરાવી. બાર વાગે ઠાકોરજીને થાળ ધરાવી સ્વામીશ્રીને જમવા માટે બોલાવ્યા. દૂધપાક જોઈ સ્વામીશ્રી બોલ્યા : "પાકી રસોઈની બંધી છે છતાં કેમ પાકી રસોઈ કરાવી ?"

ત્યારે ભાયાભાઈએ હાથ જોડીને કહ્યું : "મા-બાપ ! અમારા ગામડામાં બીજું કાંઈ મળે નહીં ને આ તો વગર ખરચે ઘરનો સામાન એટલે આ કર્યું છે. ગરીબ કહેવાઈએ એટલે બીજું ક્યાંથી લાવીએ ?"

તેમનાં આવાં નમ્ર અને વિવેકપૂર્ણ વચનો સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પછી પોતે પંક્તિમાં જમવા બેઠા.

બપોરે કથા કરી, થોડો આરામ કરી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને બ્રાહ્મણના સમઢિયાળા થઈને ટીંબી પધાર્યા. અહીં વીરો ખાંટ અને વછરાજ શેઠ સ્વામીશ્રી આવ્યા જાણી, પાદરે ગામના હરિભક્તોને લઈ સામૈયું કરવા ગયા. ધામધૂમથી સામૈયું કરીને સ્વામીશ્રીને ગામમાં લાવ્યા. પછી ઉતારો કરાવ્યો. સ્વામીશ્રી ટીંબીમાં એક દિવસ રહ્યા. સ્વામીશ્રી ટીંબીથી નીકળી બાબરિયાવાડમાં ફરી નાજા કામળિયાના કોટિયા ગામે જવા નીકળ્યા.

નક્કી આ કનૈયાલાલ છે

રસ્તામાં કળમોદર ગામ આવ્યું. ત્યાં નદીના કાંઠે સ્વામીશ્રી તથા બીજા સાધુઓ ઊભા હતા. એટલામાં કોટિયાના હરિભક્તો સામા આવ્યા. તે વખતે ડુંગરા ઉપર ગાયો ચરતી હતી. સ્વામીશ્રીને જોઈ તે બધી ગાયો તેના

ભરવાડની આમન્યા છોડી સ્વામીશ્રી સન્મુખ દોડી ગઈ. ગાયોને દોડતી આવતી જોઈ, સાધુઓ ભાગ્યા. તેમને થયું કે ગાયોનું ધણ આવે છે તે કોઈને મારી દેશે. પરંતુ સ્વામીશ્રીએ તેમને સૌને કહ્યું : "કોઈ બીશો નહીં. એ તો દર્શન કરવા આવી છે." તે બધી ગાયો સ્વામીશ્રીની ચારે કોર પ્રદક્ષિણા ફરવા લાગી અને પૂંછડાં ઊંચાં કરી સ્વામીશ્રી તરફ જોવા લાગી. તેમને જોઈ સ્વામીશ્રીએ દરેક ગાયના માથા ઉપર પોતાનો હાથ ફેરવી કહ્યું : "માતાજી ! હવે ચાલ્યાં જાઓ !" એટલે ગાયો બધી ડુંગર ભણી ચાલી ગઈ.

ગાયોને આ પ્રમાણે જતી જોઈને ગોવાળો સ્વામીશ્રી પાસે આવ્યા અને સાધુઓને જોઈ બોલવા લાગ્યા : "આ ટોળામાં કોઈ કનૈયાલાલ છે. નહીં તો આ ગાયો અમારી આમન્યા મૂકીને દોડી આવે નહીં." પછી સ્વામીશ્રી સામું જોઈને તેઓ કહેવા લાગ્યા : "નક્કી આ કનૈયાલાલ છે."

સ્વામીશ્રીના સ્વરૂપને પોતાની રીતે ઓળખી, સ્વામીશ્રીના મુખની હસતી રેખાની સ્મૃતિ લઈ તેઓ ડુંગરા ભણી પાછા ચાલ્યા ગયા !

નાજો કામળિયો

સ્વામીશ્રીને તેડવા કોટિયાથી નાજો કામળિયો, ત્યાંના અન્ય હરિભક્તો ગોલણ, વાજસુર, વીરો, જસો, ભોજો વગેરેને લઈને કળમોદર આવ્યા હતા. સૌ ત્યાંથી ચાલ્યા. કોટિયા ગામના પાદરે ધામધૂમથી સામૈયું કર્યું અને સ્વામીશ્રીને ગામમાં પધરાવ્યા. સ્વામીશ્રી ઉતારો કરી સભામાં બિરાજ્યા. પછી સ્વામીશ્રીએ નાજા કામળિયાને પૂછ્યું : "આ ગામ જીવાઈનું છે કે ગરાસનું ?"

ત્યારે નાજાએ કહ્યું : "જીવાઈનું ગામ છે."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અહીં ચૂનાબંધ મંદિર કરાવો તો આ ગામ ગરાસનું થાય."

નાજાએ સ્વામીશ્રીની મરજી જાણી તે પ્રમાણે મંદિર કરાવવાનું નક્કી કર્યું.[૬૨] તેમના છોકરાઓને જોઈ સ્વામીશ્રી બોલ્યા : "આ તમારા છોકરાઓમાં આ કલાઈઓવાળો[૬૩] છોકરો અધિક પ્રતાપી થશે !"

---

૬૨. નાજા કામળિયાએ સ્વામીશ્રીની મરજી અનુસાર ત્યાં છોબંધ મંદિર કરાવ્યું. પછી તે ગામ ગરાસનું થઈ ગયું.

૬૩. કલાઈ એટલે કાંડે પહેરવાનું એક કંકણ જેવું ઘરેણું.

ત્યારે નાજાએ કહ્યું : "સ્વામી ! તેનું નામ જસો છે."

નાજા ભક્ત ઉપર સ્વામીશ્રીની ખૂબ કૃપા હતી. નાજાની નિષ્ઠા પણ એવી દૃઢ હતી. એક વખત નાજા ભક્ત સ્વામીશ્રીનાં દર્શન કરવા જૂનાગઢ જતા હતા. માર્ગમાં જતાં તેમની ઘોડી નાની કેડીએ ચઢી ગઈ. તે કેડીની બંને કોર ડુંગરાની ધાર હતી. આગળ દશ-બાર હાથ ઊંડી શેત્રુંજી નદી હતી. તેથી જો આગળ વધે તો શેત્રુંજી નદીમાં ઘોડી અને પોતે બંને પડે. તેમજ સાંકડી કેડીને લઈને ઘોડીને પાછી ફેરવાય તેવું ન હતું. એટલે તેમણે સ્વામીશ્રીને સંભાર્યા. 'સ્વામી સ્વામી' એમ ભજન કરવા લાગ્યા. તેવામાં સ્વામીશ્રીએ દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં અને એક હાથે ઘોડીની કેશવાળી ઝાલી અને એક હાથે નાજા ભક્તનો હાથ ઝાલી બંનેને અધ્ધર ઉપાડ્યાં અને શેત્રુંજીને સામે કાંઠે મૂકી દીધાં. સ્વામીશ્રી પછી તરત જ અંતર્ધાન થઈ ગયા !

એક વાર નાજા કામળિયા સ્વામીશ્રીનો સમામગ કરવા જૂનાગઢ આવ્યા હતા. ત્યાં તેમને ઘેરથી ખબર મળ્યા કે વાજસુરને સર્પ કરડ્યો છે. નાજા ભક્તે સ્વામીશ્રીને આ વાત કરી ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "સાપ તો અમે ઉતારી આવ્યા. માટે હવે તમારે ઘેર જવાની જરૂર નથી."

બીજે જ દિવસે કોટિયાથી સમાચાર આવ્યા કે "વાજસુરને સાપ ઊતરી ગયો છે." આ પ્રમાણે સ્વામીશ્રીએ તેમની રક્ષા કરી.

પછી તેણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપના સમાગમમાં આનંદ તો બહુ આવે છે. પરંતુ વહેવારમાં તાણ બહુ રહે છે. જેથી સંકલ્પ-વિકલ્પ બહુ જ થાય છે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "આ વર્ષે ખડ રાખી મૂકજો. આવતી સાલ વરસાદની તાણ પડશે એટલે તમારું દુ:ખ મટી જશે."

સ્વામીની આજ્ઞા પ્રમાણે તેણે સાત લાખ ખડના પૂળાની ગંજીઓ કરી રાખી. બીજી સાલ દુકાળ પડ્યો. તેથી વાજસુર ભક્ત એક રૂપિયે મણ ઘાસ વેચવા લાગ્યા. રોજ સાંજે માણું ભરીને રૂપિયા ઘેર લાવે. આમ, સ્વામીશ્રીની કૃપાથી તેમનો વહેવાર સારો થઈ ગયો. આથી નાજા ભક્ત સ્વામીશ્રીના સમાગમનો વિશેષ લાભ લેવા લાગ્યા. સ્વામીશ્રી પણ તેની ભક્તિ અને નિષ્ઠા જોઈ જ્યારે જ્યારે કોટિયા પધારતા ત્યારે કહેતા : "બોલાવો, અમારી વાડી !" એટલે નાજા ભક્ત પોતાના દીકરાઓને બોલાવી સ્વામીશ્રીને પગે

લગાડતા. સ્વામીશ્રી પણ તેમને સૌને પ્રસાદી આપતા અને માથે હાથ મૂકતા.

સ્વામીશ્રી નાજા ભક્તના આગ્રહથી કોટિયામાં પાંચ દિવસ રહ્યા અને સૌને પોતાના સમાગમનો આનંદ આપ્યો.

પછી સ્વામીશ્રી કોટિયાથી નીકળી પીઠવડી, સાવરકુંડલા, સેલણા, ભામોદરા થઈને ખારાપાટમાં ચાનગઢ, આંકડિયા, નાના ગોખરવાળા, મોટા ગોખરવાળા, દેવરાજિયા, વાંકિયા, બગસરા, કુંકાવાવ થઈને અન્નકૂટોત્સવે જૂનાગઢ પધાર્યા.

અન્નકૂટ ઉત્સવ

સંવત ૧૯૨૨ના અન્નકૂટનો ઉત્સવ સ્વામીશ્રીએ ધામધૂમથી કર્યો. અન્નકૂટ ઉત્સવ પછી સ્વામીશ્રી એક દિવસ સભામાં વિરાજતા હતા. કેવળાત્માનંદ સ્વામી અને વિષ્ણુવલ્લભદાસ સ્વામી, સ્વામીશ્રી પાસે આવીને રોવા લાગ્યા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''શા માટે રુવો છો ?''

ત્યારે તેમણે કહ્યું : ''બાલમુકુંદદાસની શીખવણીથી આ ત્રિકમદાસ અમને ખીજડા જેવા કહે છે ને તમને બધાથી અધિક અક્ષરબ્રહ્મ કહે છે.''

તે સાંભળી સ્વામીશ્રી મનમાં હસ્યા. પછી તેમને રાજી કરવા સ્વામીશ્રી પણ તેમની ભેગા રોવા માંડ્યા. પછી ત્રાડ મારીને બોલ્યા : ''ક્યાં ગયો 'ત્રિકમદાસ ?'' એટલે ત્રિકમદાસ તરત આવ્યા. પછી સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસ, પ્રાગજી ભક્ત, જાગા ભક્ત વગેરેને બોલાવ્યા. તેમને સૌને પોતાને પગે હાથ મુકાવીને સ્વામીશ્રી બોલ્યા. ''હવે આજથી કોઈ મને અક્ષર કહેશો નહીં. કાં જે બીજાઓને ઉદ્વેગ થાય છે.'' પ્રસંગની ગંભીરતા સમજી કોઈ કાંઈ બોલ્યા નહીં.

ત્યાર પછી સ્વામીશ્રી સાંતલપુરના બીડમાં તૃણોત્સવ કરવા સંત હરિભક્તોને લઈને પધાર્યા. સાથે ડેરા-તંબૂ વગેરે લીધા હતા. સાંતલપુરમાં સ્વામીશ્રીનો સાત-આઠ દિવસનો કાર્યક્રમ હતો. અહીં વણથળીથી કલ્યાણભાઈ આવ્યા. તે સ્વામીશ્રીને પગે લાગીને બેઠા. તેમને જોઈ સ્વામીશ્રી બોલ્યા : ''કલ્યાણભાઈ ! આ પ્રાગજી વગેરેને મને અક્ષર કહેવાના સમ ખવરાવ્યા છે. પરંતુ અહીં તો વગડો છે એટલે અહીં તેનો બાધ નહીં.''

આમ, પોતાને અક્ષર કહેવાની છૂટ આપી. પરંતુ આ વખતે ત્રિકમદાસ

ભેગા ન હતા. જેથી તેમને આજ્ઞા નથી એમ માની તેઓ સ્વામીશ્રીને અક્ષર કહેવામાં અટક્યા. જ્યારે બીજા નિષ્ઠાવાળાઓએ હજારોને સ્વામીશ્રીની અક્ષરબ્રહ્મપણાની નિષ્ઠા કરાવી.

સાંતલપુરમાં તૃણોત્સવ કરી સ્વામીશ્રી વણથળી પધાર્યા. આ વખતે પ્રબોધિની ઉપર વરતાલ જવાની સ્વામીશ્રીની ઇચ્છા ન હતી. વણથળીમાં સ્વામીશ્રીના સમાગમનો લાભ કલ્યાણભાઈએ તથા તેમના દીકરા દેવજીભાઈ, ડાહ્યાભાઈ, શામજીભાઈ વગેરેએ લીધો. તેમણે સ્વામીશ્રીની બહુ જ સેવા કરી સ્વામીશ્રીને રાજી કરી લીધા. પછી ત્યાંથી સ્વામીશ્રી નીકળી જૂનાગઢ પધાર્યા.

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા એટલે હરિહર્યાનંદ સ્વામી, હરિપ્રસાદ મુનિ, ઉપેન્દ્રાનંદ સ્વામી વગેરે સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. તેમને સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની ખૂબ વાતો કરી. અક્ષરનું સ્વરૂપ પણ મહારાજની નિષ્ઠા દૃઢ કરવા માટે જાણવું જરૂરી છે તે પણ વાતવાતમાં તેમને સમજાવી દીધું. તેમને સ્વામીશ્રીની વાતોથી ખૂબ સમાસ થયો.

હરિહર્યાનંદની મુદ્દાની વાત

હરિહર્યાનંદ સ્વામીને સ્વામીશ્રીના સ્વરૂપની તથા શ્રીજીમહારાજના સ્વરૂપની દૃઢ નિષ્ઠા સ્વામીશ્રીની વાતોથી થઈ ગઈ. તેથી તેઓ તે કેફમાં એક દિવસ વણથળી ગયા. અહીં મંદિરમાં ઊતર્યા અને હરિભક્તોને બોલાવીને પૂછ્યું : "કલ્યાણભાઈને બોલાવો !"

પરંતુ તેમણે ખબર આપી કે કલ્યાણભાઈ તો વાડીએ ગયા છે. એટલે તેઓ કલ્યાણભાઈને મળવા વાડીએ ગયા. તેમને છેટેથી આવતા જોઈ કલ્યાણભાઈ બોલ્યા : "હરિહર્યાનંદ સ્વામી આવતા લાગે છે."

તેઓ પાસે આવ્યા ત્યારે કલ્યાણભાઈ તેમને દંડવત્ કરવા લાગ્યા. પછી પગે લાગીને બોલ્યા : "સ્વામી ! બહુ દયા કરી."

ત્યારે સ્વામીએ કહ્યું : "હું તમને એક મુદ્દાની વાત સમજાવવા આવ્યો છું."

એટલે કલ્યાણભાઈએ કહ્યું : "સ્વામી ! ગુણાતીતાનંદ સ્વામી

અક્ષરબ્રહ્મ છે અને શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ છે, એ વાત તો અમે આપ જેવાની કૃપાથી જાણીએ છીએ. પરંતુ તે ઉપરાંત જો બીજો મુદ્દો હોય તો તે સમજાવો.''

હરિહર્યાનંદ આ સાંભળી દિગ્મૂઢ થઈ ગયા ! તેમને થયું કે જે વાત સમજાવવા હું જૂનાગઢથી અહીં આવ્યો તે વાત તો કલ્યાણભાઈ જાણે છે. પછી તેમણે હાથ જોડીને કહ્યું : ''કલ્યાણભાઈ ! એ જ પરમ રહસ્ય અને મુદ્દો છે. આ વખતે હું જૂનાગઢ આવ્યો ત્યારે મને વિચાર થયો કે તમને આ વાત સમજાવું. પરંતુ તમને તો આ નિષ્ઠા છે જ. તે જાણી મને બહુ જ આનંદ થયો.'' હરિહર્યાનંદ સ્વામી પછી જૂનાગઢ આવ્યા.

સૌ રાજાઓમાં શિરોમણિ થશે

આ અરસામાં ધોરાજીથી રાજરાણી મોંઘીબાનો સંદેશો આવ્યો હતો અને કહેવરાવ્યું હતું કે ''રાજ્યમાં કુંવરનો જન્મ થયો છે માટે આપ આશીર્વાદ આપવા પધારો.'' સ્વામીશ્રીને આ સંદેશો મળ્યો એટલે પોતાનું સંતમંડળ બાલમુકુંદદાસજી, વિષ્ણુવલ્લભદાસજી, માધવપ્રિયદાસજી, રઘુવીરચરણદાસજી, બ્રહ્મચારી વિશુદ્ધાનંદજી, હરિદર્શનાનંદ, આત્માનંદ તેમજ પ્રાગજી ભક્ત, જાગા ભક્ત, રણછોડ ભક્ત, ત્રિકમદાસ કોઠારી, હરજીવન વગેરે લગભગ પચ્ચીસનો સંઘ લઈને ધોરાજી જવા નીકળ્યા.

સ્વામીશ્રી ગાડીમાં વિરાજ્યા અને બીજા કેટલાક સંતો ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં જાલણસર ગામ આવ્યું. તેની નદીમાં નાહીને સ્વામીશ્રી વસ્ત્ર પહેરીને ભીને પગે ગાડીમાં વિરાજ્યા. એટલામાં હરજીવન સ્વામીશ્રીના પગ લૂછવા માટે આગળ આવ્યા. પોતાના વસ્ત્રે કરી સ્વામીશ્રીના પગ લૂછવા માંડ્યા ત્યાં સ્વામીશ્રીએ તેને પગનું ઠેબું માર્યું એટલે તે છેટે પડી ગયા. વળી, પાછા ઊઠીને સ્વામીશ્રીના પગ લૂછવા તે આગળ આવ્યા અને પગ લૂછવા માંડ્યા. ત્યારે સ્વામીશ્રી મંદ મંદ હસતાં બોલ્યા : ''જુઓને, આટઆટલા તિરસ્કાર કરીએ છીએ તો પણ અમારો અવગુણ નથી આવતો એવા તો આ એક જ દીઠા. એવા ઝાઝા જડે નહીં.''

આ પ્રમાણે વાતો કરતાં કરતાં સ્વામીશ્રી ધોરાજી પધાર્યા. અહીં મંદિરમાં ઉતારો કર્યો. પછી દરબારગઢમાં ખબર આપ્યા.

સ્વામીશ્રી પધાર્યા તે સમાચાર દરબારમાં મળતાં તરત જ દરબાર સંગ્રામસિંહ તથા દીવાન માધવજીભાઈ સ્વામીશ્રીનાં દર્શને મંદિરે આવ્યા. બીજા હરિભક્તો પણ દર્શને આવવા માંડ્યા. દરબારને સ્વામીશ્રીનાં દર્શનથી બહુ જ આનંદ થયો. સ્વામીશ્રીએ તેમને શ્રીજીમહારાજના મહિમાની કેટલીક વાતો કરી. થોડી વારે દરબાર તથા દીવાન સાહેબ દરબારગઢમાં પધાર્યા.

બીજે દિવસે સ્વામીશ્રી સંત-પાર્ષદોને લઈને પ્રસાદીના તળાવે નાહવા પધાર્યા. સ્વામીશ્રી ત્યાં નાહીને ધ્યાન કરવા બેઠા. પછી સૌ સંતો સાથે શ્રીજીમહારાજની લીલાની વાતો કરતા ચાલ્યા. ત્યાં શ્રીજીમહારાજની પ્રસાદીની ધોકા આંબલી પાસે આવ્યા એટલે સ્વામીશ્રીએ મહારાજે આંહીં કરેલી લીલાની વાતો કરતાં કહ્યું : ''અહીં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને આ ઝાડ જોઈ 'આ ઝાડ યમલાર્જુનના ઝાડ જેવાં છે' એમ બોલ્યા હતા. પછી મહારાજ ઝાડ ઉપર ચડીને બેઠા.''

આટલી વાત કરીને સ્વામીશ્રી મહારાજ જે ઝાડ ઉપર બેઠા હતા તે તરફ જોવા લાગ્યા અને શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપની સ્મૃતિ કરવા લાગ્યા. આમ, જ્યાં જ્યાં મહારાજની પ્રસાદીનાં સ્થળો આવે, ત્યાં મહારાજની સ્મૃતિ કરતાં સ્વામીશ્રી અને સૌ સંતો મંદિરે આવ્યા.

અહીં સૌ પૂજા કરવા બેઠા. એટલામાં દરબારમાંથી રસોઈનો સામાન આવ્યો. એટલે ભંડારી સાધુઓએ રસોઈ કરવાની તૈયારી કરી. સ્વામીશ્રી પૂજા કરીને કથાવાર્તા કરવા લાગ્યા. રસોઈ તૈયાર થઈ ગઈ એટલે ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા.

બપોરે ચાર વાગે દરબારશ્રીની આજ્ઞાથી માધવજીભાઈ દીવાન તથા અભયસિંહ બાપુ સ્વામીશ્રીને દરબારગઢમાં પધારવા માટે તેડવા આવ્યા. સ્વામીશ્રી સંતમંડળને લઈને દરબારગઢમાં પધાર્યા. જે હાલ નવચોકી કહેવાય છે ત્યાં સ્વામીશ્રી ગાદી-તકિયે વિરાજમાન થયા.

પછી નાના કુંવરને પગે લગાડવા સારુ તેડી લાવ્યા. સ્વામીશ્રીએ કુંવરને માથે હાથ મૂક્યો. પછી જરિયાની ટોપી અને સોનાની ઊતરી વગેરે સ્વામીશ્રીએ કુંવરને પહેરાવ્યાં અને કપાળમાં કંકુનો ચાંદલો કરી આશીર્વાદ આપતાં કહ્યું : ''આ તો ગોંડળની ગાદીના ધણી છે. સૌ રાજાઓમાં શિરોમણિ અને બહુ પ્રતાપી રાજા થશે. ભગવાને આપેલા છે એટલે એમનું

નામ ભગવત્‌સિંહજી[૬૪] રાખો.'' એટલું કહી સ્વામીશ્રીએ કુંવરને પતાસાંની પ્રસાદી હાથમાં આપી. પછી કુંવરને દરબારગઢમાં લઈ ગયા. ત્યારબાદ સ્વામીશ્રીએ ત્યાં જ્ઞાનની ઘણી વાતો કરી.

સ્વામીશ્રી સંતમંડળ સાથે ત્યાંથી નીકળી ચોકમાં આવ્યા ત્યારે ત્યાં થોડી વાર ઊભા રહ્યા. પછી બોલ્યા : ''સામો દેખાય છે તે મનવિલાસ છે. શ્રીજીમહારાજ ત્યાં ઊતર્યા હતા. દેવાજી બાપુએ ઉતારો આપ્યો હતો. મુક્તાનંદ સ્વામી વગેરે મોટા મોટા સૌ સંતો સાથે હતા અને અમે પણ મહારાજની સાથે હતા.'' આ પ્રમાણે વાતો કરતાં કરતાં મંદિરે પધાર્યા.

બીજે દિવસે પ્રસાદીના લાલ વડે નાહવા પધાર્યા. અહીં પ્રસાદીના કૂવે સ્નાન કરી સ્વામીશ્રી ધ્યાન કરવા બેઠા. થોડી વાર પછી સૌ ત્યાંથી મંદિરે આવ્યા. અહીં રસોઈ માટેનો સર્વ સામાન દરબારમાંથી આવ્યો હતો. ભંડારી સાધુઓ રસોઈ કરવા લાગ્યા અને સ્વામીશ્રી તથા અન્ય સંતો શ્રીજીમહારાજ જ્યાં સદાવ્રત આપતા હતા તે પ્રસાદી સ્થાનનાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરી સૌ મંદિરે આવ્યા. એટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ હતી તેથી ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા.

બપોરે ચાર વાગે દરબાર સંગ્રામસિંહજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સાથે માધવજીભાઈ દીવાન પણ હતા. દરબારે સ્વામીશ્રીને વિનંતી કરી કે ''દરબારી બાગમાં આપની પધરામણી કરવી છે, માટે આપ પધારો.''

એટલે સ્વામીશ્રી સૌ સંતમંડળ લઈને દરબાર સાથે દરબારી બાગમાં

---

૬૪. સંગ્રામસિંહજીના જુવાન કુંવર પથુભા ધામમાં ગયા ત્યારે દરબારને ઘણો જ શોક થયો હતો. તે પ્રસંગે શોક વિદારવા સ્વામીશ્રીને ખાસ જૂનાગઢથી તેડાવ્યા હતા. સ્વામીશ્રીએ ગોંડળ પધારી ઉપદેશની ઘણી વાતો કરી તેમને સાંત્વન આપ્યું હતું. (આ વાતો ઉપરથી સદ્‌ગુરુ યોગાનંદ સ્વામીએ 'જ્ઞાનવિલાસ' નામનો ગ્રંથ રચ્યો છે.) ત્યારબાદ થોડા સમય પછી રાજરાણી મોંઘીબાએ સ્વામીશ્રીને ફરી ગોંડળ તેડાવ્યા. આ પ્રસંગે સ્વામીશ્રીને પોતાના પતિ સંગ્રામજી મારફત વિનંતી કરી કે ''રાજ્યમાં કુંવર નથી તો દયા કરો.''

એટલે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે ''શ્રીજીમહારાજના પ્રતાપે બાર મહિનામાં તમારે પુત્ર થશે.''

એ આશીર્વાદથી ઈ.સ. ૧૮૬૫, ૨૪ ઑક્ટોબરે આ કુંવરનો જન્મ થયો. તેથી સ્વામીશ્રીએ કહ્યું : ''આ ભગવાનના આપેલા છે.''

પધાર્યા. અહીં દીવાન સાહેબે સ્વામીશ્રીને પુષ્કળ મેવો ધરાવ્યો. તે જોઈ સ્વામીશ્રીએ સંતોને કહ્યું : "આ મેવો સુધારી ઠાકોરજીને ધરાવો અને પછી પ્રસાદી સૌને વહેંચી આપો."

ત્યારબાદ દરબારે સ્વામીશ્રીનું પૂજન કર્યું અને સુગંધીમાન પુષ્પના હાર પહેરાવ્યા. ચંદનની અર્ચા કરી અને વસ્ત્રો ઓઢાડ્યાં. સ્વામીશ્રીનો અતિ અપાર મહિમા સમજી દરબારે સ્વામીશ્રીનું સન્માન કર્યું.

પછી સ્વામીશ્રીએ સંતોને કહ્યું : "કીર્તન બોલો."

સંતોએ કીર્તન[૬૫] ગાવાનું શરૂ કર્યું. એ કીર્તન સાંભળી મંગળજીએ કહ્યું : "સ્વામી ! આપે તો ખરેખર મતપંથ માથે મેખ મારી છે અને આ કીર્તનમાં કહ્યું તેવું કરી આપણું જ્ઞાન અને ઉપાસના સૌથી સરસ છે એમ સમજાવી દીધું છે."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી ઉપાસનાની ઘણી વાતો કરી મંદિરે પધાર્યા.

ત્રીજે દિવસે દરબારની શીરાપૂરીની રસોઈ જમી ત્યાંથી જમનાવડ પધાર્યા. ત્યાં રાત રહ્યા. રાત્રે સભા પછી સ્વામીશ્રીએ કહ્યું : "સંતો ! આજે તો ભૂપનું અન્ન જમ્યા છો માટે ભજન બરોબર કરજો. કારણ દરબારી અનાજ ભારે કહેવાય."

એટલે વિષ્ણુવલ્લભદાસે કહ્યું : "સ્વામી ! અમે તો શીરો જમ્યા નથી અને જે જમ્યા છે તે બીજે ઊતર્યા છે."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા.

એનો શો ભાર છે કે વરસે

બીજે દિવસે જમનાવડમાં જમીને સ્વામીશ્રી જૂનાગઢ જવા નીકળ્યા. સ્વામીશ્રી ગાડીમાં વિરાજ્યા હતા. બીજા કેટલાક સંતો ચાલતા હતા. હરિદર્શનાનંદ બ્રહ્મચારી ઘોડી ઉપર બેઠા હતા. તે સ્વામીશ્રીની ગાડીની પાછળ પાછળ ચાલતા હતા. એટલામાં મજેવડી દરવાજો આવ્યો ત્યારે સ્વામીશ્રીએ આકાશ તરફ જોયું તો એક કાળી વાદળી દેખાણી. એટલે સ્વામીશ્રીએ હરિદર્શનાનંદને કહ્યું : "હરિદર્શનાનંદ ! આ કાળી વાદળી

૬૫. પ્રેમાનંદ સ્વામી રચિત 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ.'

આકાશમાં દેખાય છે તે રખેને વરસાદ થાય."

તે સાંભળી હરિદર્શનાનંદ બોલ્યા : "અરે સ્વામી ! એનો શો ભાર છે કે વરસે ?"

સ્વામીશ્રી હસ્યા. પછી બોલ્યા : "હરિદર્શનાનંદ ! તમે બ્રાહ્મણ છો અને આ મેઘ રાજા છે. માટે રાજા સાથે વિવાદ ન કરવો."

એટલે ફરી હરિદર્શનાનંદે કહ્યું : "અરે, એનો તે શો ભાર છે કે વરસી શકે ?"

બ્રહ્મચારીનું બળ જોઈને સ્વામીશ્રી રાજી થયા. પરંતુ બ્રહ્મચારી સ્વામીશ્રીની મરજી સમજી ન શક્યા. સ્વામીશ્રીએ ફરી કહ્યું : "રેવા દ્યો, બ્રહ્મચારી ! નક્કી વરસાદ આપણને પલાળશે."

એટલામાં તો વરસાદ ધોધમાર આવ્યો અને સહુનાં વસ્ત્રો પલળી ગયાં. પરંતુ આશ્ચર્ય એવું થયું કે જ્યાં સંતોનું મંડળ હતું ત્યાં જ વરસાદ પડ્યો. બીજી બધી જગ્યા કોરી રહી. પછી સ્વામીશ્રીએ બ્રહ્મચારીને કહ્યું : "કાં, બ્રહ્મચારી ! અમે નો'તા કહેતા કે રાજા સાથે વાદ કરવો રહેવા દ્યો. જુઓ, પલાળી દીધા ને ! માટે એવો અહંભાવ ન લાવવો."

પરંતુ બ્રહ્મચારીને તો સ્વામીશ્રીનું બળ હતું. તેથી તેમણે ફરી કહ્યું : "એ તો સ્વામી ! આપની એવી ઇચ્છા હતી. નહીં તો એ બીચારાનો શો ભાર છે !" આમ, વગર ચોમાસે સ્વામીશ્રીની ઇચ્છાથી વરસાદ વરસ્યો. બ્રહ્મચારીને પણ સ્વામીશ્રીનો અધિક અને અધિક મહિમા સમજાતો ગયો.

આમ, વિનોદ-વાતો કરતાં કરતાં સૌ મંદિરે આવ્યા. પછી રાત્રે નિયમચેષ્ટા કર્યા બાદ કોઠારી ત્રિકમદાસ તેમના નિયમ પ્રમાણે સ્વામીશ્રી પાસે કીર્તનો ગાવા આવ્યા. ત્યારબાદ થોડી વારે સ્વામીશ્રી પોઢી ગયા.

સોરઠ દેશના હરિભક્તોનો પ્રેમ

સોરઠ દેશના હરિભક્તોને સ્વામીશ્રી વિષે અવિચળ નિષ્ઠા હતી અને સ્વામીશ્રીનો ભગવાન જેવો મહિમા સૌ સમજતા હતા. તેથી સ્વામીશ્રી જ્યારે સોરઠ દેશમાં ફરવા નીકળતા, ત્યારે સ્વામીશ્રીને સૌ હરિભક્તો ભગવાનની જેમ પૂજતા, દૂધથી પગ ધોતા, આરતી ઉતારતા, ચરણરજ માથે ચડાવતા. સ્વામીશ્રીના મહિમાના આવા અદ્ભુત રંગથી સોરઠ દેશના હરિભક્તો ઉપર

સ્વામીશ્રીનો કેવો પ્રભાવ છે તે નજરે નિહાળવા મોટા મોટા સદ્‌ગુરુઓ - પવિત્રાનંદ સ્વામી, શુક સ્વામી, ભૂમાનંદ સ્વામી વગેરે પોતે પોતાના મંડળ સાથે જૂનાગઢ આવ્યા. તેમને અહીંથી પંચતીર્થની જાત્રા કરવા જવાનો વિચાર હતો.

જૂનાગઢ આવીને તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! અમો પંચતીર્થની યાત્રા કરવા સારુ આવ્યા છીએ. આપનો આ દેશ છે તો આપ સાથે આવો તો સારું."

શ્રીજીમહારાજની અનંત દિવ્ય લીલાનાં દર્શન અને સ્મૃતિ કરાવવા સ્વામીશ્રીએ તેમની સાથે પંચતીર્થમાં જવાનું કબૂલ કર્યું. સૌ સંઘ સાથે સ્વામીશ્રી નીકળ્યા.

સોરઠ દેશમાં ઠેર ઠેર ખબર પડી કે સ્વામીશ્રી સંઘ લઈને પંચતીર્થની જાત્રા કરવા સારુ નીકળ્યા છે. એટલે ગામેગામથી સ્વામીશ્રીને પોતાને ગામ પધારવા હરિભક્તો વિનંતી કરવા લાગ્યા. સ્વામીશ્રીએ પણ તેમનો ભાવ જોઈ તેમની વિનંતી સ્વીકારી લીધી. સ્વામીશ્રી જે જે ગામમાં પધારતા ત્યાં અગાઉથી જ તે ગામના હરિભક્તો બબ્બે ગાઉ સ્વામીશ્રીની સામા જઈ વાજતેગાજતે સામૈયું કરતા અને સ્વામીશ્રી જ્યારે પાછા પધારતા ત્યારે તે જ પ્રમાણે ધામધૂમથી વળાવવા જતા. સોરઠ દેશના સમસ્ત સત્સંગીઓને સ્વામીશ્રી પ્રત્યે આવો અપૂર્વ પ્રેમ હતો તેની સૌ સદ્‌ગુરુઓને પ્રતીતિ થઈ ગઈ.

સ્વામીશ્રી સંઘ સાથે ફરતાં ફરતાં આખા, પીપલાણા, લોજ, માંગરોળ, અગત્રાઈ, પંચાળા થઈને માણાવદર પધાર્યા. અહીં પર્વતભાઈના દીકરા મેઘજીભાઈ તથા તેમના ભત્રીજા પ્રેમજીભાઈએ સ્વામીશ્રી તથા સદ્‌ગુરુઓનાં દર્શન-સમાગમનો લાભ લીધો. પ્રેમજીભાઈને પણ સ્વામીશ્રી પ્રત્યે અપાર પ્રેમ હતો અને સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એવી નિષ્ઠા હતી. તે નિષ્ઠાની વાતો તેઓ બીજા હરિભક્તોને પણ કરતા અને સ્વામીશ્રીના સ્વરૂપમાં સૌને જોડતા. તેઓ ખરેખરા એકાંતિક ભક્ત હતા.

ગીદડના નવાબનું આમંત્રણ

સ્વામીશ્રી માણાવદર પધાર્યા છે તે સમાચાર ગીદડ(સરદારગઢ)ના નવાબે જાણ્યા. તેથી તેમણે પોતાના કારભારીને સ્વામીશ્રીને તેડી લાવવા

માટે મોકલ્યા. નવાબ સાહેબનું ભાવભર્યું આમંત્રણ હતું. એટલે સ્વામીશ્રી સૌ સદ્‌ગુરુઓને સાથે લઈને ગીદડ પધાર્યા. નવાબ સાહેબે પોતાના પાયદળ, સવારો અને પોલીસ વગેરે લશ્કરી ઠાઠ સાથે સ્વામીશ્રીનું અપૂર્વ સામૈયું કર્યું. આથી વરતાલથી આવેલા સદ્‌ગુરુઓ સૌ વિચારમાં પડી ગયા. મુસલમાન નવાબને પણ સ્વામીશ્રી પ્રત્યે આટલો ભાવ છે એ સ્વામીશ્રીના સોરઠ ઉપરના અપ્રતિમ પ્રતાપનું સૂચક છે. વાજતેગાજતે સામૈયું કરીને દરબારી બાગમાં સૌને ઉતારો આપ્યો.

પછી રસોઈનો સામાન મોકલ્યો. સંતોએ રસોઈ કરી, ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. બપોરની કથા કરી સૌએ થોડો આરામ કર્યો. એટલામાં નવાબ સાહેબ તરફથી પોતાના દરબારગઢમાં સ્વામીશ્રી અને સૌ સદ્‌ગુરુઓની પધરામણી માટે દરબારી માણસો ગાડી, ઘોડાઓ તથા અન્ય વાહનો લઈને આવ્યા. સ્વામીશ્રીને ઘોડી ઉપર જ બેસારવા કે જેથી આખા ગામને તેમનાં દર્શન થાય, તે પ્રમાણેનું સૂચન નવાબે પોતાના કારભારીને કર્યું હતું. તેથી નવાબનો આગ્રહ જોઈ સ્વામીશ્રી ગોદડી ઓઢીને ઘોડી ઉપર વિરાજ્યા. અન્ય સદ્‌ગુરુઓ ગાડીઓમાં બેઠા. આ પ્રમાણે ધામધૂમથી સૌ દરબારગઢમાં આવ્યા.

સ્વામીશ્રીને ઊંચા આસન ઉપર પધરાવ્યા. બીજા સદ્‌ગુરુઓને પણ ગાદી-તકિયા ઉપર બેસાડ્યા. પછી પોતાના રાજગોર પાસે પ્રથમ ઠાકોરજીની અને ત્યાર પછી સ્વામીશ્રીની પૂજા કરાવી. પછી સવાસો દીવાની આરતી ઉતારી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : “આ શુક સ્વામી પણ બહુ મોટા સદ્‌ગુરુ છે માટે એમની પણ આરતી ઉતારો.”

તેથી શુક સ્વામી તથા પવિત્રાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી વગેરે સૌ સદ્‌ગુરુઓની પણ આરતી ઉતારી. પછી જગન્નાથીના બે તાકા સ્વામીશ્રીની પાસે ભેટ મૂક્યા અને પાંચસો કોરી રોકડ ભેટ મૂકી. અન્ય સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો તમામને ધોતિયાં ઓઢાડ્યાં. ત્યાર બાદ સ્વામીશ્રીએ સભામાં ખૂબ વાતો કરી.

પછી નવાબ સાહેબે કહ્યું : “તમારા કોઈ અચ્છા ગ્રંથ હો તો તે અમને સુણાવો.” એટલે સ્વામીશ્રીએ વચનામૃતની પ્રત મંગાવી. તેમાંથી બે વચનામૃત વંચાવ્યાં. તે સાંભળી નવાબ સાહેબે કહ્યું : “રખ્ખો, રખ્ખો. મૈં

ઐસા કહેતા હૂં કે આ બોલનેવાલા તો ખુદા હૈ તે મૈં જાનતા હૂં. પણ લિખનેવાલા ભી ખુદા હૈ, નહીં તો ઐસા હરફ ક્યું લિખ્યા જાય ?''

આ પ્રમાણે નવાબ સાહેબે વચનામૃત ગ્રંથની અને વચનામૃત લખવાવાળા સદ્‌ગુરુઓની બહુ જ પ્રશંસા કરી. આથી શુકમુનિ બહુ જ રાજી થયા. પછી સૌ ઉતારે આવ્યા.

ઉતારે આવ્યા બાદ સદ્‌ગુરુઓએ સ્વામીશ્રીના પ્રતાપની ખૂબ જ પ્રશંસા કરતાં કહ્યું : ''મુસલમાનોને પણ આપનો આટલો ભાર છે તો બીજાને શું ન હોય ?'' તેમને પણ સ્વામીશ્રી સાથે પંચતીર્થમાં ફરતાં ખાતરી થઈ ગઈ કે સોરઠ દેશના હરિભક્તો ઉપર સ્વામીશ્રીનો અપૂર્વ પ્રભાવ છે. છતાં સ્વામીશ્રીનો મહિમા સમજતાં સમજતાં કાંઈક તેજોદ્વેષની લાગણી પણ તેમને સ્પર્શી ગઈ ! તેમને થયું કે સોરઠ દેશના હરિભક્તો સ્વામીશ્રીને ભગવાન તરીકે માને છે, પૂજે છે, તે વાત સત્ય છે ! ત્યારબાદ ગીદડથી નીકળી સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા અને વરતાલથી આવેલા સદ્‌ગુરુઓ ગઢડા, ધોલેરા થઈને વરતાલ ગયા.

અક્ષરધામની કૂંચી અમે પ્રાગજી ભક્તને આપી છે

એક દિવસ સ્વામીશ્રીએ સભામાં વાત કરી કે ''હવે તો અમે નિવૃત્તિ લીધી છે અને આ પ્રાગજીને વાતો કરવાનું સોંપ્યું છે. વળી, શ્રીજીમહારાજે અમને અક્ષરધામની જે કૂંચી આપી હતી તે અમે હવે આ પ્રાગજી ભક્તને આપી છે.'' એમ કહીને તમામ સાધુ, હરિભક્તોને આજ્ઞા કરી કે ''આ પ્રાગજીની વાતુ સાંભળજો.'' આથી કેટલાક અધૂરિયાઓને ઉદ્વેગ થવા લાગ્યો. તેથી તેઓએ વરતાલ કાગળો લખ્યા કે 'સ્વામીશ્રી તો પ્રાગજી ભક્તને વશ થઈ ગયા છે ને પોતાનું જ્ઞાન, ઐશ્વર્ય અને કૂંચીઓ સર્વે એને સોંપી દીધાં છે.' ઉદ્વેગ અને ઊહાપોહની શરૂઆત આ પ્રસંગથી થઈ ગઈ !

વરતાલથી કોઠારી બેચર ભગત બીજા પાંચ-સાત પાર્ષદો લઈ જૂનાગઢ સ્વામીશ્રીની વાતો સાંભળવા અને પંચતીર્થોની જાત્રા કરવા આવ્યા. તેમને પણ સ્વામીએ બહુ વાતો કરી આનંદ પમાડ્યો. એક દિવસ સ્વામીએ કોઠારી બેચર ભગતને બોલાવીને કહ્યું : ''કોઠારી ! મેં તો તમામ કૂંચીઓ પ્રાગજી ભગતને સોંપી દીધી છે અને હું તો હવે નિવૃત્તિ લઈને નવરો થયો છું.''

આ સાંભળી કોઠારી અંબાઈદાસને થડકો થયો કે રખે સ્વામીએ મંદિરની તમામ કૂંચીઓ પ્રાગજી ભગતને સોંપી દીધી હોય !

સ્વામીએ તેમનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને કહ્યું : "અંબાઈદાસ ! થડકો પામીશ મા. મંદિરની કૂંચીઓ તો આ રહી, પણ અક્ષરધામની કૂંચી પ્રાગજી ભગતને સોંપી છે." એમ સમજ પાડી તેનો ભ્રમ ટાળ્યો અને પ્રાગજી ભક્ત સમ્યક્‌પ્રકારે પોતાનું સ્વરૂપ છે અને મોક્ષનું દ્વાર પણ હવે પછી તેમના દ્વારા સદા ખુલ્લું રહેશે એ મર્મ સૌને સમજાવ્યો. પછી સમૈયો કરી તે મંડળ પંચતીર્થની જાત્રા કરવા ગયું.

સ્વામી પ્રાગજીને વશ વર્તે છે

સ્વામીશ્રીના પ્રૌઢ પ્રતાપની વાતો, સોરઠ દેશ તેમના પ્રભાવથી તેમને જ જુવે છે, સ્વામીશ્રી ભગવાન તરીકે પૂજાય છે વગેરે વાતો પવનવેગે વરતાલ પહોંચી હતી. વળી, કોઠારી અંબાઈદાસે પણ જૂનાગઢમાં પ્રાગજી ભક્તનો જે મહિમા સાંભળ્યો હતો તેથી તેમજ સોરઠમાં પણ પંચતીર્થની યાત્રા સમયે ત્યાંના તમામ હરિભક્તોનો સ્વામીશ્રી પ્રત્યેનો સદ્‌ભાવ જોઈ, વરતાલ કાગળ લખ્યો કે 'જૂનાગઢના મંદિરમાં પ્રાગજી તો ધણી થઈ ગયો છે અને સ્વામી પણ તે રૂપ જ થઈ ગયા છે. એટલે તેઓ પ્રાગજીને વશ વર્તે છે. આખો સોરઠ દેશ પ્રથમ પ્રાગજીને દંડવત્‌ કરીને પછી સ્વામી પાસે જાય છે. સ્વામીનો અનહદ મહિમા પ્રાગજી કહે છે. માટે આપને જેમ યોગ્ય લાગે તેમ ચાંપતા ઉપાય કરી પગલાં લેશો એમ હું આશા રાખું છું.'

પવિત્રાનંદ સ્વામી, શુકમુનિ તથા ભૂમાનંદ સ્વામી વગેરેએ પણ સ્વામીશ્રીનો અદ્‌ભુત પ્રતાપ નજરે નિહાળ્યો. માણાવદર અને ગીદડના નવાબો અને મુસલમાનો પણ સ્વામીશ્રીનો આટલો મહિમા સમજે છે અને તેમને ખુદા જેવા માને છે તે તમામ હકીકત તેમણે પણ આચાર્યશ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજને તથા કોઠારી ગોરધનભાઈને કહી.

સ્વામીશ્રીનો મહિમા પ્રવર્તે છે તેમાં પોતાના જ ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનો મહિમા પ્રવર્તે છે એવું જાણપણું સ્વામીશ્રી પ્રત્યેના અંગત રાગદ્વેષને લઈને સૌ ભૂલ્યા. સ્વામીશ્રી તો અખંડ મહારાજમય જ હતા, મહારાજનો જ મહિમા કહેતા, મહારાજની જ નિષ્ઠા પ્રવર્તાવતા. તેઓ

અનાદિ બ્રહ્મ હતા. તેથી મહારાજનો મહિમા અને સંબંધ તેમને સમ્યક્ પ્રકારે હતો. પરંતુ શ્રીજીમહારાજે વચનામૃતમાં ઉચ્ચારેલાં સનાતન સૂત્રોનું રહસ્ય સૌ ભૂલ્યા.

શ્રીજીમહારાજે કહ્યું છે : "જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા ને ભગવાનનો મહિમા અધિક જાણતા ગયા, તેમ તેમ મુક્તપણામાં વિશેષપણું આવતું ગયું."[૬૬] "જે જીવ સંતના સમાગમે કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઈન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપે થઈ જાય છે."[૬૭] આવો તો મુક્તનો મહિમા છે ત્યારે અનાદિ અક્ષરબ્રહ્મનો શ્રીજીમહારાજના સંબંધે કેટલો મહિમા હોવો જોઈએ ?

શ્રીજીમહારાજે સત્પુરુષનાં લક્ષણ કહ્યાં છે કે "એ ભગવાનની જે એકાંતિક ભક્તિ તેને પોતે કરતો હોય અને એ ભગવાનનું જે નામસ્મરણ ને કથા-કીર્તનાદિક તેને કોઈ કરતું હોય તેને દેખીને મનમાં બહુ રાજી થાય."[૬૮]

આમ, સ્વામીશ્રીની શ્રીજીમહારાજ પ્રત્યેની ભક્તિ જોઈ રાજી થવાને બદલે તેમની ઉત્કૃષ્ટતા સહન ન થાય એ તે શ્રીજીમહારાજ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિનો કેવો પ્રકાર ? વિષમતાના વમળમાં સૌ ઘૂમરી ખાવા લાગ્યા !

ઊનામાં સ્વામીને ઠપકો આપવાનો નિર્ણય

અગાઉ સંવત ૧૯૨૧ના હુતાશનીના સમૈયા ઉપર આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ અને અન્ય સદ્ગુરુઓ સ્વામીશ્રીને ઠપકો દેવા અને તેમના પ્રભાવને હળવો કરવા જૂનાગઢ ગયા હતા. પરંતુ આચાર્ય મહારાજ ગાદીએ બેઠા પછી પ્રથમવાર જૂનાગઢ પધાર્યા હતા તેથી આખો સોરઠ દેશ જૂનાગઢમાં ઊમટ્યો હતો. તેમની હાજરીમાં સ્વામીશ્રીને કાંઈ કહી શકાય તેવું હતું નહીં. એટલે તેઓ બધા એમ ને એમ વરતાલ પાછા ચાલ્યા ગયા હતા.

પરંતુ આ વર્ષે સ્વામીશ્રીના પ્રૌઢ પ્રતાપની વાતો સાંભળી સૌએ ભેગા મળી સ્વામીશ્રીને ઠપકો દેવાનો નિર્ણય કર્યો. પ્રાગજી ભક્તને સ્વામીશ્રી વશ થઈ ગયા છે, સ્વામીશ્રીએ કૂંચીઓ સર્વ તેમને સોંપી દીધી છે અને પ્રાગજી મંદિરનો ધણી થઈ પડ્યો છે એ મતલબના કાગળો તો અગાઉ વરતાલ ગયા હતા તેથી ઊભરો વધુ ઉગ્ર બન્યો. તેમને સૌને લાગ્યું કે 'જૂનાગઢમાં તો

૬૬. સા. ૧૭; ૬૭. ગ.પ્ર. ૫૧; ૬૮. ગ. અં. ૩૫.

સ્વામીશ્રીને કાંઈ કહી શકાશે નહીં, કેમ કે ગોંડળ, મેંગણી, લોધિકા, માણાવદર, ગીદડ વગેરે ગામોના દરબારો તેમજ જૂનાગઢના નાગર સદ્ગૃહસ્થો, રાજકોટ, માણાવદર, વણથળી, માંગરોળ, જાળિયા, ઉપલેટા વગેરે ગામોના પટેલ હરિભક્તો તથા સદ્ગૃહસ્થો સૌ, આચાર્ય મહારાજ પધાર્યા છે તે સાંભળી જૂનાગઢ આવી જશે. તેથી તેમની સૌની હાજરીમાં તો સ્વામીશ્રીને કાંઈ પણ કહેવું તે તો સામી ઉપાધિ વહોરવા જેવું હતું. એટલે ઊના દેશમાં એકાંતમાં સ્વામીશ્રીને બોલાવીને ત્યાં ઠપકો દેવો એવો સૌએ નિર્ણય કર્યો.

પરંતુ મુશ્કેલી એ આવી કે સ્વામીશ્રીને કહે કોણ ? ભગવત્પ્રસાદજી મહારાજે તથા કોઠારી ગોવર્ધનભાઈએ તો ચોખ્ખી ના કહી હતી કે અમે બ્રહ્માગ્નિમાં હાથ નાખવાના નથી. તેથી સાધુઓએ ગોપાળજી દાદાના પુત્ર અને આચાર્યશ્રી વિહારીલાલજીના પિતા કૃષ્ણપ્રસાદજી મહારાજને ઊભા કર્યા. તેઓ કાશીથી ભણીને 'વિદ્વાન'નું બિરુદ લઈને હમણાં જ આવ્યા હતા. સ્વામીશ્રીનો મહિમા તેઓ જાણતા ન હતા. તેથી પવિત્રાનંદ સ્વામી સાથે ભળીને તેમણે સ્વામીશ્રીને ઠપકો દેવાની હિંમત કરી.

આમ, ઠરાવ કરીને સર્વે મંડળ વરતાલથી નીકળીને ધોલેરા આવ્યું. અહીં કૃષ્ણપ્રસાદજી મહારાજને તાવ આવ્યો. મંદવાડ વધી જવાથી તેમને વરતાલ પાછા મોકલ્યા. આમ, સદ્ગુરુઓના પ્રથમ પગરણમાં જ વિઘ્ન આવ્યું. છતાં કોઈને સૂઝ્યું નહીં કે મહારાજની મરજી નથી. વિરોધનો વાવંટોળ ઉગ્ર થયો હતો. આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ, વિહારીલાલજી તથા સૌ સદ્ગુરુઓ ત્યાંથી ગઢડા આવ્યા. તેઓએ ગઢડાથી જ સીધા ઊના જવાનું નક્કી કર્યું. અહીંથી સૌએ મળીને નિષ્કામાનંદ બ્રહ્મચારી, ત્રિકમદાસ શાસ્ત્રી તથા મુકુન્દચરણદાસ પુરાણી વગેરેને સ્વામીશ્રીને ઊના તેડી લાવવા જૂનાગઢ મોકલ્યા.

આ સદ્ગુરુઓનો સંદેશો લઈને ત્રણે સંતો જૂનાગઢ આવ્યા. અહીં આવી તેમણે સ્વામીશ્રીને કહ્યું : "આચાર્ય મહારાજ ઊના પધારે છે. તે આપનો દેશ કહેવાય. તેથી તે દેશના હરિભક્તોની ઓળખાણ કરાવવા આપે ઊના પધારવું પડશે."

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "અહીં અમારે કારખાનું ચાલે છે

એટલે અમારાથી તો હમણાં આવી શકાશે નહીં. વળી, ત્યાં રઘુવીરચરણદાસનું મંડળ ફરે છે તેથી તેઓ મહારાજશ્રીને સૌની ઓળખાણ કરાવશે.''

પરંતુ સ્વામીશ્રીને કોઈ પણ હિસાબે ઊના લઈ જવાનું જ તેમને ફરમાન હતું. તેથી તેમણે કહ્યું : ''સ્વામી ! એ તો તમારે જ આવવું પડશે.''

અંતર્યામી સ્વામીશ્રીથી તો કાંઈ અજાણ્યું ન હતું. તેમના આગ્રહની પાછળનું રહસ્ય તેઓ તો જાણતા હતા. તેથી તેમણે કહ્યું : ''ઠાકર ઠાકર. શ્રીજીએ જે ધાર્યું હશે તે થાશે.'' એમ કહીને મુક્તાનંદ સ્વામીના કીર્તનની ટૂંક બોલ્યા :

ભૂકો ભાર હરું સંતન હિત, કરું છાયા કર દોઈ;
જો મેરે સંતકુ રતિ એક દુવે, તેહી જડ ડારું મેં ખોઈ.
નારદ મેરે સંતસે અધિક ન કોઈ.

પછી સ્વામીશ્રી તેમના મંડળને લઈને જૂનાગઢથી ઊના જવા નીકળ્યા. રસ્તામાં મુક્તાનંદ સ્વામીની કીર્તનની ટૂંક ઘણી વાર પોતે બોલતા જાય અને વાત કરતા જાય. ''જો આપણે સાધુ જ છીએ, તો શું કરવા ફિકર કરવી પડે ? શ્રીજીમહારાજ આપણી રક્ષામાં છે.''

આ પ્રમાણે વાતો કરતાં સૌ માળિયે પહોંચ્યા. અહીં રાત્રે પ્રાગજી ભક્ત સ્વામીશ્રી પાસે આવ્યા અને ખાનગીમાં સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : ''સ્વામી ! આપ વારે વારે આ ચરણ બોલો છો તે આપે શું ધાર્યું છે ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''વરતાલવાળાએ તથા ગઢડાવાળાએ ઠરાવ કર્યો છે કે ઊના તેડી જઈને મને ઠપકો દેવો; વળી, તેં મારી બહુ જ મોટપ કહી છે તેથી તને સત્સંગ બહાર વિમુખ કરવો અને તારે માથે ખડનો પૂળો મુકાવીને તને ગામોગામ ફેરવીને તારી પાસે એમ કહેવરાવવું છે કે સ્વામીશ્રીને મેં અક્ષરબ્રહ્મ કહ્યા છે તે ખોટી વાત છે. એવો તેમણે ઠરાવ કર્યો છે, પણ મારા દેખતાં તારું અપમાન કરે તે મારાથી ખમાય નહીં. આ દેશના પ્રેમી હરિભક્તો બહુ જ હેતવાળા હોવાથી મારું અને તારું અપમાન દેખીને ઘણા જ દુ:ખી થઈ જશે. માટે આ દેશમાં તો કાંઈ થવા દેવું જ નથી. વરતાલમાં તેમને જે કરવું હોય તે ભલે કરે.''

એટલે પ્રાગજી ભક્તે હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! મને ગમે તેટલું

કહેશે અને ગમે તેટલું દુઃખ દેશે તે હું સહન કરીશ. પરંતુ આપ મારા કારણે અન્યથા સંકલ્પ કરશો નહીં.''

છતાં પણ સ્વામીશ્રીએ કહ્યું : ''ના, મારા દેખતાં તારું અપમાન કરે તે મારાથી તો ખમાય જ નહીં ને તેનું ફળ પણ બહુ જ વિપરીત આવે.'' આ પ્રમાણે મોડી રાત્રી સુધી આ વાત ચાલી.

સ્વામીશ્રી માળિયામાં બે-ત્રણ દિવસ રોકાયા. નિષ્કામાનંદ બ્રહ્મચારી તથા તેમની સાથે આવેલા મુકુન્દચરણદાસ વગેરે આથી બહુ જ અકળાઈ ગયા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''ચાલોને, મહારાજશ્રી આવી પૂગ્યા હશે.''

ત્યારે સ્વામીશ્રીએ તેમને જવાબ આપતાં કહ્યું : ''અહીંના હરિજનોને રોકવાની તાણ છે અને બહુ દુખાય છે. તેમને દુખવીને કેમ જવાય ?'' એમ કહીને માળિયામાં રોકાયા.

સૌની મનની મનમાં રહી

ગઢડાથી આચાર્ય મહારાજ તથા સદ્‌ગુરુઓ ઊના જવા નીકળવાના હતા ત્યાં વરતાલથી ખબર આવી કે કૃષ્ણપ્રસાદજી મહારાજ ધામમાં ગયા છે. આ સમાચાર આવતાં આચાર્ય મહારાજ તથા સર્વે સદ્‌ગુરુઓ વરતાલ પાછા જવા તૈયારી કરવા લાગ્યા. સૌની મનની મનમાં રહી. શ્રીજીમહારાજ તો પોતાના પરમ એકાંતિક સંતવર્ય, પોતાના ધામરૂપ સંતની રક્ષામાં અખંડ હતા. તેથી મહારાજને તો સ્વામીશ્રીનું અપમાન થવા દેવું ન હતું. પરંતુ આ લોકના અજ્ઞાનમાં અટવાતા, માયાના પેચમાં આવી ગયેલા મોટેરા સદ્‌ગુરુઓને તો વિષમતાનું ઝેર ઊતર્યું ન હતું !

ગઢડાથી આચાર્ય મહારાજે આ સમાચારનો કાગળ લખીને સ્વામીશ્રીને આ સંદેશો આપવા બે પાળાને ઊંટ ઉપર મોકલ્યા. વળી, કહેવરાવ્યું કે મહારાજશ્રી પાછા વરતાલ જાય છે અને ઊના જવાનું બંધ રહ્યું છે. પાળા રાત્રે માળિયે આવ્યા અને તેમણે તે કાગળ સ્વામીશ્રીને આપ્યો. એટલે શામજીભાઈ તે કાગળ વાંચવા બેઠા. પરંતુ સ્વામીશ્રીએ તેમની પાસેથી કાગળ લઈ લીધો અને પોતાના આસન નીચે મૂક્યો અને બોલ્યા : ''અત્યારે કથામાં વિઘ્ન કરશો નહીં. સવારમાં વાંચશું.'' એ પ્રમાણે કહીને કથા ચાલુ રાખી.

વહેલી સવારે સ્વામીશ્રી તથા સૌ સંતો-હરિભક્તો નદીએ નાહવા ગયા ત્યારે તે કાગળ ત્યાં વંચાવ્યો. તેમાં લખ્યું હતું કે 'કૃષ્ણપ્રસાદજી મહારાજ દેહ મૂકી ગયા છે જેથી મહારાજશ્રી તેમજ સદ્‌ગુરુઓ વગેરે વરતાલ પાછા ગયા છે.' આ સમાચાર વાંચી સૌ સ્નાન કરી મંદિરે આવ્યા. બપોરે સ્વામીશ્રી પાછા જૂનાગઢ પધાર્યા.

વરતાલમાં ભારે ઉપાધિ થવાની છે

જૂનાગઢ આવી સ્વામીશ્રીએ શામજીભાઈને ખાનગીમાં બોલાવીને કહ્યું : "આ વખતે વરતાલમાં ભારે ઉપાધિ થવાની છે. માટે તમે ઘેર જાઓ. પ્રાગજીને પણ ઘેર મોકલવાનો છે પરંતુ હરિભક્તોને તેણે બહુ જ વાતો કરી છે અને તેમને તેની સાથે હેત થયું છે તેથી હરિજનો દુખાય માટે તેને પછી મોકલીશું."

આ પ્રમાણે કહીને શામજીભાઈને ઘેર જવાનું કહ્યું. મહુવાથી આવેલા હરિભક્તો વિઠ્ઠલભાઈ વગેરેને સ્વામીશ્રીએ કહ્યું : "તમારે ત્યાં પ્રાગજી ભક્ત અને શામજીભાઈ આવે ત્યારે બંનેની સારી રીતે ખબર રાખશો. પ્રાગજીની વાતો સાંભળજો, કેમ કે તેની વાત દૈવી છે. તે મારી અને શ્રીજીમહારાજની મોટપ કહે છે. પરંતુ તેમાં બીજાનો નિષેધ આવતો નથી."

આ પ્રમાણે તેમને ભલામણ કરી. પછી વાઘજીભાઈ ઘેર જતા હતા તેમની સાથે શામજીભાઈને કુંકાવાવ સુધી સંગાથ કરી આપ્યો.

વાઘજીભાઈને પણ ઘરની ઉપાધિ ઘણી હતી.[૬૯] ચોમાસામાં આકાશમાં વાદળાં ઘેરાય અને તેમનું મન જૂનાગઢ ભણી ખેંચાય. ગયા ચોમાસામાં પણ તેઓ માન ગઢવી સાથે છાનામાના ઘેરથી નીકળી ગયા હતા. તેમના પિતા તેમની પાછળ પડ્યા અને તેમને તથા માન ગઢવીને લિંબાસીમાં પકડી

૬૯. વાઘજીભાઈના પિતા તુલસીભાઈને સ્વામીશ્રીનો મહિમા તો હતો જ. સ્વામીશ્રીને વસો તેડાવીને તેઓ સ્વામીશ્રીની સેવા ચાકરી પણ કરતા. પરંતુ વાઘજીભાઈ સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ જતા - એ એમને રુચતું નહોતું. કદાચ કોઈકે કાનમાં અવળા શબ્દો નાંખ્યા હશે તેથી અથવા પુત્ર સંસાર છોડીને ત્યાગી થઈ જશે - એવી બીકથી, તેઓ તેમને સ્વામીશ્રીનો સમાગમ કરવા જવા દેવામાં રાજી નહીં હોય એમ લાગે છે.

પાડ્યા. તેમના પિતાએ માન ગઢવીને ખૂબ માર માર્યો અને કહ્યું : ''કેમ મારા છોકરાને લઈને ચાલ્યો ?''

પરંતુ વાઘજીભાઈને તો વ્યસન પડી ગયું હતું તેથી તેમનાથી તો રહેવાયું જ નહીં. ઘેર આવ્યા પછી તે જ રાત્રે તેઓ ઘેરથી છાનામાના નીકળી ચાંગા ગયા. ત્યાંથી ખંભાત થઈ જગુભાઈની સાથે જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રી તેમની આવી અપૂર્વ શ્રદ્ધા અને સમાગમનો 'ઈશક' જોઈ બહુ જ રાજી થયા.

પછી જગુભાઈએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! વરતાલ, ગઢડા અને ધોલેરાવાળા તથા જે જે મંદિરમાં જઈએ છીએ તેઓ બધા જૂનાગઢ આવવાનો નિષેધ કરે છે. માટે અમારે શું કરવું ?''

ત્યારે સ્વામીશ્રીએ તેમને હસતાં હસતાં કહ્યું : ''એમને કહેવું કે જૂનાગઢમાં તો 'તુમ હો મુરશિદ કામિલ, કાબિલ સબ હુન્નર તેરે હાથ વે.' માટે જ્યાં જ્યાં નિષેધ કરે ત્યાં કહેજો કે ગુણાતીતાનંદ સ્વામી તો કામિલ, કાબિલ છે ને સબ હુન્નર તેમના હાથમાં છે. તેથી અમે જૂનાગઢ જઈએ છીએ. તમે જો એવા હો તો તમારે ત્યાં રહીએ.''

તે સાંભળી જગુભાઈ તથા વાઘજીભાઈ બહુ જ રાજી થયા. વાઘજીભાઈ ચાર મહિના રહ્યા. તેમને વધુ રહેવાની ઇચ્છા હતી પરંતુ ઘેર વધુ ઉપાધિ થાય તેથી સ્વામીશ્રીએ તેમને ઘેર મોકલી દીધા. જગુભાઈ પાસે સ્વામીશ્રી કીર્તનો બોલાવતા. જગુભાઈ કીર્તન બોલતા : 'જાનતા ક્યૂં નહીં વે હમારી પીર, જાનતા ક્યૂં નહીં વે જી લાલ.' ત્યારે સ્વામીશ્રી તેના જવાબમાં હસીને કહેતા : ''પીર જાણશે તો ખાખરો ખંખેરશે.''

અને જગુભાઈ જવાબ દેતા : ''ભલે ખંખેરે.''

આમ, સ્વામીશ્રીના સમાગમમાં સૌને અત્યંત આનંદ પડતો.

વરતાલમાં સ્વામીનું અપમાન

આ.સં. ૧૯૨૨ના ચૈત્રી સમૈયા ઉપર સ્વામીશ્રી વરતાલ જવા તૈયાર થયા. તે વખતે પ્રાગજી ભગતને ખાનગીમાં બોલાવીને કહ્યું : ''આ વખતે વડતાલવાળાને ઘણો જ ઊભરો ભરાયો છે તેથી તેઓ બોલ્યા વિના રહેશે નહીં ને તારાથી તે ખમાશે નહીં. માટે તું અહીં જ રહે.'' એ પ્રમાણે કહીને

તેમને જૂનાગઢ રાખ્યા. જૂનાગઢથી નીકળી સ્વામીશ્રી રાજકોટ થઈ ફરતાં ફરતાં ગઢડા પધાર્યા.

અહીં સાંજે લક્ષ્મીવાડીએ સ્વામીશ્રી સૌ સંતોને લઈને દર્શને પધાર્યા. સ્વામીશ્રીના અદ્‌ભુત પ્રતાપથી અને શ્રીજીમહારાજના અખંડ સંબંધથી તેમના સ્વરૂપમાં સૌ ખેંચાતા હતા. એટલે ગઢપુર મંદિરના પણ હેતવાળા સાધુ, બ્રહ્મચારી, પાળા તથા હરિભક્તો સ્વામીશ્રીની સાથે લક્ષ્મીવાડીએ ગયા. અહીં પ્રસાદીના ઓટા ઉપર સભા કરીને બેઠા. હરિભક્તોએ સ્વામીશ્રીને હાર પહેરાવ્યા ને ગજરા ધરાવ્યા. સ્વામીશ્રીએ અહીં બહુ જ વાતો કરી અને ગોડી-આરતી પણ અહીં જ કરી. તે પછી કીર્તન બોલાવ્યાં. તે વખતે રાજકોટના જેઠાભાઈ દરજી જે સ્વામીશ્રી સાથે વરતાલ સમૈયો કરવા જતા હતા તે ઘેલે સ્નાન કરી મંદિરમાં ગયા. મંદિરમાં તેણે કોઈને જોયા નહીં. તેથી તેણે પૂછ્યું : ''સ્વામીશ્રી ક્યાં છે ?''

તે સાંભળી ભીમજી કોઠારી અકળાઈને બોલી ઊઠ્યા : ''સ્વામી તો મંદિર ઉજ્જડ કરીને વાડીએ ગયા છે.''

જેમની પાછળ હજારો મનુષ્યો ફરતા હોય, જેમના સ્વરૂપમાં સૌ ખેંચાતા હોય, તેમનો તેવો મહિમા સમજવાને બદલે ભીમજીભાઈને તેમાં વિપરીતપણું દેખાયું ! જેઠાભાઈને તો બીજું કાંઈ જાણવું ન હતું, તેથી તે તો સીધા લક્ષ્મીવાડીએ ગયા. અહીં દિવ્યસભા જોઈને બહુ જ રાજી થયા. સ્વામીશ્રીએ તેને બોલાવીને પાસે બેસાડ્યા.

ત્યારબાદ સ્વામીશ્રી લક્ષ્મીવાડીએથી નીકળી મંદિરમાં પધાર્યા. અહીં શયન આરતી કરી સભામાં પધાર્યા અને હરિભક્તોને ખૂબ વાતો કરી. પછી જાગા ભગતને બોલાવીને કહ્યું : ''તમે પણ કાલે પાછા જૂનાગઢ જાઓ. કેમ જે મારું અપમાન થશે તે તમારાથી પણ ખમાશે નહીં.''

એટલે જાગા ભક્તે બે હાથ જોડી કહ્યું : ''બહુ સારું.''

બીજે દિવસે સ્વામીશ્રી વહેલી સવારે ગઢપુરથી નીકળ્યા અને કારિયાણી પધાર્યા. અહીંથી નથુ પટેલને સાથે લીધા. ત્યાંથી બોટાદ, નાવડા, ધોલેરા થઈને સાબરમતી ઊતરી સીંજીવાડે પધાર્યા. અહીં રાત રહ્યા. પ્રભુદાસ બારોટને સર્વોપરી નિષ્ઠાની ઘણી વાતો કરી, તેમને મહારાજ તથા પોતાના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવી. પછી ત્યાંથી ચાલ્યા ને સોજીત્રા થઈને ચૈત્ર સુદ

સાતમને દિવસે મહેળાવ પધાર્યા.

સ્વામીશ્રી સાથે જૂનાગઢ, ગઢડા, ધોલેરા વગેરે દેશના હજારો હરિભક્તો અને સંતો હતા. તેથી સ્વામીશ્રી દર વર્ષની જેમ મહેળાવની ભાગોળે તળાવને કાંઠે તંબૂ બાંધીને ઊતર્યા. અહીં મંદિરમાં ગોપાળ બ્રહ્મચારી સ્વામીશ્રી પ્રત્યે સદ્‌ભાવવાળા હતા. તે સાલ કેરીઓ ઘણી થઈ હતી. તે કેરીઓનો તેમણે મંદિરમાં ચોક પૂર્યો અને સ્વામીશ્રીના સ્વાગત માટે શોભા કરી. સ્વામીશ્રી તેમનો ભાવ જોઈ ખૂબ રાજી થયા. પછી વડ નીચે ઉતારે પધાર્યા.

અહીં સ્વામીશ્રીનાં દર્શન કરવા અનેક ધામોના મુક્તો રાત્રે દિવ્ય સ્વરૂપે આવ્યા. તેમને સૌને સ્વામીશ્રી મળ્યા. તેથી આખી રાત એમ ને એમ પસાર થઈ ગઈ !

મહેળાવમાં ગંગાસાગરનો સંગમ

સવારે સ્વામીશ્રીએ ઊઠીને સેવકોને કહ્યું : "આજ તો બહુ થાક લાગ્યો છે. આખી રાત સુવાણું નથી."

તેથી સેવકોએ તેલ ચોળીને સ્વામીશ્રીને નવરાવ્યા. પછી પૂજા કરી આસને વિરાજ્યા. ત્યાં વરતાલથી હજારો હરિભક્તો, ધર્મકુળ, કોઠારી ગોરધનભાઈ, વિજ્ઞાનાનંદ સ્વામી વગેરે મહેળાવ આવ્યા. તેમને સૌને સ્વામીશ્રી મળ્યા. સૌને મળતા જાય અને સ્વામીશ્રી બોલતા જાય : 'આખી રાત્રી ઓલ્યા આવ્યા ને આ ટાણે આ આવ્યા.' વરતાલથી હજારો, સંત-હરિભક્તો મહેળાવ સુધી સામા આવ્યા. મહેળાવમાં જાણે ગંગાસાગરનો સંગમ થયો હોય તેવી શોભા બની રહી. સંત-હરિભક્તોની આવી અલૌકિક સભામાં સ્વામીશ્રીએ મહેળાવની પુણ્યભૂમિનો મહિમા કહેતાં કહ્યું :

"આ સ્થાન તો ઘણું જ પવિત્ર છે. શ્રીજીમહારાજ ઘણી વખત પાંચસો પરમહંસો સહિત આ સ્થાને થઈને વરતાલ પધાર્યા છે. કેટલીક વખત અહીં રાત પણ રહ્યા છે. તેથી ચાલીસ વર્ષથી દર વર્ષે અમે પણ અહીં ઉતારો કરીએ છીએ અને બ્રહ્મવિદ્યાની ઘણી વાતો કરીએ છીએ. આ સ્થાન તો અક્ષરધામ જેવું જ છે. વળી, શ્રીજીમહારાજ આ તળાવમાં સંતો-હરિભક્તો સાથે ઘણી જ વખત નાહ્યા છે. માટે આ તળાવ પ્રસાદીનું છે અને અનંત

તીર્થ જેવું છે. તેમજ આ ગામમાં ઘણા અક્ષરમુક્તોએ અવતાર પણ ધર્યા છે. શ્રીજીમહારાજ છતાં આ ગામના પચાસ મુક્તો નંદ સાધુઓ થયા હતા. ખુશાલ નરોત્તમ, અજુભાઈ, અજુ ઝવેરીદાસ, શંભુ ઝવેરીદાસ, વેણીદાસ શેઠ, રૂડો વાળંદ, ગલો પગી, પૂંજાભાઈ, જેસંગભાઈ વગેરે ઘણા જ અક્ષરમુક્તોએ આ ગામમાં જન્મ લીધો છે. એવું આ ગામ અતિ ઉત્તમ તીર્થ છે. માટે આ ગામમાં જન્મ લેનારાનાં ધન્ય ભાગ્ય છે.''

સ્વામીશ્રીએ આ પ્રમાણે મહેળાવનો અતિ અપાર મહિમા કહ્યો અને આ તીર્થભૂમિ ઉપર પોતાની દૃષ્ટિ કરી. પછી વળી બોલ્યા : ''આ ગામમાં જન્મ લેનાર સર્વે પરમપદને પામશે.''

જુદા જુદા ધામોના મુક્તો સ્વામીનાં દર્શને

આઠમની સવારે સ્વામીશ્રી વરતાલ પધાર્યા. ગાડીમાંથી ઊતરીને સૌને મળ્યા. ઠાકોરજીનાં દર્શન કરી, સાધુની ધર્મશાળામાં સૌ સાધુઓનાં દર્શને પધાર્યા. ફરતાં ફરતાં વિજ્ઞાનદાસજીના આસને પધાર્યા. તરત જ તેમણે ઊઠીને સ્વામીશ્રીને દંડવત્ કર્યા. પછી સ્વામીશ્રી તેમને મળ્યા ત્યારે તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''અહો ! સ્વામી ! કાલ તો કેટલાં ધામોના મુક્તોના હિલોળ તમારે દર્શને મહેળાવ જાતા હતા ! તેમને જોઈ મેં તેમને પૂછ્યું : 'તમે સૌ ક્યાં જાવ છો ?' ત્યારે તેમણે કહ્યું : 'જૂનાગઢથી સ્વામી અહીં પધારે છે તેમની સામે અમે જઈએ છીએ.' એટલે ફરી પૂછ્યું : 'તમો બધા કયા કયા ધામોના મુક્તો છો ?' પછી તેમણે કહ્યું : 'અમારામાંના કેટલાક બદરિકાશ્રમના મુક્તો છે.' તેમના તરફ મેં જોયું તો તેમને શ્યામ અને કૃશ શરીરવાળા જોયા. વળી કેટલાકે કહ્યું : 'અમે શ્વેતદ્વીપના મુક્તો છીએ.' તેમને જોયા તો તેઓ શ્વેત અને દૃઢ બાંધાના હતા. વળી કેટલાકે કહ્યું : 'અમે વૈકુંઠ લોકના છીએ.' તેઓને મેં ચતુર્ભુજ સ્વરૂપે જોયા. કેટલાકે કહ્યું : 'અમો ગોલોકના મુક્તો છીએ.' તેઓ શ્યામ હતા. ત્યારે કેટલાકે કહ્યું : 'અમે પ્રધાન પુરુષના લોકના છીએ.' આ પ્રમાણે આ જુદા જુદા ધામોના મુક્તોએ તેમની ઓળખાણ આપી. છેવટે અતિ તેજોમય શરીરવાળા મુક્તો જોયા. તેમને મેં પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : 'અમે અક્ષરધામના મુક્તો છીએ અને પૃથ્વી ઉપર વિચરતા સાક્ષાત્ અક્ષરબ્રહ્મને મળવા અમે જઈએ છીએ.' આ

પ્રમાણે તેમણે વાત કરી.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''એવું બોલો મા. બીજું જે કહેવું હોય તે કહો.'' તેમની પ્રેમની વાણીને આ રીતે વાળીને સ્વામીશ્રી ત્યાંથી મેડા ઉપર પોતાના આસને પધાર્યા.

વિજ્ઞાનદાસ સ્વામીએ આ પ્રમાણે કહ્યું તે સાંભળીને સ્વામીશ્રીના સેવકોએ જાણ્યું કે સ્વામી થાકી ગયા છે તેનું કારણ તેમને આખી રાત આ બધા મુક્તોને મળવામાં ગઈ, તે હશે. તેથી તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''આપ થોડો આરામ કરો.''

ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''અહીં આરામ કરવા ક્યાં આવ્યા છીએ ?''

એટલામાં તો કોઈકે આવીને કહ્યું : ''સ્વામી ! ચોકમાં ચંદની નીચે સભા થઈ છે અને આપને બોલાવે છે.''

અહીં આવી સ્વામીશ્રીએ સર્વોપરી ઉપાસનાની અને નિષ્ઠાની ઘણી જ વાતો કરી. સ્વામીશ્રીના પ્રતાપથી સૌ તેમની મૂર્તિમાં ખેંચાઈ ગયા. હરિનવમીના દિવસે પણ સ્વામીશ્રીએ સભામાં અદ્‌ભુત વાતો કરી. સ્વામીશ્રીના અલૌકિક પ્રતાપથી સૌ દબાઈ ગયા અને સ્વામીશ્રીને ઠપકો આપવાનો સૌના મનમાં જે ઊભરો ભરાયો હતો તે બહાર નીકળી શક્યો નહીં.

સ્વામીશ્રીનું સભામાં અપમાન

પૂનમના સમૈયાની વહેલી સવારે મંગળા આરતી પછી ચોકમાં સભા થઈ. આ વખતે સૌએ અગાઉથી જ નક્કી કર્યું હતું કે સ્વામીશ્રીને ઠપકો આપવો. એટલે તે પ્રસંગની ભૂમિકા તૈયાર કરવા પ્રથમ હાથીવાળા ગોવિંદ પાળાએ તલવાર રાખવાનો ચાંદીનો મોવટો કરાવ્યો હતો, તેને ઊભો કર્યો અને તેને ઠપકાના બે શબ્દ સૌએ કહ્યા.

પછી શુકમુનિના સાધુ હરિસ્વરૂપદાસજી જેમને સ્વામીશ્રીએ સેંજળના માણસિયા ખુમાણનું આમંત્રણ ન સ્વીકારવા માટે જૂનાગઢમાં ઠપકો આપ્યો હતો અને જેમને ત્યારથી જ સ્વામીશ્રી પ્રત્યે અસદ્‌ભાવ થઈ ગયો હતો અને તેથી તેમણે શુક સ્વામીને પણ સ્વામીશ્રી પ્રત્યે અસદ્‌ભાવ કરાવ્યો હતો, તેમણે

ગઢડાવાળા કરુણાનંદ બ્રહ્મચારીને અગાઉથી ચઢાવી રાખ્યા હતા. તે એકાએક ઊભા થઈને બોલવા માંડ્યા, "એ પાળાને સૌ વઢો છો પણ આ ગુણાતીતાનંદ સ્વામી પણ પ્રભુ થયા છે અને ભગવાનની જેમ લોકો તેમની પૂજા કરે છે. તેમના નખ, કેશ વગેરે પૂજે છે. તેમને કેમ કોઈ કાંઈ કહેતું નથી ?"

તે સાંભળી શુક સ્વામીએ કહ્યું : "સ્વામી ! તમે કેમ કાંઈ તજવીજ રાખતા નથી ? તમારે ત્યાં જૂનાગઢમાં અનેક ઉપાધિઓ ઊપજે છે તેમાં શું તમારી મરજી છે ?" એટલું કહીને તેમણે સભાને સંબોધતાં કહ્યું : "મને કોઈ શુકજી કહેશો નહીં." પછી સ્વામીશ્રી તરફ ફરીને તેમણે કહ્યું : "અને સ્વામી ! તમને બધા અક્ષર માને છે તે તમે અક્ષર મનાવશો નહીં."

શુકમુનિનાં આ વચન સાંભળીને શાંત ચિત્તે સ્થિતપ્રજ્ઞતાથી બેસી રહેલા સ્વામીશ્રી ઊભા થઈને ધીર ગંભીર સ્વરે બોલ્યા : "સારું. પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે તેથી કોણે ય પ્રભુ થવાશે નહીં. આપણે તો સાધુ છીએ. એટલે જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય પણ હોય. જેવો રાજાનો હુકમ ચાલે તેવો રાણીનો હુકમ પણ ચાલે અને જેવો ભગવાનનો પ્રતાપ તેવો સાધુનો પણ પ્રતાપ કહેવાય."

આ પ્રમાણે સ્વામીશ્રીએ કહ્યું તે સાંભળી કોઈ કાંઈ બોલી શક્યા નહીં. પરંતુ એટલામાં શાસ્ત્રી બળરામદાસજીએ આચાર્યના મેડે જઈ આચાર્ય મહારાજ પૂજા કરતા હતા ત્યાં આવીને કહ્યું : "સભામાં મોટાનું અપમાન થાય છે તેથી ઘણાનું ભૂંડું થશે."

તે સાંભળી આચાર્ય મહારાજ તરત જ પૂજા સંકેલીને સભામાં આવ્યા. તેમણે ઠાકોરજીની સેવામાં દયાનંદ બ્રહ્મચારી હતા તેમને શણગાર આરતી કરવાનું કહેવરાવ્યું. તેથી આરતીનો ડંકો થયો. હજુ પણ સ્વામીશ્રીને કાંઈક વધુ કહેવું એવું જેમના મનમાં હતું, તે તેમના મનમાં જ રહી ગયું.

સભામાં સીંજીવાડાના પ્રભુદાસે ઊભા થઈને સૌને કહ્યું : "તમે સૌ આ શું બોલો છો ? સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ?"

તેમનાં આ વચન સાંભળીને સભામાં સૌ સ્તબ્ધ બની ગયા. એટલામાં આચાર્ય મહારાજ પધાર્યા અને આરતીનો ડંકો થયો એટલે સભા વિસર્જન થઈ ગઈ !

અવગુણ ન તજે ગુલામ

સ્વામીશ્રી, આચાર્ય મહારાજ સાથે દર્શને પધાર્યા. દર્શન કરી દક્ષિણાદે પગથિયેથી નીચે ઊતરતાં નીચે એક માળી ગુલાબનો હાર તથા ગજરાની ટોપલી લઈને ઊભો હતો. મહારાજને આવતા જોઈ તે પગે લાગ્યો. ત્યારે મહારાજે તેને પૂછ્યું : "શું લાવ્યો છે ?"

તેણે કહ્યું : "હાર અને ગજરા છે."

એટલે મહારાજે કહ્યું : "આ હાર સ્વામીને પહેરાવ."

તેથી તેણે સ્વામીશ્રીની કોટમાં હાર પહેરાવ્યો. ત્યાંથી સ્વામીશ્રી અને મહારાજ ચાલ્યા અને આચાર્ય મહારાજની હવેલીનાં પગથિયાં આગળથી મહારાજ મેડે પધાર્યા. સ્વામીશ્રી સાધુની ધર્મશાળામાં જતા હતા ત્યાં સામેથી શુકમુનિના સાધુ આવતા હતા. તે સ્વામીશ્રીને પગે લાગ્યા એટલે સ્વામીશ્રીએ પોતાની કોટમાંનો હાર કાઢી તેમને પહેરાવ્યો અને બોલ્યા :

'હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ;
ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.'

એ પ્રમાણે કહીને સ્વામીશ્રી આગળ ચાલ્યા અને અદ્‌ભુતાનંદ સ્વામી, શુક સ્વામી, પવિત્રાનંદ સ્વામીનાં આસનો પાસેથી નીકળ્યા. સ્વામીશ્રીને જોઈ તે દરેક સદ્‌ગુરુએ સ્વામીશ્રીને પોતાને આસને બોલાવી, સ્વામીશ્રીને ધોતિયું ઓઢાડી, પૂજન કરી સાકરનો પડિયો ભેટ મૂક્યો.

શુક સ્વામીએ તો સ્વામીશ્રીની પ્રસાદીની કંઠી અને જનોઈ લીધી ને નવી કંઠી અને નવી જનોઈ તેમને પહેરાવીને જૂની પ્રસાદીની પોતાની પાસે રાખી લીધી. પછી હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો."

સ્વામીશ્રીએ ફક્ત મંદ હાસ્ય કર્યું. જાણે કંઈ બન્યું જ નથી એવો ભાવ એમાં ધ્વનિત થતો હતો.

પ્રાગજીનો કોઈ વાંક નથી

રાજભોગની આરતીનાં દર્શન કરી સ્વામીશ્રી પધારતા હતા ત્યારે ખળીમાં આચાર્ય મહારાજ, કોઠારી ગોવર્ધનભાઈ, પવિત્રાનંદ સ્વામી, શુક

સ્વામી એ ચારેય મળીને સ્વામીશ્રીને ઊભા રાખ્યા અને હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપ તો ઈશ્વરમૂર્તિ સમર્થ છો અને અમારે સર્વેને ઘણા પૂજ્ય છો." એ પ્રમાણે કહીને પછી બોલ્યા : "સ્વામી ! અમારે કાંઈ નથી પણ આ ગઢડાવાળાને બહુ ચડસ છે. એટલે તેમણે પ્રાગજી, શામજી, વસોના વાઘજીભાઈ, કારિયાણીના નથુ પટેલ, બોટાદના કેશવલાલ શેઠ, જેઠા ખાચર, મનજી ઠક્કર વગેરે અગિયાર જણાને સત્સંગમાંથી વિમુખ કરવાનું ઠરાવ્યું છે. પરંતુ તેમાંના કેટલાક મોટા ગૃહસ્થ હરિભક્તો છે. તેમનો બહિષ્કાર કરવાથી સત્સંગમાં ઉપાધિ થાય. એટલે છેવટે પ્રાગજી અને શામજીનું નક્કી કર્યું છે. તો તેમાં તમારી શી આજ્ઞા છે ?"

આ સાંભળી સ્વામીશ્રી ગંભીર થઈ ગયા. થોડી વાર વિચાર કરીને બોલ્યા : "આમાં પ્રાગજીનો કાંઈ વાંક નથી. તેણે તો મારી મોટપ કહી છે તે હું ના કહીશ એટલે આળસી જશે. શામજીની વાતમાં બીજાનો નિષેધ આવે છે. માટે તેને એકલાને વિમુખ કરો."

ત્યારે તે ત્રણે જણાએ કહ્યું : "સારું."

પરંતુ પવિત્રાનંદ સ્વામીએ તરત જ કહ્યું : "પ્રાગજી તો જૂનાગઢમાં મારી સામું બોલ્યો છે. એટલે તેને વિમુખ કરવાનો તો મેં ઠરાવ કર્યો છે. માટે તેને વિમુખ કરવો છે." એ સાંભળી સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહીં. ગંભીર મુખમુદ્રા કરીને 'ઠાકર ઠાકર' બોલતા ત્યાંથી ચાલ્યા ગયા.

બ્રહ્મરૂપ થવાનું કેન્દ્ર જૂનાગઢ

બીજે દિવસે સવારે સભામાં સ્વામીશ્રી વિરાજ્યા હતા. તે વખતે નડિયાદવાળા ઝવેરીલાલભાઈ તથા તેમના પિતા ઉલ્લાસરામભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. એ વખતે શુક મુનિએ તેમના સાધુ પાસેથી ધોતિયું મંગાવીને કહ્યું : "સ્વામી ! આ બહુ સારા સત્સંગી છે. નડિયાદમાં જે દિવસે અમારી પૂજા કરી હતી, તે દિવસથી આપ સારુ તથા આચાર્ય મહારાજ સારુ ધોતિયાં રાખી મૂક્યાં હતાં. તેથી આજે આપની પૂજા કરી આપને ધોતિયું ઓઢાડે છે." એમ કહી ઝવેરીલાલને સ્વામીશ્રીની પૂજા કરવાનું કહ્યું. ઝવેરીલાલે સ્વામીશ્રીની પૂજા કરીને ધોતિયું ઓઢાડ્યું. સ્વામીશ્રીએ તેમના ઉપર દૃષ્ટિ કરી આશીર્વાદ આપતાં કહ્યું : "તમને સારા

એકાંતિકનો જોગ થશે.''

તે વખતે ત્ર્યંબકલાલ સભામાં આવ્યા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : ''સ્વામી ! મારે ઘર ભંગ થયું છે તે હું શું કરું ?''

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''ચાલ જૂનાગઢ, બ્રહ્મરૂપ કરી મેલું.'' એમ કહીને તેના તરફ દૃષ્ટિ કરી એટલે તેના તમામ સંકલ્પો બંધ થઈ ગયા.

એટલામાં મહારાજના મળેલા ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી ત્યાં આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મને રસાસ્વાદ નડતો નથી પણ બીજા દોષ નડે છે.''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''એક લક્ષણ આવ્યું છે અને બીજાં રહ્યાં છે તો ચાલો જૂનાગઢ. બીજાં ઓગણત્રીસ પૂરાં કરી આપીશ.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ બ્રહ્મરૂપ થવાના કેન્દ્ર જૂનાગઢ આવવાનું સૌ હેતવાળા મુમુક્ષુઓને આમંત્રણ આપ્યું.

સમૈયો પૂરો થયો એટલે સ્વામીશ્રીએ નીકળવાની તૈયાર કરી. સ્વામીશ્રીની અતિ અપાર સાધુતા અને શુદ્ધ બ્રાહ્મી સ્થિતિના પ્રભાવથી, સ્વામીશ્રીનું અપમાન કરનારા સૌનાં હૈયાંમાં બળતરા થવા લાગી. અપમાનનો પ્રતિકાર ન કરતાં વિરોધીઓના વિરોધને સહન કરીને, સ્વામીશ્રી સૌના પ્રત્યે સમભાવની દૃષ્ટિ કરી વરતાલથી નીકળ્યા. આ વખતે મહેળાવના શંભુ ઝવેરીદાસ ધામમાં ગયા હતા. તેમના કારજ પ્રસંગે તેમના દીકરા અજુભાઈએ આચાર્ય મહારાજ તથા સૌ સંતોને તેડાવ્યા હતા. એટલે સ્વામીશ્રીની સાથે આચાર્ય મહારાજ પણ સાતસો સંતો લઈને નીકળ્યા. આ બધો સંઘ મહેળાવ પહોંચ્યો.

ડુંગર ભક્તને આશીર્વાદ

સ્વામીશ્રી મહેળાવ પધાર્યા છે તે જાણી ધોરીભાઈના મોટા દીકરા મથુરભાઈ તેમના નાનાભાઈ ડુંગરને (પાછળથી સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસ જે તે વખતે સવા વર્ષના હતા) તેડીને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ મારા ભાઈને વર્તમાન ધરાવવાં છે !''

સ્વામીશ્રીએ તે બાળક તરફ દૃષ્ટિ કરી કહ્યું : ''આને હજુ વર્તમાન નથી ધરાવ્યાં ?''

એટલે મથુરભાઈએ કહ્યું : "સ્વામી ! ચોમાસામાં શુક સ્વામી પાસે ધરાવ્યાં છે. પણ આપ ધરાવો તો સારું."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "શુક સ્વામી તો શ્રીજીમહારાજનો જમણો હાથ કહેવાય. એટલે તેમણે વર્તમાન ધરાવ્યાં તે તો શ્રીજીમહારાજે જ ધરાવ્યાં કહેવાય. માટે ફરી ધરાવવાની જરૂર નથી." એમ કહી તેમને માથે સ્વામીશ્રીએ બે હાથ મૂક્યા અને પતાસાંની પ્રસાદી આપી. પછી કહ્યું : "આ તો અમારા જ છે અને અમારી સેવા કરવા આવ્યા છે. તે અમારી સેવા કરશે અને મહિમા વિસ્તારશે. તેમ જ તમારો તથા બીજા અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે. આને ને અમારે તો જૂની ઓળખાણ છે અને આની મારફત તો અમારે ઘણાં કામ કરવાનાં છે." આ પ્રમાણે બાળ ડુંગર ભક્તને સ્વામીશ્રીએ અત્યંત રાજી થઈને આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રી મહેળાવથી નીકળી સોજીત્રા થઈને સીંજીવાડા પહોંચ્યા. અહીંથી પ્રભુદાસ બારોટે સિગરામ જોડી આપ્યો. તેમાં સ્વામીશ્રી બેઠા. સાથે પ્રભુદાસ પણ તેમના દીકરા બેચરભાઈને લઈને બેઠા. સિગરામ ચાલ્યો એટલે સ્વામીશ્રીએ બેચરને પૂછ્યું : "છોકરા ! તને કાંઈ કીર્તન આવડે છે ?"

ત્યારે તેણે કહ્યું : "હા, આવડે છે."

એટલે સ્વામીશ્રીએ તેને કીર્તન બોલવાનું કહ્યું. સ્વામીશ્રીની આજ્ઞાથી બેચરભાઈ કીર્તન ગાવા લાગ્યા : 'રટ રટ રે મન બાવરે એક નામ હરિ કો.' તેમાં જ્યારે 'બીત જાત રે અવસર ઐસો, જ્યૂં લોહે કો તાવ રે, એક નામ હરિ કો.' એ કડી આવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : "રાખો રાખો. અત્યારે તો એવો અવસર છે કે મનુષ્ય દેહ મળ્યો છે ને સહજાનંદ સ્વામી અને આ સાધુના સ્વરૂપની ઓળખાણ થઈ છે. માટે તેમની આ વાતો ફરી મળે તેમ નથી. આ અવસર જવા દેવો નહીં."

આ પ્રમાણે વાતો કરતાં કરતાં પરિયજ પધાર્યા. અહીંના અભેસિંહ બારોટ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને તેમણે વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! મારા દીકરા કાળીદાસને માથે ઘણા શત્રુઓ છે. બેચર બારોટ વગેરે પણ તેની વિરુદ્ધ છે."

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : "તારો દીકરો અજિત થશે."

સ્વામીશ્રીના આશીર્વાદથી વિરોધીઓએ તેમને કેદમાં મોકલવા સુધીની

ઉપાધિ કરી. પરંતુ તેમની રક્ષા થઈ અને ઉપાધિ કરનારા કેદમાં ગયા.

તમારી ખોટ પડવા દીધી નથી

સ્વામીશ્રી પરિયજથી મહિયારી, ધોલેરા થઈને સારંગપુર પધાર્યા. અહીં દેહા ખાચર, નથુ પટેલ, જેઠો ખાચર, જસો ગોર વગેરે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને સૌને સાથે લઈને સ્વામીશ્રી બોટાદ પધાર્યા. વરતાલમાં સ્વામીશ્રીનું અપમાન કર્યું તેથી કેશવલાલ શેઠ વગેરે ઘણા જ દિલગીર થઈ ગયા અને કહ્યું : "સ્વામી ! આ ફેરે વરતાલવાળાએ બહુ કરી."

સાથેના સંતોએ કહ્યું : "संभावितस्य चाकीर्तिः मरणादतिरिच्यते ।" એમ બોલીને કહ્યું : "આથી તો વધ કર્યો હોત તો સારું હતું."

સ્વામીએ વાતો કરી બધાને શાંત કર્યા. બોટાદ એક દિવસ રોકાઈને સ્વામીશ્રી ગઢપુર પધાર્યા.

અહીં સિદ્ધાનંદ સ્વામી વગેરે સાધુઓ રાધાવાવ સુધી સામા આવ્યા હતા. તે સૌ સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રીએ સિદ્ધાનંદ સ્વામીને પોતાની સાથે ગાડીમાં બેસાર્યા. પછી સિદ્ધાનંદ સ્વામી કહેવા લાગ્યા : "વરતાલવાળાઓએ બહુ જ ખોટું કર્યું." એમ બે-ત્રણ વખત તેમણે કહ્યું.

એટલે સ્વામી બોલ્યા, "તમારી તેમણે ખોટ પડવા દીધી નથી. માટે તે વાત હવે જવા દો." એટલામાં મંદિર આવી ગયું. સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરી સીધા ઠાકોરજીનાં દર્શને પધાર્યા.

જૂનાગઢ પ્રતિ પ્રયાણ

સાંજે સ્વામીશ્રી ગઢપુરથી નીકળી ગયા. ફરતાં ફરતાં સ્વામીશ્રી કુંકાવાવ પધાર્યા. આ વખતે માધવચરણદાસ બગસરામાં મંદિર કરાવતા હતા. સ્વામીશ્રીનું વરતાલમાં અપમાન થયું હતું તે સાંભળી તેમને અંતરમાં ખૂબ બળતરા થતી હતી. સ્વામીશ્રી કુંકાવાવ પધાર્યા છે તે જાણી તેઓ શાંતિ માટે સ્વામીશ્રીનાં દર્શન કરવા કુંકાવાવ ગયા. અહીં તેઓ આવી સ્વામીશ્રીને દંડવત્ કરતા હતા તે વખતે સ્વામીશ્રી જરા આડે પડખે થયા હતા. માધવચરણનો અવાજ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : "કોણ એ ?"

ત્યારે માધવચરણદાસે કહ્યું : "એ તો હું માધવચરણ."

એટલે સ્વામીશ્રી તરત જ બેઠા થઈ ગયા અને મોદ પાથરીને માધવચરણદાસને પોતાની પાસે બેસાર્યા અને હાર આપ્યો. પછી માધવચરણદાસે પૂછ્યું : "સ્વામી ! આ ફેરે તો કહે છે વરતાલમાં બહુ અપમાન થયું."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "હા." એમ કહી નિશ્વાસ મૂકી સ્વામીશ્રી બોલ્યા : "માધવ ! જેમ છોંતરાનો મે વરસે તેમ શબ્દના કરા પડ્યા. પણ કોઈ મારા તરફથી બોલ્યા નહીં."

તે સાંભળી માધવચરણદાસની આંખોમાં આંસુ આવી ગયાં. પછી તેમણે કહ્યું : "સ્વામી ! હું નહોતો નહીં તો એકાદ-બેનું ભોડું ઉડાડી મેલત."

એટલે સ્વામીશ્રીએ તેમને માથે હાથ મૂકતાં કહ્યું : "તમારે હેત ખરું ને. વળી, શૂરવીર એટલે તમારાથી રહેવાત નહીં." એ પ્રમાણે કહીને પછી બોલ્યા : "એ તો હું સહન કરું પણ જગતના જીવથી સહન ન થાય."

કુંકાવાવથી નીકળી સ્વામીશ્રી વાંકિયા, કોટડા થઈને ગોંડળ પધાર્યા. અહીં જેઠા મહારાજ, લાધો રાઠોડ, દામાભા વગેરેએ સ્વામીશ્રીની બહુ જ સેવા કરી. ગોંડળ એક દિવસ રોકાઈ સ્વામીશ્રી જેતપુર પધાર્યા. જેતપુર એક દિવસ રોકાઈને સ્વામીશ્રી જૂનાગઢ જવા નીકળ્યા.

હવે એને બાંગ પુકારવી નહીં પડે

સ્વામીશ્રી પધારે છે તે સમાચાર મળતાં જૂનાગઢ મંદિરમાંથી અચિંત્યાનંદ બ્રહ્મચારી તથા બીજા સાધુઓ સ્વામીશ્રીની સામે કાળવા દરવાજે આવ્યા. અહીં સૌ સંતો તથા હરિભક્તોએ સ્વામીશ્રીની કોટમાં હાર પહેરાવ્યા. તેથી સ્વામીશ્રીની મૂર્તિ અલૌકિક શોભવા લાગી. સ્વામીશ્રીની આ અદ્‌ભુત મૂર્તિનાં દર્શન કરીને પાસેની મસીદમાં નમાજ પઢતો એક સાંઈ બોલી ઊઠ્યો : "દેખો દેખો સ્વામિનારાયણ કા બાવા કેસા બન્યા હૈ !"

આ સાંભળી સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા : "હવે એને બાંગ પુકારવી નહીં પડે." આ પ્રમાણે ચાલતાં ચાલતાં સૌને આનંદ કરાવતાં સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. મંદિરના ચોકમાં આવીને સ્વામીશ્રી ઘોડી ઉપરથી ઊતર્યા એટલે મંદિરના સાધુઓ બહાર આવી સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. તે જોઈ એક વેરાગી ત્યાં બેઠો હતો તે બોલ્યો : "એ તો બહોત બડા હૈ,

જિસકો સબ દંડવત્ કરતા હૈ...'' એમ બોલતાં તેની વૃત્તિ સ્વામીશ્રીના સ્વરૂપમાં તણાઈ ગઈ. ત્યાં વાયુથી લીમડાનાં ફૂલ ખર્યાં, તેની સુગંધી સ્વામીશ્રીને આવી. તેથી સ્વામી બોલ્યા : ''ઝાડ જેવી જડ વસ્તુ પણ પોતાનો ગુણ આપે છે તો સત્પુરુષ પોતાનો ગુણ કેમ ન આપે ?'' આ પ્રમાણે કહી સ્વામીશ્રી ધર્મશાળામાં પધાર્યા.

સત્પુરુષમાં હેડો થયો છે ?

બીજે દિવસે સ્વામીશ્રી બપોરે લીંબડા નીચે ઘંટીના પડ ઉપર બેસીને નાહતા હતા. તે વખતે ઘોડી હણહણી. એટલે સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસ સ્વામીને પૂછ્યું : ''આ ઘોડી કેમ હણહણે છે ?''

ત્યારે તેમણે કહ્યું : ''આ ઘોડીને નવ દિવસ સુધી જે ઘોડી સાથે બાંધી હતી તે ઘોડીને આજે વેચી દીધી છે. તે ઘોડીનો હેડો થવાથી આ ઘોડી હણહણે છે.''

તે સાંભળી સ્વામીશ્રી થોડી વાર તો કાંઈ બોલ્યા નહીં. પછી પૂછ્યું : ''તમને સત્સંગમાં આવ્યે કેટલાં વર્ષ થયાં ?''

એટલે બાલમુકુન્દદાસજીએ કહ્યું : ''ચૌદ વર્ષ.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને ફરી પૂછ્યું : ''એ ઘોડી જેટલોય સત્પુરુષમાં હેડો થયો છે ?''

ત્યારે તેમણે કહ્યું : ''ના.''

પછી સ્વામીશ્રી નાહતાં નાહતાં બોલ્યા : ''મોટાપુરુષ સાથે જીવ જડ્યા વિના સુખ, શાંતિ કે ગુણ આવે જ નહીં.''

સ્વામીશ્રીના શબ્દો ઉપરથી જ સમજાય છે કે સ્વામીશ્રીને પોતાના આશ્રિતોને પોતાના પ્રસંગમાં રાખી તેમનામાં એવા દિવ્ય ગુણો પ્રગટ કરવા હતા કે જેથી જગતની ગંધ તેમના અંતરમાં રહે જ નહીં. સ્વામીશ્રી નાહીને વસ્ત્ર બદલી પોતાના આસને પધાર્યા.

આચાર્ય સુધી તમારું ધાર્યું થશે

સ્વામી બાલમુકુન્દદાસ ઉપર સ્વામીશ્રીની ખૂબ જ કૃપા હતી. બાલમુકુન્દદાસ સ્વામીએ પણ સ્વામીશ્રીના સ્વરૂપને તત્ત્વે સહિત સમજી

નિષ્ઠા કરી હતી અને સ્વામીશ્રીની અત્યંત સેવા કરી કૃપા મેળવી હતી. આ સેવાના ફળરૂપે સ્વામીશ્રીએ એક દિવસ બાલમુકુન્દદાસજીને બોલાવીને કહ્યું : "અમે હવે વૃદ્ધ થયા છીએ. એટલે તમારું મંડળ બાંધતા જઈએ."

ત્યારે તેમણે અતિ દીનભાવે કહ્યું : "સ્વામી ! મારું મંડળ ચાલશે નહીં, કેમ કે સત્સંગમાં ઉપાધિ ઘણી ને મારામાં લાંબી આવડત નહીં. વળી, તમે ધામમાં પધારો એટલે ઓથ પણ ન રહે. તેથી મારે મંડળ બાંધવું નથી."

તે સાંભળી સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહીં. પરંતુ થોડી વાર પછી બાલમુકુન્દદાસ સ્વામીને એકાંતમાં - હાલ જ્યાં પટારા રહે છે - તે ઓરડામાં લઈ ગયા અને ત્યાં તેમને ફરી મંડળ બાંધવા સંબંધી વાત કરી.

સ્વામીશ્રીની પોતાના ઉપર આટલી બધી કૃપા છે તે ભાવથી જ બાલમુકુન્દદાસ સ્વામીની આંખમાં આંસુ આવી ગયાં.

એટલે સ્વામીશ્રીએ પોતાનો જમણો હાથ પોતાની છાતીએ અડાડીને કહ્યું : "તમે મને શું જાણો છો ? હું અક્ષરબ્રહ્મ અને મારું નામ ગુણાતીત, શ્રીજીમહારાજ આગળ અક્ષરધામમાં પણ મારું કર્યું થાય છે. વડતાલમાં ઊગમણો કોઠો છે ત્યાં એકવાર ભગવદાનંદ સ્વામીને મેં કહ્યું હતું કે અક્ષરધામમાં મહારાજ આગળ પણ મારું કર્યું થાય છે, તે ઉન્મત્તાઈ રાખશો તો તડકે ઊભા રાખીશ."

એમ કહી સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસજીના માથા ઉપર પોતાના બેય હાથ મૂકીને કહ્યું : "હું તમને કહું છું ને કે કોઈનો ભાર નથી કે તમને દુઃખ આપી શકે. તમારું મંડળ બધી રીતે સર્વોપરી થશે અને સારામાં સારા સાધુ તમારા મંડળમાં રહેશે. આ સત્સંગમાં આચાર્ય સુધી તમારું ધાર્યું થશે. તેમને પણ તમારી મદદની જરૂર પડશે અને વખતોવખત તમને બોલાવશે."

સ્વામીશ્રીની આ કૃપાવર્ષાથી બાલમુકુન્દદાસ સ્વામી અવાક બની ગયા ! સ્વામીશ્રીના દિવ્ય સ્વરૂપનાં તેઓએ આજે દર્શન કરી લીધાં. સ્વામીશ્રી તો આશીર્વચન વર્ષાવતા હતા : "બાલમુકુન્દ ! બીજું તો તમને શું કહું પણ તમારું વચન સુધ્ધાં કોઈ ઉથાપશે નહીં અને જે ઉથાપશે તે દુઃખી થશે. માટે બળમાં રહો અને તમને અંત સમે શ્રીજીમહારાજ અને અમે તેડવા આવીશું." આ પ્રમાણે તેમને અત્યંત કૃપાપૂર્વકના આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રીની મરજી જાણી બાલમુકન્દદાસ સ્વામીએ મંડળ બાંધવાની હા

પાડી. તેથી તેમને મંડળ બાંધી આપ્યું અને તરત જ કુંકાવાવ તરફ ફરવા મોકલ્યા.

તારે માથે બે જમપુરી

સ્વામી બાલમુકુન્દદાસ પાંચ સાધુ સાથે ફરતાં ફરતાં ગઢપુર ગયા. અહીં સિદ્ધાનંદ સ્વામીનાં દર્શન કરવા ગયા. તેમને આસને આવી તેમને દંડવત્ કરતા હતા ત્યારે સિદ્ધાનંદ સ્વામી તેમને જોઈને તાડૂકીને બોલ્યા : "બાલમુકુન્દ ! જગતના જીવ માથે એક જમપુરી છે પણ તારે માથે બે જમપુરી છે."

તે સાંભળી બાલમુકુન્દદાસજીએ નિર્દોષભાવે પૂછ્યું : "સ્વામી ! મારે માથે કેમ બે જમપુરી ?"

ત્યારે તેમણે કહ્યું : "તું ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ કહે છે માટે તારે માથે બે જમપુરી છે."

એટલે બાલમુકુન્દદાસ સ્વામીએ કહ્યું : "સ્વામી ! અમને તો જે સાચું છે અને મહારાજે સમજાવ્યું છે તે સમજ્યા છીએ અને તે મુજબ કહીએ છીએ. અમારા ગુરુ તો અક્ષરબ્રહ્મનો અવતાર છે અને અતિ સમર્થ છે. માટે જો તમારાથી બની શકતું હોય, તો જમપુરીમાં મોકલજો. અમારા ગુરુના પ્રતાપ અને બળને લીધે અમે તો એમ માનીએ છીએ કે જે અમારાં દર્શન કરશે તેની જમપુરી આળસી જશે."

સિદ્ધાનંદ સ્વામી આ શબ્દો સાંભળી રહ્યા. પરંતુ તે જ વખતે બાલમુકુન્દદાસ સાથે આવેલા સાધુ હરિપ્રિયદાસજી સિદ્ધાનંદ સ્વામીને દંડવત્ કરતા હતા તે તેમના આવા અસદ્‌ભાવના શબ્દો સાંભળી ઊભા થઈ ગયા. તેઓ સિદ્ધાનંદ સ્વામીને પછી પગે લાગવા પણ ન ગયા. તેમને એમ ને એમ ઊભા રહેલા જોઈ બાલમુકુન્દદાસ સ્વામીએ તેમને કહ્યું : "પગે કેમ ન લાગ્યા ?"

ત્યારે તેમણે કહ્યું : "જેમને ખરું જ્ઞાન સમજાયું નથી તેને પગે લાગવાનું શું ફળ ?"

એટલે બાલમુકુન્દદાસજીએ કહ્યું : "આપણે શ્રીજીમહારાજની પ્રસાદીનો લીમડો, ખીજડો કે પથ્થર હોય તેને પગે લાગીએ છીએ તો આ તો

શ્રીજીમહારાજે દીક્ષા આપેલા સાધુ છે, તો તેમને પગે કેમ ન લગાય ?''

હરિપ્રિયદાસજી બુદ્ધિશાળી હતા, મહિમાવાળા હતા. પરંતુ મહિમાનો અતિરેક તેમનામાં ન હતો. તેમણે તરત જ કહ્યું : ''લીમડો, ખીજડો કે પથ્થર શ્રીજીમહારાજની પ્રસાદીનાં છે એટલે તેમને પગે લાગીએ છીએ. કારણ તેમને કોઈને સ્વામીશ્રી પ્રત્યે અસદ્‌ભાવ નથી. આ સિદ્ધાનંદ સ્વામી તો સ્વામીનો અવગુણ લ્યે છે.''

બાલમુકુંદદાસ સ્વામીને આ શબ્દો સચોટ લાગ્યા. છતાં સાધુ ધર્મ તો નમ્રતા ધારણ કરવાનો જ છે તેથી તેમની એવી મરજી જોઈ હરિપ્રિયદાસજીએ કહ્યું : ''છતાં આપ કહો છો તેથી હું તેમને પગે લાગું. મારા મનમાં તેમને વિષે જરા પણ પૂજ્યભાવ હવે રહ્યો નથી.''

ગઢડામાં આવું અસદ્‌ભાવનું વાતાવરણ જોઈ, સ્વામી બાલમુકુન્દદાસજી ત્યાં ઝાઝો સમય રોકાયા નહીં. ગઢપુરથી નીકળી તેઓ ફરતાં ફરતાં અમરેલી પધાર્યા.

આ અરસામાં સ્વામીશ્રી પણ અમરેલી પધાર્યા હતા. તેમની સાથે સ્વામી કૃષ્ણસેવાદાસજી પણ હતા. બાલમુકુંદદાસજી ત્યાં પધાર્યા તેથી સ્વામીશ્રી વિશેષ રાજી થયા.

વાસના રહેશે તો સર્પ થાવું પડશે

બીજે દિવસે આંકડિયાથી કણબી હરિભક્ત ખીમો વારો સ્વામીશ્રીને તેડવા આવ્યો. તેણે આંકડિયામાં એક વાડી રાખી હતી. પરંતુ તેમાં ભૂતનો ઉપદ્રવ હતો. તેથી તેણે વિચાર કર્યો કે સ્વામીશ્રી જો વાડીએ પગલાં કરે તો આ ઉપદ્રવ મટે અને વળી ભૂતનો પણ ઉદ્ધાર થાય. તેણે આવીને સ્વામીશ્રીને વાત કરી ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''એ તો તમારા ગામના બે વાણિયા કાનો અને કૂકો ભૂત થયા છે. કેવળાત્માનંદ સ્વામીએ મંદિરમાં સેવા કરવાનું કહ્યું હતું પણ તેમનું વચન માન્યું નહીં અને અત્યંત લોભ એટલે વાડીમાં સાપ થઈને ફર્યા કરે છે.''

તે સાંભળી કણબી હરિભક્તને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : ''સ્વામી ! તેઓ સરપ થઈને કેમ ફર્યા કરે છે ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''તમારા ગામમાં કેવળાત્માનંદ સ્વામીને અમે

મોકલ્યા હતા. ત્યાં મંદિર કરવા તેઓ ખરડો કરતા હતા ત્યારે આ બંને ભાઈઓને બોલાવીને તેમણે કહ્યું : 'તમે વ્યવહારે સુખી છો છતાં આ ખરડામાં કેમ કાંઈ લખાવ્યું નહીં ? આ ભગવાનનું મંદિર થાય છે તેમાં સાધુઓ આવશે, ઊતરશે, ધ્યાન, ભજન કરશે. માટે ખરડામાં દસ-દસ રૂપિયા લખાવો ને મહેનતથી કમાયેલી રકમનો સદુપયોગ કરો.' ત્યારે તેમણે કહ્યું : 'અરે મહારાજ ! અમે તો માંડ અમારો વ્યવહાર ચલાવીએ છીએ. અમારી પાસે કાંઈ નથી.' તેમનું આવું કપટ જોઈ, કેવળાત્માનંદ સ્વામી દિલગીર થઈ ગયા. તેમણે તરત જ કહ્યું : 'તમારી પાસે રૂપિયા છે તે હું જાણું છું. પણ તે પડ્યા રહેશે અને વાસના રહેશે તો સર્પ થાવું પડશે. માટે આટલું અમારું કહ્યું માનો.' પણ તે ન માન્યા અને છેવટે મરીને સર્પ થવું પડ્યું.''

કણબી હરિભક્ત આ સાંભળી વિચારમાં પડી ગયા. તેને કાંઈક ભેદ ઉકેલાતો હોય તેવું લાગ્યું. તેથી તેણે કહ્યું : ''આપે કહ્યું તે વાત ખરી. તે લોભીના રૂપિયા કપાશીઆની કોઠીમાં રાખેલા તે તેની બહેન જ જાણતી હતી. એટલે તે લઈ ગઈ. પણ તે રૂપિયા ઘરમાં આવ્યા કે તેનો મોટો દીકરો થોડા દિવસમાં મરી ગયો. પછી બીજો અને પછી ત્રીજો એમ ત્રણ દીકરા મરી ગયા. ચોથો પણ માંદો પડ્યો ત્યારે તેણે જાણ્યું કે લોભિયાનું ધન ઘરમાં છે એટલે આ દુઃખ આવ્યું છે. એટલે તેણે તે ધન બધું અમરેલીના મહાજનને આપી દીધું. મહાજને તેમાંથી નાત જમાડી તો જમનારા તમામને ઝાડા ઊલટી થઈ ગયા. તેથી મહાજને વધેલું ધન નદીમાં દાટી દીધું. આમ, જેણે તે ધન વાપર્યું તેના માઠા હાલ થયા. અમને પણ સાંતી હાંકતાં બે ધોળી મૂછવાળા સરપ આડા આવે છે. એક વખત તો એમ પણ બોલ્યા હતા કે 'અમે મહેનત કરીને કમાયેલ આ વાડીની પાડાના કાંધ જેવી જમીન તમે કેમ વાવો છો ? વાવશો તો હવે જીવ લેશું.' એક વખત તો વાડીનો ભડ[૭૦] બાંધ્યો હતો તે પણ તેમણે રાતોરાત પાડી નાંખ્યો.''

સ્વામીશ્રીએ તેની બધી વાત શાંતિથી સાંભળી. પછી બોલ્યા : ''અમે આંકડિયા આવશું.'' પછી તે હરિભક્ત સાંજે આંકડિયા ગયો.

બીજે દિવસે સ્વામીશ્રી પોતાના સંતમંડળ સાથે આંકડિયા પધાર્યા. ખીમા વારાને બોલાવીને સ્વામીશ્રીએ કહ્યું : ''તું સાંતી જોડજે અને અમે

૭૦. કૂવામાંથી પાણી ખેંચવા બાંધેલ માંચડો, મંડાણ કે ચણતર.

તારી વાડીએ આવીશું.'' પછી સ્વામીશ્રી તેની વાડીએ પધાર્યા.

ખીમાએ સાંતી જોડી તૈયાર રાખ્યું હતું. સ્વામીશ્રી પધાર્યા એટલે તેણે સાંતી હાંક્યું. ત્યાં તો બે ધોળી મૂછવાળા સરપ ફૂંફાડા મારતા સામા આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ શ્રીજીમહારાજની પ્રસાદીનું પાણી તેમના ઉપર છાંટ્યું અને કહ્યું : ''અરે પાપીઓ ! તમે કેવળાત્માનંદ સ્વામીનું વચન ન માન્યું તેથી આ દુઃખ પામ્યા છો. હજુ આ હરિભક્તને દુઃખ આપી વધુ દુઃખી થવું છે ?'' એમ કહી ફરી પાણી છાંટી બોલ્યા : ''હવે તમારી બધી વાસના છોડો અને બદરિકાશ્રમમાં જાઓ.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ કહ્યું એટલે તે બંને સર્પો ત્યાં જ સ્થિર થઈ ગયા અને તેમના દેહ તરત જ પડી ગયા. સ્વામીશ્રીએ તેમના ઉપર અત્યંત દયા કરી, મોટાપુરુષના વચનની ઉપેક્ષા કરી હતી છતાં, અત્યંત કરુણામય સ્વામીશ્રીએ તેમને વાસનામુક્ત કરી બદરિકાશ્રમમાં તપ કરવા મોકલી દીધા.

આંકડિયાથી નીકળી સ્વામીશ્રી મોટી કુંકાવાવ પાસે સનાળા ગામે પધાર્યા હતા. સ્વામીશ્રી સાથે સંત-પાર્ષદો તથા હરિભક્તો મળી આશરે બસો જણા હતા. અહીં ગામ બહાર કણબીની વાડીએ સ્વામીશ્રી ઊતર્યા હતા. ત્યાં સ્નાનવિધિ કરી સ્વામીશ્રી પૂજા કરતા હતા. તે વાડીની બાજુમાં એક કણબીનો ચિંચોડો ફરતો હતો. આ વાડીમાં બસો બાવા ઊતર્યા છે તે તેણે જાણ્યું એટલે તેને મૂંઝવણ થવા લાગી. વેરાગી બાવા ચિંચોડો ફરતો હોય ત્યાં આવી ગોળની કડાઈઓ જબરજસ્તીથી પડાવી લેતા. તેને થયું કે આ બાવા પણ હમણાં ગોળની કડાઈઓ લેવા આવશે. તેથી તેણે ચિંચોડો છોડી નાખ્યો. અહીં તો સાધુઓ ધ્યાન અને પૂજાપાઠમાં બેઠા હતા. તેમને જોઈ કણબી પટેલને તેમનો બહુ જ ગુણ આવ્યો. તેને મનમાં થયું કે આ તો ભજન-ભક્તિ કરનારા છે પણ મારઝૂડ કરી ચીપિયા પછાડનારા નથી. થોડી વાર સુધી તેણે સ્વામીશ્રીની તથા તેમની સાથેના સાધુઓની સર્વ ક્રિયા જોઈ.

જે કણબીની વાડીમાં સ્વામીશ્રી ઊતર્યા હતા તે વાડીમાં ઘઉંનો પગર[૭૧] પડ્યો હતો તેમાંથી ઘઉં કાઢીને તે લઈ સ્વામીશ્રી પાસે આવ્યો. તેણે સ્વામીશ્રીએ પૂછ્યું : ''મહારાજ ! તમે આટલા બધા સાધુઓ ક્યાં જમશો ?''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''અમે બધા ગામમાં ભિક્ષા માગીને

૭૧. અનાજ છૂટું કરવા, ખળું કરવા કરેલો ડૂંડાનો ઢગલો.

જમશું.'' એટલે તેને ખાતરી થઈ કે આ સાધુઓ કોઈની પાસેથી કાંઈ પણ પરાણે લ્યે એવા નથી. તેથી તેણે કહ્યું : ''મહારાજ ! ઘઉંની ઘૂઘરી[૭૨] કરો તો ઘઉં આપું. પણ ઘઉં સમા કરવા જો'શે.''

એટલે સ્વામીશ્રીએ રાજી થઈને કહ્યું : ''ભલે. ઘઉંની ઘૂઘરી બહુ જ સારી. અમારા સાધુ ઘઉં સમા કરી લેશે.''

એટલે તે પટેલે ઘઉં આપ્યા. તે ઘઉં સાધુઓ સાફ કરવા માંડ્યા. એટલામાં ગામમાં જઈને કુંભારને ત્યાંથી પટેલ માટીના પેડા[૭૩] લઈ આવ્યો. પછી છાણાંની આડ કરી, દેવતા સળગાવી પેડામાં આંધણ મૂક્યું. પાણી ઊકળ્યું એટલે તેમાં ઘઉં ઓર્યા. આ પ્રમાણે તે પટેલના ભાવથી સાધુઓએ ઘઉંની ઘૂઘરી બનાવી. પટેલ તો સાધુઓની ભક્તિભાવભરી આ ક્રિયા, જેમાં સ્વામિનારાયણનું ભજન પણ થતું હતું તે જોઈ ખૂબ ખુશી થયો. તેને થયું કે આજ ખેડ્ય લેખે લાગી. ઘૂઘરી તૈયાર થઈ એટલે તે પટેલે કડબના પૂળા નીચે પાથરી દીધા. તેના ઉપર ધોયેલાં લૂગડાં પાથરી પેડા ઠલવ્યા. પછી તેણે સાધુઓને કહ્યું : ''મહારાજ ! ઊભા રે'જો હમણાં ગોળના ભીલાં લાવું છું.'' એમ કહી બાજુના વાઢમાંથી ગોળના ભીલાં લઈ આવ્યો. સાધુઓએ તે ઘૂઘરી અને ગોળ ઠાકોરજીને ધરાવ્યાં અને પછી સૌને પંક્તિમાં જમવા બેસાર્યા.

સાધુનાં લક્ષણ

એટલામાં વાઢવાળો ખેડુ જેણે આ સાધુઓને જોઈને પોતાનો ચિચૂડો છોડી નાખ્યો હતો તે ત્યાં આવ્યો. તેણે સ્વામીશ્રીને પૂછ્યું : ''મહારાજ ! તમે વાઢે ગોળ લેવા કેમ ન આવ્યા ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''ખેડુને ત્રાસ થાય એવી ભિક્ષા અમે નથી લેતા. અમે તો જે રાજી થઈને જે કંઈ આપે તે ભિક્ષા લઈએ છીએ. અમે તો સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ એટલે કોઈને ખળે કે ખેતરે જઈ તેમને દુઃખ થાય એવી ક્રિયા કરતા નથી. કોઈનો આત્મા દુખવીને ભિક્ષા લેવી તે સાધુનો ધર્મ ન કહેવાય.'' એટલું કહી સ્વામીશ્રીએ ચળું કર્યું. પછી પટેલને મુમુક્ષુ જાણી સ્વામીશ્રીએ તેને વાત કરતાં કહ્યું : ''પટેલ ! સાધુ કેવા

૭૨. બાફેલું આખું અનાજ.

૭૩. દોણાં, દહીં જમાવવાનાં માટીનાં વાસણ.

હોય ?" એમ કહીને સાખી બોલ્યા :

ભોજન છાદન જુક્ત હે, લાલચ લોભ હરામ;
સાધુ સો એ જાણીએ, ગાંઠ ન બાંધે દામ.
દામ ગાંઠ બાંધે નહીં, નહીં નારીસું નેહ;
તુલસી એસા સંત કી, કહા ચરણ કી ખેહ.

આ પ્રમાણે સાધુના ધર્મની અને લક્ષણની ઘણી વાતો કરી. તેથી તે પટેલને સ્વામીશ્રીનો બહુ જ ગુણ આવ્યો. પછી તેણે સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! મારે વાઢે પધારો અને શેરડી ને ગોળ જમો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "સાધુ ઝાઝા છે. માટે આગ્રહ કરશો નહીં. વળી, અમને શેરડી અને ગોળની જરૂર નથી."

એટલે તે પટેલે ફરી કહ્યું : "મહારાજ ! આ પટેલે તો ઘઉં અને ગોળ આપ્યા. માટે મારી કાંઈ સેવા અંગીકાર કરો, તો મારા જીવનું સારું થાય. તમારા જેવા મોટાપુરુષ ક્યાંથી મળે ?" એમ કહીને તે પોતાને વાઢે ગયો અને ત્યાંથી બે ભારા શેરડીના લઈ આવ્યો. પછી તે વાડીવાળા પટેલને તેણે કહ્યું : "મેં ગોળ આપ્યો છે તેના પૈસા મારે લેવા નથી."

આ પ્રમાણે સ્વામીશ્રીની સાધુતા જોઈ તે પટેલે સેવા કરી.

સ્વામીશ્રી પછી ત્યાંથી નીકળી જૂનાગઢ પધાર્યા.

સૂરજ ફરે પણ હું ન ફરું

વાગુદડના દરબાર ભાણાભાઈને લોધિકા દરબાર અભયસિંહ સાથે બહુ હેત હતું. અભયસિંહ બાપુ વારંવાર જૂનાગઢ જતા તેથી વાગુદડના દરબાર ભાણાભાઈને પણ થયું કે 'હું પણ જૂનાગઢ જાઉં.' તેમણે અભયસિંહ બાપુને કહ્યું : "તમે હવે જૂનાગઢ જાઓ તો મને કહેવરાવજો."

ત્યારે બાપુએ કહ્યું : "આ ભીમ એકાદશીનો સમૈયો આવે છે તે ઉપર જૂનાગઢ જાવું છે. તમારે આવવું હોય તો તૈયાર થઈ જજો."

આ સાંભળી વાગુદડ દરબારને થયું કે સમૈયે જરૂર જવું. ઘેર આવી તેમણે માતુશ્રીને કહ્યું : "મારે અભયસિંહ બાપુ સાથે જૂનાગઢ સ્વામીના મંદિરનો સમૈયો છે તે ઉપર જાવું છે."

ત્યારે તેમનાં માતુશ્રીએ કહ્યું : "ત્યાં નથી જાવું, સ્વામિનારાયણના

સાધુ તો ભૂરકી નાખીને કંઠી પહેરાવી દે છે.''

પરંતુ બાપુને રઢ લાગી હતી. તેથી તેમણે કહ્યું : ''હું એની કંઠી ન બાંધું. ભલે ભૂરકી નાખે પણ હું તેમની વાતોમાં નહીં ભરમાઉં.''

પરંતુ માતુશ્રીની ઇચ્છા તેમને જવા દેવાની ન હતી. તેથી તેમણે તો ના જ કહી.

એટલે બાપુએ કહ્યું : ''મા, તમે ચિંતા ન કરો. સૂરજ ફરે પણ હું ન ફરું.'' પછી તો સૌ ના પાડતા રહ્યા અને દરબાર જૂનાગઢ ગયા.

અહીં સ્વામીશ્રીએ દરબારનું ખૂબ સન્માન કર્યું. સરભરા સારી કરી. દરબારને પણ મંદિરમાં દેવદર્શન, સભામંડપમાં કથાવાર્તા, સાધુઓનો સેવાભાવ વગેરે જોઈ ખૂબ ગુણ આવ્યો. તેથી તેમણે અભયસિંહ બાપુને કહ્યું : ''મારે સ્વામી પાસે વર્તમાન ધરાવવાં છે અને કંઠી બંધાવવી છે.''

ત્યારે બાપુએ કહ્યું : ''હું તમને કહેતો નથી. તમારી મરજી હોય તો બંધાવો.'' પછી તે સભામાં આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મારે વર્તમાન ધરાવવાં છે અને કંઠી બંધાવવી છે.'' એટલે સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં અને કંઠી બાંધી. સમૈયો પૂરો થયો એટલે તે ઘેર આવ્યા.

ઘેર આવી તેમણે તેમનાં માતુશ્રીને કહ્યું : ''મા ! હું કંઠી બંધાવીને આવ્યો.''

ત્યારે તેમણે કહ્યું : ''મેં નો'તું કહ્યું કે તે સાધુ કામણગારા છે. ત્યાં નથી જવું. છતાં તમે ગયા.''

એટલે બાપુએ કહ્યું : ''પણ એમનાં મંદિર, મૂર્તિઓ, સાધુઓ, એવા તો મેં ક્યાંયે જોયા નથી. ત્યાં તો સતયુગ વર્તે છે. આવો ધર્મ બીજો કોઈ નથી. કલ્યાણ તો ત્યાં જ છે.'' એ પ્રમાણે તેમણે ઘણી વાતો કરી. પછી રસોડામાંથી ડુંગળી અને લસણ રાંધવાનાં ઠામ બધાં કઢાવી નાખ્યાં.

એટલામાં રાત પડી એટલે ભૂવા આવ્યા. તેમણે ધૂણીને કહ્યું : ''દરબારે કંઠી બંધાવી છે તે માતાજી કહે છે મારી ઇચ્છાથી બંધાવી છે. માટે માતાજીનાં દર્શને દરબાર જાય.''

ત્યારે દરબારે કહ્યું : ''મારે તો હવે સ્વામિનારાયણ વિના કોઈનાંય દર્શન કરવાં નથી. માતાજીએ સારી સમજણ લીધી તે ઠીક થયું, નહીં તો માતાજીને પણ ગામબહાર જાવું પડત. હવે મારા સીમાડામાં કોઈ જીવની

હિંસા થશે નહીં. મેં જૂનાગઢ જઈને નિયમ લીધું છે.''

ત્યારે માતુશ્રીએ કહ્યું : ''તમે કહેતા હતા કે સૂરજ ફરે પણ હું નહીં ફરું.''

એટલે દરબારે કહ્યું : ''મા ! હું ફર્યો નથી પણ આપણો સૂરજ ફર્યો છે. અત્યાર સુધી આપણો સૂરજ આથમણો ઊગતો હતો તે હવે ઊગમણો ઊગવા માંડ્યો. એટલે આપણો હવે રૂડો વખત આવ્યો. હવે મારો માણસનો અવતાર આવ્યો.'' એ પ્રમાણે દરબારે કહ્યું એટલે માતુશ્રીએ જાણ્યું કે દીકરો પૂરો સત્સંગી થઈને આવ્યો છે પણ રૂડા ગુણ લઈને આવ્યો. તેથી માતુશ્રી રાજી થયાં !

સમૈયામાં આવેલા હરિભક્તો હજુ વિખરાયા ન હતા. સૌને સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમની એટલી બધી તાણ હતી કે સ્વામીશ્રી કાં પોતે રજા આપે અથવા તેઓ દેશમાં ફરવા જવા તૈયાર થાય ત્યાં સુધી કોઈ ઘેર જવાનો વિચાર કરતા ન હતા. સવારે શણગાર આરતી પહેલાં સ્વામીશ્રીના આસન પાસે સભામંડપમાં સભા ચિક્કાર ભરાઈ હતી. સ્વામીશ્રી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ઉપાસનાની વાતો કરતા હતા.

એક વખતે સ્વામીશ્રીએ વાતોના પ્રસંગમાં અચાનક સનાળાવાળા ભાઈજીભાઈને યાદ કર્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : ''સનાળાવાળા ભાઈજીભાઈ ક્યાં છે ? સભામાં હોય તો અમારી પાસે આવો.''

એટલે તે દૂર બેઠા હતા ત્યાંથી ઊઠીને સ્વામીશ્રી પાસે આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''મત પંથને માથે મેખ મારી લીધા જન છોડવી જો' એ કીર્તન બોલો.''

એટલે ભાઈજીભાઈ તે કીર્તન બોલવા લાગ્યા. તે વખતે ધર્મતનયદાસજી[૭૪] જે હજુ શ્વેત વસ્ત્રધારી પાર્ષદ હતા તે સ્વામીશ્રીને પવન નાખતા હતા. એ કીર્તન સાંભળતાં સાંભળતાં સ્વામીશ્રી ડોલતા હતા. શ્રીજીમહારાજે કલ્પિત મત, પંથ અને ભેખનાં સ્વરૂપ ઉઘાડાં પાડ્યાં. મોટા મોટા મહંતો જે કેવળ ત્યાગીનો સ્વાંગ ધરીને બેઠા હતા અને ભોળા લોકોને ભરમાવતા હતા, તેમને પોતાના પરમહંસો દ્વારા સાચી સાધુતાનું દર્શન કરાવ્યું. વિદ્વત્તાના અભિમાનમાં રાચતા વિદ્વાનોને સાધુતા વિના શાંતિ નથી એ સમજાવ્યું. શ્રીજીમહારાજે ભાગવત ધર્મનું સ્થાપન કરી, સમગ્ર ભારતમાં

૭૪. જુઓ પરિશિષ્ટ : ૧/૩, પૃષ્ઠ ૪૨૨.

સ્વામિનારાયણ સંપ્રદાયની ઉજ્જ્વળ કીર્તિ કરી. સ્વામીશ્રી શ્રીજીમહારાજના મહિમાનું આ કીર્તન સાંભળતાં સાંભળતાં ઊંડા ઊતરી ગયા. એટલામાં આરતીનો ડંકો થયો એટલે સ્વામીશ્રી શાસ્ત્રી ધર્મતનયદાસજીનું કાંડું પકડી દર્શને પધાર્યા.

તે દિવસે સાંજે સ્વામીશ્રીએ સ્વામી બાલમુકુન્દદાસજીને બોલાવીને કહ્યું : "તમે આ વખતે ઊના દેશમાં ફરવા જાઓ અને પંદર દિવસમાં પાછા આવી જજો. આ વખતે અમારાથી કદાચ ઊના જવાશે નહીં." એ પ્રમાણે કહી તેમને ઊના જવા આજ્ઞા કરી.

સંતમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ

બીજે દિવસે સવારે ઉપલેટાથી આહીર ગોવાભાઈ તથા લાલાભાઈનો દીકરો કાનો બંને ઘઉંનો પોંક લઈને આવ્યા. રસ્તામાં મજેવડીની સીમમાંથી ચણિયાંબોર પણ વીણીને લાવ્યા હતા. તે વખતે સ્વામીશ્રી પીલપાયાને ઓઠીંગણે બેઠા બેઠા કથા વંચાવતા હતા. વળી, કારખાનાનું કામ પણ ચાલતું હતું. આ અંગે પણ સૂચના આપતા હતા. આ બંને હરિભક્તો આવતા હતા તેમને છેટેથી આવતા જોઈ સ્વામીશ્રી બોલ્યા : "એ ઉપલેટાનો સંઘ ચંદ્રવાસી થઈને આવ્યો."

ત્યારે કોઈએ પૂછ્યું : "સ્વામી ! એ શું ?"

એટલે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "ચંદ્રના અજવાળામાં રાત બધી ચાલીને આવ્યા છે."

એટલામાં તો તે બંને હરિભક્તો સ્વામીશ્રી પાસે આવ્યા અને પોંકની અને બોરની પોટલીઓ મૂકી દંડવત્ કરવા લાગ્યા. પછી સ્વામીશ્રીને પગે લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "ક્યારે નીકળ્યા હતા ?"

એટલે તેમણે કહ્યું : "મોડી રાતે ચંદરમાના અજવાળામાં ચાલતાં ચાલતાં આવ્યા છીએ. મજેવડીની સીમમાં આવ્યા ત્યારે મોંસૂઝણું થયું એટલે ચણિયાંબોર વીણી લીધાં."

તેમની આવી નિર્દોષ વાણી સાંભળી સ્વામીશ્રી રાજી થયા. પછી કાનાએ કહ્યું : "સ્વામી ! મારે તો હવે તમારી સેવામાં રહેવું છે."

એટલે સ્વામીશ્રીએ તેને માથે બે હાથ મૂક્યા અને કહ્યું : "તારે સેવામાં

રહેવું હોય તો રહેજે ને ગોવા, તું તો હમણાં ઘેર જાજે અને પછી આવજે.''

એ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ ચણિયાંબોર ધોવરાવ્યાં. પછી પોંક અને બોર ઠાકોરજીને ધરાવ્યાં અને સૌને પાસે બોલાવ્યા. બોરની પ્રસાદી સૌને આપતાં સ્વામીશ્રી બોલ્યા : ''આવો, સૌ આ ભીલડીનાં બોર ખાવા.'' એમ સૌને પ્રસાદી આપી.

પછી રામચરણ તથા ગોવિંદચરણને કહ્યું : ''આ ગોવાને ને કાનાને રોટલો જમાડજો.''

આમ, સ્વામીશ્રી નાનામોટા તમામ હરિભક્તોની ખૂબ જ સંભાળ રાખતા એટલે સૌને તેમના પ્રત્યે ખૂબ જ આત્મીયતા થઈ ગઈ હતી. સ્વામીશ્રીને પણ એ જ ધ્યેય હતું : 'સંતમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ !'

ઊના દેશમાં ફરવા ગયેલા સંતમંડળમાંના એક સાધુને ગૃહસ્થાશ્રમ કરવાના સંકલ્પ થવા માંડ્યા. આ સંકલ્પ શમાવવા માટે તેમણે મનમાં ને મનમાં ખૂબ ભજન કર્યું. મહારાજ અને સ્વામીને સંભાર્યા. પરંતુ કામની વાસના તીવ્ર હતી તેથી તેમનો તે સંકલ્પ શમ્યો નહીં. તેમણે બાલમુકુન્દદાસ સ્વામીને એકાંતમાં કહ્યું : ''મને સંસારના બહુ જ સંકલ્પ થાય છે. માટે મારાથી હવે સાધુ ભેળું રહેવાશે નહીં. તો એક સાધુને મારી ભેગો મોકલો એટલે હું જૂનાગઢ જાઉં ને ત્યાં સ્વામીનાં દર્શન કરીને પછી ઘેર જાઉં. જો કોઈ સાધુ નહીં મોકલો તો પછી હું એકલો જાતો રહીશ. પણ મારાથી હવે રહેવાય તેમ નથી. એવો બળવાન સંકલ્પ ઊપડ્યો છે.'' એટલે બાલમુકુન્દદાસ સ્વામીએ તેમને એક સાધુ આપ્યા. તેમને લઈને તેઓ બંને જૂનાગઢ ગયા.

માયાને પરાભવ પમાડવાનું ઐશ્વર્ય

જૂનાગઢ આવી સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગ્યા. પછી સ્વામીશ્રી આગળ નિષ્કપટ થઈ તેણે કહ્યું : ''સ્વામી ! મને સંસાર કરવાનો એવો બળવાન સંકલ્પ ઊપડ્યો છે. એટલે મારાથી હવે સાધુ ભેળું રહેવાય તેમ નથી. માંડ માંડ તમારી પાસે આવ્યો છું.''

તેમની આવી નિષ્કપટ વાણી સાંભળી સ્વામીશ્રી રાજી થયા. તેને હિંમત આપતાં કહ્યું : ''તમે અહીં આવ્યા તે સારું કર્યું. આપણને સાધુને તે ઘાટ નડે ? ચાલો, ધર્મશાળામાં વાતો કરીએ.''

એમ કહી તે સાધુનો હાથ ઝાલીને સ્વામીશ્રી ધર્મશાળામાં પધાર્યા. ત્યાં તો સ્વામીશ્રીના સ્પર્શમાત્રથી જ, જેમ કોઈને પૂર્વજન્મની વિસ્મૃતિ થઈ જાય છે, તેમ તે સાધુને બધા ઘાટ-સંકલ્પની વિસ્મૃતિ થઈ ગઈ અને પરમ સુખિયા થઈ ગયા ! દર્શનાદેવ સાધવઃ - સાધુ તો દર્શન માત્રથી કલ્યાણ કરે છે, કેમ કે આવા સમર્થ પુરુષ પાસે જ માયાને પરાભવ પમાડવાનું ઐશ્વર્ય-સામર્થ્ય હોય !

પછી સ્વામીશ્રીએ તે સાધુને પોતાની પાસે બેસાર્યા. ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! મા-બાપ ! આપના સ્પર્શમાત્રથી જ મારા તમામ સંકલ્પો બંધ થઈ ગયા છે અને જાણે જગત છે જ નહીં એવી અંતરમાં અપાર શાંતિ જણાય છે. માટે આવી ને આવી કૃપા રાખીને મારું કલ્યાણ કરજો."

એટલે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "હવે કલ્યાણમાં શું અધૂરું છે ? જગત ભુલાય અને ભગવાન સાંભરે એ જ કલ્યાણ !"

તે સાધુનો આ અનુભવ હતો. આ સ્થિતિ કાંઈ કલ્પનાની નથી પરંતુ નક્કર હકીકત છે. એવા પુરુષના સંબંધથી જ તેનો અનુભવ થાય.

એટલામાં એક સાધુ આવ્યા. તેણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! દરવાજે એક બાવો આવ્યો છે. તે કહે છે કે તમારા મહંતને અહીં મોકલો, મારે તેમને એક પ્રશ્ન પૂછવો છે."

એટલે પોતાની પાસે જે સાધુ બેઠા હતા તેમનો હાથ પકડીને સ્વામીશ્રી દરવાજે પધાર્યા. અહીં દરવાજાના ઉત્તરાદા ખાનામાં ઓટા ઉપર વિરાજ્યા. પછી તે બાવાએ સ્વામીશ્રીને કહ્યું : "મારે તમને એક પ્રશ્ન પૂછવો છે."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે પૂછો."

એટલે તેણે પ્રશ્ન પૂછ્યો : "તમારા સાધુઓ કાંઈ ઝાઝું ભણેલ હોતા નથી. છતાં લોકોને વાતો કરી સંસાર મુકાવી દે છે ને ત્યાગી કરી દે છે. તે તમે શું કોઈ ઇન્દ્રજાળનો ગુટકો રાખો છો ? કે કોઈ મંત્રતંત્ર જાણો છો ? કે તેમના ઉપર ભૂરકી નાખો છો ? અમે તો વિદ્વાન છીએ પણ અમારા વચને કોઈ ત્યાગી થતું નથી. તેનું શું કારણ છે ?"

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી તે બાવાને કહ્યું : "તમને દુઃખ ન લાગે તો કહીએ."

એટલે તે બાવાએ કહ્યું : "કહો, મને દુઃખ નહીં લાગે."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અમારા સાધુ બ્રહ્મચર્ય તથા નિઃસ્વાદી વ્રતો પાળે છે અને ફેલમાત્ર કરતા નથી. તેથી અમે જેટલાં વાનાં લોકોને મુકાવીએ તે તમામ તે તરત જ મૂકી દ્યે છે. જ્યારે અમે જેટલા ફેલ લોકોને મુકાવીએ છીએ તે તમામ ફેલ તમારે આચરવાનાં હોય છે. એટલે તમે જે ન પાળો તેનો તમારા વચને કોણ ત્યાગ કરે ? જેમ એક બાણ ફળ સોતું હોય અને એક ફળ વિનાનું હોય તેમાં ફળ સોતું જે બાણ હોય તે જેવી સામાને અસર કરે તેવી અસર ફળ વિનાનું બાણ હોય તે ન કરે. તેમ અમારા સાધુઓની વાતુ તે ફળ સહિત હોય છે એટલે બીજાને અસર કરે છે. ત્યારે તમારી વાતો વર્તન વિનાની હોય છે એટલે ફળ વિનાના બાણ જેવી તે સામાને કેમ અસર કરે ?"

તે સાંભળી તે બાવાએ કહ્યું : "મહારાજ ! તમે સાચું કહો છો." એમ કહી સ્વામીશ્રીને પગે લાગ્યો. પછી તે દર્શન કરી ચાલી નીકળ્યો.

હાર કાલે ન ધરાવશો

સ્વામીશ્રી પાછા સભામંડપમાં પધાર્યા. ત્યાં પૂજારી નીકળ્યા. સ્વામીશ્રીએ તેમને જોઈ કહ્યું : "બ્રહ્મચારી ! ઊભા રહો."

એટલે બ્રહ્મચારી ઊભા રહ્યા. પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : "કાલે શણગાર બહુ ભારે ન ધરાવશો."

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "સ્વામી ! કાલે તો સોનાનો હાર ધરાવવાનો છે. ઠાકોરજીને ઘણા વખતથી ભારે શણગાર નથી ધરાવ્યા એટલે કાલે હાર ધરાવવાનો વિચાર છે."

સ્વામીશ્રીએ ફરી કહ્યું : 'હાર કાલે ન ધરાવશો.'

પણ બ્રહ્મચારી વેગમાં હતા. બીજે દિવસે તેમણે ઠાકોરજીને ભારે શણગાર ધરાવ્યા. સોનાનો હાર પણ ધરાવ્યો. એટલામાં રાજ્યનો દીવાન જબ્બર ભાટિયો મંદિરે દર્શન કરવા આવ્યો. સ્વામીશ્રી તેની સાથે ઠાકોરજીનાં દર્શને પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરતાં કરતાં દીવાને ઠાકોરજીના ગળામાં સોનાનો હાર જોયો. તેથી તેણે સ્વામીશ્રીને કહ્યું : "મને આ હાર આપો."

એટલે સ્વામીશ્રીએ બ્રહ્મચારીને કહ્યું : "ઠાકોરજીને ધરાવેલો ફૂલનો હાર લાવો."

બ્રહ્મચારીએ તે હાર આપ્યો તે લઈને સ્વામીશ્રીએ તે હાર દીવાનને

પહેરાવ્યો. ત્યારે તેણે કહ્યું : "સ્વામી ! આ હાર નહીં, ઓલ્યો ઠાકોરજીએ પહેર્યો છે તે સોનાનો હાર આપો."

તે સાંભળી સ્વામીશ્રીએ તેને કહ્યું : "અમે તો ફૂલનો હાર આપીએ છીએ. સોનાનો હાર તો વરતાલથી આચાર્ય મહારાજની આજ્ઞા હોય તો દેવાય."

એટલે તેણે કહ્યું : "મારે તો સોનાનો જ પ્રસાદીનો હાર જોઈએ છે. તમે નહીં આપો તો હું પરાણે લઈશ. તમે જાણો છો ને હું રાજ્યનો દીવાન છું. મંદિરને માથે તોપું મંડાવીશ." એમ કહી ગુસ્સો કરી ચાલતો થયો.

બ્રહ્મચારી તો આ બધી વાત દરમ્યાન ધ્રૂજતા હતા. દીવાન ગયા પછી તેણે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! હવે શું થાશે ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમે તો તમને ઠાકોરજીને આવા ભારે શણગાર ધરાવવાની કાલે ના કહી હતી. પણ તમે માન્યું નહીં તે આ ઉપાધિ આવી." બ્રહ્મચારી સમજી ગયા. સ્વામીશ્રીની એકેએક આજ્ઞા રહસ્યમય હોય છે. પણ ભૂલ તો થઈ ગઈ. હવે શું થશે ?

તેણે સ્વામીશ્રીને ફરી પૂછ્યું : "સ્વામી ! દીવાન તોપું મંડાવશે ?"

એટલે સ્વામીશ્રીએ તેમને ધીરજ આપતાં કહ્યું : "તમે હવે મૂંઝાશો નહીં. તોપું તો કેને માથે મંડાશે એ તો મહારાજ જાણે !" એમ કહી ત્યાંથી ધર્મશાળામાં પધાર્યા.

બીજે દિવસે સમાચાર મળ્યા કે દીવાન રાજ્યના ભયંકર ગુનામાં આવ્યા હતા. તેથી નવાબ સાહેબે તેના ઘર માથે તોપ માંડી તેનું ઘર ઉડાડી દેવા હુકમ કર્યો હતો. પરંતુ રાત્રે જ દીવાન નાસી ગયો !

✧ ✧ ✧

આ.સં. ૧૯૨૩નો જન્માષ્ટમીનો સમૈયો કરી સ્વામીશ્રી દર વર્ષના રિવાજ મુજબ જળઝીલણીનો સમૈયો કરવા ઊના જવા તૈયાર થયા. જૂનાગઢથી સંત-હરિભક્તોના મંડળ સાથે સ્વામીશ્રી નીકળ્યા. ઊના દેશની આજુબાજુનાં ગામડાંઓમાં સ્વામીશ્રી ફરવા પધાર્યા.

સ્વામીશ્રી ફરતાં ફરતાં ગામ ખંઢેરા પધાર્યા. અહીં હરિભક્ત ઠક્કર કલ્યાણજીભાઈને ઘેર ઉતારો કર્યો. પછી રસોઈનો સામાન લાવ્યા એટલે સંતોએ રસોઈ કરી. ઠાકોરજીને ધરાવી અને સૌ જમ્યા. સ્વામીશ્રી અહીં બે

દિવસ રોકાયા. અહીં કલ્યાણજીભાઈ તથા ગામના હરિભક્તો આગળ સ્વામીશ્રીએ ખૂબ વાતો કરી. પછી ત્યાંથી નીકળવા તૈયાર થયા ત્યારે કલ્યાણજીભાઈએ સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! અમારા ગામમાં સત્સંગ વધે તેવી દયા કરો.''

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''આ ગામમાં સત્સંગ વધે તેમ નથી પણ તમારા ઘરમાં સત્સંગ વધશે.''

એ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ મહારાજની કહેલી વાત કરતાં કહ્યું : ''મહારાજ વાત કરતા કે મનુષ્યને મૂછો ઊગે ત્યાં સુધી વધે. પછી દેહનું બહુ પોષણ કરે તો આડું વધે પણ કાઠાળું ન થાય. તેમ આગળ મુમુક્ષુઓ સત્સંગમાં આવતા તે બીજા મત મૂકીને આવતા. તેમ હવે કોઈ નહીં કરે. પણ સગાસંબંધે હેત, પ્રીતિ કે ઓળખાણે સત્સંગ વધશે. પણ હવે મત મૂકીને તો થોડા જ થવાના. તમારે સાત દીકરા થશે. તેથી એક ઘરમાંથી સાત ઘર થશે.'' એ પ્રમાણે તેમને વર આપ્યો.[૭૫]

આ અરસામાં આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ ગઢડા પધાર્યા છે તેવા સમાચાર મળતાં સ્વામીશ્રીએ અચિંત્યાનંદ બ્રહ્મચારી તથા રઘુવીરચરણદાસજીને આચાર્ય મહારાજને જૂનાગઢ પધારવા આમંત્રણ

૭૫. સ્વામીશ્રીના વચને કલ્યાણભાઈને સાત દીકરા થયા. તેમણે ગામના મધ્યમાં બે માળનું સુંદર મંદિર કરાવ્યું. તેમાં શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી. કલ્યાણભાઈ જીવ્યા ત્યાં સુધી તેમણે સાધુની અને મંદિરની બહુ સેવા કરી. જ્યારે તે માંદા થયા અને અંતિમ કાળ જેવું થયું, ત્યારે મહારાજ તથા સ્વામી હાથી ઉપર બેસીને તેમને તેડવા આવ્યા. તેથી કલ્યાણભાઈએ તેમના દીકરાઓને ભલામણ કરતાં કહ્યું : ''આ શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી મને તેડવા આવ્યા છે. તેમની ભેગો હું ધામમાં જાઉં છું.'' એમ કહીને દેહત્યાગ કર્યો.

તેમના દીકરા ડાહ્યાભાઈ બહુ જ સારા સત્સંગી હતા. મહારાજ અને સ્વામીશ્રીના સ્વરૂપની તેમને સર્વોપરી નિષ્ઠા હતી. 'વચનામૃત' અને 'સ્વામીની વાતુ'નો તેઓ સારો અભ્યાસ રાખતા. દેહ મૂકવાનો સમય થયો ત્યારે તેમને શ્રીજીમહારાજ, સ્વામી તથા કેટલાક સંતોનાં દર્શન થયાં. તેથી તેમણે તેમના મોટાભાઈ તુલસીભાઈને કહ્યું : ''મારે હવે ધામમાં જવું છે અને આ શ્રીજીમહારાજ તથા સ્વામી મને તેડવા આવ્યા છે માટે તમારે જે ક્રિયા કરવી હોય તે કરી લ્યો.'' તેમ કહીને ભજન કરતાં કરતાં તેમણે છાણ લીંપેલા ચોકમાં જાતે બેસીને દેહત્યાગ કરી દીધો.

આપવા ગઢડા મોકલ્યા. તેઓ બંને ગઢડા આવ્યા. આચાર્ય મહારાજને મળીને સ્વામીશ્રીએ તેમને જૂનાગઢ પધારવા આમંત્રણ મોકલ્યું છે તે વાત વિનયપૂર્વક કરી. આચાર્ય મહારાજે સ્વામીશ્રીનું આમંત્રણ સ્વીકાર્યું અને જૂનાગઢ જવા તૈયાર થયા. સ્વામીશ્રી આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજ ગઢડા પધાર્યા છે તે સમાચાર મળતાં ખંઢેરાથી જૂનાગઢ પધાર્યા.

ભગવત્પ્રસાદજી મહારાજ જૂનાગઢમાં

આચાર્ય મહારાજ જૂનાગઢ પધાર્યા તે સમાચાર સોરઠ દેશમાં ગામેગામ સૌ હરિભક્તોને પહોંચી ગયા. એટલે દરેક ગામના હરિભક્તો આચાર્ય મહારાજને પોતાને ગામ પધારવા આમંત્રણ આપવા જૂનાગઢ આવ્યા. જૂનાગઢમાં આચાર્ય મહારાજ પધાર્યા એટલે સમૈયો થઈ ગયો. સ્વામીશ્રી સભામાં શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની અપાર વાતો કરવા લાગ્યા. સ્વામીશ્રીની વાતો સાંભળતાં આચાર્ય મહારાજને અંતરમાં લાગ્યું કે શ્રીજીમહારાજ તો ભગવાન છે અને વળી અમારા પિતા છે છતાં સ્વામીશ્રી તેમના સર્વોપરી દિવ્ય સ્વરૂપની નિધડક થઈને વાતો કરે છે તેવી વાતો સંપ્રદાયમાં હજુ સુધી કોઈ સદ્‌ગુરુ પાસે સાંભળી નથી. સ્વામીશ્રીની વાતો સાંભળી તેમના અંતરમાં ખૂબ આનંદ થયો.

આ અચિંત્યાનંદ બ્રહ્મચારીને ચાદર ઓઢાડો

બે-ત્રણ દિવસ પછી સ્વામીશ્રીએ આચાર્ય મહારાજને વાત કરતાં કહ્યું : "મહારાજ ! હવે અમે વૃદ્ધ થયા છીએ. માટે તમે કહો તેને મહંતાઈની ચાદર ઓઢાડીએ."

તે સાંભળી મહારાજે કહ્યું : "આ અચિંત્યાનંદ બ્રહ્મચારીને ચાદર ઓઢાડો અને રઘુવીરચરણદાસજી બધું કામકાજ કરશે."

આચાર્ય મહારાજની આજ્ઞાનુસાર સ્વામીશ્રીએ અચિંત્યાનંદ બ્રહ્મચારીને પોતાની જગ્યાએ જૂનાગઢ મંદિરના મહંત બનાવ્યા અને મંદિરનો તમામ વ્યવહાર રઘુવીરચરણદાસજીને સોંપ્યો.

એક દિવસ સ્વામીશ્રી સભામાં વાતો કરતા હતા તેવામાં અચાનક સ્વામી બોલી ઊઠ્યા : "મહારાજ ! એને ત્રણ મહિના રહેવા દ્યો."

તે શબ્દો સાંભળી સભામાં બેઠેલા હરિભક્તોમાંથી એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો : "સ્વામી ! આપે આ શું કહ્યું ?"

સ્વામીશ્રી તે સાંભળી હસ્યા પરંતુ કાંઈ બોલ્યા નહીં. ત્યારે તે હરિભક્તે સ્વામીશ્રીને ફરી પૂછ્યું : "સ્વામી ! આપે એ શું કહ્યું ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "રાજકોટના કડિયા હરિભક્ત વાલાભાઈ માંદા છે અને શ્રીજીમહારાજ તથા અમે તેમને તેડવા ગયા હતા. પરંતુ તેને તેના ભત્રીજા રાઘવને પરણાવવાની ઇચ્છા હતી. તેથી તેણે મહારાજને કહ્યું કે 'મહારાજ ! હમણાં ત્રણ મહિના મને રહેવા દ્યો.' ત્યારે મહારાજે અમારા સામું જોયું. તેથી અમે મહારાજને વિનંતી કરી કે 'મહારાજ ! એને ત્રણ મહિના રહેવા દ્યો.' એટલે મહારાજે અમને કહ્યું : 'ભલે, તેને પછી તેડવા આવશું. આજે દેવકૃષ્ણ વ્યાસને તેડી જઈએ. તેણે આ ગામમાં ઘણો સત્સંગ કરાવ્યો છે અને વળી તમને પણ એણે રાજી કર્યા છે.' એ પ્રમાણે મહારાજ તથા અમે દેવકૃષ્ણ વ્યાસને ઘેર ગયા અને તેને કહ્યું કે 'તમને તેડવા આવ્યા છીએ. માટે ચાલો."

આ સાંભળી સૌને ઘણું જ આશ્ચર્ય થયું ! સ્વામી મહારાજની મરજી સાચવે અને મહારાજ સ્વામીની મરજી સાચવે એવા સ્નેહની અતૂટ ગ્રંથિથી બંધાયેલા આ અક્ષર અને પુરુષોત્તમ આજે આપણને સાક્ષાત્ મળ્યા છે તે વિચારમાં ત્યાં બેઠેલા સૌ હરિભક્તો પોતાને કૃતાર્થ માનવા લાગ્યા !

બે દિવસ પછી દેવકૃષ્ણ વ્યાસના દીકરા પ્રાણશંકર સ્વામીશ્રીનાં દર્શને જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગી પાસે બેઠા ત્યારે સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "બાપા ધામમાં ગયા ને ?"

ત્યારે તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપને હું એ જ સમાચાર દેવા આવ્યો છું. પરંતુ આપ તો મહારાજ સાથે મારા બાપને સાક્ષાત્ તેડવા પધાર્યા હતા તેથી આપને તો ખબર હોય જ ને ?"

સભાજનોને બે દિવસ પહેલાંની વાત યાદ આવી ગઈ. તેમણે પ્રાણશંકરને કહ્યું : "તમે બધી વાત વિગતે કરો."

ત્યારે પ્રાણશંકરે કહ્યું : "બે દિવસ પહેલાં અર્ધી રાત્રે મારા બાપા દેવશંકરે મને અચાનક જગાડ્યો અને કહ્યું : 'પ્રાણશંકર ! ઊઠ. મહારાજ અને સ્વામી મને તેડવા આવ્યા છે. માટે મારે ધામમાં જવું છે તો ગાયનું છાણ

લાવીને ચોકો કર.' ત્યારે મેં કહ્યું : 'બાપા ! પણ તમને કાંઈ મંદવાડ તો નથી અને ધામમાં જવાનું કહો છો તે કેમ મનાય ?' તે સાંભળી મારા બાપા અકળાયા. તેમને જાણે ધામમાં જવાની ઉતાવળ આવી હતી. તેથી મને કહ્યું : 'તારે મંદવાડનું શું કામ છે ? તું ઝટ ચોકો કર. મને મહારાજ અને સ્વામી તેડવા આવ્યા છે.' એટલે ગાયનું છાણ લાવી મેં ચોકો કર્યો. પછી મારા બાપાએ મને કહ્યું : 'પ્રાણશંકર ! તું ભજન કર.' એટલે હું 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ'ના મંત્રનું ભજન કરવા લાગ્યો. એટલામાં મારા બાપા ખાટલા ઉપરથી ઊઠી મહારાજનું ધ્યાન કરતાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ લેતાં ચોકા ઉપર બેઠા અને ભજન કરતાં કરતાં ધામમાં જતા રહ્યા."

એમ કહીને તેણે કહ્યું : "સ્વામીના પ્રતાપથી મારા બાપા નિર્વાસનિક થઈ ગયા હતા તેથી ધામમાં જતાં તેમને વાર ન લાગી."

મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં લખ્યું છે કે 'ગૃહમેં રહે મે'માન જ્યૂં મમ જન.' સ્વામીશ્રીના સંબંધથી તેમનામાં જોડાયેલા તમામ હરિભક્તો ઘરમાં મહેમાનની પેઠે જ રહેતા. આ પ્રસંગ બાદ ત્રણ મહિના પછી મહારાજ વાલાભાઈને પણ ધામમાં તેડી ગયા.

આ સાધુઓને અને ઠાકોરજીને જમાડો એ પ્રાયશ્ચિત્ત

ગામ કડીયાના વણિક હરિભક્ત ભીમજીભાઈ અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગી પાસે બેઠા અને તરત જ રડી પડ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "કેમ રુવો છો ?"

તેણે કહ્યું : "સ્વામી ! મારો ભાઈ બે દિવસ પહેલાં ધામમાં ગયો પણ મહારાજે તેને ધામમાં પેસવા દીધો નહીં અને કહ્યું : 'એ ભક્ત આપણો જ છે અને આ ધામનો જ અધિકારી છે. પણ તેણે કુસંગી ભાગીદારો સાથે રહીને પાપ કર્યું છે તેનું પ્રાયશ્ચિત્ત કર્યું નથી. માટે તેને હમણાં દેહમાં પાછો મૂકી આવો ને તે જૂનાગઢ જઈ આ ધામનું મૂર્તિમાન સ્વરૂપ ગુણાતીતાનંદ સ્વામી પાસે પ્રાયશ્ચિત્ત કરે પછી તેને અહીં લાવો.' એટલે મારો ભાઈ પાછો દેહમાં આવ્યો. અમે તો તેની દેહક્રિયા કરવા તેના દેહને બાંધતા હતા, ત્યાં તેનો હાથ હલ્યો અને થોડીવારે તે બોલ્યો કે 'મને ખાટલે લ્યો.' પછી અમે તેને ખાટલા ઉપર સુવાર્યો. થોડી વારે તેણે આ વાત મને કહી. તેને શું

પ્રાયશ્ચિત્ત કરવું તે આજ્ઞા લેવા મને આપની પાસે મોકલ્યો છે.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'અરે ! તમારે વળી પ્રાયશ્ચિત્ત શું ? આ સાધુઓને અને ઠાકોરજીને જમાડો એ પ્રાયશ્ચિત્ત !''

ભીમજીભાઈએ સ્વામીશ્રીની આજ્ઞાનુસાર બીજે દિવસે રસોઈનું નક્કી કર્યું. તે વખતે સભામાં બેઠેલા એક હરિભક્તે તેમને પૂછ્યું : ''તમને વાંધો ન હોય તો તમારા ભાઈએ શું પાપ કર્યું હતું તે અમને કહો. એટલે અમે પણ એવા પાપથી ડરીએ.''

એટલે તેણે કહ્યું : ''અમે સાત ભાગીદારોએ શેરડીનો વાઢ કર્યો હતો. તે વાઢમાં શેરડી ખાવા એક શેઢાઈ[૭૬] હળી હતી. તે રોજ શેરડી ખાઈ જાય. ઘણા ઉપાયો કર્યા પણ તે વાઢ છોડીને જતી ન હતી. તેથી એક દિવસ અમે સૌને કુબુદ્ધિ સૂઝી, તેથી તેના દરમાં કાંટા ભરાવ્યા અને તે સળગાવ્યા તેથી શેઢાઈ અંદર ને અંદર શેકાઈ ગઈ. આ પાપ અમને લાગ્યું હતું.''

આ વાત સાંભળી સ્વામીશ્રીએ સભામાં સૌને ઉપદેશ દેતાં કહ્યું : ''શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'માં આજ્ઞા કરી છે કે મારા આશ્રિત કોઈએ પણ જીવ, પ્રાણીમાત્રની હિંસા ન કરવી અને જૂ, માંકડ જેવા ઝીણા જીવને પણ ક્યારેય જાણીને મારવા નહિ તેમજ દેવતા અને પિતૃના યજ્ઞને અર્થે પણ બકરા આદિ જીવની હિંસા ન જ કરવી. કારણ શાસ્ત્રોમાં અહિંસાને જ મોટો ધર્મ કહ્યો છે. માટે જેને ભગવાનના ધામમાં જવું હોય તેણે તો જાણે-અજાણે જે પાપ થઈ જાય તે વાત મોટા સત્પુરુષ આગળ કહેવી અને તે પાપના નિવારણ માટે મોટાપુરુષ કહે તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવું. જો એમ કોઈ નહીં કરે તો આ ભીમજીના ભાઈની પેઠે મહારાજ તેને ધામમાં ગરવા નહીં દ્યે. માટે નિયમ જો ખરેખરા પાળશો તો ભગવાનના ધામમાં પૂગશો ને તેમાં ખામી રહેશે તેટલું દુઃખ આ લોકમાં અને બીજે જરૂર ભોગવવું પડશે.''

બીજે દિવસે ભીમજીભાઈએ રસોઈ આપી પોતાના ભાઈના પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું. પછી સ્વામીશ્રી તથા સંતોને ધોતિયાં ઓઢાડ્યાં. ઘેર જતી વખતે તેણે સ્વામીશ્રીને પૂછ્યું : ''સ્વામી ! હવે મારા ભાઈને ધામમાં જવામાં વાંધો આવશે નહીં ને ?''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''અરે, હવે વાંધો શો ? તું ઘેર પહોંચ કે

૭૬. એક પ્રકારનું જનાવર, શાહુડી. તે રાત્રે દેખવામાં આવે છે, તેને શેરડી ઘણી ભાવે છે.

બીજે દિવસે તે ધામમાં પહોંચી જાય.''

પછી સ્વામીશ્રીને દંડવત્ કરી આજ્ઞા લઈને તે ઘેર આવ્યો. બીજે દિવસે સ્વામીશ્રીની આજ્ઞા મુજબ તેના ભાઈ ધામમાં ગયા.

અન્નકૂટનો છેલ્લો ઉત્સવ

સંવત ૧૯૨૩ના અન્નકૂટનો ઉત્સવ ધામધૂમથી કર્યો. આ સમૈયામાં જેટલા હરિભક્તો આવ્યા તેમને સ્વામીશ્રીએ દર્શન, વાતોનું અપાર સુખ આપ્યું. હવે પૃથ્વી ઉપરથી પોતાને અંતર્ધાન થવાનો સંકલ્પ હોવાથી સ્વામીશ્રી જે જે હરિભક્તો આવતા તેમને આગ્રહપૂર્વક રોકી કથાવાર્તા કરતા અને મહારાજના સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરાવતા. વળી, વંથળી, ઉપલેટા, સમઢિયાળા, માળિયા હાટીના વગેરે ગામોના હરિભક્તોને સ્વામીશ્રીએ વાતોનું સુખ આપવા ખાસ તેડાવ્યા હતા. અચિંત્યાનંદ બ્રહ્મચારી તથા રઘુવીરચરણદાસને મંદિરનો વહીવટ સોંપ્યો હોવાથી સ્વામીશ્રી નિરાંતથી કથાવાર્તાનું સુખ સૌને આપતા હતા.

તે અરસામાં વંથળીના લક્ષ્મીદાસ પટેલ, દેવજીભાઈ, શામજીભાઈ, પંચાણભાઈ વગેરે હરિભક્તો આચાર્ય મહારાજને વંથળી પધારવા આમંત્રણ દેવા આવ્યા હતા. તેમણે સૌએ મળી આચાર્ય મહારાજ પાસે જઈ પ્રાર્થના કરી : ''મહારાજ ! આપ વંથળી પધારો.''

ત્યારે આચાર્ય મહારાજે તેમને કહ્યું : ''અમારે શરીરે ઠીક રહેતું નથી. એક પૈસાભાર પણ જો ગળામણ[૭૭] ખવાય છે તો તરત ઊલટી થઈ જાય છે. માટે અહીં દર્શન કરો.'' એમ કહીને પછી તે હરિભક્તો સામે દૃષ્ટિ કરી.

તેમને સૌને નિરાશ થયેલા જોઈ તેમણે કહ્યું : ''ભલે, જો સ્વામીની મરજી હશે, તો અમે આવીશું.'' આ સાંભળી હરિભક્તો કાંઈક હોંશમાં આવ્યા. પછી તેઓ સૌ સ્વામીશ્રી પાસે ગયા.

ઊલટીયે બંધ થઈ જાય અને લાલજી પણ થાય

તે વખતે સ્વામીશ્રી સિંહાસન સામે થાંભલાને ઓઠિંગણ દઈને બેઠા હતા અને મહાપૂજા થતી હતી. આ હરિભક્તો ત્યાં આવ્યા અને સ્વામીશ્રીને

૭૭. ગળપણવાળો પદાર્થ.

વાત કરી. ત્યાં મહાપૂજાની આરતી થઈ એટલે સ્વામીશ્રી ધર્મતનયદાસજીનું કાંડું પકડી ઊભા થયા અને બોલ્યા : "ઊલટીયે બંધ થઈ જાય અને લાલજી પણ થાય. પણ પછી કહેશે કે ગુણાતીતાનંદ ભગવાન થયો."

આરતી પૂરી થયા બાદ તે હરિભક્તોને સ્વામીશ્રીએ કહ્યું : "તમે સૌ વંથળી જાઓ ને તૈયારી કરો. મહારાજ પધારશે."

સ્વામીશ્રીનું વચન સાંભળી સૌ રાજી થઈ મહારાજના સ્વાગતની તૈયારી કરવા વંથળી ગયા.

સ્વામીશ્રીએ મહારાજ પાસે આવીને કહ્યું : "મહારાજ ! આ સોરઠ દેશના હરિભક્તો બહુ પ્રેમી છે અને વળી મહિમાવાળા છે. માટે આપને તેમના સૌના ગામે પધારવું પડશે. વળી, એમ કરતાં પંચતીર્થનાં દર્શન પણ થશે." સ્વામીશ્રીની મરજી જોઈ મહારાજે હા પાડી.

આચાર્ય મહારાજ સાથે સોરઠમાં વિચરણ

બીજે દિવસે આચાર્ય મહારાજને લઈ સ્વામીશ્રી, સાધુ, પાળા, બ્રહ્મચારી અને હરિભક્તોનો સંઘ લઈને વંથળી પધાર્યા. હરિભક્તોએ અત્યંત ભાવભીનું સ્વાગત કર્યું. રાત્રે સભા સારી થઈ.

સવારે આચાર્ય મહારાજ પૂજા કરતા હતા તે વખતે આચાર્ય મહારાજ માટે ભેંસના દૂધના પેંડા કરાવ્યા હતા તે લઈને કુંજવિહારીદાસ આવ્યા. મહારાજ પૂજા કરી રહ્યા પછી તેમાંથી સ્વામીશ્રીએ મહારાજને એક પેંડો આપતાં કહ્યું : "મહારાજ ! આ એક પેંડો જમો."

ત્યારે મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે જાણો છો ને કે એક પૈસાભાર પણ જો ગળપણ ખવાય તો મને તરત ઊલટી થઈ જાય છે. વળી, આજે પાછું પધરામણીએ જવું છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "મહારાજને સંભારીને આ એક પેંડો જમો. મહારાજ ઊલટી નહીં થવા દે. વળી, આપને શરીરે સારું હશે તો પધરામણીએ જાશું, નહીં તો પધરામણીએ જવાની જરૂર નથી. માટે આટલો આ એક પેંડો જમો."

સ્વામીશ્રીનો આગ્રહ જોઈ તેમના વચનમાં વિશ્વાસ લાવી આચાર્ય મહારાજ સ્વામીશ્રીએ આપેલો પેંડો જમ્યા. લગભગ બે કલાક થયા પણ

ઊલટી ન થઈ. તેથી સ્વામીશ્રીનો પ્રતાપ તેમને સમજાયો. પછી સૌની સાથે ગામમાં હરિભક્તોને ઘરે પધરામણીએ પધાર્યા.

ગામમાં પધરામણીએથી આવ્યા પછી સ્વામીશ્રીએ આચાર્ય મહારાજના રસોઇયા પાસે શીરો-પૂરી કરાવ્યાં. રસોઈ તૈયાર થઈ એટલે ઠાકોરજીને થાળ ધરાવી મહારાજને જમવા બોલાવ્યા. સ્વામીશ્રી આ વખતે પણ ત્યાં પધાર્યા અને મહારાજને કહ્યું : ''આપ શીરો-પૂરી જમો. કાંઈ નહીં થાય.''

સ્વામીશ્રીના વચનમાં તેમને વિશ્વાસ હવે દૃઢ થયો. તેથી નિઃશંક થઈને શીરો-પૂરી જમ્યા. જમીને પછી થોડી વાર કથામાં બેસી પછી પોઢી ગયા. સાંજે ચાર વાગે સભામાં પધાર્યા ને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આજ તો ઊલટી ન થઈ અને શરીરે પણ સારું રહ્યું. હું ગાદીએ બેઠો ત્યારથી તે આજ સુધી આવું સારું તો કોઈ દિવસ રહ્યું નથી.''

તે સાંભળી સ્વામીશ્રી રાજી થયા અને કહ્યું : ''મહારાજની મરજી છે અને હરિજનોનો પ્રેમ છે માટે સુખ આપો.''

વંથળીમાં બે દિવસ રોકાઈ સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજ અને સંઘ મેઘપુર પધાર્યા. ત્યાં એક દિવસ રહી લાડકીબાનો દરબાર તથા બીજાં પ્રસાદી સ્થાનનાં દર્શન કરી આખા, પીપલાણા અને અગત્રાઈ થઈને માળિયા પધાર્યા. અહીં હરિભક્તોએ રસોઈ કરાવી સૌને જમાડ્યા. પછી ગામમાં દરેક ઘરે મહારાજની પધરામણી કરી.

હાટીને માળિયેથી માંગરોળ અને પંચાળા તરફ જવાનો વિચાર કરતા હતા, કેમ કે ઊના તરફ તો પથરાવાળી જમીન એટલે મહારાજને ફાવે નહીં અને ઊલટી થાય. એટલામાં તો સમઢિયાળેથી ભાયાભાઈ આવ્યા. તે વખતે સ્વામીશ્રી રોટલો અને કઢી જમતા હતા. આજુબાજુ ઘણા હરિભક્તો સ્વામીશ્રીની પ્રસાદી લેવા વાટ જોઈને બેઠા હતા. પરંતુ સ્વામીશ્રીએ ભાયા ભક્તને જોયા એટલે પોતાના સેવકને કહ્યું : ''આ પ્રસાદી સમઢિયાવાળા ભાયા ભક્તને આપજો.'' સ્વામીશ્રી જમી રહ્યા એટલે તેમના પત્તરની પ્રસાદી ભાયા ભક્તને આપી. પછી સ્વામીશ્રી કથા કરીને પોઢી ગયા.

એ બધું કોના હાથમાં છે ?

સાંજે ચાર વાગે સ્વામીશ્રી જાગ્યા. અહીં માળિયામાં બાબુ હાટીએ

જૂનાગઢ મંદિરને આંબાવાડી ભેટ આપી હતી. તેથી સ્વામીશ્રીએ સૌને કહ્યું : "ચાલો આંબાવાડીએ." આચાર્ય મહારાજ પણ તૈયાર થયા.

સ્વામીશ્રીએ ભાયા ભક્તને કહ્યું : "તમારી ઘોડી લાવો. તે ઉપર અમે બેસીએ." એટલે ભાયા ભક્ત ઘોડી ઉપર પલાણ બાંધીને સ્વામીશ્રી પાસે લાવ્યા. સ્વામીશ્રી તે ઉપર બેઠા. બીજા સૌ પગે ચાલીને જવા લાગ્યા. નદી આગળથી સાધુ તથા હરિભક્તો પગકેડીએ ચાલવા લાગ્યા. પરંતુ ત્યાં ઘોડી ઊતરે તેમ ન હોવાથી સ્વામીશ્રી તથા ભાયા ભક્ત મોટે રસ્તે ચાલ્યા. તે વખતે લાગ જોઈને ભાયા ભક્તે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! તમે ભેગા છો તો મહારાજ સમઢિયાળા પધારે તો બહુ સારું. મને બેવડો લાભ મળે. પણ આપ કહો તો મહારાજ પધારે !"

ત્યારે સ્વામીશ્રીએ તેનો ભાવ જોઈને કહ્યું : "જાઓ, મહારાજ આવશે."

એટલે ફરી ભાયા ભક્તે કહ્યું : "પણ સ્વામી ! મહારાજને તો ઊલટી થાય છે તે શી રીતે આવશે ?"

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "તમારે મહારાજને પધરાવવા હશે તો ઊલટી બંધ થઈ જાશે. એ બધું કોના હાથમાં છે ? મહારાજ આપણા દેશમાં ફરશે ત્યાં સુધી ઊલટી નહીં થાય."

ભાયા ભક્તને આ સાંભળી શાંતિ થઈ ! વળી, થોડી વાર પછી તેમણે પૂછ્યું : "પણ સ્વામી ! મહારાજ તો પંચાળા તરફ જવાનો વિચાર કરે છે તે સમઢિયાળે શી રીતે આવશે ?"

તેમના એક પછી એક પ્રશ્નોથી સ્વામીશ્રી હસ્યા. આ ભોળા ભક્તને મહારાજને પોતાને ત્યાં પધરાવવાનો કેવો ભાવ છે તે જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમારા ઘરમાં આવીને બેસે તો ઠીક ને ?"

એટલે ભાયા ભક્તે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! તો તો બહુ સારું."

એમ વાતોમાં આંબાવાડી આવી ગઈ. સ્વામીશ્રી ઘોડી ઉપરથી ઊતર્યા. આખી વાડી નીરખીને જોઈ. પછી આંબા નીચે સભા કરી અને સ્વામીશ્રીએ વાતો કરી. સંધ્યા ટાણું થવા આવ્યું એટલે સૌ ઊઠ્યા ને મંદિરે આવ્યા.

અહીં આવી ભાયા ભક્તે મહારાજને વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! સમઢિયાળા પધારો."

એટલે મહારાજે કહ્યું : "અમને ઊલટી થાય છે તેથી તે પથરાવાળી

જમીનમાં ન ફાવે.''

ત્યારે ભાયા ભક્તે કહ્યું : ''પણ મહારાજ ! અમારા સ્વામી કહે છે કે મહારાજ આપણા દેશમાં ફરશે ત્યાં સુધી ઊલટી નહીં થાય.''

તે સાંભળી મહારાજે તેમના સામું જોઈને કહ્યું : ''જો એમ હોય તો સ્વામીને પૂછો.''

એમ વાત કરે છે ત્યાં પંચાળેથી દરબાર દાજીભાઈને આવતા તેમણે દેખ્યા એટલે તેઓ તરત જ સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું : ''સ્વામી ! પંચાળાના ગરાસિયા આવ્યા છે એટલે હવે અમારે ત્યાં તો નહીં અવાય અને તમને પંચાળે તેડી જશે.''

સ્વામીશ્રીએ તેમને ધીરજ આપતાં કહ્યું : ''તમે મૂંઝાવ મા, તમારે ત્યાં જરૂર આવીશું.''

એમ વાત થાય છે ત્યાં દાજીભાઈ આવી પહોંચ્યા. સીધા મહારાજ પાસે તેઓ ગયા અને મહારાજને દંડવત્ કરી પગે લાગીને કહ્યું : ''મહારાજ ! પંચાળા પધારો.''

ત્યારે મહારાજે તેમને કહ્યું : ''તમે સ્વામીને જઈને પૂછો.''

એટલે તે સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગી પાસે બેઠા. પછી હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! મહારાજને પંચાળા પધરાવવા છે. આપ કહો તો મહારાજ પધારે.''

તેમની વિનંતી સાંભળી સ્વામીશ્રીએ તેમને ધીરેથી કહ્યું : ''મહારાજને વખતોવખત ઊલટી થયા કરે છે. વળી, એક વખત તો તમારે ત્યાં આવી ગયા છે. માટે આ ફેરે તો ભલે ઊના તરફ જાય, ઊનાવાળાનો સામાન બે વર્ષથી બગડે છે.'' આ પ્રમાણે તેમને સ્વામીશ્રીએ કહ્યું. પરંતુ દરબાર થોડા ઉદાસ થઈ ગયા એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''બાપુ ! મૂંઝાશો નહીં. અમે તથા બ્રહ્મચારી તમારે ત્યાં આવીશું અને એક માસ રહેશું. બ્રહ્મચારી પાસે કથા વંચાવીશું અને અમે વાતો કરી તમને આનંદ કરાવીશું.''

સ્વામીશ્રીનું આ કૃપાવાક્ય સાંભળી દરબાર રાજી થયા. સ્વયં સ્વામી જ જો એક મહિનો પંચાળા રહીને સમાગમનું સુખ આપે તો તેથી રૂડું શું ? પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમારે મહારાજની પૂજા કરવી હોય તો અહીં કરી લ્યો !''

એટલે બાપુએ મહારાજની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. માળિયામાં પાંચ દિવસ રહ્યા અને પછી ત્યાંથી ઊના જવા નીકળ્યા.

સમઢિયાળામાં

ઊના જવા માટે ગાડાં ગામ દાળિયાદારીને રસ્તે હાંક્યાં. પરંતુ કોઈને ખબર ન હતી કે ઊના જવાનું છે. તેથી સૌ મહારાજને પૂછવા લાગ્યા : "મહારાજ ! આ કયે રસ્તે ચાલ્યા ?"

ત્યારે મહારાજે કહ્યું : "સ્વામીને પૂછો અમને ખબર નથી. સ્વામી જ્યાં તેડી જાય ત્યાં આપણે જવું છે."

પછી ગામ વેરાવળ થઈને પ્રાચી પધાર્યા. ત્યાંથી ચાલ્યા અને રસ્તામાં એક રાત્રી રહી ગામ ફાટસર પધાર્યા. અહીં થોડો આરામ કરીને વડવિયાળે થઈને ભાયા ભક્તને ગામ સમઢિયાળે પધાર્યા.

ભાયા ભક્તને તો અત્યંત આનંદ થઈ ગયો ! સ્વામીશ્રીએ વચન આપ્યું હતું કે 'મહારાજ તમારે ઘેર આવીને બેસશે' - તે સત્ય થયું. તેમણે ઉત્તમ રસોઈ કરીને સૌને જમાડ્યા. પછી પોતાને ઘેર પધરામણી કરી. આચાર્ય મહારાજ તેને ઘેર પધાર્યા ને ગાદી-તકિયે વિરાજ્યા. ત્યારે સ્વામીશ્રીએ ભાયા ભક્તને કહ્યું : "કેમ ભાયા ! મહારાજ તમારે ઘેર પધાર્યા ને ?"

ત્યારે તેણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! એ તો તમે દયા કરી તેથી પધાર્યા. નહીં તો અમારો વારો ક્યાંથી આવે ?" આ પ્રમાણે પોતાના અત્યંત લાડીલા ભક્તનો સંકલ્પ સ્વામીશ્રીએ પૂરો કર્યો.

ઊનામાં

સમઢિયાળામાં એક દિવસ રહીને સ્વામીશ્રી, આચાર્ય મહારાજ તથા સૌ ત્યાંથી નીકળી ગામ કાંધી પધાર્યા. અહીં થોડો વખત રોકાયા. પછી કાંધીથી નીકળી ઊના પધાર્યા. ઊનામાં સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજ દસ દિવસ રહ્યા અને ત્યાંના હરિભક્તોને બહુ જ સુખ આપ્યું. ઊનાના હરિભક્તોનો બે વર્ષનો સંકલ્પ આ રીતે સ્વામીશ્રીએ પૂરો કર્યો. પછી સૌ ત્યાંથી નીકળ્યા.

ડેડાણમાં

ઊનાથી નીકળી સીમર, ગરાળ, ગાંગડા, બ્રાહ્મણનું સમઢિયાળું, ટીંબી, માણસા ને વાંકધરા થઈને ગામ ડેડાણ પધાર્યા. અહીં સ્વામીશ્રીને તંબૂના થાંભલાની ખીલી સાથળમાં વાગી તેથી હાલવા-ચાલવામાં મુશ્કેલી જણાવા લાગી. તેથી આચાર્ય મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમારાથી સભામાં ન અવાય તો કાંઈ નહીં." એટલે સ્વામીશ્રી પોતાને આસને બેસી રહેતા.

પરંતુ હરિભક્તો બધા સ્વામીશ્રીને આસને આવીને બેસવા લાગ્યા. સ્વામીશ્રીને આસને સભા થવા લાગી. તેથી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે સૌ સભામાં જાઓ અને ત્યાં બેસો."

એટલે થોડા ઊઠ્યા ને સભામાં ગયા અને ફરી પાછા સ્વામીશ્રી પાસે આવીને બેઠા. સ્વામીશ્રીમાં શ્રીજીના સ્વરૂપની એવી આકર્ષણ શક્તિ હતી તેથી સૌ સ્વામીશ્રી પાસે ખેંચાઈને આવતા અને શાંતિ પણ સ્વામીશ્રી પાસે જ થતી. સ્વામીશ્રી મુસાફરીમાં હોય ત્યારે પણ સૌ સ્વામીશ્રીની ગાડી પાછળ જ ચાલતા જેથી દર્શન થાય અને વાતોનું સુખ સૌને મળે. સ્વામીશ્રી પોતાની ગાડી બધા સદ્‌ગુરુઓની ગાડીની પાછળ જ રખાવતા. તો પણ સૌ સાધુ તથા હરિભક્તો સ્વામીશ્રીની ગાડીની આજુબાજુ જ ચાલતા. સ્વામીશ્રી પણ તેમનો આવો ભાવ જોઈ ઝૂલણા, સાખી, છંદ કે શ્લોક બોલી વાતો કરતા. હરિભક્તો પણ ખાડા-ટેકરા ન જોતાં આડેધડ ચાલતાં ચાલતાં સ્વામીશ્રીની આ દિવ્યવાણીનો લાભ લેતા. આથી અદ્‌ભુતાનંદ સ્વામીએ પવિત્રાનંદ સ્વામીને કહ્યું : "જુવો તો ખરા ! આ તે શું કહેવાય ? હરિભક્તો બધા આ ગુણાતીતાનંદ સ્વામીમાં કેવા તણાય છે ? આડેધડ ચાલ્યા આવે છે !"

આ પ્રમાણે ડેડાણથી ચાલતાં ચાલતાં સૌ આદસંગ આવ્યા. ત્યાંથી દેતડ ગયા. ત્યાંથી ગામ બારપટોળી પધાર્યા. અહીં સ્વામીશ્રીએ જૂનાગઢથી જાગા ભક્તને વરતાલ સમૈયે સાથે આવવા બોલાવ્યા હતા તે તથા સાધુ માધવપ્રિયદાસ અને માધવચરણદાસ વગેરે સાધુઓ ભેગા થઈ ગયા. તેઓ બધા જૂનાગઢથી હજારી ફૂલના હાર લાવ્યા હતા. સ્વામીશ્રીને સૌએ તે હાર પહેરાવ્યા. જેમની પાસે બે હાર હતા તેમણે એક હાર આચાર્ય મહારાજને પણ પહેરાવ્યો. સ્વામીશ્રી સૌને મળ્યા. જાગા ભક્તને ગાડીમાં બેઠા થકા જ

દૃષ્ટિ વડે મળ્યા અને પૂછ્યું : "અંતરે સુખી છો ને ?" આ પ્રમાણે દૃષ્ટિ વડે જાગા ભક્તને મળીને અપાર સુખ આપ્યું, જૂનાગઢમાં જાગા ભક્તને સિત્તેર ઠેકાણે સ્વામીશ્રી મળ્યા હતા અને એક માસમાં ચાલીસ વખત મળ્યા હતા. પરંતુ તે કરતાં પણ આજે દૃષ્ટિ વડે મળીને તેમને અપાર સુખ આપ્યું. આગળ ચાલતાં ગોરધનભાઈ કોઠારીએ મહારાજશ્રીને માટે જાગા ભક્ત સાથે મોકલાવેલો હાર, મહારાજશ્રીનું નામ દઈને તેમને આપ્યો. પછી ગામમાં પહોંચ્યા અને ઉતારા કર્યા.

બારપટોળીમાં

અહીં આવી વસ્ત્ર બદલી સ્વામીશ્રી બોલ્યા : "નાહવા જવું છે." પછી કહ્યું : "જાગા ભક્તને મળ્યા નથી તે ચાલો મળીએ." એમ કહી તેમને બોલાવીને મળ્યા અને તેમના શિષ્ય રાજા ભક્તને પણ મળ્યા. તેમને બંનેને પાલ[૭૮]માં ભેગો ઉતારો આપ્યો. સ્વામીશ્રી બહિર્ભૂમિ જઈને, આવીને નાહ્યા. પછી આસને બેસીને માળા ફેરવવા લાગ્યા. તે વખતે ત્યાં સરપ નીકળ્યો. સ્વામીશ્રીની પાસે હરજીવન બેઠા હતા. સરપ જોઈને હરજીવનને બીક લાગી. તેથી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "બીશો નહીં. એ તો જનાવર નીકળે." એટલું કહ્યું ત્યાં તો તે ક્યાં ગયો તે ખબર પડી નહીં.

બારપટોળીમાં એક દિવસ રોકાઈને ત્યાંથી નીકળી કોવૈયા, રામપરા થઈને ગામ ડુંગર પધાર્યા. અહીં ગામના હરિભક્તોએ વાજતેગાજતે સામૈયું કર્યું. અમરેલીથી સ્વામી બાલમુકુન્દદાસ તથા કોઠારી ત્રિકમદાસ અહીં આવ્યા હતા. તેમને સ્વામીશ્રી મળ્યા અને બહુ જ સુખ આપ્યું. અહીં ગામમાં સૌને ઉતારો આપ્યો. રસોઈનો સામાન લાવ્યા એટલે વડની નીચે રસોઈ કરવાનું ચાલું કર્યું.

રસોઈ તૈયાર થયા પછી ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. પછી સાધુઓ પત્તર ધોઈને પત્તરનું પાણી એક જગ્યાએ નાખતા હતા ત્યાં ઉપરનાં પાંદડાં ખસ્યાં અને નીચે ઘોરો દેખાણી. તેથી એક સાધુએ આ હકીકત પવિત્રાનંદ સ્વામીને જઈને કહી અને કહ્યું : "આજે રસોઈ કરવાનો વારો જૂનાગઢના સાધુનો હતો. તેમણે ઘોરોમાં રસોઈ કરી. રસોઈ કરવાનું તેમને

૭૮. નાનો તંબૂ.

ભાન નથી અને વળી, ઠાકોરજીના થાળનો પણ તેમને ભાર નથી.''

એટલે પવિત્રાનંદ સ્વામી ચિડાયા અને બહુ બોલ્યા ત્યારે તેમના શિષ્ય સુમિત્રાનંદે કહ્યું : ''શું લવ્યા કરો છો ? રસોઈમાં આપણા સાધુ પણ એ ભેગા હતા.'' તે સાંભળી પવિત્રાનંદ સ્વામી છાના રહી ગયા.

બલિ રાજાનું વચનામૃત વાંચો

આ પ્રસંગથી જાગા ભક્તને થયું કે આપણે પાલમાં સૌ ભેગો ઉતારો કર્યો છે, વળી, પ્રાગજી ભક્ત અને શામજીભાઈ ઊના આવીને સ્વામીશ્રીને મળી ગયા, તે બધી દાઝ આ સાધુઓ સ્વામીશ્રી ઉપર ઉતારે છે. માટે સ્વામીશ્રીને આપણા માટે સાંભળવું પડે તે ઠીક નહીં. એમ વિચાર કરી હકા ભગતને કહીને એક મોદિયું મંગાવ્યું અને તંબૂની બહાર આસન કર્યું. બપોરની સભામાં પોતે પાલની બહાર બેઠા એટલે સ્વામીશ્રીએ તંબૂની ઝાલર ઊંચી કરી તેમના સામું જોઈ કહ્યું : ''બેઠા છો ને ?''

એટલે તેમણે કહ્યું : ''હા.''

પછી સ્વામીશ્રીએ યોગેશ્વરદાસજીને કહ્યું : ''યોગેશ્વરદાસ ! બલિ રાજાનું વચનામૃત વાંચો.'' તેથી તેમણે ગ. પ્ર. ૬૧મું વચનામૃત વાંચ્યું.

તે ઉપર સ્વામીશ્રીએ બહુ વાતો કરીને જાગા ભક્તને કહ્યું : ''આટલું વચનામૃત તમારું કરી રાખજો.'' એમ કહી શ્રીપતિમ્ કરીને ઊઠ્યા.

આ લોક જ દુઃખરૂપ છે

ડુંગરથી નીકળી ગઢડા દેશમાં રાજુલા પાસે છાપરિયાળી ગામે સંઘ આવ્યો. અહીં થોડી વાર મુકામ કર્યો. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''ચાલો નાહવું છે.'' એટલે જાગા ભક્ત તુંબડી લઈને સ્વામીશ્રીનો હાથ ઝાલીને ચાલ્યા. બીજા સાધુ તથા હરિભક્તો પાછળ પાછળ આવવા લાગ્યા. તેમને સૌને સ્વામીશ્રીએ પાછા વાળ્યા. બહિર્ભૂમિ જઈ આવી, માટીથી હાથ ધોઈ સ્વામીશ્રી ખેતરમાં બેઠા. તેમની સામે જાગા ભક્ત બેઠા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''આવો, એક ખાનગી વાત કરવી છે.''

એમ કહી સ્વામીશ્રી બોલ્યા : ''શ્રીજીમહારાજે છેલ્લી વખતે ઉદાસ થઈ મુક્તાનંદ સ્વામીને એકાંતમાં વાતો કહી હતી, તે તમને હું કહું છું.

શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું હતું કે આ લોક જ દુઃખરૂપ છે. શ્રીકૃષ્ણ સાક્ષાત્ ભગવાન હતા. પરંતુ તેમનાં માતાપિતાને બંદીખાનું જ રહ્યું ને ત્યાં જ તેમનો જન્મ થયો. આ જગતમાં કોઈ ગરીબ હોય તેને પણ સુવાવડમાં સૂંઠનું પાણી પીવાનું, વસાણું ખાવાનું વગેરે મળે અને વળી મંદવાડમાં ચાકરી કરનાર પણ કોઈક હોય. પરંતુ વસુદેવ-દેવકીજીને તેટલું પણ ન મળ્યું. વળી, શ્રીકૃષ્ણનો જન્મ થયો કે તરત જ વરસતા વરસાદમાં તેમને ગોકુળ મૂકી આવવા પડ્યા. દશ દિવસ થયા ત્યાં તો માસી પૂતના મારવા આવી. પછી શકટાસુર, અઘાસુર, બકાસુર, વત્સાસુર, ધેનુકાસુર, કેશી વગેરે મારવા આવ્યા. તેમનો કૃષ્ણ ભગવાને નાશ કર્યો. પછી મામા કંસે તેડાવ્યા. ત્યાં ધનુષ્ય ભાંગ્યું. કુવલયાપીડ હાથીને માર્યો. ભાઈઓ સહિત કંસનો નાશ કર્યો. ત્યાં જરાસંધ આવ્યો. તેને સત્તર વખત હરાવ્યો. ગુરુને ઘેર બાર માસ રહ્યા. જરાસંધ અઢારમી વખત આવ્યો ત્યારે ભાગ્યા અને દ્વારકા વસાવી. ત્યાંથી કાળયવન પાછળ પડ્યો તેનો નાશ કરાવ્યો. એમ ત્રીસ વર્ષની ઉંમર થઈ પણ કોઈએ ચાંદલો કરીને કન્યા આપી નહીં. તેથી હરણ કરી એક-બે કરીને આઠ કન્યાઓને પરણ્યા ને સોળ હજાર ને એકસો તો એક જ દિવસે પરણ્યા. પરંતુ વસુદેવ-દેવકીની આંખોમાંથી એક દિવસ પણ આંસુ સુકાયું નહીં. છેવટે જાદવાસ્થળી કરાવી કુટુંબનો નાશ કરાવ્યો ને પોતે પણ એમ જ દેહ મૂક્યો. એમ આ લોક જ દુઃખરૂપ છે.'' એટલી વાત કરીને પછી વળી ફરી બોલ્યા : ''તમને જે કોઈ કહે છે તે મારા જાણીને કહે છે. માટે જો મારા મટી જાઓ તો પછી તમને કોઈ કાંઈ પણ કહેશે નહીં.''

એટલે જાગા ભક્ત હાથ જોડીને બોલ્યા : ''સ્વામી ! આપના તો મહારાજ છે. હું આપનો થયો નથી. પરંતુ આપે મને પોતાનો માન્યો છે તો પોતાનો રાખી નભાવજો !''

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમે જૂનાગઢ જાઓ તો સારું કાં જે હંમેશાં ઊઠીને તમને કહે છે તે મારાથી ખમાતું નથી.''

એટલે જાગા ભક્તે હાથ જોડીને કહ્યું : ''ભલે, એમને જે કહેવું હોય તે કહે. મેં કેટલુંક તો આ લોકને માથે નાખ્યું છે ને કેટલુંક તો મારી જાતને માથે નાખ્યું છે ને કેટલુંક ગુણને માથે નાખ્યું છે. મને તેનું બિલકુલ દુઃખ નથી. માટે આપ કહો તો ભેગો આવું ને કહો તો પાછો જૂનાગઢ જાઉં.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમારા સેવકોને આવું સમજાવ્યું છે ?"

એટલે જાગા ભક્તે કહ્યું : "હા, સ્વામી !"

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "તો ભલે, ભેગા ચાલ્યા આવો." એ પ્રમાણે અંતરની ઘણી વાત કરી પછી નાહીને આસને પધાર્યા.

સ્વામી તો માવતર છે

છાપરિયાળી ગામથી સાંજે નીકળીને સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજ રાજુલા પધાર્યા. અહીં આવ્યા પછી મહારાજને ઊલટી શરૂ થઈ. એટલે એક જણે આવીને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આજ મહારાજને ઊલટી થઈ."

ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : "આ કેનો દેશ છે ?"

એટલે કોઈકે કહ્યું : "આ તો ગઢડાનો દેશ છે."

તેથી સ્વામીશ્રીએ કહ્યું : "હવે અમારે માથે નહીં." એમ કહીને પછી ત્રિકમદાસ તરફ જોઈને સ્વામીશ્રીએ કહ્યું : "તું મહારાજને દર્શને એકલો જાઈશ મા." એમ કહીને તેનું કાંડું ઝાલીને સ્વામીશ્રી મહારાજનાં દર્શને ગયા.

ત્રિકમદાસ મહારાજને દંડવત્ કરે છે એટલામાં પવિત્રાનંદ સ્વામી ત્યાં આવ્યા અને ત્રિકમદાસને જોઈ વઢવા લાગ્યા : "તમે અમરેલીમાં એટલું બધું ખર્ચ કેમ કરી નાખ્યું ? ત્યાં હરિજનનું એકેય ઘર નથી. વળી, વરતાલ બોલાવ્યા તો પણ આવ્યા નહીં."

એટલે સ્વામીશ્રીએ તેનો જવાબ આપતાં કહ્યું : "અમરેલીનું મંદિર કાંઈ ત્રિકમદાસે નથી કર્યું. એ તો અમે કર્યું છે. માટે જે કહેવું હોય તે અમને કહો. તે બાબતનું કાંઈ ત્રિકમદાસને કહેવાનું નથી."

તે સાંભળી ભગવત્પ્રસાદજી મહારાજે પવિત્રાનંદ સ્વામી સામું જોઈને કહ્યું : "સ્વામી તો માવતર છે માટે એમણે જે કર્યું તે ઠીક જ કર્યું હશે." સ્વામીશ્રીએ ત્રિકમદાસની આમ રક્ષા કરી.

મહુવામાં સમાચાર મળ્યા કે સ્વામીશ્રી ફરતાં ફરતાં રાજુલા પધારવાના છે. સાથે આચાર્ય મહારાજ અને આખો સંઘ છે. તેથી ત્યાંના સૌ હરિભક્તોએ સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજની મહુવામાં પધરામણી કરવાનું નક્કી કર્યું. સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજના સંઘને તેડવા મોકલવા સારુ બાંભણિયેથી બેચર પટેલના બળદ મંગાવ્યા ને વિઠ્ઠલ

કાણકિયાનું ગાડું મંગાવ્યું. આમ, તૈયારી કરીને લીલાધર, પૂજાભાઈ તથા ફૂલચંદ ખીમજી સ્વામીશ્રીને તથા સંઘને તેડવા સારુ રાત્રે રાજુલા પહોંચ્યા.

ફૂલચંદ ખીમજી દરબારી ઉતારામાં ઊતર્યા અને લીલાધર તથા પ્રેમજીએ ફૂલચંદ ખીમજીના વંડામાં રસોઈ કરી. પ્રેમજી ગાડું છોડીને બળદ બાંધીને લીલાધર જ્યાં રસોઈ કરતા હતા ત્યાં આવતા હતા. એટલામાં એક ધોળી મૂછવાળો સરપ જે આ વંડામાં ફર્યા કરતો હતો તેનું પૂછડું પ્રેમજીના પગ નીચે દબાવાથી, તે સરપ પ્રેમજીના પગે વીંટાઈ ગયો. સરપની બીકને લીધે પ્રેમજી મોટેથી 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરવા માંડ્યો અને સ્થિર થઈ ગયો ! તેને ઊભો ઊભો સ્વામિનારાયણની ધૂન કરતો જોઈ લીલાધરે પૂછ્યું : "પ્રેમજી ! શું થયું છે ?" ત્યારે તે કાંઈ બોલ્યો નહીં પણ એક શ્વાસે તેણે ધૂન ચાલુ રાખી. છેવટે સરપ જ્યારે છૂટો પડ્યો ત્યારે તેણે રાડ નાખીને કહ્યું : "મને એરુ વીંટાઈ ગયો હતો." તેને ધીરેથી બેસાડી સૌ જમ્યા. રાત્રે સ્વામીશ્રી તથા સંઘની તપાસ કરી તો ખબર મળી કે સૌ ત્યાંથી નીકળી ગયા હતા.

તેથી બીજે દિવસે વહેલી સવારે તેઓ રાજુલાથી નીકળ્યા. રસ્તામાં ખબર મળ્યા કે સ્વામીશ્રી ભૂંડણી ગામે છે. એટલે ત્યાં ગયા. ત્યાં અચિંત્યાનંદ બ્રહ્મચારી હતા. તેણે કહ્યું : "તમે રોકાવ. સ્વામી હમણાં આવશે. બીજે ગામ ગયા છે."

પછી બ્રહ્મચારીએ તેમને ત્રણેને કૂણાં કૂણાં ચીભડાં ખાવા આપ્યાં. એટલામાં ખબર આવ્યા કે સ્વામીશ્રી પધારે છે. તેથી સૌ ગામને પાદર ગયા. સ્વામીશ્રીને સામે ગામથી સો હરિભક્તો વળાવવા આવ્યા હતા. તે બધા 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે' એ ઝિલણિયું કીર્તન બોલતા હતા. સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા હતા. જાગા ભક્તે સ્વામીશ્રી માથે ધોળી છત્રી ધરી હતી. આમ, સ્વામીશ્રીનાં અલૌકિક દર્શન સૌને થયાં. સૌ ગામમાં આવ્યા. અહીં આવ્યા પછી જમીને સ્વામીશ્રીએ કથા શરૂ કરી.

સ્વામી તો અંતરની વાત કરી દે છે

મહુવાથી રાજુલા આવતાં લીલાધરે ફૂલચંદભાઈને કહ્યું હતું કે "સ્વામી તો વાતની વાતમાં અંતરની વાત કરી દે છે. તેથી ધ્યાન રાખવું."

તેથી ફૂલચંદભાઈ સ્વામીશ્રી તરફ એકધારી દૃષ્ટિથી જોતાં દર્શન કર્યાં

જ કરતા હતા. એટલામાં તો સ્વામી ફૂલચંદભાઈ તરફ જોઈ વાતની વાતમાં બોલ્યા : ''કેટલાક હરિભક્તને પગમાં સરપ વીંટાઈ જાય છે તોય અમારો કેડો છોડતા નથી.''

તે સાંભળી ફૂલચંદભાઈને લીલાધરની વાત યાદ આવી. તેથી તેણે તરત જ કહ્યું : ''સ્વામી ! એ વાત તો આપે અમારી કરી.''

સ્વામીશ્રીએ એકદમ વાત પલટાવી દીધી. પછી સૌ ગામમાં વસ્તા ભક્તને ત્યાં રાત રહ્યા. રાત્રે સ્વામીશ્રીએ વાતોનો મેહ વરસાવ્યો.

બીજે દિવસે સવારે ત્યાંથી નીકળીને આદસંગ જવા તૈયાર થયા. અચિંત્યાનંદ બ્રહ્મચારી ગાડીમાં બેઠા હતા. તેમણે ફૂલચંદભાઈને કહ્યું : ''આવો ફૂલચંદભાઈ ! ગાડીમાં બેસો !''

પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : ''તેમને ચાલવા દ્યો.''

સ્વામીશ્રી સાથે દરબારી અસવારો હતા. તેમનામાંના એકે ઘોડી ઉપરથી ઊતરીને ફૂલચંદભાઈ પાસે જઈને કહ્યું : ''શેઠ ! આવો, ઘોડી ઉપર બેસો.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''શેઠ ભલે ચાલે.'' એમ સ્વામીશ્રીની મરજી જોઈ ત્રણ ગાઉ ચાલી સૌ આદસંગ પહોંચ્યા. ત્યાં એક દિવસ અને એક રાત્રી રહ્યા. પછી ત્યાંથી નીકળી પાછા રાજુલે આવ્યા.

અહીં ફૂલચંદભાઈએ તેમના વંડામાં સ્વામીશ્રીની પધરામણી કરી. આચાર્ય મહારાજ તથા સૌ સંતોની પૂજા કરી. પછી સ્વામીશ્રીને ધોતિયું ઓઢાડ્યું. ત્યારે સ્વામીશ્રી ફૂલચંદભાઈ સામું જોઈને હસીને બોલ્યા : ''આ ધોતિયું શિયાળબેટ ટીંબાના વાણિયાનું ઓઢીએ છીએ.''

ફૂલચંદભાઈના પિતા અને વડવાઓ બધા અસલ શિયાળબેટના હતા. પરંતુ ફૂલચંદભાઈ સિવાય તે કોઈ જાણતું ન હતું. આ પ્રમાણે સ્વામીશ્રીએ ફૂલચંદભાઈને પોતાની અંતર્યામી શક્તિ જણાવી. લીલાધરે કરેલી વાતનો અનુભવ ફૂલચંદભાઈને પળે પળે થતો હતો. પછી રાજુલાથી નીકળી સૌ ફરી ડુંગર આવ્યા. અહીં કંસાર-રોટલીની રસોઈ જમી મહુવા જવા નીકળ્યા.

આ ગુણાતીત મને ભૂલ્યા નથી

ફૂલચંદભાઈ, લીલાધર અને પ્રેમજી ત્રણે મહુવાથી નીકળીને સ્વામીશ્રીને તેડવા જતા હતા ત્યારે એક કોળી, જે કામ પ્રસંગે મહુવા રહેવા

આવ્યો હતો અને બાજરાનું રખોપું રાખતો હતો, તેણે ફૂલચંદભાઈને કહ્યું : "હું સ્વામીને ઓળખું છું. ઘણા દિવસ ગઢડામાં ભેળા રહ્યા છીએ, માટે તમે સ્વામીને તેડીને આવો ત્યારે મને ખબર આપજો."

સ્વામીશ્રી ડુંગરથી નીકળ્યા ને ભાણવડ પહોંચ્યા તેટલામાં તે કોળી જે બાજરાનું રખોપું કરતો હતો તેણે દૂરથી સ્વામીશ્રીને ઘોડી ઉપર આવતા જોયા અને તરત જ બાજરાનો તાજો પોંક પાડ્યો હતો તે ખોબો ભરીને લીધો અને દોડતો દોડતો સ્વામીશ્રીની સન્મુખ આવ્યો. સ્વામીશ્રીને તે પોંક તેણે આપ્યો. એટલે સ્વામીશ્રીએ તરત જ તેને ઓળખી કાઢ્યો અને તેની ખબર પૂછી. કોળી ભક્ત તો રાજી રાજી થઈ ગયો. તેણે કહ્યું : "આ ગુણાતીત મને ભૂલ્યા નથી !"

મહુવામાં

એમ ચાલતાં ચાલતાં રાત્રે નવ વાગે સૌ મહુવા પહોંચ્યા. તે વખતે મહુવાના મંદિરમાં અનંતાનંદ બ્રહ્મચારીનો વારો હતો. તેથી તેમનું મંડળ લઈને તે ડુંગર સુધી સામા આવ્યા હતા. સહુ કીર્તન બોલતા આવતા હતા. આખું ગામ સ્વામિનારાયણના નામથી અને ભગવાં લૂગડાંથી જાણે રંગાઈ ગયું હોય તેવું થઈ ગયું. સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજનું ભવ્યતાથી સૌએ સ્વાગત કર્યું. વિઠ્ઠલભાઈ, દામા શેઠ, જેઠા શેઠ, હરખા લુવાણા, ભવાનીશંકર, ગીગાભાઈ, વસ્તાભાઈ, સગાળ સોની તેમજ દરબારી અમલદારો સૌ સામા આવ્યા. ધામધૂમથી શહેરમાં સવારી ફરી અને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' નામ આખા શહેરમાં ગાજતું થઈ ગયું. પછી સૌ ઉતારે આવ્યા.

તે વખતે મંદિર સાવ નાનું હતું. રેવાશંકર નાથજીનો ડેલો વેચાણ રાખ્યો હતો તેમાં માંડ માંડ સાધુઓની પથારી થતી. તેથી આચાર્ય મહારાજ તથા સૌ સંતોનો ઉતારો માલણ નદીમાં રાખ્યો હતો. અહીં જુદા જુદા તંબૂઓ ખોડી દીધા હતા. રસોડું ફૂલચંદભાઈના વંડામાં રાખ્યું હતું. સ્વામીશ્રી રોજ ઘોડી ઉપર બેસીને રસોડે પધારતા અને દૃષ્ટિ કરી જતા.

મહુવામાં આચાર્ય મહારાજ અને સ્વામીશ્રી સાત દિવસ રહ્યા. પ્રાગજી ભક્તને વિમુખ કર્યા હતા. પરંતુ તેના લોટ, દાળ, ચોખા વગેરેને વિમુખ

નહોતાં કર્યાં એટલે તે સ્વીકાર્યું. અહીંના હરિભક્તો વિઠલભાઈ, દામોદર શેઠ, જેઠા શેઠ, ફૂલચંદભાઈ, ખીમજી મહેતા, હરખજી લુહાણા, ભવાનીશંકર, રણછોડ ભક્ત, ગીગા ભક્ત, વસ્તા ભક્ત, સગાળ સોની, પ્રાગજી ભક્ત, તેમના ભાઈ નરસિંહભાઈ વગેરેએ આચાર્ય મહારાજ તથા સંઘની ખૂબ સેવા કરી. પવિત્રાનંદ સ્વામીને પ્રાગજી ભક્તની અત્યંત સાધુતા, સેવાભાવ અને અજાતશત્રુતા જોઈ તેમનો અત્યંત ગુણ આવ્યો. સ્વામીશ્રીએ પણ તેમને ખાનગીમાં બોલાવીને હિંમત આપતાં કહ્યું : "કાંઈ ફિકર કરીશ મા. મહારાજ અને આ સાધુનો રાજીપો છે અને ચાર હાથ છે માટે બધું સારું થશે." એમ કહી અપાર સુખ આપ્યું.

મહુવાના વણિક જ્ઞાતિના આગેવાન માલા મહેતાની અંતિમ અવસ્થા હતી. તેમણે ખીમજી મહેતા સાથે મળીને મહુવામાં મંદિર બંધાવામાં ઘણો પક્ષ રાખ્યો હતો.[૭૯] આ વાતની સ્વામીશ્રીને ખબર પડી. એટલે સ્વામીશ્રી માલા મહેતાને ઘરે તેમની ખબર કાઢવા સવારે દસ વાગે અચિંત્યાનંદ

૭૯. માલા મહેતા અને ખીમજી મહેતા, આ બંને મહુવાના દશાશ્રીમાળી વણિક જ્ઞાતિના આગેવાનો હતા. ભાવનગર રાજ્યે તેઓને મહુવા તથા રાજુલાનો સંયુક્ત કારભાર સોંપેલો. મહુવામાં સ્વામિનારાયણ મંદિરનો આરંભ થતાં, તેનો વિરોધ કરીને મંદિર ન થવા દેવા ત્યાંના મોટા મહાજને ગોપનાથજીના મંદિરમાં સમસ્ત જ્ઞાતિઓના સમૂહને એકઠો કર્યો અને ઠરાવ પસાર કર્યો. આ ઠરાવ લઈને તે માલા મહેતાને મળ્યા ને કહ્યું, "તમે સ્વામિનારાયણના સાધુઓ મંદિર બાંધે છે તે અટકાવો ને મહુવામાં આ નવા ધર્મને પ્રવેશવા ન દો."

ત્યારે માલા મહેતાએ કહ્યું : "ખીમજી મહેતા રાજુલા છે. અમે બંને સાથે મળીને આ કામ બંધ રખાવવા નિર્ણય કરીશું."

ત્યારબાદ માલા મહેતા, ખીમજી મહેતાને રાજુલા મળ્યા ને વાત કરી : "સ્ત્રી-ધનના ત્યાગી આવા ગુણિયલ સાધુ મંદિર કરે છે. નીચલા વર્ણને પણ વૈષ્ણવોની જેમ નાહવું-ધોવું, પવિત્રપણે રહેવું એવા નિયમ આપી સુધારે છે. બીજા બાવા-વૈરાગીઓની જેમ ચલમ-ગાંજો એવાં કોઈ વ્યસન રાખતા નથી. માટે આપણે સ્વામિનારાયણનું મંદિર થવા દેવું છે. તેથી હું જ્યારે મહુવા રહું તે દરમ્યાન તમારે રાજુલા રહેવું ને હું અહીં રાજુલા આવું ત્યારે તમારે મહુવા જવું. એમ છ-આઠ મહિના કાઢી નાખવા. ત્યાં છ-આઠ મહિનામાં મંદિર થઈ જશે."

મહુવા સ્વામિનારાયણ મંદિર થઈ ગયું. મહાજનનો રોષ આ બંનેએ સહન કરી લીધો. (આ માલા મહેતા ગુજરાતના ભૂતપૂર્વ નાણામંત્રી જશવંત મહેતાના વડવા હતા.)

બ્રહ્મચારી અને સંતમંડળને લઈને પધાર્યા. સ્વામી ખુરશી ઉપર વિરાજ્યા. માલા મહેતાએ સ્વામીશ્રીના પગ પકડીને વિનંતી કરતાં કહ્યું : "સ્વામી ! કારભારી તરીકે મેં બહુ પાપ કર્યાં છે. તેનો પાર આવે એવો નથી."

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે મંદિરનો પક્ષ રાખ્યો છે તેથી તમારાં તમામ પાપ બળી ગયાં. તમે હવે ચિંતા રાખશો નહીં. શ્રીજીમહારાજ તમને અંતકાળે દર્શન આપીને અક્ષરધામમાં તેડવા માટે આવશે."

પછી 'જલધર સુંદર' એ અષ્ટક સંતો પાસે બોલાવ્યું. ત્યારબાદ 'મારે મોલે આવો હસીને બોલાવો' એ કીર્તનનાં ચાર પદો સંતો પાસે બોલાવ્યાં. એ કીર્તનો બોલી રહ્યા એટલે તેમણે ઠાકોરજીની પૂજા કરી અને પછી ધોતિયાં મંગાવ્યાં હતાં તે સ્વામીશ્રીને, અચિંત્યાનંદ બ્રહ્મચારીને, અનંતાનંદ બ્રહ્મચારીને તથા બીજા સંતોને ઓઢાડ્યાં. સ્વામીશ્રી તેમના ઉપર અત્યંત રાજી થયા અને આશીર્વાદ આપ્યા.

પછી પોતે સંતમંડળ સાથે ઉતારે પધાર્યા. સ્વામીશ્રીના આશીર્વાદ મુજબ થોડા સમયમાં શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા.

તમે તો વ્યાસજી જેવા છો

બપોરે ત્રણ વાગે તળાજાના જગજીવન ભટ્ટ, મહુવાના શિવશંકર ભટ્ટ અને મોનજી જોષી તેમજ મહેતા વિઠ્ઠલદાસ જેઠાભાઈ, મણિશંકર મુગટલાલ વગેરે દસ જણા પ્રશ્નો પૂછવા આવ્યા. પરંતુ અચિંત્યાનંદ બ્રહ્મચારીની વિદ્વત્તા અને મધુર વાણી સાંભળી બોલ્યા : "અમે પ્રશ્ન પૂછવા નથી આવ્યા. તમો તો વ્યાસજી જેવા છો. માટે તમારા રચેલા ગ્રંથના શ્લોક સાંભળવા આવ્યા છીએ." પછી અચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથમાંથી શ્લોકો સંભળાવ્યા.

અહીંથી ચૈત્રી પૂર્ણિમાનો સમૈયો નજીક આવતો હોવાથી આચાર્ય મહારાજ વરતાલ પધાર્યા.

સ્વામીશ્રી મહુવાથી નીકળી ફરતાં ફરતાં કોટિયે પધાર્યા. ત્યાં એક દિવસ રહીને વળા (વલ્લભીપુર) પધાર્યા. અહીં દરબારે સ્વામીશ્રીને રોક્યા અને ફૂલદોલનો ઉત્સવ કર્યો.

પછી ત્યાંથી નીકળી સારંગપુર પધાર્યા. અહીં એક દિવસ રોકાયા. પછી

સારંગપુરથી નીકળીને સ્વામીશ્રી સુંદરિયાણે પધાર્યા. ત્યાં જે પાલ ભેગા લીધા હતા તે મૂક્યા. સુંદરિયાણાથી બરવાળા, નાવડા થઈને વાગડ પધાર્યા. અહીં પ્રસાદાનંદ સ્વામી તથા વાસુદેવાનંદ બ્રહ્મચારી મળ્યા. જૂનાગઢ દેશના કેટલાક હરિભક્તો પણ અહીં ભેગા થયા.

વાગડથી નીકળી કમિયાળા થઈને ગામ નાનીબોરૂ પધાર્યા. અહીંથી સ્વામી બાલમુકુંદદાસજીએ સ્વામીશ્રીને નાહવા સારુ પાણીનાં તુંબડાં ભરી લીધાં. ઉપલેટાવાળા ગોવાભાઈને પણ તેમણે કહ્યું. એટલે તેમણે પણ પાણીનો એક લોટો ભરી લીધો. પછી સ્વામીશ્રી તે પાણીથી નાહ્યા. રામચરણદાસજીએ પૂજા પાથરી દીધી એટલે સ્વામીશ્રીએ પૂજા કરી. એટલામાં ગોવિંદચરણદાસજીએ સેવ બાફીને તૈયાર કરી અને સ્વામીશ્રીને કહ્યું : "પધારો જમવા."

એટલે સ્વામીશ્રીએ સાધુને કહ્યું : "આપણી પાસે પાકના લાડુ છે તે લાવો." એટલે તે સાધુ પાકના લાડુ તથા દાળિયા અને તલના લાડુ લાવ્યા. તેમાંથી સ્વામીશ્રીએ સૌને બબ્બે લાડુ વહેંચી આપ્યા. પછી પોતે જમવા પધાર્યા. જમીને સ્વામીશ્રી પોતાને આસને બેઠા હતા ત્યાં ભગા દોશી આવ્યા. તે એક તાંસળીમાં ઘી-સાકર ભેળવીને સાથવો બનાવી લાવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ પ્રસાદી કરી આપો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમે પ્રસાદી કરી આપશું તે તમે જમશો તો તમારા વાણિયા તમને વઢશે."

એટલે ભગા દોશીએ કહ્યું : "સ્વામી ! હું વાણિયાથી બીતો નથી." પછી સ્વામીશ્રી તેમાંથી થોડું જમ્યા અને સાથવો પ્રસાદીનો કરી આપ્યો.

રાત્રે નિયમ-ચેષ્ટા કરીને સૌ નીકળ્યા. સ્વામીશ્રી ગાડીમાં બેઠા હતા અને લાધો સ્વામીશ્રીની ગાડી હાંકતો હતો. તેને જોઈ સ્વામીશ્રી બોલ્યા : "જેમ અક્રૂરે શ્રીકૃષ્ણનો રથ હાંક્યો હતો, તેમ આ લાધો અમારી ગાડી હાંકે છે." એમ કહીને બોલ્યા : "મહી નદી અને માંગરોળ તેની વચ્ચેના દેશ બધામાં તો સાધુના હાલરાં ફર્યાં છે. તેથી તેટલા દેશમાં જે જે મુમુક્ષુ જીવો હતા તે સર્વે સત્સંગમાં આવી ગયા છે. હવે તો ત્યાં પામર જીવ રહ્યા છે. જેમ ઘેડ દેશમાં જાર વાવે તે પાકે ત્યારે તેને સાંજે લણી લ્યે અને સવારે પહોર દિવસ ચડે ત્યાં સુધી તેને માથે હાલરું હાંકે જેથી દાણા બધા નીકળી

જાય અને ફીફાં રહે, તેમ થયું છે.''

આ પ્રમાણે વાતો કરતાં કરતાં અડવાળ પધાર્યા. અહીં રાત રહીને બીજે દિવસે નીકળ્યા અને કોઠગાંગડ થઈ ધોળકે પધાર્યા. અહીં ઠાસરાવાળા દેસાઈ માધવલાલ મામલતદાર હતા. તેમણે તથા ધોળકાના હરિભક્તોએ સ્વામીશ્રીનું સારું સ્વાગત કર્યું. સ્વામીશ્રીને મંદિરમાં ઉતાર્યા. અહીં સ્વામીશ્રી એક રાત રહ્યા. બીજે દિવસે સાણંદના ઠાકોર સાહેબના આગ્રહથી ધોળકાથી નીકળી સ્વામીશ્રી સાણંદ પધાર્યા. અહીં આવ્યા ત્યારે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની માંદગીના સમાચાર મળ્યા. તેથી અહીં એક દિવસ રોકાઈને સ્વામીશ્રી અમદાવાદ જવા નીકળ્યા.

અમદાવાદમાં સ્વામીશ્રીનું ભવ્ય સ્વાગત

આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને મંદવાડ હતો અને તેર ઉપવાસ થયા હતા. વળી, હૃદયમાં પણ ઘણી જ અશાંતિ હતી. તેથી સ્વામીશ્રીને તેમણે ખાસ તેડાવ્યા હતા. સ્વામીશ્રી સાણંદથી નીકળી સાબરમતી આવ્યા અને ત્યાં નદીમાં સ્નાન કર્યું. અયોધ્યાપ્રસાદજી મહારાજને ખબર મળ્યા કે સ્વામીશ્રી સાબરમતી પહોંચી ગયા છે એટલે તેમણે એક મોટો હાથી, હાથીવાન, ગાડીઓ અને સાતસો સાધુ, પાળા, બ્રહ્મચારી તથા કેશવપ્રસાદજી મહારાજ વગેરેને સામા મોકલ્યા. સ્વામીશ્રી હાથી ઉપર ન બેઠા અને ગાડીમાં બેઠા. અમદાવાદ શહેરમાં સ્વામીશ્રીએ પ્રવેશ કર્યો ત્યારે તેમની દેદીપ્યમાન દિવ્ય મૂર્તિનાં અમદાવાદના હજારો હરિભક્તોએ દર્શન કર્યાં અને સ્વામીશ્રીને ગુલાબ અને મોગરાના હાર પહેરાવ્યા. સ્વામીશ્રીના દિવ્ય સ્વરૂપમાં સૌની વૃત્તિ ખેંચાઈ ગઈ. તેથી સૌ કહેવા લાગ્યા : ''આ તો ઈશ્વરમૂર્તિ કોઈ અલૌકિક પુરુષ છે.''

સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા એટલે ઠાકોરજીના દેરા આગળ પગથિયાં પાસે ઊતરી પ્રથમ શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરી સભામંડપના ચોકમાં, જ્યાં સભા ભરચક ભરાઈ હતી, ત્યાં પધાર્યા. સ્વામીશ્રી સભામાં પધાર્યા એટલે સૌ સંતો, હરિભક્તો ઊભા થયા. સ્વામીશ્રી ખુરસી ઉપર વિરાજ્યા. અહીં સભામાં થોડી મુદ્દાની વાતો કરી, સ્વામીશ્રી તરત જ આચાર્ય મહારાજને મેડે, તેમને મળવા પધાર્યા.

સ્વામીશ્રીને જોઈને જ મહારાજશ્રી હાથ જોડી પગે લાગ્યા. તેમના નેત્રમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. પછી ગદ્‌ગદ કંઠે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપે બહુ દયા કરી અને પધાર્યા તેથી મને શાંતિ થઈ ગઈ !"

સ્વામીશ્રીએ તેમને ધીરજ આપી પથારીમાં સુવાર્યા. પછી કહ્યું : "આપની તબિયત નરમ સાંભળી મને પણ આપનાં દર્શનની ખેંચ હતી. આપણે તો શ્રીજીમહારાજને આશરે બેઠા છીએ અને બધું એમની મરજી અનુસાર થાય છે." એમ કહીને કહ્યું : "આપે તેર દિવસથી અન્ન લીધું નથી તો હવે કાંઈક જમો. કોઈ વાતની ઉદાસીનતા રાખશો નહીં. મહારાજ બધુ સારું કરશે."

સ્વામીશ્રીની આજ્ઞા પાળીને આચાર્ય મહારાજ જમ્યા. પછી તેમણે સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપની આજ્ઞા મેં પાળી હવે મારી એક પ્રાર્થના આપ સ્વીકારો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "આપ તો મહારાજનું સ્વરૂપ છો. માટે આપે તો આજ્ઞા કરીને કહેવું જોઈએ."

એટલે આચાર્ય મહારાજે તરત જ કહ્યું : "સ્વામી ! રામનવમીનો સમૈયો આપ અહીં કરો."

તે સાંભળી સ્વામીશ્રી વિચારમાં પડી ગયા. પછી બોલ્યા : "ભગવત્‌પ્રસાદજી મહારાજને દુઃખ થશે."

ત્યારે મહારાજે કહ્યું : "સ્વામી ! આપે ઘણા સમૈયા વરતાલ કર્યા છે. માટે આ ફેરે અહીં રામનવમી કરો અને સર્વોપરી ઉપાસનાની વાતો કરો."

આચાર્ય મહારાજનો અત્યંત આગ્રહ અને ભાવ જોઈ સ્વામીશ્રીએ હરિજયંતીનો સમૈયો અમદાવાદ કરવાનું કબૂલ કર્યું.

અમારે મથુરાના બ્રાહ્મણોની સમજણ ખપતી નથી

સમૈયાને દિવસે સવારમાં ચોકમાં ચંદની નીચે સભા ભરાઈ હતી. મોટા મોટા સદ્‌ગુરુઓ તથા નંદ સાધુઓ બદરિનાથાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, શ્રીગુરુચરણરતાનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી, ઉત્તમાનંદ સ્વામી તથા નિર્ગુણદાસ સ્વામી, વૃંદાવનદાસ, વ્રજવલ્લભદાસ, મોરલીધરદાસ તથા ત્યાગવલ્લભદાસ વગેરે ગાદી-તકિયે બેઠા હતા. આચાર્યશ્રી કેશવપ્રસાદજી

મહારાજ પાટ ઉપર વિરાજમાન થયા હતા. સ્વામીશ્રીને સભામાં ખુરસી નાખી દીધી હતી. તે ઉપર બેસી સ્વામીશ્રીએ સભામાં મહારાજના પુરુષોત્તમ સ્વરૂપની અદ્ભુત વાતો કરતાં કહ્યું : ''મહારાજ તો સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પુરુષોત્તમ છે. તેમનો પરભાવ અને મહિમા જેમ છે તેમ સમજાય તો જ અક્ષરધામને પમાય.''

એ પ્રમાણે વાત કરી એટલે ઉત્તમાનંદ સ્વામીએ ઊભા થઈને સ્વામીશ્રીને પૂછ્યું : ''શ્રીજીમહારાજને સર્વોપરી કહીએ તો બીજા લોક કેમ માને ? કારણ એ વાત શાસ્ત્રમાં મળતી આવતી નથી.''

એ વાત સાંભળીને સ્વામીશ્રીએ કહ્યું : ''અમારે મથુરાના બ્રાહ્મણોની કે અઠ્યાસી હજાર ઋષિઓની સમજણ જોઈતી નથી. તેમણે શાસ્ત્રો આગળ રાખ્યાં તો શ્રીકૃષ્ણ ભગવાનને પ્રત્યક્ષપણે ઓળખી ન શક્યા અને ભગવાનને થાળ ન આપ્યો. અમારે તો ઋષિપત્નીઓ અને ગોપીઓની સમજણ જોઈએ છે. કારણ તેમને કોઈ પ્રકારે શાસ્ત્રો આડાં આવ્યાં નહીં અને પ્રત્યક્ષ ભગવાનને ઓળખીને પરમપદને પામી ગઈ. તેથી શાસ્ત્રો આજે પણ તેમનાં ગુણગાન ગાય છે. માટે પ્રગટ ભગવાન હોય ત્યારે સાધન અને શાસ્ત્રને પાછાં પાડીને ભગવાન કે મોટાપુરુષની શી અનુમતિ કે રુચિ છે તે સમજીને જે વર્તે, તેનું જ કલ્યાણ થાય છે. ઋષિઓને પણ જ્યારે શ્રીકૃષ્ણના સ્વરૂપની ઓળખાણ થઈ ત્યારે પશ્ચાત્તાપ થયો. આ પ્રમાણે પરોક્ષ શાસ્ત્રની પ્રતીતિથી વિદ્વાન બ્રાહ્મણોને પણ મોક્ષમાર્ગમાં વિઘ્નો નડ્યાં. ભગવાન સહજાનંદ સ્વામી કોઈ વખત આ પૃથ્વી ઉપર આવ્યા નથી અને આવશે પણ નહીં. તેમની સ્વરૂપની દૃઢ પ્રતીતિ રાખીને ગોપાળાનંદ સ્વામી, વિધાત્રાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વગેરેએ પ્રત્યક્ષપણાનાં જે જે સર્વોપરી વચનો કહ્યાં છે, તેમનાં આ વચનોરૂપી શાસ્ત્રોમાં જ દૃઢ શ્રદ્ધા રાખવી એ જ આત્યંતિક કલ્યાણનું અસાધારણ સાધન છે. આવું આત્યંતિક કલ્યાણ એકાંતિક ધર્મ પાળવાથી જ થાય છે. માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત શ્રીહરિની ભક્તિમાં કચાશ હશે તો અક્ષરધામ છેટું પડી જશે.''

આવી રીતે સ્વામીશ્રીએ પુરુષોત્તમપણાની તથા ધર્મની આકરી વાતો કરી તેથી ઉત્તમાનંદ સ્વામીને થયું કે ધર્મની આવી આકરી વાતોથી કેશવપ્રસાદજી મહારાજને ખોટું લાગી જશે અને કદાચ સ્વામીનું અપમાન

કરી બેસશે. તેથી તેમણે ઊભા થઈને કહ્યું : "સ્વામી ! હવે તમે થાક્યા હશો અને સભાટાણું પણ હવે પૂરું થયું છે. માટે હવે રાખો."

એટલે કેશવપ્રસાદજી મહારાજ બોલ્યા : "સ્વામીને વાતો કરવા દ્યો. સ્વામી વાતો કરે છે તેથી મને શાંતિ થઈ ગઈ છે. માટે સ્વામીશ્રીને કોઈ વારશો નહીં. જે વારે તે મારો શત્રુ છે." એમ કહીને સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : "સ્વામી ! આપ વાતો કરો."

આચાર્યના ધર્મ

પછી શિક્ષાપત્રીમાં મહારાજે આચાર્યના જે ધર્મ લખ્યા છે તે પ્રમાણે વર્તવાનો ઉપદેશ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : "શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'માં આચાર્યના ધર્મમાં અતિ રજોગુણનો નિષેધ કર્યો છે અને સાત્ત્વિકપણે વર્તીને પોતાના આશ્રિત ત્યાગી, ગૃહસ્થ હરિભક્તોને ધર્મમાં વર્તાવવા એવી આજ્ઞા કરી છે. તમારે લાંબો ચોટલો અને મોટી મૂછો રખાય નહીં, નાટક-ચેટક જોવાય નહીં. એકલા ફરવા જવાય નહીં, સભા ટાણે સભામાં બેસવું અને સંતો કથાવાર્તા કરે તે સાંભળવી. જે હરિભક્તો, સાધુઓ પગે લાગે તેમને બે હાથ જોડી પગે લાગવું અને નમ્રતા, સંતોષ અને દયાળુપણાના ગુણો કેળવી સેવાભાવી થવું."

સ્વામીશ્રીએ ખૂબ જ પ્રેમપૂર્વક આ પ્રકારે ઉપદેશ આપ્યો. તેથી કેશવપ્રસાદજી મહારાજ અત્યંત રાજી થયા. સભા વિસર્જન થયા પછી વાળંદને બોલાવી ચોટલો તથા મૂછ ઉતરાવી નાખ્યાં અને નાની શિખા રાખી. પછી સ્નાન કરી સ્વામીશ્રીને આસને જઈ પગે લાગ્યા. સ્વામીશ્રી આથી ઘણા જ રાજી થયા.

પીતાંબર ફૂલચંદ[૮૦], ઉમેદ હરગોવિંદ, આશારામ, મોતીરામ, નારણ, પ્રભુદાસ વગેરે અમદાવાદના હરિભક્તો જૂનાગઢ આવતા. સ્વામી તથા શ્રીજીની નિષ્ઠા તેમણે સ્વામીશ્રીને વચને દૃઢ કરી હતી. તેમને સૌને સ્વામીશ્રીએ વચન આપ્યું હતું કે અમદાવાદમાં આવીને તેમને કથાવાર્તા-સમાગમનું સુખ આપીશ. તે વચન સ્વામીશ્રીએ પાળ્યું ને તેમના સૌના મનોરથ પૂરા કર્યા !

---

૮૦. જુઓ પરિશિષ્ટ : ૧/૪, પૃષ્ઠ ૪૨૭.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી સભામાં વિરાજમાન થયા હતા તે વખતે આશારામ પાછળ બેઠા હતા. તેમણે સંકલ્પ કર્યો કે 'સ્વામી જો અક્ષર હોય તો મારી પાસેથી માળા માગીને ફેરવીને પ્રસાદીની કરી આપે.'

તેમનો આ સંકલ્પ જાણીને સ્વામીશ્રીએ તેમના તરફ પાછળ હાથ કરીને કહ્યું : "આશારામ ! તમારી માળા આપશો." એમ માળા માગીને પાંચ માળા ફેરવી, પ્રસાદીની કરી તેને પાછી આપી. આ અનુભવથી આશારામને સ્વામીશ્રી પ્રત્યેની નિષ્ઠા દૃઢ થઈ ગઈ !

તમારી આજ્ઞા માનીએ કે તમારા બાપની ?

તે દિવસે મહારાજની હવેલીમાં જૂનાગઢના તમામ સાધુ-પાળાને જમવાનું હતું એટલે સ્વામીશ્રી પોતાનું સંતમંડળ લઈને હવેલીમાં જમવા પધાર્યા. આચાર્ય મહારાજે ખૂબ જ ભાવપૂર્વક સ્વામીશ્રીને જમાડવાની તૈયારી કરી હતી. સ્વામીશ્રી માટે સોનાનો થાળ મંગાવી તેમાં પિરસાવ્યું. પછી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સ્વામી પાસે બેઠા અને હાથ જોડી કહ્યું : "સ્વામી ! આ થાળ પ્રસાદીનો કરવો છે. માટે આપ આ થાળમાં જમો."

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : "ધાતુના પાત્રમાં સાધુથી જમાય નહીં."

આ સાંભળી આચાર્ય મહારાજે કહ્યું : "સ્વામી ! આપ તો મહારાજનું સ્વરૂપ છો. એટલે આપને બાધ નથી. મહારાજના વખતમાં અમારો વહેવાર દૂબળો હતો તેથી અમો આવી રીતે મહારાજની સેવા ન કરી શક્યા, અને આપે તો મહારાજને અખંડ રાખ્યા છે તેથી આપની સેવા તે મહારાજની જ સેવા છે એમ હું જાણું છું. માટે કૃપા કરી આપ આ થાળમાં જ જમો. આપને તો કચરો અને કંચન બધું સરખું છે."

સ્વામીશ્રી તેમનો ભાવ જોઈ બહુ જ રાજી થયા. પરંતુ મહોબ્બત અને ધર્મ એ બેને બનતું નથી. આવા પ્રસંગે જો મોટાની મહોબ્બત રાખવી હોય, તો ધર્મનો ત્યાગ કરવો પડે.

સ્વામીશ્રીને મન તો શ્રીજીમહારાજની આજ્ઞાનું પાલન શિર સાટે હતું. છતાં આચાર્ય મહારાજને પણ ખોટું ન લાગે તેવી રીતે સ્વામીશ્રીએ કહ્યું : "આપ કહો છો તેમ અમને કચરો અને કંચન સરખું છે એ વાત સાચી,

પરંતુ મહારાજની આજ્ઞા છે કે આ ધૂળના પાત્રમાં[૮૧] જમાય અને આ ધૂળના પાત્રમાં[૮૨] ન જમાય.''

ત્યારે મહારાજે કહ્યું : ''સ્વામી ! આજે તો હું આજ્ઞા કરું છું તેથી થાળમાં જમો.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''પણ આજ્ઞા તમારી માનીએ કે તમારા બાપની ?'' એમ કહીને પોતે થાળમાં પત્તર મૂક્યું અને બોલ્યા : ''લ્યો, આ તમારી અને તમારા બાપની બંનેની આજ્ઞા રહી.''

પછી ભાતભાતનાં ભોજનો મહારાજે પિરસાવ્યાં અને સમ દીધા પરંતુ સ્વામીશ્રી તેમાંનું કાંઈ પણ જમ્યા નહીં. સ્વામી બાલમુકુંદદાસજીએ ભંડારી સાધુને અગાઉથી કહી રાખ્યું હતું તેથી તેમણે બાજરાનો રોટલો કરી રાખ્યો હતો. તે બાજરાનો રોટલો અને દાળ સ્વામીશ્રી જમ્યા.

બીજે દિવસે એકાદશી હતી. તે દિવસે નડિયાદથી કૃપારામ પંડ્યા સ્વામીશ્રીની પધરામણી પોતાને ઘેર કરવાની હોવાથી સ્વામીશ્રીને તેડવા આવ્યા. તેમની સાથે સ્વામીશ્રી તથા સંતો નીકળ્યા. રેલગાડીની તે અરસામાં શરૂઆત થઈ હતી. સ્વામીશ્રી પહેલવહેલા રેલગાડીમાં બેઠા. થોડી વારમાં નડિયાદ આવ્યું એટલે કૃપારામભાઈએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! નડિયાદ આવી ગયું.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''અરે એટલી વારમાં નડિયાદ આવી ગયું ?'' એમ કહીને બોલ્યા : ''શ્રીજીમહારાજે અક્ષરધામમાં જવા સારુ આવી જ સીધી સડક (અર્ચિમાર્ગ) બાંધી દીધી છે. તેથી જો શ્રીજીમહારાજની ઉપાસના દૃઢ હોય તો આંખ મીંચીને ઉઘાડીએ ત્યાં અક્ષરધામમાં પૂગી જવાય.'' એમ કેટલીક વાતો કરી. પછી સ્ટેશને ઊતર્યા. સ્વામીશ્રીને તેડવા માટે વરતાલથી સિગરામ મોકલ્યો હતો. તેમાં બેસી સ્વામીશ્રી પ્રથમ કૃપારામભાઈને ઘેર પધરામણીએ પધાર્યા અને પછી વરતાલ જવા નીકળ્યા.

પવિત્રાનંદ સ્વામીનો પ્રબંધ

અહીં વરતાલમાં સાંજના ચાર વાગે સભા થઈ. તેમાં પવિત્રાનંદ સ્વામીએ વાત ઉપાડી : ''શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'માં આજ્ઞા કરી છે કે

૮૧. લાકડાના; ૮૨. સુવર્ણના.

આચાર્ય મહારાજ પોતાને ગામ આવે, તેમજ પાછા જાય ત્યારે તેમને તેડવા સામા જવું. પરંતુ ત્યાગી સાધુની સામે જવાનું લખ્યું નથી. માટે સર્વેને ચેતવણી આપવાની કે ગુણાતીતાનંદ સ્વામી આજે અમદાવાદથી આવે છે અને તેમના માટે ગાડીઓ ગઈ છે. માટે તેમની સામે જવા કોઈએ સભામાંથી ઊઠી દોડાદોડી કરવી નહીં. અહીં સભામાં આવે ત્યારે તેમને ઊઠીને પગે લાગવું.'' એ પ્રમાણે પ્રબંધ કર્યો અને કથા ચાલતી કરી.

સ્વામી ! આ ફેરે બહુ ઐશ્વર્ય વાપર્યું !

થોડી વારે સભામાંથી કોઈ બોલી ઊઠ્યું કે 'સ્વામીની ગાડી કડવા કૂઈએ આવી પહોંચી છે.' તે સાંભળતાં જ સભામાંથી તમામ ઊઠીને સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે દોડ્યા. આથી સભામંડપ ખાલી થઈ ગયો ! ફક્ત પવિત્રાનંદ સ્વામી, શુક સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી તથા આચાર્ય મહારાજ આ ચાર જ સભામાં રહ્યા. આ સદ્‌ગુરુઓના સેવકો પણ સ્વામીશ્રીનાં દર્શન કરવા દોડી ગયા. સ્વામીશ્રીની ગાડી ચરામાં જોઈ એટલે બધા દંડવત્ કરવા મંડી પડ્યા. કોઈએ પણ ખાડો, ટેકરો, ઝાડ, ઝાંખરા કાંઈ જોયું નહીં. પૃથ્વીને જાણે શ્વેત અને લાલ ચાદરોથી મઢી દીધી હોય તેવી અપૂર્વ શોભાયુક્ત પૃથ્વી દેખાવા લાગી.

સ્વામીશ્રીએ સિગરામ ઊભો રખાવ્યો અને બધાને દંડવત્ કરતા રખાવ્યા. પછી બે હાથ ઊંચા કરી સૌને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીનો સિગરામ ઊભો રહ્યો એટલે બધા એક પછી એક આવીને સ્વામીશ્રીનો ચરણસ્પર્શ કરવા લાગ્યા. જેમની પાસે હાર હતા તેમણે સ્વામીશ્રીના કંઠમાં પહેરાવ્યા. આ પ્રમાણે જે ખરેખરા મુમુક્ષુઓ હતા તેઓ તો સ્વામીશ્રીની મૂર્તિમાં ખેંચાયા જ.

પછી સ્વામીશ્રીની ગાડી ત્યાંથી ચાલી અને હનુમાનજીવાળે દરવાજે આવી એટલે આચાર્ય મહારાજ તથા સભામાં બેઠેલા ત્રણે સદ્‌ગુરુઓ સામા આવ્યા અને સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રી ગાડીમાંથી ઊતર્યા એટલે શુકમુનિએ સ્વામીશ્રીનો હાથ પકડી લીધો અને હસતાં હસતાં સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ ફેરે બહુ ઐશ્વર્ય વાપર્યું !''

ત્યારે સ્વામી બોલ્યા :

"માનવ જાણે હું કરું, કરતલ બીજો કોઈ;
આદર્યાં અધૂરાં રહે, હરિ કરે સો હોઈ."

એ સાખી બોલીને શુકમુનિને મર્મમાં સમજાવી દીધું. શુકમુનિ પણ સમજી ગયા કે શ્રીજીમહારાજના પ્રતાપે આજે આ સાધુનું કર્યું થાય છે. પછી તેમણે સ્વામીની માફી માગી. સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરી પાછળ ચોકમાં સભા ગોઠવી હતી ત્યાં પધાર્યા.

અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે

સભામાં આચાર્ય મહારાજ પાટ ઉપર વિરાજ્યા હતા. ત્યાં જઈ સ્વામીશ્રીએ તેમને દંડવત્ કર્યા. પછી બધાને 'જય સ્વામિનારાયણ' કહી પાટ પાસે ખુરશી ઉપર વિરાજ્યા. સ્વામીશ્રી સભામાં વિરાજ્યા એટલે તેમનાં દર્શન કરવા અને તેમને હાર પહેરાવવા સભામાંના તમામ હરિભક્તો પાટ પાસે આવવા લાગ્યા, એમાં થોડી ધક્કામુક્કી થઈ.

એટલે ગોપાળજીદાદા (રઘુવીરજી મહારાજના મોટાભાઈ) અકળાઈ ગયા. આગળથી જ સ્વામીશ્રીને ઠપકો આપવાનું દાદાએ માથે રાખેલ હતું. તેથી આ પ્રસંગે તે એકદમ બોલી ઊઠ્યા : "કોઈ નિયમ રાખતા નથી અને પ્રેમલા થઈને ધક્કામુક્કી કરો છો. વળી, સ્વામીશ્રીને પણ ભગવાન થવું છે એટલે કોઈને કાંઈ કહેતા નથી."

તેમનું આ વચન સાંભળી સ્વામીશ્રી પાલ ગામના ભાદા પટેલનું કાંડું ઝાલીને સભામાં ઊભા થયા અને ઊંચે સાદે બોલ્યા : "કોઈ અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે. માટે અમને કોઈ ભગવાન કહેશો નહીં. ભગવાન તો એક સર્વોપરી અને સર્વ અવતારના કારણ એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે, અને શાસ્ત્રમાં જેને અક્ષરબ્રહ્મ કહ્યા છે તે આજે તમારી સભામાં તમારી સમક્ષ વાતો કરે છે. માટે ઓળખી રાખજો." એટલું કહીને સ્વામીશ્રી બેસી ગયા.

સ્વામીશ્રીની આ વાત સાંભળી ગોપાળજીદાદા તો ટાઢા થઈ ગયા. વળી, બધા સદ્‌ગુરુઓને પણ એમ થયું કે જ્યારે અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સ્વામીનો મહિમા સમજી તેમનું સન્માન કરે છે અને સ્વામીને સોનાના થાળમાં જમાડે છે, ત્યારે આપણે ભાગે જ તેમનું

અપમાન કરવાનું વારંવાર આવે છે. એમ સર્વેના અંતરમાં પરિતાપ થવા લાગ્યો. સ્વામીશ્રીએ તો, પછી શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ અને તેમને અખંડ ધરી રાખનાર ધામસ્વરૂપ અક્ષર આ બંને સ્વરૂપોને ઓળખવાની અતિ અદ્‌ભુત વાતો સભામાં કરી અને આ અપમાન સંબંધી એક શબ્દ પણ પોતાની વાતમાં આવવા દીધો નહીં.

સ્વામી ! મારું બોલ્યું માફ કરજો

સ્વામીશ્રીનું અપમાન દાદાએ કર્યું એ વાતની આચાર્ય મહારાજની હવેલીમાં બાઈઓને ખબર પડી એટલે તેમણે દાદાને બોલાવીને કહ્યું : ''સ્વામીની માફી માગીને આવો તો જમવા મળશે.''

આથી દાદા કંકુ તથા સાકરનો પડો લઈ સ્વામીશ્રીને આસને આવ્યા. સ્વામીશ્રીની પૂજા કરી સાકરનો પડો ધર્યો ને ધોતિયું ઓઢાડ્યું. પછી હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! મારું બોલ્યું માફ કરજો. મને તો બીજાએ ચડાવ્યો હતો.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને ધીરજ આપતા કહ્યું : ''તમે હરિભક્તોને વાજબી જ કહ્યું છે કે ભીડ કરી ઉપરાઉપરી પડવું તે અવિવેક કહેવાય. તમે અમારું તો કાંઈ અપમાન કર્યું જ નથી. એટલે અમને તેનો કાંઈ ઉચાટ નથી.'' નિષ્કપટ થઈ સ્વામીશ્રીની માફી માગી તેથી દાદાને અંતરમાં શાંતિ થઈ ગઈ !

પૂર્ણિમાના સમૈયા પછી ભગવત્‌પ્રસાદજી મહારાજ, પવિત્રાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ તેમજ બીજા સાધુ, પાળા, બ્રહ્મચારી સૌ અમદાવાદ આચાર્ય મહારાજ માંદા હતા તેમને જોવા જતા હતા. સ્વામીશ્રી પણ તેમની સાથે વરતાલથી નીકળ્યા.

નીકળતી વખતે સ્વામીશ્રી બાલમુકુંદદાસજી તથા રઘુવીરચરણદાસનો હાથ ઝાલીને સૌને મળ્યા. તે વખતે શુક સ્વામીએ સ્વામીને કહ્યું : ''હવે સાચવજો, પેલા બહારવાળાનો પ્રસંગ રાખશો નહીં.''

એ સાંભળતાં જ સ્વામીશ્રી એકદમ અકળાઈ ગયા. અને બોલ્યા : ''આની કાંણ તો કે'દી મટી જ નહીં.''

એટલે તરત જ શુકમુનિ સ્વામીશ્રીના પગમાં પડી ગયા અને માફી

માગી. પછી તેમણે કહ્યું : "સ્વામી ! એમાં મારો વાંક નથી. પણ આ કાળા મોઢાનો ધણી આપનો હાથ ઝાલનાર રઘુવીરચરણદાસ હંમેશાં આવીને આપને આ પ્રમાણે કહેવાનું મને કહી જાય છે."

સ્વામીશ્રી તે સાંભળી કાંઈ બોલ્યા નહીં. સ્વામીશ્રીની સાથે તેમનું શિષ્યમંડળ - સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી યોગેશ્વરદાસજી, જાગા ભક્ત, રણછોડ ભક્ત, હરિશંકરભાઈ, મનજી ઠક્કર વગેરે એકાંતિક શિષ્યો હતા.

આ બધો સંઘ હાથીવાળે દરવાજે થઈને નીકળ્યો. હજારો હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા નીકળ્યા. જેને જેને પૂજા કરવાની રહી ગઈ હતી તેમણે સ્વામીશ્રીની ગાડીમાં હાર તથા ધોતિયાં નાખવા માંડ્યાં. મહેળાવના રસ્તા સુધી હરિભક્તો પાછળ આવ્યા અને ધોતિયાં ઓઢાડ્યાં. ત્રણ-ચાર ગાડાં ભરીને ધોતિયાં થયાં.

સ્વામીએ માયાને પોતાના ઐશ્વર્યથી દબાવી

આવી રીતે સંવત ૧૯૨૩ની ચૈત્રી પૂર્ણિમાનો છેલ્લો સમૈયો સ્વામીશ્રીએ વરતાલ કર્યો ને મુક્તોએ જે માયા પ્રસારી હતી તેને પોતાના જ્ઞાન, ઐશ્વર્ય, પ્રતાપથી દાબી, મહારાજના પુરુષોત્તમપણાનો ડંકો મારી, શાસ્ત્ર-પુરાણની તંતીવાળાની સમજણ ફેરવી, આ લોકમાં જે કાર્ય કરવા માટે પોતે મહારાજની સાથે પધાર્યા હતા, તે સંપૂર્ણ કર્યું.

સ્વામીશ્રી મહેળાવ પધાર્યા. અહીંના હરિભક્તો જીણાભાઈ, દલાભાઈ, મથુરભાઈ, હાથીભાઈ વગેરેએ સારી સેવા કરી. મથુરભાઈ રાયણો લાવ્યા હતા તે સ્વામીશ્રીને ધરાવી. તેથી સ્વામીશ્રી બહુ જ રાજી થયા.

સ્વામીશ્રીનું અમદાવાદમાં ભવ્ય સ્વાગત

સ્વામીશ્રી આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ અને સદ્‌ગુરુઓ સાથે ફરી અમદાવાદ પધાર્યા. અયોધ્યાપ્રસાદજી મહારાજે કાંકરિયા તળાવે હાથી મોકલ્યો હતો તેમજ બીજી ગાડીઓ પણ મોકલી હતી. કેશવપ્રસાદજી મહારાજ અને બીજા સદ્‌ગુરુઓ પણ સામા આવ્યા હતા. સરકારી અમલદારો તેમજ વાજાં પણ સાથે લાવ્યા હતા. સ્વામીશ્રીએ તથા સંતોએ કાંકરિયા તળાવમાં સ્નાન કર્યું અને સૌએ પૂજા ત્યાં જ કરી. પછી શણગારેલો

હાથી લાવ્યા હતા તે ઉપર ભગવત્પ્રસાદજી મહારાજ તથા કેશવપ્રસાદજી મહારાજ બેઠા. બીજો હાથી વડતાલથી લાવ્યા હતા તે ઉપર ગોપાળજી મહારાજ બેઠા. સ્વામીશ્રી અને સૌ સદ્ગુરુઓ સિગરામમાં બેઠા. આ પ્રમાણે સવારી ગોઠવી. આગળ વાજાં, તેની પાછળ ભણનારા સાધુઓ શ્લોક બોલતાં ચાલતા હતા. પાછળ બીજા સાધુઓ કીર્તનો બોલતાં ચાલતા હતા. તેમની પાછળ ગાડીઓ, વચ્ચે બે હાથીઓ, પાછળ હરિભક્તો. આ પ્રમાણે ચાલતાં ચાલતાં સૌ મંદિરે પધાર્યા.

આ તો ગુણાતીતાનંદ સ્વામી ભીડો ખમે

સ્વામીશ્રીને દરવાજાને માથે મહારાજવાળે મેડે ઉતારો આપ્યો હતો. પવિત્રાનંદ સ્વામી તથા ભૂમાનંદ સ્વામી વગેરે સદ્ગુરુઓ પણ ત્યાં જ ઊતર્યા હતા. પરંતુ સ્વામીશ્રીને આસને તો હરિભક્તોની ભીડ થવા લાગી, તેથી ઉતારામાં હાલવા-ચાલવાની પણ જગ્યા રહી નહીં. આથી પવિત્રાનંદ સ્વામી અકળાયા. તેમણે કહ્યું : "અરે ! ક્યાં ગયો જગજીવન ! આંહીં અમારો ઉતારો હોય ? એ તો આ ગુણાતીતાનંદ સ્વામી ભીડો ખમે. અમારાથી ન ખમાય. માટે અમને તો બીજે ઉતારો આપો." એ પ્રમાણે કહી તેમણે તથા બીજા સદ્ગુરુઓએ ઉતારો બદલી નાખ્યો.

પ્રાગજી ભક્ત તથા શામજીભાઈ પોતાનું સમાધાન કરાવવા વરતાલ ગયા હતા. પરંતુ વરતાલમાં શુક સ્વામીએ સલાહ આપી તેથી તેઓ બંને અમદાવાદ આવ્યા. તેઓ મંદિરની બહાર ઓટલા ઉપર ઊતર્યા. સ્વામીશ્રી બહાર નાહવા જાય કે પધરામણીએ જાય ત્યારે તેઓ દર્શન કરે અને બીજાઓને કહે : "આ અક્ષરધામ ચાલ્યું જાય છે, માટે દર્શન કરી લ્યો."

સ્વામીશ્રી તે સાંભળતાં આડી નજરે પ્રાગજી ભક્ત તરફ દૃષ્ટિ કરી તેમને સુખ પણ આપતા. વળી, કોઈ કોઈ વાર કહેતા કે "જુઓને ! આને લોકો વિમુખ કહે છે. પણ એકાંતિકની સમજણવાળા ખરા સત્સંગી તો એ જ છે. તેમને વિમુખ કહેનારા પોતે જ વિમુખ છે."

અમદાવાદમાં સ્વામીશ્રી નવ દિવસ રહ્યા. પછી સ્વામીશ્રીએ ભગવત્પ્રસાદજી મહારાજને કહેવરાવ્યું કે "અમારે અમરેલીનું મંદિર પૂરું કરવું છે એટલે અમે હવે ચાલશું. આપ રોકાજો !"

એટલે મહારાજે રજા આપી. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહેવરાવ્યું. ત્યારે તેમણે કહ્યું : "એક દિવસ રોકાઓ."

તેથી સ્વામીશ્રી તેમની પાસે ગયા અને કહ્યું : "મહારાજ ! અમે અમારા ગુરુ પાસેથી રજા લીધી છે."

ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું : "એ ગુરુ અને અમે ગુરુ નહીં ?" એટલે સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "મહારાજ ! તમેય ગુરુ તો ખરા પણ અમારું કાંડું શ્રીજીમહારાજે એમના હાથમાં સોંપ્યું છે."

પછી અયોધ્યાપ્રસાદજી મહારાજે ભગવત્‌પ્રસાદજી મહારાજને કહેવરાવ્યું કે "સ્વામીને કાલે રોકવા છે." ભગવત્‌પ્રસાદજી મહારાજે તેમાં અનુમતિ આપી.

બીજે દિવસે સ્વામીશ્રી અમદાવાદથી નીકળ્યા. સ્વામીશ્રીને વળાવવા સાધુ તથા હરિભક્તો લીંબડા તળાવ સુધી આવ્યા. પછી તેમને સૌને પાછા વાળીને સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા ને અશલાલી આવ્યા. અહીં ગામથી ઉત્તરમાં મહારાજની બેઠક છે ત્યાં ઊતર્યા. અહીં સાધુઓએ કઢી અને બાજરાના રોટલા બનાવ્યા. તે સ્વામીશ્રી જમ્યા. ત્યારબાદ મહારાજની લીલાની ઘણી વાતુ કરી. પછી ત્યાંથી નિર્ગુણદાસજીને આગળથી ધોળકે મોકલ્યા. ત્યારબાદ સ્વામીશ્રી પણ સંઘ સાથે નીકળીને સાબરમતીમાં સ્નાન કરી ધોળકે પધાર્યા.

ધોળકામાં

અહીં માધવલાલભાઈએ તથા ત્યાંના હરિભક્તોએ સ્વામીશ્રીનું સામૈયું કર્યું. ઉતારો કરાવી સ્વામીશ્રીની પોતાને ઘેર પધરામણી કરી. પોતાના પુત્ર મગનલાલ પાસે સ્વામીશ્રીની ષોડશોપચારે પૂજા કરાવી. પછી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

અહીં સભામાં સ્વામીશ્રીએ ઘણી વાતો કરી. પછી ચકલી તળાવ, હનુમાનજીની જગ્યા તથા મહાદેવજીની જગ્યા એ સર્વે પ્રસાદીના સ્થાનમાં સ્વામીશ્રી દર્શને પધાર્યા. આમ, ધોળકામાં એક દિવસ રોકાયા. ધોળકાથી નીકળી સ્વામીશ્રી ગણેશ ધોળકાની રાણ્યુંમાં પધાર્યા. અહીં ગણેશની ફાંદ ઉપર મહારાજે પોતાનું ચરણારવિંદ અડાડેલ હતું તે ઉપર સ્વામીશ્રીએ હાથ ફેરવીને કહ્યું : "આંહીં મહારાજે પોતાનું ચરણારવિંદ અડાડ્યું હતું અને આ

ઠેકાણે રાત્રી રહ્યા હતા.'' એ પ્રમાણે કેટલીક વાતો કરીને ત્યાંથી નીકળ્યા અને ધંધૂકે થઈને ધોલેરા પધાર્યા.

ધોલેરામાં

ધોલેરામાં મંદિરના મહંત દેવનંદનદાસે તથા બીજા સંતોએ સ્વામીશ્રીનું સારું સન્માન કર્યું. પછી ભાવપૂર્વક રસોઈ કરીને જમાડ્યા અને પૂજા કરી. બીજે દિવસે ધોલેરાથી નીકળી સ્વામી ફરતાં ફરતાં નળકાંઠામાં રેંથળ, દદૂકા, મછિયાવ, શિયાણી, લીંબડી, કંથારિયા, વાગડ, સુંદરિયાણા થઈને સારંગપુર પધાર્યા.

સારંગપુરમાં

અહીં જસો ગોર, જેઠો ખાચર, વાઘો ખાચર, નાનજી શેઠ, બગડના દેહો ખાચર, નથુ પટેલ વગેરે અગાઉથી આવ્યા હતા. તેઓ સૌ સર્વોપરી નિષ્ઠાવાળા હતા. તેથી સ્વામીશ્રીએ તેમને પોતાના અક્ષર સ્વરૂપની અને મહારાજના પુરુષોત્તમ સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી આનંદ કરાવ્યો. વાતોના પ્રસંગમાં વાઘા ખાચરે સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : ''શ્રીજીમહારાજ, ગોપાળાનંદ સ્વામી તથા આપ સૌ અમારા આ ગામ ઉપર બહુ જ રાજી છો. માટે અમને આશીર્વાદ આપો કે જેથી કરીને અમને શ્રીજીમહારાજના સ્વરૂપમાં તથા આપને વિષે મનુષ્યભાવ ન આવે અને અતિ દૃઢ નિષ્ઠા થાય. તેમજ આ ગામના તમામ સત્સંગીઓને પણ એ નિષ્ઠા વધે.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમને અને તમારા ગામના સત્સંગીઓને શ્રીજીમહારાજ પોતાની સેવામાં અખંડ રાખશે.''

એમ કહીને બોલ્યા : ''શ્રીજીમહારાજે જ્યારે પ્રથમ મંદિર કરવાનું ધાર્યું ત્યારે કુંડળ, કારિયાણી, કરિયાણા, લોયા, વાંકિયા, કોટડા, ઝીંઝાવદર, બોટાદ, નાગડકા વગેરે નવ ગામોમાં ફરી આ સારંગપુરમાં પધારી ચોરામાં સભા કરી. તે વખતે જીવા ખાચર વગેરે દરબારોને તથા તમામ જ્ઞાતિઓના આગેવાનો કડિયા, સુથાર, કુંભાર, પટેલો વગેરેને બોલાવ્યા હતા. પછી પોતાનો અહીં મંદિર કરવાનો હેતુ હતો તે સૌને જણાવ્યો. એટલે સૌએ રાજી થઈને પોતાથી બનતી યથાયોગ્ય મદદ કરવાનું વચન આપ્યું. પરંતુ આ

વાતની ગઢડામાં ખબર પડી એટલે જીવુબા, લાડુબા તથા દાદાખાચર વગેરે સારંગપુર આવ્યાં અને મહારાજને ગઢડામાં જ મંદિર કરવા માટે અત્યંત પ્રાર્થના કરી, વિનંતી કરી અને કહ્યું કે 'આપ જ્યાં સુધી ગઢડામાં મંદિર કરવાની હા નહીં પાડો, ત્યાં સુધી અમે લંઘન (ઉપવાસ) કરશું.' એટલે છેવટે મહારાજને સારંગપુરમાં મંદિર કરવાનો વિચાર મુલતવી રાખીને ગઢપુર જવું પડ્યું. મહારાજ ગઢપુર જવા તૈયાર થયા ત્યારે જીવા ખાચર ઉદાસ થઈ ગયા. તેમણે મહારાજને કહ્યું : 'હે મહારાજ ! અહીં બધું નક્કી કરીને હવે વિચાર માંડી વાળો છો તે ઠીક નથી.' ત્યારે મહારાજે તેમને કહ્યું : 'તમે ઉદાસ થશો નહીં. અહીં તો આગળ ઉપર મોટું મંદિર થશે અને સર્વોપરી દેવ બેસશે.' એ પ્રમાણે મહારાજે જીવા ખાચરને વરદાન આપીને રાજી કર્યા.''

આ વાત કરીને પછી સ્વામીશ્રીએ કહ્યું : ''અહીં એકાંતિક મુક્ત દ્વારા સર્વોપરી મંદિર થશે અને સર્વોપરી એવા શ્રી પુરુષોત્તમનારાયણ પોતાના અનાદિ મુક્તો, સેવકો સાથે વિરાજશે ને સંપ્રદાયની બહુ પુષ્ટિ થશે.''

ભવિષ્યની આ પ્રમાણે વાત કરી. સ્વામીશ્રી કુંડે નહાવા જવા તૈયાર થયા. ત્યાં જતાં રસ્તામાં હવેડિયો કૂવો, લીંબડો તથા પ્રસાદીના ખીજડા વગેરે જોઈને સ્વામીશ્રી બોલ્યા : ''શ્રીજીમહારાજ ઉતાવળી અને ફલ્ગુ નદી વચ્ચેના બેટમાં અષ્ટમીનો સમૈયો, યજ્ઞ, ચોરાશી વગેરે ઘણા ઉત્સવો કરી આ સ્થળને રમણરેતી જેવું કર્યું છે. તેથી દિવ્ય અક્ષરતુલ્ય આ ભૂમિ છે. એટલે આગળ ઉપર અહીં અવશ્ય મંદિર થશે.'' એટલું કહીને કુંડે જઈ સ્નાન કર્યું.

પછી પાછા ફરતાં પોતે તમામ ભૂમિ ઉપર ફરી ભવિષ્યમાં જ્યાં મંદિર થશે તે ભૂમિ બતાવી. તે વખતે વાઘજી શેઠ, વાઘો ખાચર વગેરે સાથે હતા. તેઓએ આ પ્રસંગ નજરે જોયેલો અને સ્વામીશ્રીના શ્રીમુખે સાંભળેલી આ વાત તેઓ ઘણી વાર સત્સંગમાં કરતા.

બોટાદમાં

સારંગપુરથી નીકળી સ્વામીશ્રી બોટાદ પધાર્યા. અહીં સભામાં સ્વામીશ્રીએ બહુ જ વાતો કરી મનજી ઠક્કર, ટોકર ભાવસાર, કલ્યાણ કંદોઈ, અમરા ખાચર વગેરેને ખૂબ આનંદ કરાવ્યો. પછી ત્યાંથી નીકળી

અમરેલીનું મંદિર અધૂરું હતું તે પૂરું કરવા સ્વામીશ્રી અમરેલી પધાર્યા. ત્રિકમદાસ કોઠારીને આ મંદિરનું કામ સ્વામીશ્રીએ સોંપ્યું હતું. પરંતુ બારપટોળીમાં પવિત્રાનંદ સ્વામીએ તેમને ઠપકો આપ્યો તેથી હવે તેમને એકલા અમરેલી મંદિરનું કામ કરવાની હિંમત ન હતી. તેથી સ્વામીશ્રી તેમને સાથે લઈને અમરેલી પધાર્યા.

નથુરામ ! આ તમારા પાપડ છેલવેલ્લા ખાઈએ છીએ

સ્વામીશ્રી અમરેલીનું મંદિર પૂરું કરવા અમરેલી રોકાવાના છે તે સમાચાર સત્સંગમાં પ્રસરતાં ઓઢાના સમઢિયાળા સુધીના હરિભક્તો રસોઈ લઈને આવવા લાગ્યા. દાડમાથી નથુરામ તથા તેમનાં પત્ની પાનબાઈ દહીંનાં ગોરસ તથા પાપડ લઈને આવ્યાં.

તે પાપડ જમતાં સ્વામીશ્રી બોલ્યા : “નથુરામ ! આ તમારા પાપડ છેલવેલ્લા ખાઈએ છીએ.”

આ પ્રમાણે બાબરિયાવાડના હરિભક્તોને જાણે છેલ્લું સુખ દેવા માટે જ રોકાયા હોય તેમ સ્વામીશ્રી દરેકની રસોઈ ભાવપૂર્વક અંગીકાર કરતા અને સૌને વાતો કરી સુખિયા કરતા.

એ સીકલી નથી એ તો સીકલો છે

એક દિવસ અમરેલીના લાધા શુકલ, સ્વામીશ્રી અંતર્યામી છે કે નહીં તેની પરીક્ષા કરવા પોતાના નાના દીકરાને દીકરીની ચૂડીઓ તથા ઓઢણી પહેરાવી - દીકરીનો વેશ ધરાવી મંદિરમાં આવ્યા. એટલે બારણે ઊભેલા બીજા હરિજનોએ તેમને કહ્યું : “છોડીને અંદર લાવશો નહીં.”

તે વખતે સ્વામીશ્રી સભામંડપમાં બેસીને સભામાં વાતો કરતા હતા તે એકદમ બોલી ઊઠ્યા : “એ સીકલી નથી, એ તો સીકલો છે.”

લાધા શુકલને આ સાંભળી આશ્ચર્ય થયું અને સ્વામીશ્રીના પગમાં પડી ગયો. પછી તેણે પ્રાર્થના કરતાં કહ્યું : “દયાળુ ! આપના અંતર્યામીપણાની પરીક્ષા કરવા સારુ જાણી જોઈને મેં મારા દીકરાને છોડીનો વેશ પહેરાવ્યો હતો. આપ અંતર્યામી ખરા.” એમ કહી માફી માગી પોતે ઘેર ગયા.

આણે કેનો બાપ માર્યો હશે કે તેને સત્સંગ બહાર કર્યો ?

અમરેલીનું અધૂરું મંદિર પૂરું કરી, સ્વામીશ્રી જૂનાગઢ જવા નીકળ્યા. સ્વામીશ્રી પધારે છે તે જાણી સાધુ, પાળા, હરિભક્તો સૌ સ્વામીશ્રીની સામા ગયા. તેમની સૌની સાથે સ્વામીશ્રી મંદિરે પધાર્યા. અહીં આવી સ્વામીશ્રી સૌને મળ્યા. પછી ચોકમાં પધાર્યા. ત્યાં પ્રાગજી ભક્તની કરેલી ચંદની ઉપર બાંધી હતી તે જોઈ સ્વામીશ્રી ભાવસંગ અને ડાહ્યાભાઈ સાંભળે તેમ બોલ્યા : "આણે કેનો બાપ માર્યો હશે કે તેને સત્સંગ બહાર કર્યો ?" એમ કહેતાં સ્વામીશ્રીની આંખમાં પાણી આવી ગયાં.

સ્વામીશ્રીને પ્રાગજી ભક્ત પ્રત્યે આવો અપાર પ્રેમ હતો તેથી વખતોવખત તેમને સંભારતા. પ્રાગજી ભક્ત પ્રત્યેનું પોતાનું હેત આવા પ્રસંગે સૌને જણાતું.

હું તો આપનું કહ્યું જ કરું

ભીમ એકાદશીના સમૈયામાં આવેલા સૌ હરિભક્તોને સ્વામીશ્રીએ વાતો કરી ખૂબ સુખ આપ્યું. પછી સૌને ઘેર જવાની આજ્ઞા કરી. સૌ વિખરાયા એટલે સ્વામીશ્રીએ, ધર્મશાળાના રજોટિયા ઉપરનો મેડો અધૂરો હતો તે પૂરો કરવા, રઘુવીરચરણદાસને કહ્યું : "જો થોડાક માણસ આપો તો આ મેડો જડાવું."

ત્યારે તે બોલ્યા : "સ્વામી ! તમારાથી જંપાતું નથી ?" એ પ્રમાણે બોલીને તે ચાલ્યા ગયા.

પછી સ્વામીશ્રી કોઠારમાં ગયા. અહીં કુંજવિહારીદાસને કહ્યું : "થોડા માણસ આપો તો આ મેડો અધૂરો છે તે પૂરો કરીએ."

એટલે તેણે કહ્યું : "સ્વામી ! તમારાથી નવરા રહેવાતું નથી ? હમણાં શી ઉતાવળ છે ? વળી, અત્યારે મંદિરમાં માણસ પણ ક્યાં છે ?"

સ્વામીશ્રીને તો કાંઈ મેડો પૂરો કરવો કે એવી કોઈ સ્થૂળ પ્રવૃત્તિ કરવાનો હેતુ ન હતો. પરંતુ આવા પ્રસંગો ઊભા કરી સૌનાં સ્વરૂપ ઉઘાડાં કરવાં હતાં. અત્યાર સુધી માયાને પોતે દબાવી રાખી હતી, તે માયા હવે જોર કરવા લાગી હતી. પરંતુ સ્વામીશ્રીને તો પોતામાં અત્યંત સદ્‌ભાવથી

જોડાયેલા અને પોતાના સ્વરૂપની દૃઢ નિષ્ઠાવાળા ભક્તને આ પ્રસંગે બહાર લાવવા હતા. તેથી તેઓ ધીરે ધીરે જાગા ભક્તના ઓરડામાં ગયા. સ્વામીશ્રીને ઓરડામાં પધારેલા જોઈ જાગા ભક્ત એકદમ ઊભા થઈ ગયા અને દંડવત્ કરવા લાગ્યા. તેમને દંડવત્ કરતા રખાવીને સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "તું મારું કહ્યું કરે કે મંદિરના મોટેરાનું કહ્યું કરે ?"

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! મારે મન તો આપ જ મોટેરા છો. માટે હું તો આપનું કહ્યું જ કરું."

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ધર્મશાળાની ઉપર મેડો અધૂરો છે તે મારે પૂરો કરવો છે. તારી પાસે માણસ કેટલા છે ?"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! માણસ તૈયાર છે."

તે સાંભળી સ્વામીશ્રી રાજી થયા. પછી કહ્યું : "લાકડાં વેરવાનાં છે."

જાગા ભક્તે બધું જ કરવાની તૈયારી બતાવી, છ કરવત તૈયાર કરાવી. આ કામમાં ભાવસંગ તથા ડાહ્યાભાઈ પણ ભળ્યા. મંદિરની સામેની વાડીમાં લાકડાં વેરવાનું કામ શરૂ કર્યું.

સ્વામીનો વેરણિયા ઉપર રાજીપો

સ્વામીશ્રી રોજ સવારે, બપોરે અને સાંજે જમીને આ વેરણિયાને નિત્ય પ્રસાદી આપતા. સ્વામીશ્રી જાતે જ પ્રસાદીના થાળ ભરીને લાવતા અને જાતે વાડીમાં જઈને વેરણિયાને આપી આવતા. આમ, રોજ ત્રણ વખત પોતે જતા. સવારે-સાંજે સૌ વેરણિયાને મળે અને સુખ આપે. આ પ્રમાણે દસ દિવસ રોજ સવાર-સાંજ સૌને સ્વામીશ્રી મળ્યા.

આમ, એક મહિનામાં જાગા ભક્તને સ્વામીશ્રી વીસ વખત મળ્યા. વળી, નિત્યે અહીં વેરણિયા લાકડાં વેરે ત્યારે સ્વામીશ્રી તેમની પાસે આવીને બેસે અને તેમને વાતો કરે. સ્વામીશ્રી આમ રોજ વેરણિયા પાસે સવાર સાંજ વાતો કરે છે તે સાંભળવા રૂપશંકર કીકાણી, જે રોજ ફક્ત સવારમાં જ આવતા, તે સાંજે પણ સ્વામીશ્રીની વાતો સાંભળવા આવવા લાગ્યા. તેથી સ્વામીશ્રીએ તેમને એક વખત પૂછ્યું : "કીકાણી ! પ્રકરણ ફેરવ્યું કે ?"

ત્યારે તેમણે હસીને કહ્યું : "સ્વામી ! આપે પ્રકરણ ફેરવ્યું ત્યારે મેં પણ ફેરવ્યું. કાં જે આપે કોઈ દિવસ શ્રીજીમહારાજના મહિમાની આટલી

બધી અદ્‌ભુત વાતો કરી નથી. જેથી એમ જણાય છે કે આપ આ છેલ્લી વખત રહસ્યની વાતો કરો છો.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ વેરણિયા ઉપર પોતાનો અત્યંત રાજીપો બતાવ્યો. આ સેવાના કાર્યમાં જાગા ભક્તનો સંપૂર્ણ સાથ હતો એટલે સ્વામીશ્રી તેમના ઉપર અત્યંત રાજી થયા હતા અને પોતાનું છેલ્લી વારનું સુખ તેમને આપવા ઇચ્છતા હતા.

એક દિવસ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમોએ મારી આજ્ઞાથી આ સેવા કરી છે તેથી મારે તમને બધાને મારા ભેગા લઈ જઈને ખૂબ વાતો કરીને સુખ આપવું છે.''

તે સાંભળી હરગોવિંદદાસે સ્વામીશ્રીને કહ્યું : ''શું એ બધા જ તમારી ખરી સેવા કરે છે ને બીજું કોઈ કરતું નથી ? આખો દિવસ મારા વેરણિયા, મારા વેરણિયા એમ કહ્યા કરો છો !'' સ્વામીશ્રી તેમની આ આકરી વાણી સાંભળીને કાંઈ પણ બોલ્યા નહીં.

થોડા દિવસમાં મેડો જડાઈ ગયો. પછી સ્વામીશ્રી દેશમાં ફરવા જવા તૈયાર થયા. તે વખતે રઘુવીરચરણદાસે પૂછ્યું : ''તમારી સાથે ફરવામાં કોને કોને લઈ જાવ છો ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''પ્રથમ તો મારા વેરણિયાને લઈ જવા છે.''

તે સાંભળી રઘુવીરચરણદાસ ગુસ્સે થયા. તેમણે કહ્યું : ''ના, તેમને કોઈને સાથે લઈ જવાના નથી. તેમના વગર બીજાઓને લઈ જાવ.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''તો મારે ફરવા જવું નથી.''

એમ કહી વાડીમાં પધાર્યા. અહીં પથરા કાઢવાનું કામ શરૂ કર્યું. અહીં જાગા ભક્ત, રાજા ભક્ત, રણછોડ ભક્ત, ડાહ્યાભાઈ વગેરેને પોતે પોતાના અંતરના રહસ્યની વાતો કરી.

✧ ✧ ✧

થોડા દિવસ બાદ આ.સં. ૧૯૨૪નો જન્માષ્ટમીનો સમૈયો આવ્યો અને હજારો હરિભક્તો સમૈયે આવ્યા. સ્વામીશ્રીએ તેમને સૌને ખૂબ વાતો કરી સુખ આપ્યું. સમૈયો પૂરો થયા બાદ સ્વામીશ્રીએ, સ્વામી બાલમુકુંદદાસજીને કુંકાવાવ તરફ જવાનું કહ્યું. સ્વામી યોગેશ્વરદાસજીને પણ મંડળ બાંધી દીધું અને તેમને ખારાપાટના દેશમાં ફરવા જવાનું કહ્યું.

હેતે કરીને સત્પુરુષમાં ક્યાં જીવ જડ્યો છે ?

બાલમુકુંદદાસ સ્વામીના મનમાં એમ થયું કે સ્વામીશ્રીએ દયા કરીને મંડળ બાંધી આપી મારું ઠેકાણું પાડ્યું. એમ અંતરમાં તેમને આનંદ થયો. તેથી લગાર હસતાં, મરકતાં સ્વામીશ્રી પાસે રજા લેવા આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રી બોલ્યા : ''હજુ હેતે કરીને સત્પુરુષમાં જીવ ક્યાં જડ્યો છે ? ને જો જીવ જડ્યો હોય તો નોંખા પડીએ ત્યારે નરકમાં પડ્યા જેવું દુઃખ થવું જોઈએ. જ્યાં સુધી તેવું દુઃખ ન થાય, ત્યાં સુધી સત્પુરુષમાં જીવ જડ્યો જ નથી.''

આ પ્રમાણે કહી તેમને આશીર્વાદ આપી કુંકાવાવ તરફ ફરવા મોકલ્યા. સ્વામી બાલમુકુંદદાસજીએ તો સ્વામીશ્રીની અનન્ય સેવા કરી હતી. પરંતુ સ્વામીશ્રીને તો પોતાનો અભિપ્રાય જણાવવો હતો એટલે તેમના મિષે બીજાને સમજાવવા આ પ્રમાણે વાત કરી.

સ્વામી ! એ તલમાં હવે તેલ રહ્યું નથી

ત્યાર પછી સ્વામીશ્રી પણ ફરવા નીકળવા તૈયાર થયા ને બોલ્યા કે ''વેરણિયા તો મારે ભેગા લેવાના છે.''

પરંતુ રઘુવીરચરણદાસે ચોખ્ખી ના પાડી. પછી વંડામાં જાગા ભક્તની નાહવાની ઓરડીમાં રણછોડ ભક્તને બોલાવીને સ્વામીશ્રીએ કહ્યું : ''તમે રઘુવીરચરણદાસને સમજાવો અને કહો કે મેં જાગા ભક્તને મારી સાથે દેશમાં ફરવા લઈ જવાનું વચન આપ્યું છે તેથી જો તેમને ભેગા લઈ જવા દે તો તે જીવે ત્યાં સુધી તે કહે તેમ કરી દઉં.''

તે સાંભળી રણછોડ ભક્ત બોલ્યા : ''સ્વામી ! એ તલમાં હવે તેલ રહ્યું નથી. માટે કહે કાંઈ વળવાનું નથી.''

એટલે સ્વામીશ્રી ઉદાસ થઈને બોલ્યા : ''હવે મુમુક્ષુનાં કર્મ ફૂટ્યાં ને પૃથ્વીનું મંગળ ગયું.'' એમ કહીને વળી બોલ્યા : ''હવે આ લોકમાં તો ભેગું રહેવાય કે ન રહેવાય પણ હવે અક્ષરધામમાં ભેગા રહેવાય તેવા સ્વભાવ કરવા શીખો તો એક પળ માત્ર નોંખા નથી.'' એ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ અત્યંત ઉદાસીનતા બતાવી.

સ્વામીને ગામોગામથી આમંત્રણ

આ અરસામાં ભાયાવદરના હરિભક્તોએ સ્વામીશ્રીને ભાયાવદર તેડી લાવવા દુર્લભજીને જૂનાગઢ મોકલ્યા. તેણે અહીં આવી સ્વામીશ્રીને દંડવત્ કરી કહ્યું : "સ્વામી ! મને સહુ હરિભક્તોએ મળીને આપને ભાયાવદર તેડી જવા સારુ મોકલ્યો છે. માટે આપ દયા કરીને ભાયાવદર પધારો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે, અમે આવશું."

એટલામાં ઉપલેટાથી લાલાભાઈ તથા અરજણભાઈએ માણસ મોકલી કહેવરાવ્યું કે "અમારે અહીં મંદિરનું ભર્યું કરવું છે માટે આપ જલદી ઉપલેટા પધારો."

ત્યાં વળી, જાળિયેથી અરજણભાઈ, માવોભાઈ, ભોવાનભાઈ અને રાણિંગભાઈ આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! કૃષ્ણસેવાદાસજીએ આપની આજ્ઞાથી મંદિર સંપૂર્ણ કર્યું છે ને હવે મૂર્તિ પધરાવવી છે તો આપ સંતમંડળ સહિત પધારો."

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમારે ત્યાં પણ અમે આવીશું."

એટલામાં ગોંડળથી દરબાર સંગ્રામજી તથા રાણીશ્રી મોંઘીબા સાહેબની સૂચનાથી કામદાર માધવજીભાઈ દવેએ જેશંકરને પત્ર આપીને જૂનાગઢ મોકલ્યા હતા તે આવ્યા. તેમણે આવીને સ્વામીશ્રીને પત્ર આપ્યો. તેમાં લખ્યું હતું : "સ્વામીશ્રીને માલૂમ થાય જે આપ અહીં પધારો, અહીં મોટું મંદિર કરો અને મૂર્તિઓ પધરાવો."

આમ, ગામેગામથી સ્વામીશ્રીને તેડાવવાના પત્રો આવવા લાગ્યા. સ્વામીશ્રીને પણ હવે જૂનાગઢ છોડવું હતું. ચાલીસ વર્ષ સુધી એકધારા આ મંદિરમાં રહ્યા, મંદિરની મહંતાઈ કરી, સોરઠ, હાલાર, નાઘેર તેમજ સૌરાષ્ટ્ર, ગુજરાત વગેરે પ્રદેશોમાં સત્સંગ વિકસાવ્યો, મહારાજની તત્ત્વતઃ ઓળખાણ કરાવી, સૌના અંતરમાં એ નિષ્ઠા દૃઢ કરાવી, શ્રીજીમહારાજે પ્રસ્થાપિત કરેલા એકાંતિક ધર્મનો વિસ્તાર કર્યો અને હવે તિરોધાન લીલાના સ્વસંકલ્પને સિદ્ધ કરવા જૂનાગઢથી મહાપ્રસ્થાન શરૂ કરવાની ઇચ્છા કરી. પોતાની એ ઇચ્છાશક્તિની પ્રેરણાથી જ જાણે ગામોગામથી આમંત્રણ આવવા લાગ્યાં હોય એવું ગર્ભિત છતાં મુમુક્ષુઓ માટે અમંગળ સૂચન આ

બધાં આમંત્રણો પાછળ હતું. સ્વામીશ્રીએ પણ આ છેલ્લા પ્રસંગે સૌને સુખ આપવાનું નક્કી કર્યું.

સ્વામીશ્રીએ પોતાની સાથે આવવા માટે સાધુ ગોવિંદચરણદાસજી, રામચરણદાસજી, ધર્મતનયદાસજી, શ્રીહરિદાસજી, હરિસ્વરૂપદાસજી, હરિપ્રિયદાસજી, હરગોવિંદદાસજી તથા બ્રહ્મચારી ઈશાનંદજી, વામનપ્રસાદદાસજી, ચતુર્ભુજદાસજી, ઈશ્વરચરણદાસજી, કોઠારી ત્રિકમદાસ, હરજીવન, રણછોડ ભક્ત વગેરે સંત-પાર્ષદોને આજ્ઞા કરી.

અષ્ટમ સોપાન સમાપ્ત

સ્વામીની વાતો

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી



अनेकेभ्यः सद्भ्यो विमल-हरि-
विज्ञान-रसदं ।
भुवि ब्राह्मीं विद्यां हरिवचनरूपां
च ददतम् ॥
हरिध्यानासक्तं शुभगुण-
मनाद्यक्षरमहम् ।
गुणातीतानन्दं सकलगुरुमीडे
मुनिवरम् ॥

આ પૃથ્વી ઉપર અનેક સત્પુરુષોને પણ શ્રીહરિના સ્વરૂપનો શુદ્ધ જ્ઞાનરસ અર્પણ કરનારા, તેમજ શ્રીહરિના વચનામૃતરૂપ બ્રહ્મવિદ્યા આપનારા, તેમજ શ્રીજીમહારાજના ધ્યાનમાં આસક્ત અને શુભ ગુણોથી યુક્ત અને સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ હોઈ સર્વના ગુરુ, એવા અનાદિ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની હું સ્તુતિ કરું છું.

જૂનાગઢથી છેલ્લી વિદાય

બીજે દિવસે એટલે આ.સં. ૧૯૨૪ના ભાદરવા વદિ ત્રીજને દિવસે સ્વામીશ્રી સવારના પહોરમાં નાહી-પૂજા કરીને ભંડારે જમી આવ્યા. એટલામાં ઠાકોરજીની શણગાર આરતી થઈ. ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધાર્યા. પછી ગાદી-તકિયે વિરાજ્યા, એટલામાં ભગવાનદાસ તથા રણછોડ ભક્ત વાડીમાંથી કાકડીઓ લઈને આવ્યા. પછી તેને ધોઈને, ધોયેલી ચાદર ઉપર સુધારી. તેનો મોટો ઢગલો થયો. પછી સ્વામીશ્રીએ કહ્યું : "ઉપર જઈ ઠાકોરજીને કાકડી ધરાવી આવો." એટલે ઠાકોરજીને કાકડી ધરાવી લાવ્યા.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ભંડારમાં ઠાકોરજી છે ત્યાં ધરાવી લાવો."

એટલે ત્યાં જઈ ઠાકોરજીને ધરાવી લાવ્યા. પછી સ્વામીશ્રીને જમવા માટે મુંજની ટોપલીમાં થોડી કાકડી આપી. તે સ્વામીશ્રી જમ્યા. પછી ઢગલામાંથી સૌને ખોબો ભરી ભરી પ્રસાદી આપવા માંડ્યા. પછી પોતે કહ્યું : "આપણે હવે ચાલવું છે માટે તૈયાર થાઓ. તડકો થશે તો કઠણ પડશે."

એમ કહીને બોલ્યા : "ચાલો સહુને મળી લઈએ." પછી સૌ સંત, બ્રહ્મચારી તથા પાર્ષદોને મળ્યા અને પછી કહ્યું : "હવે સૌ હરિજનોને પણ મળીએ." એમ કહી સૌ હરિભક્તોને પણ મળ્યા.

સત્સંગમાં ફરશું ને મહુવે જઈને રહેશું

એટલામાં જાગા ભક્ત ઘોડી તૈયાર કરીને લાવ્યા. સ્વામીશ્રી તે ઉપર બેઠા. ચાલવાની તૈયારી કરતા હતા ત્યાં સ્વામીશ્રીનો માથાનો રૂમાલ નીચે પડી ગયો. તે જાગા ભક્તે સ્વામીશ્રીને આપ્યો. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : "જે અસવારનો માથાનો પાઘ અથવા રૂમાલ પડી જાય ત્યારે જાણવું કે તે પાછો ઘેર નહીં આવે."

સ્વામીશ્રીનું આ મર્મ વચન જાગા ભક્ત સમજી ગયા. તેમના અંતરે દુઃખ થયું. પછી સ્વામીશ્રી દરવાજા બહાર નીકળ્યા ત્યાં એક કોરે સ્ત્રી હરિભક્તો દર્શન કરવા ઊભી હતી તેમને જોઈ સ્વામીશ્રીએ ઘોડીને ઉગમણી દિશા તરફ ફેરવી લીધી. પછી ઘોડીને પાછી વાળીને સ્વામીશ્રી દરવાજા પાસે આવ્યા. દરવાજા સામું જોઈને બોલ્યા : "શ્રીજીમહારાજે આ મંદિર અમને

સોંપ્યું હતું. ત્યારથી આજ સુધી ચાલીસ વર્ષ, ચાર માસ અને ચાર દિવસ સાચવ્યું ને રહ્યા. હવે ફરવા જઈએ છીએ તે સત્સંગમાં ફરશું અને મહુવે જઈને રહેશું.'' એમ કહીને ચાલ્યા અને ગામના દરવાજા બહાર કાળવાને સામે કાંઠે ગયા. અહીં સ્વામીશ્રીએ સૌને કહ્યું : ''હવે પાછા વળો.''

પણ આ ટાણે પાછા વળતાં સૌનાં કાળજાં જાણે કપાતાં હોય તેવું સૌને અસહ્ય દુઃખ થતું હતું.

સ્વામીશ્રી પણ રસ્તામાં ચાલતાં 'મીઠા વ્હાલા કેમ વીસરું મારું તમથી બાંધેલ તન હો.' એ કીર્તનની પંકિત વારંવાર બોલતા હતા. તેથી સૌના અંતરમાં સ્વામીશ્રી આ લોકમાંથી જાણે ઉદાસ થયા હોય તેવા ભણકારા વાગવા લાગ્યા. સ્વામીશ્રીએ વારંવાર સૌને પાછા વળવાનું કહ્યું ત્યારે જે વૃદ્ધ સંતો હતા તે સૌ પાછા વળ્યા.

મહારાજ આ સંતદ્વારે પ્રત્યક્ષ જ છે

સ્વામીશ્રી ઘોડી ઉપર આગળ ચાલતા હતા. જાગા ભક્ત અને તેમના શિષ્ય એમ આઠ-દસ જણ સ્વામીશ્રીની સાથે ચાલતા હતા. પછી આગળ ચાલતાં સ્વામીશ્રીએ કાશીરામ તથા લક્ષ્મીદાસ કોઠારીને વાત કરતાં કહ્યું : ''આ મારગે જ્યારે જ્યારે ચાલીએ છીએ ત્યારે મહારાજ સાંભરી આવે છે. કેમ જે મહારાજ અને મોટા મોટા સાધુ આ મારગે બહુ ચાલ્યા છે.''

તે સાંભળી કાશીરામે કહ્યું : ''સ્વામી ! જેને મહારાજનાં દર્શન થયાં હોય તેને સાંભરે પણ જેને દર્શન ન થયાં હોય તેને શું સાંભરે ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''તમારે ક્યાં પરોક્ષ છે ? જુઓ તો આ સંતદ્વારે પ્રત્યક્ષ જ છે. તે દર્શન દે છે, વાતો કરે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે એમ બહુ સુખ આપે છે. પણ જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી જણાય નહીં.''

એમ સ્વામીશ્રી વાતો કરતાં સૌને આનંદ કરાવતાં, મહારાજના સ્વરૂપનું સદા પ્રગટપણું સમજાવતાં આગળ ચાલતા હતા. થોડી થોડી વારે સંતો કીર્તનો પણ બોલતા હતા. વળી, કોઈ 'ભક્તચિંતામણિ'નાં પ્રકરણો પણ બોલતા હતા. આમ, બ્રહ્મકિલ્લોલ કરતો અક્ષરધામ સાથે અક્ષરધામનો સંઘ ચાલતો હતો. આજે ધામ ઢૂંકડું હતું અને તે દ્વારે ધામના ધણી પણ ઢૂંકડા

હતા. પરંતુ અવળી સમજણની ગ્રંથિઓનો અભિનિવેશ જેને થયો હોય તેને ન તો ધામનાં દર્શન થાય કે ન તો ધામમાં વિરાજેલા ધામના ધણીનાં દર્શન થાય ! તેમની પ્રાકૃત બુદ્ધિમાં આ દિવ્યતાની ઝાંખી પણ ન થાય ! આમ, બ્રહ્મકિલ્લોલ કરતાં ખેંગાર વાવે સૌ પહોંચી ગયા. ત્યાં ચકુભાઈ અને રૂપશંકર આવ્યા. સ્વામીશ્રી તેમને પણ મળ્યા અને અક્ષરના અક્ષય સુખનો અનુભવ કરાવ્યો. તેઓ પછી સ્વામીશ્રી પાસે બેઠા ત્યારે સ્વામીશ્રીએ ચકુભાઈને કહ્યું : "આ જૂનાગઢનું મંદિર તમને સોંપ્યું. માટે મંદિરને વળગી રહેજો ને ભેખને વાદે ચઢશો નહીં. કાં જે તે તો ન મૂળિયા કહેવાય. એટલે એક મંદિરમાં ન ફાવે તો બીજા મંદિરમાં જાય. માટે મંદિરનો પક્ષ રાખજો."

પછી તેમને પણ ત્યાંથી રજા આપી. પછી સ્વામીશ્રી ત્યાં નાહ્યા. ત્યારબાદ જળપાન કરી ત્યાંથી વણથળી જવા ચાલ્યા. રસ્તામાં જાગા ભક્તને પતરાવળાં સારુ ખાખરાનાં પાન લેવા કહ્યું. આમ ચાલતો સંઘ વણથળી પહોંચ્યો.

અંતરથી તો ભેગા છીએ જ

અહીં સ્વામીશ્રી દક્ષિણાદા બારનું મંદિર છે તેમાં ઊતર્યા. સિંહાસનની પૂર્વ દિશામાં સ્વામીશ્રીનું આસન રાખ્યું હતું. અહીં સ્વામીશ્રી પાસે હરિભક્તોની સભા ભરાઈ ગઈ. સ્વામીશ્રી તેમને વાતો કરવા માંડ્યા. એટલામાં સાંજ પડી ગઈ. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ચાલો, નાહવા જઈએ." જાગા ભક્ત તરફ જોઈને સ્વામીશ્રીએ કહ્યું : "તમારા મંડળને પણ સાથે લેજો."

પછી એક સાધુને લઈને સ્વામીશ્રી જ્યાં બે કાળવા ભેગા થાય છે, ત્યાં નાહવા પધાર્યા. બહિર્ભૂમિ જઈને આવ્યા પછી જાગા ભક્તને બોલાવીને કહ્યું : "આવો મળીએ." એમ કહી સ્વામીશ્રી જાગા ભક્તને ખૂબ જ પ્રેમથી ભેટ્યા અને બોલ્યા : "તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન હો." એમ કહીને બોલ્યા : "આપણે બહુ ભેગા રહ્યા ને બહુ સમાગમ કર્યો. હવે દેશકાળે ભેગું રહેવાય કે ન રહેવાય પણ અંતરથી તો ભેગા જ છીએ." એમ વાત કરી સ્વામીશ્રી તેમના શિષ્યોને પણ મળ્યા.

પછી સ્નાન કરી મંદિરે પધાર્યા. ત્યાં સંધ્યા સમય થયો એટલે સંતો

ગોડી બોલ્યા. પછી આરતી થઈ. ત્યાર બાદ સભામાં સ્વામીશ્રીએ ખૂબ જ વાતો કરી.

ત્રિકમરાયનો સંકલ્પ પૂરો કર્યો

બીજે દિવસે પ્રાતઃકાળે સ્વામીશ્રી સૂર્યકુંડે નાહવા પધાર્યા. પછી મંદિરે આવી પૂજા કરી આસને વિરાજ્યા. એટલામાં જૂનાગઢથી નાગર હરિભક્ત ત્રિકમરાય આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગીને તે પાસે બેઠા. પછી હાથ જોડી કહ્યું : "સ્વામી ! દયાળુ ! આપ જૂનાગઢથી નીકળ્યા ત્યારે હું બહારગામ ગયો હતો. ગઈ કાલે સાંજે જ આવ્યો. ત્યારે મને ચકુભાઈએ પૂછ્યું કે આજ તું ક્યાં ગયો હતો ? આજે તો સ્વામીએ સૌને પ્રસાદી આપી અને સૌ હરિજનોને મળ્યા. આજે સ્વામીશ્રી વણથળી પધાર્યા છે પણ હવે જૂનાગઢ પાછા પધારે એવું જણાતું નથી. એટલું કહી ચકુભાઈ રોઈ પડ્યા. ત્યારે મને થયું કે હું જ દર્શન વિના એકલો રહી ગયો. એટલે ઘોડું ભાડે કરીને આવ્યો છું. જૂનાગઢમાં આપે સૌને પ્રસાદી આપી અને મળ્યા. પરંતુ ભરી ગંગાએ હું જ તરસ્યો રહ્યો."

તેમનું આવું હેતનું વચન સાંભળીને સ્વામીશ્રીએ હસીને તેમને કહ્યું : "તમે રહી ગયા હો તો આવો મળીએ અને પ્રસાદી પણ આપીએ." એમ કહી તેને હેતથી મળ્યા. તેથી તેના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. પછી સ્વામીશ્રીએ તેને પ્રસાદી પણ આપી. આ પ્રમાણે સ્વામીશ્રીએ ત્રિકમરાયનો સંકલ્પ પૂરો કર્યો.

પછી કલ્યાણભાઈએ કહ્યું : "સ્વામી ! ગોળ ઘણો છે તે લાડુની રસોઈ કરવાની આજ્ઞા કરો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "લાડુનું કાંઈ નહીં. ગોળ ઉપર ફેરવશું."

રસોઈ તૈયાર થઈ ત્યારે કલ્યાણભાઈ ગોળનો ટોપલો લાવ્યા. સ્વામીશ્રીએ પંકિતમાં સૌને ગોળ પીરસ્યો. આવી રીતે કલ્યાણભાઈનો ભાવ પૂરો કર્યો.

હવે તો દિવ્ય દેહે ત્યાં આવીશું

ત્યારબાદ બપોરની કથા કરી સ્વામીશ્રી આસને વિરાજ્યા હતા તેવામાં

પંચાળાથી દરબાર દાજીભાઈ સ્વામીશ્રીનાં દર્શન કરવા જૂનાગઢ જતા હતા. તેમને ખબર મળ્યા કે સ્વામીશ્રી વણથળી પધાર્યા છે તેથી દર્શન કરવા આવ્યા. સ્વામીશ્રીને પગે લાગીને તેમણે પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! પંચાળે દર્શન દેવા પધારો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "હવે તો દિવ્ય દેહે ત્યાં આવીશું. હજુ અમારે જાળિયે મૂર્તિ પધરાવવા જવું છે ને ઉપલેટામાં મંદિરનું ભર્યું કરવું છે. માટે ત્યાં રહેવું પડશે. તેથી આ વખતે તમારા તરફ નહીં અવાય." આ પ્રમાણે દરબારને શાંતિથી કહી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "દરબાર ! તમે હવે મોટા થયા છો તે ઠાકોરજીનો ભાગ કાઢતા જાઓ."

ત્યારે દાજીભાઈએ કહ્યું : "ઠીક મહારાજ ! આપની આજ્ઞા પાળીશ."

એ વખતે ત્યાં લક્ષ્મીદાસ પટેલ બેઠા હતા. તેમને પણ સ્વામીશ્રીએ કહ્યું : "પટેલ ! તમે પણ ઠાકોરજીનો ભાગ કાઢતા જાઓ. આ તો તમારે એક દીકરો છે પણ જો બે હોય તો ભાગ માગે ને ?"

તે સાંભળી પટેલે કહ્યું : "હા સ્વામી ! તે તો માગે જ ને !"

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તો હવે ઠાકોરજીનો ભાગ કાઢજો."

એટલે પટેલે કહ્યું : "ઠીક સ્વામી ! ભાગ કાઢીશ."

પછી થોડીવારે સ્વામીશ્રીએ કહ્યું : "સૌ કહે છે કે સ્વામી કોઈને ધર્માદાની વાત કરતા નથી. માટે હવે કહીએ છીએ કે જે ધર્માદો દેશે તેને વ્યવહારે સારું રહેશે ને જે ધર્માદો નહીં દ્યે તે દૂબળા રહેશે. માટે જો રૂપિયા જોતા હોય તો ઠાકોરજીને ઘરેણાં કરાવવાં ને વસ્ત્ર જોતાં હોય તો સાધુને વસ્ત્ર ઓઢાડવાં ને સારું જમવાનું જોતું હોય તો સાધુને જમાડવા." એમ કહીને સાખી બોલ્યા :

અગન પલીતા રાજદંડ ચોર મૂશક લે જાત,
એ તો દંડ દુનિયા સહે, હરિ દંડ સહ્યો ન જાય."

એમ વાત કરતા હતા ત્યાં પંચાણભાઈ એમના દીકરા ગોકળને લઈને આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : "આને વર્તમાન ધરાવો."

એટલે સ્વામીશ્રીએ પાણી મંગાવી તેને વર્તમાન ધરાવ્યાં અને તેને માથે હાથ મૂકતાં કહ્યું : "આ છોકરો બહુ સારો ભક્ત થશે."

આ તમારા ઘરમાં બેઠું છે તે જ અક્ષર છે

સાંજે ચારનો સમય થયો ત્યારે કલ્યાણભાઈએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : ''સ્વામી ! મારે ઘેર પગલાં કરવા પધારો.''

એટલે સ્વામીશ્રી સંત-પાર્ષદોને લઈને તેમને ઘેર પધાર્યા. ઘરમાં બૂંગણ પાથરીને આસન કર્યું હતું. સ્વામીશ્રી તે ઉપર વિરાજમાન થયા. પછી સાધુઓ કીર્તનો તથા અષ્ટકો બોલવા લાગ્યા. ત્યારબાદ દેવજીભાઈએ સ્વામીશ્રી તથા સર્વ સાધુઓની કેસર મિશ્રિત ચંદનથી પૂજા કરી, સૌને હાર પહેરાવ્યા ને ધોતિયાં ઓઢાડ્યાં. પછી સૌ પાર્ષદોની પણ પૂજા કરી તેમને પણ ધોતિયાં ઓઢાડ્યાં. અહીં સ્વામીશ્રીએ ઘણી વાતો કરી. દેવજીભાઈ સ્વામીશ્રીને પગે લાગીને બેઠા. ઘણા વખતની શંકાનું આજે હવે સમાધાન થશે એમ ધારી તેણે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી ! આપણે સૌ અક્ષરધામની વાત કરીએ છીએ તે અક્ષર કેવું હશે ?''

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''આ તારા ઘરમાં બેઠું છે એ જ અક્ષર છે !'' એમ કહીને બોલ્યા :

''अहो नृलोके बत भूरिभागा लोकं पुनाना मुनयोऽभियन्ति ।
येषां गृहाणां वसतीति साक्षात् गूढं परब्रह्म मनुष्यलिङ्गम् ॥

'અહો ! મનુષ્ય લોકમાં આ મોટા ભાગ્યવાળા છે કે તેમને ઘેર લોકને પવિત્ર કરનાર મુનિઓ આવે છે. કેમ કે તેમના ઘરમાં સાક્ષાત્ પરબ્રહ્મ મનુષ્યરૂપે છાના રહ્યા છે.' યુધિષ્ઠિર રાજાના ઘરમાં પરબ્રહ્મ મનુષ્યરૂપે છાના રહ્યા હતા તેમ આ તારા ઘરમાં અક્ષર બેઠા છે.''

ત્યારે કલ્યાણભાઈએ કહ્યું : ''સ્વામી ! આ વાત તો આજે સમજાણી.''

એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : ''કઈ વાત ?''

કલ્યાણભાઈએ કહ્યું : ''સ્વામી ! પંચાળામાં મહારાજે તમને તિલક કરી સહુને કહ્યું હતું કે 'આ અમારા તિલક છે.' તેમજ પંક્તિમાં તમને ફેરવીને મહારાજે કહ્યું હતું કે 'હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.' તે રહસ્ય આજે સમજાણું.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''કલ્યાણભાઈ ! આજ સત્સંગનો મહિમા તો મુખ થકી કહેવાય નથી અને જો કહીએ તો કોઈના માન્યામાં આવે નહિ.''

એટલે કલ્યાણભાઈએ કહ્યું : "સત્સંગનો મહિમા તો બહુ છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "પૂર્વે મોટા મોટા અવતારો થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીના છોકરા સામું જોઈએ છીએ તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે; તો મોટા મોટા હરિભક્ત અને મોટા મોટા સાધુ તથા મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ? તે મહારાજે વચનામૃતમાં (મ. ૬૭) કહ્યું છે જે, 'હું મારા મહિમાનો પાર પામતો નથી, તો બીજા તો પામે જ કેમ ?'"

એમ કહી બોલ્યા : "મદ્ભયાદ્વાતિ વાતોऽयं सूर्यस्तपति मद्भयात् ।" આ શ્લોક બોલીને કહ્યું : "બળ તો બહુ દેખાડ્યું છે પણ કલ્યાણ તો એક માતાનું જ કર્યું છે. એમ જાણતાં એ શ્લોક કોઈના બળનો જણાય છે, પણ પોતાના બળનો નહિ."

એમ કહીને બોલ્યા : "આજ તો સત્સંગમાં ડોશીયું હશે તે પણ હજારો જીવનાં કલ્યાણ કરશે, તો બીજાની તો શી વાત કહેવી ?" એમ કહીને ઘાણલાની મૂળી ડોશીની વાત કરી. પછી પુરુષોત્તમપણાની બહુ વાતો કરી. એટલામાં ગોડીનો સમય થયો એટલે મંદિરે પધાર્યા.[૮૩]

બીજે દિવસે સવારમાં સ્વામીશ્રીએ જાગા ભક્તને જૂનાગઢ જવાની આજ્ઞા કરી તેથી તે જૂનાગઢ જવા તૈયાર થયા. પછી જાળિયા તથા ભાયાવદરના હરિભક્તોને કહ્યું : "તમે જાઓ. અમે તમારે ત્યાં આવીશું."

એટલે તે હરિભક્તો પણ તેમને ગામ ગયા. સ્વામીશ્રી તે દિવસે વણથળી રોકાયા.

બીજે દિવસે સ્વામીશ્રી વણથળીથી ઘોડીએ બેસીને નીકળ્યા. ત્યાં એક મુસલમાન બાઈ સ્વામીશ્રીને જોઈ કહેવા લાગી : "આ બાવો તો સૌને વઢ વઢ જ કર્યા કરે છે."

સ્વામીશ્રીની બ્રહ્મ-પરબ્રહ્મની નિષ્ઠાની અવિરત વાતોમાં સામાન્ય જીવને શું ખબર પડે ? એટલે તેને તો એમ જ લાગે કે 'સ્વામીશ્રી વઢ વઢ જ કરે છે.'

સ્વામીશ્રી તે સાંભળી બોલ્યા : "એ ઠીક કહે છે. કહ્યા સિવાય સમું વર્તાય નહીં. જીવ તો ક્યાંઈ ચડી જાય એવા છે તે કહ્યા વિના કેમ ચાલે ?"

પછી સ્વામીશ્રી નીકળ્યા. વણથળીના ઘણા હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા ચાલ્યા. સ્વામીશ્રી તેમને સૌને વાતો કરતા હતા. પછી ગઢની બહાર

૮૩. સ્વામીની વાતો : ૩/૭૨.

નીકળ્યા અને દક્ષિણ તરફ જ્યાં ગઢનો ગોખ છે ત્યાં પહોંચ્યા ત્યાં તો જૂનાગઢથી બે બ્રહ્મચારી આવતા હતા તે મળ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ ઈશાનંદ બ્રહ્મચારી સામું જોઈને કહ્યું : "બ્રહ્મચારી ! તમારે તો તેડું આવ્યું તે જૂનાગઢ જાઓ. હવે ઠાકોરજીની સેવા કરજો, ભજન કરજો અને સુખિયા રહેજો." એ પ્રમાણે આશીર્વાદ આપીને તેમને માથે સ્વામીશ્રીએ હાથ મૂક્યા. પછી કહ્યું : "તમારે દૈહિક કે માનસિક દુઃખ આવે ત્યારે અમને સંભારજો, અમે આવીને દર્શન દઈને તમારી રક્ષા કરશું. માટે કોઈ વાતની ફિકર રાખશો નહીં."

સ્વામીશ્રીએ તેમના ઉપર કૃપાદૃષ્ટિ કરી અત્યંત રાજી થઈને આશીર્વાદ આપ્યા અને ત્યાંથી જૂનાગઢ મોકલ્યા.[૮૪]

સ્વામીશ્રી ત્યાંથી આગળ ચાલ્યા અને નદી પાસે આવ્યા એટલે વળાવવા આવેલા તમામ હરિભક્તોને સ્વામીશ્રીએ પાછા વાળ્યા. ત્યાંથી આગળ ચાલતાં રસ્તામાં બારોટ ગામ આવ્યું. ત્યાં બે નદીઓ ભેગી થાય છે. ત્યાં સ્વામીશ્રી નાહ્યા. પછી ત્યાંથી આગળ ચાલ્યા અને ગામ ધંધૂસર પધાર્યા.

અમારો તો સર્વશ્રેષ્ઠ ઉદ્ધવ સંપ્રદાય છે

અહીં મૂળુ મેર તથા રાજો મેર તેમજ ગોપાળ પટેલના પિતા વગેરેએ સ્વામીશ્રીનું સન્માન કર્યું અને ગામમાં પધરાવ્યા. અહીં ઉતારા કરાવી રસોઈ માટે સીધું લઈ આવ્યા. જમ્યા બાદ સ્વામીશ્રી બપોરની કથા કરી થોડી વાર આડે પડખે થયા. ઠાકોરજી ઉત્થાપનનાં દર્શન કરી સ્વામીશ્રી નાહવા પધાર્યા. રાત્રે ગામમાંથી પ્રતિપક્ષી વિદ્વાન બ્રાહ્મણો સ્વામીશ્રીને કાંઈક પ્રશ્નો પૂછવાની ઇચ્છાથી આવ્યા. સ્વામીશ્રીએ તેમનું પ્રેમપૂર્વક સન્માન કર્યું. ત્યારે તેમને લાગ્યું કે શ્રીમદ્‌ભાગવતમાં લખ્યા એવા આ નિર્મત્સર સંત છે. પછી તેમણે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : "સ્વામી ! જગતમાં ચાર સંપ્રદાય પ્રસિદ્ધ છે. તેમાં તમારો કયો સંપ્રદાય છે ? કે તમારો કોઈ શાખા સંપ્રદાય છે ?"

તે સાંભળી સ્વામીશ્રી મનમાં હસ્યા. તેમને લાગ્યું કે શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ પધાર્યા, સાથે તેમનું અનાદિ અક્ષરધામ આવ્યું, અક્ષરના

૮૪. જ્યારે જ્યારે તેમને વિપરીત પ્રસંગો આવતા, ત્યારે તે સ્વામીશ્રીને સંભારતા. સ્વામીશ્રીએ એવા પ્રસંગોમાં વચન આપ્યાં પ્રમાણે દર્શન દઈ તેમની રક્ષા કરી હતી.

મુક્તો પાંચસો પરમહંસો આવ્યા, શ્રીજીમહારાજે મતપંથ ઉપર મેખ મારી દીધી, હજારોને સમાધિ કરાવી પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં, ધર્મની સ્થાપના કરી દીધી, આમ ગંગાનો જોરદાર પ્રવાહ અવિરત વહ્યો છતાં આ બ્રાહ્મણો સાવ કોરા રહ્યા ? પરંતુ અનાદિ માયાના પાશમાં બદ્ધ થયેલા, વિદ્વાન છતાં પણ તે વિદ્વત્તાથી માયાના બંધનના પાશ તોડી નહીં શકનાર, તે બ્રાહ્મણોની આવી દીન દશાને તોડવા સ્વામીશ્રીએ તેમના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું : ''સ્વામિનારાયણ તો સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે.''

એમ કહી તે ઉપર શાસ્ત્રોનાં પ્રમાણો આપીને સ્વામીશ્રીએ કહ્યું : ''જગતમાં શું ચાર જ સંપ્રદાય હોય એવો કોઈ સિદ્ધાંત છે ? બીજા સંપ્રદાય થાય જ નહીં ? અમારો તો સર્વશ્રેષ્ઠ ઉદ્ધવ સંપ્રદાય છે. સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી ઉપર પ્રગટ થઈ એકાંતિક ધર્મની સ્થાપના કરી અને એ એકાંતિક ધર્મ જેમણે સિદ્ધ કર્યો એવા મુક્તોને અક્ષરધામના અધિકારી બનાવ્યા.''

સ્વામીશ્રીનો જોરદાર વાક્પ્રવાહ સાંભળી બ્રાહ્મણો સ્થિર થઈ ગયા. પછી તેમણે ફરી પૂછ્યું : ''ત્યારે તમારી દીક્ષા કઈ કહેવાય ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''અમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ. તેમણે પૃથ્વી ઉપર એકાંતિક અર્થાત્ ભાગવત ધર્મની સ્થાપના કરી તેથી અમારી દીક્ષા ભાગવતી દીક્ષા કહેવાય છે. વળી, તેઓ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ હતા તેથી તેમનાં વચનો એ વેદવચનો. मन्त्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोः कृपा ।''

આ પ્રમાણે સ્વામીશ્રીએ તે બ્રાહ્મણોના પ્રશ્નોનું સમાધાન કર્યું. સ્વામીશ્રીની અદ્‌ભુત દિવ્યતા અને ઈષ્ટદેવ પ્રત્યેની ભક્તિનો અપૂર્વ પ્રભાવ તે બ્રાહ્મણો ઉપર પડ્યો. તેમણે ઊઠીને સ્વામીશ્રીને દંડવત્ કર્યા. સ્વામીશ્રીએ તેમની મુમુક્ષુતા જોઈ તેમને આશીર્વાદ આપ્યા.

એટલામાં હરિભક્તો બાજરાનો તાજો પોંક પાડીને લાવ્યા હતા તે સાધુએ ત્રાંસમાં લઈને ઠાકોરજીને ધરાવ્યો. પછી તે ત્રાંસ સ્વામીશ્રી પાસે મૂક્યો. સ્વામીશ્રી તેમાંથી થોડો પોંક જમ્યા. પછી આખા ત્રાંસમાં હાથ ફેરવી પ્રસાદીનો કરી કહ્યું : ''પ્રસાદી બધાને વહેંચી દ્યો.''

ત્યારે ધર્મતનયદાસજી જે તે વખતે પાર્ષદ દીક્ષામાં હતા તેમણે તે ત્રાંસ લીધો પરંતુ તે બ્રાહ્મણોને પ્રસાદી આપતાં તેમના મનમાં શંકા થઈ કે

"સ્વામીશ્રી આમાંથી જમ્યા તે હવે આ બ્રાહ્મણોને કેમ અપાય ?"

તેમનો તે સંકલ્પ અંતર્યામીપણે જાણીને સ્વામીશ્રીએ તેમના સામું જોઈને કહ્યું : "એનું કાંઈ નહીં. તમે વહેંચી દ્યોને."

એટલે તેમણે સૌને પ્રસાદી વહેંચી દીધી. પછી નિયમચેષ્ટા કરાવી, સ્વામીશ્રીએ કીર્તનો બોલાવ્યાં. ત્યારબાદ રાત્રે બાર વાગે પોઢવા પધાર્યા.

બીજે દિવસે સવારે નદીએ નાહી, પૂજા કરી સ્વામીશ્રી કથા કરાવતા હતા. એ વખતે હરિભક્તો ત્યાં આવ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરી પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! પાકી રસોઈ કરવા આજ્ઞા કરો એટલે સીધું લાવીએ."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે લઈ આવો. પાકી રસોઈ કરાવશું."

એટલે હરિભક્તો રાજી થયા અને સીધું લઈ આવ્યા. રસોઈ તૈયાર થઈ એટલે ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. પછી બપોરની કથા કરાવી, સ્વામીશ્રીએ હરિભક્તોને કહ્યું : "હવે અમારે ચાલવું છે."

ત્યારે હરિભક્તોએ કહ્યું : "સ્વામી ! હજુ તો અમારે સૌને ઘેર પધરામણી કરાવવી છે. એટલે આપ અમારે ઘેર પધારીને અમારાં ઘર પવિત્ર કરો. આવો જોગ પછી અમને ક્યારે મળે ? અને અમારાં એવાં ક્યાંથી ભાગ્ય કે આપ અમારે ગામ પધારો."

તેમનો આવો ભક્તિભાવ જોઈ સ્વામીશ્રીએ તેમના સૌના મનોરથ પૂરા કર્યા. પછી હરિભક્તોએ ગાડાં જોડી આપ્યાં એટલે સ્વામીશ્રી ધંધૂસરથી નીકળી ગામ સણોસરા થઈને છત્રાસા પધાર્યા.

છત્રાસામાં

સ્વામીશ્રી પધાર્યા છે તેવા સમાચાર ગામના હરિભક્તોને મળ્યા એટલે સ્વામીશ્રીનાં દર્શને સૌ આવ્યા. તેમને સૌને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : "લખમણભાઈનો દીકરો ભાણો કેમ દર્શને નથી આવ્યો ?"

ત્યારે હરિભક્તોએ કહ્યું : "સ્વામી ! એણે તો ગુંસાઈની કંઠી પહેરી લીધી છે અને બહુ ફેલી થઈ ગયો છે."

પરંતુ સ્વામીશ્રી તો અપાર દયાળુ હતા. તેમણે કાંઈ ઉપેક્ષા કરી નહીં અને કહ્યું : "પણ એને બોલાવો તો ખરા." એટલે બે હરિભક્તો ગામમાં જઈ તેને બોલાવી લાવ્યા. તેને જોઈ સ્વામીશ્રીએ તેને કહ્યું : "તારા બાપનો

જૂનો સત્સંગ. તે છોડીને તેં ગુંસાઈની કંઠી બાંધી. પણ કાંઈ સિંહનો માલ શિયાળવાથી નહીં ખવાય. વળી, તું બહુ ફેલી થઈ ગયો છે પણ ફેલ કરવાથી તો જમપુરીમાં તારે જાવું પડશે, અમારે તને જમપુરીમાં જાવા દેવો નથી. તારા બાપની લાજ અમને અડે છે. તારા બાપ તો મહારાજના ગોવાળ હતા. શ્રીજીમહારાજ બીજાને સમાધિ કરાવતા ત્યારે તેમને સૌને સમાધિમાંથી જગાડવા સારુ તારા બાપને મોકલતા. તે સૌને નામ દઈ બોલાવીને સમાધિમાંથી જગાડતા. માટે તારે કાંઈ જોઈતું હોય તો તું માગ. અમે તને આપીએ.''

સ્વામીશ્રીએ અકારણ દયા પોતાના આશ્રિત પ્રત્યે દર્શાવી. કોઈ રીતે તે ફેલને માર્ગેથી પાછો વળે અને સત્સંગ કરી પોતાના આત્માનું કલ્યાણ કરે તે જ સ્વામીશ્રીની અંતરની ઇચ્છા હતી. આવા મહત્ પુરુષને કોઈ સ્વાર્થ હોતો નથી. પરંતુ શ્રીજીમહારાજને શરણે આવેલા જીવો કુસંગની જાળમાં ફસાય તો તેમાંથી મુક્ત કરી તેમને સત્સંગના શ્રેયસ્કર માર્ગમાં વાળવા એ જ સિદ્ધાંત સ્વામીશ્રીનો હતો.

વામનપ્રસાદ ત્યાં બેઠા હતા. તેમણે તરત જ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! તમે એને માગવાનું કહો છો પણ એને એવું જ્ઞાન નથી. પણ અમને કહો તો અમે માગીએ તે અમને આપો.''

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં તેમને કહ્યું : ''તમને તો આપ્યું છે.'' પછી તે ભાણાની જે ઇચ્છા હતી તે અંતર્યામીપણે જાણીને સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તારી જે ઇચ્છા છે તે અમે જાણીએ છીએ. પણ એમાં શું ? એ તો છાણમાં કીડા પડે જ. પણ મહારાજ તારા સંકલ્પ પૂરા કરશે. માટે લે આ કંઠી. હવે સત્સંગ રાખજે.'' એમ કહી સ્વામીશ્રીએ તેને સ્વહસ્તે કંઠી પહેરાવી. સ્વામીશ્રીના આશીર્વાદથી તેને બે પુત્ર થયા.

જીવ એક વાર મોટાપુરુષને શરણે જાય છે તેને મોટાપુરુષ કદી છોડતા નથી. જે પોતાનો થયો તેને ફરી જન્મ-મરણના ચકરાવામાં કે જમપુરીમાં ન જ જવા દેવો તે મોટાપુરુષનો સિદ્ધાંત હોય છે.

'ધક્કા મારીને પણ ધામમાં લઈ જઈશું... મારી-કૂટીને પણ બ્રહ્મરૂપ કરશું... લોંઠાએ ભગવાન ભજાવીશું.' સ્વામીશ્રીના આ શબ્દો તેમની પોતાના આશ્રિતો પ્રત્યે કેવળ અકારણ દયા જ દર્શાવે છે. પરંતુ જો મોટાપુરુષ

કલ્યાણ કરવામાં નિસ્પૃહ રહે અથવા જીવો પ્રત્યે ઉપેક્ષા દર્શાવે તો કલ્યાણના માર્ગે તાળાં વસાઈ જાય.

બીજે દિવસે ત્યાં રસોઈ જમી, હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. પછી ત્યાંથી ચાલ્યા અને ગામ આંબલિયું વટાવીને આગળ ચાલ્યા ત્યાં રસ્તામાં મેપો કોળી મોટું ચીભડું લઈને સામો મળ્યો. સ્વામીશ્રીને દૂરથી જોયા એટલે તરત જ તે રસ્તામાં દંડવત્ કરવા માંડ્યો. સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે પગે લાગીને તેમને ચીભડું ભેટ આપ્યું. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''મેપા ભગત ! ચીભડું તો બહુ મોટું લાવ્યા.'' એટલે મેપો રાજી થયો.

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''ભગત ! પંદર દિવસ ભેળું આવવું હોય તો જોગ બહુ સારો છે. પછી સાંભરશે. માટે જોગ કરવો હોય તો આજ વખત છે.''

એમ તેને બે-ત્રણ વખત સ્વામીશ્રીએ કહ્યું, પણ તેને સમજાયું નહીં. તેથી તેણે કહ્યું : ''સ્વામી ! મારો વાડો પાક્યો છે તે કેમ અવાય ?'' સ્વામીશ્રીએ તેને આશીર્વાદ આપ્યા અને ત્યાંથી આગળ ચાલ્યા.

આગળ ચાલતાં ગામ ભાડેર પધાર્યા. સ્વામીશ્રી પધાર્યા છે તે ખબર ગામમાં થતાં મોતીભાઈ તથા નવલસિંહજી વગેરે હરિભક્તો દર્શને આવ્યા. અહીં સ્વામીશ્રીએ મેપા ભક્તે આપેલ ચીભડું સુધરાવ્યું. પછી મહારાજને ધરાવી પોતે થોડું જમ્યા અને બાકીની પ્રસાદી સૌને વહેંચી દીધી. ત્યાંના હરિભક્તોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : ''અમારે ઉપલેટા જવું છે તેથી વધુ રોકાશું તો નહીં. પરંતુ આજની રાત રહેશું.'' એમ કહીને તે ગામમાં રાત પૂરતો મુકામ કર્યો.

બીજે દિવસે સવારે ગોંડળથી ગણોદ દરબાર અભયસિંહજી આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મને ગોંડળનરેશે આપની પાસે મોકલ્યો છે. તેમને ત્યાં મંદિર કરાવવું છે તો આપ ત્યાં પધારો. સૌને ભાવ બહુ છે તો કૃપા કરો.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''અહીંથી અમારે ઉપલેટા જવું છે ને ત્યાં બારસ સુધી રોકાવું છે.''

ત્યારે દરબારે ફરી કહ્યું : ''તો મહારાજ ! આપ ગણોદ પધારો અને અમને સુખ આપો.''

દરબારનો ભાવ જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ઠીક તમે જાઓ, ત્યાં અમે આવીએ છીએ."

સ્વામીશ્રીએ ગણોદ જતાં રસ્તામાં ગામ થાનિયાણે પધાર્યા. અહીં મંદિરમાં ઉતારો કર્યો. મંદિર નાનું હતું. પરંતુ સ્વામીશ્રીને તો હરિભક્તોની ભીંસણ બહુ જ ગમતી. દેવસીભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આંહીં સાંકડ છે."

ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "કાંઈ સાંકડ નથી. આ તો અક્ષરધામ છે." પોતે સ્વયં અક્ષરધામ હોય એટલે તેઓ જ્યાં વિરાજતા હોય તે અક્ષરધામ જ હોય ને ! અહીં સ્વામીશ્રી એક દિવસ રહ્યા. બીજે દિવસે ત્યાંથી ગણોદ જવા નીકળ્યા.

ગણોદમાં

ગણોદની પાસે એક તળાવડી છે ત્યાં સ્વામીશ્રી પહોંચ્યા એટલે દરબાર અભયસિંહજી તથા જીણાભાઈ વીસ હરિભક્તો સાથે સામા આવતા હતા તે દેખાયા. તેમણે પણ સ્વામીશ્રીને જોયા એટલે દૂરથી જ દંડવત્ કરવા સૌ મંડી પડ્યા. તે વખતે થોડો થોડો વરસાદ પડતો હતો એટલે સ્વામીશ્રીએ પાસે આવી તેમને કહ્યું : "રાખો રાખો, લૂગડાં ગારાવાળાં થશે."

પરંતુ જ્યાં અક્ષરનું અનિર્વચનીય આકર્ષણ હોય, ત્યાં દેહદશાનું ભાન શી રીતે રહે ? પછી તેઓ સૌ ઊઠીને સ્વામીશ્રીને પગે લાગ્યા. વાજતે-ગાજતે સૌ ગામમાં આવ્યા. સ્વામીશ્રીને મંદિરમાં ઉતારો આપ્યો. આથમણા બારના જૂના મંદિરમાં હરિભક્તોની ઠઠ ભરાવા લાગી. સ્વામીશ્રી ગણોદ પધારવાના છે તે સમાચાર જાળિયામાં કૃષ્ણસેવાદાસજીને મળ્યા એટલે તેઓ પણ ગણોદ આવ્યા.

બીજે દિવસે વિપ્ર ભીમજીભાઈએ સ્વામીશ્રી માટે ભાવથી રસોઈ બનાવી. સ્વામીશ્રી તથા સાથેના સૌ સંત-હરિભક્તો જમ્યા. એટલામાં ગામ ભીમોરાથી જગપાલ તથા બીજા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા. સ્વામીશ્રી જમીને આસને પધાર્યા એટલે તેઓ સૌ પગે લાગ્યા અને સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! અમારે ગામ નવું મંદિર કર્યું છે, માટે આપ ત્યાં મૂર્તિ પધરાવવા પધારો."

તેમનો પ્રેમ જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ભલે આવશું."

એટલી વાત કરે છે ત્યાં ગામ લાંઠથી મૂળજી પટેલ આવ્યા. પગે લાગી સ્વામીશ્રીની પાસે બેઠા અને હાથ જોડીને તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! અમારે ગામ પધારો. અમારે ઘેર જમો અને પગલાં કરો.''

આમ, ગામોગામથી આમંત્રણો આવવા લાગ્યાં, એટલે સ્વામીશ્રી નીકળવા તૈયાર થયા એટલામાં દરબાર આવ્યા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : ''આપ પાછા ક્યારે પધારશો ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''બે દિવસમાં આવીશું.'' એમ કહીને ત્યાંથી ચાલ્યા. સ્વામીશ્રી ગણોદથી ઘોડી ઉપર બેસીને નીકળ્યા. રસ્તામાં કૌરવ-પાંડવના પ્રસંગોની વાતો કરતાં કરતાં ભાદર નદી ઊતરીને સામે કાંઠે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ ઘોડી ઊભી રાખી. પછી સાથે આવતા સૌ સાધુઓને ભેગા કરી સ્વામીશ્રીએ કહ્યું : ''હવે અર્ધા સાધુ ભીમોરા જાઓ અને અર્ધા જાઓ લાંઠે.''

ત્યારે મૂળજી પટેલે કહ્યું : ''સ્વામી ! અમારા ગામમાં તો બધાય કુસંગી છે તે કૌરવ જેવા છે.''

ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''તેનું કાંઈ નહીં. આપણે સારા છીએ અને એ ખોટા છે તો અંતે સારાનો જય થશે, કેમ કે જેની ભેળા ભગવાન છે તેનો જ જય થાય છે.''

આ પ્રમાણે વાતો કરતા લાંઠને પાદર પહોંચ્યા. અહીં સ્વામીશ્રી ફરી બોલ્યા : ''અર્ધા સાધુ અહીં રહો અને અર્ધા અમારી સાથે ભીમોરા આવો.'' એમ કહી પોતે ભીમોરાને માર્ગે ચાલ્યા.

આઘેરા જઈને સ્વામીશ્રીએ પાછળ જોયું તો લાંઠ કોઈ સાધુ ગયા ન હતા અને સૌ પાછળ પાછળ આવતા હતા. તેમને સૌને સાથે આવતા જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''લાંઠ કોણ ગયા ? આ તો બધાય ભેગા આવતા લાગે છે.''

ત્યારે કૃષ્ણસેવાદાસે કહ્યું : ''સ્વામી ! તમે નામ પાડીને કહો અને આજ્ઞા કરો તે લાંઠ જાય.''

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''એક તો તમે તમારા મંડળ સાથે જાઓ અને બીજા વીસ સાધુઓ જાય.'' પછી તે પ્રમાણે તેટલા સાધુ લાંઠ ગયા અને બીજા સ્વામીશ્રીની સાથે ભીમોરા ગયા.

ભીમોરામાં

સ્વામીશ્રી ભીમોરા રાત્રે પહોંચ્યા. બીજે દિવસે સવારે મૂર્તિપ્રતિષ્ઠા કરી સ્વામીશ્રીએ આરતી ઉતારી. ત્યાં જમીને તરત જ ત્યાંથી નીકળ્યા અને લાંઠ પધાર્યા. એ વખતે સાધુઓ જમતા હતા. સ્વામીશ્રીને આવતા જોઈ મૂળજી પટેલે કહ્યું : "સ્વામી ! ભલે પધાર્યા. હવે જમવા તરત પધારો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમે સૌ ભીમોરે જમીને આવ્યા છીએ. પણ તમારે ત્યાં જમવાનું વચન આપ્યું હતું તે લ્યો તમારું મન રાખીએ." એમ કહી સ્વામીશ્રી જમવા વિરાજ્યા. જમીને સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. અહીં આથમણી કોર વાયવ્ય ખૂણા તરફ ગાદી-તકિયે સ્વામીશ્રી વિરાજમાન થયા. સાધુ, પાળા સૌ પાસે આવીને બેઠા. પછી ત્યાં હરિભક્તોએ સ્વામીશ્રી અને સાધુઓની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. ત્યારે મૂળજી શેઠના દીકરા કુરજીએ તેના બાપાને કહ્યું : "બાપા ! આપણે સ્વામીને ઘેર તેડી જઈએ. ત્યાં પૂજા કરશું."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : "શું વાત કરો છો ? એનાં લક્ષણ હું જાણું છું. માટે ચાલો તેને ઘેર જઈએ."

પછી સ્વામીશ્રી અને સૌ સંત, પાર્ષદો મૂળજી પટેલને ઘેર પધરામણીએ પધાર્યા. અહીં કુરજીએ સ્વામીશ્રી અને સાધુઓની પૂજા કરી અને સૌને ચાદરો ઓઢાડી. પછી તેણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ બધા ઘરમાં આંટો ઘો અને આ કોઠીમાં બાજરો છે તેને હાથ અડાડો."

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "લે ભાઈ લે. તારાં લક્ષણ હું જાણું છું." એમ કહી સ્વામીશ્રી ઘરમાં બધે ફર્યા અને કોઠીએ હાથ અડાડ્યો.

પછી સ્વામીશ્રીએ એક જૂની ઓરડી જોઈ કહ્યું : "ચાલો ઓરડીમાં. આ તો આપણું જૂનું મંદિર છે." એમ કહી ઓરડીમાં પધાર્યા. ત્યાં બેસી કીર્તનો ગાયાં. પછી સ્વામીશ્રીએ કહ્યું : "આપણે મોર્ય આમાં ઊતરતા તે આપણું આ જૂનું મંદિર છે." એમ તેનો મનોરથ પૂરો કરી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

અહીં આવી સ્વામીશ્રી ઠાકોરજીના સિંહાસન પાસે પોતાને આસને વિરાજમાન થયા, તે વખતે હરિભક્તો ચીભડાં અને બાજરાના પોંકનાં ડૂંડાં

લાવ્યા. તેનો સ્વામીશ્રી આગળ ઢગલો કર્યો. સ્વામીશ્રી મોટાં ચીભડાં જોઈ તેના ઉપર હાથ ફેરવવા લાગ્યા. પછી બોલ્યા : "અહો ! આવડાં મોટાં ચીભડાં ! આવાં મોટાં શેમાં થાય છે ?"

ત્યારે હરિભક્તોએ કહ્યું : "સ્વામી ! એ તો વણ[૮૫]માં થાય છે."

એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : "ત્યારે એણે વણને ગાળી નાખ્યું હશે ?"

હરિભક્તોએ કહ્યું : "ના સ્વામી ! વણ તો કેડ કેડ સમું થયું છે ને ચીભડાંયે બહુ થયાં છે."

પછી સ્વામીશ્રીએ સાધુને કહ્યું : "લ્યો, આ ચીભડાં સુધારો અને ઠાકોરજીને ધરાવો." એટલે સાધુઓએ ચીભડાં સુધારીને ઠાકોરજીને ધરાવ્યાં. પછી તે થાળ સ્વામીશ્રી આગળ મૂક્યો. તેમાંથી સ્વામીશ્રી થોડું જમ્યા. પછી સૌને પોતે પ્રસાદી આપતા જાય અને કહેતા જાય : "આ ચીભડાં હવે છેવટનાં છે તે ખાઓ." આમ, વારંવાર કહેતા જાય અને સૌને આગ્રહ કરી જમાડતા જાય. પછી કહ્યું : "ઓણ તો ભગવાને મે' કરવા ધાર્યો નહોતો પણ દયા કરીને કર્યો. ઓણ કાંઈ નિપજાવવું ન હતું પણ છતાં જુઓને કેવાં ચીભડાં નિપજાવ્યાં !" એમ વાતો કરતાં કરતાં વળી બોલ્યા : "આ હવે છેવટનો આંટો છે ને આ તો છેવટનાં દર્શન દેવા આવ્યા છીએ. હવે જૂનાગઢ પાછા જાવું નથી."

આમ, સ્વામીશ્રી વાતો કરતા હતા તે વખતે હરજીવન બાજરાનાં કૂણાં ડૂંડાં શેકીને પોંક પાડીને સ્વામીશ્રીને આપતા હતા. સ્વામીશ્રી ઠાકોરજીને ધરાવીને થોડો પોંક જમ્યા અને બીજો સૌને વહેંચી દીધો. પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળવા તૈયાર થયા ત્યારે મૂળજી પટેલે કહ્યું : "સ્વામી ! રાત રહીને ચાલજો."

એટલે સ્વામીશ્રીએ સાધુઓને કહ્યું : "અરધા સાધુ ગણોદ જાઓ ને અરધા જે અમારી ભેગા ભીમોરા આવ્યા હો તે અહીં રહો. જે અહીં રહ્યા હતા તે સૌ ગણોદ જાઓ." એટલે જે સાધુઓ લાંઠ રહ્યા હતા તે ગણોદ ગયા અને જે સ્વામીશ્રી ભેગા હતા તે ત્યાં રહ્યા.

બીજે દિવસે સ્વામીશ્રી લાંઠથી જમીને નીકળ્યા. હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા આવ્યા હતા તેમને સ્વામીશ્રી થોડી થોડી વારે કહેતા હતા : "આ

૮૫. કપાસનાં છોડ કે કપાસનું ખેતર.

છેવટનું દર્શન છે તે કરી લેજો. હવે અમારે આવવું નથી.''

આ પ્રમાણે પોતાનો અંતર્ધાન થવાનો સંકલ્પ હવે સૌને સ્પષ્ટ કહેતા જતા હતા.

તમારા પુણ્યનો અવધિ જ નથી

સ્વામીશ્રી ગણોદ પધાર્યા અને મંદિરમાં ઉતારો કર્યો. અહીં આરતી-ધૂન કરી સ્વામીશ્રી ગાદી-તકિયે વિરાજમાન થયા. સામે સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. સ્વામીશ્રી આ પ્રસંગે સંતના મહિમાની વાતો કરતા બોલ્યા : ''एकोऽपि कृष्णस्य कृतप्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः । दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय ॥ એ શ્લોક બોલીને વાત કરી કે 'જ્યારે પ્રગટ ભગવાનના સંત પૃથ્વી ઉપર પ્રત્યક્ષ વિચરતા હોય, ત્યારે તેને યથાર્થ ઓળખીને જો એક પ્રણામ કર્યો હોય તો એ પુણ્ય ખૂટે નહીં.''

તે સાંભળી દરબાર અભયસિંહજીભાઈએ પૂછ્યું : ''સ્વામી ! તમને અમે અક્ષરબ્રહ્મ જાણીએ છીએ અને નમસ્કાર કરીએ છીએ તો અમારું પુણ્ય કેટલું ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''તમારું પુણ્ય તો કહેવાય એવું નથી. એનો તો અવધિ જ નહીં.'' એમ કહીને દૃષ્ટાંત આપ્યું : ''જુઓ, આ પચાસ કરોડ જોજન પૃથ્વી છે. તેના રજકણ અગણિત છે. પરંતુ કોઈ ધારે તો તે રજકણ ગણી શકે. વળી, આ સમુદ્રનું પાણી માપી શકાય તેવું નથી, અગાધ છે. છતાં કોઈ ધારે તો તેનું પણ માપ કાઢી શકે. તેમજ આ આકાશમાં અસંખ્ય તારા છે તો પણ તેને કદાચ ગણી શકાય. એ પૃથ્વીનાં અગણિત રજકણો, અગાધ સમુદ્રનાં બિંદુઓ અને આકાશના અસંખ્ય તારાઓ, આ જેટલાં થાય તેટલા યજ્ઞ કદાચ કોઈ કરે અને સ્વર્ગલોક પ્રાપ્ત કરે, પરંતુ તેનું પુણ્ય ખૂટી જાય ખરું. પણ તમે અમને પ્રગટ ભગવાનના સંત જાણીને પ્રણામ કરો છો તે પુણ્ય કોઈ કાળે પણ ખૂટે તેવું નથી.''

શ્રીજીમહારાજના ધામરૂપ અનાદિ અક્ષરને એક જ પ્રણામ કરવાથી અવિચળ પુણ્યની પ્રાપ્તિ થાય છે તે અતિ રહસ્યમય વાત સાંભળીને દરબાર અભયસિંહજી આશ્ચર્યમુગ્ધ થઈ ગયા ! પછી સભા વિસર્જન કરી. બીજે

દિવસે એકાદશીનો ઉપવાસ હોવાથી સ્વામીશ્રી રાત્રે થોડું જમ્યા. પછી સ્વામીશ્રીએ અભયસિંહ બાપુને કહ્યું : "લાલાભાઈ તથા અરજણભાઈને અહીં તેડી લાવવા માટે માણસ મોકલજો." એટલે અભયસિંહબાપુએ સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે એક સિપાઈને ઉપલેટા મોકલ્યો.

એકાદશીને દિવસે સવારમાં સ્વામીશ્રી ભાદર નદીએ સ્નાન કરવા પધાર્યા. જ્યાં શ્રીજીમહારાજ નાહ્યા હતા ત્યાં નાહ્યા. પછી મંદિરે આવી પૂજા કરી. ત્યારબાદ હરિભક્તોની સભામાં સ્વામીશ્રી વાતો કરવા પધાર્યા. એટલામાં ઉપલેટાથી લાલાભાઈ તથા અરજણભાઈ આવ્યા. જાળિયેથી અરજણ બાબરીઓ તથા ભોવાનભાઈ આવ્યા અને ભાયાવદરથી મયાશંકર મહેતા, વેલો પટેલ, રાજો પટેલ, જેરાજભાઈ વગેરે હરિભક્તો આવ્યા. સ્વામીશ્રીએ તેમને વાતો કરી શાંતિ કરી દીધી !

બપોરે બાગમાં મહારાજની પ્રસાદીની જગ્યાએ સૌ સંત તથા હરિભક્તોને સાથે લઈને દર્શને પધાર્યા. અહીં સભા કરીને શ્રીજીમહારાજની લીલાની ઘણી વાતો કરી. પછી મંદિરે પધાર્યા.

લાલાભાઈ ! અમારે તો તમારે ગામ આવવું છે

સવારમાં પારણાં કરી કથા વંચાવતા હતા તે વખતે સ્વામીશ્રીએ લાલાભાઈને કહ્યું : "લાલાભાઈ ! અમારે તો તમારે ગામ આવવું છે અને ત્યાં આસો સુદ બારસ સુધી રહેવું છે. પણ આ દરબાર ગોંડળ તેડી જવા સારુ આવ્યા છે તે કેમ થશે ?"

ત્યારે લાલાભાઈએ કહ્યું : "સ્વામી ! જેવી આપની મરજી."

સ્વામીશ્રીએ જાણ્યું કે લાલાભાઈ મર્મ સમજ્યા નહીં. પરંતુ હવે તે પળ ગઈ. એટલામાં દરબારમાંથી કહેણ આવ્યું કે રસોઈ તૈયાર થઈ ગઈ છે. દરબારે ખૂબ જ ભાવપૂર્વક મંદિરના પૂજારી અને સ્વામીશ્રીની અનન્ય નિષ્ઠાવાળા વિપ્ર ભીમજીભાઈ પાસે રસોઈ કરાવી હતી. ઠાકોરજીને થાળ ધરાવી, સ્વામીશ્રી અને સૌ સંતો પણ ભાવપૂર્વક રસોઈ જમ્યા. પ્રસાદી દરબારને આપી.

પછી ચોપાટે સભા કરી સ્વામીશ્રી વિરાજમાન થયા. ત્યાં દરબાર અભયસિંહજીએ કેસર-ચંદન ઉપચારો વડે સ્વામીશ્રી અને સંતોની પૂજા કરી,

ફૂલના હાર પહેરાવ્યા. સ્વામીશ્રીનાં ચરણારવિંદ દૂધે ધોયાં. સૌને ધોતિયાં ઓઢાડ્યાં. ત્યારબાદ લાલાભાઈ તથા બીજા હરિભક્તોની પણ પૂજા કરી. પછી સ્વામીશ્રીએ દરબારને કહ્યું : "બાપુ ! તમારે આ ભગવત્‌સિંહજી એક કુંવર છે, પણ જો બીજો હોત તો ભાગ માગત ને ?"

ત્યારે દરબારે કહ્યું : "હા સ્વામી ! એ તો માગે જ ને !"

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ત્યારે તમે હવે ઠાકોરજીનો ભાગ કાઢતા જાઓ."

સ્વામીશ્રીનું આ આજ્ઞા વચન પોતાના કલ્યાણ માટે જ છે તેમ સમજી દરબારે રાજી થઈને હા કહી. પોતે તરત ઊઠ્યા અને રૂપિયા પાંચસો કંકુવાળા કરી સ્વામીશ્રી આગળ થાળમાં મૂક્યા. પછી સ્વામીશ્રીને પગે લાગીને કહ્યું : "સ્વામી ! હવેથી ઠાકોરજીનો ભાગ કાઢતો જઈશ." એટલે સ્વામીશ્રી રાજી થયા. ત્યારબાદ મંદિરે પધાર્યા.

સાંજે દરબારે સીમમાંથી ચીભડાં મંગાવ્યાં અને સાથે પોંક પણ મંગાવ્યો. સ્વામીશ્રી પાસે લાવીને ચીભડાં અને પોંક મૂક્યાં એટલે સ્વામીશ્રીએ ઠાકોરજીને ધરાવી સૌને પ્રસાદી આપી. પછી લખા ખવાસ પાસે કીર્તનો બોલાવ્યાં. આમ, સભામાં બ્રહ્મકિલ્લોલ થતો હતો એટલામાં દરબાર પથુભા આવ્યા. સ્વામીશ્રીને પગે લાગીને પાસે બેસી ધીરે રહીને કહ્યું : "સ્વામી ! મા-બાપ ! જરા વર્તમાનમાં ફેર પડી ગયો છે તો ફરી વર્તમાન ધરાવો."

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "કેટલા ફેરા વર્તમાન ધરાવીએ ?"

ત્યારે તેમણે લાચાર બની કહ્યું : "સ્વામી ! શું કરું ? જામનગર જાઉં છું ત્યારે જામસાહેબ ફેર પાડી દ્યે છે. પરાણે દારૂ પાય તેમાં હું શું કરું ?"

સ્વામીશ્રીને એની લાચારીની દયા આવી. તેમણે કહ્યું : "આ અભયસિંહભાઈને કેમ પાતા નથી ?"

ત્યારે તેમણે કહ્યું : "એ તો શૂરવીર છે ને હું પોચો છું એટલે એમ થઈ જાય છે."

સ્વામીશ્રીએ એમને વર્તમાન ધરાવ્યાં. પછી કહ્યું : "આ દરબારને ઘરમાં સત્સંગ છે અને આ બેઉ જણાને તો સત્સંગ સારો છે."

તેરસને દિવસે દરબાર જીણાભાઈએ વિપ્ર ભીમજીભાઈ પાસે પોતાના

દરબારમાં રસોઈ કરાવી. સ્વામીશ્રી તેમના દરબારમાં જમવા પધાર્યા. સૌને ભાવપૂર્વક જમાડી દરબારે સ્વામીશ્રીની પૂજા કરી. તેમના કુંવર રામુભાએ પણ અતિ પ્રેમપૂર્વક સ્વામીશ્રીની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રી પથુભાના દરબારમાં પધાર્યા. અહીં પથુભાએ સ્વામીશ્રી તથા સંતોની પૂજા કરી સૌને ધોતિયાં ઓઢાડ્યાં. અહીં સ્વામીશ્રીએ ઉપદેશની થોડી વાતો કરી. પછી મંદિરે પધાર્યા.

વચનામૃતના સો પાઠ કરજો, મહારાજ બેઠાં બેઠાં તેડી જશે

મંદિરમાં સ્વામીશ્રી રાત્રે સભામાં વાતો કરતા હતા ત્યારે દરબાર જીણાભાઈએ સ્વામીશ્રીને પગે લાગીને કહ્યું : "હે મહારાજ ! મને અંતકાળે મંદવાડ દેશો મા, કેમ કે મારાથી મંદવાડનું દુઃખ ખમાય એમ નથી. માટે મને મહારાજ બેઠાં બેઠાં તેડી જાય એવી દયા કરજો."

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "જીણાજી ! તમે ક્ષત્રિય થઈને આ શું બોલો છો ? ગરાસિયા ફોશી હોય ? ગરાશિયા તો શૂરવીર હોય !"

એટલે જીણાજીએ કહ્યું : "ના સ્વામી ! મારાથી પીડા ખમાય નહીં. માટે મને મંદવાડ દેશો મા."

તેથી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ઠીક ત્યારે, તમારી એમ મરજી છે તો વચનામૃતના સો પાઠ કરજો એટલે મહારાજ બેઠાં બેઠાં તેડી જાશે." આ પ્રમાણે સભામાં વાતો કરી, નિયમચેષ્ટા કરી પોઢી ગયા.

બીજે દિવસે સ્વામીશ્રી ગણોદથી નીકળી વરજાંગ જાળિયા પધાર્યા. ભાયાવદરના હરિભક્તો ગણોદ આવ્યા હતા તેમને સ્વામીશ્રીએ કહ્યું : "તમે સૌ ઘેર જાવ. અમે ત્યાં આવીએ છીએ." એમ કહીને તેમને સૌને ભાયાવદર મોકલ્યા.

જાળિયામાં

સ્વામીશ્રી રાત્રે જાળિયા પહોંચ્યા. બીજે દિવસે નાહી, પૂજા કરી સભામાં કથા વંચાવતા હતા તે વખતે અરજણભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આજે મંદિરનું ભર્યું કરવું છે. વળી, આપ પધાર્યા છો તે આજે મારી રસોઈ છે."

તે સાંભળી કૃષ્ણસેવાદાસજીએ કહ્યું : "સ્વામી ! અરજણભાઈ ઠીક કહે છે, કેમ કે તેને દીકરો નથી તે તમો નહીં જમો તો બીજો કોણ ખાશે ?"

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ભલે."

અરજણભાઈ તરત જ સીધું લઈ આવ્યા અને શીરાની રસોઈ કરી. રસોઈ ચાલતી હતી તે વખતે સ્વામીશ્રી સિંહાસનની પાસે પૂર્વ તરફ ભીંતે ઓઠીંગણ દઈને ગાદી-તકિયે વિરાજ્યા હતા. સ્વામીશ્રીની સામે દરબાર અભયસિંહ બેઠા હતા. સંત-હરિભક્તો પણ સામે બેઠા હતા.

તે વખતે લાલાભાઈ ઓસરીમાંથી મંદિરમાં આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "લાલાભાઈ ! હવે કેમ કરશું ? આ દરબાર તેડવા આવ્યા છે અને અમારે તો તમારે ગામ બારસ સુધી રોકાવું છે."

ત્યારે લાલાભાઈએ કહ્યું : "સ્વામી ! ઉપલેટે પધારો. પછી મહારાજની મરજી હશે તેમ થાશે." એમ વાત થઈ ત્યાં મૂર્તિ પધરાવવાનો સમય થયો. સિંહાસનમાં મૂર્તિ પધરાવી સ્વામીશ્રીએ આરતી ઉતારી પ્રતિષ્ઠા કરી. ત્યાં તો રસોઈ પણ તૈયાર થઈ ગઈ. મહારાજને થાળ ધરાવી સ્વામીશ્રીને જમવા બોલાવ્યા. સ્વામીશ્રી મંદિરની ઓશરીમાં આથમણે બાર છે તેની ઉગમણી તરફ પાટલા ઉપર જમવા વિરાજ્યા. આગળ કાષ્ટની થાળીમાં જમવાનું પીરસ્યું. સ્વામીશ્રી થોડી વારે જમી રહ્યા એટલામાં લીલાખા તથા બીજાં ગામના હરિભક્તો દર્શને આવ્યા. તેમને સૌને જમાડ્યા પછી કથા કરી સ્વામીશ્રી પોઢી ગયા.

મેખા ટીંબી તો મસાણ ખડી છે

બપોરે સ્વામીશ્રી સૌ સંતો સાથે ગામમાં હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. પ્રથમ હીરાભાઈને ઘેર જ્યાં શ્રીજીમહારાજે મંદવાડ ગ્રહણ કર્યો હતો ત્યાં પધાર્યા. અહીં સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : "અહીં મહારાજ માંદા થયા હતા અને સો બેડાંના પાણીથી નાહ્યા હતા. તે વખતે અમે દર્શન કરવા આવ્યા હતા."

શ્રીજીમહારાજની લીલાના ઘણા પ્રસંગો સ્વામીશ્રીએ અહીં વાતો દરમ્યાન કહ્યા. પછી ત્યાંથી સ્વામીશ્રી કરસન જાદવને ઘેર પધાર્યા. અહીં સ્વામીશ્રીનાં દર્શન કરવા કેટલાક કણબીના છોકરાઓ આવ્યા હતા. તે વખતે

ત્યાં ડાહ્યો વેકરીઓ ઊભો હતો. તેને બોલાવીને તેને પ્રસાદી આપી. પછી બોલ્યા : ''આ ગામમાં તો સત્સંગ થશે પણ ઓલી મેખા ટીંબી તો મસાણ ખડી છે, ત્યાં સત્સંગ નહીં થાય.''

સ્વામીશ્રીનાં આ વચનથી જાળિયામાં તો સત્સંગ થયો પરંતુ મેખા ટીંબીમાં સત્સંગ થયો જ નહીં. મોટાપુરુષ કદી શાપ આપતા નથી. પરંતુ ભૂમિના સંસ્કારને ઓળખે છે તેથી તે પ્રમાણે કહે છે. સૌ હરિભક્તોને ઘેર સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. બધાના મનોરથ પૂરા કરી, તેમને શાંતિ કરી દઈ સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

મંદિરે આવી સ્વામીશ્રી બહિર્ભૂમિએ જઈ આવ્યા. પછી જ્યાં ફૂલનાં ઝાડ હતાં ત્યાં સ્નાન કરતા હતા એટલામાં ગામમાંથી ડાહ્યો લુહાર આવ્યો અને તેણે અરજણ બાબરીઆને કહ્યું : ''સ્વામી ! ગામમાં બધે પધાર્યા પણ મારું એકનું ઘર રહી ગયું.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''અરજણ ! એનું ઘર આપણે રહેવા નથી દેવું. અમે નાહી રહીએ પછી એને ત્યાં જા'શું.''

સ્વામીશ્રીએ નાહી રહ્યા પછી કોરાં વસ્ત્ર પહેરીને ગોવિંદચરણદાસને કહ્યું : ''પાંચ સાધુ ચાલો.'' એટલે પાંચ સાધુ તરત જ તૈયાર થયા અને ડાહ્યાભાઈને ઘેર પધાર્યા. તેણે સ્વામીશ્રીની પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં. સાકરની પ્રસાદી વહેંચી. આ પ્રમાણે તેને રાજી કરી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

બ્યાંસી વર્ષની વયોવૃદ્ધ વયે પણ હરિભક્તો કેમ રાજી રહે, તેમને પોતા પ્રત્યેની આત્મબુદ્ધિ કેમ અખંડ રહે, એ દૃષ્ટિ રાખી તેમનું કેવળ કલ્યાણ થાય એવી અતિ ઉચ્ચતમ ભાવના સ્વામીશ્રી સદા સેવતા. પોતાના દેહ પ્રત્યે તેમને સદા અનાદર હતો. દેહનો ઉપયોગ શ્રીજીમહારાજના લાડીલા ભક્તોની સેવામાં અને અનંત જીવોનું કલ્યાણ કરવું એવા શ્રીજીમહારાજના સંકલ્પની સિદ્ધિ સારુ જ તેઓ કરતા.

ક્યાં પ્રકૃતિપુરુષથી પર અનાદિ અક્ષરધામ અને ક્યાં માયાબદ્ધ જીવો ! જેમની દૃષ્ટિમાં અનંત બ્રહ્માંડો પણ અણુવત્ છે ત્યારે બ્રહ્માંડોમાં પરમાણુવત્ ભાસતા જીવોની તેમને શી ગણતરી હોય ? છતાં પણ અપાર અને અકારણ દયાના સાગર સ્વામીશ્રી, શ્રીજીમહારાજે વહેતી મૂકેલી અક્ષરવાટમાં જીવોને પ્રેમપૂર્વક દોરતા હતા.

અક્ષરના મુક્ત હોય તે અમને જાણે

તે રાત્રે સ્વામીશ્રી સભામાં વિરાજ્યા હતા તેવામાં લીલાખાના પાટીગરા રાવળ હમીર ભક્ત ત્યાં આવ્યા. તે સરોદો અને સતાર સારાં વગાડી શકતા. તેનો ભાઈ દુક્કડ વગાડતો અને લખો ખવાસ ઘડો વગાડી શકતો. આ ત્રણે ત્રિપુટી ભેળી થઈ એટલે સ્વામીશ્રી બોલ્યા : ''કોઈને કીર્તન સારાં આવડતાં હોય તો ગાવ.'' તેથી માધા કોળીએ માર્ગીનું ભજન ગાવાનું શરૂ કર્યું.

'હંસા હંસ મિલે સુખ હોઈ, ક્યા કરું મેં બગમેં જઈ;
મેરી જાત ન જાણે કોઈ-હંસા...
હંસા હમારા મોતીકા પ્યાંસી, બગ મચ્છકા આશીજી,
મોતી વિના હંસ ચાંચ ન ખોલત, ભૂખ્યા મરણતુલ્ય હોઈ-હંસા...'

કીર્તનની એવી સુંદર જમાવટ થઈ હતી કે સ્વામીશ્રી પણ સૌની સાથે કીર્તન બોલતા હતા. પછી સ્વામીશ્રીએ માધાને કહ્યું : ''માધા ! તને આનો અર્થ આવડે છે ?''

ત્યારે તેણે કહ્યું : ''ના, મહારાજ !''

સ્વામીશ્રીએ તેને કીર્તનનો અર્થ સમજાવતાં કહ્યું : ''જો, આ જીવ છે તે હંસ છે, તેને આવા પરમહંસ મળે તો સુખ થાય. પણ હંસ જો બગલામાં જઈને બેસે તો તેને બગલા શું જાણે કે આ હંસ છે ? તેમ અમને જીવ શું જાણે ? જે અક્ષરના મુક્ત હોય તે અમને જાણે.''

ત્યારે હમીરે કહ્યું : ''સ્વામી ! આ તો માર્ગીનાં ભજન છે.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''ભલેને માર્ગીનાં ભજન હોય, પણ ભાવ બહુ સારો છે, અમે આ બધાં ભજન બહુ બોલતા પણ હવે ભૂલી ગયા છીએ.'' એમ જીવને પોતા તરફ ખેંચવા સારુ, જેમ પોતામાં હેત થાય તેમ સ્વામીશ્રી વાત કરતા.

અમને અંતરમાં રાખશો તો સુખિયા થશો

બીજે દિવસે સવારમાં સ્વામીશ્રી સ્નાન, પૂજા આદિ નિત્યકર્મથી પરવારી મંદિરને નૈર્ઋત્ય ખૂણે એકાંતમાં કૃષ્ણસેવાદાસજીની સાથે બેઠા હતા.

તેમને કેટલીક ઉપદેશની વાતો કરતાં સ્વામીશ્રીએ કહ્યું : "તમે મંદિરનો અધિકાર રાખશો મા. અમારે હવે આ લોકમાં રહેવું નથી અને અમારા ગયા પછી ઉપાધિ બહુ થશે. માટે અમારું સ્વરૂપ જેમ તમે સમજો છો તેમ અંતરમાં રાખજો પણ બહાર કાઢશો નહીં. બહાર કાઢશો તો ક્લેશ થશે."

આ સાંભળી કૃષ્ણસેવાદાસની આંખમાંથી આંસુની ધારા ચાલી. સ્વામીશ્રી ધામમાં પધારશે, સ્વામીશ્રી વિના આપણું હવે શું થશે ? અત્યંત હેતની ગ્રંથિથી સ્વામીશ્રી સાથે બંધાયેલા કૃષ્ણસેવાદાસ સ્વામીશ્રીના ધામમાં જવાના સંકલ્પથી અતિ ગદ્‌ગદ થઈ ગયા ! સ્વામીશ્રી તેમનો ભાવ જાણતા હતા. તેથી તરત જ તેને સ્વામીશ્રીના અક્ષરધામમાં વિરાજતા તેજોમય દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. તે દિવ્ય સ્વરૂપે સ્વામીશ્રીએ તેને કહ્યું : "આવા ને આવા અમને અંતરમાં રાખશો તો સદાય સુખિયા થશો."

પછી સ્વામીશ્રી અંદર આસને પધાર્યા. તેવામાં રાણિંગ વગેરે હરિભક્તો આવ્યા અને સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : "સ્વામી ! અમારે સાધુઓને મોતૈયા લાડુની રસોઈ જમાડવી છે. તો સાધુ મોતૈયા લાડુ કરે એવી આજ્ઞા કરો !"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમારે મોતૈયા લાડુની રસોઈ હોય નહીં. સાધુને તો ખાંડ ને રાંડ બેય બરોબર ગણાય. વળી, ગઈ કાલે પાકી રસોઈ કરી હતી માટે આજે ન કરાય !"

એટલામાં ભોવાનભાઈ આવ્યા. તેમણે સ્વામીશ્રીને વિનય કરીને કહ્યું : "સ્વામી ! મારે ઘેર પધરામણી કરવી છે તો સર્વે સંત સહિત પધારો અને અમારાં ઘર પવિત્ર કરો." એટલે સ્વામીશ્રી ઊઠ્યા અને ભોવાનભાઈને ઘેર પધરામણીએ પધાર્યા. અહીં સંતો પાસે કીર્તનો બોલાવ્યાં. ભોવાનભાઈએ સ્વામીશ્રીની પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં.

અહીં મંદિરમાં ગણોદથી દરબાર અભયસિંહજી તથા જુણોજી આવ્યા. તેને અરજણભાઈ મળ્યા. તેણે કહ્યું : "જુણોભાઈ ! સ્વામીએ ગઈ કાલે મારી રસોઈ કરાવી અને આજે સૌ હરિજનો મળીને રસોઈ દીએ છે ને મોતૈયા લાડુ કરવાનું કહે છે પણ સ્વામી ના પાડે છે. તેથી સૌને દુઃખ લાગે છે. માટે તમે સ્વામીને કહો અને હા પાડે તેમ કરો."

એટલે જુણોભાઈ ભોવાનભાઈને ઘેર આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી

પગે લાગીને પાસે બેઠા. પછી હાથ જોડી વિનંતી કરતાં કહ્યું : "સ્વામી ! અહીંના હરિજનોને દુઃખ લાગે છે કે સ્વામીએ અરજણભાઈની પાકી રસોઈ લીધી અને અમારી લેતા નથી."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "એમ છે ? તો ભલે જાઓ પાકી રસોઈ કરાવો." પછી ત્યાં થોડી ઉપદેશની વાતો કરી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

રાત્રે નિયમ કર્યા પછી સ્વામીશ્રી પોતાના આસને સૂતા હતા. બાજુમાં લીલાખાના રાવળ વગેરે હરિભક્તો દુક્કડ સરોદો વગાડીને ભજન બોલતા હતા તે સાંભળી સ્વામીશ્રી આનંદ પામતા હતા. કોઈ કોઈ વાર તો 'વાહ વાહ' બોલતા હતા. તે પછી હરગોવિંદભાઈ તથા રણછોડ ભક્ત વાજાં વગાડીને કીર્તન બોલ્યા. તે વખતે રાત્રીના અગિયારનો સમય થયો હતો. વરસાદ પણ ધીમો ધીમો પડતો હતો. સાધુઓ મંદિરની ઓશરીમાં મંગાળો કરી લાડુ બનાવતા હતા, એટલામાં સ્વામીશ્રી લઘુ કરવા ઊઠ્યા. ઓશરીમાં પધાર્યા અને સાધુઓને દાખડો કરતા જોઈ બોલ્યા : "આપણે થાક્યા પણ આંહીં તો હજુ કોઈ થાકતા નથી." એમ કહી લઘુ કરી હાથ ધોઈ આસને પધાર્યા. પછી પોઢી ગયા.

રસોઈ કરનારા સાધુ પાક ક્રિયામાં નિપુણ હતા. પરંતુ સ્વામીશ્રીની ઈચ્છા ન હતી તેથી તેમણે ઘણો દાખડો કર્યો પણ રાત્રે બાર વાગ્યા તો પણ લાડુ વાળી શકાયો નહીં. સવારે જમવાનો સમય થયો ત્યાં સુધી પણ ચાસણીમાં કસરને લઈને લાડુ વાળી શકાયો નહીં. પછી ઠાકોરજીને થાળ ધરાવ્યો. ત્યારબાદ સૌ સંત-પાર્ષદો જમવા બેઠા. સ્વામીશ્રી આડસોડે વસ્ત્ર બાંધી સંત-પાર્ષદોને પીરસવા પધાર્યા. લાડુ જોઈ મંદ મંદ હસતા કહેવા લાગ્યા, "આ પીરસવા માટે તો વાડકો જો'શે."

પછી વાડકો લઈને સહુને પીરસ્યું. સૌને સ્વામીશ્રી પીરસી રહ્યા પછી બોલ્યા : "હરિભક્તો પાસે સિફારસ કરાવે તેમાં શું થાય ?" એમ કહી પોતે પણ જમવા વિરાજ્યા. ગોવિંદચરણદાસજીએ સ્વામીશ્રી આગળ લાકડાની થાળી મૂકી અને તેમાં જેમ તેમ વાળીને સાત-આઠ લાડુ મૂક્યા. પરંતુ સ્વામીશ્રીએ તે બધા કઢાવી નાખ્યા અને સહેજ અંગીકાર કરી, રોટલો ને દાળ જમ્યા. લાડુની પ્રસાદી દરબારશ્રી અભયસિંહજી તથા જુણોજીભાઈને અપાવી દીધી. જમતાં જમતાં સ્વામીશ્રી બોલ્યા : "આ મંદિર બહુ સારું

વિમાન જેવું કર્યું છે. આ ગામમાં તો આવું જ મંદિર જોઈએ.'' એમ વાતો કરતાં કરતાં જમી રહ્યા પછી ચળું કરીને પાણી પી આસને વિરાજમાન થયા. અહીં બપોરની કથા કરાવી, પોતે થોડીવાર પોઢી ગયા.

સ્વામીશ્રીએ જાગ્યા પછી મુખ ધોઈ કોગળા કરી જળપાન કર્યું. પછી પોતાને આસને ગાદી-તકિયે વિરાજમાન થયા અને એક સાધુ પાસે 'વચનામૃત' વંચાવવા લાગ્યા. એટલામાં ઠાકોરજી જાગ્યા. એટલે હરિજનો બાજરાનો તાજો પોંક પાડીને લાવ્યા હતા તે ઠાકોરજીને ધરાવ્યો. સ્વામીશ્રી તે ઊના પોંકની પ્રસાદી સૌને આપતા હતા. તે વખતે નાની ઉંમરનો કરસન ભક્ત ત્યાં બેઠો હતો. સ્વામીશ્રીને સૌ પોંકની પ્રસાદી આપતા જોઈ, તે પણ સ્વામીશ્રીને પોંકની પ્રસાદી આપવા ગયો. તેથી સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''તને આવડે છે ? તારે તો ખેતર નથી.''

ત્યારે તેણે કહ્યું : ''મારે ખેતર નથી પણ કોઈ કોઈ વખત પોંક ખાવા તેડી જાય છે ને !''

તે સાંભળી સ્વામીશ્રી તેની નિર્દોષ બુદ્ધિ ઉપર હસ્યા. આ પ્રમાણે સ્વામીશ્રી સૌને પોંકની પ્રસાદી આપતા, પોતે પણ થોડો જમતા, થોડી થોડી વારે વાતો કરતા સૌને આનંદ કરાવતા હતા. એટલામાં માધાભાઈનો દીકરો જેઠો પોંકનાં ડૂંડાં લઈને આવ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : ''આ માવા ભક્તનો પોંક આવ્યો તે તો પાડ્યો જો'શે.''

એટલે હરિભક્તોએ તે પોંક પાડ્યો અને ઠાકોરજીને ધરાવી સ્વામીશ્રીને આપ્યો. સ્વામીશ્રી તે કૂણો કૂણો તાજો-ઊનો પોંક જમતા જાય અને બીજાઓને પ્રસાદી આપતા જાય. વળી, ડૂંડાં હાથમાં લઈને બોલતા જાય : ''અહોહો બાજરો ! આ તે કાંઈ પોંક છે ? ડૂંડાં પણ એવાં !'' એમ વખાણ કરતાં પોંક જમીને નીકળવા તૈયાર થયા.

રણછોડ ભક્ત ઘોડી લઈ આવ્યા. તે ઉપર સ્વામીશ્રી વિરાજ્યા. સૌ સંતો તથા હરિભક્તો પણ તૈયાર થઈને ત્યાંથી નીકળ્યા. પાદર સુધી ગામના સૌ હરિભક્તો વળાવવા ગયા. વળી, અરજણભાઈ તથા ભોવાનભાઈ, સામત, રાણિંગ વગેરે તો સ્વામીશ્રીની સાથે જવા તૈયાર થઈને નીકળ્યા. આ પ્રમાણે જાળિયેથી નીકળી સ્વામીશ્રી તથા સૌ સંત-હરિભક્તો ભાયાવદર પધાર્યા.

ભાયાવદરમાં

અહીં ઉત્તરાદાબારના મંદિરને ઉગમણે કરે[૮૬] મધ્યમાં સ્વામીશ્રીનું આસન કર્યું હતું. ત્યાં પધારી સ્વામીશ્રી ગાદી-તકિયે વિરાજમાન થયા. રાત્રે ગામમાંથી સૌ હરિજનો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમની સમક્ષ સ્વામીશ્રીએ એક કલાક સુધી ઉપદેશની ઘણી વાતો કરી. ત્યારબાદ કથા કરાવી, નિયમ-ચેષ્ટા કરી પોઢી ગયા. તે વખતે સાધુઓ કીર્તનો બોલતા હતા. તે સાંભળી સ્વામીશ્રીએ સૂતાં સૂતાં કહ્યું : ''હવે આવા ને આવા દેશકાળ નહીં રહે.''

અમારે તો હવે સત્સંગીઓને સુખ દેવું છે

સવારે વહેલા ઊઠીને સ્વામીશ્રી સૌ સંતો સાથે બોડી વાવે નાહવા પધાર્યા. અહીં સ્નાન કરી, શિવજીનાં દર્શન કરી, મંદિરને ઓટલે ધ્યાન કરવા બેઠા. એટલામાં બીજા સૌ સંતો તથા હરિભક્તો સ્નાન કરી રહ્યા. પછી સૌ મંદિરે પધાર્યા. અહીં આવી પૂજા કરી કથા વંચાવવા લાગ્યા. તે પ્રસંગે ઘણી વાતો કરી. એટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ એટલે સ્વામીશ્રી જમવા પધાર્યા. ઊગમણા બારના ભંડારની ઓશરીમાં ઉત્તરાદા બારથી આથમણી તરફ પાટલા ઉપર સ્વામીશ્રી જમવા વિરાજ્યા. થોડી વારે સ્વામીશ્રી જમી રહ્યા એટલે હરિભક્તોને દર્શન દેવા પોતાના આસને પધાર્યા. અહીં કથા વંચાવતા હતા ત્યાં ગોંડળથી માધવજીભાઈએ તથા અચિંત્યાનંદ બ્રહ્મચારીએ, સ્વામીશ્રીને ગોંડળ તેડી લાવવા માટે, બ્રહ્મચારી હરિહર્યાનંદજીને તથા બ્રહ્મચારી ધર્મપ્રિયાનંદજીને અને હરિશંકરભાઈને મોકલ્યા હતા તે સૌ ત્યાં આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પાસે બેઠા. પછી હાથ જોડી કહ્યું : ''સ્વામી ! આપને ગોંડળ તેડી લાવવા સારુ અમને મોકલ્યા છે. માટે દયા કરીને આપ ગોંડળ પધારો.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''ઉપલેટે લાલાભાઈને મળીને પછી ત્યાં આવશું. અમારે તો હવે સત્સંગમાં ફરવું છે અને સત્સંગીઓને સુખ દેવું છે.''

ત્યારે તે ત્રણે જણાએ કહ્યું : ''સ્વામી ! પણ અમને કહ્યું છે કે ત્યાં

૮૬. ભીંત.

રોકાશો નહીં અને હમણાં ને હમણાં જ સ્વામીશ્રીને તેડીને આવજો. માટે આપ આજે જ પધારો.''

તેમનો આગ્રહ જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''એ ખરું પણ એમ ન ચલાય. આજ તો ગામમાં હજુ પધરામણીએ જવું છે ને હરિભક્તોને સુખ દેવું છે.'' એમ વાતો કરીને તેમને જમવા માટે મોકલ્યા.

સાંજે સ્વામીશ્રી બોડી વાવે સ્નાન કરવા સૌ સંતો સાથે પધાર્યા. નાહીને સ્વામીશ્રી શિવજીના મંદિરના ઓટલા ઉપર ધ્યાન કરવા બેઠા. ત્યારે શિવજી દિવ્ય દેહે ત્યાં આવ્યા અને સ્વામીશ્રીને પ્રણામ કર્યા. પછી સ્વામીશ્રી સૌ સાથે મંદિરે પધાર્યા.

મંદિરે આવી પોતાના આસને ગાદી-તકિયે સ્વામીશ્રી વિરાજ્યા. એટલામાં ગામના હરિભક્તો આવ્યા અને સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : ''સ્વામી ! અમારે ઘેર પધરામણીએ પધારો.''

તે વખતે ત્યાં દુર્લભજી ઊભા હતા. તેમને જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તારે ઘેર પધરામણી નથી કરાવવી ?''

ત્યારે તેણે હાથ જોડી કહ્યું : ''હા, મહારાજ ! પધરામણી તો કરાવવી છે.'' પછી સ્વામીશ્રી ઊઠ્યા અને સૌ સંતો સાથે ગામમાં હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. સૌ હરિભક્તોને ઘેર પધરામણી કરી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. એટલામાં રાઘવ રાવળ ત્યાં આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! અમારું ઘર તો પધરામણી વિના રહી ગયું.''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તમારું ઘર રહેવા નથી દેવું. હવે કાલે આંહીંથી નીકળતી વખતે તમારે ઘેર આવશું.''

પછી સાધુ સૌ ગોડી બોલવા લાગ્યા. ત્યારબાદ આરતી થઈ. વરતાલથી જૂનાગઢ થઈ પંચતીર્થમાં ફરવા નીકળેલા ગોપાળજી મહારાજ તે વખતે અહીં આવી પહોંચ્યા. સ્વામીશ્રીને પગે લાગીને પાસે બેઠા. ધૂન પૂરી થઈ એટલે ગોપાળજી મહારાજ દુક્કડ વગાડીને કીર્તનો ગાવા લાગ્યા. સાધુ સૌ કીર્તનો સાંભળવા બેસી ગયા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : ''જુઓ, આમાં કોઈને નિદ્રા આવે છે ? પણ જો વાતુ સાંભળવા બેસે તો તરત નિદ્રા આવે, કેમ કે વાતોમાં તો કાનથી સાંભળવું પડે તે એક ઇન્દ્રિયને સુખ આવે ને આમાં તો બધી ઇન્દ્રિયો તૃપ્ત થાય.'' ત્યારબાદ સ્વામીશ્રી પોઢી ગયા.

બીજો જોગ આવશે પણ આવા સાધુ નહીં મળે

બીજે દિવસે સ્વામીશ્રી જમીને ભાયાવદરથી નીકળ્યા. પરંતુ રાઘવ રાવળને ઘેર પધરામણી બાકી હોવાથી તેને ઘેર પધરામણીએ પધાર્યા. ત્યાં તેણે સ્વામીશ્રીની પૂજા કરી અને ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રી ત્યાંથી ઘોડી ઉપર બેસી નીકળ્યા. સ્વામીશ્રીની સાથે વેલા પટેલ, રાજોભાઈ, ઠાકરસીભાઈ, દેવજીભાઈ સૌ ઉપલેટે જવા નીકળ્યા. સ્વામીશ્રી સાથેનો સંઘ વધતો ગયો. રસ્તામાં કોઈ સાધુ કીર્તનો બોલે, તો કોઈ વળી વચનામૃત મોઢે કરેલાં બોલતા જાય, કોઈ માળા ફેરવે. આમ, બ્રહ્મકિલ્લોલ કરતાં અક્ષરની વાટે સાબદા થવા નીકળેલો સંઘ, મૂર્તિમાન અક્ષરના સંબંધનું સુખ અનુભવતો હતો. ઉપલેટાની સીમમાં આવ્યા ત્યાં રસ્તા પાસે આહીર કરસન સુવાનું ખેતર આવ્યું. કરસન આહીર ખેતરમાં જ હતા. તેણે આવીને સ્વામીશ્રીને દંડવત્ પ્રણામ કર્યા ને પ્રાર્થના કરી કે "સ્વામી ! બાજરાનો પોંક અને ચીભડાં થયાં છે તે જમતા જાઓ. મારે આવો જોગ ક્યાંથી આવે ?"

તેનું ભાવપૂર્વકનું આમંત્રણ સ્વીકારતાં સ્વામીશ્રી તેના ખેતર ભણી વળ્યા અને મંદ મંદ હસતા બોલ્યા : "હા, એ તો ખરું. બીજો જોગ આવશે પણ આવા સાધુ નહીં મળે. આ તો છેવટનો જોગ છે."

પછી તેના દીકરા લક્ષ્મણ અને નારણ બંને ખેતરમાં ગયા અને બાજરાનાં ડૂંડાં અને ચીભડાં લઈ આવ્યા. પોંક પાડીને ચીભડાં સુધાર્યાં. ઠાકોરજીને ધરીને સ્વામીશ્રી તેમાંથી થોડું જમ્યા અને સર્વે સંત-હરિભક્તોને પ્રસાદી આપી. સ્વામીશ્રીને હવે ધામમાં પધારવું હતું તેથી પોતાને વિષે હેતવાળા તમામ ભક્તોના મનોરથ પૂરા કરી, તેમને પોતાના સ્વરૂપની દિવ્ય સ્મૃતિ આપી સુખિયા કરવા હતા. પછી ત્યાંથી સ્વામીશ્રી નીકળ્યા અને ગામમાં પધાર્યા. ગામના હરિભક્તોએ સ્વામીશ્રીનું સુંદર સ્વાગત કર્યું. સ્વામીશ્રી ધામધૂમથી ગામમાં પધાર્યા અને મંદિરમાં ઉતારો કર્યો.

ઉપલેટામાં

સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા છે તે સમાચાર ગામમાં પ્રસરતાં ઘણા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન માટે મંદિરે આવવા લાગ્યા. અહીં સભા

ભરાઈ ગઈ, સ્વામીશ્રી પણ આવા ભાવિક હરિભક્તોને જોઈ રસ્તાનો થાક ન ગણતાં ઉપદેશની વાતો કરવા લાગ્યા; એટલામાં જૂનાગઢથી સ્વામી ચતુર્ભુજદાસજી આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી સ્વામીશ્રીની પાસે બેઠા. તે વખતે એક હરિભક્ત સ્વામીશ્રીને પંખા વડે પવન નાખતા હતા. તેના તરફ જોઈ સ્વામીશ્રીએ તેને કહ્યું : ''અમને રહેવા દ્યો. આ ચતુર્ભુજદાસજી તડકો વેઠીને આવે છે. તેને વાયરો નાખો.''

ત્યારે તે હરિભક્ત સ્વામીશ્રીની આજ્ઞાથી તેમને પવન નાખવા લાગ્યા. સ્વામીશ્રીની આવી વત્સલતાનાં તેમના આશ્રિતોને પળે પળે દર્શન થતાં. સાંજનો સમય થવા આવ્યો હોવાથી સંતોએ ગોડી બોલવાનું શરૂ કર્યું. ત્યારબાદ આરતી-ધૂન થયાં. પછી સ્વામીશ્રીએ સભામાં શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાની તથા તે સ્વરૂપ પૃથ્વી ઉપર સદા પરમ એકાંતિક સંત દ્વારા પ્રગટ જ હોય છે તે ઉપર ઘણી વાતો કરી. પછી નિયમ કરીને પોઢી ગયા.

અમે તો આવ્યા નથી અને ગયા પણ નથી

બીજે દિવસે સવારમાં સ્વામીશ્રી સૌ સંતોની સાથે ગામથી ઉપરવાસ નદીએ નાહવા પધાર્યા. નાહીને મંદિરે આવી પૂજા કરી. એટલામાં લાલાભાઈ આવ્યા. તેમને એકાંતમાં બોલાવીને સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : ''લાલાભાઈ ! અમારે હવે આ લોકમાં રહેવું નથી. એટલે અમે અહીં દેહત્યાગ કરવા આવ્યા છીએ.''

તે સાંભળી લાલાભાઈ અવાક બની ગયા. તેમની આંખમાં આંસુ આવી ગયાં. પછી હાથ જોડી તે બોલ્યા : ''સ્વામી ! આપ આ શું બોલ્યા ? તમે તો અમારા જીવનપ્રાણ છો. તમે અમને રખડતા મેલીને ચાલ્યા જશો ?''

એટલે સ્વામીશ્રીએ તેમને આશ્વાસન આપતાં કહ્યું : ''લાલાભાઈ ! અમે ત્યાં રહ્યા થકા પણ તમારી ખબર રાખશું. અમે તો આવ્યા પણ નથી અને ગયા પણ નથી એમ તમે સમજો. જ્યારે તમે અમને સંભારશો, ત્યારે અમે તમારી પાસે આવશું. તમને અમારામાં હેત છે તો અમારે ને તમારે કાંઈ છેટું જ નથી.''

પરંતુ લાલાભાઈને તો આ પ્રગટ સંબંધની અપેક્ષા હતી. છતાં

સ્વામીશ્રીના બોલવા ઉપરથી એમ જણાતું હતું કે સ્વામીશ્રી હવે આ લોકમાંથી જવા તૈયાર થયા છે એટલે લાચારીથી કહ્યું : "ઠીક સ્વામી ! જેવી આપની મરજી !"

એટલી વાત કરીને સ્વામીશ્રી પોતાના આસને ગાદી-તકિયે વિરાજમાન થયા. સ્વામીશ્રી આગળ સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તેવામાં ગણોદથી દરબાર અભયસિંહજી આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગી તેઓ પાસે બેઠા. ત્યાં ગોંડળથી ગોંડળ રાજ્યના કારભારી માધવજી દવે પણ આવ્યા. તેમને જોઈને સ્વામીશ્રીએ લાલાભાઈ તરફ જોઈને કહ્યું : "લાલાભાઈ ! આ અભયસિંહજી બાપુ અને માધવજી દવે બંને અમને તેડવા આવ્યા છે ને અમારે તો તમારે ગામ રોકાવું છે તેનું કેમ થશે ?"

તે સાંભળી માધવજી દવે ઝટ ઝટ બોલી ઊઠ્યા : "સ્વામી ! મને તો આપને તેડવા માટે જ મોકલ્યો છે. ગોંડલ બાપુને તથા રાણીને ઘણો ઉમંગ છે અને આપને પધરાવવા છે અને મંદિર કરવું છે. માટે આપને ગોંડલ જરૂર પધારવું જો'શે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "આ લાલાભાઈ કહે તેમ કરીએ." પછી લાલાભાઈ તરફ જોઈ સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "કેમ લાલાભાઈ ! તમે શું કહો છો ?"

ત્યારે લાલાભાઈએ કહ્યું : "સ્વામી ! દરબારે માધવજીભાઈને મોકલ્યા છે માટે ત્યાં ગયું જો'શે. અમે તો એમની વસતિ ગણાઈએ. તે કહેશે કે લાલાભાઈએ સ્વામીશ્રીને આવવા દીધા નહીં."

તે સાંભળી સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : "ચાલો, હવે ધણીએ રજા દીધી તે હવે શું કરવું ? હવે તો ગોંડલ જવું જો'શે."

પછી લાલાભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! અમે સેવ કરાવી રાખી છે તો તે રસોઈ કરવાની આજ્ઞા આપો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે કરાવો."

એટલે લાલાભાઈએ સેવની રસોઈ કરાવી. રસોઈ તૈયાર થઈ એટલે ઠાકોરજીને થાળ ધરાવી મંદિરની ઓસરીમાં સંતની પંક્તિ કરી. તે વખતે સ્વામીશ્રી ભંડાર સામું જે બાર છે તેના આથમણે પડખે પાટલા ઉપર જમવા બેઠા. ત્યારે લાલાભાઈ તથા સૌ હરિભક્તોએ સ્વામીશ્રીને વિનંતી કરતાં

કહ્યું : "સ્વામી ! આજ તો સૌ સંતોને તમે સેવ પીરસો."

તેથી સ્વામીશ્રી ઊઠ્યા અને સૌને સેવ પીરસી. બીજા સાધુએ ખાંડ પીરસી. પછી લાલાભાઈ તથા લક્ષ્મણભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! હવે આપ સૌને ઘી પીરસો."

ત્યારે સ્વામીશ્રીએ પોતાની અરુચિ બતાવતાં કહ્યું : "ઘીનું કાંઈ નહીં."

પરંતુ લાલાભાઈ કાંઈ એમ છોડે તેવા ન હતા. તેમણે કહ્યું : "સ્વામી ! અમારે ઘેર દુઝાણું છે એટલે ઘી ઘરનું છે. તેમાં કાંઈ ખર્ચ નથી માટે પીરસો."

સ્વામીશ્રીને મનમાં એમ કે વધુ પડતા ગળ્યા અને ચીકણા પદાર્થો સંતો ખાય તે ઠીક નહીં. તેથી તેમણે કહ્યું : "સાધુને શાકમાં અને પાકમાં ઘી હોય પણ સેવમાં ઘી ન હોય તો ચાલે. કણબી તો વાણાં ને ટાણામાં ઘી પીરસે."

ત્યારે લાલાભાઈ તથા લક્ષ્મણભાઈએ ફરી પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! આ જ તો દયા કરીને પીરસો. આપના જેવા પીરસનારા ક્યાંથી મળશે ?"

તેમનો અતિ આગ્રહ અને ભાવ જોઈ સ્વામીશ્રીએ સૌને ઘી પીરસ્યું. પછી પોતે જમવા બેઠા. સાધુએ સ્વામીશ્રી પાસે મૂકેલી લાકડાની થાળીમાં સેવ પીરસી. તેમાંથી સ્વામીશ્રી જરાક જમ્યા. પછી પાસે કૃષ્ણસેવાદાસજી બેઠા હતા. તેમને સ્વામીશ્રીએ કહ્યું : "તમે ઘણાં મંદિરો કર્યાં છે માટે લ્યો તમને પ્રસાદી આપીએ ને થોડી આ નાના સાધુ(ઈશ્વરદાસજી)ને આપીએ." એમ કહી પોતાના પત્તરની પ્રસાદી તે બંનેને આપી. પોતે થોડો પાપડ જમ્યા. તે વખતે હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને ત્યાં આવ્યા અને દંડવત્ કરી સૌ પગે લાગ્યા. એટલામાં સ્વામીશ્રી જમી રહ્યા અને ચળું કરી પોતાના આસને પધાર્યા. ત્યાં 'વચનામૃત'ની કથા વંચાવી, થોડી વાર પોતે પોઢી ગયા.

સાંજે ચાર વાગે ઠાકોરજી જાગ્યા એટલે સ્વામીશ્રી ઊઠ્યા અને મોં ધોઈ જળપાન કરી થોડાં 'વચનામૃતો' વંચાવ્યાં. ત્યારબાદ સ્નાનનો સમય થયો હતો એટલે નદીએ નાહવા પધાર્યા.

મનુષ્યના ધર્મો ન પળાયા તો પશુ જ છે

નાહીને સ્વામીશ્રી મંદિરે પધાર્યા. તે સમયે હરિભક્તો પણ આવી ગયા

હતા. સ્વામીશ્રી તેમને વાતો કરતા હતા. એટલામાં દરબાર અભયસિંહજી તથા માધવજી દવે આવ્યા અને સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : ''સ્વામી ! દરબારગઢના નવલખામાં આપની પધરામણી કરાવવી છે તો સૌ સંતો સહિત પધારો.''

એટલે સ્વામીશ્રીએ સૌ સંતોને તૈયાર થવા કહ્યું. સૌ સંતો સાથે સ્વામીશ્રી દરબારગઢના નવલખામાં પધાર્યા. અહીં બંગલાવાળા ઓરડામાં ગાદી-તકિયો બિછાવીને સ્વામીશ્રી માટે સુંદર આસન તૈયાર કર્યું હતું. સ્વામીશ્રી તે ઉપર વિરાજમાન થયા. સંત-પાર્ષદો સૌ પાસે બેઠા. હરિભક્તો બહાર ઓશરીમાં બેઠા.

પછી સ્વામીશ્રીએ સંતોને કહ્યું : ''કીર્તનો બોલો.''

એટલે સંતોએ કીર્તનો ઉપાડ્યાં. પછી માધવજીભાઈએ કેસર મિશ્રિત ચંદનથી સ્વામીશ્રીની પૂજા કરી અને પુષ્પનો હાર પહેરાવ્યો. ત્યારબાદ સૌ સંતોની પૂજા કરી સૌને ધોતિયાં ઓઢાડ્યાં.

થોડી વારે સ્વામીશ્રીએ ત્રિકમદાસને કહ્યું : ''ઝૂલણા બોલો.''

એટલે તે ઝૂલણા છંદનાં કીર્તનો બોલ્યા. તે ઉપર સ્વામીશ્રીએ ઘણી વાતો કરી. તે વખતે ધોરાજીના કોલકીના બસો પટેલિયા દરબારી કામે અહીં આવ્યા હતા તે બધા સ્વામીશ્રીનું પૂજન થતું હતું તે જોવા સારુ આવ્યા હતા. તેમના તરફ જોઈ સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''તમારે બીજા રાજ્યમાં રહેવા જવું હોય તો આગળથી ત્યાં જઈને જમીન જોઈ આવો, પાઘડી બાંધી આવો અને ઠરાવ કરી આવો ત્યાર પછી રહેવા જાવ કે પરબાર્યા રહેવા જાવ ?''

એટલે તેમણે કહ્યું : ''એ તો પહેલો ઠરાવ કરવો પડે મહારાજ ! નહીં તો કેને ઘેર જઈને ઊભા રહીએ ?''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને ફરી પૂછ્યું : ''ત્યારે તમે આ દેહમાંથી નીસરશો પછી ક્યાં જઈને ઊભા રહેશો ? આ દેહમાં તો નહીં રહેવાય. એનો કાંઈ નિર્ધાર કર્યો છે જે ક્યાં જઈને ઊભા રહેશું ? માટે સત્સંગ કરો તો તમને એ બધી વાત સૂઝે.'' એમ તેમને વાત કરીને 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ, આજ ધર્મવંશીને દ્વાર નરનારી' એ કીર્તન પોતે બોલ્યા ને કહ્યું : ''જુઓ, અમારામાં તમને કોઈ દોષ દેખાતો હોય તો બોલો.''

એટલે તે કાંઈ બોલ્યા નહીં. પરંતુ ત્યાં ધોરાજીનો વાણિયો બેઠો હતો તે બોલ્યો : "મહારાજ ! એમને શિંગડાં અને પૂછડાં નથી એટલો જ ફેર છે."

આ સાંભળી પટેલિયા શરમાઈ ગયા અને ઊભા થઈ ગયા. મનુષ્ય જન્મ લઈને પણ સત્ય, નીતિ, ચારિત્ર્ય, અહિંસા વગેરે મનુષ્યના ધર્મો ન પળાયા તો તે ખરેખર શિંગડાં અને પૂછડાં વિનાનો પશુ જ છે. તે પછી મનુષ્ય કોને કહેવાય અને મનુષ્યના શું ધર્મ છે તે ઉપર સ્વામીશ્રીએ કેટલીક વાતો કરી.

સ્વામીશ્રી વાતો કરી રહ્યા એટલે પ્રભુદાસ નાગર ત્યાં બેઠા હતા, તેમને અંતરમાં પ્રેરણા થઈ કે આવા ભગવત્‌ સ્વરૂપ સત્પુરુષનો સંબંધ જો રહે અને તેમનો આશ્રય કરીએ તો કલ્યાણ થાય. તેથી તેઓ ઊભા થઈને સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મને વર્તમાન ધરાવો." એટલે સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં અને કંઠી બાંધી.

સંધ્યાટાણું થઈ ગયું હોવાથી ત્યાં જ આરતી, ધૂન કરીને સ્વામીશ્રી પછી મંદિરે પધાર્યા. હરિભક્તો પણ પાછળ પાછળ આવ્યા. એટલે અહીં પણ હરિભક્તોની સભા થઈ. સ્વામીશ્રીને તો સાંભળવાવાળા મુમુક્ષુઓ જોઈએ એટલે અહીં કથા શરૂ કરી. તેમાંના કેટલાક હરિભક્તોએ સ્વામીશ્રીને કહ્યું : "દયાળુ ! આવતીકાલે મોતૈયા લાડુની રસોઈ કરાવવી છે તો આપ આજ્ઞા આપો."

તેમનો ભાવ જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'ભલે કરાવો.' એટલે, હરગોવિંદદાસ તથા બીજા સાધુઓ તેની તૈયારી કરવામાં મંડી પડ્યા.

બીજે દિવસે સવારે સ્નાન, પૂજા વગેરે નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રી ગામમાં પધરામણીએ પધાર્યા. પ્રથમ લાલાભાઈને ઘેર પધાર્યા. અહીં સ્વામીશ્રી પોતે 'મારે મોહોલે આવો, હસીને બોલાવો રે રંગભીના છેલા નંદજીના છોજી રાજ.' એ કીર્તન બોલવા લાગ્યા. એટલે સૌ સંતો પણ સાથે બોલવા લાગ્યા. પછી લાલાભાઈએ તેમના દીકરા રામ પાસે સ્વામીશ્રીની પૂજા કરાવી અને ધોતિયાં ઓઢાડ્યાં. ત્યારબાદ અન્ય સંતોની પણ પૂજા કરી તેમને સૌને ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીશ્રીએ તેને માથે હાથ મૂકીને કહ્યું : "ભક્ત સારા થશે."

એટલામાં ભગવાન સાકરનો થાળ ભરીને લાવ્યો. તે ઠાકોરજીને

ધરાવ્યો અને સૌને પ્રસાદી વહેંચી. ત્યારબાદ સ્વામીશ્રી ઊઠ્યા અને બીજા હરિભક્તોને ઘેર પણ પધરામણીએ પધાર્યા. પછી મહારાજની પ્રસાદીનું ઘર છે ત્યાં પધાર્યા અને ત્યાં બેસીને મહારાજની લીલાની કેટલીક વાતો કરી.

આ પ્રમાણે સૌ હરિભક્તોને રાજી કરી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. અહીં રસોઈ તૈયાર થઈ ગઈ હતી એટલે ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. ત્યારબાદ કથા કરી સ્વામીશ્રી પોઢી ગયા.

એવા હરિજનનું રાખવું જોઈએ

સાંજે ચાર વાગે ગામમાં આહીર ભક્તોને ઘેર સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. તે વખતે ત્યાં બાગમાં જ્યાં મહારાજની પ્રસાદીનું કદમનું વૃક્ષ, કૂવો અને શિવજી છે, ત્યાં પણ દર્શને પધાર્યા. સૌ આહીર ભક્તોને ઘેર પધરામણી કરી સ્વામીશ્રી સંધ્યાટાણે મંદિરે પધાયા. અહીં ગોડી, આરતી, ધૂન્ય કરી સ્વામીશ્રી કથા કરતા હતા ત્યાં ધોરાજીવાળા દેવરાજ મિસ્ત્રી આવ્યા. તેને ખબર પડી કે સ્વામીશ્રી તો આખા ગામમાં પધરામણીએ પધાર્યા હતા. એટલે તેણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આપે સર્વે હરિજનોને ઘેર પધરામણી કરી પરંતુ હું કામે ગયો હતો તે રહી ગયો છું.''

તે સાંભળી બીજા હરિભક્તોએ કહ્યું : ''સ્વામી ! એનું ઘર તો નદી કાંઠે બહુ છેટું છે.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''દેવરાજભાઈ તો આપણા મિસ્ત્રી છે ને એણે અમારું ઘણું કામ કર્યું છે, માટે એને ત્યાં તો ગયું જોશે. એવા હરિજનનું રાખવું જોઈએ.'' એમ કહીને પોતે તરત જ ઊઠ્યા.

રાત્રે ફાનસો લઈ સૌ દેવરાજભાઈને ઘરે પધરામણીએ, સ્વામીશ્રીની સાથે ચાલ્યા. દેવરાજભાઈ તો સ્વામીશ્રીનો પોતાની પ્રત્યેનો આવો વાત્સલ્યભાવ જોઈ કૃતાર્થ થઈ ગયા ! તેણે સ્વામીશ્રીની તથા સંતોની પૂજા કરી સૌને ધોતિયાં ઓઢાડ્યાં. તેને રાજી કરી સ્વામીશ્રી રાત્રે મંદિરે પધાર્યા.

આ ગોવાની ખબર રાખશો તો અમે તમારી ખબર રાખશું

બીજે દિવસે જમીને સ્વામીશ્રી ઉપલેટાથી નીકળવા તૈયાર થયા. ઘોડી તૈયાર હતી. તે ઉપર સ્વામીશ્રી વિરાજ્યા એટલામાં તો લગભગ પાંચસો

હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા માટે સાથે ચાલ્યા. ત્યાંથી ચાલતા સૌ નદીએ આવ્યા. હાલ જ્યાં રેલવેનો પુલ છે તેને સામે કાંઠે સ્વામીશ્રી ઊતર્યા અને કહ્યું : "નાહવા જવું છે." પછી બહિર્ભૂમિ જઈ આવી નદીમાં સ્નાન કર્યું. તેવામાં ધર્માનંદ બ્રહ્મચારીએ ધાબળો પાથર્યો. તે ઉપર ગોવાભાઈએ ઝીણી પછેડી પાથરી દીધી. સ્વામીશ્રી તે ઉપર ઊભા રહીને ધોતિયું પહેરતા હતા ત્યારે જેશંકર દવેએ સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું : "સ્વામી ! મારી ખબર રાખજો."

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : "તમે આ ગોવાની ખબર રાખશો તો અમે તમારી ખબર રાખશું."

એટલે તેણે કહ્યું : "ઠીક, સ્વામી !"

પછી સ્વામીશ્રીએ ગોવાભાઈનું કાંડું ઝાલીને જેશંકરને સોંપ્યું અને ફરીથી કહ્યું : "આની નજર રાખશો તો અમે તમારી નજર રાખશું. તેને માથે દાણીગણ[૮૭] છે તે ઉઠાડજો."

પરંતુ સ્વામીના આ વચનનો મર્મ ન સમજી શકવાથી જેશંકરે ફરી કહ્યું : "સ્વામી ! મારે ત્રણ ગામનું કારભારું છે."

તે સાંભળી દરબાર અભયસિંહજીએ તેને કહ્યું : "અભાગિયા ! સ્વામી કહે છે તે મોજ લેને ! ભૂલો શું કામ પડે છે !"

એટલે જેશંકરને સ્વામીનું વચન સમજાયું. તેણે તરત જ કહ્યું : "ઠીક સ્વામી ! ગોવાભાઈની ખબર જરૂર રાખીશ."

સ્વામીશ્રી તેના ઉપર રાજી થઈ ગયા. પછી ઘોડીએ બેઠા અને સૌને કહ્યું : "હવે સૌ પાછા વળો."

તેથી સૌ હરિભક્તો દંડવત્ કરી પાછા વળ્યા. ભાયાવદરના હરિભક્તો ત્યાંથી જ પોતાને ઘેર ગયા. પછી સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા ત્યારે લાલાભાઈનો દીકરો રામ સ્વામીશ્રીની ઘોડીના પલાણનું પેંગડું પકડીને ભેગો ચાલ્યો. આગળ જતાં ગોવાભાઈના ખેતરમાં લાલાભાઈ તલ વાવતા હતા. ત્યાં આવ્યા એટલે સ્વામીશ્રીએ ખેતર ઉપર દૃષ્ટિ કરીને કહ્યું : "આ તલ તો બહુ સારા થશે, કેમ કે આ તો બાબરિયાવાડના જેવી જમીન છે."

લાલાભાઈ પણ સાથે ચાલ્યા. થોડા આઘેરાક ગયા ત્યારે સ્વામીશ્રીએ

---

૮૭. કરજ, દેવું.

લાલાભાઈ તથા ગોવાભાઈને કહ્યું : ''હવે તમે પાછા વળો.''

એટલે તેઓ ત્યાં ઊભા રહ્યા. જ્યાં સુધી સ્વામીશ્રીનાં દર્શન થયાં, ત્યાં સુધી તેઓ ત્યાં જ ઊભા રહ્યા, દર્શન થતાં બંધ થયાં એટલે પછી પોતાને ઘેર ગયા.

અમારે તો હવે ગોંડલ જઈને દેહ મૂકવો છે

સ્વામીશ્રી ત્યાંથી આગળ ચાલ્યા ત્યાં ભાયાવદરથી આવતા દુર્લભજી તથા મયારામ સામા મળ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગી તે પણ સ્વામીશ્રી ભેગા ચાલ્યા. ચાલતાં વાવડી ગામ અને ઝાંઝમેર વચ્ચે ને'રુ આવ્યું ત્યાં સ્વામીશ્રી ઊતર્યા. અહીં કાશીરામ કોઠારીને બોલાવ્યા અને તેમને કહ્યું : ''અમે તો હવે જૂનાગઢથી નીસર્યા છીએ તે પાછા જૂનાગઢ જવાના નથી. અમારે તો હવે ગોંડલ જઈને દેહ મૂકવો છે. તમને હવે કહું છું કે તમારે જૂનાગઢના મોટેરા ન થાવું.'' એમ કેટલીક વાતો પોતાના આશ્રિતના કલ્યાણના માર્ગમાં વિઘ્ન ન આવે તે સારુ કરી.

સ્વામીશ્રીની આજ્ઞા કે સૂચનાનો જેણે જેણે અમલ કર્યો તે સૌ સુખિયા થઈ ગયા. જેણે તે વચનોમાં દિવ્યતા ન જોઈ અને મનને ધાર્યે વર્ત્યા તે સૌને ઉપાધિ આવી અને દુ:ખ પડ્યાં. કાશીરામને પણ સ્વામીશ્રીનું આ વચન જરા કઠણ લાગ્યું અને તેનું મોં કાળું શાહી જેવું થઈ ગયું.

ત્યાર પછી સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : ''મહારાજ, જ્યારે અહીં પધાર્યા હતા, ત્યારે આ ને'રામાં સચ્ચિદાનંદ સ્વામી સંતાયા હતા. તે વખતે મહારાજે સૌને કહ્યું હતું કે 'સહુ લૂગડાં સાચવજો. અહીં ચોર સંતાણો છે.' સચ્ચિદાનંદ સ્વામી મહારાજ વિના રહી શકતા નહીં એટલે મહારાજ કદાચ છૂટા પડવાની આજ્ઞા કરે તે બીકે સંતાઈ ગયા હતા. પછી તેઓ બહાર નીકળીને મહારાજને મળ્યા.'' એ પ્રમાણે વાત કરીને સ્વામીશ્રી ઘોડી ઉપર બેસીને ત્યાંથી સાબદા થયા.

ચાલતાં ચાલતાં રસ્તામાં આકાશ સામું જોઈને સ્વામીશ્રી બોલ્યા : ''ક્યાંઈ વરસાદ દેખાતો નથી. આપણે તો તે જોઈતો નથી પણ ગોપીનાથના દેશમાં જોઈએ છે તો ત્યાં થાય તો સારું.'' એમ વાત કરતાં થોડેક આઘા ચાલ્યા ત્યાં તો વાદળાં થયાં અને થોડો થોડો વરસાદ વરસવા માંડ્યો. ત્યારે

વામનપ્રસાદે કહ્યું : "સ્વામી ! આ વરસાદ તો આપણને પલાળશે."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "મૂંઝાશો નહીં. એ અહીં નહીં વરસે, એ તો ગોપીનાથજીના દેશમાં વરસશે. આપણે તો જોઈતો નથી."

ત્યાં તો વાદળાં ગઢડા તરફ ઉગમણી દિશામાં ઊતરી ગયાં. એટલામાં ગામ ઝાંઝમેર આવ્યું. ત્યાંના પટેલને દરબાર અભયસિંહજીભાઈ મળ્યા અને કહ્યું : "આ અમારા મોટા સાધુ છે અને તેમને અહીં રાત રહેવું છે."

એટલે તે પટેલે તરત જ ઊતરવાની બધી સગવડ કરી દીધી. પોતાની ડેલીમાં સ્વામીશ્રી માટે ખાટલો પાથરી દીધો. તે ઉપર સ્વામીશ્રી વિરાજમાન થયા. પછી રાત્રે સભામાં સ્વામીશ્રીએ કીર્તનો ગવરાવ્યાં. તેમાં 'કરજો સત્સંગની સહાય વહાલા' તથા 'શ્રીજી પધાર્યા સ્વધામ રે, મેલી પોતાના મળેલ' એ કીર્તનો ઉપર સ્વામીશ્રીએ ઘણી વાતો કરી.

ઝાંઝમેરમાં : મસીદ પ્રસાદીની છે, મહારાજ ઊતર્યા હતા

સવારે વહેલા ઊઠીને સૌ ઝાંઝમેરથી ચાલ્યા અને ગામ દૂધીવદર આવ્યા. અહીં ફોફળ નદીમાં સૌએ સ્નાન કરી, પૂજા કરી. એટલામાં વામનપ્રસાદજી તથા હરિસ્વરૂપદાસજીએ બાજરાનો રોટલો તથા કઢી તૈયાર કરી દીધાં. તે ઠાકોરજીને ધરાવીને સ્વામીશ્રી જમ્યા. પછી એક વાડકીમાં કઢી તથા તાવડીમાં રોટલો લઈને સ્વામીશ્રી દરબાર અભયસિંહજી પાસે આવ્યા અને તેમને કહ્યું : "દરબાર ! લિયો પ્રસાદી."

દરબારે તે પ્રસાદી લીધી અને જમવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રીએ હસતાં હસતાં તેમને કહ્યું : "દરબાર ! તમે તો ગોંડળના રાજકાજમાં મુખી ને તમારે તો સોનારૂપાના થાળ આવે, તે આ તાવડીમાં રોટલો ને વળી અમારી પ્રસાદીનો તે તમને ક્યાંથી ફાવે ?"

ત્યારે દરબારે કહ્યું : "અરે મહારાજ ! આપની પ્રસાદી ક્યાંથી ? પ્રસાદી સારુ તો બ્રહ્મા માછલું થયા હતા." એમ રમૂજ કરતાં કરતાં દરબાર થોડું જમ્યા. પછી કરસનને કહ્યું : "લે આ જમી જા." એટલે તે સ્વામીશ્રીની પ્રસાદી જમી ગયો.

પછી સ્વામીશ્રી નદીમાં ઉત્તરાદે મુખે ઊભા ઊભા બુંદદાણાનો મુખવાસ જમતા હતા તે વખતે તે નદીને આથમણે કોરે એક મસીદ હતી (હાલ છે) તે

જોઈને સ્વામીશ્રી બોલ્યા : "દરબાર ! ઓલી મસીદ પ્રસાદીની છે, તેમાં મહારાજ એક રાત રહ્યા હતા." એમ કહીને વળી દરબારને કહ્યું : "બાપુ ! તમે તો હવે ગોંડળના રાજકાજમાં મુખી થયા તેથી આ સાધુની ગરજ થોડી રહેશે ?"

ત્યારે દરબારે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! મારે ગોંડળનું કાંઈ નથી. હું તો આપની આજ્ઞાએ કરીને ત્યાં રહ્યો છું. માટે કહો તો આંહીંથી જ પાછો ઘેર જાઉં."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : "એ તો અમે અમથા કહીએ છીએ."

પરંતુ દરબારનું મન માન્યું નહીં. તેમણે તો સ્વામીશ્રીના આ વચનમાં કંઈક ઊંડું રહસ્ય છે એમ સમજી લીધું. તેથી કહ્યું : "ના, સ્વામી ! હવે તો જો મને આપ કોલ આપો જે, કાંઈ દુઃખ આવશે તો રક્ષા કરીશ તો જ હું ગોંડળ જાઉં, નહીં તો આંહીંથી જ પાછો વળું."

દરબાર તો સ્વામીશ્રીમાં જ જોડાયેલા હતા. તેથી તેમને તો સ્વામીશ્રીની આજ્ઞા વગર એક ડગલું પણ આગળ ભરવાની ઈચ્છા ન હતી. સ્વામીશ્રી તેમની નિષ્ઠા જાણતા હતા. તેથી કહ્યું : "ભલે, તમને કાંઈ દુઃખ આવે તો અમને સંભારજો. અમે રક્ષા કરીશું."

આ પ્રમાણે દરબારે સ્વામીશ્રી પાસે વચન લીધું. પછી ત્યાંથી ચાલ્યા અને ગામ કંડોરડે સૌ આવ્યા.

કંડોરડામાં : આખી ગંગા આવી ને કોરા કેમ રહી ગયા ?

કંડોરડામાં હરિભક્ત વિપ્ર કેશવજી દવેએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! આજ મારે આપની પૂજા કરવી છે ને લાભ લેવો છે, કેમ જે જ્યારે શ્રીજીમહારાજ આંહીં પધાર્યા હતા તે વખતે મને મહારાજની પૂજા કરવાનો જોગ નહોતો આવ્યો. એટલે મનમાં દાઝ રહી ગઈ છે."

ત્યારે સ્વામીશ્રીએ રમૂજ કરતાં પૂછ્યું : "આખી ગંગા આવીને કોરા કેમ રહી ગયા ?"

ત્યારે તેમણે હાથ જોડી વિનયપૂર્વક કહ્યું : "સ્વામી ! મહારાજ આંહીં પધાર્યા અને ચોરાશી કરીને ચાલી નીકળ્યા, પણ ત્યારે હું યજમાનમાં ફરવા

નીકળ્યો હતો. હું ગામમાં આવ્યો ત્યારે ખબર મળ્યા કે મહારાજે ગામમાં ચોરાશી કરી હતી અને સૌ બ્રાહ્મણોને જમાડ્યા હતા. મહારાજ બપોરે નીકળી ગયા અને હું સાંજે ઘેર આવ્યો.''

આટલી વાત ઉતાવળાં ઉતાવળાં બોલતાં વૃદ્ધ વિપ્ર કેશવજીને શ્વાસ ચઢ્યો. પણ તેને હજુ કહેવું હતું. તેથી તે બોલ્યા : ''પણ સ્વામી ! હું કાંઈ એમ મહારાજને છોડું તેવો નહોતો. મેં તો ભેટ છોડી નહીં અને ઉતાવળે ચાલવા માંડ્યું, તે આઘેરાક જાતાં અંધારું ઘણું થઈ ગયું. પણ ત્યાં તો મહારાજ ઘોડી ઉપરથી ઊતરીને રસ્તાને કાંઠે અંધારામાં બેઠા હતા તે મને કળાયા. મહારાજનો અવાજ મને સંભળાયો. મહારાજે નાજા જોગિયાને પૂછ્યું : 'આ કોણ આવે છે ?' ત્યારે મેં છેટેથી જ જવાબ દીધો : 'મહારાજ ! એ તો હું કેશવજી. માવજી દવેનો દીકરો.' ત્યારે મહારાજે કહ્યું : 'ઠીક ઠીક. લે તારી પાસે કળશ્યો છે ને ?' ત્યારે મેં કહ્યું : 'હા, મહારાજ ! છે.' એટલે મહારાજે મને કહ્યું : 'પાણી ભરતો આવ અમને તરસ બહુ લાગી છે.' કળશ્યામાં મેં કુલેર ભરી હતી તે પાણી ભરવા જતાં કાઢતો ગયો અને ખંખાળીને કળશ્યો ભરી લાવ્યો. પછી મહારાજ તે કળશ્યા ઉપર વસ્ત્ર રાખીને પાણી પીવા માંડ્યા ત્યારે તેમાં ઘીની સુગંધ આવી. તેથી મહારાજે કહ્યું : 'આ પાણીમાં ઘીનો સ્વાદ આવે છે.' એટલે મેં કહ્યું : 'હા, મહારાજ ! હું યજમાનમાંથી આવું છું. તે એમાં મેં કુલેર ભરી હતી !' ત્યારે મહારાજે પૂછ્યું : 'તે ક્યાં નાખી ?' મેં કહ્યું : 'મહારાજ ! એ તો મેં નાખી દીધી.' એટલે મહારાજે મને કહ્યું : 'એ રાખી હોત તો અમે જમત ને ! અમને પૂછ્યું નહીં ને નાખી દીધી. એ તો બહુ ખોટું કર્યું.' તે સાંભળીને મને અંતરમાં બહુ દાઝ થઈ. હવે જ્યારે જ્યારે એ વાત સાંભરે છે, ત્યારે હૈયામાં દાઝે છે. માટે આજ તો મને લાભ લેવા દ્યો. આપ તો અક્ષરધામ છો એટલે આપનામાં મહારાજ અખંડ રહ્યા છે તેથી તમારી પૂજા કરવાથી મહારાજની પૂજા થઈ રહી અને તમને જમાડવાથી મહારાજ જમી રહ્યા એમ હું માનું છું. માટે દયા કરીને મારી હામ પૂરી કરો.''

તેનો આવો ભાવ જોઈ સ્વામીશ્રીએ રસોઈની હા પાડી. કેશવજી દવેએ રાત્રે ધામધૂમથી રસોઈ બનાવી અને સ્વામીશ્રી તથા સૌ સંતો-હરિભક્તો જમ્યા. કેશવજીના અંતરમાં ત્યારથી જ પરમ શાંતિ થઈ ગઈ !

બીજે દિવસે સવારે ભાદર નદીના ગંગાજળિયા ધરામાં નાહવા માટે સ્વામીશ્રી સૌ સંતો તથા હરિભક્તોને લઈને પધાર્યા. ત્યાં નાહીને મંદિરે પધાર્યા. અહીં પૂજા કરી કથાવાર્તા કરી. એટલામાં કેશવજી દવેએ લાડુની રસોઈ ઘેર તૈયાર કરી હતી તે સૌને પોતાને ઘેર બોલાવવા આવ્યા. તેણે લાડુ મોટા કર્યા હતા જેથી સાધુ ઝાઝા લાડુ જમ્યા એમ ગણાય નહીં અને સૌને સારી પેઠે જમાડવાનો પોતાનો સંકલ્પ પૂરો થાય.

સ્વામીશ્રી પોતાને ઘરે પધાર્યા એટલે એક મોટા બાજોઠ ઉપર સ્વામીશ્રીને પધરાવ્યા. પછી ન્યાતના વંડામાંથી મોટો તાસ લઈ આવ્યા હતા. તેમાં સ્વામીશ્રીનાં ચરણારવિંદ મુકાવ્યાં અને બંને પગ દૂધે ધોયા. પછી કેસર-ચંદન આદિ ઉપચારો વડે સ્વામીશ્રીની પૂજા કરી, પુષ્પના હાર પહેરાવ્યા. ત્યારબાદ સૌ સંતોની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. પછી સૌને જમવા બેસાર્યા. પોતે જાતે સૌને ખૂબ પીરસ્યું. સ્વામીશ્રી પણ તેનો અત્યંત ભાવ જોઈ લાડુ જમ્યા. ત્યારે કેશવજી દવેએ સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : "દયાળુ ! આજ મારા હૈયામાં શાંતિ થઈ ગઈ !"

જમી રહ્યા બાદ સ્વામીશ્રી તથા સૌ સંતો, પાર્ષદો મંદિરે પધાર્યા. અહીં કથા કરીને પોઢી ગયા.

મેવાસામાં : 'બ્રાહ્મણપણું કર્યું ને ?'

સાંજે સ્વામીશ્રી જાગ્યા ત્યારે મેવાસાથી હરિભક્તો વિપ્ર શંકર મહારાજ તથા કરસનજી વ્યાસ, હરજીવન વ્યાસ, લુહાર કેશવજી, સુથાર મેઘજી તથા ઝીણો ઠક્કર એ સૌ સ્વામીશ્રીને મેવાસા પધારવા આમંત્રણ દેવા આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી તેઓ પગે લાગ્યા. પછી હાથ જોડી સૌએ કહ્યું : "સ્વામી ! અમારે ગામ મેવાસા પધારો."

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "અમારે ગોંડળ જાવાની ઉતાવળ છે માટે તમારે ગામ આવશું પણ રાત રોકાશું નહીં."

તેથી હરજીવન તથા કરસનજી વ્યાસે કહ્યું : "સ્વામી ! એ તો ખરું પણ જમ્યા વિના તો ન જવાય."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે જમીશું. તમે રસોઈ તૈયાર રાખજો ને રોટલા કરજો પણ લાડુ કરશો નહીં. અમે આવતીકાલે સવારના પહોરમાં

ત્યાં આવીશું અને જમીને ત્યાંથી ચાલીશું.''

સ્વામીશ્રીએ તેમની પ્રાર્થના માન્ય રાખી તેમને રાજી કર્યા. પછી સ્વામીશ્રી ઊઠ્યા અને સૌને કહ્યું : ''ચાલો દર્શને.'' એમ કહી સૌ સંત-હરિજનોને લઈને નદીને કાંઠે આંબલીઓ નીચે જ્યાં મહારાજે ચોરાશી કરી હતી તે પ્રસાદીની જગ્યાએ દર્શને પધાર્યા. ત્યાં થોડી વાર બેસીને મહારાજની લીલાની કેટલીક વાતો કરી. પછી ગંગાજળિયે ધરે નાહીને મંદિરે પધાર્યા. અહીં આવ્યા પછી મેવાસાના હરિભક્તો સ્વામીશ્રીને પગે લાગીને મેવાસા જવા નીકળ્યા.

બીજે દિવસે વહેલી સવારે કંડોરડાથી સ્વામીશ્રી નીકળી ગયા અને સૂરજ ઊગ્યા પહેલાં તો મેવાસે પહોંચી ગયા. અહીં આથમણા બારના મંદિરે સ્વામીશ્રી ઊતર્યા. કરસનજી વ્યાસ તથા હરજીવન વ્યાસે રસોઈ તૈયાર કરી દીધી અને દરેક સાધુ તથા હરિભક્ત દીઠ એક એક લાડુ કરેલ હતો અને તે લાડુ પણ મોટા કર્યા હતા. પછી સ્વામીશ્રી મંદિરની ઓસરીમાં આથમણે મુખે જમવા બેઠા. સર્વે સંતો તથા પાર્ષદો પણ બેઠા. દરબાર અભયસિંહજી સ્વામીશ્રીની સન્મુખ જમવા બેઠા. પછી કરસનજીભાઈ અંદરથી લાડુ ભરેલો તાસ લઈ આવ્યા. તે ઉપર રોટલી ઢાંકી દીધી હતી. સ્વામીશ્રીએ તે તાસ તરફ દૃષ્ટિ કરી અને કરસનજીભાઈ તરફ જોઈ ઠપકો આપતાં કહ્યું : ''બ્રાહ્મણપણું કર્યું ને ?''

ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! લાડુ તો થોડા કર્યા છે.''

પછી સ્વામીએ હરગોવિંદદાસજીને કહ્યું : ''લ્યો હવે માંડો પીરસવા.''

એટલે તાસમાંથી બે લાડુ લઈ તેઓએ સ્વામીશ્રીના પત્તરમાં પીરસ્યા. બીજા બે લાડુ બીજાને પીરસવા જતા હતા ત્યાં સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''બબ્બે ઉપાડ મા ! એકુકો ગણીને કર્યા છે તે લાડવા પૂરા થશે નહીં. માટે એક એક લાડુ સૌને પીરસો.''

એ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ પોતાને પીરસેલા બે લાડુમાંથી થોડો લાડુ જમ્યા અને બંને લાડુ દરબાર અભયસિંહજીને પ્રસાદીના આપી દીધા. પોતે પછી રોટલો અને અડદની દાળ જમ્યા. જમીને સ્વામીશ્રી પોતાને આસને પધાર્યા. ત્યાં કથા વંચાવી તે ઉપર ઘણી વાતો કરી. ત્યારબાદ થોડો આરામ કરી સ્વામીશ્રી ઊઠ્યા અને બોલ્યા : ''હવે ચાલશું ને ?''

એટલે હરિભક્તોએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આજની રાત તો રોકાવ."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમારે ગોંડળ જવા ઉતાવળ છે. માટે રાત તો રોકાશું નહીં." એમ કહીને પોતે જ તૈયાર થઈને નીકળ્યા.

સ્વામીશ્રી નીકળ્યા તેથી તેમની સાથે સંઘ બધો નીકળ્યો. ગામના હરિભક્તો પટેલ દેવજીભાઈ, ઠક્કર ઝીણાભાઈ, લુહાર કેશવજી તથા કુરજી, સુથાર ઝીણોભાઈ વગેરે હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા માટે નીકળ્યા. આગળ ચાલ્યા ત્યાં નદીમાં પૂર આવ્યું હતું તેથી સૌ ઊભા રહ્યા. કોઠા પાસે દરવાજા સામે નાગજી ઠક્કરે પોતાનું ફાળિયું સ્વામીશ્રીને બેસવા સારુ પાથરી દીધું. પરંતુ મેઘજી સુથારે તે ઉપાડી લીધું અને પોતાનું ફાળિયું પાથરી દીધું. તે ઉપર સ્વામીશ્રી વિરાજ્યા. સૌ હરિભક્તો આજુબાજુ દર્શન કરવા બેસી ગયા. બાઈઓ છેટે ઊભી રહીને દર્શન કરવા લાગી. થોડી વારે પૂર કાંઈક ઓછું થયું એટલે સ્વામીશ્રી ઘોડી ઉપર બેઠા અને નદીમાં આગળ ચાલ્યા. નદીમાં ઘોડી પૂછડું ઝાટકે નહીં એટલે મેઘજી સુથાર ઘોડીનું પૂછડું પકડીને ચાલવા લાગ્યા. ધીરે ધીરે સૌ સામે કાંઠે પહોંચ્યા. પછી સ્વામીશ્રી ઘોડી ઉપરથી ઊતરી અને સિગરામમાં બેઠા. ત્યાંથી વળાવવા આવેલા સૌ હરિભક્તોને પાછા વાળ્યા.

વેકરીમાં

આગળ ચાલતાં ગામ વેકરી આવ્યું. અહીં દરબાર મૂળુજીએ સન્માન કરી સૌને રોક્યા. સ્વામીશ્રી તથા સંઘ દરબારના આગ્રહથી ત્યાં રાત રહ્યા. રાત્રે હરજીવન ભક્તે ખીચડી અને કઢી બનાવ્યાં. સ્વામીશ્રી તે જમ્યા અને દરબાર અભયસિંહજીને પ્રસાદી આપી. સ્વામીશ્રી રાત્રે કોઈ દિવસ જમતા નહીં. પરંતુ દરબાર અભયસિંહજી સ્વામીશ્રીની પ્રસાદી વિના જમતા નહીં, તેથી તેમને પ્રસાદી આપવા સારુ તેઓ જ્યારે જ્યારે સાથે હોય કે જૂનાગઢ આવ્યા હોય ત્યારે સ્વામીશ્રી રાત્રે જમતા.

હરજીવન ભક્તનો પણ સ્વામીશ્રી પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. માંગરોળના આ વણિક ભક્ત જૂનાગઢમાં ત્યાગી તરીકે શ્વેત વસ્ત્રમાં રહ્યા હતા. છતાં સાધુની પંક્તિમાં પીરસતા અને સાધુની પંક્તિમાં જમતા.

સ્વામીશ્રી કોઈ કોઈ વાર તેમને વઢતા પણ તેઓ હસતા જ રહેતા. સ્વામીશ્રી પ્રત્યે કદી તેમને મનુષ્યભાવ આવતો નહીં.

દરબાર મૂળુજીએ સ્વામીશ્રીને બીજે દિવસે રોકાવાની ઘણી તાણ કરી. પરંતુ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "અમારે રોકાવું નથી. અમારે તો ગોંડળ પૂગવું છે."

તેમને શાંતિ કરી, સ્વામીશ્રી ત્યાંથી સવારે નીકળ્યા એટલે કંડોરડાના કેશવજી દવેના દીકરા પીતાંબર દવેને લોધિકા જવું હતું તેથી સ્વામીશ્રીની રજા લેવા આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કર્યા અને પાસે આવી પગે લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : "દરબારને અમારા 'જય શ્રી સ્વામિનારાયણ' કહેજો ને રસ્તામાં કાંઈ જણાય તો બીશો નહીં. ધીરજ રાખજો."

એટલે હાથ જોડીને કહ્યું : "ભલે." એમ કહી ચાલ્યા ત્યારે સ્વામીશ્રીએ તેને બોલાવીને ફરી કહ્યું : "જો કાંઈ વિષમ દેશકાળ જેવું રસ્તામાં જણાય, તો ધીરજ રાખજો ને ભજન કરજો. અને કાંઈક પડી જાય તો પણ લેવા રોકાશો નહીં ને પાછું વાળીને જોશો પણ નહીં." એમ તેને સૂચના આગળથી આપી.

પીતાંબર દવે ત્યાંથી નીકળ્યા અને આગળ ગામ વેકરી અને ગરનાળા વચ્ચે એક ખેતરમાં થઈને રસ્તો આગળ જતો હતો. તેમાં બાજરાનો મોલ ઊભો હતો. તેમાંથી તે ચાલ્યા ત્યાં કાળનું કાંઈક વિષમપણું તેમને જણાયું. પાછળ સુસવાટા અને ગર્જના થતાં તેને સંભળાયાં. તેને લાગ્યું કે 'હું હમણાં કાળના ઝપાટામાં આવી જઈશ.' પરંતુ તેને કાંઈ દેખાયું નહીં. ભયંકર ગર્જના સાંભળી તેનું ઘોડું લાદ કરી ગયું. સ્વામીશ્રીની આજ્ઞાનુસાર ભજન કરતાં તે ધીરે ધીરે આગળ ચાલવા લાગ્યા. એવામાં તેનો ખેસ હેઠો પડી ગયો. પણ તે લેવા તે ઘોડી ઉપરથી ઊતર્યા નહીં અને સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે ભજન કરતાં કરતાં આગળ ચાલવા લાગ્યા. થોડું આગળ ચાલ્યા ત્યાં સુસવાટા અને ગર્જના બંધ થઈ ગયાં. સ્વામીશ્રીએ આ પ્રમાણે તેમના અનન્ય બ્રાહ્મણ ભક્તની રક્ષા કરી. ખૂબ આગળ ચાલ્યા એટલે પીતાંબરનું હૈયું ધડકતું બંધ થઈ ગયું. સ્વામીશ્રીને સંભારીને તેણે અખંડ ભજન કર્યું તો સ્વામીશ્રીએ કાળ થકી તેની રક્ષા કરી. ભય ગયો. એટલે પીતાંબર દવેએ ઘોડી દોડાવી મૂકી અને આગળ ગામના પાદર સુધી ઉતાવળી ગતિએ પહોંચી ગયા.

ડયામાં

સ્વામીશ્રી ગામ વેકરીથી સવારે ચાલ્યા અને ગામ ડયા પધાર્યા. અહીં હરિભક્તોએ પાદરમાં જ સન્માન કર્યું. સ્વામીશ્રીનાં સૌએ દર્શન કર્યાં. સ્વામીશ્રીએ ત્યાં સભા કરી સૌને વાતો કરી. પછી સૌ હરિભક્તોએ પ્રાર્થના કરતાં કહ્યું : ''સ્વામી ! શિરામણનો વખત થઈ ગયો છે અને વળી આપ અહીં ફરી ક્યારે પધારશો. માટે દયા કરીને જમતા જાઓ તો ઠીક.''

તેમનો આગ્રહ જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તમે કહો છો તે ખરું પણ અમારે ગોંડળ જાવાની ઉતાવળ છે તેથી રોકાશું નહીં.'' એમ કહીને સ્વામીશ્રીએ વાત કરી કે ''સામે જે ધાર ઉપર દેરી છે તે મહારાજની પ્રસાદીની છે. ત્યાં મહારાજ ઘણી વાર પધાર્યા છે અને ત્યાં રહ્યા છે.'' એટલી વાત કરી થોડી વાર અટક્યા. પછી બોલ્યા : ''એક વખત આ ગામમાં એક સત્સંગી ગરાસિયા બાઈ હતાં. તેમણે મહારાજને પાદરે રોક્યા હતા. મહારાજ સાથે કાઠી સવારો પણ હતા. પછી મહારાજ સારુ થાળ કરીને તે લાવ્યા અને મહારાજને જમાડ્યા. સૌ કાઠી હરિભક્તોને પણ ચોખા, ઘી અને ગોળ સારી રીતે જમાડ્યા હતા.'' મહારાજની લીલાની આટલી વાતો કરીને સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા અને ગામ અણીડે પધાર્યા.

અણીડામાં

અણીડાના પાદરેથી સ્વામીશ્રી નીકળ્યા. જમવાનો સમય થઈ ગયો હતો. ગામના હરિભક્ત હીરા દરજી પાદરે દર્શન કરવા આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! અહીં રોકાવ અને જમીને ચાલજો.''

એટલે સ્વામીશ્રીએ તેમને પ્રેમથી કહ્યું : ''હીરાભાઈ ! અમારે ગોંડળ પહોંચવાની ઉતાવળ છે તે રોકાશું નહીં. માટે તમો અમારી ભેગા ચાલો.''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! જેવી આપની મરજી. પણ મારે ઘેર પધરામણી તો કરો.'' તેમનો ભાવ જોઈ સ્વામીશ્રી સંતમંડળની સાથે તેમને ઘેર પધરામણીએ પધાર્યા. અહીં તેમણે સ્વામીશ્રી તથા સંતોની ચંદન, પુષ્પાદિક ઉપચારો વડે પૂજા કરી અને સૌને ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રી ત્યાંથી ગોંડળ જવા માટે નીકળ્યા.

ગોંડળમાં

ગોંડળમાં સૌને સમાચાર મળ્યા કે સ્વામીશ્રી પધારે છે એટલે બ્રહ્મચારી અચિંત્યાનંદજી તથા સર્વે સાધુ અને પાર્ષદો તથા હરિભક્તો સ્વામીશ્રીની સામા જવા નીકળ્યા. ગોંડળ અને ગુંદાળાની વચ્ચે ભેગા થઈ ગયા. બ્રહ્મચારી અચિંત્યાનંદજી સિગરામમાં બેઠા હતા તે સ્વામીશ્રીને આઘેથી જોઈ સિગરામમાંથી ઊતરીને સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. સૌ સંત-પાર્ષદો તથા હરિભક્તો પણ સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા.

તેમને દંડવત્ કરતા જોઈ, સ્વામીશ્રીએ સૌને કહ્યું : "રાખો."

સ્વામીશ્રી એમ કહી પોતે ઘોડી ઉપરથી નીચે ઊતર્યા અને સૌને મળ્યા. લઘુશંકા કરી, હાથ ધોઈ સિગરામમાં વિરાજ્યા. ત્યાંથી આગળ ચાલ્યા અને ગોંડળને પાદર આવ્યા ત્યાં તો ગામમાંથી ઘણા હરિભક્તો સ્વામીશ્રીની સામા આવ્યા. તેમને સૌને દર્શનથી શાંતિ પમાડી સ્વામીશ્રી સૌની સાથે ગામમાં પધાર્યા. આવી રીતે જૂનાગઢથી ભાદરવા વદિ ત્રીજને દિવસે નીકળી ફરતાં ફરતાં સૌ હરિભક્તોને પોતાનું અંતિમ સુખ આપતાં સ્વામીશ્રી આષાઢી સંવત ૧૯૨૪ના આસો સુદ નોમના દિવસે બપોરે અગિયાર વાગે ગોંડળ મંદિરમાં પધાર્યા.[૮૮]

બીજે દિવસે - વિજયા દશમીના દિવસે, સ્વામીશ્રીએ મંદિરમાં ઉત્સવ કરાવ્યો. ઉત્સવ બાદ સૌ હરિભક્તોએ સ્વામીશ્રીની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. બપોરે જમ્યા પછી સ્વામીશ્રીએ ધર્મામૃતની કથા વંચાવી. તે ઉપર વાતો કરતાં સ્વામીશ્રીએ કહ્યું : "જેને ભગવાનના ધામમાં જાવું હોય, તેણે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવું ને ભજન કરવું. એ જ મોટા મોટાનો સિદ્ધાંત છે. પરંતુ માન, મોટપ કે ડહાપણને ડોળે ઝાઝું ચડવું નહીં."

પોતાના આશ્રિતો મોક્ષ માર્ગમાં ભૂલા ન પડે અને જીવનભરની સાધના, કેવળ પંચવિષયની આસક્તિને લઈને, આજ્ઞા લોપી નષ્ટપ્રાય ન

---

૮૮. ગોંડળ ગામમાં આવેલા હાલના જૂના મંદિરમાં સ્વામીના દેહત્યાગની સ્થળ તથા એ પ્રસાદીભૂત થાંભલીના આજે પણ દર્શન થાય છે. સ્વામીએ દેહત્યાગ કર્યો તે સમયે હાલનું મંદિર અસ્તિત્વમાં નહોતું. તેની સ્થાપના સં. ૧૯૨૮માં થઈ તે પૂર્વે અહીં ગોંડળનરેશે બંધાવી આપેલ નાનું હરિમંદિર અને ધર્મશાળા હતી.

થઈ જાય તે સારુ સ્વામીશ્રીના અંતિમ ઉપદેશના આ શબ્દો હતા. મોટાપુરુષ તો સદા રક્ષા કરે જ પરંતુ રક્ષા માગવાની પણ જીવની ત્રેવડ અને જાણપણું જોઈએ.

એકાદશીને દિવસે સવારમાં કથા કરાવીને કૈલાસબાગમાં શ્રીજીમહારાજની બેઠકે સૌ સંત-હરિભક્તો સાથે દર્શને પધાર્યા. અહીં સભા કરી શ્રીજીમહારાજની લીલાની ઘણી વાતો કરી મંદિરે પધાર્યા.

અહીં શિખરબદ્ધ મંદિર કરાવો

તે જ દિવસે સાંજે ચાર વાગે દરબારશ્રીની આજ્ઞાથી તેમનું કારભારી મંડળ મંદિરે આવ્યું. સ્વામીશ્રીને પોતાના નવલખામાં પધરાવવાની દરબારશ્રીની ઇચ્છા હતી. સ્વામીશ્રી આગળ તેમણે તે ઇચ્છા પ્રદર્શિત કરી અને પ્રાર્થના કરી કે "આપ સંતમંડળ સહિત પધારો."

તેથી સ્વામીશ્રી બ્રહ્મચારી અચિંત્યાનંદજીને તથા બીજા સંતોને લઈને ગાડીમાં બેસી દરબારગઢમાં પધાર્યા. અહીં નવલખામાં ગાદી તકિયો બિછાવી રાખેલ હતો તે ઉપર સ્વામીશ્રી વિરાજમાન થયા. પછી દરબારશ્રી સંગ્રામસિંહજીએ કેસરમિશ્રિત ચંદન તથા પુષ્પાદિક ઉપચારો વડે સ્વામીશ્રીની પૂજા કરી, પુષ્પના હાર પહેરાવ્યા અને વસ્ત્રો ઓઢાડ્યાં. પછી દરબારશ્રીએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "અહીં શિખરબદ્ધ મંદિર કરાવો અને મૂર્તિઓ પધરાવો."

તેમનું આવું ભાવભર્યું વચન સાંભળીને સ્વામીશ્રીએ કહ્યું : "ભલે તમારી મરજી છે તો અમે અહીં શિખરબદ્ધ મંદિર કરાવીશું." એ પ્રમાણે દરબારને વચન આપી રાજી કર્યા. દરબાર સંગ્રામજીબાપુ પણ ખરા ભાવિક અને મુમુક્ષુ હતા. સ્વામીશ્રી - સાક્ષાત્ અક્ષરબ્રહ્મ - પોતાને આંગણે પધાર્યા ત્યારે તેમની પાસે મોક્ષ સંબંધી માગી લેવું એ વિચાર અંતરમાં આવતાં જ તેમણે સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આ જન્મમરણના ચકાવામાંથી અમે છૂટીએ અને અમારો મોક્ષ થાય તેવો ઉપાય કહો."

તે સાંભળી સ્વામીશ્રીએ મોક્ષ માટેનો મુખ્ય ઉપાય બતાવતાં કહ્યું : "સત્પુરુષને સમાગમે કરીને પ્રગટ ભગવાનનો મન, કર્મ અને વચને કરીને આશ્રય કરવો એ જ મોક્ષ માટેનું મુખ્ય સાધન છે."

સ્વામીશ્રીનું આ કૃપાવાક્ય સાંભળી દરબારને અંતરમાં શાંતિ થઈ. સ્વામીશ્રીના વચને પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રભુનો તેમણે મનોમન આશ્રય કર્યો અને પછી સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : ''સ્વામી ! મારો મોક્ષ થાય તેવું વચન આપો.''

સ્વામીશ્રી તેમના અંતરના ભાવ જાણી ગયા. તેથી પ્રસન્ન થઈને બોલ્યા : ''જાઓ, મહારાજ તમને અંત સમયે તેડવા પધારશે.''

આ પ્રમાણે દરબારને રાજી કરી સ્વામીશ્રી સંતમંડળ સાથે દરબારગઢમાંથી નીકળી મંદિરે પધાર્યા.

સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો લાભ લેવા રામોદ, મોવૈયા, ખોખરી, ખરેડા, ગુંદાસરા, પડવલા, નાગડકા, દેવચડી તેમજ બીજાં પણ કેટલાંક ગામોના હરિભક્તો ગોંડળ આવ્યા હતા. તેમને સૌને રાત્રે સ્વામીશ્રીએ વાતો કરી તૃપ્ત કરી દીધા.

હરજીવન દવેનું દીનપણું

આ.સં. ૧૯૨૪, આસો સુદ તેરસનો દિવસ ઊગ્યો. સ્વામીશ્રીએ સવારે પૂજા કરી, પારણાં કર્યાં. પછી ઓશરીમાં ગાદી-તકિયે વિરાજમાન થયા. સ્વામીશ્રી બુંદદાણાનો મુખવાસ જમતા હતા તેવામાં હરજીવન દવે સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગી સામે બેઠા. પછી તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : ''સ્વામી ! તમે શું જમો છો ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''બુંદદાણા જમીએ છીએ.''

ત્યારે આશ્ચર્ય પામતાં તેણે પૂછ્યું : ''સ્વામી ! તમારે હજુ દાંત છે !''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''હજુ તો કાચા ચણા ચાવીએ એવા દાંત છે.''

એટલે દવેએ ફરીથી પૂછ્યું : ''સ્વામી ! તમને કેટલાં વરસ થયાં હશે ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''વરસ તો બ્યાંસી થયાં છે.''

હરજીવન દવેને બહુ જ આશ્ચર્ય થયું ! પછી, તેમણે હાથ જોડી પૂછ્યું : ''સ્વામી ! ત્યારે અમારા દાંત કેમ પહેલા પાડી નાખ્યા ?'' શુદ્ધ બુદ્ધિથી પ્રશ્નો પૂછતા હરજીવન દવેને સ્વામીશ્રીનું સમગ્ર સ્વરૂપ આશ્ચર્યમય લાગ્યું.

સ્વામીશ્રીએ તેમને કહ્યું : "દવે, એ તો બધું ભગવાનના હાથમાં છે." આ પ્રમાણે વાતો થાય છે ત્યાં મંદિરના દરવાજામાં કોઈ ઢોર પેઠું. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "ઓલ્યું ઢોર હાંકજો."

એટલે હરજીવને પાછળ જોયું. આટલે દૂર જતા ઢોરને પણ સ્વામીશ્રી સ્પષ્ટ દેખી શકે છે ! તેમનાથી પુછાઈ ગયું : "સ્વામી ! તમારી એટલે બધે નજર પડે છે ?"

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં તેમને કહ્યું : "હા, હજુ તો ચંદ્રમાને અજવાળે શિક્ષાપત્રીનો પાઠ કરીએ."

હરજીવન દવેને બહુ જ આશ્ચર્ય થયું. ગોંડળના દીવાનપણાના પદથી તે અભિમાનમાં અટવાઈને હિરણ્યકશિપુ જેવા થઈ ગયા હતા. તેણે બે હાથ જોડી નિષ્કપટભાવથી સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! હું તો હિરણ્યકશિપુ જેવો છું. પણ મારો દીકરો માધવજી પ્રહ્‌લાદ જેવો છે. તે તમારો ભક્ત છે."

તેનું આવું દીન વચન સાંભળી સ્વામીશ્રીએ દીવાનજીના બે હાથ પકડી લીધા. પછી કહ્યું : "અરે, આપ એ શું બોલ્યા ? તમે પણ સારા જ છો."

સાક્ષાત્ નારાયણે સાધુ સ્વરૂપ ધારણ કર્યું ન હોય !

હરજીવન દીવાને સ્વામીશ્રીનો પ્રતાપ જોયો. સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વમાં તેમને ભગવાનનાં દર્શન થયાં. હિરણ્યકશિપુને તો નૃસિંહજીના રૌદ્ર સ્વરૂપનાં જ દર્શન થયાં, પરંતુ આ તો સૌમ્યમૂર્તિ સાધુ ! સ્વામીશ્રીના દેહમાંથી, વાણીમાંથી, તેમને નરી સાધુતા જ તરી આવતી દેખાતી હતી. સાક્ષાત્ નારાયણે જાણે સાધુ-સ્વરૂપ ધારણ ન કર્યું હોય ! તેમણે હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપ તો સાક્ષાત્ પ્રભુ છો." એમ કહીને થોડી વારે તેમણે કહ્યું : "સ્વામી ! દરબારનો આપના પ્રત્યે ખૂબ જ ભાવ છે. વળી, મોંઘીબા સાહેબને પણ એવો જ ભાવ છે. આ ટાણે દેશકાળ સારા છે માટે દરબારની ઈચ્છા મુજબ અહીં શિખરબદ્ધ મંદિર કરાવો."

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "દીવાનજી ! તમે કહો છો તે સાચું. પણ અમે તો હવે વૃદ્ધ થયા છીએ. એટલે જો બ્રહ્મચારીને કરવું હોય તો ભલે તે કરે !"

દીવાનજીને સ્વામીશ્રીની વાત સાચી લાગી. આ સંબંધી ફરી વિચાર

કરીશું તેમ મન વાળી તેઓ દરબારમાં ગયા.

દીવાનના ગયા પછી બ્રહ્મચારી તથા સૌ સંતો મળીને સ્વામીને કહેવા લાગ્યા : ''સ્વામી ! આ ટાણે મંદિર કરવાનો વખત છે. બધું સાનુકૂળ છે તે થઈ જાશે !''

એટલે સ્વામીશ્રીએ તેમને સૌને કહ્યું : ''અમારે તો મંદિર કરવું નથી. વળી, તમારે કરવું હોય તો પણ અમે કહીએ તે પ્રમાણે કરજો !''

એમ કહીને પછી બોલ્યા : ''પ્રથમ જમીન લઈને તેનો પાકો દસ્તાવેજ કરજો. પછી તેને ફરતો વંડો કરજો. તે વંડાની ચારે બાજુ ચાર દરવાજા મેલજો. ત્યારબાદ આજીવિકાનું નક્કી કરીને પછી મંદિરનું ખાતમુહૂર્ત કરજો. કારણ રાજ્યનો હંમેશાં એક નિર્ધાર ન રહે અને દેશકાળને ફરતાં પણ વાર ન લાગે. એકના એક દેશકાળ કાયમ ન રહે. માટે જો મંદિર તમારે કરવું હોય, તો અમે આ કહ્યું તે પ્રમાણે કરજો. અમારે તો મંદિર કરવું નથી.''

આ પ્રમાણે કહીને સ્વામીશ્રી ધર્મશાળામાં સિંહાસન પાસે પોતાના આસને પધાર્યા. આસને ગાદી-તકિયે વિરાજ્યા પછી સ્વામીશ્રીએ બ્રહ્મચારી અચિંત્યાનંદજીને બોલાવીને કહ્યું : ''આ અક્ષર બાબતનો કજિયો થાય છે તેમાં તમે અજ્ઞાની ભેળા ભળી જાવ છો પણ તમે એટલું તો જાણો છો ને કે સ્વામી મહારાજની મૂર્તિને અખંડ દેખે છે ?''

એટલે બ્રહ્મચારીએ હાથ જોડી કહ્યું : ''હા સ્વામી ! એ તો હું જાણું છું ને આખો સત્સંગ પણ જાણે છે.''

પછી સ્વામીશ્રીએ કહ્યું : ''ત્યારે એટલું તો સમજો કે હું ખોટું બોલું તો મહારાજ મારી પાસે અખંડ કેમ રહે ? માટે અમે અક્ષરબ્રહ્મ છીએ એમાં તમે લગારે ય સંશય રાખશો નહીં ને કોઈ ના કહે તો તેની ભેગા ભળશો નહીં.''

બ્રહ્મચારી સ્વામીશ્રીના આ હિતનાં વચન સાંભળી ગદ્‌ગદ થઈ ગયા. તેમણે હાથ જોડી કહ્યું : ''બહુ સારું મહારાજ ! એમ કરીશ.''

અમારે અહીંથી કાલે ચાલવું છે

એટલામાં બાર વાગ્યા ને 'વાસુદેવ હરે' થયા. સ્વામીશ્રી ભંડારમાં પધાર્યા. ગવારફળીનું શાક અને બાજરાનો રોટલો જમ્યા. પછી કથા વંચાવીને થોડી વાર પોઢી ગયા. ઠાકોરજીના ઉત્થાપન સમયે સ્વામીશ્રી

જાગ્યા અને મોં ધોઈ જળપાન કરી વચનામૃત વંચાવી વાતો કરવા લાગ્યા. તે વખતે ગામ ખરેડાના હરિભક્તો આવ્યા. તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! અમે અમારે ગામ નવું મંદિર કર્યું છે. તેમાં મૂર્તિ પધરાવવા સારુ આપ દયા કરીને પધારો."

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે સૌ જાઓ અને તૈયારી કરો. અમારે આંહીંથી કાલે ચાલવું છે તે તમારે ગામ આવશું અને મૂર્તિ પધરાવતા જાશું." સ્વામીશ્રીનું આ વચન સાંભળી તેઓ બધા રાજી થયા અને કથાની સમાપ્તિ થઈ એટલે તેમને ગામ જવા નીકળ્યા.

તેઓ બધા ગયા, ત્યાં નાની કુંકાવાવના કરસન ભક્ત સ્વામીશ્રીની રજા લેવા આવ્યા. બે હાથ જોડી તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મારે ઘેર જવું છે તે આ ટાણે ચાલું છું."

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : "આ ટાણે રહેવા દ્યો અને સવારે ચાલજો."

ત્યારે તેણે કહ્યું : "સ્વામી ! સવારે તો ગામના દરવાજા મોડા ઊઘડે માટે આ ટાણે ચાલીશ ને મોવૈયે જઈને રાત રહીશ."

પરંતુ સ્વામીશ્રી તેને એમ જવા દે તેમ ન હતા. તેમણે કહ્યું : "પણ અમારેય ક્યાં રોકાવું છે. અમારે પણ સવારે ચાલવું છે. તે આપણે ભેગા ચાલશું." સ્વામીશ્રીએ તેને આ પ્રમાણે કહ્યું છતાં તે સ્વામીશ્રીના વચનનું રહસ્ય સમજ્યા નહીં ને સાંજના જ ત્યાંથી નીકળ્યા અને મોવૈયા જઈને રાત રહ્યા.

સ્વામીશ્રીએ કરસન ભક્ત તથા ખરેડાના હરિભક્તો સાથે વાત કરી, ખરેડાના હરિભક્તોને વળાવીને આસનેથી નાહવા માટે ઊઠ્યા. બહિર્ભૂમિ જઈ આવી માટીથી હાથ ધોયા. પછી સ્નાન કર્યું. એટલામાં ગામ રામોદના હરિભક્ત પટેલ હરજીએ સ્વામીશ્રીને હાથ જોડી વિનંતી કરતાં કહ્યું : "સ્વામી ! અમે નવું ગાડું લીધું છે તો તેમાં બેસીને આપ રામોદ પધારો તો ગાડું પ્રસાદીનું થાય."

તે સાંભળી સ્વામીશ્રી ભીને કપડે હજુ ઊભા હતા. એમને એમ ઊભા રહીને બોલ્યા : "ક્યાં છે તારું ગાડું ?"

એટલે પટેલે કહ્યું : "સ્વામી ! ગાડું તો આ રહ્યું."

એટલે સ્વામીશ્રી ભીનાં વસ્ત્રે જઈને તે ગાડા ઉપર બેઠા અને તેને

કહ્યું : "લ્યો, આ તમારે ગાડું પ્રસાદીનું કરાવવું હતું ને ? અમને ગાડે બેસારવા હતા ને ? તે આ બેઠા ને તમારું ગાડું પ્રસાદીનું કર્યું; અમારે ઉતાવળ છે તે રામોદ અવાશે નહીં."

તેને આ રીતે રાજી કરી સ્વામીશ્રી ગાડામાંથી નીચે ઊતર્યા અને શરીર લૂછી કોરાં વસ્ત્ર પહેર્યાં. પછી પોતાના આસને પધાર્યા.

આટલામાં જે બેઠા છે તે મૂર્તિમાન અક્ષર છે

ત્યાં હરજી પટેલ ફરી આવ્યા અને સ્વામીશ્રીને હાથ જોડીને પૂછ્યું : "સ્વામી ! સહુ અક્ષર અક્ષર કહે છે તે અક્ષર ક્યાં હશે ?"

એટલે સ્વામીશ્રી જ્યાં પોતે બેઠા હતા તેની ચારે તરફ આંગળી વતી લીટો કરીને બોલ્યા : "એ આટલામાં જે બેઠા છે તે મૂર્તિમાન અક્ષર છે, ને તેજરૂપે તો એકે જગ્યા અક્ષર વિના ખાલી નથી."

એમ વાત કરી તે સાંભળી કોઠારી ત્રિકમદાસે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપ વિરાજો છો ને સુખ આપો છો એટલે જોગ બહુ સારો છે. પણ આપ ધામમાં પધારશો ત્યારે મારું શું થશે ?"

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "જેણે આ જોગ આપ્યો છે તે તારી ખબર રાખશે ને સુખ આપશે. આ જોગ કાંઈ તમે મેળવ્યો છે ? બસો ગાઉથી આંહીં નાખી દીધા ને જોગ મેળવ્યો તેના તે જોગ મેળવી દેશે."

એમ તેને હિંમત આપીને પછી કહ્યું : "અમે ધામમાં જઈએ પછી તમે તથા હરજીવન બંને સાધુ થઈ જજો."

કાલ કેણે ભાળી છે ? કાલનો નિર્ધાર નહીં

પોતાની અંતિમ પળોનું સુખ આપી પોતાના આશ્રિતોને સદા સુખિયા રાખતા સ્વામીશ્રી આમ ત્રિકમદાસ સાથે વાતો કરે છે એટલામાં દરબાર અભયસિંહજી ત્યાં આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મારા દરબારગઢમાં પધારો."

એટલે સ્વામીશ્રી તરત જ ઊઠ્યા ને સંતમંડળને લઈને તેમના દરબારગઢમાં પધાર્યા. દરબારે પોતાના ઓરડાની ઓશરીમાં ગાદી-તકિયા બિછાવ્યા હતા. સ્વામીશ્રી તે ઉપર વિરાજ્યા. પછી દરબારે સ્વામીશ્રીની

કેસર-ચંદનાદિક ઉપચારો વડે પૂજા કરી, પુષ્પના હાર પહેરાવી આરતી ઉતારી સ્વામીશ્રીને તથા સંતોને ધોતિયાં ઓઢાડ્યાં. એટલામાં સંધ્યા સમય થઈ ગયો. એટલે ઠાકોરજીની આરતી કરી. પછી સ્તુતિ, ધૂન કરી સ્વામીશ્રી પાછા ગાદી-તકિયે વિરાજમાન થયા; અને સંતોને કીર્તનો બોલવા આજ્ઞા કરી.

કીર્તન-ભક્તિની સમાપ્તિ પછી દરબાર અભયસિંહજીએ સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : "સ્વામી ! દયાળુ ! આપને રાજી કરવા સારુ જૂનાગઢમાં ઠાકોરજી માટે પાકો થાળ બાંધી આપવા મારો વિચાર છે. તો આપ જેમ કહો તેમ કરું."

ત્યારે સ્વામીશ્રીએ પ્રસન્ન થઈને કહ્યું : "બહુ સારું. જૂનાગઢમાં ઠાકોરજીને પાકો થાળ થતો નથી તે કરાવવા તમે ધારણા કરી એટલે અમે ઘણા રાજી થયા છીએ. માટે ખુશીથી કરાવો."

દરબાર સ્વામીશ્રીની આજ્ઞાથી રાજી થયા. પછી તેમણે કહ્યું : "સ્વામી ! ગામ વાછરામાં અમારા ગરાસની જમીન છે તે થાળ કરવા માટે કૃષ્ણાર્પણ કરવાનો લેખ કર્યો છે તે આવતી કાલે આપને આપીશ."

એટલે સ્વામીશ્રી બોલ્યા : "કાલ કેણે ભાળી છે ? કાલનો નિર્ધાર નહીં. આ ટાણે જ લાવો."

સ્વામીશ્રીનું આ વચન સાંભળી દરબાર તરત જ ઊઠ્યા. પછી તે લેખ લઈ પોતાના કુંવર ભગવત્‌સિંહજીને હાથે સ્વામીશ્રી આગળ મુકાવ્યો અને કુંવરને પગે લગાડ્યા. એટલે સ્વામીશ્રી રાજી થયા અને તે કુંવર ઉપર પોતાના બંને હાથ મૂકી બોલ્યા : "આ ભગવાનના આપેલ કુંવર છે તેથી તેનું નામ અમે ભગવત્‌સિંહજી પાડ્યું છે."

કુંવરને સ્વામીશ્રીએ આવા રૂડા આશીર્વાદ આપ્યા. પછી સ્વામીશ્રીએ ત્યાં ઉપદેશની ઘણી વાતો કરી. તે વખતે લગભગ રાત્રીના નવ વાગી ગયા હતા એટલે સૌ ઊઠ્યા અને મંદિરે પધાર્યા.

બેય કાગળ ભેળા જશે

સ્વામીશ્રી દરબાર અભયસિંહજીને ત્યાં પધરામણીએ પધાર્યા અને ત્યાં દરબારે આરતી ઉતારી વગેરે ક્રિયા જૂનાગઢ મંદિરના ધોળાં વસ્ત્રવાળા કોઠારીને રુચિ નહીં. તેથી તેણે વરતાલ આચાર્યશ્રીને તે જ રાત્રે પત્ર લખ્યો

અને ટપાલમાં નાખી દીધો. સ્વામીશ્રીને તે વાત એક સાધુએ કરતાં કહ્યું : ''સ્વામી ! વરતાલ પત્ર લખાણો.''

ત્યારે સ્વામીશ્રીએ તરત જ કહ્યું : ''ભલે લખાણો. બેય કાગળ ભેળા જશે.'' સ્વામીશ્રીનું આ મર્મ વાક્ય તે વખતે કોને સમજાય ?

એટલામાં માધવજી દવે આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મારે ઘેર પધરામણી કરાવવી છે પણ આજ હવે તો મોડું થઈ ગયું છે તો કાલે રાખીએ.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''કાલે ઘણું મોડું થઈ જાશે માટે હમણાં જ ચાલો.'' એમ કહી પોતે તરત જ ઊઠ્યા અને ઘોડી ઉપર વિરાજ્યા. સંતો પણ સૌ નીકળ્યા. મશાલો ચેતાવી માધવજીભાઈને ઘેર ગયા. ત્યાં તેમણે સ્વામીશ્રીનું પૂજન કરી, વસ્ત્રો ઓઢાડ્યાં અને આરતી કરી. પછી સ્વામીશ્રી ત્યાંથી તરત જ ઊઠ્યા અને લગભગ દસ વાગે મંદિરે પાછા પધાર્યા.

સ્વામીશ્રી ધામમાં પધાર્યા

મંદિરે આવી સ્વામીશ્રીએ કહ્યું : ''આજ તો ગવારફળીનું સવારે શાક જમ્યા અને વળી બે વખત જમ્યા તે વાયુ થઈ ગયું છે માટે બહિર્ભૂમિએ જાવું છે.'' એમ કહી વસ્ત્ર બદલ્યું. પોતે બહિર્ભૂમિ ગયા પરંતુ ઝાડો ઊતર્યો નહીં, પછી નાહીને આસને પધાર્યા.

સ્વામીશ્રીને શરીરે જરા શરદી જેવું જણાતું હતું તેથી સાધુઓએ સ્વામીશ્રીને શરીરે શેક કર્યો અને ગરમ ઔષધિ અજમો, જાવંત્રી વગેરે ખવરાવ્યાં. પછી સ્વામીશ્રીએ સૌને કહ્યું : ''હવે મને શરીરે સારું છે. માટે તમે સૌ સૂઈ જાઓ. રાત પણ ઘણી ગઈ છે.''

એટલે સૌ સંતો પોતપોતાના આસને સૂવા ગયા. તે વખતે ત્યાં ધર્મશાળામાં ત્રણ થાંભલા હતા ત્યાં આવીને મહારાજ વિરાજમાન થયા એટલે સ્વામીશ્રી પોતાના આસનેથી ઊઠીને મહારાજની પ્રદક્ષિણા કરવા લાગ્યા. થોડી વાર મહારાજની પ્રદક્ષિણા સ્વામીશ્રીએ કરી. પછી સ્વામીશ્રી ત્યાં થાંભલાને ઓઠીંગણ દઈને સ્વસ્તિક આસનવાળીને મહારાજનું ધ્યાન કરવા બેઠા.

આ.સં. ૧૯૨૪ની આસો સુદ ૧૩ની રાત્રીના પોણા વાગ્યાનો સમય હતો. સ્વામીશ્રીએ સ્વતંત્ર થકા દેહત્યાગ કરીને પોતાની દેહલીલા સંકેલી લીધી.

અક્ષરધામમાંથી અસંખ્ય મુક્તો અસંખ્ય વિમાનો લઈને આવ્યા. આખા ગામમાં આ દિવ્ય તેજ પ્રસરી ગયું અને ઘણાને મુક્તો અને દિવ્ય વિમાનોનાં દર્શન થયાં. આ દિવ્ય પ્રકાશથી અંજાઈ ગયેલા સૌ આશ્ચર્ય પામી બોલવા લાગ્યા : "અહો ! આટલું બધું આ તેજ ! આ તેજ તે શાનું હશે ? આ બધાં વિમાનો ક્યાં જાતાં હશે ?"

તે વખતે સાધુ રામચરણદાસજી જાગી ગયા. તે ઊઠીને સ્વામીશ્રી જ્યાં ધ્યાનમાં બેઠા હતા ત્યાં આવ્યા. તેમણે જોયું કે સ્વામીશ્રી મહારાજ સાથે વિમાનમાં બેસી જઈ રહ્યા છે. એટલે તરત જ તેમણે અચિંત્યાનંદ બ્રહ્મચારી તથા સહુ સંતોને ઉઠાડ્યા અને વાત કરી. પછી જણાયું કે સ્વામીશ્રી ધામમાં પધારી ગયા છે.[૮૯] તરત જ દરબાર અભયસિંહજીને તથા માધવજીભાઈને તેમજ ગામમાં સૌ હરિભક્તોને ખબર આપ્યા. સૌ ફાનસો લઈને મંદિરે જવા નીકળ્યા.

માધવજીભાઈને આટલી મોડી રાત્રે ફાનસ લઈને જતા જોઈ તેમના પિતાએ પૂછ્યું : "આ ટાણે ક્યાં જાવ છો ?"

ત્યારે તેમણે કહ્યું : "બાપુ ! મંદિરમાંથી ખબર આવ્યા છે કે સ્વામી ધામમાં પધાર્યા છે."

આ સાંભળી હરજીવન દવેને ધ્રાસકો પડ્યો. તેણે કહ્યું : "અરે એવું તે હોય ! હજુ સાંજે તો દરબારમાં પધરામણીએ પધાર્યા હતા અને અમે ભેગા બેઠા હતા ને વાતો કરતા હતા. કાંઈ મંદવાડ તો નહોતો ને ધામમાં ગયા કહો છો ?"

ત્યારે માધવજીભાઈએ ગદ્‌ગદ કંઠે કહ્યું : "બાપુ ! ધામમાં ગયા છે તે વાત ખરી છે." એમ કહીને પોતે મંદિર જવા રવાના થઈ ગયા.

સ્વામીશ્રી ધામમાં પધાર્યા છે તે સમાચાર મળતાં હરિભક્તો એકદમ મંદિરમાં આવવા લાગ્યા. આ સમાચારથી સૌનાં અંતર ભાંગી ગયાં. શૂન્યમનસ્ક બની અશ્રુ સારતા સૌ સંતો, હરિભક્તો યંત્રવત્ ધૂન કરવા લાગ્યા.

---

૮૯. આષાઢી સંવત ૧૯૨૪નો આસો મહિનો વિક્રમ સંવત પ્રમાણે વિ.સં. ૧૯૨૩નો મહિનો ગણાય. આથી સ્વામીશ્રીના દેહત્યાગની પ્રચલિત સંવત વિ.સં. ૧૯૨૩ પણ ગણાય છે.

એ જેવા તો એ એક જ હતા

સવારે સ્વામીશ્રીના દેહને સ્નાન કરાવ્યું. પછી ચંદનની અર્ચા અને સુગંધીમાન પુષ્પોથી પૂજન કરી સૌએ આરતી ઉતારી. ત્યારબાદ દેહને ઓશરીમાં પધરાવી, ઓઢવાનું વસ્ત્ર અને પાઘ ધારણ કરાવ્યાં. તે વખતે દીવાન હરજીવન દવે ત્યાં સ્વામીશ્રીનાં અંતિમ દર્શને આવ્યા. સ્વામીશ્રીના આ સ્વરૂપનાં દર્શન કરતાં જ તેમની બંને આંખોમાંથી આંસુ ટપકવા માંડ્યાં. જગતની તમામ કઠોરતાને અને કટુતાને પોતાના અંતરમાં બહેલાવી, ચાણક્ય નીતિમાં નિપુણ બનેલા હરજીવન દવે પોતાના કારભાર દરમ્યાન કોઈ પણ પ્રસંગે લાગણીવિવશ થયા ન હતા. સ્વામીશ્રીનો તેમને અલ્પ સંબંધ થયો હતો. તે સંસ્કાર યોગે તેમના હૃદયનું અંતરતલ આજે જાણે જાગી ઊઠ્યું. દીવાનપદનો મોભો સરી પડ્યો અને સ્વામીશ્રીના મૃતદેહ પાસે પોકેપોક મૂકી દીવાન રડી પડ્યા. સૌના અંતરમાં વિયોગનો આ ભાવ તો હતો જ. છતાં કોઈ જ્ઞાન દૃષ્ટિથી કે કોઈ હૈયું દબાવીને પણ હૃદયને છૂટું મૂકી શક્યા ન હતા. દીવાનના આક્રંદથી સૌનાં હૈયાં તૂટી ગયાં. સમગ્ર મંદિર જાણે ચેતનવંતુ બની રડતું હોય તેમ લાગ્યું.

થોડી વારે દીવાને એ જ સ્થિતિમાં અચિંત્યાનંદ બ્રહ્મચારી તરફ જોઈને તેમને પૂછ્યું : "બ્રહ્મચારી મહારાજ ! કહો તો ખરા આવા પુરુષ તમારા સત્સંગમાં હવે કેટલા છે ?"

બ્રહ્મચારી શું બોલે ? જેમ પરબ્રહ્મ એક તેમ અક્ષર પણ એક જ ! एकम् एव अद्वितीयम् । બ્રહ્મચારીજીએ કહ્યું : "એ જેવા તો એ એક જ હતા. એવા બીજા કોઈ નથી."

એટલામાં વેલા મિસ્ત્રીએ સુંદર વિમાન તૈયાર કરી દીધું. સ્વામીશ્રીના દેહને તેમાં પધરાવી વાજતેગાજતે અબીલ, ગુલાલ, કંકુ, પુષ્પો અને પૈસા ઉછાળતા સૌ ગોંડળી નદીના કિનારે વાડીએ[૯૦] ગયા. અહીં તુલસી અને સુખડના કાષ્ઠની ચિતા રચી. તેમાં સ્વામીશ્રીના દેહને પધરાવ્યો. પછી તે

---

૯૦. આ સ્થાન સંપ્રદાયમાં 'અક્ષરવાડી' તરીકે ઓળખાતું હતું. તે વાડીનું ઉત્પન્ન વગેરે અક્ષરવાડીની ઊપજ તરીકે મંદિરના ચોપડામાં લખાયેલ છે. આ સ્થાને સં. ૧૯૯૦માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે કલાત્મક સુંદર અક્ષર મંદિર બનાવ્યું છે.

ઉપર ઘૃત સિંચ્યું અને અગ્નિસંસ્કાર કર્યો. અનાદિ અક્ષરબ્રહ્મના પ્રાસાદિક દેહને જગતની દૃષ્ટિએ ભસ્મીભૂત કરવાની અગ્નિદેવને તો આ એક જ સેવા પ્રાપ્ત થઈ હતી. દીવાના પ્રકાશરૂપે કે નૈવેદ્ય કરવા અન્ન પક્વ કરવા કે ટાઢને હરવા, અગ્નિદેવ સ્વામીશ્રીની સેવામાં સદા હાજર રહેતા જ. પરંતુ સ્પર્શનું સુખ તો આજે અનુભવી, પોતાના જન્મને કૃતાર્થ માનતા અગ્નિદેવ પણ અક્ષરબ્રહ્મના શીતળ અને સૌમ્ય સંબંધથી જાણે શીતળ બની ગયા હોય તેમ લાગતું હતું. સૌ શૂન્યમનસ્ક બેસી આ અંતિમવિધિનાં દર્શન કરી રહ્યા !

તાત્ત્વિક દૃષ્ટિએ અક્ષર સર્વત્ર છે

આ રીતે પૂર્ણ પુરુષોત્તમ સાથે તેમના શરીરરૂપે, સેવકરૂપ કે છાયારૂપે પધારેલા અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી, જગતની દૃષ્ટિએ તો અંતર્ધાન થઈ ગયા. પૃથ્વી ઉપર પધારી તેમણે તો પોતાના ઈષ્ટદેવ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીને તેમના પૂર્ણ અને સદા દિવ્ય સ્વરૂપમાં સૌને ઓળખાવ્યા. શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક તેમની વાત જેમણે ઝીલી તેમને પુરુષોત્તમના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા દૃઢ થઈ ગઈ. જેણે જેણે તેમની ઉપેક્ષા કરી તેને પુરુષોત્તમનું સ્વરૂપ સમજાયું જ નહીં. તૈત્તરીય ઉપનિષદમાં કહ્યું છે તે પ્રમાણે असन्नेव स भवति । અસદ્ભાવને પામી એવા મનમુખીઓ સર્વ પુરુષાર્થથી ભ્રષ્ટ થઈ ગયા. પુરુષોત્તમના પરાત્પર સ્વરૂપને અક્ષર જ ઓળખાવી શકે અને અક્ષરના દિવ્ય સ્વરૂપને પુરુષોત્તમ જ ઓળખાવી શકે. શાસ્ત્રો તો મૂળ પુરુષને જ બ્રહ્મ કહે છે. એ શાસ્ત્રોની ગ્રંથિ લઈને બેઠેલાઓને મૂળ પુરુષથી પર અક્ષરબ્રહ્મની વાત ક્યાંથી સમજાય ? એટલે અક્ષરબ્રહ્મ તો પૃથ્વી ઉપર આવી પોતાના ઈષ્ટદેવના મહિમાની ગાથા ગાઈને ચાલ્યા ગયા ! તેમને પોતાની વામણી બુદ્ધિથી માપનારા વામણા જ રહ્યા ! જ્યારે જેમણે અક્ષરબ્રહ્મને તત્ત્વતઃ ઓળખ્યા હતા તેમની દૃષ્ટિ તો અક્ષર જેટલી જ વિશાળ બની પુરુષોત્તમના સ્વરૂપને પહોંચી ગઈ ! તાત્ત્વિક દૃષ્ટિએ અક્ષર સર્વત્ર છે.[૯૧] એટલે એ દૃષ્ટિથી જોનારાને અક્ષરનું પ્રગટ સ્વરૂપ અને તે દ્વારા પુરુષોત્તમનું પ્રગટ સ્વરૂપ ઓળખાયા વિના રહે જ નહીં. પણ આ લોકની દૃષ્ટિએ અક્ષર અંતર્ધાન થઈ ગયા ! સૌ ગોંડળી

૯૧. ગ. પ્ર. ૪૬.

નદીમાં સ્નાન કરી મંદિરે આવ્યા.

ખરેડામાં દિવ્ય દેહે મૂર્તિપ્રતિષ્ઠા કરી

સ્વામીશ્રી ધામમાં પધાર્યા તે જ દિવસે ખરેડાના હરિભક્તોને તેમણે વચન આપ્યું હતું કે અમે કાલે તમારે ગામ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા સારુ આવીશું તે વચન સ્વામીશ્રીએ સત્ય કર્યું. સ્વામીશ્રીના દેહને જ્યારે વિમાનમાં પધરાવી અગ્નિસંસ્કાર કરવા સૌ લઈ જતા હતા તે જ વખતે કેટલાક સાધુ, બ્રહ્મચારીને દર્શન થયાં કે સ્વામીશ્રી સિગરામમાં બેસી ક્યાંક જઈ રહ્યા છે.

સ્વામીશ્રી એ જ દિવ્ય સ્વરૂપે, સંત, પાર્ષદો અને બ્રહ્મચારી સહિત ગામ ખરેડામાં પધાર્યા. ત્યાંના હરિભક્તો કલો સિંધવ, રાયમલ, અજરામર, રામ ડાભી તથા જીવો સિંધવ વગેરે સ્વામીશ્રી પધાર્યા છે તે સમાચાર મળતાં સૌ પાદરે સામા આવ્યા. સ્વામીશ્રી તથા તેમની સાથેના મંડળને ધામધૂમથી ગામમાં લઈ ગયા.

અહીં મૂર્તિપ્રતિષ્ઠા સારુ સર્વ સામાન તૈયાર રાખ્યો હતો. તેથી સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા એટલે તરત જ યજ્ઞની છેલ્લી વિધિ કરી મૂર્તિને સિંહાસનમાં પધરાવી. પછી સ્વામીશ્રીએ આરતી ઉતારી ત્યારબાદ સૌને સાકર તથા શ્રીફળનો પ્રસાદ સ્વામીશ્રીએ વહેંચ્યો. પછી કંસારની રસોઈ કરી હતી તે સૌ જમ્યા. સ્વામીશ્રી પણ જમ્યા. પછી કથા કરી અને સૌ હરિભક્તોને વાતોનું અપાર સુખ આપ્યું. પછી પોતે ત્યાંથી ચાલવાની તૈયારી કરી ત્યારે સૌ હરિભક્તોએ રોકાવા સારુ ઘણો આગ્રહ કર્યો. પરંતુ સ્વામીશ્રીએ તેમને સૌને કહ્યું : “અમે રોકાશું નહીં.” એમ કહી પોતે સિગરામમાં વિરાજ્યા.

ત્યાંથી સ્વામીશ્રી નીકળ્યા એટલે ગામના હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા સારુ પાદર સુધી આવ્યા. ત્યાંથી સ્વામીશ્રીએ સૌને પાછા વાળ્યા.

તે હરિભક્તો સૌ ગામમાં પાછા આવ્યા ત્યાં તેમને ખબર મળ્યા કે “સ્વામીશ્રી તો ગઈ કાલે રાત્રે બાર ઉપર પોણા વાગે ગોંડળમાં ધામમાં ગયા છે.”

તે સમાચાર સાંભળી સૌને અતિ અપાર આશ્ચર્ય થયું ! સ્વામીશ્રીએ તો

અહીં પધારી, મૂર્તિપ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી, સૌને પ્રસાદ વહેંચ્યો. પોતે જમ્યા, વાતો કરી આ બધું શું ? તેમને સૌને થયું કે સ્વામીશ્રીએ તેમને વચન આપ્યું હતું તે વચન દિવ્ય દેહે પધારી પોતે પાળ્યું. સ્વામીશ્રીની આવી અપાર કૃપાથી સૌ ધન્ય બની ગયા !

અમે તો સત્સંગમાં સદાય રહ્યા છીએ

ખોખરાના હરિભક્ત ઘેલા પટેલને સ્વામીશ્રી પ્રત્યે અસાધારણ સ્નેહ હતો. સ્વામીશ્રી ધામમાં પધાર્યા તે સમાચાર સાંભળી તેને અત્યંત શોક થયો. અન્નજળનો તેમણે ત્યાગ કરી દીધો. સ્વામીશ્રીના વિચારમાં ને વિચારમાં રાત્રે નિદ્રા પણ તેમને આવતી નહીં. તેમને થતું : "અરે ! સ્વામીશ્રી તો ધામમાં પધાર્યા. આપણને બોલાવતા, વાતો કરતા, દુઃખ ટાળતા ને સુખ આપતા. તે હવે આપણું શું થાશે ?'

એમ પથારીમાં બેસી વિચારમાં ને વિચારમાં દેહનું ભાન ભૂલી ગયા. ત્યાં એકદમ તેમના સૂવાના ઓરડામાં તેજ તેજ થઈ ગયું. તે તેજની મધ્યે દિવ્ય વસ્ત્રોથી શોભતા સ્વામીશ્રીનાં તેમને દર્શન થયાં !

આ દિવ્ય દર્શનથી તે એકદમ પથારીમાં બેઠા થઈ ગયા. સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. એટલે સ્વામીશ્રીએ હસતાં હસતાં તેને કહ્યું : "ઘેલા ! હવે રાખ્ય. અમે તો ક્યાંઈ ગયા નથી અને આવ્યા પણ નથી. અમે તો સત્સંગમાં સદા રહ્યા જ છીએ. જે અમને પ્રગટ જાણીને આજ્ઞા ને ઉપાસના રાખશે તેની પાસે અમે સદા છીએ ને તેની અમે રક્ષા પણ કરીએ છીએ."

એ પ્રમાણે કહીને સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા ! ઘેલા પટેલને આ દર્શનથી આનંદ થઈ ગયો. તેને પ્રતીતિ થઈ કે "સ્વામી ધામમાં ગયા જ નથી !"

ઉપલેટામાં રામને દર્શન

સ્વામીશ્રીએ જે રાત્રે દેહ મૂક્યો તે જ રાત્રે ઉપલેટામાં લાલાભાઈનો દીકરો રામ પોતાના ખેતરમાં સૂતો હતો, ત્યાં તેને સ્વામીશ્રીનાં દર્શન થયાં. સ્વામીશ્રીએ તેને કહ્યું : "તેં મંદિરમાં બહુ દાખડો કર્યો છે. માટે લે આ ગોળ ખા ને અમે તો આજે ધામમાં જઈએ છીએ." એમ કહી ગોળનું ભીલું તેને આપીને સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા !

ચૂડવામાં કાના ભક્તને દર્શન

સ્વામીશ્રી ધામમાં પધાર્યા તે જ રાત્રે ગામ ચૂડવામાં ખવાસ કાનજી ત્યાંની ખળાવાડમાં સૂતો હતો. ત્યાં સ્વામીશ્રી દિવ્ય દેહે પધાર્યા ને તેને જગાડવા લાગ્યા. સ્વામીશ્રીએ તેને બે વાર બૂમ મારી : 'કાના, કાના.' એટલે કાનજી ભક્ત એકદમ ઊઠ્યા. તેણે સ્વામીશ્રીનો અવાજ પારખી લીધો. તેને મનમાં થયું આ અવાજ સ્વામીનો છે પણ સ્વામી અત્યારે અહીં ક્યાંથી પધારે ? તે ઊભો થયો ત્યાં તેને સ્વામીશ્રીનાં દર્શન થયાં.

સ્વામીશ્રીએ હસતાં હસતાં તેને કહ્યું : "હા, કાના ! એ તો અમે છીએ. જો આ વિમાન ઊભું. તેમાં બેસીને અમે મહારાજની સાથે ધામમાં જઈએ છીએ. આ ટાણે તને દર્શન દેવા આવ્યા છીએ."

આ પ્રમાણે તેને કહી સ્વામીશ્રી ત્યાંથી અદૃશ્ય થઈ ગયા ! કાનાને આ દિવ્ય દર્શનથી ભ્રાંતિ પડી. તે તરત જ ત્યાંથી નીકળ્યો અને સવારે જૂનાગઢ પહોંચ્યો. ત્યાં જઈ તેણે પૂછ્યું : "સ્વામી ક્યાં છે ?"

ત્યારે રઘુવીરચરણદાસે કહ્યું : "સ્વામી તો ગોંડળ પધાર્યા હતા ને તેઓ ગઈ કાલે રાત્રે ધામમાં પધાર્યા છે તેવા ખબર આવ્યા છે."

એટલે કાનજી ભક્તને ખાતરી થઈ. તેમણે રઘુવીરચરણદાસને કહ્યું : "સ્વામીએ રાત્રે મને ખળાવાડમાં દર્શન દીધાં હતાં ને કહ્યું હતું કે અમે આજે ધામમાં જઈએ છીએ. તે વાત સાચી ઠરી."

જૂની સાંકળીમાં સુથાર ગોવિંદને દર્શન

સ્વામીશ્રીએ દેહત્યાગ કર્યો તે જ રાત્રે ગામ જૂની સાંકળીમાં સુથાર ગોવિંદને સ્વામીશ્રીએ દર્શન દીધાં અને કહ્યું : "ગોવિંદ ! અમે દેહત્યાગ કરીને મહારાજની સાથે ધામમાં જઈએ છીએ."

એટલું કહીને સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા. સવારે તે સુથારે ઊઠીને તેના દીકરા શામજીને કહ્યું : "ચાલ, આપણે નાહવા જઈએ. આજ રાત્રે સ્વામીશ્રીએ ગોંડળમાં દેહત્યાગ કર્યો છે."

ત્યારે શામજીએ કહ્યું : "અરે બાપા ! હોય નહીં. તમને આ ટાણામાં કોણ કહી ગયું ?"

ત્યારે કહ્યું : "કોણ શું ? સ્વામી પંડે મને દર્શન દઈને કહી ગયા."

પરંતુ શામજીના માન્યામાં આ વાત ન આવી. તેણે કહ્યું : "બાપા ! એ તો તમને સ્વપ્નામાં એમ જણાયું હશે. આપણે તે સાચું કેમ મનાય ?"

ગોવિંદને પણ થયું કે કદાચ સ્વપ્નું પણ હોય. એટલામાં દસ વાગવાનો સમય થયો. ત્યાં તો બે સાધુ ગોંડળથી જૂનાગઢ જવા સારુ નીકળ્યા હતા તે ગામમાં આવ્યા.

તેમને પૂછ્યું ત્યારે તેમણે સમાચાર આપ્યા કે "સ્વામી ગોંડળમાં સ્વધામ પધાર્યા છે અને અમે આજે હવે જૂનાગઢ જઈએ છીએ." આ પ્રમાણે વાત મળી એટલે શામજીને તેના બાપની વાતનો પાકો નિશ્ચય થયો.

અમને ઓળખે તેને અમે જરાય છેટે નથી

ગામ ભાયાવદરમાં પણ તે જ રાત્રે દુર્લભજી મહેતાને સ્વામીશ્રીએ દર્શન દીધાં. સ્વામીશ્રી જાણે ભાયાવદરના મંદિરમાં સિંહાસન પાસે ગાદી-તકિયે વિરાજમાન થયા છે ! તે વખતે દુર્લભજી મહેતા ત્યાં ગયા અને સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગીને પાસે બેઠા. ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "દુર્લભજી ! અમારે હવે ધામમાં જવું છે."

એટલે દુર્લભજીએ કહ્યું : "સ્વામી ! તમે ધામમાં જાઓ તો સત્સંગ મોળો પડી જાય. માટે હમણાં રહો. નહીં તો સત્સંગી સૌ દુ:ખી થશે. તમે બેઠા છો તેથી સૌને દેશકાળ સારા છે."

એમ વાત કરે છે એટલામાં ત્યાં કોઈ બીજું બેઠું હતું તેના તરફ આંગળી ચીંધી સ્વામીશ્રીએ દુર્લભજીને કહ્યું : "એવું બોલ મા ! આ માયાનો જીવ છે તે તેને અવગુણ આવશે. વળી, અમે ક્યાં જઈએ એવા છીએ. અમે તો સદાય સત્સંગમાં રહ્યા જ છીએ ને બધું જોઈએ છીએ. પણ અમને ઓળખવા જોઈએ. ઓળખે તેને જરાય છેટે નથી."

એ પ્રમાણે કહીને સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા ! દુર્લભજી આ દર્શનથી એકદમ જાગી ગયા. સવારે તેમને ખબર મળ્યા કે સ્વામીશ્રી ધામમાં પધાર્યા છે. ત્યારે તેણે રાત્રીનાં દિવ્ય દર્શનની વાત સાચી માની. સ્વામીશ્રી પ્રત્યેના અત્યંત હેતને લઈને જ્યારે જ્યારે તે સ્વામીશ્રીને સંભારતા ત્યારે સ્વામીશ્રી તેને દર્શન દેતા.

મોરો સ્વામી બિચરત સત્સંગ મેં

વડાળના વિપ્ર રામજી ભટ્ટને ખબર મળ્યા કે સ્વામીશ્રી ગોંડળ પધાર્યા છે એટલે તે સ્વામીશ્રીનાં દર્શન કરવા સારુ ઘેરથી ઉતાવળા નીકળ્યા. ગામ ગુંદાસરે પહોંચ્યા ત્યાં તે ગામના હરિભક્તો તેને મળ્યા. તેમણે પૂછ્યું : ‘‘ભટ્ટ ! ક્યાં જાવ છો ?’’

ત્યારે રામજી ભટ્ટે કહ્યું : ‘‘હું તો સ્વામીનાં દર્શન કરવા સારુ ગોંડળ જાવ છું.’’

એટલે તે હરિભક્તોએ કહ્યું : ‘‘અરે, સ્વામી તો ગઈ કાલે ધામમાં પધાર્યા.’’

આ સાંભળી જાણે વીજળી પડી હોય તેમ રામજી ભટ્ટ તો ત્યાં જ બેસી ગયા ! તેની આંખમાંથી આંસુની ધારા ચાલવા લાગી. અતિ ઉદાસ થઈ ગયા અને દર્શનની સર્વ આશા તૂટી ગઈ એટલે શરીરમાંથી શક્તિ પણ જાણે સરી ગઈ હોય તેમ તે અવાક બની ગયા !

થોડી વાર એ પ્રમાણે જ ત્યાં રસ્તામાં બેસી ગયા. પછી અત્યંત વિયોગના દુઃખથી શરીરમાં અગ્નિ બળતો હોય તેવો દાહ થવા લાગ્યો, એટલે ધીરે ધીરે ઊઠીને ત્યાંથી થોડે દૂર ખારામાં જઈ મોં ધોયું, પાણી પીધું. એમને એમ ત્યાં જ શોકમગ્ન બની વિચારમાં બેસી રહ્યા. તેવામાં તેમને સ્વામીશ્રીનાં દર્શન થયાં ! ધોતિયાનો વજ્રકછોટો સ્વામીશ્રીએ વાળ્યો હતો, શરીરે ગાતરી વાળેલી, માથે રૂમાલ બાંધેલો અને કેડે ભેટ બાંધી હતી. આવા સ્વરૂપે સ્વામીશ્રીનાં તેને દર્શન થયાં. આ દર્શનથી રામજી ભટ્ટના દેહમાં જાણે વીજળીની શક્તિનો સંચાર થયો હોય, તેમ તે તરત જ ઊઠ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા.

પછી સ્વામીશ્રીએ રામજી ભટ્ટને પૂછ્યું : ‘‘કેમ નિરાશ થઈને બેઠો છે અને નિઃસાસા નાખે છે ? હિંમત કેમ હારી ગયો ? અમે કાંઈ મરીએ એવા નથી. જેમ આ લોકમાં હતા તેવા જ અમે છીએ. પણ હવે માણસો માટે અદૃશ્ય જેવા છીએ.’’

આ પ્રમાણે કહીને રામજી ભટ્ટને બાથમાં લઈને મળ્યા. પછી તરત અંતર્ધાન થઈ ગયા ! રામજી ભટ્ટને આ દર્શનથી શાંતિ થઈ ગઈ. અંતરમાં

ટાઢું થઈ ગયું અને શોક માત્ર ટળી ગયો. આ દર્શન થયા પછી રામજી ભટ્ટે 'મોરો સ્વામી બિચરત સત્સંગ મેં' એ પદ રચ્યું.

આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજને સ્વામીશ્રીનાં દર્શન

સ્વામીશ્રી ધામમાં પધાર્યા તે જ સમયે વરતાલમાં આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજને પણ સ્વામીશ્રીનાં દર્શન થયાં હતાં, તેમજ અમદાવાદમાં સાધુ નારાયણદાસજીને દર્શન થયાં હતાં. ભૂજમાં સાધુ ગોવિંદપ્રિયદાસજીને દર્શન થયાં હતાં અને આંબામાં હરિભક્ત દેવશી લુહારને પણ દર્શન થયાં હતાં. ગામ ચાડિયામાં માધવચરણદાસ તથા માધવપ્રિયદાસને દર્શન થયાં. તેમને સ્વામીશ્રીના સ્વધામ પધારવાથી અત્યંત શોક થયો હતો. અને એવી શોકમગ્ન સ્થિતિમાં તે બંને બેઠા હતા એટલામાં રામભાઈ દર્શને આવ્યા. તેમણે તે બંને સાધુને શોકમગ્ન બેઠેલા જોઈ પૂછ્યું : "આમ કેમ ?"

ત્યારે માધવચરણદાસે કહ્યું : "રામભાઈ ! સ્વામી તો ગોંડળમાં ધામમાં પધાર્યા !" આ સમાચાર સાંભળી રામભાઈનું શરીર એકદમ શ્યામ થઈ ગયું અને મૂર્છાવશ થઈ ગયા. ત્યાર પછી પંદરમે દિવસે રામભાઈએ સ્વામીશ્રીના વિરહમાં દેહત્યાગ કરી દીધો.

વીરપુરમાં દિવ્યદેહે દર્શન

સ્વામીશ્રી ધામમાં પધાર્યા. પરંતુ બીજે જ દિવસે સવારે પોતે સિગરામમાં વિરાજી સંત-હરિભક્તો સાથે વીરપુરને પાદરથી નીકળ્યા. વીરપુરના હરિભક્તોએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં અને રોકાવાની તાણ કરી ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "અમારે પંચાળે જાવું છે તે રોકાશું નહીં. દર્શન કરી લ્યો." એ પ્રમાણે તેમને દર્શન દઈ સ્વામીશ્રી ત્યાંથી ચાલી નીકળ્યા.

તે જ વખતે પંચાળામાં દરબાર દાજીભાઈને દર્શન દઈ અદૃશ્ય થઈ ગયા ! પછી જ્યારે વીરપુરના હરિભક્તોને તથા દરબાર દાજીભાઈને સમાચાર મળ્યા કે સ્વામીશ્રી તો ધામમાં પધાર્યા છે, ત્યારે તેમને થયું કે સ્વામીશ્રી તો ધામમાં પધાર્યા છે, પરંતુ આપણા ઉપર કૃપા કરીને આપણને દર્શન દીધાં.

અક્ષરતીર્થ

આ.સં. ૧૯૨૪ના માગશર સુદ બીજને દિવસે સ્વામીશ્રીના આ સમાધિસ્થાન ઉપર ગોંડળનરેશ શ્રી સંગ્રામસિંહજી બાપુએ વિમાન આકારની દેરી કરાવવાનું શરૂ કર્યું. વસંત પંચમીના દિવસે કામ પૂરું થયું. આ પ્રસંગે રાજ્ય તરફથી બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવી તૃપ્ત કર્યા. ઉપરાંત દક્ષિણા આપી. રાજરાણી મોંઘીબા સાહેબે આ જ દિવસે ત્યાં શ્રી અક્ષરપુરુષોત્તમની છબી રાખી વસંતોત્સવ કરાવ્યો. પોતે પણ દર્શને પધાર્યા. આ પ્રસંગ પછી 'અક્ષરતીર્થ'ના આ સ્થાન ઉપર ઉત્સવો, માન્યતાઓ વગેરે થવા લાગ્યાં.

મોનજી સોનીને દિવ્યદર્શન

સ્વામીશ્રીના શિષ્ય ગોંડળના મોનજી સોનીને અત્યંત મંદવાડ થયો. આ મંદવાડનું દુઃખ તેમને જ્યારે અસહ્ય થઈ પડ્યું ત્યારે તેને એકાએક સ્વામીશ્રીની સ્મૃતિ થઈ ગઈ. તેણે વિચાર્યું : "અહો ! જો સ્વામીશ્રી હોત તો હું તેમને આ દુઃખની વાત કરત. પણ તેઓ તો ધામમાં પધાર્યા. વળી, હમણાં કેટલા દિવસથી મંદવાડને લઈને અક્ષરદેરીએ દર્શને પણ જઈ શકાયું નથી." એમ ચિંતવન કરતાં સૂતા હતા ત્યાં તેમને એવાં દર્શન થયાં કે પોતે અક્ષરદેરીએ ગયા છે. ત્યાં સ્વામીશ્રી સાક્ષાત્ સ્વસ્તિક આસને વિરાજતા હતા. ધોતિયું પહેર્યું હતું અને ઉપર વસ્ત્ર વીંટ્યું હતું. માથે રૂમાલ બાંધ્યો હતો, ખભા ઉપર ખેસ હતો અને ગળામાં પુષ્પની માળા પહેરી હતી. સ્વામીશ્રીની દિવ્ય તેજોમય મૂર્તિની આસપાસ દિવ્ય મુક્તોની સભા હતી. આ દિવ્ય દર્શનથી મોનજી સોનીને અત્યંત આશ્ચર્ય થયું. તેણે સ્વામીશ્રીને દંડવત્ પ્રણામ કર્યા. એટલામાં તે જાગી ગયા. તેનું સર્વ દુઃખ જાણે નિવૃત્ત થઈ ગયું હોય એવી અનિર્વચનીય શાંતિ તેના અંતરમાં પ્રસરી ગઈ !

અક્ષરદેરીએ સ્વામીશ્રીનો જન્મોત્સવ

સંવત ૧૯૨૫ના આસો સુદ પૂનમને દિવસે સોરઠ દેશના કેટલાક સંતો તથા હરિભક્તોએ અહીં સ્વામીશ્રીના જન્મોત્સવ નિમિત્તે મોટો સમૈયો કર્યો. આ સમૈયામાં ચૌદ મણ સાકરની પ્રસાદી સૌને વહેંચી.

સ્વામીશ્રીના સમાધિ સ્થાન ઉપર દેરી થાય, ત્યાં સ્વામીશ્રીનો જન્મોત્સવ ઉજવાય અને મોટા સમૈયા થાય, આ બધું દૂર બેઠેલા વરતાલના મહાનુભાવોથી કેમ સહન થાય ?

આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજને સૌ સમજાવવા લાગ્યા : "સ્વામીના સમાધિસ્થાને અત્યારથી આવા ઉત્સવો અને સમૈયાઓ હરિભક્તો કરવા લાગ્યા છે તો ભવિષ્યમાં એ સ્થાને સોરઠના હરિભક્તો શુંય કરશે ?" આ શબ્દોથી આચાર્ય મહારાજનું અંતઃકરણ પણ ખળભળી ઊઠ્યું !

અન્નકૂટના ઉત્સવો

ત્યાર પછી સંવત ૧૯૨૬ અને સંવત ૧૯૨૭ના બંને વર્ષમાં દાડમાના નથુ જોષી ગોંડળ અક્ષરદેરીએ અન્નકૂટનો સમૈયો કરવા ગયા હતા. અહીં તેઓ મોવૈયાના તુલસીદાસને ઘેર ઊતરતા. આ વખતે ગોંડળમાં સ્વામીશ્રીની નિષ્ઠાવાળા ત્રણ હરિભક્તો હતા : મોવૈયાના તુલસીદાસ, પ્રજારામ અને એક ભાટિયા. આ ત્રણે હરિભક્તોનો સાથ લઈ નથુ જોષીએ સમાધિ સ્થાને - અક્ષરદેરીએ - અન્નકૂટના ઉત્સવો કર્યા. એ સમયે આ સ્થાન તદ્દન નિર્જન હતું. આજુબાજુ ભયંકર કોતરો અને સેતૂરનાં વૃક્ષોથી ભરચક આ સ્થાન દિવસે પણ ભયાનક લાગતું. છતાં અક્ષરદેરીના દિવ્ય સંબંધથી આ સ્થાને ઉત્સવોમાં, માનતા નિમિત્તે આજુબાજુનાં ગામડાંના હજારો હરિભક્તો આવતા. કોઈ ઇષ્ટ ફળની ઇચ્છાથી, તો કોઈ દુઃખની નિવૃત્તિ માટે, તો કોઈ સ્વામીશ્રી પ્રત્યેની ભક્તિના સંબંધે, આ સ્થાને આવ્યા જ કરતા. સૌની ઇચ્છા ફળીભૂત થતી અને સ્વામીશ્રીના સાક્ષાત્ પ્રગટપણાનો સૌને અનુભવ થતો.

ગોંડળ મંદિરમાં સ્વામી અક્ષરપ્રિયદાસજી મહંત હતા ત્યારે તેમણે અક્ષરદેરીના રક્ષણાર્થે થોડા સાધુઓને એ સ્થાને રાખ્યા હતા. આ સંતો ત્યાં સંધ્યાટાણે જતા, સંધ્યા આરતી કરતા અને રાત આખી ભજન કરતા. સવારે ગોંડળીમાં સ્નાન કરી, પૂજા કરી રાજભોગ આરતીના સમયે તેઓ ગામમાં મંદિરે જતા.

બ્રહ્મભાવની પ્રાપ્તિનું સાધન

એક દિવસ સંધ્યા આરતી સમયે ઉત્તર દિશા તરફથી આકાશ માર્ગે

એક તેજનો ગોળો ધીરે ધીરે નીચે આવતો હતો તે સૌએ જોયો. સમગ્ર આકાશ અને દિશાઓમાં તેજ પ્રસરી રહ્યું. આ જોઈ સાધુઓને આશ્ચર્ય થયું ! તેઓ તો ગોળા તરફ જોવા લાગ્યા. ત્યાં તે ગોળો અક્ષરદેરી તરફ આવ્યો. અહીં આ દિવ્ય સ્થાનને નમસ્કાર કરી, આજુબાજુ પ્રદક્ષિણા ફરી આ ગોળો એકાએક અદૃશ્ય થઈ ગયો ! ત્યાં બેઠેલા સૌ સંતોએ તથા સૌ હરિભક્તોએ આ જોયું. સ્વામીશ્રીના પ્રગટપણાની સૌને પ્રતીતિ થઈ ! આવા આવા અનેક ચમત્કારો આ સ્થાને થતા. કેટલીક વખત તો જાણે નાદબ્રહ્મના સૂર સમી મધુર ઝાલર વાગતી હોય તેવો દિવ્ય સ્વર આ સ્થાને સંભળાતો. આ રીતે અનેક ચમત્કારોનું અને પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના અનાદિ સેવક અને ધામસ્વરૂપ પુણ્યશ્લોક શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પરમ પ્રાગટ્યની પ્રતીતિનું સમગ્ર સત્સંગ માટે ગૌરવભર્યું આ સ્થાન બની ગયું ! પૂર્ણપુરુષોત્તમ ભગવાનનું અનાદિ અક્ષરધામ, જે અધોઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે તે આ ગોંડળીના કિનારે પુણ્યભૂમિમાં અતિ અલ્પ બની વિરાજી ગયા તે જ આ ભૂમિનાં સદ્ભાગ્ય ! પૃથ્વી ઉપરના અક્ષરબ્રહ્મના પ્રાગટ્યની પ્રતીતિનું આ સ્થાન સૌને માટે બ્રહ્મભાવની પ્રાપ્તિનું સાધન બની ગયું ![૯૨]

અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના જીવનકાળ દરમ્યાન અનેકને અનેક ચમત્કારો બતાવ્યા, આ સ્થાન દ્વારા પણ અનેક ચમત્કારો બતાવ્યા અને હજુ બતાવે છે. પરંતુ તેમનું સાચું ઐશ્વર્ય તો જીવને બ્રહ્મરૂપ કરવામાં જ સમાયું હતું. માયામાં લુબ્ધ થયેલા સમુદ્રના પાણી જેવા ખારા જીવોને પોતાના સંબંધથી જ મીઠા કરી, તેમને શુદ્ધ બ્રાહ્મી સ્થિતિ પમાડી, પોતાના ઈષ્ટદેવની ભક્તિના અધિકારી તેમને બનાવવા, એ જ તેમની તેમના જીવન દરમ્યાન મહાન સેવા હતી. તેમાં જ શ્રીજીમહારાજ પ્રત્યેની તેમની પરાભક્તિની સાચી ભાવના હતી !

એ અનાદિ બ્રહ્મની પુણ્યમય સ્મૃતિથી આપણે પણ બ્રહ્મભાવના અધિકારી થઈએ, એ પરમકૃપાળુ પરમાત્મા શ્રીહરિનાં પુનિત ચરણ કમળોમાં પ્રાર્થના !!!

---

૯૨. આ સ્થાને સંવત ૧૯૯૦માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજીએ ત્રણ શિખરનું સુંદર મંદિર નિર્માણ કરી અક્ષરબ્રહ્મ પ્રત્યેની ભક્તિ-ભાવનાનો શ્રીજીમહારાજનો આદેશ સફળ કર્યો.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखमाप्नुयात् ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

નવમ સોપાન સમાપ્ત

પરિશિષ્ટ : ૧
ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર સંતો-પાર્ષદો-હરિભક્તો

૧. સાધુ કૃષ્ણસેવાદાસજી

સાધુ કૃષ્ણસેવાદાસજીનો જન્મ રાજકોટમાં થયો હતો. જ્ઞાતે કડિયા હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ ડાહ્યાભાઈ હતું. તેમના પિતાનું નામ ગોવિંદભાઈ હતું. પ્રથમ તેમના પિતા જામનગરમાં રહેતા પરંતુ કામકાજ અર્થે પાછળથી રાજકોટમાં આવીને રહ્યા હતા. ડાહ્યાભાઈને બાળપણથી જ મંદિરે જવાની ટેવ હતી એટલે તેઓ મોટા મોટા સદ્ગુરુઓના સમાગમમાં આવ્યા હતા. તે સમાગમના યોગે કરીને તેમને જગત પ્રત્યે તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. આ વૈરાગ્યના બળથી તેઓ રાજકોટથી નીકળી અમદાવાદ જતા રહ્યા હતા.

અમદાવાદમાં મહાનુભાવાનંદ સ્વામીની સેવામાં તેઓ રહ્યા. મહાનુભાવાનંદ સ્વામીએ તેમનો તીવ્ર વૈરાગ્ય અને સેવાની ભાવના જોઈ અયોધ્યાપ્રસાદજી મહારાજને તેમને દીક્ષા આપવાનું કહ્યું. અયોધ્યાપ્રસાદજી મહારાજે તેમને દીક્ષા આપી. અહીં તેમણે સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો.

પરંતુ ભગવાન ભજવામાં આડે માયા તો આવીને ઊભી જ રહે છે. કૃષ્ણસેવાદાસજીને પણ એવી વિષમ ઉપાધિ આવી. તેમનું નાનપણથી જ લગ્ન થયું હતું. તેથી તેઓ સાધુ થઈ ગયા છે તે સાંભળી તેમનાં પત્નીએ માથે બળતી સગડી લઈ રાજકોટમાં પોલિટિકલ એજન્ટ લાંકસાહેબની પાસે જઈ ફરિયાદ કરી. આથી લાંકસાહેબે હુકમ કર્યો કે ડાહ્યાભાઈને અમદાવાદથી તરત જ રાજકોટ લઈ આવવા. આ ઉપાધિને લીધે તેમને અમદાવાદમાં તેડું આવ્યું અને સાધુની દીક્ષા ઉતારી તેઓ રાજકોટ આવ્યા.

રાજકોટ આવી તેમણે આ ઉપાધિ શમાવી દીધી. ઘરનાં તમામના મનનું સમાધાન કરી તેઓ જૂનાગઢ સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીની સેવામાં રહ્યા. તેમનો તીવ્ર વૈરાગ્ય, સંસાર પ્રત્યે અનાસક્તિ અને પ્રભુ ભજનમાં આસક્તિ જોઈ સ્વામીશ્રીએ તેમને દીક્ષા આપવાનું નક્કી કર્યું. પોતે વરતાલ સમૈયે પધાર્યા ત્યારે તેમને સાથે લઈ ગયા. અહીં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી અને 'કૃષ્ણસેવાદાસ' નામ પાડ્યું. પછી સ્વામીશ્રીની સાથે તેઓ જૂનાગઢ આવ્યા.

અહીં આવ્યા પછી સ્વામીશ્રીએ તેમને રાધારમણદેવની સેવામાં રાખ્યા.

રાધારમણદેવની તેઓ ખૂબ ભક્તિભાવથી સેવા કરતા તેથી સ્વામીશ્રી, તમામ સંતો અને હરિભક્તો તેમના ઉપર અપાર રાજી હતા.

નવરાશના સમયમાં તેઓ ધ્યાનનો અભ્યાસ કરતા. તેથી સ્વામીશ્રી તેમને ધ્યાનીના નામથી બોલાવતા. સ્વામીશ્રીના સમયમાં રાધારમણદેવનો ધર્માદો ઉઘરાવવા સાધુઓનાં દશ મંડળ સોરઠ દેશમાં ફરતાં, તેમાં કોઠારી પુરુષોત્તમદાસજીનું મંડળ ફરતું હતું. તે કોઠારી ધામમાં ગયા પછી સ્વામીશ્રીએ તેમનો દેશ કૃષ્ણસેવાદાસજીને સોંપ્યો હતો. કૃષ્ણસેવાદાસજીએ ત્યારથી તે દેશમાં ફરી હરિભક્તોને ઉપદેશ કરી મહારાજના સર્વોપરી સ્વરૂપની અને સ્વામીશ્રીના અક્ષરસ્વરૂપની નિષ્ઠા કરાવી હતી. રાધારમણદેવના દેશમાં તેમને ફરવાનું હતું તે બત્રીસ ગામોમાં તેમણે પ્રયત્ન કરી હરિમંદિરો કરાવ્યાં હતાં.

પોતાને ધામમાં જવાનું હતું ત્યારે અગાઉ છ માસથી પોતે કહેતા કે ''મારે હવે દેહ મૂકીને ધામમાં જવું છે.'' પછી જ્યારે દેહ મૂકવાનો સમય આવ્યો ત્યારે મોટા ગોખરવાળામાં અતિશય પ્રતાપ જણાવી સંવત ૧૯૩૭માં ચૈત્ર વદિ અમાસને દિવસે ભજન કરતાં કરતાં ધામમાં પધાર્યા.

૨. સાધુ કેશવચરણદાસ

આ સંતવર્યનો જન્મ વરતાલ પાસે મહેળાવમાં થયો હતો. પોતે વ્યવહારે બહુ જ સુખી હતા. તેમને ઘણા આંબા હતા. તેમાંથી સારા આંબાની કેરીઓના ટોપલા ભરી પોતે માથે ઉપાડીને ગઢડે લાવી શ્રીજીમહારાજને જમાડતા. મહારાજનાં લીલાચરિત્રોના દીઠેલા પ્રસંગોની તેઓ ઘણી વાતો કરતા.

એક વખત ચાર હરિભક્તોની સાથે કેરીના ટોપલા લઈ તેઓ વરતાલ ગયા. તે વખતે શ્રીજીમહારાજ રામપ્રતાપભાઈને બંગલે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા અને લીલો રેશમી સુરવાળ પહેર્યો હતો. તે સુરવાળને સોનેરી મોળિયાં મૂક્યાં હતાં. વળી, રેશમની જાળીવાળી ગૂંથેલી નાડી હતી. સુરવાળમાં આગળ કરચલીઓ પડી હતી. શ્રીજીમહારાજ હિંદી ભાષામાં વાતો કરતા હતા. મહારાજના મુખારવિંદ આગળ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુક મુનિ તથા મૂળજી બ્રહ્મચારી બેઠા હતા. તે સમયે આ ચારે હરિભક્તો કેરીઓના ટોપલા લઈને આવ્યા. ઓશરીની કોર ઉપર તેમણે ટોપલા મૂક્યા.

તેમને જોઈ એક પાર્ષદે મહારાજને કહ્યું : ''આ ચાર હરિભક્તો આવ્યા છે અને કેરીઓના ટોપલા માથે ઉપાડીને લાવ્યા છે.''

એટલે મહારાજે પૂછ્યું : ''શું કેરીઓ લાવ્યા છે ?'' એમ કહી પોતે ઊઠ્યા

અને ઊંબરા પાસે આવ્યા. બે હાથ ઊંચા કરી ઓતરંગ ઝાલીને ઊભા રહ્યા. તે વખતે મહારાજે ફક્ત એક સુરવાળ જ પહેર્યો હતો, શરીર ઉઘાડું હતું. તેથી આખા શરીરમાં તલ દેખાતા હતા. આવાં અલૌકિક દર્શન તે ચારે હરિભક્તોને થયાં. (સ્વામી કેશવચરણદાસજી ઘણી વાર કહેતા કે હું જ્યારે ધ્યાન કરું છું ત્યારે મને મહારાજની એ ઊભેલી મૂર્તિ સાક્ષાત્ સાંભરી આવે છે અને ધ્યાનમાં દેખાય છે.)

પછી મહારાજે તેમને કહ્યું : "હરિજનો ! આવો દર્શન કરો."

પછી ચારેય હરિભક્તો પોતાનાં માથાં નમાવી મહારાજને પગે લાગ્યા. મહારાજે તે ચારેયનાં માથાં ઉપર પોતાનાં ચરણારવિંદ મૂક્યાં. પછી મહારાજ પાછા ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે ચારેય હરિભક્તોએ કેરીના ટોપલા લઈ મહારાજના ઢોલિયા પાસે મૂક્યા. પછી મહારાજે એ ચારેય ટોપલામાંથી એક એક કેરી લીધી ને વખાણવા લાગ્યા : "અહો, કેરી તો બહુ સારી છે."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ખાલી વખાણ શું કરો છો ! કેરી સારી છે તે કેમ ખબર પડે ? એ તો આપ જમો અને અમને પ્રસાદી આપો ત્યારે ખબર પડે કે કેરી સારી છે." તે સાંભળી મહારાજ હસ્યા.

પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું તેથી બ્રહ્મચારીએ એક કેરીને ધોઈ, ઘોળી અને મહારાજને આપી. મહારાજ તે કેરી ચૂસવા માંડ્યા એટલે મુક્તાનંદ સ્વામીએ ખોબો ધર્યો ત્યારે મહારાજે કહ્યું : "આ કેરી તો આ હરિભક્તને આપવી છે, કારણ કે તે સંકલ્પ કરે છે કે મહારાજ કેરી જમીને આપણને આપે તો એક તો પ્રસાદ મળે અને તેની ગોટલી વાવીએ એટલે આંબો પ્રસાદીનો થાય માટે તેમને જ આપવી છે."

આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીને કહીને મહારાજે તે હરિભક્તને બોલાવી પ્રસાદીની કેરી આપી અને કહ્યું : "લ્યો પ્રસાદી જમો, પણ એ હવે ઊગશે નહીં. તેનું કારણ શરીર બળી ગયું છે."

પછી બીજી કેરીઓ જમીને મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુક મુનિ વગેરે જે જે ત્યાં બેઠા હતા તેમને સૌને આપી.

એક દિવસ કેશવચરણદાસ અને ભગવાનદાસ (જ્યારે પૂર્વાશ્રમમાં હતા ત્યારે) વરતાલ મહારાજનાં દર્શન કરવા ગયા હતા તે સમયે મહારાજ હરિમંડપના કઠોડામાં કોગળા કરતા હતા. તે પ્રસાદીનું પાણી નીચે પડ્યું. તે પાણી આ બંને છોકરા પીવા લાગ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યું : "એ એઠાં પાણી છે તે પીશો નહીં."

ત્યારે તે બંને બોલ્યા : "મહારાજ ! આ તો આપની પ્રસાદીનું પાણી છે. મોટા મોટા બ્રહ્માદિક દેવને પણ આ પ્રસાદી દુર્લભ છે તે પાણી અમને મળ્યું એ તો અમારાં મોટાં ભાગ્ય છે."

તે સાંભળીને મહારાજે તેમને કહ્યું : "તમે બંને ઉપર આવો."

એટલે તેઓ બંને ઉપર મહારાજ પાસે ગયા. મહારાજ તેમના ઉપર અતિ પ્રસન્ન થયા અને તે બંનેને છાતીમાં ભીડીને મળ્યા ને કહ્યું : "આ બેય છોકરા સાધુ થશે."

મહારાજની અત્યંત પ્રસન્નતા તેમના ઉપર થઈ. તેમાંય સ્વામી કેશવચરણદાસ ઉપર તો મહારાજ ખૂબ રાજી થયા હતા. આ સંસ્કારથી તેમને સંસારમાં વૈરાગ્ય થયો. તેથી તેઓ ઘરનો ત્યાગ કરી ગઢડે મહારાજ પાસે ગયા. પરંતુ થોડા દિવસ બાદ તેમના પિતા ગઢડે આવ્યા અને તેમને ઘેર તેડી ગયા. ફરી પાછા તે ઘેરથી ભાગીને મહારાજ પાસે ગઢડા આવ્યા ત્યારે મહારાજે તેમને દીક્ષા આપી કેશવચરણદાસ નામ પાડ્યું અને ગોપાળાનંદ સ્વામી પાસે રહેવાની આજ્ઞા કરી. પછી ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : "તમે જૂનાગઢ જઈને ત્યાં ગુણાતીતાનંદ સ્વામી પાસે રહો."

એટલે કેશવચરણદાસે કહ્યું : "સ્વામી ! મારે તો તમને રાજી કરવા છે."

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "અમને રાજી કરવા હોય તો હું કહું તેમ કરો તેમાં હું રાજી છું અને તમને એક જોડ ચરણારવિંદ તથા એક પ્રસાદીની માળા આપું છું. વળી, ગુણાતીતાનંદ સ્વામી તમારા ઉપર રાજી થશે એટલે મહારાજ અને અમે બંને તમારા ઉપર રાજી થઈ ગયા છીએ એમ તમારે જાણવું." આ પ્રમાણે ગોપાળાનંદ સ્વામીએ તેમને સમજાવીને, સ્વામીશ્રી વરતાલ પધાર્યા હતા તેમની સાથે જૂનાગઢ મોકલ્યા.

સ્વામી કેશવચરણદાસજી જૂનાગઢ આવ્યા. પછી જે રીતે સ્વામીશ્રી તેમના ઉપર રાજી થાય તે પ્રમાણે પોતે વર્તવા લાગ્યા. સ્વામીશ્રી જ્યારે વરતાલ સમૈયા ઉપર પધારતા, ત્યારે વારા પ્રમાણે એક વખત સ્વામી કેશવચરણદાસને મંદિરનો વ્યવહાર સોંપી જતા અને બીજી વખત રઘુવીરચરણદાસને સોંપી જતા. સ્વામી કેશવચરણદાસ વ્યવહારમાં બહુ નિપુણ હતા. તે સ્વામીશ્રીની અનુમતિ પ્રમાણે મંદિરનો વ્યવહાર ચલાવતા અને સ્વામીશ્રીને રાજી કરતા. શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોની બહુ વાતો પોતે કરતા. વળી ત્યાગ, વૈરાગ્ય અને સાધુતાના ગુણે પણ ભરપૂર હતા. સંવત ૧૯૩૯માં પોતે ભૌતિક દેહનો ત્યાગ કરી ધામમાં ગયા.

પૃથ્વી ઉપર ગમે તેવો કાળ વર્તતો હોય પરંતુ ભગવાન કે સત્પુરુષ જ્યારે વિચરતા હોય ત્યારે તેમના યોગમાં જે જે આવી જાય તે જીવ જરૂર ઉચ્ચ સ્થિતિને પામી જાય. આવા ઘોર કળિકાળમાં પણ સત્પુરુષની સમીપે તો સત્યુગ જ વર્તતો હોય છે. આવા ઉત્તમ દેશકાળ સેવનારા કદી કળિના બંધનમાં આવતા નથી.

સ્વામી કેશવચરણદાસજી શ્રીજીમહારાજના આશીર્વાદથી, ગોપાળાનંદ સ્વામીની શુભેચ્છાથી અને સ્વામીશ્રીના સંબંધથી અક્ષરરૂપ થઈ ધામમાં વિરાજી ગયા !

૩. શાસ્ત્રી ધર્મતનયદાસજી

આ પુરુષનો જન્મ ભાલ દેશમાં ખરડ ગામમાં ક્ષત્રિય જ્ઞાતિમાં સંવત ૧૯૦૬ના અષાઢ સુદ બીજ(રથયાત્રા)ના દિવસે થયો હતો. તેમના પિતાને શ્રીજીમહારાજના સમયથી જ સત્સંગ હતો. તેર વર્ષની કિશોર વયે આ મુક્ત પુરુષ અદ્‌ભુતાનંદ સ્વામી પાસે ધોલેરા ગયો. અહીં તેણે અદ્‌ભુતાનંદ સ્વામીની પૂર્ણ ભાવથી સેવા કરી. અદ્‌ભુતાનંદ સ્વામી પણ તેની મુમુક્ષુતા જોઈ વૈરાગ્યની વાતો કરવા લાગ્યા. તેથી આ કિશોરના અંતરમાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. પરંતુ તેમને કુટુંબીઓ તરફથી ઉપાધિ થવા લાગી; તેથી તેણે અદ્‌ભુતાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! મારે હવે કેમ કરવું ? ગામ નજીક છે તેથી કુટુંબીઓ વારે વારે આવે છે અને મને ઘરે તેડી જાય છે. આવી ઉપાધિ થાય છે."

અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું : "તારે મને રાજી કરવો હોય અને મારો તને વિશ્વાસ હોય તો તું જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે જા."

આ સાંભળી તે કિશોરના મનમાં થયું કે સ્વામીએ બહુ છેટે જવાનું કહ્યું. ગઢડા કે વરતાલ બતાવ્યું હોત તો ઠીક હતું. પણ હવે સ્વામીના વચનમાં વિશ્વાસ રાખીને તેમની આજ્ઞા પ્રમાણે જૂનાગઢ જવું. આ પ્રમાણે થોડી વાર વિચાર કરી તેમણે કહ્યું : "ભલે, જેમ આપ કહેશો તેમ કરીશ."

પછી ગુણાતીતાનંદ સ્વામી ઉપર ભલામણ-પત્ર લખી દીધો. તે લઈને તે કિશોર ધોલેરાથી નીકળી થોડા દિવસ બાદ જૂનાગઢ સાંજે પાંચ વાગે પહોંચ્યો.

તે સમયે સ્વામીશ્રી સભામંડપમાં ગાદી-તકિયે વિરાજમાન થયા હતા અને આગળ સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે આ કિશોરે ત્યાં આવી સભામાં બેઠેલા સ્વામીશ્રીને દંડવત્ કર્યા.

તેને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "રાખો. ક્યાંથી આવ્યા ?"

ત્યારે કિશોરે કહ્યું : "સ્વામી ! ભાલપ્રદેશમાંથી આવું છું."

એટલે સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : "ભાલમાં કયું ગામ ?"

એટલે તેણે કહ્યું : "ખરડ."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "અદ્‌ભુતાનંદ સ્વામીએ મોકલ્યા હશે."

કિશોર આ સાંભળી આશ્ચર્ય પામી ગયો. તેણે યંત્રવત્ જવાબ દીધો, "હા, મહારાજ !"

એટલે સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : ''કાંઈ આપ્યું છે ?'' એક પછી એક પ્રશ્નોની પાછળ સ્વામીશ્રીની અંતર્યામી શક્તિની પરખ એ કિશોર પામી ગયો. તેને અંતરમાં થયું : સ્વામીએ મને સારે ઠેકાણે મોકલ્યો છે. અહીં મારા મનોરથ પૂરા થશે.

પછી કિશોરે કહ્યું : ''હા, મહારાજ ! એક કાગળ આપ્યો છે.'' એમ કહી છેડે બાંધેલો કાગળ છોડી તેણે સ્વામીને આપ્યો.

સ્વામીશ્રીએ તે કાગળ વાંચ્યો, પછી કહ્યું : ''તમને અદ્‌ભુતાનંદ સ્વામીએ મોકલ્યા છે ત્યારે તો અમારે તમને સાચવવા જોશે.''

એમ કહી સ્વામીએ તેના માથા ઉપર વહાલથી હાથ ફેરવ્યો. દૂર અને અજાણ્યા પ્રદેશની ભડક તે કિશોરના અંતરમાં પેસી ગઈ હતી તે સ્વામીશ્રીના આવા પ્રેમભર્યાં વચનથી નીકળી ગઈ. તેને લાગ્યું કે હું હવે સાચે ઠેકાણે આવ્યો. તે દિવસથી જ સ્વામીશ્રીએ તેને પોતાની સેવામાં રાખ્યા.

તેમના સંબંધીઓને ખબર પડી કે તે જૂનાગઢ ગયા છે એટલે જૂનાગઢ આવી તેમને પરાણે ઘેર તેડી ગયા, પરંતુ આ કિશોર ભક્તને તો સંસાર અને સંસારના સંબંધીઓ મળવત્ બની ગયા હતા. એટલે થોડા દિવસ ઘેર રહી ફરી ત્યાંથી નીકળી ધોલેરા આવ્યા. અહીં આવી રાત્રે મેડા ઉપર સૂતા હતા ત્યાં તેમને ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં. તેઓ તરત જ જાગી ગયા. એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''તમે અહીં કેમ આવ્યા ? તમને અદ્‌ભુતાનંદ સ્વામીએ શું કહ્યું છે ? માટે જૂનાગઢ આવી અમારી પાસે રહો. અમારે તમારા દ્વારા હજુ ઘણાં કામ કરાવવાં છે.''

એટલું કહી સ્વામીશ્રી અદશ્ય થઈ ગયા. તે કિશોર ભક્તને આથી અદ્‌ભુતાનંદ સ્વામીની આજ્ઞાનું રહસ્ય સમજાયું. મોટાપુરુષ તો ફક્ત ટકોર જ કરે, પરંતુ તેમના વચનમાં વિશ્વાસ લાવી તેમની આજ્ઞાનું પાલન કરે તો જીવ ખરેખર સુખિયો થઈ જાય. તે કિશોર એકદમ ઊઠ્યો અને રાત્રે જ જૂનાગઢ પ્રતિ પ્રયાણ કર્યું.

તે કિશોર ભક્ત જ્યારે જૂનાગઢ આવ્યા ત્યારે નવી હવેલીનું કામ ચાલતું હતું. આ કિશોર ભક્તને સેવા કરવાનો બહુ જ ઉત્સાહ હતો. સેવા લેનારાને પણ આ કિશોર ભક્તનો ઉત્સાહ જોઈ વેગ આવી ગયો. તેમણે તેને કહ્યું : ''ભગત ! આ ચૂનાનાં તગારાં લ્યો.''

આ સાંભળી તે કિશોર ભક્તને ખૂબ જ આનંદ થયો. આવી દેવને દુર્લભ સેવા ક્યાંથી મળે ? તેણે તરત જ તગારાં લેવાનું શરૂ કર્યું. પરંતુ તગારાં ભરી આપનાર વેગી ભક્તે તગારું છલોછલ ભરી દીધું અને બહુ મહેનતથી તે કિશોરને માથે ચડાવી દીધું. તે તગારું લઈ તે કિશોર ભક્ત નિસરણી ચઢવા આવ્યા ત્યારે સ્વામીશ્રી ત્યાં ઊભા હતા. તેમણે આ કિશોર ભક્તને માથે આવું છલોછલ ભરેલું

તગારું જોઈ કહ્યું : “અરે, આ છોકરાને માથે આવું છલકતું તગારું કોણે મૂક્યું ?”

ત્યારે ભરી આપનાર ભગતે કહ્યું : “સ્વામી ! તેનો ઉત્સાહ જબરો છે. તેણે કહ્યું પૂરું ભરી આપો એટલે મેં છલોછલ ભરી આપ્યું.” એટલામાં તો તે કિશોર તગારું ઠાલવીને નીચે આવ્યો.

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : “તું આ ચૂનાનાં તગારાં ઉપાડવાનું કામ મૂકી દે. પણ આ પથરાની કપચી પડી છે તે બધી વીણીને સૂંડલામાં ભરી લે.”

એ પ્રમાણે સ્વામીશ્રીએ તેની સેવાનો ઉત્સાહ મંદ પડવા ન દીધો ને તેને હળવી સેવામાં જોડી દીધા.

ધીરે ધીરે સ્વામીશ્રીએ તેને ‘શિક્ષાપત્રી’ અને ‘વચનામૃત’ વાંચતાં શીખવાડી દીધું. એક દિવસ ‘નવલ સનેહી નાથજી’ એ કીર્તન શીખીને સ્વામીશ્રી પાસે ગાયું ત્યારે સ્વામીશ્રી અત્યંત રાજી થઈ ગયા. પછી તેને આશીર્વાદ આપતાં કહ્યું : “હવે ‘આજ મારે ઓરડે રે’ કીર્તન શીખજો.”

સ્વામીશ્રીની આજ્ઞા થઈ તેથી તે જ દિવસે તેણે તે કીર્તન કંઠે કરી લીધું. બીજે દિવસે સવારે તે કીર્તન તેણે સ્વામીશ્રી પાસે ગાયું તેથી સ્વામીશ્રી તેમનો ઉત્સાહ જોઈ બહુ જ રાજી થયા. પછી કહ્યું : “બહુ સારી હલક છે. એક જ દિવસે કંઠે કરી લીધું એટલે ધારક શક્તિ ઘણી છે. સંસ્કૃતનો અભ્યાસ કરી શકો એવી બુદ્ધિ છે. માટે તમને સંસ્કૃત ભણાવી શાસ્ત્રી કરવા છે.” આ પ્રમાણે સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો. પછી સ્વામીશ્રીએ અચિંત્યાનંદ બ્રહ્મચારીને કહ્યું : “આને વિદ્યાભ્યાસ કરાવો. તીવ્ર બુદ્ધિશાળી છે તેથી વિદ્યા સારી સંપાદન કરશે.”

એટલે બ્રહ્મચારીએ કહ્યું : “ભલે સ્વામી ! હું તેમને ભણાવીશ. આપની તેના ઉપર કૃપાદૃષ્ટિ થઈ છે તેથી બધા સંસ્કારો ફરી ગયા અને જરૂર એ વિદ્વાન થશે.” બ્રહ્મચારીએ તેને સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરાવ્યો.

અત્યંત નમ્ર, વિવેકી, બુદ્ધિવાન અને સ્વામીશ્રીના કૃપાપાત્ર એવા આ ભક્તે થોડા જ સમયમાં વિદ્યા સંપાદન કરી લીધી. તેમનો આવો ઉત્સાહ, ભક્તિભાવ અને નિષ્ઠા જોઈ, સ્વામીશ્રીએ તેમને સ્વામી બાલમુકુંદદાસજીને સોંપ્યા અને તેમને ભલામણ કરતાં કહ્યું : “અમે આ લોકમાં ન હોઈએ ત્યારે તમારે તેમની સંભાળ રાખવી.”

સ્વામીશ્રી ધામમાં ગયા પછી સંવત ૧૯૨૪માં આ ભક્તને સ્વામી બાલમુકુંદદાસજીએ આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ આગળ દીક્ષા અપાવી સાધુ કર્યા અને ધર્મતનયદાસજી નામ પાડ્યું. ત્યાર બાદ ધર્મતનયદાસજી સ્વામી બાલમુકુંદદાસજીના મંડળમાં ફરતા. થોડા વખત પછી તેમણે સંસ્કૃતના વિશેષ

અભ્યાસ માટે સ્વામી બાલમુકુંદદાસજીની આજ્ઞા લઈને વડોદરા-વરતાલ જવાનું નક્કી કર્યું. વીસ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરીને તેઓ ઉત્તમ કોટિના પંડિત થયા.

સ્વામી ધર્મતનયદાસજી શરીરે પુષ્ટ, તેજસ્વી અને આનંદી હતા. શ્રીહરિના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા તેમણે સ્વામીશ્રી થકી દૃઢ કરી હતી. વળી, સ્વામીશ્રી પણ અક્ષરબ્રહ્મનો અવતાર છે એ નિષ્ઠા પણ તેમને દૃઢ હતી. તેઓ સભામાં સ્વામી અને શ્રીજી અર્થાત્ અક્ષર અને પુરુષોત્તમના સ્વરૂપની વાતો ઘણી કરતા. રોજ સંધ્યા આરતી પછી પ્રાર્થનામાં महाध्यानाभ्यासम् એ સ્વામીશ્રીના મહિમાના સ્તોત્રની શરૂઆત કરાવનાર તેઓ જ હતા. વળી, કોઈ ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ કેમ ? એવી શંકા તેમની પાસે કરતું તો તેઓ શાસ્ત્રોનાં પ્રમાણો આપી સચોટ ઉત્તર આપતા અને શંકા કરનારના અંતરમાં સ્વામીના અક્ષરસ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવી દેતા.

ઘણી વાર તેઓ કહેતા : "વરતાલની સભામાં સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ પ્રતિપાદન હું શાસ્ત્રોનાં પ્રમાણોથી કરી આપું."

તેઓ ઘણા જ નીડર હતા. ઉત્તમ શ્રેણીના વિદ્વાન હોવા છતાં ખૂબ જ નમ્ર હતા અને કોઈની સાથે વાદવિવાદમાં કદી પણ ઉગ્ર ન થતા. અત્યંત વ્યવહારદક્ષ પણ હતા તેથી આચાર્યશ્રી પણ તેમની ઘણી વાર સલાહ લેતા.

સંવત ૧૯૪૫માં જ્યારે બંને દેશના આચાર્યોનું રાજકોટમાં સંમેલન હતું, ત્યારે તેમાં તેમણે સારો ભાગ લીધો હતો.

ત્યાર બાદ સંવત ૧૯૪૯માં તેમને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે ગોંડળ મંદિરના મહંત બનાવ્યા હતા. સ્વામી ધર્મતનયદાસજીને જ્યારે ગોંડલના મંદિરની સોંપણી કરી, ત્યારે તે મંદિરની સ્થિતિ સાધારણ હતી. આજીવિકાનું પણ કોઈ સાધન ન હતું. વળી, એ મંદિરને ભાગે ગામડાંઓ પણ ખાસ ન હતાં કે જેથી તે તે હરિભક્તોનો ધર્માદો તે મંદિરને મળે. આ પરિસ્થિતિને લઈને શાસ્ત્રી ધર્મતનયદાસજીને ઘણી ચિંતા રહેતી. એક દિવસ પોતે એવી વ્યગ્ર સ્થિતિમાં રાત્રે સૂતા હતા ત્યારે સ્વામીશ્રી દિવ્ય દેહે તેમને દર્શન દેવા પધાર્યા અને શાસ્ત્રીજીને જાગ્રત કર્યા. સ્વામીશ્રીને સામે દિવ્ય સ્વરૂપે ઊભેલા જોઈ શાસ્ત્રીજીને ખૂબ જ આનંદ થયો. ઊઠીને સ્વામીશ્રીને દંડવત્ કર્યા, પછી પગે લાગીને કહ્યું : "અહો ! સ્વામી ! આ સમયે આપ ક્યાંથી ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "શું કરીએ, તમે રાત્રી-દિવસ આ મંદિરની આજીવિકા માટે સંકલ્પ કર્યા કરો છો તેથી આવ્યા છીએ. માટે હવે તમે કાંઈ ચિંતા રાખશો નહીં. તમારા બધા સંકલ્પો અમે પૂરા કરીશું. જુઓને, અનંત બ્રહ્માંડમાં કર્યું

કેનું થાય છે ? માટે ધીરજ રાખજો.'' એટલું કહીને સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા ! આ પ્રસંગ પછી શાસ્ત્રી ધર્મતનયદાસજીએ નિશ્ચય કર્યો કે 'મંદિરની ચિંતા હું રાખું છું તે વૃથા છે. એની ચિંતા કરનાર પુરુષ તો પ્રગટ છે.'

એક સમયે શાસ્ત્રીજી મંદિરની નવી હવેલી કરાવતા હતા. તેમને સ્વામી નારાયણચરણદાસે કહ્યું હતું કે ''પાટડા ચડાવવા અમે આવીશું.'' પણ તે આવી શક્યા નહીં. એટલે શાસ્ત્રીજી વિચાર કરવા લાગ્યા કે હવે શું થાશે ? સ્વામીએ કહ્યું હતું પણ આવી શક્યા નહીં ને માણસો વિના પાટડા ચડશે નહીં. આ વિચારમાં ને વિચારમાં રાત્રે તેઓ સૂઈ ગયા.

ત્યાં ફરી સ્વામીશ્રીએ તેમને દર્શન દીધાં અને કહ્યું : ''કાંઈ ચિંતા કરશો નહીં. પાટડા બધા અમે ચડાવી દેશું. ફૂલદોલનો ઉત્સવ કરી રંગ ઉડાડીને પછી પાટડા ચડાવજો. તે વખતે ઘણા હરિભક્તો આવશે અને અમે સૌમાં પ્રેરણા કરીશું, એટલે તમામ પાટડા ચડી જશે.''

પળે પળે સ્વામીશ્રી તેમની સંભાળ લેતા હતા. તેથી તેમના અંતરમાં થયું કે સ્વામી મારે માટે તો પ્રગટ જ છે. મારા દરેક કાર્યની ચિંતા કરે છે તો મારે હવે કાંઈ ચિંતા રાખવી નહીં. પછી પડવાને દિવસે ઘણા હરિભક્તો આવ્યા અને સ્વામીશ્રીની પ્રેરણાથી સૌએ મળીને પાટડા ચડાવી દીધા.

મંદિરની સેવા, ભજન, ભક્તિ અને તપથી શાસ્ત્રીજીના શરીરમાં ટાઢો રોગ થયો. ત્યારે વૈદ્યે તેમને સલાહ આપી કે ''તમે પાણી બદલો કરો ને દૂધનું સેવન રાખો ને દવા કરો તો સારું થઈ જશે.'' એટલે તેમણે વૈદ્યની દવા ચાલુ કરી.

પરંતુ દૂધ માટે મંદિરના કોઠારી પોતાની પ્રકૃતિ અનુસાર તેમને ટોકવા લાગ્યા. તેથી શાસ્ત્રીજીને વિચાર થયો કે દવા બંધ કરી દઈએ. પરંતુ તે રાત્રે ફરી અક્ષરબ્રહ્મ સ્વામીશ્રીએ તેમને દર્શન દીધાં અને કહ્યું : ''તમે મૂંઝાશો નહીં. અદ્‌ભુતાનંદ સ્વામીએ તમારો હાથ મને સોંપ્યો છે. એટલે મારે તમારી રક્ષા કરવી જ જોઈએ. તમે કાલે વણથળી જજો. ત્યાં બધી સગવડ છે અને સારું થઈ જશે. મેં ત્યાં કહ્યું છે એટલે ત્યાંના હરિભક્તો કાલે તમને તેડવા આવશે.'' એટલું કહી સ્વામીશ્રી અંતર્ધાન થઈ ગયા.

તે જ રાત્રે સ્વામીશ્રીએ વણથળીમાં પટેલ શામજીભાઈને દર્શન દઈને કહ્યું : ''શાસ્ત્રી ગોંડળમાં માંદા છે. તેને અહીં તેડી લાવો અને સેવા કરો.''

સ્વામીશ્રીએ આ પ્રમાણે પોતાને વિષે ખરેખરી નિષ્ઠાવાળા અને પોતાને શરણે આવેલા ભક્તની પળે પળે સંભાળ લીધી. બીજે દિવસે શાસ્ત્રીજીને વણથળીના હરિભક્તો તેડવા આવ્યા; તેમની સાથે તેઓ વણથળી ગયા. વણથળી

ગયા પછી થોડા દિવસોમાં તેમને શરીરે સારું થઈ ગયું.

ત્યાર બાદ સંવત ૧૯૬૮ના આસો વદિ એકાદશીની રાત્રીએ આ પંચ ભૌતિક દેહનો શાસ્ત્રી ધર્મતનયદાસજીએ ત્યાગ કર્યો અને મહારાજની સેવામાં અક્ષરધામમાં વિરાજી ગયા. આવા શૂરવીર, સાધુતાનાં લક્ષણયુક્ત અને નિષ્ઠાવાળા પુરુષો સ્વામીશ્રીએ પકવ્યા હતા.

૪. પીતાંબર ફૂલચંદ

મૂળ અમદાવાદના વતની પરંતુ સુરતમાં નોકરી કરતા. સુરતમાં શુકમુનિએ એક વખત વાત કરી હતી કે મહારાજની વાતોથી જેટલો સમાસ થતો તેટલો સમાસ ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી થાય છે. તે સાંભળી પીતાંબરભાઈને સ્વામીશ્રીનાં દર્શન કરવાની અને વાતો સાંભળવાની જિજ્ઞાસા થઈ. થોડા સમય બાદ સ્વામીશ્રી સુરત પધાર્યા ત્યારે સ્વામીશ્રીની ગુણાતીત વાતોથી તેમનું અંતર ભેદાઈ ગયું. એક વખત તેમણે સ્વામીને કહ્યું : ''સ્વામી ! મારે તમારો સમાગમ કરવો છે.''

ત્યારે સ્વામીએ તેના તરફ જોઈ કહ્યું : ''તારો વેશ્યા જેવો વેશ છે તે તું શું મારો સમાગમ કરવાનો હતો ?''

પીતાંબરભાઈ સ્વામીશ્રીની આ સ્પષ્ટ વાણીથી ડઘાઈ ગયા ! મોટી રાતી કિનારનું વિલાયતી ધોતિયું ચીપીચીપીને પાટલીબંધ પહેરેલું, તેના ઉપર જગન્નાથીનું ગોઠણ સુધીનું લાંબું અંગરખું, માથે પૈંઠની પાઘડી જેમાં અવારનવાર કસુંબો નાખતા, કાનમાં અત્તરનાં પૂંમડાં અને પાનથી ભરેલું મોઢું ! પીતાંબરભાઈના આ હાલ જોઈ, સ્વામીશ્રીએ તો તેમને સ્પષ્ટ કહી દીધું.

પીતાંબરભાઈએ સ્વામીશ્રીને હાથ જોડ્યા. પછી કહ્યું : ''દયાળુ ! આ બધું કાઢી નાખું. પણ આપનો સમાગમ કરવાની રજા આપો.''

સ્વામીશ્રી તેમની નમ્રતાથી બહુ જ રાજી થયા. વળી, તેનો જીવ પણ મુમુક્ષુ અને સંસ્કારી હતો. તેથી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''ભલે, જૂનાગઢ આવજો.'' પીતાંબરભાઈ સ્વામીશ્રીની અનુમતિથી રાજી થયા.

રજોગુણી આડંબર છોડીને પીતાંબરભાઈ જૂનાગઢના નૈમિષારણ્ય ક્ષેત્રમાં તપ કરવા આવ્યા. સ્વામીશ્રી તેમને જોઈ બહુ જ રાજી થયા. તેમને ઉદ્દેશીને વાતો કરે અને ઘડી ઘડી પીતાંબર પીતાંબર બોલ્યા કરે. તેથી કેટલાક સાધુઓ અંદર અંદર કહેતા કે 'સ્વામી તો ઓલ્યા વાણિયાના છોકરાને વશ થઈ ગયા છે.'

સ્વામીશ્રી પણ ઘણી વાર આ સાંભળતા ત્યારે કહેતા કે ''હું એને વશ ન

થાઉં તો એ બ્રહ્મરૂપ ક્યારે થશે ?''

થોડા સમયમાં પીતાંબરભાઈની સ્થિતિ પલટાઈ ગઈ. ગુણાતીતની ગુણાતીત વાતોથી તેમનું અંતર ગુણાતીત રંગે રંગાઈ ગયું. સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે તે કહેતાં તે કોઈથી દબાતા નહીં. એટલે સ્વામીશ્રી તેમને શૂરવીર કહેતા.

સ્વામીશ્રી ધામમાં ગયા પછી પોતે અમદાવાદના મંદિરની સભામાં વાતો કરતા. તેમની વાતો સાંભળવા હજારો હરિભક્તો આવતા. આથી ત્યાંના સદ્‌ગુરુઓને તેમના પ્રત્યે દ્વેષ થયો. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહી તેમને સભામાં આવવાની બંધી કરી. એટલે તેમણે ગામમાં દામોદરભાઈના છાપખાનામાં વાતો કરવાનું શરૂ કર્યું. આથી મંદિરનો સભામંડપ ખાલી થવા લાગ્યો. સૌ છાપખાનામાં પીતાંબરભાઈની વાતો સાંભળવા જવા લાગ્યા. સદ્‌ગુરુઓથી આ પણ ન સહેવાયું. તેથી અયોધ્યાપ્રસાદજી મહારાજે તેમને ત્યાગીની દીક્ષા આપી વિજ્ઞાનદાસજી નામ પાડ્યું. ત્યાગાશ્રમમાં પણ તેમની અપ્રતિમ પ્રતિભા ઝળકી રહી !

૫. સ્વામી કૃષ્ણચરણદાસજી

સંવત ૧૯૦૯ની સાલમાં અષાઢ સુદ બીજ(રથયાત્રા)ના દિવસે આ હરિભક્તનો જન્મ થયો હતો. સંવત ૧૯૧૫માં સ્વામીના હાથે વર્તમાન ધરાવ્યાં ત્યાર બાદ તે જૂનાગઢ જન્માષ્ટમીના અને ભીમ એકાદશીના સમૈયે આવતા અને સ્વામીશ્રીના સમાગમનો લાભ લેતા. તેમના વૈરાગ્યની પરિપક્વતા જોઈ તેમને સંવત ૧૯૩૩માં ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ પાસે સ્વામીશ્રી માધવચરણદાસજીએ દીક્ષા અપાવી અને કૃષ્ણચરણદાસ નામ ધરાવ્યું.

દીક્ષા લીધા પછી સ્વામી કૃષ્ણચરણદાસજીએ કેટલાક ગ્રંથોનો અભ્યાસ શરૂ કર્યો. ત્યાર બાદ તેમને જ્યારે મંડળ બાંધી આપ્યું ત્યારે તેઓ દેશમાં ફરવા નીકળતા. સ્વભાવે અત્યંત માયાળુ હતા તેથી ઘણા હરિભક્તો તેમનામાં ખેંચાતા. જેમ માતાને પોતાના પુત્ર પ્રત્યે હેત હોય તે જ પ્રમાણે કૃષ્ણચરણ સ્વામી પણ સત્સંગીઓ પ્રત્યે હેત રાખતા. સત્સંગીઓનો પણ તેમના પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તેઓ કોઈ પણ સત્સંગીનું દુઃખ જોઈ શકતા નહીં. સત્સંગીઓનાં દુઃખના નિવારણ અર્થે તેઓ તરત કંઈક ઉપાય કરતા. ધૂન્ય કરતા કે મહારાજની પ્રાર્થના કરતા ! અન્નાર્થીને તેઓ અન્ન અપાવતા. ધનનું દુઃખ હોય તો ધન અપાવીને પણ તેનું સંકટ ટાળતા. ખેડૂત હરિભક્તોને તેમના ખેતરમાં પાણીનું દુઃખ હોય તો તેઓ કૂવો ગાળવાની આજ્ઞા કરતા અને ક્યાં કૂવો કરવો તે સ્થાન પણ બતાવતા. તેમણે

બતાવેલા સ્થાને કૂવો ગળાતો તેમાં અખૂટ પાણી નીકળતું. આમ, જે હરિભક્ત દુઃખી હોય તેના દુઃખનું નિવારણ કરી, તેના અંતરમાં સત્સંગના સંસ્કારો દૃઢ કરાવતા. માંદા હરિભક્ત સાજા થાય તે સારુ તેઓ શ્રીહરિને પ્રાર્થના કરતા અને મહારાજ તેમની પ્રાર્થના સાંભળતા.

તેમના ઉપદેશની શૈલી ખૂબ જ સૌમ્ય અને સરળ હતી. અન્ય ધર્મના અનુયાયીઓને પણ તેઓ સત્સંગનો મહિમા સમજાવતા. સત્સંગથી જ અંતરની શુદ્ધિ થાય છે અને અંતરની શુદ્ધિ થયા પછી જ પ્રભુ પ્રાપ્તિ થાય છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના સમજાવવી એ તેમની વાતોનું મુખ્ય અંગ હતું. તેઓ શ્રીજીમહારાજનાં લીલાચરિત્રનું ગાન વિશેષપણે કરીને કરતા અને તે વખતે તેમનાં નેત્રોમાંથી અશ્રુની ધારા ટપકતી. શ્રીહરિના સ્વરૂપ અને મહિમાના રંગથી રંગાયેલા આ સંતવર્ય જ્યારે સભામાં વાતો કરતા ત્યારે શ્રોતાજનોનાં હૃદય પીગળી જતાં.

સ્વામીશ્રી પ્રત્યે તેમને અપાર પ્રેમ હતો. સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ નિષ્ઠા તેઓ તેમના શિષ્યોને દૃઢ કરાવતા તેમજ સભામાં પણ કથા પ્રસંગે સ્વામીશ્રીના અક્ષરસ્વરૂપની વાતો તેઓ કરતા.

તેમની ઉપદેશની શૈલીથી ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ ખૂબ જ પ્રસન્ન થતા. તેમની વાતોથી ઘણા હરિભક્તોને સમાસ થતો તેથી તેમને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે સદ્‌ગુરુની પદવી આપી હતી. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના અનન્ય શિષ્યો સદ્‌ગુરુ યોગેશ્વરદાસજી, સદ્‌ગુરુ બાલમુકુન્દદાસજી તથા સદ્‌ગુરુ મહાપુરુષદાસજી આ ત્રણે સદ્‌ગુરુઓની તેમના ઉપર પૂર્ણ કૃપા હતી. તેમને સદ્‌ગુરુ પદવી આચાર્ય મહારાજશ્રીએ આપી તેથી સ્વામી બાલમુકુન્દદાસજી ખૂબ જ રાજી થયા હતા.

સ્વામી કૃષ્ણચરણદાસજી શરીરે પુષ્ટ અને નીચા કદના હતા. તેમના શરીરનો વર્ણ શ્યામ હતો. તેઓ અત્યંત રમૂજી હતા તેથી તેમની વાતોમાં પણ પ્રસંગે પ્રસંગે તેઓ રમૂજ કરાવી જ્ઞાન ઉપદેશને હળવો કરી દેતા. સાધુતાના સર્વ ગુણોથી તેઓ સંપન્ન હતા. તેમણે સોરઠ દેશમાં ઘણાં મંદિરો કર્યાં હતાં. ઘણાને તેમણે વર્તમાન ધરાવી ફેલ મુકાવ્યા હતા.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ(સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી)ના તેઓ દીક્ષાગુરુ હતા. ધારીમાં તેઓ વિચરણાર્થે પધાર્યા ત્યારે કિશોરવયના ઝીણાભક્તને પ્રથમ નજરે જોતાં જ તેમને અહોભાવ ઉપજ્યો હતો. તેમણે સાધુ થવા માટે પ્રેરણા આપી અને ઝીણાભક્ત દીક્ષા લઈ, 'જ્ઞાનજીવનદાસજી' બન્યા. આશરે બે

વર્ષ જેટલી તેમની સેવા કરી જ્ઞાનજીવનદાસજી શાસ્ત્રીજી મહારાજ સાથે અક્ષરપુરુષોત્તમના સનાતન સિદ્ધાંતને પ્રવર્તાવવા માટે જોડાઈ ગયા.

તેમને સદ્‌ગુરુ સ્વામીશ્રી નારાયણદાસજી ઉપર ખૂબ જ હેત હતું. તેઓ ધામમાં ગયા તેથી તેમના વિયોગથી તેઓ પણ સંવત ૧૯૮૭ના દ્વિતીય અષાઢ સુદિ પડવો, ગુરુવારે સવારના ૯-૪૫ વાગે સ્વતંત્ર રીતે ધામમાં પધાર્યા. સત્સંગમાં ૫૪ વર્ષ રહ્યા તે દરમ્યાન સંપૂર્ણ સાધુતા કેળવી, શ્રીહરિ અને સ્વામીનો અપાર મહિમા સૌને સમજાવી, તેમણે સાધુતાના અતિ પવિત્ર આશ્રમને પોતાના ઉચ્ચ જીવનથી ઉન્નત કર્યો.

પરિશિષ્ટ : ૨
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાનાં અમૂલ્ય ઐતિહાસિક સ્મૃતિચિહ્નો

શ્રીજીમહારાજની હયાતીમાં જ અનેક પ્રસંગોમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની સ્મૃતિ સંગૃહીત થઈને સચવાઈ છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જ્યાં ૪૦ વર્ષ રહ્યા એ વરતાલ દેશના લક્ષ્મીનારાયણ દેવની ગાદીના અંતર્ગત સોરઠ પ્રદેશના અસંખ્ય સ્વામિનારાયણ મંદિરોમાં ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાનો મહિમા ગાતી અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ, સ્મૃતિઓ – અભિલેખો, પ્રમાણભૂત પ્રાસાદિક વસ્તુઓ કે પ્રસાદી સ્થાનોના પથ્થરો દ્વારા એ અભિવ્યક્ત થાય છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર ત્યાગી શિષ્યો સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી, સદ્‌ગુરુ માધવચરણદાસજી, સદ્‌ગુરુ કૃષ્ણસેવાદાસજી, સદ્‌ગુરુ વ્રજાનંદ સ્વામી, સદ્‌ગુરુ રાઘવાનંદ સ્વામી, સદ્‌ગુરુ કેવળાત્માનંદ સ્વામી, સદ્‌ગુરુ રામદાસ સ્વામી વગેરે સંતો ઊના, ગોંડળ, અમરેલી, રાજકોટ વગેરે વિસ્તારનાં ગામોમાં ખૂબ ફર્યા. આ સંતોએ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સ્વધામગમન બાદ તેમના અક્ષરબ્રહ્મપણાના મહિમાની સ્મૃતિ અકબંધ રાખવા અનેક સ્થળોએ હરિમંદિરો કર્યાં, જેમાં મહારાજ-સ્વામીની ચિત્ર મૂર્તિઓ પધરાવી છે.

આ વિગતોનો સંગ્રહ કરતાં જાણવા મળે છે કે જૂનાગઢ, વંથળી, માણાવદર, પંચાળા, માંગરોળ, ઊના, ધારી, અમરેલી, નાની કુંકાવાવ, મોટી કુંકાવાવ, મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, બગસરા, વેરાવળ, અગત્રાઈ, ઉપલેટા, ભાયાવદર, પીઠવાજાળ, મેવાસા, કાળિયા, વાંકીયા, કાળેજ, જામવંથળી, સરપદડ, ભાડોઈ, થાનીયાણા, શાપુર, ગણોદર (માળીયા હાટીના પાસે), કાળિપાટ, મેઘપુર, થાણાપીપળી, નવું ગામ, ખમીદાણા, તલાળા, બાબરા, ભોજ, પીપલાણા, જેતપુર, ગોંડળ, રાજકોટ, સમાણા, જામજોધપુર, જામનગર, ગણોદર, લીંબુડા, છોડવડી, ભંડૂરી, બોડકા, સારંગપીપળી, અજાબ, મોજીદડ, પચ્છેગામ, ઓઢાના સમઢિયાળા, ખોડી-રૂઘનાથપુર, ચાડિયા, ભાડેર, બગસરા (અમરેલી પાસે), મોડવેલ, આંબલિયા, બાલાગામ, વેકરી વગેરે ગામોમાં સ્વામિનારાયણ મંદિરોમાં


સિંહાસનની મૂર્તિઓમાં 'મૂળ અક્ષરમૂર્તિ' એવા વિશેષણાત્મક ઉલ્લેખ સાથે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થાય છે. ઉપરોક્ત ગામો તથા અન્ય ગામોમાં અસંખ્ય સ્થળે મંદિરમાં સેવારૂપે કાયમી થાળની નોંધોમાં પણ 'અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી' એવો વિશેષ ઉલ્લેખ જોવા મળે છે. કોઈવાર કોઈ અવિસ્મરણીય પ્રસંગ યોજાયો હોય તેની સ્મૃતિ સારુ પણ છત્રી, ઓટો કે તકતી એવા વિશેષ ઉલ્લેખ સાથે મૂકવામાં આવી છે. એવી તકતીઓ કે મૂર્તિઓ પધરાવવામાં આવી હોય તેના થોડા નમૂના અત્રે રજૂ કરીએ છીએ.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની હયાતીના વર્ષો દરમ્યાન જ કે ત્યારપછીનાં થોડાં જ વર્ષોમાં આવાં અસંખ્ય સ્મૃતિલેખો, અભિલેખો કે મંદિરોનું અસ્તિત્વ જોવા મળે છે. વરતાલ દેશ અંતર્ગત આવેલાં આ મંદિરોનાં આ સ્મૃતિચિહ્નો ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાના ઇતિહાસનાં અમૂલ્ય પૃષ્ઠો બની રહ્યાં છે.

હવે પછીનાં બહુરંગી પૃષ્ઠો તથા શ્વેત-શ્યામ પૃષ્ઠોમાં એની થોડીક ઝલક દર્શાવવાનો નમ્ર પ્રયાસ છે.




▲ શ્રી સ્વામિનારાયણ મંદિર, આંબલિયા




▲ શ્રી સ્વામિનારાયણ મંદિર, નાનાગોખરવાળા



શ્રી સ્વામિનારાયણ મંદિર, મોટી પાનેલી




શ્રી સ્વામિનારાયણ મંદિર, બાલાગામ



▲ શ્રી સ્વામિનારાયણ મંદિર, માંગરોળ




▲ શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખશૈય્યા, જૂનાગઢ



▲ શ્રી સ્વામિનારાયણ મંદિર, માંગરોળ



▲ શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખશૈય્યા, જૂનાગઢ



શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ




શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોંડલ




શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોંડલ




શ્રી સ્વામિનારાયણ મંદિર, અગતરાઈ




શ્રી સ્વામિનારાયણ મંદિર, આંબલિયા




શ્રી સ્વામિનારાયણ મંદિર, વેરાવળ




શ્રી સ્વામિનારાયણ મંદિર, આંબલિયા



શ્રી સ્વામિનારાયણ મંદિર, અમરેલી




શ્રી સ્વામિનારાયણ મંદિર, અમરેલી



શ્રી સ્વામિનારાયણો વિજયતે
પરમ ઐશ્વર્યવાન સદ્ગુરુ સ્વામી કૃષ્ણચરણદાસજી
ના શિષ્ય સ્વામી અક્ષરપુરૂષદાસજીના શુભ સંકલ્પથી
જુનાગઢ મંદિરના આદિ મહંત મૂળઅક્ષરમૂર્તિગુણાતીતાનંદ
સ્વામી નો જન્મ મહોત્સવ દિવસ આસો સુદ ૧૫ પુનમે
હોવાથી તેના પુણ્ય સ્મરણાર્થે ને પોતાના સહ કુટુંબ ના
મોક્ષાર્થે સ્વામીને વિષે મહિમાવાળા સંતહરિભક્તો
તરફથી સ્વામીના જન્મ મહોત્સવ દિવસે સુર્ય ચંદ્ર તપે ત્યાં
સુધી દરસાલ દેવને થાળ ને ત્યાગીઓને પાકી રસોઈ કરી
જમાડવા. આવેલ રૂપીઆની યાદી
૧૦૧ શેઠ કમળશી દેવચંદ વિસાવદર
૧૦૧ દરબાર વિક્રમજી ભાણજી ગોંડળ
૨૦૧ સ.પુરાણી ગોવિંદપ્રસાદ દાસજીની
પ્રેરણાથી પટેલ નારણ પરબત ના
માતુશ્રી ગંગાસ્વરૂપ બાઈ રાણબાઈ લાલભાઈમોરજર
૧૦૧ રાણા ભગવતસિંહજી દાજીભાઈ કંથારીયા
૧૦૧ શાસ્ત્રી ઉત્તમચરણ દાસજીના ઉપદેશથી
પટેલ માધા રામજી ઉપલેટા
૧૦૧ કડીયા રવજી ભીમજી જામ વંથલી
૧૦૧ પટેલ ઠાકરશી કલ્યાણ માણાવદર
૧૦૧ સ.પુ. ગોવિંદપ્રસાદ દાસજી તથા પુ.
હરિપ્રિય દાસજીના ઉપદેશથી
પટેલ કરમશી જેઠા નાળીયેરીમોલી
૧૦૧ સ.સ્વામી માધવપ્રિયદાસજીના શિષ્ય
સ.ભંડારી સ્વામી હરિપ્રસાદ દાસજી
૧૦૧ સ.પુરાણી ગોવિંદપ્રસાદ દાસજી ના
ઉપદેશથી પટેલ ઠાકરશી હરજી હ.શિ.
ગોકળ તથા પ્રેમજી ચીંગરીયા
૧૩૧ પા.માધા ભગવાન બાબાપુર હ.હરીભાઈ ભગત
શ્રી હરિ જયંતિ સં.૨૦૨૨.
૧૦૧ શ્રી ઓધવજી મૂળદાસ ઈશ્વરનગર.
સ.બ્ર.કો.પુરૂષોત્તમાનંદજીની પ્રેરણાથી સં.૨૦૨૬
૧૦૧ શ્રી સ્ટેશન માસ્તર ગીરધરલાલ રઘુરામ
તોરીવાળા
૫૧ મણિબેન તથા કાશિબેન કાળસારીવાળા
૨૫૧ રાજ્યગોર ગોકળ વસંતભાઈ બગસરા


શ્રી સ્વામિનારાયણ મંદિર, ઊના



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્
રાજકોટના પરમ ભગવદી ઠા. દેવશી લાધાએ
પોતાના તથા પોતાનાં ધર્મપત્ની અ.સૌ.ઓતમબાઈ
આણંદજીના મોક્ષાર્થે શ્રીજી મહારાજ તથા અક્ષર
સ્વરૂપ સદ્. સ્વામી નારાયણ દાસજી તથા
સદ્. સ્વામી નીલકંઠદાસજીની પ્રસન્નતાર્થે
મૂળ અક્ષર મૂર્તિ સદ્. ગુણાતીતાનંદ સ્વામીના
જન્મ દીવસ આસો શુદી ૧૫ને દીવસે
શ્રી ઉના સ્વામિનારાયણ મંદીરમાં હરસાલ પાકી રસોઈ
જમાડવા રૂ. ૨૦૧, બસો એક આપ્યા છે તે રકમ
કાયમ રાખી તેના ઉત્પન્નમાંથી યાવત ચંદ્ર દીવાકરો
ઉપલી તિથિએ હરસાલ પાકી રસોઈ કરી
શ્રી ઠાકોરજી તથા ત્યાગીઓને જમાડવા.
સં. ૧૯૯૯ ના જેઠ સુદ ૧૫.


શ્રીસ્વામિનારાયણો વિજયતે
એક સદ્ ગૃહસ્થ હરિભક્તે શ્રીજી મહારાજ
તથા મૂળ અક્ષર મૂર્તિ સદ્.સ્વામી ગુણાતીતાનંદજી
તથા સદ્.સ્વામી નીલકંઠ દાસજીની પ્રસન્નતાર્થે
અક્ષર સ્વરૂપ સદ્.સ્વામી નારાયણદાસજીની
શ્રાધની તિથિ ભાદરવા વદ ૨ ને દીવસે
ઉના સ્વામિનારાયણના મંદિરમાં હર સાલ પાકી
રસોઈ જમાડવા રૂ. ૨૦૧, બસો એક આપ્યા છે. તે
રકમ કાયમ રાખી તેના ઉત્પન્નમાંથી યાવત ચંદ્ર દીવા
કરો ઉપલી તિથિએ હર સાલ પાકી રસોઈ કરાવી
શ્રી ઠાકોરજી તથા ત્યાગીઓને જમાડવા.
ઉપરની તિથિએ રસોઈ કરાવવા માટે
મંદિરના વહીવટ કર્તાએ ખાસ ધ્યાન રાખવું.

શ્રી સ્વામિનારાયણ મંદિર, ઊના




॥ શ્રીહરિકૃષ્ણઃ પ્રસન્નોઽસ્તુ ॥
આપણા સંપ્રદાયના આદ્ય ગુરુવર્ય શ્રી રામાનુજાચાર્યજીના શિષ્ય શ્રી રામાનંદ સ્વામીના
શિષ્ય, સર્વ અવતારના અવતારિ ભગવાનશ્રી સ્વામિનારાયણના શિષ્ય અ.મૂ. સદ્ શ્રીગુણાતીતાનંદ
સ્વામીના શિષ્ય સદ્ સ્વામીશ્રી બાલમુકુંદદાસજીના શિષ્ય સદ્ સ્વામીશ્રી માધવપ્રસાદદાસજીની પ્રસન્ન
તાર્થે તેમના શિષ્ય સ્વામીશ્રી દેવપ્રસાદદાસજી ધોરાજીવાળા ની પ્રેરણાથી ગામ ભારાસર કચ્છ
હરિભક્ત પ.ભ. ભાઈશ્રી પરબતભાઈ કાનજીભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રી કાન્તાબેન પરબતભાઈ
હીરાણીએ પોતાના પરિવારના મોક્ષાર્થે નીજમંદિરના પ્રત્યેક સ્તંભને માલ, મજૂરી, કોતરણી, રંગકામ
આદિના ખર્ચસહિત આરસ લગાવી શ્રીજીચરણોમાં અર્પણ
કરેલ છે સં.૨૦૪૬ ચૈત્ર સુદ નવમી શ્રીહરિ જયંતી


શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ



શ્રી સ્વામિનારાયણ મંદિર, જાળિયા




શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ


શ્રી સ્વામિ નારાયણ નમો નમઃ
રાજકોટના ઠકરરણછોડ નાગજી
ત્યા રતીલાલ નાગજીના કુટુબનાં મોક્ષાર્થે
સ-ગુ-સ્વામી નિલકંઠદાસજીની પ્રસન્નાર્થે
અ-મુ-અક્ષર મૂર્તિ ગુણાતિતાનંદ સ્વામી
ની આધ તીથી નીમીને ઉનાસંદીરમાં રૂ· ૨૦૧
આપ્યાછે તેના વ્યાજમાંથી દરભાદરવા વદી
૧૩ના રોજ ઠાકોરજીનો થાળ ત્યા ત્યાગીઓને
રસોઈ કરી જમાડવા સ-૨૦૦૦નાશ્રાવણ શુદી૧
મંદિરના વહીવટ કરનાએ બંધ કરવી નહિ


શ્રી સ્વામિનારાયણ મંદિર, ઊના


શ્રી સ્વામિનારાયણો વિજયતે
માણાવદર મધ્યે મહાન પ્રસાદી સ્થાન. ભટ શ્રી
મયારામજીનાં ઘર જેમાં શ્રીજી મહારાજે અનેક વાર
બીરાજી થાળ જમેલા, સમૈયા ઉત્સવ કરેલા, તેવા
પ્રસાદીનાં સ્થળમાં વિસાવદરનાં પ. ભ. મુક્તરાજ
ઠા. કમળશી દેવચંદભાઈએ પોતાનાં કુટુંમ્બનાં
મોક્ષાર્થે સ. ગુ. સ્વામિ શ્રી નીલકંઠદાસજીનાં
સદ્ઉપદેશથી શ્રીજી મહારાજ ત્થા અ. મુ. શ્રી
ગુણાતિતાનંદ સ્વામિની મૂર્તી પધરાવી આપેલી તે
મુર્તીનાં કાયમ નૈવેદ્ય સાકર ધરાવવા નિમીત્તે
રૂા. ૨૦૧) બસો એક શ્રી માણાવદર મંદીરમાં
અર્પણ કર્યા છે. સદરહુ રૂપીઆ અનામત રાખી
સાકર વ્યાજમાંથી ધરવી છે.
સં. ૨૦૦૫ નાં શ્રાવણ શુદી ૧૩
લી. સ. ગુ. કો. બ્રા. પુરૂષોતમાનંદજી
ત્થા સ્વામિ ધર્મપ્રકાશદાસજી.


શ્રી સ્વામિનારાયણ મંદિર, માણાવદર




શ્રી સ્વામિનારાયણ મંદિર, જામનગર



શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ




શ્રી સ્વામિનારાયણ મંદિર, વંથળી (સોરઠ)




॥ શ્રી હરિ ॥

અનાદિમૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના
આશીર્વાદથી પ.ભ.દરબારશ્રી વાલેરાવાળાને ગરાસ મળ્યો.
સ્વામીશ્રીની આજ્ઞાથી જ્યારે આ ગામ પાટીમાણસાનું
તોરણ બંધાયેલું ત્યારે સદ્.શ્રી ગુણાતીતાનંદસ્વામીએ પોતેજ
આ સ્થળે મંદિર કરેલું. આ મંદિર જીર્ણ થતાં પૂ.સ્વામીશ્રીની
પરંપરાના સદ્.પુરાણી સ્વામી શ્રી ગોપીનાથદાસજીના શિષ્ય
રાજકોટ, જુનાગઢ ને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના
સંસ્થાપક સદ્‌વિદ્યા સદ્ધર્મ રક્ષક સદ્.શાસ્ત્રી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ સદ્.શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
નાખેલ પાયા ઉપરજ નવું મંદિર બંધાવ્યું હતું.
આ મંદિર પણ જીર્ણ થતા અ.નિ.શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી
સ્વામીની પુણ્ય સ્મૃતિમાં તેમના શિષ્ય ભંડારી સ્વામી શ્રી
હરિપ્રસાદદાસજીની દેખરેખ નીચે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ -
રાજકોટ તરફથી આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.સં.૨૦૪૪ -

શ્રી સ્વામિનારાયણ મંદિર, પાટી માણસા



▲ શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોંડલ



◄ શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોંડલ




▲ મધ્ય સિંહાસન, શ્રી સ્વામિનારાયણ મંદિર, અમરેલી



◄ મધ્ય સિંહાસન, શ્રી સ્વામિનારાયણ મંદિર, વેરાવળ

સંતોનો ભંડાર, શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.





▲ સભાગૃહ, શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.



▶ સભાગૃહ, શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.



રજતમુદ્રામાં શ્રીજીમહારાજ સાથે ગુણાતીતાનંદ સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રીહરિ પટ્ટાભિષેક સ્થાન, જેતપુર.▲



રજતમુદ્રામાં શ્રીજીમહારાજ સાથે ગુણાતીતાનંદ સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રીહરિ દીક્ષાસ્થાન, પીપલાણા.▼



▲ શ્રી સ્વામિનારાયણ મંદિર, ફણેણી.




શ્રી સ્વામિનારાયણ મંદિર, પંચાળા.



શ્રી સ્વામિનારાયણ મંદિર, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ.










(ઉપર ઘડિયાળની દિશામાં) શ્રી સ્વામિનારાયણ મંદિર, અમરેલી, મેંદરડા, પાટસર (ઉના), થાણાપીપળી.







(ઉપરથી નીચે) શ્રી સ્વામિનારાયણ મંદિર, વેકરી (ગોંડલ), કાલસારી, ભંડુરી.







ગુણાતીતાનંદ સ્વામીએ જાતે બંધાવેલી કાષ્ઠ નિર્મિત સંત-ધર્મશાળા અને સભામંડપ. અકસ્માતમાં હાલ ભસ્મીભૂત થઈ ગયેલ આ જ સભામંડપમાં સતત ૪૦ વર્ષો સુધી તેમણે અહોરાત્ર બ્રહ્મજ્ઞાનની ઝડી વરસાવી હતી.



ગુણાતીતાનંદ સ્વામીએ જ્યાં ૪૦ વર્ષો સુધી બ્રહ્મજ્ઞાનની છોળો ઊડાડી એ મહાપવિત્ર સ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.▲

ગુણાતીતાનંદ સ્વામીની સ્નાન કરવાની પ્રસાદીભૂત ચોકડી, શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ. ▶





ગુણાતીતાનંદ સ્વામીની દેહોત્સર્ગ ભૂમિ પર
મહાપ્રતાપી સાક્ષાત્ સ્થાન શ્રી અક્ષરદેરી અને
શ્રીહરિના ચરણારવિંદ,
ગોંડલ.

પરિશિષ્ટ : ૩

કીર્તનો અને ગ્રંથોમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા

સંપ્રદાયના તત્કાલીન અનેક કીર્તનો તથા ગ્રંથોમાં
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષરબ્રહ્મ તરીકેનો અપાર મહિમા
વર્ણવવામાં આવ્યો છે. એ પૈકી કેટલાકનું આચમન આ પરિશિષ્ટમાં પ્રસ્તુત છે.

જૂનાગઢના મહાન સંતો, ભક્તોની પરંપરામાં કવિ જગદીશાનંદ બ્રહ્મચારી અતિશય મેધાવી મહાન કવિ હતા. તેઓ સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા. તેઓએ શ્રીહરિદેહોત્સર્ગ, પંચાળા રાસોત્સવ, રસિકપદ રચના, દલપતબત્રીસી વગેરે ગ્રંથોની રચના કરી છે. બ્રહ્મચારી જગદીશાનંદ, જાગા ભક્તના યોગમાં આવ્યા હતા. અત્રે એક ચતુષ્પદી કીર્તન 'સ્વામીશ્રી જાગાભક્તની વાતો'[૯૩] ગ્રંથમાંથી ઉદ્ધૃત કરી રજૂ કરવામાં આવ્યું છે.

જૂનાગઢના મંદિરની શોભાનું વર્ણન

રાગ : ગરબી

('ચાલો સૈયરૂ જાઈએ જમુના કાંઠડે રે' - એ રાગ)

પદ - ૧

ચાલો જઈએ જૂનાગઢમાં સ્નેહથી રે, ધર્મકુંવરનું જ્યાં શોભે છે ધામ રે;
મંદિર મોટું તે મન સૌનાં હરે રે, મૂર્તિયો નીરખીને વાધે હામ રે...ટેક
શિખર મનોહર શોભે છે ત્રણે ઘણાં રે, કળશ કનકનાં જોઈ જનમન ગુલતાન રે;
એ શોભા જોઈ પામે શોભા ક્ષોભને રે, મંદિર શોભે છે જેવું વિમાન રે...ચાલો. ૧
ઝીણાભાઈએ જશ લીધો જગમાં ઘણો રે, એહ કરાવી મંદિર અનુપ રે;
સોરઠમાં સુખ દર્શન એથી થયું રે, પ્રસન્ન થયા પોતે અક્ષરના ભૂપ રે...ચાલો. ૨
અપરિમિત મહિમા સમજી એ ધામનો રે, અક્ષરના મુક્તો અગણિત એ ઠામ રે;
આવે ને જાયે દર્શન ઉમંગથી રે, દેખે દિવ્યગતિ તે ભક્ત તમામ રે...ચાલો. ૩
અક્ષર મૂળ હંમેશાં હરિ જેમાં રહે રે, તે તો પોતે ધરી મનુષ્ય અવતાર રે;
જૂનાગઢમાં જોગી થઈ પોતે રહ્યા રે, સ્વામી ગુણાતીતાનંદ ઉદાર રે...ચાલો. ૪
એ મંદિર શ્રીહરિએ એને સોંપ્યું રે, તેથી ઉત્તમ જૂનાગઢમાં જોગ રે;
જગદીશાનંદ કહે જન્મમૃત્યુ તણો રે, એ જોગી તો ટાળે નિશ્ચે રોગ રે...ચાલો. ૫

૯૩. લેખક : તત્સેવક સ્વામીશ્રી રણછોડ ભક્ત, શ્રી યાગરાજ તીર્થ (ડાંગરા); સંપાદક : ઓધવજી શામજી આચાર્ય, મોહનલાલ રામજી અજાગિયા; પ્રથમ આવૃત્તિ : ઈ. સ. ૧૯૪૩; મુદ્રક : રણછોડ મનજી, સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ; પૃષ્ઠ નં. : ૬૯૭.

પદ - ૨

એ સ્વામીનો મહિમા શી રીતે કહું રે, વાણી ને આંખ્યો નહિ નેણ ન વાક રે;
તેથી મન મૂંઝાઈને મન પાછું વળે રે, ઇચ્છા એ વર્ણનની ઉર અથાક રે...ટેક
પંગુ ઇચ્છે ચડવા પર્વત ઉપરે રે, અંધો ઇચ્છે જોવા સુંદર રૂપ રે;
એવી રીતે આ વર્ણન મેં આદર્યું રે, કહેવા અક્ષરનું શ્રેષ્ઠ સ્વરૂપ રે...એ. ૧
પુરુષોત્તમને ધારણ કરનારા સ્વયં રે, મૂળ અનાદિ અક્ષર જે કહેવાય રે;
તે જ ગુણાતીતાનંદજી પોતે થયા રે, જેના મહિમાનો નહિ પાર પમાય રે...એ. ૨
વેદ વેદાંત કરે છે વર્ણન જેહનું રે, નિર્ગુણ સગુણ સ્વરૂપે નિત્ય ગાય રે;
રોમેરોમમાં અંડ ઘણાં ઊડતાં ફરે રે, એ તો સમજો સ્વામીનો મહિમાય રે...એ. ૩
એવા સ્વામી સમર્થની સેવા કરી રે, અક્ષરરૂપ થયા મુક્તો અગણિત રે;
પરમ એકાંતિક ધર્મ સૌ ધારી રહ્યા રે, પુરુષોત્તમશું જોડી પૂરણ પ્રીત રે...એ. ૪
એવા જોગી જૂનાગઢ માંહી વસે રે, જાણે હરિનો મહિમા અપાર રે;
એને ચરણે જગદીશાનંદ જઈ ચડ્યો રે, તેથી પામ્યો સહેજે ભવ પાર રે...એ. ૫

પદ - ૩

વળી વર્ણવું મહિમા એ ધામનો રે, જ્યાં બિરાજે પુરુષોત્તમ ભગવાન રે;
અવતારી જે અનંતકોટિ અવતારના રે, રહે સ્વામીના ઉરમાં થૈ ગુલતાન રે...ટેક
શ્રીહરિએ સૌ સંતોને આજ્ઞા કરી રે, જૂનાગઢ જઈ પ્રતિ વર્ષ એક માસ રે,
સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સેવજો રે, મન કર્મ વચને હૈયે ધરી હુલ્લાસ રે... ૧
શ્રીહરિની એ આજ્ઞા સૌએ શીષે ધરી રે, દેશાંતરથી આવે દર્શન કાજ રે;
સરિતાઓ સાગરને મળવા સંચરે રે, એવી રીતે આવે સૌ મુનિરાજ રે... ૨
સ્વામીની મરજી સૌ સંતો સાચવે રે, રાજી કરવા ઉપર સૌને તાન રે;
સર્વે ધામ તણા ધામી જે મહાપ્રભુ રે, સ્વામી કહે તે આ શ્રીજી ભગવાન રે... ૩
એવા શ્રીજીની આજ્ઞા ઉપાસના રે, દૃઢ કરવાથી કારણ પામે નાશ રે;
બ્રહ્મદશા પણ એને ભજવાથી મળે રે, નિશ્ચે પામે અક્ષરમાં આવાસ રે... ૪
એવી અલૌકિક સ્વામી બહુ વાતો કરે રે, તે સુણીને સૌ પામે ઉર આનંદ રે;
જૂનાગઢમાં અવિચળ જોગી એ રહે રે, સેવક એનો છે જગદીશાનંદ રે... ૫

પદ - ૪

એ સ્વામીને સંગે સુખ અપાર છે રે, હરખ હરખ હૈડામાં હરખ ન માય રે;
શાંતિ શાંતિ ચિત્ત વિષે શાંતિ અતિ રે, જોતાં જેને જન મન તૃપ્ત ન થાય રે...ટેક
હિંમતની વાતો હંમેશાં તે કરે રે, પંચવિષયનાં પૂરણ ખોદે મૂળ રે;
મુમુક્ષુનાં મન પામે એથી મોદને રે, એ વાતુ એને આવે અનુકૂળ રે...એ. ૧
ચમક વિષે જેમ લોહ તણી વૃત્તિ ચળે રે, એવી રીતે સૌ જન મન ખેંચાય રે;
રોક્યા તેહ રહે નહીં જાણો કોઈના રે, જોરાવરીએ જૂનાગઢ સૌ જાય રે...એ. ૨

દેશદેશના હરિજન સૌ ટોળે મળી રે, ઉપરાઉપર આવે તેનાં વૃંદ રે;
સદા સમૈયો જૂનાગઢ જામી રહ્યો રે, સૌ જનને મન અધિક અધિક આનંદ રે...એ. ૩
માયા તો નાઠી પામી મન ક્ષોભને રે, એનો લેશ ન ફાવ્યો એ સ્થળ લાગ રે;
અકળાણી ઉચ્છાહ અતિશે જોઈને રે, તરત કર્યો એ સ્થળનો પોતે ત્યાગ રે...એ. ૪
નિર્ગુણ એ સ્થાનક તો એથી જાણવું રે, અક્ષર મૂળ સદા એ સ્થળ રહેનાર રે;
જગદીશાનંદ એ સ્થળમાં જઈ રહ્યો રે, માટે જાણો પુન્ય તણો નહિ પાર રે...એ. ૫

•

જૂનાગઢવાસી જેરામ બ્રહ્મચારીએ રચેલી અનેક પદરચનાઓ 'ભક્ત જેરામ'ના નામે સત્સંગમાં અતિ પ્રસિદ્ધ છે. 'આજ સખી આનંદની હેલી', 'પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે...' વગેરે 'ભક્ત જેરામ' રચિત પદરચના અતિ પ્રખ્યાત છે. તેમના દ્વારા રચિત એવું જ એક વિસ્તૃત પદ ઘણાં વર્ષો પૂર્વે 'કીર્તનસંગ્રહ - કીર્તનાવલી હજારી'માં[૯૪] છપાયેલું અત્રે રજૂ કરવામાં આવ્યું છે.

ચાલો સંતો જાઈએ ગઢ જૂને રે,
આજ એમ જણાય છે મુને...ચાલો. ટેક
જીર્ણ દુર્ગ સ્થાન અતિ ભારી રે, જ્યાં પ્રગટ બિરાજે મોરારી રે,
નીરખી હરખ પામે નરનારી...ચાલો.
મોટા સંત શ્રી મહારાજ તણા રે, વ્રત જપ તપમાં નહીં મણા રે,
એવા મુક્ત રહે ઘણા ઘણા...ચાલો.
ધરે ધ્યાન ધારણા હમેશ રે, માયા મોહ નહીં લવ લેશ રે,
જેને વંદે વિધિ શંભુ શેષ...ચાલો.
પામ્યા પુરુષોત્તમ સાથે પ્રીત રે, જાણે બ્રહ્મનિરૂપણ રીત રે,
સુણી સહુ જન થાય ચકિત...ચાલો.
જેને એક અક્ષર આધાર રે, પુરુષોત્તમ પાસે રહેનાર રે,
કીધા સ્વામીએ કોલ કરાર...ચાલો.
પુરુષોત્તમ રાજી કરવા તાન રે, કરે કથા કીરતન ગાન રે,
એવા મુક્તને રહેવાનું સ્થાન...ચાલો.
બ્રહ્મ મુક્તને રહેવાનું ધામ રે, સચ્ચિદાનંદ પૂરણ કામ રે,
એનું અક્ષરબ્રહ્મ છે નામ...ચાલો.
સંતો સુણો અક્ષરની મોટાઈ રે, કેડે જાણવું ન રહે કાંઈ રે,
સુણી સૌ જન ચકિત થાય...ચાલો.

---

૯૪. ધર્મધુરંધર આચાર્યશ્રીઓ તથા તેમના આશ્રિત સંત હરિભક્તોની પ્રસન્નતાર્થે છપાવી પ્રસિદ્ધ કરનાર ઓઝા ભાઈશંકર વેલજી, ગઢડા; સંવત ૨૦૦૬, જન્માષ્ટમી.

હરિ, હર, અજ, અજ અનિરુદ્ધ રે, સંકર્ષણ, પ્રદ્યુમ્ન સુબુદ્ધ રે,
એહ સગુણ રૂપ છે શુદ્ધ...ચાલો.
બદ્રિપતિ, લક્ષ્મીપતિ આપ રે, વાસુદેવ, શ્રીકૃષ્ણ અમાપ રે,
ચાર નિર્ગુણ રૂપ નિષ્પાપ...ચાલો.
એમ સગુણ નિર્ગુણ રૂપ મળી રે, થયાં દશ સ્વરૂપ તે વળી રે,
તેની મોટપ ન જાય કળી...ચાલો.
અંડ અંડ પ્રત્યે દશરૂપ રે, જેનો પાર ન પામે નર ભૂપ રે,
એવાં બ્રહ્માંડ કોટિ અનુપ...ચાલો.
અષ્ટાવરણે જુક્ત કોટિ અંડ રે, ઊડે એક રોમમાં અખંડ રે,
એવું અક્ષરબ્રહ્મનું પંડ...ચાલો.
વળી સગુણનિર્ગુણ રૂપ ધારે રે, જેની સ્તુતિ કરે વેદ ચારે રે,
તેને મળવા ઉમંગ છે મારે...ચાલો.
તે અક્ષર નરદેહ પામી રે, જેને વંદે સહુ ધામ ધામી રે,
તે જ ગુણાતીતાનંદ સ્વામી...ચાલો.
રહે શ્રીહરિ સાથે સદાઈ રે, રોમ એક ફેર નહીં કાંઈ રે,
આવી રહ્યા જીર્ણ ગઢ માંઈ...ચાલો.
જેનો સંગ કરી નર ભૂપ રે, તજી દેહાદિક નર્કકુપ રે,
થીયા આપે તે બ્રહ્મસ્વરૂપ...ચાલો.
તે સાથે થઈ મારે પ્રીત રે, તે વિના બીજું લાગે અનિત્ય રે,
તેને સંગે રહેશું નિત્ય નિત્ય...ચાલો.
એહ ધામના ધામી મહારાજ રે, કરવા અનેક જીવનાં કાજ રે,
સાથે લાવ્યા અક્ષર સમાજ...ચાલો.
ધર્મ નિમ શાસ્ત્ર સંત કઈ રે, બુદ્ધિવંતો જુઓ ચિત્ત દઈ રે,
તેમાં આ લોકની વસ્તુ કઈ...ચાલો
માટે સંત મહંતને સેવો રે, પાપી પાખંડી સંગ તજી દેવો રે,
મણિ તજી પાષાણ ન લેવો...ચાલો.
એવા બ્રહ્મરૂપ સંત જેહ રે, તેની સાથે થયો જેને નેહ રે,
ભવ પાર થયા જન તેહ...ચાલો.
સંત સેવ્યે ટળે કોટિ કામ રે, તજી દેહ જાય અક્ષરધામ રે,
સાચું કહે છે ભક્ત જેરામ...ચાલો.

•

હાલાર પ્રાંતમાં લોધિકા દરબાર જીજીભા શ્રીજીમહારાજના પરમ ભગવદીય ભક્તરાજ હતા. તેમના કુંવર અભયસિંહજી (અભેસિંહજી) શૂરવીર ભક્ત થયા.

અભયસિંહજી સાહિત્યપ્રેમી હતા. તેમને શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોનો પદ્યગ્રંથ રચાવવાની ઈચ્છા થઈ. તેમણે શ્રીજીમહારાજના આશિષ પ્રાપ્ત કરેલા ભક્તરાજ કવીશ્વર દલપતરામ પાસે રામચરિતમાનસની શૈલીમાં 'પુરુષોત્તમચરિત્ર' ગ્રંથ વ્રજ ભાષામાં કરાવ્યો.[૯૫] *આ ગ્રંથમાં શ્રીજીનો મહિમા ને સર્વોપરી ઉપાસનાની વાતો વાંચવા મળે છે.*

હરિલીલામૃતમાં આચાર્ય વિહારીલાલજી મહારાજ નોંધે છે કે -

દરબાર અભેસિંહજી, લોધિકા બાપુ પ્રખ્યાત;
પુરુષોત્તમ ચરિત્ર ગ્રંથ, રચાવ્યો ધરીને ખાંત.

દરબાર અભયસિંહજી સંવત ૧૯૪૬ના પોષ સુદિ ૫, શુક્રવાર તા. ૨૭-૧૧-૧૮૮૯ના દેહનો ત્યાગ કરી મહારાજ, સ્વામી ને મુક્તો સાથે ધામમાં પધાર્યા. આ ગ્રંથમાં પ્રારંભે મંગલાચરણ કરતાં શ્રીજીમહારાજ તથા મોટેરા સંતોની સ્મૃતિ કરવામાં આવી છે. તેમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની સ્તુતિ કરતાં તેઓ કહે છે :

वंदुं गुणातीत स्वामी, जेही पर रीझे अंतरजामी;
भगवद्वार्ता सतत करही ध्यान धर्मनंदनको धरही ॥
उत्तम कुलमें धरी अवतारा, श्रीहरि काज त्यज्यो संसारा,
रखे धर्म पुनि धर्म रखावे, आदि हि अक्षर आप कहावे ॥
(प्रकरण - २)

શ્રીજીમહારાજે અઢાર ભક્તોને ત્યાગીની દીક્ષા લઈ ભૂજ પહોંચવાનો ઐતિહાસિક પત્ર ભાદરાથી લખાવી મોકલ્યો હતો. પત્ર લખાઈ રહ્યા પછી ભાદરાના વિપ્ર ભોળાનાથ પોતાના પુત્ર મૂળજી શર્માને મહારાજનાં દર્શન અને આશીર્વાદ મેળવવા સારુ લાવે છે તે સમે શ્રીજીમહારાજ કહે છે :

यौं लीखी पत्र प्रभु वनमाली ॥ करी भादरामहि दिवाली ।
तिक इक द्विज हरिदर्शन आया ॥ सूत मूलजीकुं लाया ॥
प्रनमीके बोले हरिदासा ॥ यह सूतकु रखहु तुम पासा ।
सुनि बोले सब जग आधारा ॥ हे यह अनादि शिष्य हमारा ॥
गर्भ मही नहीं आये जबही ॥ देखत मम मुरतीकु तबही ।
गर्भउ में पुनि यह औस रही ॥ मम मूरती को समरन करही ॥

दोहा :

आदि मुक्त हे यह बटु ॥ कह्यो युं हि घनश्याम ।

---

૯૫. આ ગ્રંથ શા. નથુભાઈ તલકચંદની મારફતે મુંબઈ મધ્યે જગદીશ્વર છાપખાનામાં છપાવી સંવત ૧૯૪૦માં ફાગણ સુદિ પ્રતિપદાના દિવસે પ્રકાશિત કર્યો છે.

समय पाई साधु भयो ॥ गुणातीत शुभ नाम ॥

(પ્રકરણ ૫૪ : પંક્તિ ૫૬ થી ૫૯)

એ પ્રમાણે પત્ર લખ્યા બાદ એક દ્વિજ પોતાના પુત્રને મહારાજનાં દર્શન કરાવવા લાવ્યા. શ્રીજીમહારાજને પ્રણામ કરી ભોળાનાથ બોલ્યા, 'હે મહારાજ ! આ પુત્રને આપની સેવામાં રાખો.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આ તો અમારા અનાદિ શિષ્ય છે. પોતાની માતાના ગર્ભમાં આવ્યા પહેલાં, ગર્ભમાં હતા ત્યારે આજે અમારી મૂર્તિને અખંડ દેખે છે. આ તો અમારા અનાદિ ભક્ત છે.' એ પ્રમાણે શ્રીજીમહારાજે ત્યાં મહિમા કહ્યો. આ મૂળજી શર્મા સમય આવતા સાધુ થયા ને ગુણાતીતાનંદ શુભ નામ ધારણ કર્યું. (પ્રકરણ - ૫૪)

●

કીર્તન કૌસ્તુભમાળા[૯૬] : *આ ગ્રંથના રચયિતા આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વડતાલ દેશની આચાર્ય પરંપરામાં ત્રીજા છે. તેમના જન્મ બાદ થોડા જ સમયમાં અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ વર્તમાન ધરાવી આશીર્વાદ આપ્યા હતા : 'આ તો બહુ જ વિદ્વાન થશે અને સંપ્રદાયના આચાર્ય બનશે.'*

વિહારીલાલજી મહારાજ સાહિત્યપ્રેમી અને મેધાવી હતા. સાહિત્ય પર વિશેષ પ્રેમ હોવાથી પોતે શ્રીહરિનાં દિવ્ય ચરિત્રો સંપાદિત કરીને ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર કવિ દલપતરામને વરતાલ તેડાવી 'હરિલીલામૃત' ગ્રંથ રચાવ્યો, જે સંપ્રદાયમાં અતિ પ્રખ્યાત થયો.

એક વખત પેટલાદમાં ગુજરાતી નિશાળમાં વિદ્યાર્થીઓની પરીક્ષા પ્રસંગે પધાર્યા. તેમાં છોકરાઓએ નાટકી રાગમાં ગાયનો ગાયાં. તે સાંભળી તેઓને એમ થયું કે આવા રાગમાં ધર્મ-જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યાદિકનાં કીર્તનો હોય તો હાલના જમાનાના માણસોને ગાવામાં ઠીક પડે. એવું વિચારી અનંતાનંદ બ્રહ્મચારીને પાસે રાખી 'કીર્તન કૌસ્તુભમાળા' નામની કીર્તનાવલીનું તેમણે સંકલન કરાવ્યું. તેમાં ઉત્સવનાં તથા મૂર્તિનાં પદો છે. આચાર્યશ્રીએ આત્મકથનરૂપે રચેલા પ્રસ્તુત પદમાં

---

૯૬. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજની અંતિમ ઇચ્છા મુજબ તેમણે રચાવેલ કાવ્ય ગ્રંથ 'હરિલીલામૃત' કોઠારી ગોરધનભાઈએ પ્રકાશિત કર્યો. ત્યારબાદ તેમનાં રચેલાં કીર્તનોનું આ પુસ્તક 'કીર્તન કૌસ્તુભમાળા' પણ સંવત ૧૯૬૮માં મુંબઈ - ગુજરાતી પ્રિંટિંગ પ્રેસમાં છપાઈને બહાર પાડ્યું. આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ તથા મુરબ્બી કોઠારી ગોરધનભાઈની આજ્ઞાથી તેમના શિષ્ય કોઠારી હઠીભાઈ નાનજીભાઈએ છપાવ્યું છે.

તેઓએ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાને વર્તમાન-દીક્ષા આપ્યાનો ઉલ્લેખ કર્યો છે.

(રાગ : મહાડ, તાલ : દાદરા)

('આવો અક્ષરધામી, અંતરજામી, પ્રીતમ મારા પ્રાણ...' એ રાગ)

આવોજી અવતારી, આનંદકારી, પ્રીતમ જીવન પ્રાણ;
હરિવર હિતકારી, લેજો ઉગારી, હે દુઃખહારી...પ્રીતમ ટેક.

ભક્તિધર્મના પુત્ર તમારી, વિનતિ કરું આ વાર;
નેણાં થકી ક્ષણું દૂર ન મેલું, પધારો પ્રાણ આધાર રે.
આવોજી અવતારી...૧

દીનબંધુ મુજને દર્શન આપો, કષ્ટ કાપો આ ક્રૂર;
હેતથી મુજ શિર હાથને થાપો, જીવન આવી જરૂર રે.
આવોજી અવતારી...૨

સમે સમે કોટિ કષ્ટમાં કીધી, કરુણાનિધિ સહાય;
એવી જ રીતે આજ પધારો, જેથી બધાં દુઃખ જાય રે;
આવોજી અવતારી...૩

સૃષ્ટિ સમે માયામાંથી કાઢ્યા, ગુણિયલ ગરીબ નિવાજ;
જ્ઞાન દઈ આચારજ પદ આપ્યું, મહેર કરી મહારાજ રે.
આવોજી અવતારી...૪

તપ તીરથથી આ પદ પામ્યો, એમ ન માનું લગાર;
કેવળ આપની અનુકંપાથી, આવો પામ્યો અધિકાર રે,
આવોજી અવતારી...૫

અક્ષરમૂર્તિ ગુણાતીત સ્વામી, તેણે આપ્યાં વર્તમાન;
પોતે પાળીને પછી પળાવ્યું, જનને દઈ ઘણું જ્ઞાન રે,
આવોજી અવતારી...૬

મુજ દાદાને આપ્યું હતું તેમ વાલા રૂડું વરદાન;
પુત્રનો પુત્ર તમારો થાશે, આ જગમાં બડો જશવાન રે,
આવોજી અવતારી...૭

આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ ગાદીએ બિરાજ્યા ત્યારે સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી આગળ કીર્તનની આ પંક્તિ બોલીને કહ્યું : 'જેવી રીતે ગુણાતીતાનંદ સ્વામીએ પૂજ્ય આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને વર્તમાન ધરાવ્યા હતા તેવી જ રીતે વર્તમાન ધરાવી કૃતાર્થ કરો.' તેમની વિનંતીથી સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામીએ આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજને વર્તમાન ધરાવી

રૂડા આશીર્વાદ આપ્યા હતા.

•

સદ્ગુરુ ભક્તિપ્રિયદાસજી કવિ સ્વામીનાં કીર્તનો :

મૂળ કુંકાવાવના વતની અને બાળપણમાં સદ્ગુરુ બાલમુકુંદદાસ સ્વામીના યોગમાં આવવાથી પૂર્વના સંસ્કાર જાગ્રત થયા. સદ્ગુરુ બાલમુકુંદદાસ સ્વામીએ પોતાના શિષ્ય સદ્ગુરુ હરિસ્વરૂપદાસને આ ભક્તરાજની સોંપણી કરી અને ફક્ત દશ વર્ષની ઉંમરે વડતાલ જઈ આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસે દીક્ષા અપાવી ભક્તિપ્રિયદાસજી નામ ધારણ કરાવ્યું. તેઓની યાદશક્તિ સતેજ હતી; અનેક કીર્તનો, સવૈયા તથા ગુણાતીતાનંદ સ્વામીની વાતો કંઠસ્થ કરી હતી. શરૂઆતમાં કાવ્ય પ્રત્યે વિશેષ અભિરુચિ ધરાવતા હતા. રાજકવિ શ્રી માવદાનભાઈ પાસે લગભગ દશ વર્ષ છંદ તથા કાવ્યનો અભ્યાસ કર્યો અને ત્યારબાદ મૂળીમાં હમીરદાનજી પાસે અલંકારશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો હતો. તેમણે અનેક મહોત્સવ નિમિત્તે પ્રસંગને અનુરૂપ કીર્તનો રચ્યાં છે, તથા બીજાં અનેક કીર્તનો ઉપદેશનાં રચ્યાં છે. અત્રે 'સત્સંગ સાહિત્ય રત્નમાળા', કર્તા સદ્ગુરુ કવિ સ્વામી ભક્તિપ્રિયદાસજી, જૂનાગઢ - એ પુસ્તકમાંથી બે કીર્તનો ઉદ્ધૃત કર્યાં છે. પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૪૫.

પદ - ૧

શોભા જુવો જૂનાગઢ મંદિરની રે, પ્રદક્ષિણામાં પેખો આરસપાણ રે,
છબી મોટી ગણપતિ હનુમાનની રે, તેનાં શિખરના શા કરું વખાણ રે...શોભા ૧
કમળાકારનું મંદિર શોભે ઘણું રે, તે પર મોટા શિખર દરસાય રે;
સર્વે શિખરે છે સોનાના કુંભો રહ્યા રે, હેમ થંભના પર છે ધજાયું ત્યાંય રે...શોભા ૨
મંદિર પરથી સભામંડપ નિરખો રે, ચાર માળ ને રવેશ બે દેખાય રે;
સાધુની ધર્મશાળા જૈને જુવો રે, એક રવેશ મોતીયો ચારે તરફાય રે...શોભા ૩
મંદિર અંદર પ્રસાદીનાં જે સ્થળો રે, તેનો ગણતાં નાવે વળી પાર રે;
સર્વે જે છે મંદિરની શોભા વળી રે, તેને ગાવે જનો બહુ પ્યાર રે...શોભા ૪
મૂળ અક્ષરમૂર્તિ જે મનભાવની રે, જેનું ગુણાતીતાનંદ નામ રે;
તે સ્વામી જૂનાગઢમાં રહી ઘણું રે, તેણે શોભાવ્યું છે ઘણું ધામ રે...શોભા ૫
મહારાજે મૂર્તિ શું સ્થાપી મંદિરમાં રે, મહંત કીધા સ્વામી ગુણાતીત રે,
માટે મંદિરનો મહિમા મોટો ઘણો રે, કહે છે ભક્તિપ્રિયદાસ હવે મીત રે...શોભા ૬

પદ - ૨

મહિમા મોટો છે જૂનાગઢ મંદિરનો રે, અક્ષર મુક્તો પણ જેને ચિત્ત ચાય રે;
સુરવર મુનિવર જે કહેવાય છે રે, તે તો આવે કરવા દર્શન ત્યાં રે...મહિમા ૧

કોઈ જન જાય જૂનાગઢ મંદિરમાં રે, તેને કોટિ જન્મ ધરવાના હોય રે;
તે કસર ટાળી આપું અક્ષરધામ રે, એમ કીધું છે શ્રી મહારાજે સોય રે...મહિમા ૨
બે મહિના સુધી તો સર્વે સંતને રે, ઠરવા કીધું છે હરિએ એ ઠામ રે;
માટે એ મંદિરના જેવું આજ તો રે, થાયે નહીં કોયે વળી ધામ રે...મહિમા ૩
જપ તપ વ્રત દાન જે કોઈ ત્યાં કરે રે, તેને કોટિ ઘણું ફળ તો થાય રે;
વળી ગુણાતીત સ્વામીના પ્રતાપથી રે, જનો ગુણાતીત જ્ઞાની થઈ જાય રે...મહિમા ૪
જ્ઞાની ધ્યાની અમાની વૈરાગી ખરા રે, શાસ્ત્રી કોવિદ પુરાણી જે કહેવાય રે;
એવા સંત રહ્યા છે જ્યાં અદ્યાપિ લગી રે, વળી જ્યાં કથાવાર્તા નિત થાય રે...મહિમા ૫
વનમાંથી ફરી વર્ણી વેશે વળી રે, શ્રીજી પ્રથમ આવ્યા છે તે ધામ રે;
ત્યાં આવી પાવન સ્થળ જે જે કર્યાં રે, કે છે ભક્તિપ્રિયદાસ કાંય નામ રે...મહિમા ૬

●

'શ્રી જેતપુર મૂર્તિપ્રતિષ્ઠોત્સવ વર્ણન' યાને 'કાવ્ય કુસુમાવલી' નામના પુસ્તકમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગ નિમિત્તે રચાયેલ કીર્તનોનો સંગ્રહ છે. કર્તા અને પ્રકાશક : કવિ સ્વામી ભક્તિપ્રિયદાસજી (જૂનાગઢ); પ્રથમ આવૃત્તિ, સં. ૧૯૯૫.

●

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા

શાર્દૂલવિક્રીડિત વૃત

જેનો વિપ્ર સુકુળમાં જનમ છે, હાલાર દેશે સહી,
જેણે ધામ રચાવિયું અતિ બડું, જે જીર્ણ દુર્ગે રહી;
જેણે શુદ્ધ ઉપાસના શ્રીજી તણી, ફેલાવી જે વૃંદ છે,
એવા અક્ષરધામ સ્વામી મૂળ તો, ગુણાતીતાનંદ છે...૧
જેણે સોરઠ દેશમાં વિચરીને, સત્સંગી કીધા ઘણા,
જેણે ઉત્તમ જ્ઞાન આપી જનને, સુખી કીધા સો ગણા,
જેણે કાળ અજા અને કરમનાં, કાપ્યા જ જે ફંદ છે,
એવા અક્ષરધામ સ્વામી મૂળ તો, ગુણાતીતાનંદ છે...૨
અનાદિ અક્ષર મૂળ શ્રીજી હરિએ, જેને જ ભાખેલ છે;
પોતા કેરુ જ ધામરૂપ કરીને, જેને જ રાખેલ છે;
એવા અક્ષર ઈષ્ટ છે સહુ તણા, ને સર્વના વંદ છે,
એવા અક્ષરધામ સ્વામી મૂળ તો, ગુણાતીતાનંદ છે...૩
મુક્તો ને અવતાર ઈશ્વર અને, જે જીવ આદિક છે,
તેના અંતરજામી છે વળી કહું, તેના જ ધારિક છે;

શ્રીજીને નિજ અંતરે ધરી રહ્યા, ને સુખના કંદ છે,
એવા અક્ષરધામ સ્વામી મૂળ તો, ગુણાતીતાનંદ છે...૪
જેના સંત બધાય જીરણ ગઢે, જે હાલ કે'વાય છે,
જેના જ્ઞાનથી બ્રહ્મરૂપ જન તો, સાક્ષાત્ થૈ જાય છે;
જેના કેફ વડે રહે દિલ વિષે, જે નિત્ય આનંદ છે,
એવા અક્ષરધામ સ્વામી મૂળ તો, ગુણાતીતાનંદ છે...૫
જેનું મસ્તક શ્રીજીએ ગ્રહી કરી, સર્વે જનોને કહ્યું,
જુવો સૌ મુજ ધામ અક્ષર વળી, આ મુજ હાથે ગ્રહ્યું;
આ રીત્યે ઘણીવાર આપ જનને, ભાખ્યું મુનિ ચંદ છે,
એવા અક્ષરધામ સ્વામી મૂળ તો, ગુણાતીતાનંદ છે...૬
શ્રીજી અક્ષરધામ કેરુ અધૂરું, લે નામ વારે બહુ,
ગુણાતીત જ એવું એથી અધૂરું, વાક્યામૃતે છે કહ્યું;
તેથી જાણવું નામ મર્મ ભર છે, ગુણાતીતાનંદનું,
એવા અક્ષરધામ સ્વામી મૂળ તો, છે કંદ આનંદનું...૭
જેને અક્ષરધામ મૂળ સમજે, શ્રીજી પમાયે વળી,
જેને નિર્ગુણ ધામબ્રહ્મપુર તો, કે છે જ શાસ્ત્રો મળી;
એવા અક્ષરધામ રૂપ મૂળ તો, સ્વામી ગુણાતીત છે,
તેને દાસ જ ભક્તિપ્રિય સમરે, ને વંદના નિત છે...૮

પરિશિષ્ટ : ૪

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો પ્રાસાદિક પત્ર તથા તેઓની અમૃતવાણી

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અવારનવાર કહેતા : "नासत्यात् परं पापम् । અસત્ય બોલવાથી મોટું પાપ નથી."

મૂળ વરતાલ મંદિરના શાસ્ત્રીજી મહારાજને જૂનાગઢી ગુણાતીતાનંદ સ્વામી તથા તેમના મહિમાને જાણવાનો અને પ્રસારવાનો અવકાશ નહીંવત્ હતો. આ વિસ્તારના સંતો-હરિભક્તોને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીનો પક્ષ હોય એ સ્વાભાવિક છે.

પરંતુ શાસ્ત્રીજી મહારાજ કહેતા કે "મારા જેવા તટસ્થ માણસને જૂનાગઢનો પ્રસંગ નહીં અને અમે મૂળ વડતાલના સાધુ. વડતાલમાં જ્યારે આ વાત સાંભળેલી ત્યારે ખરું ખોટું શું છે તે જૂનાગઢવાળાને પૂછીને, ગઢડાવાળાને પૂછીને, બીજાને પૂછીને આવાં બધાં આખ્યાનો[૯૭] મળ્યાં અને ગોપાળાનંદ સ્વામીની કહેલી એ વાત હાથ આવી. જૂનાગઢના ગોપાળાનંદ સ્વામીના શિષ્ય વયોવૃદ્ધ સદ્‌ગુરુ કેશવજીવનદાસ થકી તો ઘણીવાર આ વાત સાંભળી દૃઢ કરી હતી. કેશવજીવનદાસને સંવત ૧૯૦૭ની સાલમાં ગોપાળાનંદ સ્વામીએ નિશ્ચય કરાવેલો કે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે."[૯૮]

---

૯૭. આ પુસ્તકમાં જ અન્યત્ર આવા પ્રસંગોની સવિસ્તર નોંધ છે - જેઓ પાસેથી સ્વામી શાસ્ત્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના મૂળ અક્ષરપણાની વાત સાંભળી હતી.

૯૮. સદ્‌ગુરુ કેશવજીવનદાસ સ્વામી પૂર્વાશ્રમમાં મૂળ બાંદીકુઈ ગામના, દેશવિભાગના લેખ પ્રમાણે આ ગામ અમદાવાદ દેશની હકુમત નીચે આવે. ત્યાંના સંતો સાથે થયેલી વાતચીતના ફળસ્વરૂપે એકવાર નાવલીમાં રડતાં રડતાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! અમદાવાદ દેશના સાધુ મને કહે છે કે મારું કલ્યાણ નહીં થાય, કારણ કે હું અમદાવાદ દેશનો છું છતાં હું આપની સાથે વરતાલ રહું છું."
ગોપાળાનંદ સ્વામી હસ્યા અને કહ્યું : "કેશવ! તું મૂંઝાય છે શા માટે ? હું બંને દેશનો મોટેરો છું. માટે હું તને છતી દેહે અક્ષરધામ સાક્ષાત્ આપીશ." એમ કહી તેને વાંસે હાથ ફેરવ્યો.
ત્યારબાદ ચૈત્રી પૂનમના સમૈયે જૂનાગઢથી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વરતાલ આવ્યા હતા. ઉત્સવની સભામાં હજારો હરિભક્તો સન્મુખ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વાતો કરી રહ્યા હતા, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તેમના સાધુ

આવા અનેક ઐતિહાસિક પ્રસંગોની ખાત્રી કર્યા બાદ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' એ વાતના પ્રવર્તનમાં રસ દાખવ્યો. બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા વગેરે તીર્થ સ્થળોએ અક્ષર-પુરુષોત્તમની ઉપાસનાનાં મંદિરો કર્યાં.

પૂર્વ આફ્રિકાના સંનિષ્ઠ હરિભક્તોએ પત્ર દ્વારા 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ કેવી રીતે ?' એ પ્રશ્ન શાસ્ત્રીજી મહારાજને પૂછ્યો ત્યારે તેનો ઉત્તર પત્ર દ્વારા શાસ્ત્રીજી મહારાજે આપ્યો હતો. સને ૧૯૩૮ની સાલમાં લખાયેલો અને 'સ્વામિનારાયણ પ્રકાશ'[૯૯]ના અંકમાં છપાયેલો એ પત્ર સૌની જાણ માટે અત્રે રજૂ કરીએ છીએ :

"મૂળ અક્ષર શ્રીજીમહારાજ સાથે આવેલ છે તે વાત શ્રીજીએ સ્વમુખે વચનામૃતમાં સ્પષ્ટ કરી છે. એ જાણવાની ખાસ આવશ્યકતા છે એવું સત્સંગને મોડું મોડું પણ લાગવા માંડ્યું છે તે આનંદની વાત છે.

અક્ષરબ્રહ્મનું સાધર્મ્ય પામ્યા વગર અક્ષરધામમાં કોઈ રીતે રહેવાય તેમ નથી તે એક સત્ય હકીકત છે અને આ સાધર્મ્ય પામવા માટે અનાદિ અક્ષર કોણ છે તે જાણવાની આવશ્યકતા પણ ઉપસ્થિત થાય છે. અનાદિ અક્ષરને મન-કર્મ-વચને સેવીને તથા ઉત્તરોત્તર જે પ્રગટ[૧૦૦] સત્પુરુષ છે તેને પ્રગટપણે સેવવાથી જ અક્ષરબ્રહ્મનું સાધર્મ્ય પમાય છે. પરંતુ તે વિના બીજો કોઈ ઉપાય જ નથી.

કેશવજીવનદાસને બોલાવી ગુણાતીતાનંદ સ્વામી તરફ આંગળી ચીંધી કહ્યું : "કેશવ ! નાવલીમાં મેં તને છતી દેહે અક્ષરધામ આપીશ એમ કહ્યું હતું તે યાદ છે ને ? આ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના મૂળ અક્ષરધામનો અવતાર છે. માટે આજથી તું તેમની ભેગો રહેજે. તેઓ તને બરોબર વાતો કરી મહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપશે."

ત્યારબાદ પૂજ્ય કેશવજીવનદાસ સ્વામી આજીવન જૂનાગઢ રહ્યા હતા. (શાસ્ત્રીજી મહારાજની કાર્યશક્તિ જોઈ સંવત ૧૯૫૭માં સદ્‌ગુરુ કેશવજીવનદાસ ૮૫ વર્ષની વૃદ્ધ વયે સ્વામીશ્રીને કહે છે : "તમે ગુણાતીતાનંદ સ્વામીની નિષ્ઠાવાળા ને મોટાના કૃપાપાત્ર છો. તો સ્વામી મહારાજને પધરાવો. અમારે ગોંડળ પધરાવવી હતી પણ તે બની શક્યું નહીં.")

સંપ્રદાયમાં એવી વાત પ્રચલિત છે કે ત્યાગી તથા ગૃહસ્થ મળી કુલ ૧૧૦ જણને ગોપાળાનંદ સ્વામીએ જૂનાગઢ મોકલ્યા હતા અને ગુણાતીતાનંદ સ્વામીનો યથાર્થ સમાગમ કરવાની ભલામણ કરી હતી.

૯૯. 'સ્વામિનારાયણ પ્રકાશ', જૂન, ૧૯૫૪.

૧૦૦. અર્થાત્ જે ગુણાતીત સંત દ્વારા શ્રીજીમહારાજ તે સમે પ્રગટ વિરાજે છે.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તે બાબતનો પત્ર લખ્યો છે તે વાંચી વિચારી સ્વામી અક્ષર છે તેની ખાત્રી થશે.

સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘરે શ્રીજીમહારાજે હુતાશનીનો સમૈયો કર્યો ત્યારે હોરી બોલ્યા કે

'સદ્ગુરુ ખેલે વસંત, કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ;
કોટિ બ્રહ્મા કથે જ્ઞાન, કોટિ શંકર ધરે ધ્યાન, સદ્ગુરુ ખેલે વસંત.'

એમ બોલી મુક્તાનંદ સ્વામી તથા આનંદ સ્વામીને કહે : 'એવા સદ્ગુરુ કોણ ?'

ત્યારે મુક્તાનંદ સ્વામી તથા આનંદ સ્વામી કહે : 'એવા સદ્ગુરુ તો આપ.'

ત્યારે મહારાજ કહે : 'અમો તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છીએ. પરંતુ એવા સદ્ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે.'

●

પંચાળાના ઝીણાભાઈના દરબારમાં પાંચસો પરમહંસોની પંક્તિમાં સ્વામી જમવા બેઠા હતા, ત્યારે વણથલીવાળા કલ્યાણભાઈને મહારાજે કહ્યું કે 'આ સાધુને ઓળખો છો ?' તો કહે, 'તપ ત્યાગવાળા બહુ મોટા સાધુ છે.'

ત્યારે મહારાજ કહે, 'એમ નહીં. એ તો અમારે રહેવાનું અક્ષરધામ છે.'

આ વાત કલ્યાણભાઈના દીકરાના મુખેથી મેં સાંભળેલી છે. સારંગપુરનું આખ્યાન રાઠોડ ધાધલે જસા ગોર અને નાગજી શેઠને કહેલ. એ આખ્યાન મેં તેમના મુખથી સાંભળ્યું છે.

●

એક વખત શ્રીજીમહારાજે મોટા મોટા સદ્ગુરુઓની ગોપમંડળી કરી પોતે પીરસતા હતા. તે વખતે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, 'આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ જમતાં શીખો.'

ત્યારે બ્રહ્માનંદ કહે કે 'ઠીક જમનારા છે.'

ત્યારે શ્રીજીમહારાજ કહે, 'એમ નહીં... જેમ કોઠીમાં દાણા ભરે, તેમ અન્ન જમે છે અને સ્વાદ તો મારી મૂર્તિનો લીયે છે. ત્રણેય અવસ્થામાં મારી મૂર્તિને ધારી રહ્યા છે ને મારે રહેવાનું અક્ષરધામ છે.

●

એક વખત વડતાલની સભામાં મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની મોટપ કહી કે સાણસામાં સાપ પકડે તેમ મારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં ધારી રહ્યા છે અને માતાના ઉદરમાં આવ્યા પહેલાં અને ગર્ભમાં આવ્યા ત્યારે ને અત્યારે પણ અમારી મૂર્તિ અખંડ ધારી રહ્યા છે. એમ સભામાં

શ્રીજીમહારાજે પોતે વાત કરી સ્વામીશ્રીનો મહિમા કહ્યો છે.

•

એક વખત સ્વામીશ્રી ગોમતીજીથી અઢાર ગોદડીઓ ધોઈને ખભે નાખીને આવતા હતા અને શ્રીજીમહારાજ વાસણ સુથારને ઘેરથી જમીને આવતા હતા તે હનુમાનવાળે દરવાજે સ્વામીશ્રીને દર્શન થયાં અને વૃત્તિ સંકેલી લીધી. એટલે મહારાજ ઊભા રહી ગયા.

પછી સ્વામીને કહે : 'હવે ચાલશું કે ?' ત્યારે કહ્યું : 'ભલે પધારો મહારાજ.'

પછી મહારાજ હરિમંડપમાં જઈ ભગુજીને કહે કે એ સાધુએ ગોદડીઓ અમારા પર ધરી છે. માટે ઉપાડી લાવો. પછી સભા ભરી. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને મહારાજે કહ્યું કે 'આ સાધુને ઓળખો છો ?'

ત્યારે કહે, 'બહુ મોટા સાધુ - તપ ત્યાગવાળા અને ભજનીક છે.'

ત્યારે મહારાજ કહે, 'એમ નહીં. આજે જેટલા માણસો અમારી પાછળ ફરે છે, તેટલા તેમની પાછળ ફરશે. અમારી મોટપ વધારશે અને સર્વોપરી જ્ઞાન પ્રવર્તાવશે' વગેરે બહુ મહિમા કહ્યો.

શ્રીજીમહારાજે જૂનાગઢની મહંતાઈ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને આપી હાર પહેરાવ્યા, તે વખતે પીપલાણાના કુરજી દવેને શ્રીજીમહારાજ કહેઃ 'આપ રામાનંદ સ્વામીની વધામણી લઈ લોજ આવ્યા ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ માથે બાંધવાનો તરફાળ તમને આપ્યો ને મેં કહ્યું કે મારી પાસે તો કાંઈ નથી. હું તમોને મારું અક્ષરધામ આપીશ તે કોલની વાત તમોને સાંભરે છે ?'

તો કહે : 'હા.'

'તો આ ગુણાતીતાનંદ સ્વામી અમારું અક્ષરધામ છે તે તમોને આપ્યા. માટે અખંડ સેવા કરશો.'

•

જૂનાગઢથી સ્વામી મહારાજનાં દર્શન કરવા આવ્યા ત્યારે શુક સ્વામી આસન નાખવા ઊભા થયા. ત્યારે શ્રીજીમહારાજ કહે કે તેની મોટપ આસનથી નથી, પરંતુ તે તો અનાદિના મોટા છે... વગેરે ઘણી વાતો શુક સ્વામીએ કૃષ્ણચરણદાસજીને કહેલ તે બધી વાતો તે સાધુએ મહુવામાં કહેલ તે મેં કાનોકાન સાંભળી છે.

•

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે એક હિન્દુસ્તાની નારણદાસ બ્રાહ્મણ[૧૦૧] બધાં તીર્થો કરીને આવેલ ને પછી અમદાવાદ ગયેલ. ત્યારે તે દેશના સાધુ કહે કે

૧૦૧. સદ્‌ગુરુ કેશવજીવનદાસ સ્વામી.

'તમો તો અમારા દેશના છો. અહીં સાધુ થઈને રહો તો કલ્યાણ થશે, નહીં તો નહીં થાય.'

તે સાંભળી ઉદાસ થઈ નાવલી મુકામે ગોપાળાનંદ સ્વામી પાસે ગયા ને અતિશય દિલગીર થઈને ઉપરની હકીકત કહી.

ત્યારે સ્વામી કહે: 'તારું કલ્યાણ નહીં થાય એમ જેણે કહ્યું તેને હું અક્ષરધામમાં પેસવા નહીં દઉં અને તને છતી દેહે અક્ષરધામમાં બેસારીશ.'

પછી સ્વામી વરતાલ પધાર્યા ત્યાં ગુણાતીતાનંદ સ્વામી હતા. તેમને જોઈ નારણદાસને કહે, 'જો આ સ્વામી, સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે, તો તમો તેમની પાસે રહો ને સેવા કરો.' એવી રીતે ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીનો નિશ્ચય કરાવ્યો. વળી, એક વખત જૂનાગઢમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પધાર્યા ત્યારે ભાદરાના ડોસાભાઈ રત્નાભાઈ, વશરામભાઈ, માવજી સુથાર આવ્યા. તેમની પાસે શ્રીજીમહારાજ ભાદરા પધારેલા તે વખતની જૂની જૂની વાતો કરાવી પોતે સ્વામીના અક્ષરપણાનો બહુ મહિમા સમજાવ્યો.

•

એક વખત વડતાલમાં બે દેશના આચાર્યો ભેગા થયા. ત્યારે સભામાં ભોયકાના માલજી સોની વડતાલ આવેલા તે બે હાર આચાર્યોને ને એક હાર ગોપાળાનંદ સ્વામીને પહેરાવી પોતે સ્વામી પાસે બેઠા. અને સ્વામીને પૂછ્યું કે 'અક્ષરધામ કેવું હશે ?'

તો સ્વામી કહે કે 'મારી પાસે બેઠેલા ગુણાતીતાનંદ સ્વામી અક્ષરધામ છે એ ઓળખી લે.' તે વાત માલજી સોનીએ (મને) ભોયકામાં સંવત ૧૯૬૮માં કરેલ. તે વખતે જ્ઞાનજીવનદાસજી તથા નિર્ગુણદાસ સ્વામી વગેરે સાધુઓ સાથે હતા.

•

એક વખત ગઢડામાં નૃસિંહાનંદ સ્વામી ઈંગોરળાવાળા કુંવરજી પટેલને કહે કે 'કુંવરજી પટેલ ! આ ગઢડાના મંદિરના કાંગરા કેટલા છે ?'

પટેલ કહે કે 'ઘણા છે.'

'તો ગુણાતીતાનંદ સ્વામી પોતે અક્ષરધામ છે એ વાત ખોટી હોય તો કાંગરે કાંગરે એક એક બ્રહ્માંડ ભાંગ્યાનું મને પાપ. તારે માનવું હોય તો માન, નહીં તો રેણ દે.' એમ વાત કહેલ તે વાત કુંવરજી પટેલે મને કરી હતી.

•

એક વખત હરિહર્યાનંદ સ્વામી જૂનાગઢથી વણથલી આવ્યા ને કલ્યાણભાઈ તથા તેમના દીકરા શામજી, દેવજી અને ડાહ્યાભાઈને કહે કે 'મારે તમોને એક

મુદ્દાની વાત કહેવી છે.'

ત્યારે તેઓએ કહ્યું કે 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર અને શ્રીજીમહારાજ પુરુષોત્તમ છે. આ સિવાય બીજી વાત કહેવાની હોય તો કહો.'

ત્યારે કહે, 'એટલા સારું જ હું અહીં આવ્યો છું, તે તો તમે પ્રથમથી જ જાણો છો ?' એમ શ્રીજીમહારાજના વખતમાં મોટા મોટા સાધુ પણ સ્વામીનો મહિમા સમજતા હતા.

•

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ દેહત્યાગ કરતી વખતે હેતવાળા હરિજનો બોટાદના શિવલાલભાઈ, વસોના અમીન વાઘજીભાઈ, મહુવાના પ્રાગજી ભગત, શામજી ભગત, જાગા ભગત, મનજી ઠક્કર, ઉમરેઠના હરિશંકર ભટ્ટ, આણંદના જેઠાભાઈ શેલત, ખંભાતના સદાશિવભાઈ તથા સારંગપુરના જસા ગોર વગેરેને પોતે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહી, જૂનાગઢ જઈ સ્વામીનો સમાગમ કરવા ભલામણ કરી હતી. અને કહ્યું હતું કે ગુણાતીતાનંદ સ્વામી જેવું કલ્યાણ કરતાં કોઈને આવડતું નથી.

•

વળી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી સંવત ૧૯૦૮ના વૈશાખ સુદ ૫ને દિવસે દેહ મૂકવા અગાઉ બે દિવસે વડોદરાના હરિજનો આવ્યા. તેમણે સ્વામીને કહ્યું : 'સ્વામી ! વડોદરા સામી દૃષ્ટિ રાખજો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અત્યારે વડોદરા સામી દૃષ્ટિ હોય ? અત્યારે તો અક્ષરધામ સામી વૃત્તિ હોય કે જૂનાગઢ સામી નજર હોય, જ્યાં અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી વિરાજે છે.'

તે વખતે બોટાદના શિવલાલભાઈ પોતે બેઠા હતા. તેમણે નવની સાલમાં જૂનાગઢ આવ્યા હતા ત્યારે જાગા ભક્ત સ્વામીને આ વાત કરી હતી.

•

'૧૨ની સાલમાં રઘુવીરજી મહારાજે આણંદમાં સ્વામી પાસે ખાનગી વાત કરી કે 'સર્વે સાધુ હરિભક્તો મને ફરી લગ્ન કરવા આગ્રહ કરે છે તો કેમ કરવું?'

ત્યારે સ્વામી કહે : 'આપનો શો વિચાર છે ?'

તો કહે 'મારો વિચાર નથી. પરંતુ દેહના ભાવથી સંકલ્પ-વિકલ્પ રહ્યા કરે છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'જૂનાગઢ આવો ને વાતો સાંભળો તો ગ્રંથિઓ ગળી જશે ને ગુણાતીત સ્થિતિ થઈ જશે.'

તે ઉપરથી '૧૩ની સાલથી લાગલગાટ ચાર-પાંચ વર્ષ સુધી જૂનાગઢ જઈ, સ્વામીનો સમાગમ કરીને સર્વોપરી સ્વામી અને મહારાજને સમજીને પોતે ઉઘાડી રીતે સત્તરની સાલમાં સર્વેને નિષ્ઠાની વાતો કહેવી શરૂ કરી અને સ્વામી જૂનાગઢમાં બોલ્યા કે 'આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો.'

આ વાત મેં ગોરધનભાઈ કોઠારીને વરતાલમાં પૂછેલ કે 'તમો તથા બીજા કેટલાક સ્વામીને અક્ષર કહે છે તેની વિરુદ્ધ છો, પણ રઘુવીરજી મહારાજ સ્વામીનો સમાગમ કરવા જતા ને કહેતા કે નહીં ?'

ત્યારે કોઠારી ગોરધનભાઈએ ખાસ કહ્યું કે '૧૭ની સાલમાં જ્યારે ગયા ત્યારે તે અક્ષરરૂપ થઈ ગયા હતા ને સ્વામીને અક્ષર જાણતા ને કહેતા. અને આ વાત હું પ્રતિજ્ઞાપૂર્વક આપને જણાવું છું.' અને જૂનાગઢમાં તો ઘણા ખરા પ્રતિષ્ઠિત સાધુ હરિજનોમાં આ વાત પ્રવર્તી ગઈ હતી.

ઉપરના મુદ્દાથી સ્વામીશ્રીનું અક્ષરપણું સિદ્ધ થાય છે. સાચે દેવળે ઘંટ વાગે છે તેમ સ્વામી અક્ષર હતા તો આજે મહારાજની ઇચ્છાથી લાખો રૂપિયાનાં શિખરબદ્ધ મંદિરોમાં મધ્ય મંદિરે મહારાજ જોડે સ્વામી બિરાજ્યા છે તે જગજાહેર છે. વળી, સ્વામીશ્રીએ દેહોત્સર્ગ કર્યો તે સ્થાનને પહેલેથી જ અક્ષરદેરી એવું નામ આપવામાં આવ્યું હતું. પરંતુ બીજા કોઈ સદ્‌ગુરુના ઓટાને એ નામ આપવામાં આવ્યું નહોતું. વળી, સ્વામીની પરંપરામાં અક્ષરસ્વરૂપ જ મહાપુરુષો થયા અને સર્વોપરી અક્ષરપુરુષોત્તમના સ્વરૂપને ઓળખાવ્યું તથા પ્રવર્તાવ્યું, તેવું બીજા કોઈ સદ્‌ગુરુની પરંપરામાં થયું નથી અને અત્યારે પણ કોઈ છે નહીં આ બધી વાતનો તટસ્થ બુદ્ધિએ કોઈ વિચાર કરે તો સ્વામીના અક્ષરપણાનો જરૂર તેને નિશ્ચય થાય.''

- લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસના

જય સ્વામિનારાયણ

•

અમૃતવાણી :

ઘણી વખત વિરોધાભાસ જગાવે એવી રીતે સંપ્રદાયમાં ગઢડા, ટોડલા કે બોટાદ જેવાં ગામોમાં ગોપાળાનંદ સ્વામીની ચિત્રપ્રતિમાઓ નીચે 'મૂળ અક્ષરમૂર્તિ' એવું લખાણ જોવા મળે છે. આ પરથી પ્રથમ તો એ જ ફલિત થાય છે કે શ્રીજીમહારાજે પ્રવર્તાવેલા શાસ્ત્રમાન્ય પાંચ ભેદો પૈકી ચોથો ભેદ જે 'બ્રહ્મ' અર્થાત્ 'અક્ષરબ્રહ્મ' છે તેને સૌ સ્વીકારે જ છે, પરંતુ એ ચતુર્થ ભેદ તરીકે નિર્દેશેલ અક્ષરબ્રહ્મ એ ગુણાતીતાનંદ સ્વામી છે કે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી એ ચર્ચાનો-અભ્યાસનો વિષય છે.

આજે અનેક મંદિરોમાં મૂળ સંસ્થા દ્વારા સભામંડપમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની છબિ પધરાવવામાં આવી છે, પણ ક્યાંય 'મૂળ અક્ષરમૂર્તિ' કે 'અક્ષરબ્રહ્મ' એવા વિશેષ ઉલ્લેખવાળું લખાણ જોવામાં આવતું નથી. કોઈ પુસ્તકોમાં પણ આ વિષેના વિશેષ ઉલ્લેખો જોવા મળતા નથી, તેમજ સંપ્રદાયમાં વાતો કરનારા જૂના સંતો-હરિભક્તોના મુખેથી પણ આ સાંભળવા મળતું નથી.

વળી, શ્રીજીમહારાજે પણ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને ધામરૂપે ઓળખાવ્યાનો કોઈ પ્રસંગ કે ઉલ્લેખ કોઈ ગ્રંથોમાં નથી. તેથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને 'મૂળ અક્ષરમૂર્તિ' કહેવાયા છે તેમાં શંકા થાય છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ધામગમન બાદ, ૨૦-૨૨ વર્ષ બાદ આવી માન્યતા સંપ્રદાયમાં બહુ થોડા કાળ માટે કેટલાંક વર્તુળોમાં વહેતી થઈ, પણ તે લાંબો સમય ચાલી નહીં.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સ્વાનુભવનો એક પ્રસંગ અત્રે નોંધવા જેવો છે. શાસ્ત્રીજી મહારાજ, વડતાલ સંસ્થાના ત્યાગાશ્રમી સભ્ય હતા. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો સમાગમ થયા પછી પણ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મૂળઅક્ષરપણા વિશેની સતત માહિતી મેળવવા જિજ્ઞાસાપૂર્વક જૂના સંતો-હરિભક્તો પાસેથી જૂની વાતો સાંભળવા માટે આગ્રહપૂર્વક પગે ચાલીને પણ જતા.

એવો જ એક પ્રસંગ સંવત ૧૯૪૯ની સાલમાં લક્ષ્મીવાડીમાં મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા વખતે થયો હતો. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વમુખે આ પ્રસંગની સ્મૃતિ કરતાં કહે છે :

"ઓગણ પચ્ચાસમાં (સંવત ૧૯૪૯) જ્યારે યજ્ઞ કર્યો તેની આગલી સાલે યજ્ઞ કરવો હતો. અડતાલીસમાં તો બધા ભણનારા રાંદેર ગયા હતા. આચાર્ય મહારાજ માંદા હતા. તે પણ રાંદેર ગયા હતા. તેમને સારું થયા પછી જગનની વાત થાય. પછી તે સાલ બંધ રહ્યું હતું એટલે ત્યાં જઈને મહિનો પંદર દા'ડા અમે રહ્યા, ત્યારે માના ભગત પાસે કથાવાર્તા થાય. ત્યારે મેં કહ્યું : 'આ બીજા બેસે ત્યાં જઈને બેસીએ અને ઝવેરભાઈ, વિઠ્ઠલભાઈ, એમના બે દીકરા... તે ત્યાં જઈને બધા બેસે, અને માના ભગત કહે, 'જુઓ ! આ પ્રભુદાસ મારો ચેલો છે, તે મારી પાસે આવતો નથી.'

તેથી મેં કહ્યું : 'નથી આવતા તેનું કારણ ? તમે સ્વામીનું (ગુણાતીતાનંદ સ્વામી) ઘસાતું બોલો છો એટલે એ નથી આવતા.'

ત્યારે તે કહે છે : 'હું કહું છું કે ગોપાળાનંદ મૂળ અક્ષર અને ગુણાતીતાનંદ સ્વામી અનાદિ મહામુક્ત. એમ તો વાત કરું છું.'

ત્યારે મેં કહ્યું : 'એમ વાત કરતા હો ગોપાળાનંદ સ્વામીની વાતમાં તમે

લખ્યું છે તે ગુણાતીતાનંદ સ્વામી તેમને ભૂત વળગે છે ! ભૂત તો અમને ત્રણને ન વળગે - શ્રીજીમહારાજને, ગોપાળાનંદ સ્વામીને અને મુક્તાનંદ સ્વામીને. એ ત્રણને ન વળગે. બાકી બીજાને વળગે. ત્યારે તો ભૂત વળગે તે એ (ગુણાતીતાનંદ સ્વામી) અનાદિમુક્ત કેમ કહેવાય ?'

ત્યારે પ્રભુદાસ કોઠારી કહે : 'એની પાસે જવું જ નહીં. પાપ લાગે.'

પછી મેં કહ્યું : 'મારે બીજું પૂછવું છે. ગોપાળ સ્વામીને તમે અક્ષર કહો છો તો આ શિક્ષાપત્રી ઝાલો અને ગોપાળાનંદ સ્વામી બેઠા હતા તે વખતે તમે તેમને અક્ષર સમજતા'તા ? આ શિક્ષાપત્રી ઉપાડો તો સાચું મનાય.'

ત્યારે માના ભગત કહે : 'ભાઈ ! ગોપાળાનંદ સ્વામીએ પોતે પણ સહી કરી છે' એમ કહ્યું, પણ બહુ કહેવા છતાં માના ભગતે શિક્ષાપત્રી ઉપાડી નહીં. ગોપાળાનંદ સ્વામી છતાં હયાતીમાં અક્ષરની વાત જ ન હતી અને એમને શ્રીકૃષ્ણ ભગવાનનો અવતાર કહેતા અને બીજા સાધુ શુકમુનિને શુકદેવજી અને મુક્તાનંદ સ્વામીને નારદમુનિ કહેતા, પણ અક્ષરની વાત તો હતી જ નહીં. એ તો ગુણાતીતાનંદ સ્વામીનું અક્ષરનું પ્રવર્ત્યું.

ત્યાર પછી ગઢડાવાળા સાધુ કહે : 'ગોપાળાનંદ સ્વામીને અક્ષર કહો.'

કહેવાનું શું છે તો અત્યારે કોઈનું નામ દો કે માના ભગત કહેતા'તા, ફલાણા કહેતા'તા. પણ મહારાજ છતાં કે ગોપાળાનંદ સ્વામી છતાં એ વાત જ નહોતી."[૧૦૨]

---

૧૦૨. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના રેકોર્ડેડ પ્રવચનમાંથી.

પરિશિષ્ટ : ૫ : પાત્રસૂચિ તથા ગ્રામસૂચિ

સંતો-પરમહંસો-પાર્ષદોની સૂચિ

હરિભક્તોની સૂચિ

ગ્રામસૂચિ




બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

અક્ષરબ્રહ્મ સાથે એકતા સાધીને પરબ્રહ્મની આરાધના કરવાનો સનાતન વૈદિક મંત્ર લઈને વિશ્વભરમાં આધ્યાત્મિક ચેતના જગાવતી બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે. આંતરરાષ્ટ્રીય સમસ્યાઓના હલ માટે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે - માનવમાત્રનો ઉત્કર્ષ. ભગવાન સ્વામિનારાયણે (સને ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધેલા વૈદિક આદર્શોને વરેલી આ સંસ્થા ૬૫૦ સુશિક્ષિત નવયુવાન સંતો, ૪૭,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવકદળ, કુલ ૬૮૫૦ સત્સંગ કેન્દ્રો(સંસ્કારધામ-મંદિરો, બાળસંસ્કાર કેન્દ્રો, યુવાસંસ્કાર કેન્દ્રો, મહિલા સંસ્કાર કેન્દ્રો, વડીલ સત્સંગ કેન્દ્રો)નો વિશ્વવ્યાપી પરિવાર ધરાવે છે.

સંસ્થાનું સ્વંયસેવકદળ, આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક સેવાપ્રવૃત્તિઓનું વહન કરે છે. ચાહે તે આદિવાસી-ઉત્કર્ષ હોય; ભૂકંપરાહત, વસ્ત્રવિતરણ કે ગામસફાઈ હોય. લંડન અને ગાંધીનગરમાં 'અક્ષરધામ' જેવાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલનું નિર્માણ કરી સંસ્થાએ સંસ્કૃતિ પ્રવર્તનમાં યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં આ સંસ્થાએ, વિશ્વવ્યાપી કક્ષાએ અનેકક્ષેત્રીય સેવાઓ દ્વારા નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.



વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજ

'હું તો ચિરંજીવી છું.' - એમ કહીને પોતાના શાશ્વત અસ્તિત્વનો નિર્દેશ કરનાર અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ચતુર્થ અનુગામી છે - પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુસ્વામી મહારાજ.

ઉચ્ચ કોટિની આધ્યાત્મિક ગુણાતીત સ્થિતિના ધારક પ્રમુખસ્વામી મહારાજ ભારતના જ નહિ, પરંતુ વિશ્વ સમસ્તના એક વિરલ સંતવિભૂતિ છે. 'બીજાના ભલામાં જ આપણું ભલું છે...!' - આ જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર પ્રમુખસ્વામીજીના સાંનિધ્યમાં શંકાઓ શમે છે, દ્વિધાઓ દૂર થાય છે, આઘાત અદૃશ્ય થાય છે અને મન દિવ્ય શાંતિનો અનુભવ કરે છે.

આદિવાસીઓથી માંડીને અમેરિકાવાસીઓ સુધી સૌ આબાલવૃદ્ધોને તેઓએ સમતાથી ચાહ્યા છે. શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. લોકોના હિત માટે, આ પરોપકારી સંતે ૧૨,૫૦૦ થી વધુ ગામોમાં વિચરણ કર્યું છે, ૨,૫૦,૦૦૦ થીય વધુ ઘરોની મુલાકાત લીધી છે. ૫,૦૦,૦૦૦ થી વધુ પત્રો લખ્યા છે. મહારાષ્ટ્રના ભૂકંપપીડિતોથી માંડી સૌરાષ્ટ્રના દુષ્કાળમાં રિબાતાં પશુઓ સુધી આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, બૌદ્ધ ધર્મના વડા શ્રી દલાઈ લામાથી માંડીને સામાન્યમાં સામાન્ય સુધીના લાખો માણસોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. તેઓની સિદ્ધિઓનું રહસ્ય છે : પરબ્રહ્મનો સાક્ષાત્કાર. અનેક મુમુક્ષુઓએ તેમના સાંનિધ્યમાં ઉચ્ચ આધ્યાત્મિક શિખર પ્રાપ્ત કર્યાં છે.